શ્રી મહાવીર જૈન વિદ્યાલય

# શતાબ્દી મહોત્સવ ગ્રંથ

## ભાગ ૨






શ્રી મહાવીર જૈન વિદ્યાલય

# શતાબ્દી મહોત્સવ ગ્રંથ

ખંડ : ૨

સંપાદક

ડૉ. કુમારપાળ દેસાઈ

શિક્ષણ, સંશોધન, વિવેચન અને તત્ત્વચિંતન

શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશન, મુંબઈ-૪૦૦ ૦૦૯

Shri Mahavir Jain Vidyalay Centenary Volume-2
Edited by Dr. Kumarpal Desai
Published By : Shri Mahavir Jain Vidyalay, Mumbai-400 009
પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, ૨૦૧૫
પૃષ્ઠ : ૧૨ + ૩૩૬

: પ્રકાશક :
મંત્રીશ્રી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય
C/o. શ્રી કચ્છી વિશા ઓશવાલ જૈન મહાજન વાડી,
૯૯/૧૦૧, કેશવજી નાઇક રોડ, ૨જે માળે.
ચિંચ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૭૫૯૧૭૯ / ૨૩૭૫૯૩૯૯ / ૬૫૦૪૬૩૯૭

: મુદ્રક :
ભગવતી મુદ્રણાલય
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪



# પ્રમુખનો સંદેશ

નવયુગ પ્રવર્તક આચાર્યપ્રવર યુગદ્રષ્ટા શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની ઉત્કૃષ્ટ પ્રેરણાથી ઈ. સ. ૧૯૧૫માં મુંબઈમાં સ્થપાયેલી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય આજે એના શતાબ્દી વર્ષમાં પ્રવેશે છે ત્યારે શ્રીસંઘના પ્રચંડ પુરુષાર્થથી વિકસેલી આ સંસ્થા સ્વાભાવિક રીતે જ આનંદ અને ગૌરવનો અનુભવ કરે. દસ-દસ દાયકા સુધી ઉચ્ચશિક્ષણ માટે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને પ્રેરણા, પ્રોત્સાહન અને પથદર્શક બની રહેલી આ સંસ્થાની પ્રવૃત્તિઓ સતત પાંગરતી રહી છે અને જ્ઞાનપ્રસાર માટે વિદ્યાર્થીઓનો આર્થિક તેમજ બીજી સહાય આપવાની સાથોસાથ જૈનસાહિત્ય પ્રકાશનનું પણ એણે આગવું કાર્ય કર્યું છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે રજત મહોત્સવ સ્મારક ગ્રંથ, સુવર્ણ મહોત્સવ સ્મારક ગ્રંથ, અમૃત મહોત્સવ સ્મૃતિ ગ્રંથ જેવા ગ્રંથો એની પચીશીની ઉજવણી રૂપે પ્રકાશિત કર્યા છે. આ શતાબ્દી મહોત્સવ સમયે એ સાહિત્ય, સંશોધન, વિવેચનના બે દળદાર ગ્રંથો પ્રગટ કરીને એમની પરંપરામાં એક ડગલું આગળ વધે છે.

સદીઓથી સાહિત્યમાં સમાજ, એની વાસ્તવિકતાઓ અને આદર્શોનું પ્રતિબિંબ ઝિલાતું આવ્યું છે. સદ્વાચનમાંથી પ્રાપ્ત થતી પ્રેરણા દ્વારા લોકોના જીવન ઉપર વિધાયક અસર થાય છે અને પોતાના જ્ઞાનવારસાથી લાભાન્વિત બને છે ! સારું સાહિત્ય યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવામાં આવે છે, ત્યારે શબ્દની શક્તિ સમશેર કરતાંય વધુ પ્રબળ બને છે. પ્રસ્તુત પુસ્તકની વાચનસામગ્રી તેમજ રજૂઆતમાં કોઈ કચાશ નથી એનો મને આનંદ છે.

ડૉ. કુમારપાળ દેસાઈ જૈન દર્શનના બહુખ્યાત તજ્જ્ઞ છે. આ પુસ્તક આપણા હાથમાં છે તેનો સંપૂર્ણ યશ એમને જાય છે. આ પ્રકલ્પના વૃક્ષને એમના માર્ગદર્શન દ્વારા આજે સુફળ આવ્યું છે તેનો પણ ઉત્કટ આનંદ છે. આ પ્રસંગે પુસ્તકમાં સમાવિષ્ટ સર્વ લેખકગણનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. જેમણે સાહિત્યથી લઈ વૈચારિક નેતૃત્વ સુધીના વિષય ઉપર આલેખન કર્યું છે. વિચારપ્રેરક આ સાહિત્યનું વાચન ખૂબ પ્રેરણારૂપ છે. વાર્તાઓ પ્રેરક છે, તો મહાપુરુષોનાં જીવનચરિત્રમાંથી જ્ઞાનનો અને ચારિત્ર્યઘડતરનો ખજાનો મળી રહે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા વિવેચન, સંશોધન, કેળવણી અને તત્ત્વચિંતનના લેખોનો આ સુંદર સંચય પ્રગટ થઈ રહ્યો છે એનો મને આનંદ છે. આપણી સુવર્ણજયંતી નિમિત્તે આ પુસ્તક પ્રકાશનનાં સંનિષ્ઠ પ્રયત્નો બદલ હું આખી ટીમને હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આ અથાગ પરિશ્રમ માટે હું સંપાદકશ્રી, પ્રૂફ-રીડરો અને પ્રકાશકનો ખૂબ આભારી છું.

આ ગ્રંથ વિદ્વાનો, અભ્યાસીઓ અને સાહિત્યરસિકોને ઉપયોગી બનશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

**- કીર્તિલાલ કે. દોશી**

# Message from the President

I am delighted with the efforts of Shri Mahavir Jain Vidyalaya (SMJV) in bringing out this beautiful compilation on research, criticism and philosophy. I congratulate our team for their meticulous efforts in publishing this book in our centenary year.

SMJV has always been at the forefront of proliferating knowledge through educational institutes and support activities. The present publication is another set in this direction. This book comprises a collectable collection of pieces of literature. I am sure that these articles will play a catalytic role in provoking thoughts and imagination amongst readers.

For ages, literature has been a reflection of our society and an imagination of reality the way we want it to be. We have many cases where people have been inspired by good articles and essays to change their way of life. Pen is mightier than the sword, in a literal sense when an article is well compiled and presented. In the present case, I am happy to see that no stone has been left unturned to ensure the best in content and presentation.

Dr. Kumarpal Desai is a renowned authority on Jaina Studies. It was his idea and effort that has brought this book out in his present form. He has been instrumental in supporting this project and we are truly delighted to see the fruit of his efforts. We also wish to express our deep gratitude to all authors who have contributed to this beautiful bouquet of thoughts, covering a whole range of subjects from literature to thought leadership and beyond. It is very enlightening to read these thought provoking pieces of literature. While the stories are inspiring, there is a huge wealth of knowledge to gain from the lives of great people.

I am very grateful to the editor, proof readers and the publishers for their untiring efforts. The proof of the pudding lies in eating ! I am sure that everyone will enjoy reading this book and enrigh themselves. I also look forward to many more such compilations to be published in the years to come so that SMJV can continue to pursue its objective of knowledge sharing.

**- Kirtilal K. Doshi**

# માનદ્ મંત્રીશ્રીઓનો શુભસંદેશ

પ.પૂ. આચાર્ય ભગવંત પંજાબકેસરી યુગદ્રષ્ટા શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદ સહ શરૂ થયેલી આ સંસ્થા એના શતાબ્દી વર્ષની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરી રહી છે, ત્યારે અમે આ સંસ્થાના કાર્યસંચાલનના સહયોગી તરીકે અત્યંત ઉલ્લાસ અને ગૌરવ અનુભવીએ છીએ.

પ.પૂ. આચાર્ય ભગવંત આત્મારામજી મહારાજસાહેબની આજ્ઞાના પાલનરૂપ પૂજ્ય ગુરુદેવે જોયું કે પશ્ચિમ ભારતનાં નાનાં ગામો અને શહેરોમાં તે સમયે યોગ્ય શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત નહોતી. વળી ઉચ્ચ અભ્યાસની તીવ્ર ધગશ ધરાવતા ઉચ્ચ ગુણાંક ધરાવતા વિદ્યાર્થીઓ મુંબઈમાં અભ્યાસાર્થે આવતા હતા. આપણા સમાજના યુવાધન માટે ઉચ્ચ અભ્યાસની સગવડ ઊભી કરવાના ધ્યેય સાથે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ. પૂ. ગુરુદેવના મનમાં ઉચ્ચ અભ્યાસ માત્ર બૌદ્ધિક વિકાસ માટે જ નહીં, પરંતુ વિદ્યાપિપાસુના સર્વગ્રાહી વિકાસનું કારણ બનવું જોઈએ. એ સમાજ-દેશના સમગ્ર વિકાસનું પણ એક મહત્ત્વનું પરિબળ છે, તેથી સુસ્પર્ધા અને પરિવર્તનના આ યુગ સાથે તાલ મિલાવવા આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સગવડતા આપી તેના સર્વાંગી વ્યક્તિત્વનો વિકાસ થવાનો આશય રાખ્યો. વિદ્યાર્થીઓમાં સરસ્વતી ઉપાસના સાથે નેતૃત્વના ગુણોનો વિકાસ એ જ ઉચ્ચ શિક્ષણના મહત્ત્વનાં અંગો ગણી, એ પ્રકારની સુવિધાઓ ઊભી કરવાની શરૂઆત કરી.

ઈ. સ. ૧૯૧૫માં ભાડાના મકાનમાં ૧૫ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે શરૂ થયેલી આ સંસ્થામાં અત્યારે એની ૧૧ શાખાઓમાં ૧૬૦૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ ઉચ્ચ શિક્ષણની સંપૂર્ણ સુવિધા પામે છે.

શતાબ્દી ઉજવણીના શુભ પ્રસંગે અમારા હૃદયમાં માતૃસંસ્થા તરફથી જે લાગણી, પ્રેમ અને ભાવના ઉદ્ભવે છે, તેનું વર્ણન શબ્દોમાં શક્ય નથી. આ ગૌરવની પળે સંસ્થાના આદ્યસંસ્થાપકો અને ભૂતકાળના સમક્ષ કાર્યદક્ષ હોદ્દેદારોને પણ યાદ કરી તેઓએ સંસ્થાનો પાયો નાખી એની ભવ્ય ઇમારત રચવા માટે કરેલા અથાગ પ્રયત્ન અને ભાવનાને યાદ કરતાં અને બિરદાવતાં હર્ષ અનુભવીએ છીએ. અમે ત્રણે મંત્રીઓ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થીઓ છીએ. અમારા જીવનની સઘળી પ્રવૃત્તિ અને વિદ્યાલયની શૈક્ષણિક સિદ્ધિના પાયામાં અમારી આ માતૃસંસ્થા છે. આથી આ માતૃસંસ્થાની સેવા કરવાનો અમને જે મોકો મળ્યો છે, તે બદલ અમે સંસ્થાના અને સહુ કાર્યકરોના ઋણી છીએ.

પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ સમજાવ્યું કે કેળવણી વગર ઉદ્ધાર નથી. કેળવણી વ્યક્તિને સામાન્ય માનવીમાંથી તેજસ્વિતાથી ચમકતો સિતારો બનાવી દે છે. શિક્ષણક્ષેત્રની ક્રાંતિ સમગ્ર સમાજને વિકાસની દિશામાં લઈ જાય છે. આ કારણે વિદ્યાલયને શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજની અગ્રગણ્ય અને અપ્રતિમ સંસ્થાનું માન અને સન્માન મળ્યું છે.

આજ સુધી સમાજે અમારી દરેક અપીલને વધાવી લીધી છે. આપણા સમાજની વર્તમાન

અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે અમે સર્વે આપ સહુના સહકાર અને સહયોગ ઇચ્છતા સતત જાગ્રત રહીએ છીએ.

ઘરથી દૂર સુંદર ઘર અને પરિવારથી દૂર સુંદર વિશાળ પરિવાર આપીને જેણે કારકિર્દીના ઘડતર, વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ અને ધર્મસંસ્કારોના સિંચનમાં સિંહફાળો આપેલો છે, તેવી માતૃસંસ્થાને સાષ્ટાંગ વંદન.

આપણે સૌ જેના સંબંધોના તાંતણે વિશ્વમાં વિસ્તર્યા, છતાં આપણે સહુ એક છીએ એવા અનુભવ 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'નું નામ સાંભળતાં જ સહુના હૃદયમાં થાય છે. તેના ઉત્થાન, ઉત્કર્ષ અને વિસ્તાર માટે બધું જ ન્યોછાવર કરી દેવા ઉત્સુક આપણે સહુ આ માતૃસંસ્થાનું ઋણ અદા કરવાની તકની હંમેશાં રાહ જોતા હોઈએ તે સ્વાભાવિક છે.

આવો, સાથે મળી તન, મન અને ધનથી સમાજના યુવાધનને ઉચ્ચ શિક્ષણના માધ્યમથી પરિવાર, સમાજ અને દેશની સેવામાં અર્પણ કરી, આનંદ ઉમંગથી શતાબ્દી ઊજવીને માતૃસંસ્થાનું ઋણ ચૂકવીએ.

શુભેચ્છાઓ સહ.

૧ જાન્યુઆરી, ૨૦૧૫

**શ્રીકાંત એસ. વસા**
**સુબોધરત્ન સી. ગારડી**
**અરુણ બી. શાહ**

# આમુખ

જૈન ધર્મ એ જીવન જીવવાની આગવી શૈલી છે. વિશ્વભરમાં જૈન તત્ત્વજ્ઞાનનો પ્રસાર જૈનસમાજની જીવનપદ્ધતિ દ્વારા થયો છે. અન્ય ધર્મોની જેમ જૈન ધર્મનો પ્રચાર રાજાઓ કે સાધુઓ દ્વારા એટલો નથી થયો, જેટલો પરમ પૂજ્ય તીર્થંકર ભગવાનનાં આદિ વચનોમાંથી પ્રજાએ ગ્રહણ કર્યો છે. આજના આ તીવ્ર ગતિશીલ માહિતીપ્રસારના યુગમાં પણ જો વિશ્વમાં જૈન ધર્મનો જ્ઞાનપ્રસાર કરવો હોય, તો તે ઉપદેશ પ્રમાણે જીવી બતાવવા જેવું પ્રેરક અને પ્રભાવક બીજું કંઈ નથી. આચાર અને વિચારની આ સંવાદિતા જૈન ધર્મનો પાયો છે.

ડૉ. કુમારપાળ દેસાઈ મૂર્ધન્ય વિદ્વાન છે. જૈન ધર્મના સિદ્ધાંતો અને આચારને પ્રકાશમાં લાવવા માટે તેઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના શતાબ્દી ગ્રંથનું સંપાદન કરી રહ્યા છે એ જાણીને મને અત્યંત હર્ષ થયો. સંપાદનમાં સર્વજન ભોગ્ય સામગ્રીથી માંડીને તલગ્રાહી વિશ્લેષણ સમાવવામાં આવ્યું છે, તેમ છતાં પ્રત્યેક લેખમાંથી દરેકને કંઈક ને કંઈક ગ્રહણ કરવા જેવું અને આચરણમાં ઉતારવા જેવું મળી રહે છે. આવા ઉમદા સંચય માટે આપણે ડૉ. કુમારપાળ દેસાઈના હૃદયપૂર્વક આભારી છીએ. આ સંપાદનમાં સમાવિષ્ટ સર્વ લેખકંગણના પણ આપણે ખૂબ આભારી છીએ જેમણે સંમતિ આપી. મને ખાતરી છે કે જૈન ધર્મના દરેક અભ્યાસીને એમાંથી અનેક સંદર્ભો મળી રહેશે. જૈન તત્ત્વજ્ઞાન સાથે આજે એની પ્રસ્તુતતા તેમજ આજના યુગમાં એનો વિનિયોગ અને પ્રયોગ જેવા વિષયો અહીં સમાવિષ્ટ કરાયા છે. લેખોની પસંદગી એ રીતે થઈ છે જેથી પ્રસ્તુત વિષય યોગ્ય પરિપ્રેક્ષ્યમાં જોઈ શકાય. વધુ ને વધુ વાચન આપણા વિચારોને વધુ સુસ્પષ્ટ કરશે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો પ્રયાસ છે કે જૈનોને પોતાના ધર્મસિદ્ધાંતોની સમુચિત જાણકારી મળે અને જૈનેતરોને જૈન ધર્મ વિશેની પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થાય. જગતભરમાં વર્તમાન સામાજિક-આર્થિક વિસંવાદના વાતાવરણમાં લોકોની જીવનપદ્ધતિ બદલાતી જાય છે. ગતિશીલ જીવન સાથે તાણમુક્ત લોકો અને સતત ચિંતાયુક્ત જીવનયાપનની સ્થિતિમાં જૈન ધર્મ શાંતિમય સહઅસ્તિત્વ, ચિંતામુક્ત જીવન અને સર્વાંગ સમૃદ્ધિનો રાહ ચીંધે છે. અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંતોને જો સાચા અર્થમાં અપનાવવામાં આવે, તો સમગ્ર સમાજનું સર્વતોમુખી કલ્યાણ થાય, એ નિઃસંદેહ છે.

વ્યવસાય અને પરિવારિક જટિલતાઓમાં સતત ડૂબેલા રહેવા છતાં મારી આસપાસ હું શાંતિ અને સ્વસ્થતા જાળવી શકું છું, કારણ કે હું નવ દાયકાથી જૈન ધર્મનો સંનિષ્ઠ અનુયાયી છું. મારી ઇચ્છા છે કે નવી પેઢી જૈન ધર્મના સિદ્ધાંતો શીખે અને અપનાવે, જેથી તેઓ માત્ર સફળ નહિ પણ બહેતર મનુષ્ય પણ બની શકે. આમ કહીને હું કંઈ ધર્મનો પ્રચાર કરવા નથી માગતો પણ આપણી પાસે જીવનની ગુણવત્તા સુધારવા માટે બહેતર પર્યાય છે એમ ભારપૂર્વક કહેવા માગું છું.

પ્રસ્તુત પુસ્તક જૈન તત્ત્વજ્ઞાનનું વસ્તુનિષ્ઠ વિવરણ છે. દરેક લેખમાં પ્રગટ થયેલાં જીવનદર્શન અને વિચારો આપણને એ બાબતે વધુ જાણવા માટે ઉત્કંઠિત કરે છે. એટલું જ નહિ પણ એમાં પ્રગટ થયેલાં પ્રચુર જ્ઞાન અને પ્રેરણાને પોતાના વ્યક્તિગત જીવન સાથે સાંકળી લઈ વર્તમાન પરિસ્થિતિમાં કઈ રીતે યોગ્ય નિર્ણય લઈ લાભ સાધી શકાય તે શીખી શકાશે. તત્ત્વચિંતન ઉપરાંત વિવેચન, સંશોધન અને કેળવણીવિષયક લેખો અભ્યાસીઓને મૂલ્યવાન બની રહેશે. મને ખાતરી છે કે આપણામાંથી દરેક માટે અહીં શીખવા, સમજવા અને મનન-મંથન કરવા યોગ્ય વિચારસામગ્રી મળશે. આપને આ પ્રેરક, રસપ્રદ અને તલસ્પર્શી સામગ્રી ઉત્તમ વાચન આપશે અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું આ પ્રકાશન તમને આનંદ આપશે એવી આશા રાખું છું.

**- કીર્તિલાલ કે. દોશી**

# Preface

Jainism is a way of life. The Jain Philosophy has been proliferated across the globe largely by the believers in Jainism who have practiced this philosophy. Unlike many other religions, Jainism has not been promoted by kings or monks but it certainly has inspired many people to learn from the teachings of our revered Tirthankaras. Even in this age of high speed information technology to share knowledge across the globe, the best way to inspire people is to live the way you want them to live. This is what Jainism has always been about.

I am delighted to learn that a learned scholar of the caliber of Dr. Kumarpalbhai Desai has agreed to edit this book highlighting the tenets of Jainism and the Jaina way of life. The wide range of topics covered in this compilation range from simplistic to in-depth analysis. Yet, there is something for everyone to learn and practice in each of these scholarly articles. We are very grateful to Dr. Kumarpalbhai Desai for his efforts in editing this compilation. We are also very grateful to all authors who agreed to contribute to this work, which I am sure will serve as a great reference to all students of Jainism. The subjects covered in this book range from Jaina philosophy to the relevance and practical application of Jainism in today's environment. The articles have very effectively deliberated upon the relevant topics which present a very practical view. The more we read it, the clearer our thoughts become.

This is a part of SMJV's efforts in inspiring the jainas to get a better grasp of their beliefs and for the non-jainas to learn about jainism. In this present socio-economic turmoil across the globe, coupled with changing lifestyles, fast paced life and stressed individuals, and anxiety driven culture, Jainism offers a way for peaceful coexistence, stress deescalation and overall prosperity. The concept of Ahimsa and Aparigraha, if imbibed in their true sense, can bring out the all round development in society.

As a believer and follower of Jainism over nine decades, I have experienced peace and tranquility around me, despite being immersed in the complexities of business and family. I wish to encourage the younger generation to learn and practice these tenets of Jainism which will not only make them successful but also a better individuals. I do not wish to advertise my faith but certainly wish to stress that it is one of the better alternatives in improving the quality of life.

The present book is an objective commentary on Jaina Philosophy. The studies thoughts expressed in each article are compelling enugh to seek more knowledge in these areas as well as source of immense knowledge and inspiration one needs to link this to his or her own life and circumstances and evaluate on how he or she can benefit from this. I am sure there is something for each one of us to learn from here. I wish you happy reading and hope you enjoy this presentation from SMJV.

**- Kirtilal K. Doshi**



યુગવીર આચાર્યશ્રી
વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ

# સંપાદકનું નિવેદન

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની સમાજોન્નતિની શુભ ભાવના તથા પ્રતાપી પ્રેરણાથી આજથી એકસો વર્ષ પૂર્વે સર્જાયેલી સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલય એના શતાબ્દી વર્ષમાં પ્રવેશી રહી છે, ત્યારે આ મહોત્સવની યાદગીરી રૂપે એની પરંપરા મુજબ ગ્રંથ-પ્રકાશન કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તે સંદર્ભમાં સાહિત્ય, ચરિત્ર, નિબંધ અને ચિંતનની લેખસામગ્રી ધરાવતો એનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ કરવામાં આવ્યો, જ્યારે એનો શિક્ષણ, સંશોધન, વિવેચન અને તત્ત્વચિંતનની લેખસામગ્રી ધરાવતો આ બીજો ભાગ પણ પ્રગટ થઈ રહ્યો છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયે એના પચીસમા વર્ષે 'રજત મહોત્સવ સ્મારક ગ્રંથ', પચાસમા વર્ષે 'સુવર્ણ મહોત્સવ ગ્રંથ' અને પંચોતેરમા વર્ષે 'અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ' પ્રગટ કર્યા હતા. આ ગ્રંથોની વિશેષતા એ રહી કે એમાં સમાજના અગ્રણી સર્જકો, સંશોધકો અને વિચારકોના લેખો સંગૃહીત કરવામાં આવે છે, જે ભવિષ્યની આવનારી પેઢીને એના અભ્યાસમાં, સંશોધનમાં અને જ્ઞાનવૃદ્ધિમાં ઉપયોગી બની રહે છે. એ પરંપરામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના શતાબ્દી મહોત્સવ પ્રસંગને અનુલક્ષીને આજે આ બે ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યા છે. આ બીજા ભાગમાં સંશોધકો અને વિદ્વાનોના બેતાલીસ જેટલા લેખો સમાવવામાં આવ્યા છે. એ સર્વ વિદ્વાનોના અમે આભારી છીએ. આપણા પ્રસિદ્ધ સંશોધક શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી અને પ્રકાંડ વિદ્વાન નગીનભાઈ જી. શાહે નાદુરસ્ત તબિયતે પણ આ ગ્રંથને માટે લેખો આપ્યા હતા, જેઓ આજે ગ્રંથ-પ્રકાશન સમયે આપણી વચ્ચે નથી, તેની સખેદ નોંધ લઈએ છીએ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની એક પરંપરા રહી છે કે એ એના દરેક મહત્ત્વના પ્રસંગે સમૃદ્ધ સાહિત્ય અને વિચારસામગ્રી આપતો ગ્રંથ પ્રગટ કરે છે અને એ રીતે આ સરસ્વતીમંદિર સહુને સરસ્વતીનો પ્રસાદ વહેંચે છે. એ જ્ઞાનાભિમુખ ગૌરવભરી પરંપરા અત્યારે પણ જળવાઈ રહી છે તેનો આનંદ છે.

પોતાના સમયના યુગધર્મને પારખનાર અને આવતા યુગને વિકાસની દૃષ્ટિએ જોનાર ક્રાંતદ્રષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે એક શતાબ્દી પૂર્વે વિચાર્યું કે જો જૈનકુટુંબ કે જૈનસમાજ સંસ્કારી, ચારિત્ર્યશીલ અને ધર્મસંપન્ન હશે, તો જ જૈન ધર્મ અને શ્રીસંઘ વધુ પ્રભાવશાળી બનશે. આચાર્યપ્રવર શ્રી વિજયવલ્લભસૂરિજી આ પરિસ્થિતિ વિદારવા માટે અવિરત પુરુષાર્થ કરતા હતા. એના ફળરૂપે એમની પ્રેરણાથી સર્જાયેલા વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીના સુભગ સમન્વયથી સુવાસિત એવાં વિદ્યામંદિરો અને સેવાસંસ્થાઓ આજે જોવા મળે છે. યુગદર્શી આચાર્યશ્રીના મનમાં સતત એક જ વાત ઘોળાતી હતી કે,

'જૈનશાસનની વૃદ્ધિ માટે જૈન વિશ્વવિદ્યાલય નામે એક સંસ્થા સ્થાપિત થાય કે જેમાં પ્રત્યેક જૈન શિક્ષિત થાય; અને ધર્મને બાધ ન આવે એવી રીતે રાજ્યાધિકારમાં જૈનોનો વધારો થાય. પરિણામે બધા જૈન શિક્ષિત થાય અને એમને ભૂખનું દુઃખ ન રહે. શાસનદેવ મારી આ બધી ભાવનાઓને સફળ કરે એ જ હું ઇચ્છું છું.' (વિ.સં. ૨૦૦૯, મુંબઈ)

યુગદ્રષ્ટા આચાર્યશ્રી માત્ર ભાવનાનું દર્શન કરીને ઇતિશ્રી માને તેમ નહોતા. એમને તો એમની ભાવનાને વાસ્તવની ધરતી પર સાકાર કરવી હતી. લક્ષ્મીમંદિરોને બદલે હવે સરસ્વતીમંદિરો સર્જીને આવતી પેઢીને અને જૈનસમાજને વિદ્યાના પ્રકાશથી દીપ્તિમંત કરવો હતો. એમણે જોયું કે ગામડાં કે નાનાં શહેરોમાં વસતા તેજસ્વી જૈન વિદ્યાર્થીઓને મુંબઈ જેવા શહેરમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરવાનું અતિ મુશ્કેલ બને છે. આ તેજસ્વી જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણમાં આગળ વધવું છે, પરંતુ શહેરમાં રહીને એનો ખર્ચો ઉઠાવી શકે તેમ નથી. આવી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને આર્થિક તેમજ બીજી સવલતો આપીને એમનો ઉચ્ચશિક્ષણનો અભ્યાસ નિર્વિઘ્ન ચાલે તેવો વિચાર આચાર્યશ્રીએ પ્રગટ કર્યો. રૂઢિબદ્ધ એવા સમાજે એનો વિરોધ કર્યો. દોષદર્શી લોકોને ક્યાં મુદ્દા શોધવા જવા પડે તેમ છે ? પરંતુ ક્રાંતદ્રષ્ટા આચાર્યશ્રી અને જાગ્રત અને વિચારશીલ આગેવાનોએ મળીને એક સંસ્થાના સર્જનની કલ્પના કરી અને એને પરિણામે વિ.સં. ૧૯૬૯ના ચાતુર્માસ દરમિયાન મુનિરાજ શ્રી વલ્લભવિજયજીએ જૈનસમાજની ઊછરતી પેઢી ઉચ્ચશિક્ષણમાં અન્ય સમાજોથી પાછળ ન રહી જાય એ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરવાની પ્રેરણા આપી.

ભાયખલા લવલેન, તારાબાગમાં ભાડાના ઘરમાં પંદર વિદ્યાર્થીઓ સાથે ઈ. સ. ૧૯૧૪ની બીજી એપ્રિલ(વિ. સં. ૧૯૭૦ની ફાગણ સુદી પાંચમ) ને સોમવારે એનો મંગલ પ્રારંભ થયો. આ મંગલ પ્રારંભ સાથે આચાર્યશ્રીએ આ સંસ્થાનું નામ કોઈ વ્યક્તિવિશેષને બદલે તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીના નામ પર રાખ્યું. આમ આ સંસ્થાનો પ્રારંભ ક્રાંતદ્રષ્ટા આચાર્યની પ્રેરણાથી અને એનો વિકાસ એના સંનિષ્ઠ કાર્યકરોથી થયો. વડમાંથી જેમ વડવાઈઓ પ્રગટે તે રીતે આજે આ સંસ્થા વિશાળ રૂપ પામી છે.

આ ગ્રંથ પ્રકાશનમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રમુખ શ્રી કીર્તિલાલભાઈ દોશીનો સદા દૃષ્ટિપૂર્ણ અને ઉત્સાહભર્યો સહકાર સાંપડ્યો છે, એ જ રીતે સંસ્થાના મંત્રીઓ સર્વશ્રી શ્રીકાંત એસ. વસા, સુબોધરત્ન સી. ગારડી, અરુણ બી. શાહે પણ આ કાર્યમાં સતત સહયોગ આપ્યો છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના શતાબ્દી મહોત્સવ સમયે જેમનો શતાબ્દી ઉત્સવ ઊજવવાની સહુ કોઈને હોંશ હતી એવા સંસ્થાના પૂર્વ પ્રમુખ આદરણીયશ્રી દીપચંદભાઈ ગાર્ડીની ખોટ સંસ્થા અને સહુ કોઈ અનુભવે છે. એમના જીવનકાર્યને અંજલિ આપતો 'માનવતાની મહેક' નામનો એક લેખ આ ગ્રંથમાં મૂક્યો છે. આ ગ્રંથ માટે કલામય ચિત્રો ઉપલબ્ધ કરી આપનાર શ્રી કીર્તિલાલભાઈ દોશી તથા કોબાના શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં આવેલા શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના અમે ઋણી છીએ.

આશા રાખું છું કે આ ગ્રંથ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સાહિત્ય, સંશોધન અને તત્ત્વદર્શનની પ્રસારની વિશિષ્ટ પ્રવૃત્તિનું એક ઊજળું પૃષ્ઠ બની રહેશે.

તા. ૧-૧-૨૦૧૫ – **કુમારપાળ દેસાઈ**

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | યુવાનોમાં મૂલ્યજાગૃતિ | આચાર્ય વિજયરત્નસુંદરસૂરીશ્વરજી | ૧ |
| ૨. | જૈનદર્શનમાં પરમાણુ-વિજ્ઞાન | આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ. | ૭ |
| ૩. | શ્રી વિજયસેનસૂરિ-પ્રસાદિત બે દસ્તાવેજી મૂલ્ય ધરાવતા પત્રો | આચાર્ય વિજયશીલચંદ્રસૂરીશ્વરજી | ૧૫ |
| ૪. | યોગબિંદુ - ટીકા અંગે થોડુંક ચિંતન | પૂ. મુનિ ત્રૈલોક્યમંડનવિજય | ૨૧ |
| ૫. | જૈનદર્શનમાં જ્ઞાન-દર્શનની સમસ્યા | નગીનભાઈ શાહ | ૨૭ |
| ૬. | ભારતીય પ્રતિમાવિધાન | હરિપ્રસાદ શાસ્ત્રી | ૩૪ |
| ૭. | જૈનદર્શનમાં કર્મવાદ | ધીરજલાલ મહેતા | ૩૮ |
| ૮. | જૈનદર્શન : એક અદ્ભુત વિજ્ઞાન | ડૉ. સુધીર શાહ | ૪૫ |
| ૯. | પ્રાચીન ભારતની જૈન હસ્તપ્રતોની લિપિઓની વિશેષતા | ભારતીબહેન શેલત | ૫૭ |
| ૧૦. | સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ | સુનંદાબહેન વોહોરા | ૭૪ |
| ૧૧. | જૈનઆગમનાં આકર્ષક તત્ત્વો | ગુણવંત બરવાળિયા | ૮૫ |
| ૧૨. | આચાર્ય મહાપ્રજ્ઞની સાહિત્યસૃષ્ટિ | રશ્મિ ઝવેરી | ૯૭ |
| ૧૩. | મધ્યકાલીન જૈન સાહિત્યના સંશોધનની સમસ્યાઓ | કાંતિભાઈ બી. શાહ | ૧૦૪ |
| ૧૪. | ભોગીલાલ સાંડેસરાનું જૈન સાહિત્યમાં યોગદાન | સુધા નિરંજન પંડ્યા | ૧૧૬ |
| ૧૫. | જૈન રામાયણ અને ભીલ રામાયણ | ભગવાનદાસ પટેલ | ૧૨૧ |
| ૧૬. | બ્રિટનમાં જૈન ધર્મ | વિનોદ કપાસી | ૧૨૮ |
| ૧૭. | 'નાટ્યદર્પણ'માં ઉપરૂપક વિધાન (મંચનકલાની દૃષ્ટિએ) | મહેશ ચંપકલાલ | ૧૩૬ |
| ૧૮. | અમદાવાદના વિકાસમાં જૈન શ્રેષ્ઠિઓનું પ્રદાન | ડૉ. માણેક પટેલ 'સેતુ' | ૧૪૮ |
| ૧૯. | કલ્પસૂત્ર | કુમારપાળ દેસાઈ | ૧૫૨ |
| ૨૦. | જ્ઞાનભંડારો અને હસ્તપ્રતોની વિશેષતાઓ | કનુભાઈ એલ. શાહ | ૧૬૦ |
| ૨૧. | વર્તમાન સમયમાં જૈન-સંસ્કારનું મહત્ત્વ | છાયાબહેન શાહ | ૧૭૧ |
| ૨૨. | ભારતના બે મહાન જ્યોતિર્ધરો | સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી | ૧૭૭ |
| ૨૩. | ઉપાધ્યાય યશોવિજયજી : સમન્વયવાદી તત્ત્વવેત્તા કવિ | ગૌતમ પટેલ | ૧૮૧ |
| ૨૪. | જૈન યોગ અને પાતંજલ યોગ | રશ્મિ ભેદા | ૧૯૫ |
| ૨૫. | જૈનદર્શન અને દ્રવ્યાનુયોગ | નિરંજના શ્વેતકેતુ વોરા | ૨૦૪ |
| ૨૬. | સાધર્મિક વાત્સલ્ય | રોહિત શાહ | ૨૧૫ |
| ૨૭. | વિદેશમાં જળવાયેલી હસ્તપ્રતો | કલ્પનાબહેન શેઠ | ૨૨૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૮. | સચિત્ર જૈન હસ્તપ્રતો | આર. ટી. સાવલિયા | ૨૨૩ |
| ૨૯. | જૈન પૂજા-વિધિ પાછળ રહેલી ભાવનાસૃષ્ટિ | ફાલ્ગુની ઝવેરી | ૨૩૯ |
| ૩૦. | આવતીકાલનાં ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો | પ્રવીણભાઈ સી. શાહ | ૨૪૬ |
| ३१. | पूज्य गुरु वल्लभ व महावीर विद्यालय | आचार्य श्री विजयनित्यानन्द सूरि | ૨૫૪ |
| ३२. | अनेकान्त की व्यापकता | दयानन्द भार्गव | ૨૫૭ |
| ३३. | सल्लेखना के परिप्रेक्ष्य में कषाय विजय का मनोवैज्ञानिक महत्त्व | शेखरचंद्र जैन | ૨૬૫ |
| ३४. | पंजाब में जैन धर्म का उद्भव, प्रभाव और विकास | महेन्द्रकुमार मस्त | ૨૭૩ |
| 35. | Universal Relevance of Jain Religion | N. P. Jain | ૨૮૨ |
| 36. | Synergistic Role of Education in India of the 21st Century | Dawoodbhai Ghanchi | ૨૮૮ |
| 37. | Education In Jainism | Hemant Shah | ૨૯૮ |
| 38. | Creativity in Management | Pradip Khandwala | ૩૦૫ |
| 39. | Identification of two Jain Bronzes | Shridhar Andhare | ૩૧૪ |
| 40. | Jainism and Quantum Mechanics | Kokila Shah | ૩૧૮ |
| 41. | Jain Diaspora | Dilip Shah | ૩૨૭ |

1

आचार्यश्री
विजयरत्नसुंदर-
सूरीश्वरजी

# યુવાનોમાં મૂલ્યજાગૃતિ

કોઈ પણ સમાજ માટે તેના યુવાનો એક કાર્યકારી શક્તિના રૂપમાં છે. એક એવી શક્તિના રૂપમાં કે જે સામાજિક મૂલ્યો અને આદર્શોની પ્રાપ્તિ તેમજ જાળવણી માટે એક પ્રભાવશાળી સાધન બની સમાજને પ્રગતિના પથ પર લઈ જાય છે. સમાજમાં શાશ્વત માનવીય મૂલ્યોની જાળવણી તેમજ સંવર્ધન માટે યુવાશક્તિની સક્રિયતા અત્યંત જરૂરી છે. આ સંદર્ભમાં સમાજ પર એક વિશિષ્ટ જવાબદારી આવે છે કે જો તે પોતાના સામાજિક-સાંસ્કૃતિક માળખાને માનવીય મૂલ્યો પર આધારિત બનાવી રાખવા માંગતો હોય તો તે પોતાના યુવાનો ઉપર વિશેષ ધ્યાન આપે.

આ બાબતે એક વાત પર પ્રકાશ પાડવા ચાહીશ કે ઊર્જા અને યુવાન એ બંને વચ્ચે એક બાબતે સમાનતા જોઈ શકાય છે. જે રીતે ઊર્જાનો અનિયંત્રિત અને અનિયોજિત પ્રયોગ વિસ્ફોટ પેદા કરે છે તથા નિયંત્રિત અને નિયોજિત પ્રયોગ પ્રકાશ પેદા કરે છે એ જ રીતે સમાજની યુવા શક્તિનો પણ અનિયંત્રિત અને અનિયોજિત ઉપયોગ સમાજમાં વિસ્ફોટક સ્વરૂપ ધારણ કરે છે તથા નિયંત્રિત અને નિયોજિત ઉપયોગ સર્જનાત્મક સ્વરૂપ ધારણ કરે છે. આજે દેશમાં યુવાશક્તિનો સંપૂર્ણ રીતે નિયંત્રિત તેમજ નિયોજિત ઉપયોગ ન થઈ શકવાના કારણે જ નક્સલવાદ, અપરાધ, આતંકવાદ જેવી પ્રવૃત્તિઓ તીવ્ર ગતિથી વધી રહી છે. સ્પષ્ટ છે કે જેટલા અંશે આપણે યુવાશક્તિનો યોગ્ય ઉપયોગ કરીશું એટલા અંશે સમાજ પ્રગતિશીલ બનશે તથા સમાજમાં શાંતિ, સદ્ભાવ, સદાચાર તેમજ બંધુતાનું વાતાવરણ સ્થાપિત થશે.

પ્રશ્ન એ છે કે યુવાનોનો નિયંત્રિત તેમજ નિયોજિત ઉપયોગ કરવા માટે સમાજે શું કરવું જોઈએ ? યુવાશક્તિ શાંતિ, અહિંસા,

ન્યાય, કરુણા, સદ્ભાવ, સદાચાર જેવાં સામાજિક મૂલ્યોના અમલીકરણના વાહક બને એ માટે સમાજે શું કરવું જોઈએ ? પ્રશ્ન એ પણ છે કે સમાજમાં અશાંતિ, અન્યાય, ભેદભાવ અને દુરાચાર જેવાં દૂષણોનો ખાત્મો બોલાવી દે એવી હકારાત્મક-રચનાત્મક શક્તિના રૂપમાં યુવાનોને ઢાળવા માટે સમાજે શું કરવું જોઈએ. અહીં એ પ્રશ્ન ઉઠાવવો પણ વાજબી ગણાશે કે અત્યારે યુવાશક્તિના ઉપયોગ માટે જે કંઈ પણ થઈ રહ્યું છે એની સાર્થકતા, ઉપયોગિતા અને પ્રભાવશીલતા કેટલી છે ? યુવાશક્તિના રચનાત્મક ઉપયોગ માટે જે કાંઈ પણ કાર્યો કે પ્રયત્નો થઈ રહ્યા છે તેમાં કયાં પરિવર્તનો લાવવાં જરૂરી છે કે જેથી યુવાશક્તિને વિધ્વંસાત્મક દિશામાં જવાથી અટકાવી શકાય ?

આ પ્રશ્નો અત્યંત જટિલ છે અને તેના વાસ્તવિક તેમજ વ્યાવહારિક ઉત્તરો શોધવા માટે અનેક પ્રકારનાં અભ્યાસ અને સંશોધનની જરૂરિયાત છે. તેમ છતાં, આ પ્રશ્નોના ઉત્તર સંબંધી દૃષ્ટિકોણ તેમજ પદ્ધતિને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરી શકાય. આ સંબંધમાં સૌપ્રથમ તો સમાજે સર્વસંમતિથી એ નિર્ધારિત કરવું જોઈએ કે મૂલ્યો શું છે અને તેની અંદર શાનો સમાવેશ કરી શકાય. નિશ્ચિતપણે શાશ્વત માનવીય મૂલ્યોની બાબતે લગભગ વિશ્વના દરેક સમાજો, ધર્મો અને સંસ્કૃતિઓમાં એક પ્રકારની સમાનતા જોવા મળે છે. અહિંસા, સત્ય, શીલ, સદ્ભાવ, સદાચાર, સંસ્કાર, સહિષ્ણુતા, સાદગી, સંયમ, શાંતિ, સેવા, બંધુતા, નૈતિકતા, પવિત્રતા, ઈમાનદારી, વફાદારી, પરોપકાર, કરુણા, દયા, ક્ષમા વગેરે જેવાં માનવીય મૂલ્યોને વિશ્વના લગભગ દરેક સમાજો સ્વીકૃતિ આપે છે. આ એવાં મૂલ્યો છે જેના પર કોઈ સમાજ જેટલો તીવ્રતાથી ચાલ્યો છે એટલી જ તીવ્રતાથી એ સમાજ પ્રગતિ સાધવામાં પણ સફળ રહ્યો છે. ઇતિહાસના અનુભવોને ધ્યાનમાં લઈને એવું પણ કહી શકાય કે જે સમાજ આ મૂલ્યોને ચરિતાર્થ કરવામાં સફળ રહ્યો એ સમાજ ટકી પણ ગયો અને વિકાસ પણ કરી ગયો. જ્યારે આ મૂલ્યોથી વિપરીત જનારો સમાજ ટૂંકા કે લાંબા ગાળે પતનશીલ થઈ ગયો. ઇતિહાસના અનુભવો આ મૂલ્યોની મહત્તા અને અનિવાર્યતા સામે લાવે છે તો સમાજના બુદ્ધિજીવી, દૂરદર્શી અને સેવાભાવી સજ્જનો તેમજ ચિંતકો આ મૂલ્યોને સ્પષ્ટ સમર્થન આપે છે. આથી આપણી સમક્ષ એ મુદ્દો ઊભો થાય છે કે આ મૂલ્યો તરફ યુવાપેઢીને કઈ રીતે જાગ્રત કરવી ? યુવાપેઢીના આચાર-વિચારમાં આ મૂલ્યોની પ્રતિષ્ઠા કઈ રીતે કરવી?

ઇન્ફોર્મેશન અને કમ્યુનિકેશન ટેક્નૉલોજીના પ્રભાવથી જન્મેલી ક્રાંતિ અને પરિવર્તનના આ વાતાવરણમાં અનેક યુવાનો રાહ ભટકી રહ્યા છે. અનેક યુવાનો ગમે તે ભોગે જલદીથી ધનવાન બની જવાનાં સપનાં જોઈ પોતાને આ મૂલ્યોથી વિપરીત દિશામાં લઈ જઈ રહ્યા છે. સમાજનો એક ભાગ સ્વયં ભ્રષ્ટાચાર, અનીતિ અને દુરાચારને સ્વીકૃતિ આપતો હોય એવું દેખાય છે. સમાજનો આ ભાગ સ્વયં શરાબ પીવાને શાન સમજવા લાગ્યો છે. સમાજમાં કેટલાય લોકો એવા છે જે સ્વયં નૈતિકતાના આદર્શોને તાક પર રાખી ભૌતિકતાના ગુલામ બની રહ્યા છે. સ્પર્ધાના યુગમાં સહકારનું કોઈ સ્થાન દેખાતું નથી અને સ્પર્ધામાં વિજયી થવા માટે અનેક લોકો આચાર-વિચારના નીતિ-નિયમો નેવે મૂકી આંધળી દોટ મૂકી રહ્યા છે. એક સંત તરીકે આ બધું જોઈ હતાશાથી ભરાઈ જાઉં છું. પરંતુ જ્યારે મારી દૃષ્ટિ યુવાનો ઉપર પડે છે તો આશાનું એક વિરાટ કિરણ મારા હૃદયમાં જન્મે છે. એવો અહેસાસ થાય છે કે આ યુવાનો જ ભવિષ્યની આશા છે. આ યુવાનોને જ એવી રીતે

ઘડવામાં આવે અને એવી રીતે તેમને નિશ્ચિત દિશા આપવામાં આવે કે જે સમાજમાં ઉપરોક્ત મૂલ્યોની વાસ્તવિક પ્રતિષ્ઠા કરે.

આજે સમાજ સમક્ષ સૌથી મોટો પડકાર એ જ છે કે આશાના કિરણ સમા આ યુવાનોને કઈ રીતે મૂલ્યો પ્રત્યે જાગ્રત કરવા? આ સંબંધમાં સમાજ પાસે સૌથી અગત્યનાં ત્રણ સાધનો છે જે યુવાનોને મૂલ્ય તરફ જાગ્રત પણ કરી શકે અને તેમને મૂલ્યો તરફ વાળી પણ શકે. આ ત્રણ સાધનો છે - શિક્ષણવ્યવસ્થા, પરિવારવ્યવસ્થા અને વિવાહવ્યવસ્થા. ભારતીય સંસ્કૃતિમાં જે સ્વરૂપે આ ત્રણેય વ્યવસ્થાની સ્થાપના કરવામાં આવી છે એ જ સ્વરૂપે જો આ ત્રણેય વ્યવસ્થા સક્રિય થાય તો યુવાનોને મૂલ્ય તરફ જાગ્રત કરવામાં નિશ્ચિતપણે સફળતા પ્રાપ્ત થઈ શકે. આ સાથે જ રાજ્યવ્યવસ્થા અને વહીવટી વ્યવસ્થા દ્વારા શિક્ષણ, પરિવાર અને વિવાહની વ્યવસ્થાનાં મૂલ્યોને રક્ષણ, પોષણ અને પ્રોત્સાહન અપાય તો આ સફળતાને સ્થાયી બનાવી શકાય.

આ સંબંધમાં સર્વપ્રથમ શિક્ષણવ્યવસ્થાને મૂલ્યોથી જોડવાનું એક નવું જ સામાજિક-શૈક્ષણિક આંદોલન શરૂ કરવું જરૂરી છે. વર્તમાન શિક્ષણવ્યવસ્થા એકાંગી સ્વરૂપ ધરાવે છે. આ શિક્ષણવ્યવસ્થા ફક્ત 'કારકિર્દી-કેન્દ્રિત' (career oriented) છે અને ચારિત્રનિર્માણ (character building) સાથે તેને કોઈ ખાસ લેવા-દેવા નથી. ઉલ્લેખનીય છે કે ચારિત્ર્ય જ શિક્ષણનું મુખ્ય ફળ (product) છે જ્યારે કારકિર્દી આ શિક્ષણનું ઉપ-ફળ (by product) છે. શિક્ષણનો ઉદ્દેશ સાક્ષરતાની સાથોસાથ સંસ્કારનિર્માણ પણ હોવો જરૂરી છે. પરંતુ પશ્ચિમી વિચાર-દૃષ્ટિના અંધાનુકરણના પરિણામે આજે દેશની શિક્ષણવ્યવસ્થાની આ દુર્દશા થઈ છે કે શિક્ષણ કારકિર્દી-કેન્દ્રિત છે, નહીં કે ચારિત્ર-કેન્દ્રિત. આ દુર્દશા એટલી વિસ્તૃત અને ગહન છે કે એની સમાપ્તિ માટે એક વિરાટ સામાજિક આંદોલનની તાતી જરૂરિયાત છે.

આવા એક સામાજિક આંદોલન દ્વારા સમાજ પોતે રાજ્યનિયંત્રણ અને રાજ્યસંચાલિત શિક્ષણ- વ્યવસ્થાને નવી દિશા આપવાનું કાર્ય હાથમાં લે. નાગરિક સમાજનાં પારમાર્થિક અને સેવાભાવી તત્ત્વો જ્યાં સુધી આ રીતે શિક્ષણવ્યવસ્થા પર ધ્યાન આપવાનું શરૂ નહીં કરે ત્યાં સુધી યુવાનોને મૂલ્યોની દિશામાં જાગ્રત કરવા કઠિન છે. આજે દરેક સ્કૂલમાં ભણતાં બાળકો માટે એક 'મૂલ્યશિક્ષણ' આપનારો વિશિષ્ટ અભ્યાસક્રમ ઘડવો જરૂરી બની ગયો છે. આ અભ્યાસક્રમ એવા સ્વરૂપનો હોવો જોઈએ કે જેમાં મેળવેલા માર્ક્સના આધારે જ વિદ્યાર્થીને ઉત્તીર્ણ કે અનુત્તીર્ણ કરવામાં આવે. આ અભ્યાસક્રમ સૈદ્ધાંતિક (theoretical) હોવાની સાથોસાથ વ્યાવહારિક (practical) પણ હોવો જરૂરી છે.

આ સાથે જ શિક્ષણવ્યવસ્થામાં શિક્ષકોની ભરતી તેમજ પ્રશિક્ષણની એવી વ્યવસ્થા વિકસિત કરવી જોઈએ જેથી જ્ઞાનવાનની સાથોસાથ ચારિત્ર્યવાન હોય એવા જ શિક્ષકો સ્કૂલોમાં સામેલ થઈ શકે. જો શિક્ષકનું જીવન જ ઉચ્ચ મૂલ્યો અને આદર્શોને ચરિતાર્થ કરનારું હશે તો સ્વાભાવિકપણે વિદ્યાર્થીઓ પણ આ મૂલ્યો તરફ જાગ્રત થશે તેમજ એ દિશામાં સક્રિય પણ થશે. મનોવૈજ્ઞાનિક કહે છે કે એક નાના બાળક પર માતા-પિતા પછી સૌથી વધુ પ્રભાવ શિક્ષકનો પડતો હોય છે. સમાજે આવા શિક્ષકોની શોધ કરવી પડશે અને તેમને યથોચિત સુરક્ષા, સન્માન તેમજ શૈક્ષણિક સ્તરે સત્તા આપવી પડશે.

ચારિત્ર્યના સ્તરે જે અપેક્ષા શિક્ષક પાસે હું રાખી રહ્યો છું એવી જ અપેક્ષા માતા-પિતા પાસે પણ છે. કોઈ પણ બાળકની પ્રથમ ગુરુ માતા છે. માટે માતા-પિતા બંનેએ પોતાના જીવનને એ રીતે ઢાળવું પડશે કે જેથી બાળકોને મૂલ્યો પ્રત્યે આકર્ષણ જાગે. આ આકર્ષણ જ આગળ જતાં બાળકના સ્વભાવનું અંગ બની જશે તથા એ બાળક યુવાન થઈ સામાજિક મૂલ્યોની પ્રતિષ્ઠાનો વાહક બની શકશે. ઉદાહરણ દેવાની જરૂર નથી કે શિવાજી, વિવેકાનંદ, ગાંધીજી વગેરે જેવા યુવાન મૂલ્યરક્ષકોનાં માતા-પિતાનું જીવન યથાર્થમાં સામાજિક આદર્શોની અભિવ્યક્તિ સમું હતું.

સમગ્ર વિશ્વમાં સામાજિક સ્થાયિત્વ, પ્રગતિશીલતા અને જીવંતતા એવા સમાજોની વિશેષતા રહી છે જે સમાજોએ પોતાને ત્યાં વિવાહવ્યવસ્થા અને પરિવારવ્યવસ્થાને સાર્વભૌમિક સ્વીકૃતિ પ્રદાન કરી. આજે પણ ભારતની સામાજિક વ્યવસ્થાના એકીકૃત માળખાનો મૂળભૂત આધાર આ બંને વ્યવસ્થાઓ જ છે. સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં રાજ્યનો કાયદો જે પ્રભાવ ન પાડી શકે, રાજ્યની લશ્કરી તાકાત જે સામાજિક શાંતિ ન સ્થાપી શકે એવી વ્યવસ્થા અને શાંતિની સ્થાપનામાં પરિવારવ્યવસ્થા અને વિવાહ- વ્યવસ્થા સફળ રહી છે તથા આગળ વધી રહી શકે છે. આજે અમેરિકન સમાજ, યુરોપિયન સમાજ વગેરે સામાજિક વિખંડનના દોરનો સામનો કરી રહ્યા છે. તલાકના વધતા કેસો, લિવ ઇન રિલેશનશિપની વધતી પ્રવૃત્તિ, તલાકશુદા પરિવારોનાં બાળકોની જિંદગી બરબાદ થવી વગેરે જેવી પ્રવૃત્તિઓ સામાજિક વિખંડનને પ્રોત્સાહન આપી રહી છે.

ભારતમાં પણ પશ્ચિમી અંધાનુકરણની દોટના પરિણામે આવી પ્રવૃત્તિઓનો ફેલાવો વધી રહ્યો છે અને સમાજમાં વિખંડનકારી પ્રવૃત્તિઓ બળવાન બની રહી છે. આવી પ્રવૃત્તિઓને રોકી વિવાહવ્યવસ્થા અને પારિવારિક વ્યવસ્થાને રક્ષણ તેમજ પોષણ આપવાની તાતી જરૂરિયાત છે. અહીં જ રાજ્યવ્યવસ્થાની એક રચનાત્મક ભૂમિકાની જરૂરિયાત ઊભી થાય છે. રાજ્યવ્યવસ્થા દ્વારા એવા કાયદા ઘડી અમલમાં લાવવા જરૂરી છે જે સમાજમાં વિવાહ અને પરિવારના સ્થાયિત્વ તેમજ સાતત્યને પ્રોત્સાહન આપે. પહેલાં એવી કાયદાકીય સ્થિતિ હતી કે વિવાહની આયુ અને વિવાહ-પૂર્વ સંસર્ગની આયુ એક ન હોવાના કારણે સમાજમાં વ્યભિચાર અને વિવાહ-પૂર્વ સંસર્ગ જેવાં દૂષણો વધી રહ્યાં હતાં. પરંતુ હાલમાં જ સરકાર દ્વારા મહિલા અને પુરુષના સંસર્ગ માટેની આયુ અને વિવાહની આયુને સમાન બનાવવાનો કાયદો ઘડવામાં આવ્યો છે. આવા પ્રકારના કાયદાઓનું સ્વાગત થવું જોઈએ અને તેને વધુ મજબૂતીથી લાગુ કરવાનાં પગલાંઓ લેવાં જોઈએ.

સમાજમાં જેમ-જેમ વિવાહવ્યવસ્થા અને પરિવારવ્યવસ્થા મજબૂત બનશે તેમ તેમ સહિષ્ણુતા, વફાદારી, બંધુતા જેવાં સામાજિક મૂલ્યોને સ્વમેળે પ્રોત્સાહન મળતું થશે. સમાજ તો જ સભ્ય સમાજના રૂપમાં ટકી શકે જ્યારે તે પોતે બનાવેલી મર્યાદાઓના પાલન માટે તૈયાર હોય. વિવાહવ્યવસ્થા અને પરિવારવ્યવસ્થા બંને આવી જ સામાજિક મર્યાદાઓનું પ્રતિનિધિત્વ કરે છે અને આ મર્યાદાઓના પાલનનું ક્ષેત્ર જો વધતું જાય તો યુવાનોના જીવનમાં મૂલ્યની પ્રતિષ્ઠા પણ એ જ પ્રમાણમાં વધતી જશે.

આજે સ્વતંત્રતાના નામે જે રીતે જંગલી સ્વરૂપની સ્વચ્છંદતાને પોષણ અપાઈ રહ્યું છે એ સમાજ માટે અત્યંત ઘાતક પુરવાર થઈ શકે છે. અમેરિકા અને યુરોપમાં વધતા સામાજિક વિખંડનનું

એક કારણ આવી જંગલી સ્વચ્છંદતા જ છે. જંગલી સ્વરૂપની સ્વચ્છંદતાનું જ એક પરિણામ ભ્રૂણહત્યા છે; બીજું, વધતા બળાત્કારના કેસો છે; ત્રીજું, વધતા અપરાધો છે. આ યાદીને વધુ લાંબી બનાવી શકાય છે. પરંતુ કહેવાનો ભાવ એ જ છે કે સ્વતંત્રતા સ્વચ્છંદતા ન બને એ માટે સામાજિક મર્યાદાના આધારે સ્વતંત્રતાને પણ એક માનવીય મર્યાદામાં જ સ્વીકૃતિ આપવી જોઈએ.

યુવાનોને મૂલ્ય તરફ વાળવાના સામાજિક પક્ષને સ્પષ્ટ કર્યા પછી તેના રાજકીય પક્ષને સમજવાનો પ્રયત્ન કરીએ. રાજ્યવ્યવસ્થા સમાજમાં શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને કલ્યાણ માટે જવાબદાર છે. રાજ્યનું એ પ્રાથમિક કર્તવ્ય છે કે તે સમાજમાં શાંતિ અને વ્યવસ્થા જાળવી રાખે તેમજ દરેકને પોતાના વિકાસના પૂરતા અવસરો પ્રદાન કરે. રાજ્યનાં આ કર્તવ્યોની પૂર્તિ માટે જ એક વિશાળ વહીવટી વ્યવસ્થા વિકસાવવામાં આવે છે. આપણે ત્યાં રાજકીય લોકશાહી તો સ્થાપિત થઈ છે પરંતુ સામાજિક-સાંસ્કૃતિક લોકશાહીની અવગણના થઈ રહી છે. લોકશાહી શાસનવ્યવસ્થા દરેક વ્યક્તિના કલ્યાણ તેમજ સશક્તીકરણને સમર્પિત હોય છે.

દરેક વ્યક્તિનું કલ્યાણ તેમજ સશક્તીકરણ ત્યારે જ સંભવિત બની શકે જ્યારે સમગ્ર સામાજિક વાતાવરણ શાંતિદાયક તેમજ વિકાસદાયક હોય. જો વ્યક્તિના આચાર-વિચારનું ધ્યાન રાખવાની જવાબદારી વ્યક્તિની પોતાની હોવાની સાથોસાથ સમાજની પણ છે તો વ્યક્તિના આચાર-વિચાર અને સામાજિક મૂલ્યોને અનુરૂપ વાતાવરણ પ્રદાન કરવાની જવાબદારી રાજ્યવ્યવસ્થાની છે. વ્યક્તિના આચરણને તેના વિચારનું પરિણામ ગણી શકાય તો વ્યક્તિના વિચારને તેના વાતાવરણનું પરિણામ ગણી શકાય. આ દૃષ્ટિએ વિચારીએ તો રાજ્યવ્યવસ્થા જ સમાજના વાતાવરણની નિર્માતા, નિયંત્રક અને નિર્ધારક હોય છે.

લોભ-લાલચ, ક્રોધ, અસ્વસ્થ સ્પર્ધા, સ્વાર્થપણા જેવાં તત્ત્વોને પ્રોત્સાહન આપતું વાતાવરણ સમાજમાં અશાંતિ, વિખંડન અને અવ્યવસ્થા ઊભી કરે છે. જ્યારે સહકાર, સેવા, સંયમ જેવાં તત્ત્વોને પોષતું વાતાવરણ સમાજમાં શાંતિ, એકીકરણ અને વ્યવસ્થાને પ્રોત્સાહિત કરે છે. રાજ્યવ્યવસ્થા પર એ જવાબદારી છે કે તે એક એવા વાતાવરણને પ્રોત્સાહન આપે જેમાં શાંતિ, એકીકરણ ને વ્યવસ્થા આગળ વધે. આવા વાતાવરણના વિકાસ માટે રાજ્યની ભૂમિકાને પુનર્પરિભાષિત કરવાની જરૂરિયાત છે. જે રીતે આજે રાજ્યને 'સામાજિક પરિવર્તન'નું એક સાધન માનવામાં આવે છે એ જ રીતે રાજ્યને 'શાશ્વત માનવીય મૂલ્યોના રક્ષણ'નું સાધન પણ બનાવવામાં આવે. દેશના બંધારણમાં જે રીતે સાંસ્કૃતિક મૂલ્યોને સામેલ કરવામાં આવ્યાં છે તે મૂલ્યોના રક્ષણ માટે રાજ્યવ્યવસ્થા દ્વારા વિશેષ પ્રયત્નોની એક હારમાળા શરૂ કરવામાં આવે.

યુવાનો રાજકીય નેતૃત્વ પાસેથી મૂલ્યોની શીખ મેળવી શકે એ માટે રાજકીય જીવનને યથાશક્ય સ્વચ્છ બનાવવાની જવાબદારી સમાજ પોતે સંભાળી લે. ભારતની લોકશાહી દેશના લોકોને જ એ સત્તા આપે છે કે કોણ રાજ્યવ્યવસ્થા સંભાળે અને કોણ રાજ્યસત્તાની બહાર રહે. સમાજ પોતે આ સત્તાનો ઉપયોગ કરી રાજ્યવ્યવસ્થામાં સ્વચ્છ, ચારિત્ર્યવાન અને સેવાભાવી લોકોને આગળ લાવી શકે છે. જો દેશનું રાજકીય નેતૃત્વ આવા ગુણોનું સ્વામી બને તો યુવાનોને મૂલ્યો તરફ જાગ્રત કરવાની પ્રક્રિયા વધુ તીવ્ર બની શકે. સ્પષ્ટ છે કે રાજ્યવ્યવસ્થા પણ સમાજના આધારે સંચાલિત થાય છે અને આ સંદર્ભમાં સમાજે એકીકૃત થઈ ગંભીરતાથી વિચારણા કરવાની જરૂરિયાત છે.

યુવાનોને મૂલ્ય તરફ વાળવાની ઉપરોક્ત સમગ્ર યોજના એક માનસિક ચિત્રના રૂપમાં છે અને આના કેટલાયે પક્ષો હોઈ શકે છે. પરંતુ મૂળભૂત વાત તો એ જ રહેશે કે સમાજની શિક્ષણવ્યવસ્થા, પરિવારવ્યવસ્થા, વિવાહવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને વહીવટવ્યવસ્થા એમ પાંચેય વ્યવસ્થાનાં યોગ્ય સમન્વય, સક્રિયતા તેમજ સફળતાથી જ યુવાનોને મૂલ્યોની દિશામાં જાગ્રત બનાવી શકાશે. આ કાર્યમાં આધુનિક ટેક્નૉલોજીનો સદુપયોગ અત્યંત ફળદાયી નીવડી શકે છે. જે ઇન્ફોર્મેશન ઍન્ડ કમ્યુનિકેશન ટેક્નૉલોજી આજે યુવાનોને મૂલ્યોથી વિમુખ તેમજ એકાંગી બનાવી રહી છે એ જ ટેક્નૉલોજી તેમને મૂલ્યો તરફ જાગ્રત કરવામાં તેમજ યુવાનોમાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવામાં સહાયક બની શકે છે.

આ બાબતે દિલ્હીમાં ડિસેમ્બર, ૨૦૧૨માં થયેલા બળાત્કાર વિરોધી સ્વયંસ્ફુર્ત જન આંદોલનનો ઉલ્લેખ કરી શકાય. આ આંદોલનમાં ટેક્નૉલોજીનો ઉપયોગ કરી સમાજમાં શીલ, સદાચાર, સંસ્કારની રક્ષા કાજે દેશની સરકાર પર દબાણ લાવવામાં જોરદાર સફળતા પ્રાપ્ત થયેલી. આ દબાણના પરિણામે જ સરકાર બળાત્કાર વિરોધી કાયદો લાવવા માટે બાધ્ય થઈ. આ આંદોલનમાં ટેક્નૉલોજીનો ઉપયોગ કરીને જ જનતાને સંગઠિત તેમજ સક્રિય બનાવવામાં આવેલી.

કહી શકાય કે ટેક્નૉલોજી પોતાનામાં એક તટસ્થ બાબત છે અને તેનો સર્જનાત્મક કે વિધ્વંસાત્મક ઉપયોગ કરી શકાય છે. આજે કેટલાક લોકો ઇન્ફોર્મેશન ઍન્ડ કૉમ્યુનિકેશન ટેક્નૉલોજીથી એટલે ડરી રહ્યા છે કે તેનાથી બાળકો, કિશોરો અને યુવાનો આડી દિશામાં ભટકી જાય છે. પરંતુ મારું કહેવું છે કે યુવાનોનું આડી દિશામાં જવાનું કારણ આ ટેક્નૉલોજી જેટલી છે એનાથી વધુ યુવાનોની મૂલ્ય-વિમુખતા છે. જો યુવાનો મૂલ્યો પર આધારિત જીવન અપનાવીને ચાલે તો આ જ ટેક્નૉલોજી તેમને સર્જનાત્મક બનાવી શકે છે અને આડા રસ્તે ચાલવાના સ્થાને તેમના પોતાના લક્ષ્ય પર ત્વરિતપણે પહોંચાડી શકે છે.

વ્યક્તિત્વના સંબંધમાં ટેક્નૉલોજી તો એક બાહ્ય બાબત છે જે આંતરિક બળ અર્થાત્ આત્મ-બળની કમજોરીના પરિણામે વ્યક્તિ પર હાવી બની જાય છે અને વ્યક્તિને આડી દિશાએ દોરી જાય છે. એક મૂલ્ય-આધારિત વ્યક્તિત્વનું નિર્માણ અને વિકાસ થઈ ગયા બાદ ટેક્નૉલોજી એ વ્યક્તિને નહીં દોરે પરંતુ ટેક્નૉલોજીને જ એ વ્યક્તિ દિશા આપશે. આ રીતે યુવાનોને મૂલ્ય તરફ જો જાગ્રત અને સક્રિય બનાવી દેવાશે તો ટેક્નૉલોજી જનિત સામાજિક દૂષણો પર નિયંત્રણ પ્રાપ્ત કરવું આસાન થઈ જશે.

વિશ્વમાં ભારતીય સમાજની એક અનોખી છાપ રહી છે જેનું મુખ્ય કારણ આર્થિક કે લશ્કરી સિદ્ધિ નહીં પરંતુ મૂલ્યો અને આદર્શોની સિદ્ધિ છે. આ કારણે ભારતીય સમાજે તો ઉપરોક્ત યોજનાનું યથોચિત અમલીકરણ કરી યુવાનોને મૂલ્યો તરફ જાગ્રત કરવા અત્યંત જરૂરી છે. આ જાગ્રતતાથી જ ભારત પોતાની આગવી ઓળખ બનાવી રાખી શકશે તથા આ બાબતે સમગ્ર વિશ્વનો માર્ગદર્શક પણ બની શકશે.

2

# જૈનદર્શનમાં પરમાણુ-વિજ્ઞાન

આચાર્યશ્રી
વિજયનંદિઘોષ-
સૂરીશ્વરજી

એક રીતે તો વિજ્ઞાન અને અધ્યાત્મ, બંને એક સિક્કાની જ બે બાજુ છે. છતાં એક વાત સ્પષ્ટ રીતે ખ્યાલમાં રાખવાની કે વિજ્ઞાનની દુનિયામાં કશું જ અંતિમ સત્ય નથી. જ્યારે અધ્યાત્મની દુનિયામાં અંતિમ સત્ય જ મુખ્ય વસ્તુ છે. વિજ્ઞાન ક્યારેય સંપૂર્ણ કે અંતિમ સત્ય પામી શકતું નથી. હા, એ અંતિમ અથવા તો સંપૂર્ણ સત્યની વધુ નજીકમાં નજીક જઈ શકે છે. અંતિમ સત્ય પામવા માટે વિજ્ઞાનનાં અત્યાધુનિક ઉપકરણો પણ બિનઉપયોગી અને બિનકાર્યક્ષમ પુરવાર થાય છે કેમ કે ત્યાં આત્માના જ્ઞાનરૂપી ઉપકરણનો જ ઉપયોગ અનિવાર્ય બને છે અને આ જ્ઞાનરૂપી સાધન અધ્યાત્મમાર્ગ વિના ઉપલબ્ધ જ નથી. તેથી વિશ્વના ટોચના ભૌતિકશાસ્ત્રીઓ પણ વિશ્વના સકળ પદાર્થોના ગુણધર્મ અને બ્રહ્માંડની સંરચના તથા અન્ય પરિબળોનો ગણિત અને વિજ્ઞાનની મદદથી તાગ પામવા પ્રયત્ન કરે છે અને એ પ્રયત્નોના અંતે પણ આ વિશ્વના સંચાલક બળની શક્તિનું રહસ્ય હાથ ન આવતાં, તેઓ ઈશ્વર કે કર્મ જેવી કોઈ અદૃશ્ય સત્તાનો સ્વીકાર કરે છે.

આ જ કારણે ભૂતકાળના ડૉ. આઇન્સ્ટાઇન, ડૉ. ઑપેનહાઇમર જેવા પ્રખર વિજ્ઞાનીઓ તથા વર્તમાન કાળના ડૉ. અબદુસ્સલામ આઝાદ, ડૉ. હરગોવિંદ ખોરાના, ડૉ. હેલીસ ઓડાબાસી જેવા વિજ્ઞાનીઓ ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવે છે.

તેમની શ્રદ્ધા કોઈ એક ધર્મ કે સંપ્રદાયગત હોતી નથી. એટલે કે અંધશ્રદ્ધા નહિ પણ વિશાળ અર્થમાં ધર્મ ઉપરની બુદ્ધિજનિત નિષ્પક્ષ શ્રદ્ધા હોય છે અને સત્યનો સ્વીકાર એ આવી શ્રદ્ધાનું અગત્યનું લક્ષણ

છે. તેથી જ ડૉ. હેલીસ ઓડાબાસી જેવા વિજ્ઞાની પોતે મુસ્લિમ હોવા છતાં, તેઓએ પોતાના "Atomic Structure" પુસ્તકના પહેલા પ્રકરણની શરૂઆતમાં કહ્યું છે કે :

The idea that all matter consists of aggregate of large numbers of relatively few kinds of fundamental particles is an old one. Traces of it are found in Indian philosophy about twelve centuries before Christian Era."

જ્યારે આવા પ્રગતિશીલ વિજ્ઞાની એમ કહેતા હોય કે આ અણુવિજ્ઞાનનું મૂળ ભારતીય તત્ત્વજ્ઞાનમાં રહેલું છે, ત્યારે આપણા દેશના વિજ્ઞાનીઓએ આ દિશામાં અગત્યનું સંશોધન હાથ ધરવું જોઈએ.

પ્રાચીન જૈન ધર્મગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે છ મૂળભૂત દ્રવ્યો છે : ૧. જીવ, ૨. ધર્મ, ૩. અધર્મ, ૪. આકાશ, ૫. કાળ અને ૬. પુદ્ગલ. આ છ દ્રવ્યોમાંથી ધર્મ, અધર્મ અને આકાશ સંપૂર્ણપણે અમૂર્ત છે એટલે કે રંગ, ગંધ, સ્પર્શ, રસ અને આકાર રહિત છે. જ્યારે જીવ દ્રવ્ય પુદ્ગલના સંયોગથી મૂર્તત્વ પ્રાપ્ત કરે છે. બાકી શુદ્ધ આત્મદ્રવ્ય પણ અમૂર્ત એટલે કે નિરંજન નિરાકાર છે. જૈન દાર્શનિકોએ સમય/કાળને પણ એક દ્રવ્ય માન્યું છે, એ જૈનદર્શનની વિશેષતા છે. તે પણ અમૂર્ત છે, માત્ર કાર્યથી તેનું અનુમાન થઈ શકે છે.

ટૂંકમાં, આ સમગ્ર બ્રહ્માંડની દરેક ચીજવસ્તુ પછી તે સૂક્ષ્મ હોય કે સ્થૂલ હોય, દૃશ્ય હોય કે અદૃશ્ય હોય, અનુભવગમ્ય (ઇન્દ્રિયગમ્ય) હોય કે અનુભવાતીત (ઇન્દ્રિયાતીત) હોય, દરેકનો સમાવેશ માત્ર પુદ્ગલ અને પુદ્ગલ સંયુક્ત જીવ તત્ત્વમાં થઈ જાય છે અને પુદ્ગલદ્રવ્યના અતિસૂક્ષ્મતમ કણ કે જેના બે ભાગ ક્યારેય કોઈ પણ કાળે થયા નથી, થતા નથી અને ભવિષ્યમાં ક્યારેય તેના બે ભાગ થવાની શક્યતા પણ નથી એવા સૂક્ષ્મતમ કણને પરમાણુ કહેવામાં આવે છે. આવા સૂક્ષ્મતમ પરમાણુઓ ભેગા થઈ જગતની કોઈ પણ વસ્તુનું નિર્માણ કરી શકે છે. જૈન સિદ્ધાંત પ્રમાણે પુદ્ગલદ્રવ્યમાં અનંત શક્તિ છે. જોકે આત્મા(શુદ્ધ જીવતત્ત્વ)માં પણ અનંત શક્તિ છે, પણ બંનેમાં મોટો તફાવત એ છે કે આત્માની શક્તિ સ્વનિયંત્રિત છે, જ્યારે પુદ્ગલદ્રવ્યની શક્તિ પરનિયંત્રિત છે.

જૈનદર્શનના ગ્રંથોમાં આ સમગ્ર બ્રહ્માંડનું અને તેના એક એક પરમાણુ તથા એ પરમાણુઓના સમૂહથી બનતા પદાર્થો વિશે વિસ્તૃત વિચારણા કરેલ છે અને આચારાંગ નામના પવિત્ર જૈન આગમમાં તો ત્યાં સુધી કહ્યું છે કે जे एगं जाणइ, से सव्वं जाणइ; जे सव्वं जाणइ, से एगं जाणइ ।' (જે એકને જાણે છે તે સર્વને જાણે છે, જે સર્વને જાણે છે તે એકને જાણે છે.) આ એક અને સર્વ કોણ ? એની સ્પષ્ટતા કરતાં ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકાચાર્યજી કહે છે કે એક એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થના મૂળભૂત પરમાણુ જેનું ક્યારેય કોઈ પણ રીતે વિભાજન શક્ય નથી એટલે કે જે સદાને માટે અવિભાજ્ય છે. આ દૃષ્ટિએ આજના વિજ્ઞાનીઓએ માનેલ પરમાણુ, પરમાણુ છે જ નહિ કારણ કે તેનું ઇલેક્ટ્રૉન, પ્રોટૉન, ન્યૂટ્રૉન, ક્વાર્ક વગેરે અનેક પ્રકારના સૂક્ષ્મ કણોમાં વિભાજન શક્ય છે અને થાય છે.

અત્યાર સુધી પ્રોટૉનને અવિભાજ્ય માનવામાં આવતો હતો, પરંતુ છેલ્લાં સંશોધનોએ દર્શાવ્યું છે કે એ પ્રોટૉનના મૂળભૂત કણો ક્વાર્ક છે અને ત્રણ ક્વાર્ક ભેગા થઈ એક પ્રોટૉન બને છે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણેનો પરમાણુ, આ બ્રહ્માંડના સકળ પદાર્થોના સર્જન માટે મૂળભૂત એકમ છે અને એ એક પરમાણુને સંપૂર્ણ રીતે જાણવો એટલે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થને જાણવા, કારણ કે એ એક પરમાણુ ભૂતકાળમાં આ બ્રહ્માંડના દરેક પદાર્થના ભાગ તરીકે રહેલો હતો અને ભવિષ્યમાં દરેક પદાર્થના મૂળભૂત એકમ તરીકે તે રહેવાનો છે એટલે તે એક જ પરમાણુને જાણવા/ઓળખવા માટે સમગ્ર બ્રહ્માંડના દરેક પદાર્થનું જ્ઞાન જરૂરી છે. તેથી કહ્યું કે જે એક પરમાણુનું સંપૂર્ણ જ્ઞાન મેળવે છે, તેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન થઈ જાય છે અને જેને સમગ્ર બ્રહ્માંડનું જ્ઞાન છે તે એક પરમાણુને પણ સંપૂર્ણ રીતે જાણે છે.

પુદ્ગલ દ્રવ્યનો દરેક પરમાણુ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ધરાવે છે અને તે જ પુદ્ગલનું લક્ષણ છે. એટલે જ્યાં જ્યાં કોઈ પણ સાધન વડે કે ઇન્દ્રિય વડે વર્ણ અથવા ગંધ અથવા રસ અથવા સ્પર્શનો અનુભવ થતો હોય ત્યાં ત્યાં પરમાણુસમૂહો અવશ્ય હોય છે અને તે પદાર્થ પણ પૌદ્ગલિક છે તેમ માનવામાં આવે છે. ક્યારેક પરમાણુસમૂહ બહુ અલ્પ પ્રમાણમાં હોવાથી, તે પદાર્થમાંનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આપણી ઇન્દ્રિયથી ગ્રાહ્ય હોતાં નથી, પણ તેથી તેના અસ્તિત્વનો નિષેધ કરી શકાય નહિ. દા.ત. અલ્ટ્રાવાયોલેટ (પારજાંબલી) કિરણો અને ઇન્ફ્રારેડ (અધોરક્ત) કિરણો, જે ચક્ષુથી ગ્રાહ્ય નથી છતાં ફોટોગ્રાફિક પ્લેટ ઉપર એની અસર ઝીલવામાં આવે છે.

જૈન ગ્રંથોએ શબ્દ (ધ્વનિ), અંધકાર, ઉદ્યોત (ઠંડો પ્રકાશ) દા.ત. ચંદ્રનો પ્રકાશ, આતપ (ઠંડા પદાર્થમાંથી નીકળતો ઉષ્ણ પ્રકાશ) એટલે કે સૂર્યનો પ્રકાશ, પ્રભા એટલે કે પ્રકાશના અનિયમિત પ્રસારણ અથવા પરાવર્તન અથવા વ્યતિકરણ વગેરેને પુદ્ગલના વિકાર સ્વરૂપ બતાવ્યાં છે એટલે કે પુદ્ગલના સૂક્ષ્મતમ અણુઓ (પરમાણુઓ)થી બનેલ માન્યાં છે. પુદ્ગલ વિશે વર્ણન કરતાં તત્ત્વાર્થસૂત્ર (રચયિતા : વાચક શ્રી ઉમાસ્વાતિજી)ના પાંચમા અધ્યાયમાં જણાવ્યું છે કે पूरयन्ति गलयन्ति इति पुद्गलाः' પુદ્ગલ દ્રવ્યમાં તેના નામ પ્રમાણે પૂરણ તથા ગલનની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે. દરેક પ્રકારના પૌદ્ગલિક પદાર્થોમાં સર્જન એટલે કે નવા નવા પરમાણુઓનું ઉમેરાવું તથા પૂર્વના પરમાણુસમૂહોમાંથી કેટલાકની છૂટા પડવાની પ્રક્રિયા એટલે વિસર્જન સતત ચાલ્યા કરે છે. કોઈ પણ પદાર્થ સૂક્ષ્મબુદ્ધિથી જોતાં એકસરખો ક્યારેય રહેતો જ નથી. દા.ત. આપણા શરીરમાં અબજોની સંખ્યામાં કોષો છે. તેમાંથી દરરોજ લાખો કોષોનો નાશ અને બીજા લગભગ તેટલા જ અથવા તો વધતા-ઓછા કોષોનું નવસર્જન થતું જ રહે છે.

આણ્વિક ભૌતિકશાસ્ત્રમાં આવતી બંધ (fussion) અને ભેદ (fission)ની પ્રક્રિયાઓ એ પૂરણ અને ગલનનાં શ્રેષ્ઠતમ ઉદાહરણો છે. આ બંને પ્રક્રિયા કરતી વખતે શક્તિની જરૂર પડે છે, અમુક સંયોગોમાં બંધ (fussion)ની પ્રક્રિયાથી અણુશક્તિ મળે છે તો અમુક સંયોગોમાં ભેદ (fission)ની પ્રક્રિયાથી અણુશક્તિ મળે છે.

આણ્વિક પ્રક્રિયામાં વપરાતા યુરેનિયમમાંથી તથા રેડિયમ વગેરેમાંથી ત્રણ પ્રકારનાં કિરણો -

આલ્ફા, બીટા, ગૅમા કિરણો - નીકળે છે. આ કિરણો પણ એક જાતના કણોનો વરસાદ જ છે અને તે ઑસીલોસ્કોપ જેવાં સાધનોમાં સ્પષ્ટ અનુભવી શકાય છે. આલ્ફા કિરણોના કણો હિલીયમના અણુની નાભિ જેવા હોય છે અને બીટા કિરણોમાં ઇલેક્ટ્રૉન હોય છે. જ્યારે ગૅમા કિરણો પ્રકાશનાં કિરણો જેવાં હોય છે. પ્રકાશનાં કિરણો પણ કણોનાં જ બનેલાં છે અને તેને ફોટૉન કહેવામાં આવે છે.

જૈન ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે પરમાણુઓના સમૂહના પ્રકારોને વર્ગણા કહેવામાં આવે છે. આ સંપૂર્ણ બ્રહ્માંડમાં આવી વર્ગણાઓના અનંતાનંત પ્રકાર છે પરંતુ જીવોના ઉપયોગમાં આવતા મુખ્ય આઠ પ્રકાર છે. તે દરેક પ્રકારને વર્ગણા કહેવામાં આવે છે : ૧. ઔદારિક વર્ગણા, ૨. વૈક્રિય વર્ગણા, ૩. આહારક વર્ગણા, ૪. તૈજસ્ વર્ગણા, ૫. ભાષા વર્ગણા, ૬. શ્વાસોચ્છ્‌વાસ વર્ગણા, ૭. મનો વર્ગણા અને ૮. કાર્મણ વર્ગણા.

વર્ગણા એટલે કોઈ એક ચોક્કસ સંખ્યામાં જોડાયેલ પરમાણુઓના એકમોનો સમૂહ. પ્રથમ વર્ગણા એટલે આ બ્રહ્માંડમાં વિદ્યમાન અલગ અલગ એક એક પરમાણુ, જેઓનું અસ્તિત્વ અલગ અલગ છે, તે બધા જ પરમાણુઓનો સમાવેશ પ્રથમ વર્ગણામાં થાય છે. તે રીતે બીજી વર્ગણા એટલે બબ્બે પરમાણુઓના એકમો, તૃતીય વર્ગણા એટલે ત્રણ ત્રણ પરમાણુઓના એકમો. આ રીતે અનંત પરમાણુઓના સમૂહરૂપ એકમોનો સમાવેશ ઔદારિક વર્ગણામાં થાય છે. આ ઔદારિક વર્ગણાના દરેક પરમાણુ-એકમમાં અનંત પરમાણુઓ હોય છે અને આ એકમો વડે જ વર્તમાન જગતના પ્રત્યક્ષ જણાતા લગભગ બધા પદાર્થો બનેલા છે.

આ વર્ગણાઓના પરમાણુ-એકમમાં જેમ જેમ પરમાણુઓની સંખ્યા વધતી જાય છે તેમ તેમ તેમાં રહેલ પરમાણુઓના પરિણામ વધુ ને વધુ સૂક્ષ્મ થતા જાય છે. વર્તમાન સજીવ સૃષ્ટિ અથવા દેવો અને નારકો સિવાયના જીવોનાં શરીર વગેરે આ ઔદારિક વર્ગણાના પરમાણુ-એકમ દ્વારા નિષ્પન્ન થયેલ છે. ઔદારિક વર્ગણામાં રહેલ પરમાણુઓ ખૂબ સ્થૂલ છે.

જ્યારે વૈક્રિય વર્ગણાના પરમાણુ-એકમોમાં, આ ઔદારિક વર્ગણાના પરમાણુ-એકમોમાં રહેલ પરમાણુઓ કરતાં ઘણા વધુ પરમાણુઓ રહેલા હોય છે. એટલે સ્વાભાવિક રીતે જ તેના પરિણામ વધુ સૂક્ષ્મ બને છે.

ત્રીજા નંબરે આવેલ આહારક વર્ગણાના પરમાણુ-એકમોમાં, વૈક્રિય વર્ગણાના પરમાણુ-એકમ કરતાં ઘણા વધુ પરમાણુઓ હોય છે. તેથી તે વધુ ઘન તેમજ સૂક્ષ્મ હોય છે. આ આહારક વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ વિશિષ્ટ પ્રકારના જ્ઞાની સાધુ (સંત પુરુષ) કરી શકે છે. વર્તમાન સમયમાં આ પૃથ્વી ઉપર આવા કોઈ વિશિષ્ટ જ્ઞાની સંતપુરુષ છે નહિ તેથી આ વર્ગણાના પરમાણુ-એકમોનો કોઈ ઉપયોગ નથી.

ત્યાર પછી ચોથા નંબરે આવેલી તૈજસ્ વર્ગણાના પરમાણુ-એકમોમાં રહેલ પરમાણુ વધુ સૂક્ષ્મ હોય છે અને દરેક સજીવ પદાર્થમાં આ વર્ગણાના પરમાણુ-એકમો હોય છે. આ વર્ગણાના પરમાણુ-એકમોનું મુખ્ય કાર્ય જે તે સજીવ પદાર્થના શરીરમાં ખોરાકનું પાચન કરવાનું છે અને તે ભૂખ લાગવાના મુખ્ય કારણસ્વરૂપ છે.

ત્યારપછી તેના કરતાં વધુ સૂક્ષ્મ પરિણામવાળા પરમાણુઓના એકમસ્વરૂપ ભાષા વર્ગણા છે. આ વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ ફક્ત પ્રાણી વિભાગના જીવો જ કરી શકે છે, પરંતુ વનસ્પતિ વગેરે જેઓને ફક્ત એક જ ઇન્દ્રિય છે તેઓ આ ભાષા વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ કરી શકતા નથી. ટૂંકમાં, અવાજ પણ પૌદ્ગલિક છે.

શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પરમાણુ-એકમોના પરમાણુઓ ભાષા વર્ગણાના પરમાણુઓ કરતાં પણ વધુ સૂક્ષ્મ છે. આનો ઉપયોગ સજીવ સૃષ્ટિના પ્રત્યેક જીવે કરવો પડે છે અને શ્વાસોચ્છ્વાસ વગર કોઈ પણ જીવ જીવી શકતો નથી એમ આજનું વિજ્ઞાન પણ કહે છે અને જૈન ધર્મશાસ્ત્રો પ્રમાણે વનસ્પતિ સહિત પૃથ્વી એટલે કે પથ્થર, માટી વગેરે, પાણી, અગ્નિ અને વાયુમાં પણ જીવ છે તે જીવોને પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી પડે છે ત્યારે આ વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ અનિવાર્યપણે કરે છે.

મનો વર્ગણાના પરમાણુ-એકમોના પરમાણુઓની સંખ્યા શ્વાસોચ્છ્વાસ વર્ગણાના પરમાણુ-એકમોમાં રહેલ પરમાણુઓની સંખ્યા કરતાં વધુ હોય છે. આ વર્ગણાના પરમાણુ-એકમોનો ઉપયોગ મનવાળા મનુષ્યો તથા પ્રાણીઓ કરી શકે છે. આનો સવિશેષ ઉપયોગ વિચાર કરવામાં જ થાય છે. અત્યારના વિજ્ઞાનીઓ પણ મનને તીવ્ર ગતિવાળું માને છે કારણ કે આપણું મન એક સેકંડમાં અથવા તો તેના કરતાં પણ સૂક્ષ્મ સમયમાં લાખો અને કરોડો માઈલ દૂર જઈ શકે છે અને તેના સંબંધી વિચાર કરી શકે છે. આ બધી કરામત મન અને મનોવર્ગણાના પરમાણુ-એકમોની જ છે.

અને છેલ્લે અત્યંત સૂક્ષ્મ પરમાણુઓના એકમસ્વરૂપ કાર્મણ વર્ગણાની વાત કરીએ. આ વર્ગણાના પરમાણુ-એકમોમાં સૌથી વધુ પરમાણુઓ હોય છે. આ વર્ગણાનો ઉપયોગ દરેકે દરેક સજીવ પદાર્થ કરે છે. દરેક સજીવ પદાર્થના આત્માને લાગેલાં કર્મો, આ કાર્મણ વર્ગણાના પરમાણુ-એકમ સ્વરૂપે જ હોય છે. જો કોઈ વિજ્ઞાની, આ વર્ગણાના પરમાણુઓને કોઈ પણ સાધન વડે જોઈ શકવા સમર્થ બને તો તે, જે તે વ્યક્તિ કે સજીવ પદાર્થના ભૂત-ભવિષ્ય અને વર્તમાન જાણવા સમર્થ બની શકે, પરંતુ આ વર્ગણાના પરમાણુ કોઈ પણ સાધન વડે જોઈ શકાય તેમ નથી. તે માટે તો આધ્યાત્મિક શક્તિ અને અતીન્દ્રિય જ્ઞાન જોઈએ જે અત્યારના સમયમાં પ્રાપ્ત થવું અશક્ય નહિ તોય ખૂબ દુર્લભ તો છે જ.

કાર્મણ વર્ગણા સ્વરૂપ કર્મના પુદ્ગલ સ્કંધો / કણો સંબંધી જૈન વિભાવના / ખ્યાલ તથા દ્રવ્ય-શક્તિ તરીકે પુદ્ગલ વગેરે સારી રીતે સમજી / સમજાવી શકાતા નથી. થોડા સમય પહેલાં જ વિજ્ઞાને ઇલેક્ટ્રૉન અને ફોટૉન શોધ્યાં. જ્યારે જૈનદર્શને પ્રાથમિક કણો તરીકે કાર્મણ વર્ગણાના કણો દર્શાવ્યા છે. કાર્મણ વર્ગણાની વિભાવના એ જૈનદર્શનની અજોડ વિભાવના છે. કારણ કે ફક્ત આ કણો જ આત્મા સાથે સંયોજિત થઈ શકે છે. જૈન વિજ્ઞાન જ એક એવું વિજ્ઞાન છે કે જે કુદરતી ભૌતિક ઘટનાઓની સાથે સાથે આધિભૌતિક (Super natural) ઘટનાઓ, સજીવ અને નિર્જીવનાં સંયોજન, ચૈતન્ય અને ભૌતિક વિજ્ઞાનને સમજાવી શકે છે.

વિજ્ઞાનીઓએ જે અણુઓ-પરમાણુઓ તથા ઇલેક્ટ્રૉન, પ્રોટૉન, ન્યૂટ્રૉન, પોઝિટ્રૉન, ક્વાર્ક

વગેરે સંખ્યાબંધ જે મૂળભૂત કણો શોધ્યા છે, તે બધા જ આપણી આ વર્ગણાના પ્રથમ પ્રકાર ઔદારિક વર્ગણામાં આવી શકે છે.

જૈન શાસ્ત્રકારોએ પુદ્ગલ દ્રવ્યના વર્ણનમાં તેના વર્ણના મુખ્યત્વે પાંચ પ્રકાર બતાવ્યા છે : સફેદ, લાલ, પીળો, નીલો (ભૂરો) અને કાળો. ચિત્રકામના વિષયમાં સફેદ અને કાળા રંગ સિવાય મુખ્યત્વે ત્રણ રંગ બતાવ્યા છે. બાકીના રંગ આ ત્રણે રંગના સંયોજન દ્વારા બને છે. રંગીન છબીના છપાઈ કામમાં પણ લાલ, પીળો, ભૂરો અને કાળો રંગ વપરાય છે.

ગંધના બે પ્રકાર છે : ૧. સુગંધ અને ૨. દુર્ગંધ.

રસના પાંચ પ્રકાર છે : ૧. કડવો, ૨. તીખો, ૩. તૂરો, ૪. ખાટો, ૫. મધુર. ખારા રસની અહીં ગણતરી કરી નથી પરંતુ ક્યાંક ક્યાંક ખારા રસને છઠ્ઠા રસ તરીકે ગ્રહણ કર્યો છે.

સ્પર્શના આઠ પ્રકાર છે : ૧. ગુરુ અર્થાત્ ભારે, ૨. લઘુ અર્થાત્ હળવો, ૩. મૃદુ/કોમળ, ૪. કર્કશ, ૫. શીત/ઠંડો, ૬. ઉષ્ણ/ગરમ, ૭. સ્નિગ્ધ/ચીકણો, ૮. રુક્ષ અર્થાત્ લુખ્ખો.

એકલા સ્વતંત્ર પરમાણુમાં શીત અથવા ઉષ્ણ અને સ્નિગ્ધ અથવા રુક્ષ એમ બે પ્રકારના સ્પર્શ હોય છે. જ્યારે અનંત પરમાણુઓથી બનેલા પરમાણુ-સમૂહોમાં ક્યારેક પર ૨ર વિરોધી ન હોય તેવા ચાર સ્પર્શ હોય છે તો કેટલાકમાં આઠે આઠ સ્પર્શ હોય છે. ઉપર બતાવેલી આઠ પ્રકારની વર્ગણાઓમાંથી પ્રથમ ચાર પ્રકારની વર્ગણાઓના પરમાણુ-સમૂહોમાં આઠે આઠ પ્રકારના સ્પર્શ હોય છે તો બાકીની ચાર વર્ગણાના પરમાણુ-સમૂહોમાં ચાર પ્રકારના સ્પર્શ હોય છે.

બંગાળી વિજ્ઞાની ડૉ. સત્યેન્દ્રનાથ બોઝનું બોઝ-આઇન્સ્ટાઇન સ્ટેટિસ્ટિક્સ, ડૉ. પ્ર. ચુ. વૈદ્યનું કિરણોત્સારી તારાના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રને લગતું સંશોધન જૈનદર્શનની પરમાણુ સંબંધી કેટલીક માન્યતાઓને સમર્થન પૂરું પાડે છે.

બોઝ-આઇન્સ્ટાઇન સ્ટેટિસ્ટિક્સ આદર્શ વાયુઓના કણ તેમજ ફોટૉન કણો અંગેની સમજ આપે છે. જૈનદર્શન પ્રમાણે આ સમગ્ર બ્રહ્માંડમાં આકાશપ્રદેશો (Space-points) મર્યાદિત પ્રમાણમાં છે. જ્યારે પુદ્ગલ-પરમાણુની સંખ્યા અનંત છે. એક આકાશપ્રદેશ એટલે એક સ્વતંત્ર પરમાણુને રહેવા માટે જોઈતી જગ્યા/અવકાશ. આવા મર્યાદિત આકાશપ્રદેશોમાં અનંત પુદ્ગલ પરમાણુઓ કઈ રીતે રહી શકે? એક આકાશપ્રદેશમાં સ્વતંત્ર એક જ પરમાણુ રહી શકે છે, પરંતુ તે જ આકાશપ્રદેશમાં અનંત પરમાણુઓના સમૂહસ્વરૂપ પુદ્ગલ-સ્કંધ અર્થાત્ અનંત પુદ્ગલ-પરમાણુઓ પણ રહી શકે છે.

જૈનદર્શને બતાવેલ ભૌતિકશાસ્ત્રનો આ સિદ્ધાંત આઠે પ્રકારના કર્મથી મુક્ત શરીરરહિત આત્માના સંબંધમાં પણ લાગુ પડે છે.

મોક્ષમાં મુક્ત આત્માનું સ્થાન છે. આ મુક્ત આત્માઓ અરૂપી અને અશરીરી છે. તે દરેકનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને જૈન સિદ્ધાંત પ્રમાણે મુક્ત થતી વખતે અર્થાત્ નિર્વાણ સમયે શરીરની જે ઊંચાઈ હોય છે તેની બે તૃતીયાંશ ઊંચાઈ મોક્ષમાં તે આત્માની હોય છે. આમ છતાં જે સ્થાને એક મુક્ત આત્મા હોય છે તે સ્થાને બીજા અનંત મુક્તાત્માઓ પણ હોય છે. આની સાદી-સીધી અને સરળ

સમજૂતી આપતાં જૈન ધર્મગ્રંથોમાં તેના વૃત્તિકાર આચાર્ય ભગવંતો દીવાના પ્રકાશનું ઉદાહરણ આપે છે. જેમ કે એક ઓરડામાં એક નાનકડો દીવો પ્રગટાવવામાં આવે તો સમગ્ર ઓરડામાં તેનો પ્રકાશ ફેલાઈ જાય છે. હવે તે જ ઓરડામાં એવા ૨૦-૨૫ સેંકડો દીવા પ્રગટાવવામાં આવે તો ઓરડાની દીવાલો ઉપર અને ઓરડામાં દરેક જગ્યાએ બધા દીવાનો પ્રકાશ હોય છે, પરંતુ કોઈ એક જગ્યાએ કેવળ એક જ દીવાનો પ્રકાશ હોય એવું બનતું નથી.

મધ્ય પ્રદેશના પ્રો. પી. એમ. અગ્રવાલના જણાવ્યા પ્રમાણે એક જ આકાશપ્રદેશમાં અનંત પરમાણુઓનું અવસ્થાન તથા તે જ રીતે મોક્ષમાં સમાન આકાશપ્રદેશોમાં અનંત આત્માઓનું અવસ્થાન બોઝ-આઇન્સ્ટાઇન સ્ટૅટિસ્ટિક્સ દ્વારા સમજાવી શકાય છે.

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય સાહેબનું સંશોધન પણ જૈનદર્શનના પુદ્ગલ-પરમાણુ સિદ્ધાંતનું સમર્થન કરે છે. તેઓના સંશોધન પ્રમાણે કિરણોત્સારી તારા કે સૂર્યનું ગુરુત્વાકર્ષણ બળ તેટલા જ દ્રવ્યમાન તથા કદવાળા સામાન્ય અર્થાત્ કિરણોત્સર્ગ નહિ કરતા તારા કરતાં ઓછું હોય છે. આની ગણતરી તેઓએ ગાણિતિક સમીકરણો દ્વારા આપી છે.

જૈનદર્શન પ્રમાણે શક્તિ એ ગુણ છે અને गुणपर्यायवद् द्रव्यम् (ગુણ તથા પર્યાયવાળું હોય તે દ્રવ્ય) (तत्त्वार्थसूत्र, अध्याय ५, सूत्र - ३७) અનુસાર તે દ્રવ્યમાં રહે છે અને જે પુદ્ગલ મૂર્ત/રૂપી દ્રવ્ય છે તેને દ્રવ્યમાન (mass) અવશ્ય હોય છે. પ્રકાશનાં કિરણો પણ દ્રવ્ય છે, ગુણ નથી. किरणा गुणा न, द्रव्यम् । એ દ્રવ્યમાં જ શક્તિરૂપી ગુણ છે એટલે કિરણોત્સારી તારા કે સૂર્ય પ્રકાશ ફેંકે છે, ત્યારે વસ્તુતઃ તેમાંથી સૂક્ષ્મ કણો જ બહાર ફેંકાય છે. આ સૂક્ષ્મ કણોને પણ દ્રવ્યમાન હોય છે અને તે જેમાંથી બહાર ફેંકાતા હોય છે, તેના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં આવેલ પદાર્થ ઉપર અથડાય છે અને તેની ગતિમાં અથવા જે તે તારા કે સૂર્ય તરફના આકર્ષણમાં ઘટાડો કરે છે. અલબત્ત, આ ઘટાડો પ્રકાશના નજીવા વેગમાન (momentum =p=mv=mc) અનુસાર સાવ નજીવો હોય છે. આવા સાવ નગણ્ય કહી શકાય તેવા ઘટાડાનું ગણિત ડૉ. પ્ર. ચુ. વૈદ્ય સાહેબે આપણને આપ્યું છે. આમ છતાં હજુ આજે પણ આધુનિક ભૌતિકશાસ્ત્ર ફોટૉનને શૂન્ય દ્રવ્યમાનવાળા માને છે.

આધુનિક ભૌતિકશાસ્ત્ર એમ માને છે કે સૂર્ય વગેરે કે તેથી અધિક દ્રવ્યમાનવાળા તારાઓના વધુ પડતા ગુરુત્વાકર્ષણ બળના કારણે તેની આસપાસનું આકાશ સંકોચાય છે અને તેમાંથી પસાર થતા પદાર્થનો માર્ગ થોડો વક્રાકાર બને છે. વસ્તુતઃ જૈન દાર્શનિક માન્યતા પ્રમાણે આકાશ એક અખંડ દ્રવ્ય છે, તે અપૌદ્ગલિક છે તથા નિષ્ક્રિય અને નિર્ગુણ છે. અલબત્ત, નૈયાયિકો શબ્દને આકાશનો ગુણ માને છે, પરંતુ જૈનદર્શન શબ્દને સંપૂર્ણતઃ પૌદ્ગલિક માને છે અને તે આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા પણ સિદ્ધ થઈ શકે છે એટલે જૈન દાર્શનિક માન્યતા પ્રમાણે નિર્ગુણ અને નિષ્ક્રિય એવા આકાશ ઉપર કોઈ પણ પદાર્થના ગુરુત્વાકર્ષણ બળની જરા પણ અસર થતી નથી, પરંતુ તેના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં આવતા પૌદ્ગલિક પદાર્થો ઉપર તેના ગુરુત્વાકર્ષણ બળની અસર થાય છે અને તે પદાર્થ – સૂર્ય કે તારો – કિરણોત્સર્ગ કરતો હોય તો, તે કિરણોત્સર્ગ તે જ પદાર્થના ગુરુત્વાકર્ષણ બળમાં ઘટાડો કરે છે. આ ઘટાડો પ્રકાશ/ફોટૉનના સ્વરૂપમાં જે શક્તિનું ઉત્સર્જન તારો કે સૂર્ય કરે છે, તે શક્તિ અર્થાત્ ફોટૉનને પણ દ્રવ્યમાન હોવાનું સિદ્ધ કરે છે.

આઇન્સ્ટાઇનના જનરલ થિયરી ઑફ રિલેટિવિટી (General Theory of Relativity) અનુસાર સૂર્યના ગુરુત્વાકર્ષણ બળના કારણે તારાના કિરણના વક્રીભવન (Solar deflection of a star light) દ્વારા થતું તે તારાનું સ્થાનાંતર સંપૂર્ણ ખગ્રાસ સૂર્યગ્રહણ દરમ્યાન નોંધી શકાયું છે, તેથી પણ ફોટૉનને દ્રવ્યમાન હોવાનું સિદ્ધ થાય છે કારણ કે જે પૌદ્ગલિક હોય અર્થાત્ જેને દ્રવ્યમાન (mass) હોય તેને જ ગુરુત્વાકર્ષણ બળની અસર થાય છે. જો પ્રકાશના કણોનું દ્રવ્યમાન શૂન્ય હોય તો કોઈપણ પ્રકારના પ્રબળ ગુરુત્વાકર્ષણ બળની તેના ઉપર કોઈ અસર થતી નથી, પરંતુ ઉપર બતાવ્યું તેમ G.T.R. માં તારાના કિરણ ઉપર સૂર્યના પ્રબળ ગુરુત્વાકર્ષણની અસર નોંધાઈ છે તેથી પ્રકાશના કણોનું દ્રવ્યમાન શૂન્ય નથી, તે સિદ્ધ થાય છે. અલબત્ત, આ મારું પોતાનું સંશોધન/તારણ છે, આની સાથે બધા જ સંમત થાય જ એવું હું કહી ન શકું, પરંતુ ખૂબ જ નજીકના ભવિષ્યમાં બધા જ વિજ્ઞાનીઓ મારા આ તારણ સાથે સંમત થાય તો મને જરાય આશ્ચર્ય નહિ થાય.

ભારતીય સંસ્કૃતિના પ્રાચીનતમ પ્રવાહસ્વરૂપ જૈનદર્શનના પ્રાચીન ગ્રંથોમાં ઘણા ઘણા વૈજ્ઞાનિક સિદ્ધાંતો છુપાયેલા છે. આજના જમાનામાં, નવી પેઢી સમક્ષ આધુનિક ગણિત અને વૈજ્ઞાનિક સાધનો દ્વારા આ સિદ્ધાંતોનું નિરૂપણ કરવું અત્યાવશ્યક છે. આ છે જૈનદર્શનનું અદ્ભુત પરમાણુ વિજ્ઞાન.

3

Ⓐ

આચાર્યશ્રી
વિજયશીલચંદ્ર-
સૂરીશ્વરજી

# શ્રી વિજયસેનસૂરિપ્રસાદિત
# બે દસ્તાવેજી મૂલ્ય ધરાવતા પત્રો

પત્ર લખવો એ એક કળા છે, સાહિત્યિક વિધા પણ. ભારતમાં સદીઓથી પત્રો લખાતા આવ્યા છે, જેમાં રાજકીય પત્રો, સામાજિક વ્યવહારોને લગતા પત્રો, ઉપદેશાત્મક પત્રો, ઐતિહાસિક અથવા દસ્તાવેજી કહી શકાય તેવું વર્ણન ધરાવતા પત્રો, તત્ત્વચર્ચા કરતા પત્રો, વ્યાપાર અને લેવડ-દેવડ વિષયના પત્રો – એમ અનેક પ્રકારના પત્રોનો સમાવેશ થાય છે. આવા વિવિધવિષયક પત્રો સંસ્કૃત ભાષામાં પણ લખાતા, અને ઘણા ભાગે વહીવટ અને વ્યવહાર માટે ચલણી હોય તેવી લોકભાષામાં પણ લખાતા. આવા વિવિધ પત્રોનું સંકલન કરીને તેના ગ્રંથ પણ વડોદરાથી ગાયકવાડ્ઝ ઓરિએન્ટલ સિરીઝમાં વર્ષો પૂર્વે પ્રકાશિત થયેલા છે, જેનું વાંચન જે તે સમયના વાતાવરણનો સર્વાંગી અને રસપ્રદ પરિચય કરાવી જાય છે.

જૈન મુનિઓ દ્વારા પણ પત્રલેખન થતું હતું. એવા પત્રો મુખ્યત્વે 'વિજ્ઞપ્તિપત્ર'ના નામે ઓળખાય છે, જેમાં ચાતુર્માસ માટેની ગુરુજનોને વિજ્ઞપ્તિ તેમજ સંવત્સરી પર્વને નિમિત્તે ક્ષમાપના – એ બે બાબતો મુખ્ય રહેતી. પણ આ બે મુદ્દાને કેન્દ્રમાં રાખીને જે વિદ્વત્તાપૂર્ણ કાવ્યરચનાઓ થતી, તેને લીધે તે પત્રો એક સ્વતંત્ર ગ્રંથની કે કાવ્યની રચનાસ્વરૂપ બની રહેતા.

જૈન મુનિઓ દ્વારા લખાતા કેટલાક પત્રોમાં તાત્ત્વિક ચર્ચા, ચિન્તન તથા પ્રશ્નોત્તરો પણ લખાતાં હતાં. આવા પત્રો ધર્મવિષયક વિવિધ પ્રશ્નોની છણાવટ કરતા હોય છે, અથવા દાર્શનિક કે તાત્ત્વિક મુદ્દાઓ વિશે ગહન વિમર્શ કરતા હોય છે. ક્યારેક કોઈ બાબતે કોઈને શંકા ઉદ્ભવે અથવા તે બાબત પરત્વે પ્રવર્તમાન અર્થઘટન કે

માન્યતામાં કોઈને ભિન્ન મત સૂઝે, તેવે વખતે વિવેકીજનો પોતાના તેવા ભિન્ન મતને વળગી રહેવાને કે મહત્ત્વ આપવાને બદલે, અધિકૃત ગુરુજનોને તે વાત પત્રથી લખી જણાવતા-પૂછાવતા, અને તે ગુરુજન તરફથી તેનો સ્પષ્ટ પ્રત્યુત્તર પણ મળતો - પત્ર દ્વારા જ, જે શાસ્ત્ર અને પરંપરાના હાર્દને અનુરૂપ રહેતો, અને તેથી તે પૂછનારને જ નહીં, પણ બધાયને માન્ય બનતો.

અહીં આ પ્રકારના જ બે લઘુપત્રો રજૂ થાય છે. બંને પત્રો અદ્યાવધિ અપ્રગટ છે. બંને ૧૭મા સૈકાની પ્રચલિત ગુજરાતી ભાષામાં છે. બંને પત્રો, પ્રશ્ન પૂછાવતા પત્રોના પ્રત્યુત્તરરૂપે લખાયેલા પત્રો છે. બંને પત્રો તપગચ્છપતિ ભટ્ટારક આચાર્યશ્રી વિજયસેનસૂરીશ્વરજી મહારાજે લખેલા છે. ગચ્છપતિ દ્વારા લખાતા આવા પત્રોને 'પ્રસાદીપત્ર' તરીકે ઓળખવામાં આવતા. આટલા મહાન ગચ્છપતિ, પોતાની વિવિધ જવાબદારીઓમાંથી સમય ફાળવીને પત્ર લખે કે લખાવે, અને સંશયોનાં સમાધાન કરે, તે તેમની કૃપાપ્રસાદી જ ગણાય.

વિજયસેનસૂરિ તે જગદ્‌ગુરુ હીરવિજયસૂરિના પરમ કૃપાપાત્ર પટ્ટધર શિષ્ય હતા. શહેનશાહ અકબર તથા જહાંગીરના તેઓ પરમ પ્રીતિપાત્ર સાધુ હતા. બાદશાહે તેમને 'સવાઈ હીરલા' જેવાં બિરુદ આપેલાં, તેમજ તેમની પ્રેરણાથી જીવદયાનાં અનેક કાર્ય કર્યાં હતાં. તેમનો સત્તાકાળ સત્તરમો સૈકો છે.

અત્રે પ્રગટ થતા બે પત્રો પૈકી પ્રથમ પત્ર ખંભાયિત-ખંભાત નગરના સંઘના 'લેખ' (પત્ર)ના જવાબમાં લખાયેલ છે. ખંભાતના સંઘમુખ્ય શ્રાવક સા. સોમા વગેરેને સંબોધીને લખવામાં આવેલા આ પત્રમાં, શ્રીહીરવિજયસૂરિએ આદેશ રૂપે ફરમાવેલા બાર બોલને અંગે ઉદ્‌ભવેલા બે પ્રશ્નો પરત્વે ખુલાસા મળે છે. હીરગુરુએ પોતાના આદેશપટ્ટકમાં એક બોલ એવા મતલબનો લખ્યો છે કે, 'મિથ્યાત્વીના પણ, તથા જૈન પણ અન્ય પક્ષ(ગચ્છ)ના હોય તેના પણ; દાનની રુચિ, સ્વાભાવિક વિનય, કષાયોની અલ્પતા, પરોપકાર, ભવ્યત્વ, દાક્ષિણ્ય, દયાળુતા, પ્રિયભાષિતા જેવા સાધારણ ગુણોની અનુમોદના કરી શકાય.'

આ બોલનો કોઈ વિપરીત અર્થ એવો કરવા માંડ્યા કે 'જે લોકોમાં અસદ્‌ગ્રહ હોય તેવા લોકોના આ બધા ગુણોની અનુમોદના કરવાની નહીં, પણ અસદ્‌ગ્રહ ન હોય તો જ તેમના આ ગુણોની અનુમોદના કરી શકાય, એમ હીરગુરુનો આદેશ છે.'

આથી સંઘમાં દ્વિધા થઈ હશે, તેના નિરાકરણ માટે સંઘે ગુરુમહારાજને પૂછાવ્યું હશે. તેના ખુલાસામાં વિજયસેનસૂરિગુરુ અસંદિગ્ધ શબ્દોમાં જણાવે છે કે 'આવો અર્થ કરનારા જૂઠા છે. કેમ કે જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં અસદ્‌ગ્રહ તો અવશ્ય હોવાનો. મિથ્યાત્વ એટલે જ અસદ્‌ગ્રહ. તે હોવા છતાં, તેના પણ આ ગુણો અનુમોદનાયોગ્ય જ ગણાય. શાસ્ત્ર પણ એ જ કહે છે. વળી જૈન પણ પરપક્ષના હોય તો, તેના પણ દયા આદિ ગુણોની અનુમોદના કરવાની જ હોય, તેમ કરવાનો જે નિષેધ કરે તેની બુદ્ધિ સારી નથી.'

બીજી સમસ્યા થોડી મોઘમ જણાય છે. બાર બોલમાં શ્રીહીરગુરુએ કયા જિનચૈત્ય વંદનીય અને કયા અવંદનીય ગણવા - એ સમસ્યાના ઉકેલરૂપે 'ત્રણના અવંદનીક ચૈત્યોને બાદ કરતાં બીજાં સર્વ ચૈત્ય વાંદવા-પૂજવાયોગ્ય' ગણાવ્યાં છે. કોઈક તેનો વિપરીત અર્થ કાઢીને 'સ્વપક્ષ સિવાયનાં

પરપક્ષનાં સઘળાંય ચૈત્યોને અવંદનીય ગણવાં' - એવો મત ચલાવતા હશે, તેને ગચ્છપતિએ આકરો ઠપકો આપવાનું સૂચવ્યું છે. અને વધુમાં, જો તેવા લોકો સંઘની વાત ન માને અને પોતાની માન્યતા ચાલુ રાખે તો, પોતાને જાણ કરવાનું જણાવીને પોતે જ તેને ઠપકો આપવાનું જણાવે છે.

આમાં સમજવાનું એ છે કે ધર્મના ક્ષેત્રે કટ્ટરતા તથા કટ્ટરપંથી લોકો હમેશાં, દરેક કાળે, હોય જ છે. તેઓ ઉદાર થઈ તો નથી શકતા, પણ ઉદારતાને સ્વીકારી પણ નથી શકતા. એમની કટ્ટરતા એમને શાસ્ત્રચુસ્ત, ધર્મચુસ્ત બનાવે છે અથવા તેવા હોવાનો દેખાવ રચી આપે છે. આવા લોકોની કટ્ટરતા એમને અન્યના, એટલે કે જે પોતાના મત, પક્ષ, સમૂહના ન હોય તેવાના સદ્ગુણોની પ્રશંસા પણ કરવાની મનાઈ ફરમાવે છે. ઉદાર અને વિવેકસંપન્ન ગુરુજનો જો અન્યના ગુણોની પ્રશંસા કરવાની હા પાડે અથવા વિધાન કરે, તો તેમના વિધાનના અર્થને પણ તેવા કટ્ટરજનો, પોતાને અનુકૂળ આવે તે રીતે, બદલી નાખતા હોય છે. આવા લોકો અન્ય ધર્મના લોકોના જ નહીં, પોતાના ધર્મના પણ જુદો મત ધરાવતા વર્ગના લોકોનાં પણ, ધર્મકાર્યોનો, સત્કાર્યોનો, સદ્ગુણોનો સ્વીકાર કરવા રાજી નથી થતા; તેઓ તેનો ઇન્કાર જ કરતા રહે છે.

દુર્ભાગ્યે, આવા કટ્ટરપંથીઓ તમામ ધર્મો-સંપ્રદાયોમાં પથરાયેલા છે. દરેક કાળે તેવા લોકો હોય છે. હીરગુરુના જમનામાં પણ તેવા લોકો હશે તેનો પુરાવો આ પત્રના બે મુદ્દા જોતાં સાંપડે છે. આવી કટ્ટરતા, 'અમે જ સારા અને અમારું જ સારું' એવી ભ્રાન્ત સમજણમાંથી જ નીપજતી હોય છે.

બીજો પત્ર પણ ખંભાતના શ્રાવક કાહાન મેઘજીએ વિજયસેનસૂરિને લખેલા પત્રના જવાબરૂપે લખાયેલો પત્ર છે. આમાં ત્રણ વાતો છે, જે ત્રણ પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપ વાતો છે. આ જવાબો પણ આચાર્યની ઉદાર સમજણનું સુરેખ પ્રતિબિંબ પાડી રહ્યા છે.

પહેલો પ્રશ્ન એવો છે કે માહેશ્વર ધર્મનો ઉપાસક કોઈ માણસ (મૈશ્રી-માહેશ્રી-માહેશ્વરી), ટાઢ-ઠંડીના દિવસોમાં, મોક્ષ મેળવવા માટે, 'મહીસાગર' (મહી નદી)માં સ્નાન કરે; અથવા કોઈ મ્લેચ્છ-મુસ્લિમ વ્યક્તિ, ઠંડીના સમયમાં જ, કેવળ મોક્ષ પામવાના લક્ષ્યથી જ, નમાજ પઢે; તો તે બે વ્યક્તિઓને જે પણ કર્મનિર્જરા થાય તે 'સકામનિર્જરા' કહેવાય કે 'અકામનિર્જરા' ગણાય?[1]

આના જવાબમાં આચાર્યે લખ્યું કે, શાસ્ત્રાનુસારે, સમ્યગ્દૃષ્ટિ આત્માને જે નિર્જરા થાય તેની તુલનામાં મિથ્યાત્વીને ઓછી નિર્જરા થાય.

આ જવાબમાં બે મુદ્દા ફલિત થાય છે : (૧) મહીનું સ્નાન કે નમાજ - એ બંને જૈન ધર્મની દૃષ્ટિએ સાવદ્ય-સપાપ પ્રવૃત્તિ હોવા છતાં, તે કરવા પાછળનું લક્ષ્ય કે આશય 'મોક્ષ' હોવાથી, તે કરવાથી પણ નિર્જરા થઈ શકે છે; (૨) તે નિર્જરાને આચાર્ય 'અકામનિર્જરા'ના નામે નથી ઓળખાવતા, ફક્ત 'નિર્જરા' શબ્દ પ્રયોજે છે, અને તેમાં પણ સમ્યક્ત્વી સાથે તુલના કરીને તે શબ્દ પ્રયોજે છે.

શાસ્ત્રમતિ ધરાવતા જીવો સમજી શકશે કે આ જવાબમાં એક જ્ઞાની પુરુષની દૃષ્ટિ કેટલી વિશાળ અને સમુદાર બનતી અનુભવાય છે ! અંતર અનાગ્રહભાવથી અને નીતર્યા વિવેકથી મહેકતું

---

૧. કર્મક્ષયના અને મોક્ષના લક્ષ્યથી કરાતી ક્રિયા થકી જે કર્મ ખપે, તે સકામનિર્જરા; અને તેવા લક્ષ્ય વગર જ યંત્રવત્ કે દેખાદેખીથી થતી ક્રિયા થકી જે કર્મ ખપે, તે અકામનિર્જરા.

હોય, શાસ્ત્રનાં મર્મો ચિત્તમાં પરિણમ્યાં હોય, ત્યારે જ આવા જવાબો ઊગે, આપી શકાય. અલબત્ત, આવો જવાબ બીજું કોઈ પણ આપી શકે, પણ તેની પાસે તે માટેનો અધિકાર ન હોય; અને અધિકાર વગર અપાતા જવાબનું મૂલ્ય ન હોય.

આ પત્રમાં બીજો પ્રશ્ન જરા સાંપ્રદાયિક છે, ગચ્છવાદને લગતો છે. એમાં પૂછાયું છે કે તપગચ્છના આચાર્ય પાસે, અન્ય પક્ષ (ગચ્છ)ના શ્રાવકો, પોતાના દેરાસરની પ્રતિષ્ઠા કરાવે તો, તે શ્રાવકને સંસારનું પરિભ્રમણ વધે કે ઓછું થાય ?

(ખરેખર અહીં પ્રશ્ન આવો હોવો જોઈતો હતો : તપગચ્છના દેરાસરની પ્રતિષ્ઠા બીજા ગચ્છના આચાર્ય પાસે કરાવીએ તો તે શ્રાવકને સંસારભ્રમણ વધે કે ઘટે? કેમ કે જેમને પ્રશ્ન પૂછાય છે તે આચાર્ય તપગચ્છના ગચ્છનાયક છે. પરંતુ પૂછનાર ગૃહસ્થ બહુ વિચક્ષણ અને વિવેકી હશે, તેથી તેમણે પ્રશ્નને આ રીતે વાળીને પૂછ્યો હોય તેવી કલ્પના થાય છે.)

આચાર્ય સ્પષ્ટ પ્રત્યુત્તર આપે છે : તેવા શ્રાવકને સંસારનું ભ્રમણ ઘટે છે, પણ વધતું નથી. આ ટૂંકા જવાબમાં ઉપર કૌંસમાં મૂકેલા કાલ્પનિક પ્રશ્નનો ઉત્તર પણ એવી જ કલ્પનાપૂર્વક સમજી લેવો જોઈએ. અર્થાત્ આચાર્ય ગચ્છવાદને મહત્ત્વ આપવાના મતના નથી, તે આ જવાબથી સ્પષ્ટ થાય છે.

પત્રગત ત્રીજો પ્રશ્ન ધાર્મિક બાબત પરત્વે છે. તેમાં ગચ્છપતિને પૂછવામાં આવ્યું છે કે 'ભગવાનજી' એટલે કે ગચ્છપતિ આચાર્ય ત્રણ પ્રકારના મનુષ્યોને પચ્ચક્ખાણ કરાવે : એક, સમ્યક્ત્વધારી મનુષ્યને; બે, પરપક્ષના (અન્ય ગચ્છના જૈન) મનુષ્યને; ત્રણ, મિથ્યાત્વી જનને; તો તે ત્રણેને અપાયેલા પચ્ચક્ખાણ માર્ગાનુસારી સમજવા કે નહીં ?

આના ઉત્તરમાં આચાર્ય જણાવે છે કે તે ત્રણેને અપાતું પચ્ચક્ખાણ માર્ગાનુસારી સમજવું.

આ ઉત્તરમાં પણ આચાર્યની સ્વાભાવિક ઉદાર સમજણ જ પડઘાતી જણાય છે. અન્યથા બીજા કોઈ કટ્ટરતાપરસ્ત આચાર્ય હોય તો તે એમ જ કહેત કે સમ્યક્ત્વધારીને અપાતું હોય તે માર્ગાનુસારી, પરપક્ષીયને કે મિથ્યાત્વીને અપાતું હોય તે નહીં.

એકંદરે બંને પત્રમાંના પ્રશ્નોત્તરો, ગચ્છપતિ શ્રી વિજયસેનસૂરિજી મહારાજના અનાગ્રહી, ઉદાર તેમજ ગચ્છનાયક પદને છાજે તેવા સ્વભાવનો પરિચય આપી જાય તેવા છે. એ રીતે મૂલવીએ તો આ પત્રોનું દસ્તાવેજી મૂલ્ય તો ખરું જ, પણ સાથે સાથે ગુણવત્તા અને પ્રેરકતાથી સભર માર્ગદર્શનની રીતે પણ મૂલ્ય ઘણું બધું આંકી શકાય તેમ છે.

આ બે પત્રો, અન્ય પત્રો સાથે એક લાંબા પાના પર લખાયેલ છે, જે જોતાં જ જણાઈ આવે કે ૧૭મા શતકમાં આ પત્રોની કોઈએ કરેલી નકલરૂપ આ પત્રો છે. એ પાનાં વિદ્વાન મુનિવર શ્રી ધુરંધરવિજયજીના ડીસાના ગ્રંથસંગ્રહમાંથી તેમણે આપ્યાં છે, તેનું સાભાર સ્મરણ થાય છે. હવે તે મૂળ પત્રો જ વાંચીએ :

पत्र-१

स्वस्तिश्रीवीरजिनं प्रणम्य अहम्मदावादनगरात् श्रीविजयसेनसूरयः सपरिकराः खंभायितनगरे सुश्रावक

पुण्यप्रभावक श्रीदेवगुरुभक्तिकारक श्रीजिनाज्ञाप्रतिपालक श्रीसम्यक्त्वमूलद्वादशव्रतधारक संघमुख्य सा. सोमा सा. श्रीमल्ल सं. सोमकरण उदयकरण सा. नेमिदास वजिया ठा. लाई कुंअरजी प्रमुख्र संघ योग्यं धर्मलाभपूर्वकं लिखन्ति । यथाकार्यं च-

अत्र धर्मकार्य सुखइं प्रवर्तइ छइ श्री देवगुरुप्रसादिं । अपरं तुमारु लेख्र पुहुतु । समाचार प्रीछ्या। तथा तुमारा धर्मोद्यम करवाना उद्यम सांभली संतोष उपनो ।

तथा श्री हीरविजयसूरिं प्रसाद कर्या जे बार बोल, ते मध्ये अनुमोदवाना बोलमांहिं - दानरुचिपणुं - १, स्वभाविं विनीतपणुं २, अल्पकषाईपणुं ३, परेपकारीपणुं ४, भव्यपणुं ५, दाक्षिणालूपणुं ६, दयालूपणुं ७, प्रियभाषीपणुं ८, इत्यादिक जे साधारण गुण मिथ्यात्वी संबंधिया तथा जैन परपक्षी संबंधीया अनुमोदवायोग्य लिख्या छइ, ते आसिरी कोई कोई एहवुं विपरीत अर्थ करता सांभलीई छइं - जेहनइ असद्ग्रह होइ तेहना ए गुण अनुमोदीइ नही । जेहनइ किस्याइ बोलनु असद्ग्रह होइ तेहना ए गुण अनुमोदीइ नही। पणि ते जूठुं कहइ छइ । जे माटिं जे हनइं मिथ्यात्व होइ तेहनइ असद्ग्रह अवस्यइं होइ । अनइ सास्त्रमाहिं तो मिथ्यात्वरुप असद्ग्रह थिकइ हुंतइ पणि गुण अनुमोदवायोग्य कह्या छइ । तो मिथ्यात्वीनुं तथा परपक्षीनुं दयाप्रमुख्र कस्योइ गुण अनुमोदवायोग्य नहीं एहवुं जे कहइ तेहनी समी मति किम कहिई ।।१।।

तथा बार बोल माहिं लख्युं छइ जे त्रिणिनां अवंदनिक चैत्य विना बीजां सर्व चैत्य वांदवापूजवायोग्य जाणिवा । ते आसिरी पणि केतलाएक विपरीत वचन कहता सांभलीइ छइ, ते पणि रुडुं नथी करता । ते माटिं ए बोल आसिरी तथा बीजा बार बोलना बोल आसिरी जे कुणइ यती तथा श्रावक विपरीत प्ररुपणा करइ तेहनइ आकरी सिख्रामण देयो । अनइ तुम्हारी सीख्र न मानइ तु तेहनुं नाम प्रगटपणइ अम्हनइ जणावयो । तेहनइ अम्हो सीख्र देस्युं ।।

पत्र - २

स्वस्ति श्रीवीरजिनं प्रणम्य राजनगरात् श्रीविजयसेनसूरयः सपरिकराः श्रीमति स्तम्भतीर्थे सुश्रावक पुण्यप्रभावक श्रीजिनाज्ञाप्रतिपालक सा. काहान मेघजी योग्यं धर्मलाभपूर्वकं लिखन्ति । यथा कार्यं च - अत्र धर्मकार्य सुख्रिं निरवहइ छइ श्रीदेवगुरुप्रसादिं । अपरं च

तुमारो लेख्र पुहुतु । समाचार प्रीछ्या । तथा तुम्हो धर्मोद्यम विशेषथी करयो । तथा अमारो धर्मलाभ जाणयो । जे वांछइ तेहनइ जणावयो । अम्हारी वती देव जुहारयो । तथा प्रश्नोत्तर लिखीइ छइ ।

महेसरी टाढिने दिहाढे मोक्षनइ अर्थिं महीसागरइं जाइ छइ, अनइं मलेछ टाढि माहिं नमाज करइ छइ केवल मोक्षनइ अर्थिं, ए बिहु तो सकामनिर्जरा कहीइ के अकामनिर्जरा कहीइ ए प्रश्न आसिरी तत्त्वार्थ प्रमुख्र शास्त्रनइं अनुसारिं एहवुं जणाइ छइ जे कोई सम्यग्दृष्टीनी अपेक्षाइं मिथ्यादृष्टीनइं थोडी निर्जरा होइ ते प्रीछयो ।

तथा परपक्षीना श्रावक तपागच्छना आचार्यपिं प्रतीष्ठावी देहरइ पूजइ तेहना धणीनइं संसार वाधइ

किंवा खूटइ ? ए प्रश्न आश्रि परपक्षीनइं तपाना आचार्यपिं प्रतिष्ठा करावी प्रतिमा पूजतां संसार घटतो जणाइ छइ, पणि वाधतो जाण्यो नथी ते प्रीछयो ।।

तथा श्री भगवनजी पच्चक्खाण करावइ समकितधारी तथा परपक्षी तथा मिथ्यात्वीनइं, ते पच्चक्खाण मार्गानुसारी समझुं छइ ते वातनु जिम समइयुं होइ तिम प्रसाद करयो, ए प्रश्न आश्रि तथा तपागच्छना आचार्य प्रमुख सम्यग्दृष्टी तथा परपक्षी प्रमुखनइ जेहनइं पच्चक्खाण करावइ ते सर्व पच्चक्खाण मार्गानुसारी जाण्युं छइ । पणि पच्चक्खाणनु करणहार जो पच्चक्खाणनु विधि जाणतो [न] होइ तो विधि समझावीनइं कराववुं एतलो विशेष जाणवुं ।। इति भद्रम् ।।

4

# યોગબિંદુ - ટીકા અંગે થોડુંક ચિંતન

મુનિ શ્રી
ત્રૈલોક્યમંડનવિજયજી

વિ. સં. ૨૦૬૬ના વર્ષમાં પૂજ્ય ગુરુભગવંત શ્રીવિજયશીલચંદ્રસૂરિજી મહારાજે શ્રીહરિભદ્રસૂરિજીરચિત યોગબિંદુપ્રકરણનું ટીકા (સાથે અધ્યયન કરાવ્યું. તે વખતે વાચનાનું સંશોધન-સંપાદન કરવાના આશયથી યોગબિંદુ-સટીકની તાડપત્રીય અને કાગળની પ્રતો પણ સાથે રાખી હતી. અધ્યયન દરમિયાન ખ્યાલ આવ્યો કે ટીકાના સંશોધનમાં એટલી મુશ્કેલી પાઠશુદ્ધિની નથી, જેટલી અર્થશુદ્ધિની છે. અર્થશુદ્ધિની આ સમસ્યા પ્રત્યે વિદ્વજ્જનોનું ધ્યાન દોરવાનો જ આ લખાણનો આશય છે.

યોગબિંદુની ટીકા સ્વયં શ્રીહરિભદ્રસૂરિજીની રચના નથી તે વાત શ્રુતસ્થવિર પૂજ્ય મુનિરાજ શ્રીજંબૂવિજયજી મહારાજે 'યોગબિંદુના ટીકાકાર કોણ ?' એ લેખ લખીને બહુ સરસ રીતે સાબિત કરી આપી છે. (જુઓ 'મહાવીર જૈન વિદ્યાલય - સુવર્ણમહોત્સવ ગ્રંથ', પૃ. ૬૮-૭૦). તેઓએ સ્વમંતવ્યના સમર્થનમાં જે સચોટ પુરાવા ટાંક્યા છે તેમાં એક એ છે કે શ્રીહરિભદ્રસૂરિજીએ યોગબિંદુમાં શ્લોક ૪૩૯થી ૪૪૨ તરીકે બૌદ્ધ તાર્કિક ધર્મકીર્તિના પ્રમાણવાર્તિકમાંથી ચાર કારિકા ઉદ્ધૃત કરી છે. આ કારિકાઓ સર્વજ્ઞત્વ વિશેનું બૌદ્ધ મંતવ્ય સૂચવે છે. પરંતુ ટીકાકારે આ કારિકાઓ મીમાંસક કુમારિલના મત તરીકે વર્ણવી છે. આ અનાભોગ, ટીકાકાર ગ્રંથકારથી સ્પષ્ટપણે જુદા હોવાનું સૂચવે છે.

આવું જ એક અન્ય દૃષ્ટાંત શ્લોક ૧૦૫ની ઉત્થાપનિકામાં જોવા મળે છે. યોગશતક - ગાથા ૧૦ની ટીકામાં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે અન્ય યોગશાસ્ત્રકારના નામે ૫ શ્લોક ઉદ્ધૃત કર્યા છે. આ જ ૫ શ્લોક નજીવા ફેરફાર સાથે યોગબિંદુમાં શ્લોક ૧૦૧થી ૧૦૫ તરીકે ભગવાન ગોપેંદ્રના નામ સાથે ઉદ્ધૃત છે. પણ ટીકાકાર ૧૦૫મા

શ્લોકને શ્રીહરિભદ્રસૂરિજીનું પોતાનું કથન સમજીને ચાલ્યા છે - 'इत्थं गोपेन्द्रमतमनूद्य वस्तुस्थितिं प्रतिपादयन्नाह (-उत्थापनिका) ।' આશ્ચર્યની વાત એ છે કે આ શ્લોકના ચોથા પાદમાં इति मनीषिणः એવા, ઉદ્ધરણ પૂરું થતું હોવાના સૂચક શબ્દોને ટીકાકારે ધ્યાન પર જ નથી લીધા, પરિણામે શ્લોક ૧૦૬ -

अत्राप्येतद् विचित्रायाः प्रकृतेर्युज्यते परम् ।
इत्थमावर्तभेदेन यदि सम्यग् निरूप्यते ।।

આ શ્લોક ગોપેંદ્રના મતની સાથે સ્વમતનો સંવાદસૂચક હોવા છતાં ટીકાકારે એની જુદી જ રીતે વ્યાખ્યા કરી છે -

'अत्राप्युभयोस्तत्स्वभावत्वे, किं पुनस्तदभावे न घटते' इत्यपिशब्दार्थः । एतद् - निवृत्ताधिकारत्वं विचित्रायास्तत्तत्सामग्रीबलेन नानारूपायाः प्रकृतेः-कर्मरूपायाः युज्यते परं - केवलम् । इत्थमुक्तप्रकारेण आवर्तभेदेन - चरमावर्तरूपेण यदि - चेत् सम्यग् - यथावत् निरूप्यते - विमृश्यत इति ।।'

વાસ્તવમાં આ શ્લોક ગોપેંદ્રમત અને સ્વમતનો સમન્વયસૂચક હોવાથી એની ટીકા આમ થવી જોઈએ એમ લાગે છે -

अत्रापि - जैनमतेऽपि एतद् - निवृत्ताधिकारत्वादि सर्वं युज्यते एव । कुतः ? विचित्रायाः - चित्ररूपायाः प्रकृतेः - कर्मप्रकृतेः । यदुक्तं योगशतकटीकायामेतदुद्धरणसम्बन्धे - 'न च प्रकृति-कर्मप्रकृत्योः कश्चिद् भेदोऽन्यत्राभिधानभेदात् ।' परं - किन्तु, इत्थं-दर्शितप्रकारेण 'तस्मादचरमावर्तेष्वित्यादिना, आवर्तभेदेन - चरमाचरमावर्तात्मकेन, यदि - चेत्, सम्यग् - यथावत् निरूप्यते - विमृश्यत इति ।'

મતલબ કે ગોપેંદ્રના મતે કહેવાયેલી તમામ વાતો જો ચરમ-અચરમ આવર્તની અપેક્ષાએ વિચારીએ તો જૈનમતમાં પણ સંગત થાય જ છે. કેમ કે યોગદર્શનની પ્રકૃતિ અને જૈનદર્શનની કર્મપ્રકૃતિ વચ્ચે નામ સિવાય ઝાઝો તફાવત નથી.

ઉપરના ઉદાહરણથી જણાશે કે ટીકાનું વાંચન કેટલી સાવધાનીથી કરવું પડે તેમ છે. આવાં જ થોડાંક અન્ય સ્થાનો જોઈએ.

શ્લોક ૨૨-૨૯માં યોગમાં ગોચર, સ્વરૂપ, ફળ વગેરેની શુદ્ધિ શા માટે ચકાસવી જોઈએ તેની ચર્ચા છે. તેમાં ૨૨મા શ્લોકમાં એમ જણાવ્યું છે કે યોગ તરીકે વિવક્ષિત ક્રિયા જો લોક અને શાસ્ત્રથી વિરુદ્ધ હોય તો તે યોગ નથી ગણાતી. કેમ કે એવા ફક્ત શ્રદ્ધાથી જ સ્વીકાર્ય યોગને વિદ્વાનો માન્ય નથી કરતા. ત્યારબાદ ૨૩મો શ્લોક આમ છે -

वचनादस्य संसिद्धिरेतदप्येवमेव हि ।
दृष्टेष्टाबाधितं तस्मादेतन्मृग्यं हितैषिणा ।।

એમાં જે 'एतदप्येवमेव हि' શબ્દો છે તેની ટીકા આમ કરવામાં આવી છે - 'यदि नामैवं ततः किमित्याह - एतदपि वचनं, किं पुनर्योग इत्यपिशब्दार्थः । एवमेव हि - योगवदेव परिणामिन्येवात्मनि

घटते, भाषकपरिणामान्तरसम्भवेन वचनप्रवृत्ते-रुपपद्यमानत्वात् ।'

ખરેખર તો અત્રે આત્માના પરિણામિત્વ વગેરેનો કોઈ સંદર્ભ જ નથી. વળી, વચન એ ભાષકના પરિણામરૂપ હોય કે ન હોય, આત્મા પરિણામી હોય કે ન હોય - એનાથી દૃષ્ટ અને ઇષ્ટથી અબાધિત વચનની ગવેષણા શી રીતે જરૂરી બને ? માટે આ શબ્દોની ટીકા આ રીતે કરવી યોગ્ય જણાય છે -

एतदपि - वचनमपि, एवमेव हि-लोकशास्त्रयोरुभयोरविरोधेनैव शुद्धं भवति; अन्यथा श्रद्धामात्रैकगम्यं सत् तद् विपश्चितामिष्टं न भवति (- પૂર્વ શ્લોકનો સંદર્ભ અત્રે પકડવાનો છે.) तस्माद् दृष्टेष्टाभ्यामबाधितमेव तद् मृग्यं भवति ।

જેમ યોગ લોક અને શાસ્ત્રથી અવિરુદ્ધ હોવો જોઈએ, તેમ તે યોગનું પ્રતિપાદક વચન પણ લોક-શાસ્ત્ર ઉભયથી અવિરુદ્ધ હોવું જોઈએ એવું અત્રે તાત્પર્ય સમજાય છે.

*લોકરંજન માટે થતી ધર્મક્રિયા લોકપક્તિ કહેવાય છે. આવી ક્રિયા સામાન્યતઃ કીર્તિ, ધન વગેરે સ્પૃહાથી થાય છે. અને તેથી જ મહાન ધર્મની અવહેલનામાં નિમિત્ત બનનારી તે ક્રિયા અતિશય નિંદ્ય ગણાય છે. આવી ક્રિયા 'વિષાનુષ્ઠાન' કહેવાય છે, કેમ કે એનો વિપાક દારુણ હોય છે.

હવે જે જીવ ધર્મક્રિયા કરતી વખતે અનાભોગથી વર્તે છે, મતલબ કે જેનું ચિત્ત પ્રવર્તમાન ક્રિયાને બદલે બીજા વિચારમાં છે, તેવા જીવની ધર્મક્રિયા 'સમ્મૂર્છનજ ક્રિયા' ગણાય છે. કેમ કે તે જીવ ક્રિયામાં સમ્મૂર્છનજ - અસંજ્ઞી જીવની જેમ પ્રવર્તે છે.

હવે આ લોકપક્તિવાળા જીવની અને અનાભોગવાળા જીવની બંનેની ધર્મક્રિયા જોકે અશુદ્ધ જ છે, તોપણ લોકપક્તિવાળા જીવની ક્રિયા અનાભોગક્રિયાની સરખામણીમાં વધુ નિંદ્ય છે. કેમ કે તેમાં ધર્મની હીલના છે. આ વાત યોગબિંદુ - શ્લોક ૯૧માં રજૂ થઈ છે :

लोकपक्तिमतः प्राहुरनाभोगवतो वरम् ।
धर्मक्रियां न महतो, हीनताऽत्र यतस्तथा
। ।

આની ટીકા આમ થઈ શકે - लोकपक्तिमतो - लोकचित्ताराधनप्रधानस्य सकाशात् अनाभोगवतः--सम्मूर्छनजप्रायस्य धर्मक्रियां वरं - प्रधानं यथा भवति तथा प्राहुः योगीन्द्राः । कुतो हेतोः ? यतः अत्र अनाभोगवतो धर्मक्रियायां न महतो धर्मस्य हीनता तथा - लोकपक्तिमतो धर्मक्रियावत्।

પરંતુ ટીકાકારે આવી ટીકા કરી છે - लोकपक्तिमतो - लोकचित्ताराधनप्रधानस्य प्राहुः - ब्रुवते कीदृशस्येत्याह - अनाभोगवतः - सम्मूर्च्छनजप्रायस्य स्वभावत एव वैनयिकप्रकृतेः वरंपूर्वोक्ताल्पबुद्धिधर्मक्रियायाः सकाशात् प्रधानं यथा भवति...

અર્થાત્ ટીકાકાર 'अनाभोगवतः' ને 'लोकपक्तिमतः'નું વિશેષણ ગણે છે. તેથી અનાભોગવાળો લોકપક્તિમાન અને અલ્પબુદ્ધિ લોકપક્તિમાન એવા ભેદ પાડી તેમાં તરતમતા ઘટાવે છે. આ વાત કેટલી અસંગત થાય છે તે વિદ્વજ્જનો સમજી શકશે.

જીવ એક વાર ગ્રંથિનો ભેદ કરે પછી મિથ્યાદૃષ્ટિ થાય તોપણ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ નથી કરતો. કારણ કે એનો પરિણામ સામાન્યતઃ શુભ જ રહે છે. આ વાત શ્લોક ૨૬૭માં સૂચવાઈ છે -

एवं सामान्यतो ज्ञेयः परिणामोऽस्य शोभनः ।
मिथ्यादृष्टेरपि सतोऽमहाबन्धविशेषतः ।।

પરંતુ ટીકાકારે 'अमहाबन्धविशेषतः'ના સ્થાને 'महाबन्धविशेषतः' પાઠ સ્વીકાર્યો છે. અને તેનો અર્થ અવસ્થાન્તરવિશેષ કર્યો છે. પરિણામે અર્થસંગતિ બરાબર નથી થતી. તેને બદલે 'અમહાબંધ -ઉત્કૃષ્ટસ્થિતિના અબંધરૂપ વિશેષ હોવાથી' એવો અર્થ લેવામાં સરસ અર્થસંગતિ થાય છે.

અવગ્રહની આવી સ્ખલના અન્યત્ર પણ જોવા મળે છે. જેમ કે શ્લોક ૪૧૦માં उपायोपगमेનો અર્થ उपायोऽपगमे (-અપગમનો ઉપાય) કરવાને બદલે उपायस्योपगमे सति કર્યો છે. (-ઉપાયનો સ્વીકાર કર્યે છતે). અવગ્રહ તરફ ધ્યાન ન જવાને લીધે અર્થમાં કેટલી ક્લિષ્ટતા આવી છે તે આ શ્લોકની ટીકા જોવાથી જ સમજાશે.

શ્લોક ૫૧૫માં પણ અવગ્રહની શક્યતા પર ધ્યાન ન જવાને લીધે એક સરસ દલીલ તદ્દન અસ્પષ્ટ રહી જવા પામી છે. બ્રહ્માદ્વૈતમતમાં જીવમાત્રને પરબ્રહ્મના અંશરૂપ સમજાવવામાં આવે છે. આની સામે તર્ક કરવામાં આવ્યો છે કે એ અંશો જો આવકારી મુક્તબ્રહ્મના અંશો છે તો તેમાં વિકારિત્વ કેવું ? અને જો એ અંશો ખરેખર વિકારી જ છે તો ન્યાય એ જ છે કે અંશી (-પર બ્રહ્મ) પણ અમુક્ત બનશે. કેમ કે જેના અંશો વિકારી છે તે અંશી મુક્ત હોય જ કઈ રીતે? આ દલીલનો શ્લોક આમ છે -

मुक्तांशत्वे विकारित्वमंशानां नोपपद्यते ।
तेषां चेह विकारित्वे सन्नीत्याऽमुक्ततांऽशिनः ।।

આમાં ચોથા પદમાં मुक्तता પહેલાં અવગ્રહ નથી એમ સમજીને ટીકાકારે વ્યાખ્યાન કર્યું છે. પરંતુ એને લીધે વકતવ્ય તદ્દન અસ્પષ્ટ રહે છે.

ટીકાકારે કરેલા સર્વનામના અર્થ પણ ઘણી જગ્યાએ બદલવા જેવા લાગે છે. જેમ કે -

| **શ્લોક** | **પદ** | **ટીકા અર્થ** | **સંભવિત અર્થ** |
|---|---|---|---|
| ૨૧૬ | तस्याः | मुक्तेः | मुक्तिच्छायाः |
| ૨૬૦ | अस्य | स्त्रीरत्नस्य | गुरुदेवादिपूजनस्य |
| ૩૪૪ | तेनैव | पुरुषकारेणैव | भावेनैव |
| ૩૭૨ | अस्य | पूर्वोक्तयोगभाजः | चारित्रिणः |
| ૪૦૭ | अयम् | अन्यसंयोगः | अपगमः |
| ૪૧૯ | एषः | अध्यात्मादियोगः | वृत्तिसंक्षयः |
| ૫૧૩ | तद्द्वैतै | पुरुषार्थलक्षणे | पुरुषद्वैते (पुरुषबहुत्वे) |

આ અર્થોને લીધે તાત્પર્યમાં ઘણો ફેર પડી જાય છે.

સટીક ગ્રંથોની એક સૌથી મોટી સમસ્યા એ હોય છે કે ટીકાકાર ભગવંતને મૂળ ગ્રંથનો જે પાઠ

મળ્યો અને જે પાઠ તેઓએ સ્વીકાર્યો તે પાઠ અશુદ્ધ હોય તોપણ એટલો રૂઢ થઈ જાય કે કાળક્રમે એના સિવાય બીજા પાઠની કલ્પના પણ કોઈને નથી આવતી. ટીકા ધરાવતી પ્રતોમાં તો એ પાઠ હોય જ, પણ ટીકા વગરની એકલ મૂળની કેટલીક પ્રતોમાં પણ એ જ પાઠ પ્રવેશી જાય છે. આ શક્યતાને ધ્યાનમાં રાખીને અમે અધ્યયન દરમિયાન યોગબિંદુ-મૂળની પણ પ્રતો સાથે રાખી હતી. આ પ્રતોએ એવા ઘણા પાઠો પૂરા પાડ્યા કે જે ટીકાકારે સ્વીકારેલા પાઠ કરતાં વધુ સંગત લાગ્યા. જેમ કે શ્લોક ૨૦૭ની પહેલી પંક્તિ આમ છે -

प्रकृतेरा यतश्चैव नाऽप्रवृत्त्यादिधर्मताम् ।

આની ટીકા આમ છે - प्रकृतेः - कर्मसंज्ञितायाः आ - अर्वाक् यतश्चैव - यत एव च हेतोः न - नैव अप्रवृत्त्यादिधर्मताम् - अप्रवृत्तिर्निवृत्ताधिकारित्वं....

અહીં અમને મૂંઝવતો પ્રશ્ન એ હતો કે - आ - अर्वाक्‌નો કોની સાથે અન્વય કરવો ? જો એનો અન્વય अप्रवृत्यादिधर्मताम्‌ની સાથે કરવાનો હોય તો ત્યાં નિયમાનુસાર પંચમી કેમ નથી ? વળી આવો અન્વય કરીને 'પ્રકૃતિના અપ્રવૃત્તિધર્મથી પહેલાં' આવો અર્થ કરીએ તો આવા અર્થના સૂચક શબ્દો 'तथा विहाय' બીજી પંક્તિમાં આવે છે તેનું શું કામ ? વિચાર કરતાં જણાયું કે અહીં બીજો જ કોઈ પાઠ હોવો જોઈએ. અને યોગબિંદુ-મૂળની પ્રત જોતાં 'प्रकृतेरात्मनश्चैव' આવો સાચો પાઠ મળી આવ્યો. આનો અર્થ એ છે કે પ્રકૃતિ અને આત્મા - એ બંનેમાં જ્યાં સુધી અપ્રવૃત્તિ-અન્યાધિકારનિવૃત્તિ વગેરે ધર્મો ન પ્રગટે ત્યાં સુધી સમ્યક્‌ચિંતન નથી જ થઈ શકતું. આ અર્થ પ્રકરણ સાથે તદ્દન સંગત થાય છે.

આવા જ કેટલાક યોગબિંદુ-મૂળની પ્રતમાંથી મળેલા પાઠ.

| શ્લોક | ટીકા સંમત પાઠ | મૂળ પાઠ |
|---|---|---|
| ૭ | सर्वं न मुख्यमुपपद्यते | सर्वजनुषामुपपत्तितः |
| ૧૪૧ | मलनायैव | मलमय्येव |
| ૨૫૧ | ०बन्धकस्यैवं | ०बन्धकस्यैव |
| ૨૫૨ | ०नीतितस्त्वेव | ०नीतितस्त्वेष |
| ૨૦૯ | न्यायात्सिद्धिर्नो हेतुभेदतः | न्याय्या सिद्धिर्नो हेत्वभेदतः |
| ૪૮૬ | सम्बन्धश्चित्र० | स चित्रश्चित्र० |
| ૪૯૫ | समाधि० | समाधे० |
| ૫૧૩ | तदन्याभावनादेव | तदन्याभाववादे वा |
| ૫૨૧ | ततश्चिन्त्यो | ततश्चिन्त्या |

આ નોંધ ફક્ત નમૂના પૂરતી જ રજૂ કરી છે. આ બધા પાઠોથી ગ્રંથકારનો આશય કેટલી સરસ રીતે જાણી શકાય છે તે વાત અભ્યાસીઓ તે તે સ્થાને ટીકા જોઈને સમજી શકશે.

અત્રે યોગબિંદુ-ટીકા અંગે જે ચિંતનીય બિંદુઓ રજૂ કર્યાં છે, તે બધાં સાચાં જ છે એવો આ લેખકનો દાવો નથી. શ્રીહરિભદ્રસૂરિજીએ અનેક યોગપરંપરાઓને અવગાહીને તેનાં રહસ્યોને આત્મસાત્ કરીને પોતાના ગ્રંથોમાં ગૂંથ્યાં છે. તેથી જૈનદર્શનની સાથે ને સાથે અન્ય યોગપરંપરાઓને અવલોકીને જ તેઓના યોગગ્રંથોને યોગ્ય ન્યાય આપી શકાય. તેથી જો કોઈ પ્રાજ્ઞપુરુષ

યોગપરંપરાઓના અવગાહનપૂર્વક પૂર્વાપરના અનુસંધાન તપાસીને જો આ ટીકાને જોશે તો તેને અનેક સ્થાનો અવશ્ય વિચારણીય જણાશે.

એક વાત ખાસ ધ્યાન આપવા જેવી એ છે કે આપણે ત્યાં ટીકાઓ કે અનુવાદોનું અધ્યયન કરતી વખતે એની સંગતિ કે શુદ્ધિ અંગે ભાગ્યે જ વિચારવામાં આવે છે. આનું મુખ્ય કારણ એ લાગે છે કે ટીકા કે અનુવાદ કરતાં જુદું વિચારવામાં તે રચનારા ભગવંતોની આશાતનાનો ભય જણાય છે. પણ બધી વખતે આવો ડર રાખવો વાજબી નથી હોતો. છદ્મસ્થસુલભ અનાભોગજન્ય ક્ષતિની સંભાવના તો કોઈ પણ કાળે રહેતી જ હોય છે. જોકે પ્રાચીન મહર્ષિઓની બહુશ્રુતતા પ્રશ્નાતીત હોવાને લીધે આવી સંભાવના બહુ જ ઓછી હોય છે, તોપણ સામગ્રીની તે કાળે પ્રવર્તતી દુર્લભતા બહુ મોટો ભાગ ભજવતી હોય છે. તેથી વધુ પ્રમાણભૂત સામગ્રી ઉપલબ્ધ થાય ત્યારે તે ટીકાકાર કે અનુવાદક પ્રત્યે અખંડ બહુમાન જાળવી રાખીને જો યોગ્ય રીતે વિચાર કરીએ તો એમાં આશાતના નહીં, પણ આરાધના જ છે. અલબત્ત ઉપા. શ્રીયશોવિજયજીએ સાચું જ કહ્યું છે કે -

અરથકારથી આજના, અધિકા શુભમતિ કોણ ?
તોલે અમિયતણે નહિ, આવે કહિયે લોણ...

(૭૫૦ ગાથાનું સ્તવન)

પણ આ બાબતમાં તેઓશ્રીનાં જ નીચેનાં ટંકશાળી વચનો અત્યંત મનનીય જણાય છે -

प्राचां वाचां विमुखविषयोन्मेषसूक्ष्मेक्षिकायां,
येऽरण्यानीभयमधिगता नव्यमार्गानभिज्ञाः ।
तेषामेषा समयवणिजां सन्मतिग्रन्थगाथा,
विश्वासाय स्वनयविपणिप्राज्यवाणिज्यवीथी ।। (ज्ञानबिन्दु - प्रशस्तिः - १)

'શાસ્ત્રનાં પ્રાચીન વાક્યોમાંથી યુક્તિસંગત નવો અર્થ શોધવામાં તે જ લોકો ડરે છે જે તર્કશાસ્ત્રથી અનભિજ્ઞ છે. તેવા લોકો માટે આ સન્મતિતર્કની ગાથાઓ જ દૃષ્ટાંતરૂપ છે કે જેમાં નયવાદને અનુસરીને પ્રાચીન સૂત્રોના યુક્તિસંગત નવા અર્થો તારવવામાં આવ્યા છે.'

5

# જૈનદર્શનમાં જ્ઞાન-દર્શનની સમસ્યા

નગીન જી. શાહ

જૈન તત્ત્વજ્ઞાનમાં પારિભાષિક 'દર્શન' શબ્દ બે અર્થમાં પ્રયુક્ત છે - શ્રદ્ધા અને એક પ્રકારનો બોધ. જ્ઞાન પણ બોધરૂપ છે અને દર્શન પણ બોધરૂપ છે. તો આ બે બોધમાં શો ભેદ છે ? તેમની વચ્ચે કેવો સંબંધ છે? જ્ઞાન અને દર્શનનું સ્વરૂપ, તેમના વિષયો અને તેમના કાલિક સંબંધ આદિ વિશે જૈન ચિંતકોમાં બહુ ઊંડા મતભેદો પ્રવર્તે છે, જે દર્શાવે છે કે મૂળ પરંપરાની વિસ્મૃતિ થઈ ગઈ છે. આ મતભેદોનો વિચાર કરી, તેઓ સ્વીકાર્ય શા માટે નથી તે દર્શાવી, અન્તે યોગ્ય મત કેવો હોવો જોઈએ એની વિચારણા કરીશું.

(A) કેટલાક જૈન ચિંતકો અનુસાર જે સામાન્યગ્રાહી છે તે દર્શન અને વિશેષગ્રાહી છે તે જ્ઞાન.[1] આ કારણે પહેલાં દર્શન થાય અને પછી જ્ઞાન થાય, કારણ કે જેણે સામાન્યનું ગ્રહણ કર્યું ન હોય તે વિશેષને ગ્રહણ કરવા પ્રવૃત્ત થતો નથી.[2] આ પક્ષ વિરુદ્ધ નીચે પ્રમાણે આપત્તિઓ આપવામાં આવી છે :

(૧) સૌપ્રથમ થતું દર્શન સામાન્યગ્રાહી છે અને તે પછી થતું જ્ઞાન વિશેષગ્રાહી છે - આ વાત સર્વસામાન્ય નથી. સૌત્રાન્તિક બૌદ્ધોના મતે દર્શન જે સૌપ્રથમ થાય છે અને જેને જ તેઓ પ્રત્યક્ષ ગણે છે તે વિશેષગ્રાહી (સ્વલક્ષણગ્રાહી) છે અને તેના પછી થતું જ્ઞાન સામાન્યગ્રાહી છે. સામાન્યને તેઓ વસ્તુસત્ માનતા નથી. તે કેવળ વ્યાવૃત્તિરૂપ છે. ગોત્વ સામાન્ય અગોવ્યાવૃત્તિ જ છે. દર્શન પછી થતું જ્ઞાન સમારોપોનો વ્યવચ્છેદ માત્ર કરે છે. દર્શન વસ્તુને તેના સઘળા ગુણો સહિત જાણે છે. તેના પછી થતું જ્ઞાન તો તેના ઉપર ભ્રાન્તિના કારણે થતા સમારોપોનો વ્યવચ્છેદ કરે છે. પણ કોઈ અદૃષ્ટ યા અપ્રતીત વસ્ત્વંશનો બોધ કરાવતું નથી.[3]

પદાર્થવાદી વૈશેષિક ચિંતકોમાં વૈશેષિક દર્શનમાં અનેક નૂતન વિચારોને દાખલ કરી નવું રૂપ આપનાર, પદાર્થધર્મસંગ્રહના કર્તા પ્રશસ્તપાદ અનુસાર સૌપ્રથમ થનારા બોધમાં કેવળ સામાન્યનું ગ્રહણ થતું નથી પરંતુ આ બોધને અપાયેલ નામ 'અવિભક્ત આલોચન' સૂચવે છે તે મુજબ દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય બધા જ પદાર્થોનું અવિભક્ત રૂપે ગ્રહણ થાય છે. તે પછી થનારો બોધ ક્રમથી તે પદાર્થોને પૃથક્ કરી તેમનાં વિશેષણો સાથે જોડીને જાણે છે. સૌપ્રથમ પર અને અપર સામાન્યોને અવિભક્ત પિંડમાંથી પૃથક્ કરી જાણવામાં આવે છે. આને પ્રશસ્તપાદ 'સ્વરૂપાલોચન' કહે છે. આમ આ સ્વરૂપાલોચન કેવળ સામાન્યગ્રાહી છે. પછી તે સામાન્યો જેમાં સમવાયસંબંધથી રહે છે તે દ્રવ્ય, ગુણ, કર્મને અવિભક્ત પિંડમાંથી પૃથક્ કરી તે તે સામાન્યોને તેમની સાથે વિશેષણ રૂપે જોડી તેમને તે તે સામાન્યથી વિશિષ્ટ જાણવામાં આવે છે, ઇત્યાદિ.[૪]

(૨) સામાન્યનું ગ્રહણ દર્શન અને વિશેષનું ગ્રહણ જ્ઞાન એમ હોય તો કેવળદર્શન પછી કેવળજ્ઞાન થવું જોઈએ. જ્યારે તેમની બાબતમાં ઊલટો ક્રમ સ્વીકારાયો છે - પહેલાં કેવળજ્ઞાન અને પછી કેવળદર્શન.[૫]

(૩) સામાન્યનું ગ્રહણ દર્શન અને વિશેષનું ગ્રહણ જ્ઞાન એમ માનતાં કેવળદર્શનમાં વિશેષનું અગ્રહણ અને કેવળજ્ઞાનમાં સામાન્યનું અગ્રહણ માનવું પડે, પરિણામે કેવળદર્શન અને કેવળજ્ઞાન બંનેમાં અપૂર્ણતાની આપત્તિ આવે.[૬]

(૪) જૈનોને મતે વસ્તુ સામાન્યવિશેષાત્મક છે, તે કેવળ સામાન્યાત્મક પણ નથી કે કેવળ વિશેષાત્મક પણ નથી. એટલે દર્શનને કેવળ સામાન્યગ્રાહી અને જ્ઞાનને કેવળ વિશેષગ્રાહી માનવાથી ન તો દર્શન વસ્તુગ્રાહી ગણાશે કે ન તો જ્ઞાન વસ્તુગ્રાહી ગણાશે, પરિણામે દર્શન અને જ્ઞાન બંને અપ્રમાણ બની જશે.

આ જ વસ્તુને ધવલાકાર બીજી રીતે કહે છે : સામાન્યરહિત કેવલ વિશેષ અર્થક્રિયા કરવા અસમર્થ છે અને જે અર્થક્રિયા કરવા અસમર્થ હોય તે અવસ્તુ છે. એટલે સામાન્યરહિત કેવળ વિશેષને ગ્રહણ કરનાર જ્ઞાનને પ્રમાણ માની શકાય નહીં. જેમ કેવળ વિશેષને ગ્રહણ કરનાર જ્ઞાન અપ્રમાણ છે તેમ કેવળ સામાન્યને ગ્રહણ કરનાર દર્શન પણ અપ્રમાણ છે.[૭]

આ આપત્તિમાંથી બચવા કેટલાક જૈન ચિંતકોએ કહ્યું કે દર્શન કેવળ સામાન્યને નહિ અને જ્ઞાન કેવળ વિશેષને નહિ પરંતુ દર્શન અને જ્ઞાન બંને સામાન્ય અને વિશેષ બંનેને ગ્રહણ કરે છે. કિંતુ દર્શન સામાન્યને પ્રધાનપણે અને વિશેષને ગૌણપણે જ્યારે જ્ઞાન વિશેષને પ્રધાનપણે અને સામાન્યને ગૌણપણે ગ્રહણ કરે છે. આ રીતે દર્શન અને જ્ઞાન બંનેને સામાન્યવિશેષગ્રાહી અર્થાત્ વસ્તુગ્રાહી પુરવાર કરીને પ્રમાણ સિદ્ધ કર્યાં. પરંતુ આમ માનીએ તોપણ સામાન્ય જનની બાબતમાં દર્શન પહેલાં અને જ્ઞાન પછી એ જે યોગ્ય ક્રમ સ્વીકારાયો છે તેનાથી ઊલટો ક્રમ જે કેવલીની બાબતમાં સ્વીકારવામાં આવ્યો છે તે ઘટી શકતો નથી.

(B) જો કહેવામાં આવે કે નિર્વિચાર (નિર્વિકલ્પ) બોધ દર્શન છે અને સવિચાર (સવિકલ્પ) બોધ જ્ઞાન છે તો સામાન્ય જનોમાં પ્રથમ દર્શન અને પછી જ્ઞાન એવો જે ક્રમ છે તેનાથી ઊલટો ક્રમ

યોગીઓમાં હોય છે એમ કહેવું યથાર્થ છે. એનું કારણ એ છે કે ઐન્દ્રિયક બોધમાં નિર્વિચાર દર્શન પહેલું અને સવિચાર જ્ઞાન પછી જ થાય છે. પરંતુ ધ્યાનોની બાબતમાં સવિચાર ધ્યાન પ્રથમ અને નિર્વિચાર ધ્યાન પછી થાય છે. જૈન[૮], બૌદ્ધ[૯] અને પાતંજલ[૧૦] યોગમાં આ સ્વીકારાયેલ છે અને બુદ્ધિગમ્ય પણ છે. તેથી સવિચાર ધ્યાનમાં જે સવિચાર બોધ હોય છે તે જ્ઞાન અને નિર્વિચાર ધ્યાનમાં જે નિર્વિચાર બોધ હોય છે તે દર્શન. આમ ઐન્દ્રિયક કોટિમાં દર્શન પહેલાં અને જ્ઞાન પછી જ્યારે ધ્યાનની યૌગિક કોટિમાં જ્ઞાન પહેલાં અને દર્શન પછી એવો ઊલટો ક્રમ હોય છે. પરંતુ જૈનો સવિચાર ધ્યાનમાં જે સવિચાર બોધ હોય છે તેને કેવળજ્ઞાન માનતા નથી અને નિર્વિચાર ધ્યાનમાં જે નિર્વિચાર બોધ હોય છે તેને કેવળદર્શન માનતા નથી.[૧૧]

(C) વીરસેન આચાર્ય ષટ્ખંડાગમની પોતાની ધવલાટીકામાં કહે છે કે સામાન્યવિશેષાત્મક બાહ્ય અર્થનું ગ્રહણ જ્ઞાન છે અને સામાન્યવિશેષાત્મક સ્વરૂપનું ગ્રહણ દર્શન છે. અર્થાત્ સ્વગ્રાહી દર્શન અને પરગ્રાહી જ્ઞાન.[૧૨]

આ મત સ્વીકારતાં આગમવાક્યોની પદાવલીમાં આવતાં 'जाणइ पासइ' એ બે પદો જ્ઞાન અને દર્શન બંનેનો વિષય એક નહિ પણ ભિન્ન છે એ માનવા ફરજ પાડે, જે તદ્દન અયોગ્ય છે. ખરેખર તો 'जाणइ पासइ'વાળા પ્રત્યેક આગમવાક્યનું કર્મ (object) એક જ છે, અને તે કર્મને વાક્યનો કર્તા જાણે પણ છે અને દેખે પણ છે. એટલે જ્ઞાનનો અને દર્શનનો વિષય ભિન્ન છે એવી વાત ઘટતી નથી. વિષયભેદે જ્ઞાન-દર્શનનો ભેદ સમજાવવો યોગ્ય નથી. સ્વરૂપભેદે તેમનો ભેદ સમજાવવો જોઈએ.

વળી, આગમોમાં અનેક વાક્યોના કર્તાની બાબતમાં કહ્યું છે કે 'તે જાણે છે અને દેખે છે (जाणइ पासइ)' - તેમનો કર્તા છદ્મસ્થ અર્થાત્ સામાન્ય જન હોય કે કેવલી હોય. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સામાન્ય જન અને કેવલી બંનેની બાબતમાં જ્ઞાન અને દર્શનનો એકસરખો ક્રમ જ છે - પહેલાં જ્ઞાન અને પછી દર્શન. પરંતુ આ અંગે જૈન ચિંતકોએ વિશેષ વિચારણા કરી નથી અને ખોળી કાઢ્યું નથી કે જ્ઞાન અને દર્શનનું કેવું સ્વરૂપ હોય તો આગમની પદાવલીમાં આવતો આ ક્રમ સર્વસાધારણપણે સૌની બાબતમાં ઘટે.

ભારતીય દર્શનોમાં બીજે ક્યાંય જ્ઞાન અને દર્શન બે ભિન્ન શક્તિઓનો સ્વીકાર છે ? જો હોય તો તેમનો સ્વરૂપભેદ કેવો છે ? જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ? દર્શનનું સ્વરૂપ કેવું છે? તેમનો ક્રમ કેવો છે ? ભારતીય દર્શનોમાં સાંખ્યદર્શનને અધિક પ્રાચીન માનવામાં આવે છે. ત્યાં જ્ઞાન અને દર્શનનો બે સાવ ભિન્ન શક્તિઓ તરીકે સ્વીકાર છે. તે બંને પરસ્પર એટલાં તો ભિન્ન છે કે તેમના ધારક તરીકે કોઈ એક તત્ત્વ સ્વીકારાયું નથી. સાંખ્ય મતે જ્ઞાનનો ધારક ચિત્ત છે અને દર્શનનો ધારક આત્મા (પુરુષ) છે. જ્ઞાન ચિત્તનો ધર્મ છે જ્યારે દર્શન આત્માનો ધર્મ છે. ચિત્ત જ્ઞાતા છે અને આત્મા દ્રષ્ટા છે. ચિત્તમાં જ્ઞાન, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન, શુભ કર્મ, અશુભ કર્મ અને સંસ્કાર છે; જ્યારે આત્માને માત્ર દર્શન જ છે. આત્માનું કામ માત્ર દર્શન કરવાનું છે. એકમાત્ર દર્શન જ તેના અસ્તિત્વનો આધાર છે. ચિત્ત પરિણામિનિત્ય અને દેહપરિણામ છે,[૧૩] જ્યારે આત્મા કૂટસ્થનિત્ય અને વિભુ છે. જૈન ચિંતકોએ કૂટસ્થનિત્ય અને વિભુ આત્માનો નિષેધ કરી, પરિણામિનિત્ય અને દેહપરિમાણ ચિત્તનો સ્વીકાર કરી, ચિત્તને જ જ્ઞાનની સાથે દર્શનનું પણ ધારક માન્યું. ચિત્ત જ જ્ઞાતા

છે અને ચિત્ત જ દ્રષ્ટા છે. ચિત્તમાં સાંખ્યે જ્ઞાન ઉપરાંત જે સુખાદિ ધર્મો માન્યા છે તેમને તો જૈનો પણ ચિત્તમાં માને છે. જૈન ચિંતકોએ આત્મતત્ત્વનો તો અસ્વીકાર કર્યો પરંતુ 'આત્મા' નામનો સ્વીકાર કરી લીધો અને ચિત્તતત્ત્વને 'આત્મા' નામ આપી ભ્રમ ઊભો કર્યો કે જૈનો આત્મવાદી છે. જૈનો આત્મવાદી નથી. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાન્ત આત્મવાદી છે, તે બધાં કૂટસ્થનિત્ય અને વિભુ આત્મતત્ત્વને માને છે; જ્યારે જૈનો અને બૌદ્ધો અનાત્મવાદી છે. જૈનો અને બૌદ્ધો ચિત્તને જ માને છે. માત્ર બૌદ્ધો જ નહીં પણ જૈનો પણ અનાત્મવાદી છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે મૂળ એક જ શ્રમણપરંપરાની તે બે શાખાઓ છે. બૌદ્ધોની જેમ જ જૈનો પણ ચિત્તને જ માને છે. જૈન પરંપરામાં પ્રસિદ્ધ સચિત્ત-અચિત્તનું દ્વન્દ્વ આ વાતનું સમર્થન કરે છે. વળી, पुढईचित्त જેવા શબ્દપ્રયોગો પણ દર્શાવે છે કે જે ચેતનતત્ત્વને જૈન પરંપરા માને છે તે આત્મતત્ત્વ નથી પણ ચિત્તતત્ત્વ જ છે.

સાંખ્યદર્શન અનુસાર ચિત્ત બાહ્ય ઘટપટાદિ વિષયોને તે વિષયોના આકારે પરિણમીને જાણે છે અને આંતર વિષય આત્માને (પુરુષને) આત્માના આકારે પરિણમીને જાણે છે. ચિત્તના વિષયાકાર પરિણામને જ ચિત્તવૃત્તિ કે જ્ઞાન કહેવામાં આવે છે. ઘટજ્ઞાન એ ચિત્તનો ઘટાકાર પરિણામ છે. આ ચિત્તવૃત્તિને (જ્ઞાનને) આત્મા પ્રતિબિંબ રૂપે ધારણ કરે છે. આ રીતે આત્મા ચિત્તવૃત્તિનું ગ્રહણ કરે છે, દર્શન કરે છે. આમ આત્માના દર્શનનો વિષય છે ચિત્તનો વિષયાકાર પરિણામ (= ચિત્તવૃત્તિ = જ્ઞાન). બધી પારિભાષિકતાને બાજુએ રાખીએ તો આ બધાનો સીધો અર્થ એ થાય કે બાહ્ય કે આંતર વિષયનો બોધ એ જ્ઞાન, અને બાહ્ય કે આંતર વિષયના જ્ઞાનનું જ્ઞાન એ દર્શન. આમ જ્ઞાન અને દર્શનની તદ્દન ભિન્ન શ્રેણી છે, ભિન્ન પાયરી છે. તેમનો શાબ્દિક આકાર કેવો હોય એ જોઈએ. 'હું ઘટને જાણું છું' આ જ્ઞાનના શાબ્દિક આકારનું દૃષ્ટાન્ત છે અને 'મને ભાન છે કે મને ઘટજ્ઞાન થયું છે' આ દર્શનના શાબ્દિક આકારનું દૃષ્ટાંત છે. સંસ્કૃતમાં કહીએ તો 'अहं घटं जानामि' આ જ્ઞાન કહેવાય અને 'घटज्ञानं मयि जातमिति अहं जानामि' આ દર્શન કહેવાય. અંગ્રેજીમાં, 'I know a pot - આ જ્ઞાન છે', જ્યારે 'I am conscious of the fact that I know a pot' - આ દર્શન છે. આમ જ્ઞાન અને દર્શન એ બે તદ્દન ભિન્ન કોટિના બોધ છે.

સાંખ્ય પરિભાષા અને પ્રક્રિયા અનુસાર ચિત્ત જેવું વિષયના આકારે પરિણમે છે કે તરત જ વ્યવધાન વિના ચિત્તનો વિષયાકાર પરિણામ (= ચિત્તવૃત્તિ = જ્ઞાન) આત્મામાં પ્રતિબિંબિત થાય છે (દર્શન). જેનું ચિત્ત છે તે આત્મા સદા ચિત્તની આગળ દર્પણની જેમ ઉપસ્થિત છે એટલે ચિત્ત જે આકાર પરિણામ દ્વારા ધારણ કરે છે તે તરત જ વિના વ્યવધાન આત્મામાં પ્રતિબિંબિત થાય છે. અર્થાત્ સાંખ્યદર્શન અનુસાર ચિત્તવૃત્તિ અર્થાત્ જ્ઞાન આત્માને સદા જ્ઞાત (દૃષ્ટ) છે.[૧૪] ચિત્તવૃત્તિ (જ્ઞાન) આત્માથી એક ક્ષણ પણ અજ્ઞાત (અદૃષ્ટ) રહેતી નથી. અર્થાત્ વિષયનું જ્ઞાન થતાંવેંત જ તે જ્ઞાન આત્મા વડે દેખાઈ જાય છે, જ્ઞાન અને દર્શન વચ્ચે એક ક્ષણનું પણ વ્યવધાન હોતું નથી. એટલે કહી શકાય કે જ્ઞાન અને દર્શન યુગપત્ છે. પરંતુ જ્ઞાન વિના જ્ઞાનનું દર્શન થતું નથી કેમ કે જ્ઞાન સ્વયં દર્શનનો વિષય છે. જ્ઞાન થતાં જ જ્ઞાનનું દર્શન થાય છે એટલે ભલે કાલિક ક્રમ ન હોય પણ તાર્કિક ક્રમ તો છે, તાર્કિક ક્રમમાં પહેલાં જ્ઞાન અને પછી દર્શન એવો ક્રમ છે.

બધી સાંખ્યની પરિભાષા અને પ્રક્રિયા દૂર કરી તેના શુદ્ધ રૂપમાં સમજવામાં આવે તો સાંખ્યદર્શનની જ્ઞાન-દર્શનની માન્યતા જૈનોનાં જ્ઞાન-દર્શનને સમજવામાં અને આગમોમાં આવતી પદાવલી 'जाणइ पासइ'ના ક્રમ દ્વારા છદ્મસ્થ (સામાન્ય જન) અને કેવલી બંનેની બાબતમાં સર્વસામાન્યપણે સૂચવાતા જ્ઞાન અને દર્શનના એકસરખા ક્રમનો ખુલાસો કરવામાં ઘણી સહાય કરી શકે છે.

સાંખ્યદર્શનમાં સૂચવ્યું છે કે ઘટપટાદિ વિષયનો બોધ એ જ્ઞાન છે અને આ જ્ઞાનનું જ્ઞાન એ દર્શન છે. આ જ અર્થ જૈનદર્શનમાં હોવાનો ભારે સંભવ છે. આગમોમાં આવતાં 'जाणइ पासइ'વાળાં વાક્યો દર્શાવે છે કે વાક્યોનો કર્તા છદ્મસ્થ હોય કે કેવલી તે પહેલાં જાણે છે અને પછી દેખે છે. 'जाणइ पासइ' સાથે ગુજરાતી ભાષામાં વપરાતો 'જાણીજોઈને' શબ્દપ્રયોગ સરખાવવા જેવો છે. મારી સ્થાપના એ નથી કે 'जाणइ पासइ'માંથી ગુજરાતી 'જાણીજોઈને' શબ્દપ્રયોગ ઊતરી આવ્યો છે. મારે તો એટલું જ કહેવું છે કે બંનેમાં ધાતુઓ એક જ છે અને ક્રમ પણ એકસરખો છે. 'જાણીજોઈને'માં પ્રથમ જાણવાની ક્રિયા અને પછી જોવાની ક્રિયા એવો ક્રમ સ્પષ્ટ છે. અહીં જાણવા કરતાં જોવામાં કંઈક વિશેષ છે એ સ્પષ્ટપણે સૂચિત થાય છે. જોવામાં સભાનતા એ વિશેષ છે અને જ્ઞાનનું જ્ઞાન અર્થાત્ દર્શન એ સભાનતા સાથે બરાબર બંધ બેસે છે. એટલે લાગે છે તો એવું કે જ્ઞાન અને દર્શનનો આવો અર્થ અભિપ્રેત હોવો જોઈએ, અને એ અર્થ લેતાં સર્વસામાન્યપણે છદ્મસ્થ અને કેવલીને પહેલાં જ્ઞાન અને પછી દર્શન એવો ક્રમ (કાલિક નહીં તો છેવટે તાર્કિક) સ્વીકારવો જોઈએ.

પરંતુ ઉત્તરકાલીન તર્કયુગમાં જૈનદર્શને તો એવું માન્યું કે જ્ઞાનનું જ્ઞાન ચિત્તને (આત્માને) નહીં પણ જ્ઞાનને થાય છે. ઘટાદિનું જ્ઞાન પોતે જ ઘટાદિના જ્ઞાનને જાણે છે. જ્ઞાન પોતે જ પોતાને જાણે છે. અર્થાત્ જ્ઞાન પોતે જ પોતાનું સંવેદન કરે છે. આમ જૈન તાર્કિકોએ જ્ઞાનના જ્ઞાન માટે સ્વસંવેદન માન્યું. પરંતુ જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી તો આગમોમાં ક્યાંય 'ससंवेदन (स्वसंवेदन)' શબ્દ આવતો નથી કે સ્વસંવેદનની વિભાવના મળતી નથી. તર્કયુગમાં જ્યારે ભારતીય તાર્કિકોએ પ્રશ્ન ઉઠાવ્યો કે જ્ઞાનનું જ્ઞાન કેવી રીતે થાય છે ત્યારે ભિન્ન ભિન્ન દર્શનના તાર્કિકોએ ભિન્ન ભિન્ન ઉત્તરો આપ્યા. ન્યાયવૈશેષિક ચિંતકોએ કહ્યું કે જ્ઞાન પોતે પોતાને જાણતું નથી પરંતુ જ્ઞાન અનુવ્યવસાયરૂપ બીજા જ્ઞાનથી જ્ઞાત થાય છે, આ અનુવ્યવસાય માનસપ્રત્યક્ષરૂપ છે. મીમાંસકોએ કહ્યું કે જ્ઞાનનું જ્ઞાન જ્ઞાનના વિષયમાં આવેલી જ્ઞાતતા ઉપરથી અનુમિત થાય છે. સાંખ્યોએ કહ્યું કે જ્ઞાનનું જ્ઞાન એક વિશિષ્ટ પ્રકારના બોધરૂપ દર્શનથી થાય છે અને જૈન તાર્કિકોએ કહ્યું કે જ્ઞાનનું જ્ઞાન સ્વસંવેદનરૂપ છે, જ્ઞાન સ્વસંવેદી છે, જ્ઞાન પોતે જ પોતાને જાણે છે. આ જૈન માન્યતાનું ખંડન કેટલાકે એમ કહીને કર્યું કે આ જૈન માન્યતામાં કર્તૃકર્મવિરોધનો દોષ આવે છે, એક જ ક્રિયાનો કર્તા અને કર્મ એક હોઈ શકે નહીં, ગમે તેટલો કુશળ નટ હોય તોપણ તે પોતે પોતાના ઉપર (પોતાના ખભા ઉપર) ચડી શકે નહીં, ગમે તેટલી ધારદાર તલવાર હોય તોપણ તે પોતે પોતાને કાપી શકે નહીં. જૈન તાર્કિકોએ દીપકના દૃષ્ટાંતથી આ આપત્તિ ટાળી. પરંતુ શું જ્ઞાન પોતે પોતાને જાણે છે એમ જૈનો માની શકે ? જ્ઞાન તો ચિત્તનો (આત્માનો) ગુણ છે અને તે ચિત્તમાં રહે છે. હવે જો જ્ઞાન પોતે પોતાને જાણતું હોય તો જ્ઞાનમાં પણ જ્ઞાનગુણ માનવો પડે. જ્ઞાન સ્વયં ગુણ છે અને જ્ઞાનમાં

વળી જ્ઞાનગુણ માનતાં ગુણમાં ગુણ માનવાની આપત્તિ આવે. સર્વમાન્ય સિદ્ધાન્ત તો એ છે કે ગુણો નિર્ગુણ છે (निर्गुणाः गुणाः), ગુણમાં ગુણ ન હોઈ શકે. એટલે જ્ઞાનનું જ્ઞાન સ્વયં જ્ઞાનને થાય છે એમ ન માનતાં, જ્ઞાનનું જ્ઞાન પણ ચિત્તને (આત્માને) થાય છે એમ માનવું યોગ્ય છે. અને વળી માનવું જોઈએ કે ચિત્તને ઘટાદિ વિષયનું જ્ઞાન થતાંવેંત જ ઘટાદિ વિષયના જ્ઞાનનું જ્ઞાન પણ થઈ જાય છે. ઘટાદિ વિષયનું જ્ઞાન ચિત્તથી એક ક્ષણ પણ અજ્ઞાત રહેતું નથી.

નિષ્કર્ષ એ કે જૈનસમ્મત જ્ઞાન-દર્શનનું સ્વરૂપ અને તેમનો વિષય. ઉપરની વિચારણા ઉપરથી આવાં ફલિત થાય છે : ચિત્તમાં (આત્મામાં) બે તદ્દન ભિન્ન શક્તિઓ છે - જ્ઞાનશક્તિ અને દર્શનશક્તિ. જ્ઞાનશક્તિથી ચિત્ત ઘટાદિ વિષયોને જાણે છે. ઘટાદિ વિષયનું જ્ઞાન થતાંવેંત જ વિના વ્યવધાન ચિત્ત દર્શનશક્તિથી ઘટાદિજ્ઞાનને જાણે છે.[15] આમ જ્ઞાન અને દર્શન એ તદ્દન ભિન્ન શ્રેણીની શક્તિઓ છે. તે બે શક્તિઓના વ્યાપારમાં વ્યવધાન ન હોઈ કાલિક ક્રમ જણાતો નથી પરંતુ તાર્કિક ક્રમ તો છે જ. ઘટાદિજ્ઞાન થયા વિના ઘટાદિજ્ઞાનનું દર્શન થતું નથી કેમ કે ઘટાદિજ્ઞાન તો દર્શનનો વિષય છે. એટલે તાર્કિક ક્રમમાં પહેલાં જ્ઞાન અને પછી દર્શન છે અને આ ક્રમ સર્વની બાબતમાં એકસરખો છે.

## પાદટીપ

१. जं सामण्णगहणं दंसणमेयं विसेसियं णाणं । सन्मतितर्कप्रकरण, २.१

२. यतस्तु नापरिमृष्टसामान्यो विशेषाय धावति । तत्त्वार्थभाष्यसिद्धसेनगणिटीका, २.९

३. तस्माद् दृष्टस्य भावस्य दृष्ट एवाखिलो गुणः । प्रमाणवार्तिक, ३.४४ - यावन्तोऽस्य परभावास्तावन्त एव यथास्वं निमित्तभाविनः समारोपा इति तद्व्यवच्छेदकानि भवन्ति, प्रमाणानि सफलानि स्युः । तेषां तु व्यवच्छेदफलानां नाप्रतीतवस्त्वंशप्रत्यायने प्रवृत्तिः, तस्य दृष्टत्वात् । प्रमाणवार्तिकस्वोपज्ञवृत्ति, स्वार्थानुमानपरिच्छेद, कारिका ४६-४७

४. तत्र सामान्यविशेषेषु (पर= -अपरसामान्येषु) स्वरूपालोचनमात्रं प्रत्यक्षं प्रमाणं... प्रमितिर्द्रव्यादिविषयं ज्ञानम्। सामान्यविशेषज्ञानोत्पत्तौ अविभक्तालोचनमात्रं प्रत्यक्षं प्रमाणमस्मिन् नान्यत् प्रमाणान्तरमस्ति । प्रशस्तपादभाष्यम्, गङ्गानाथ-झा ग्रंथमाला (१), सम्पूर्णानन्दविश्वविद्यालय, वाराणसी, १९७७, पृ. ४७१-७२

५. अन्यच्च यस्मिन् समये सकलकर्मविनिर्मुक्तो जीवः सञ्जायते तस्मिन् समये ज्ञानोपयोगोपयुक्त एव, न दर्शनोपयोगोपयुक्तः दर्शनोपयोगस्य द्वितीयसमये भावात् । कर्मग्रन्थस्वोपज्ञटीका, १.३

६. जं दंसणणाणाइं सामन्नविसेसग्गहणरूवाइं ।
तेण ण सव्वण्णू सो णाया ण य सव्वदरिसी वि ।। - धर्मसंग्रहणि गाथा, १३६०

७. अपि च न ज्ञानं प्रमाणं सामान्यव्यतिरिक्तविशेषस्यार्थक्रियाकर्तृत्वं प्रत्यसमर्थत्वतोऽवस्तुनो ग्रहणात्.... । तत एव न दर्शनमपि प्रमाणम् । धवला, १.१.४, पृ. १४६

૮. જૈનોએ ઉચ્ચ કોટિનું શુક્લધ્યાન માન્યું છે. તેના ચાર ભેદો છે. તેમાં પ્રથમ ભેદ છે સુવિચાર શુક્લધ્યાન અને તેની પછી થનારો શુક્લધ્યાનનો બીજો ભેદ છે નિર્વિચાર શુક્લધ્યાન. अविचारं द्वितीयम् - तत्त्वार्थसूत्र, ९.४४ (એમાંથી બીજું અવિચાર છે, અર્થાત્ પહેલું સવિચાર છે.)

૯. બૌદ્ધોના આર્ય અષ્ટાંગિક માર્ગનું આઠમું અંગ સમ્યક્ સમાધિ છે. તેની ચાર ભૂમિકાઓ છે જેમને

ચાર ધ્યાનો કહેવામાં આવે છે. તે ચારમાં પહેલું ધ્યાન સવિચાર છે, જ્યારે તે પછી થનારું બીજું નિર્વિચાર છે. બૌદ્ધો કહે છે કે પ્રથમ ધ્યાનમાં વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ અને એકાગ્રતા એ પાંચ હોય છે. દ્વિતીય ધ્યાનમાં વિતર્ક અને વિચાર રહેતા નથી પણ બાકીનાં પ્રીતિ, સુખ અને એકાગ્રતા રહે છે. તૃતીય ધ્યાનમાં પ્રીતિ રહેતી નથી પણ સુખ અને એકાગ્રતા રહે છે. ચતુર્થ ધ્યાનમાં એકાગ્રતા અને ઉપેક્ષા જ હોય છે. विशुद्धिमार्ग, હિંદી અનુવાદ, ભિક્ષુ ધર્મરક્ષિત, પ્રકાશક મહાબોધિ સભા, સારનાથ, ૧૯૫૬, ભાગ-૧, પૃ. ૧૨૯-૧૫૨

૧૦. પાતંજલ યોગમાં ચાર સમાપત્તિઓની વાત છે. ત્રીજી સમાપત્તિ સવિચારા છે અને તેના પછી થતી સમાપત્તિ નિર્વિચારા છે. વળી, અનેક વાર સમાધિના સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પ સમાધિ એ બે ભેદ કરી સવિકલ્પ સમાધિ પહેલાં અને નિર્વિકલ્પ સમાધિ પછી થાય છે એમ કહેવામાં આવ્યું છે.

૧૧. જૈન મતમાં આધ્યાત્મિક ઉત્ક્રાંતિને ચૌદ ભૂમિકાઓમાં (ગુણસ્થાનોમાં) વિભક્ત કરી છે. તેમાં બારમી ભૂમિકામાં (ક્ષીણમોહગુણસ્થાનમાં) મોહનો ક્ષય થાય છે અને સાધક વીતરાગ બને છે. તેનું જ્ઞાન અને દર્શન રાગાદિ મળોથી રહિત શુદ્ધ હોય છે. અહીં શુક્લધ્યાનના પ્રથમ બે ભેદો સવિચાર શુક્લધ્યાન અને નિર્વિચાર શુક્લધ્યાન હોય છે. નિર્વિચાર શુક્લધ્યાનની ઉત્કૃષ્ટ કોટિએ મોહક્ષય બાદ અન્તર્મુહૂર્તમાં જ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો ક્ષય થતાં તેરમા સંયોગકેવલી ગુણસ્થાનમાં સાધક પહેલાં કેવળજ્ઞાન અને પછી કેવળદર્શન પામે છે. આવી જૈન માન્યતા છે.

૧૨. सामान्यविशेषात्मकबाह्यार्थग्रहणं ज्ञानम्, तदात्मकस्वरूपग्रहणं दर्शनमिति सिद्धम् । धवलाटीका, प्रथम पुस्तक, पृ. १४७

૧૩. घटप्रासादप्रदीपकल्पं संकोचविकासि चित्तं शरीरपरिमाणाकारमात्रमिति अपरे प्रतिपन्नाः । योगभाष्य, ४.१०. एवमपरे साङ्ख्या आहुरित्यर्थः । योगवार्तिक, ४.१०

૧૪. सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वात् । योगसूत्र ४.१८

૧૫. આપણે કહીએ છીએ કે આંખ ઘટપટાદિને દેખે છે. પરંતુ ખરેખર તો આંખ વડે ચિત્ત (આત્મા) ઘટપટાદિને દેખે છે. તેવી જ રીતે જ્ઞાન ઘટપટાદિને જાણે એમ કહેવા કરતાં ચિત્ત (આત્મા) જ્ઞાનશક્તિ વડે ઘટપટાદિને જાણે છે એમ કહેવું વધુ સારું છે, અસંદિગ્ધ છે. અને દર્શન ઘટાદિજ્ઞાનને દેખે છે એમ કહેવા કરતાં ચિત્ત (આત્મા) દર્શનશક્તિ વડે ઘટાદિજ્ઞાનને દેખે છે એમ કહેવું વધુ સારું છે, અસંદિગ્ધ છે. જ્ઞાતા અને દ્રષ્ટા (જાણનાર અને જોનાર) ચિત્ત (આત્મા) જ છે. આ રીતે વિચારતાં તો જ્ઞાન પોતે પોતાને જાણે છે એ વાતનો મેળ બેસતો નથી.

6

# ભારતીય પ્રતિમાવિધાન

હરિપ્રસાદ શાસ્ત્રી

ભારતમાં દેવો, તીર્થંકરો અને બુદ્ધોની ઉપાસના અતિપ્રાચીન છે. તેઓની ઉપાસના માટે પ્રતિમાઓ અતિ ઉપયોગી સાધન છે. પ્રતિમાઓના નિર્માણ માટે પ્રતિમાવિધાનના ગ્રંથોમાં વિગતવાર નિરૂપણ કરવામાં આવ્યું છે.

શૈવ ધર્મમાં લિંગપૂજા તથા શિવનાં વિવિધ સૌમ્ય અને રૌદ્ર સ્વરૂપોની આરાધના થાય છે.

વૈષ્ણવ ધર્મમાં વિષ્ણુના દશ અવતારો તથા ચતુર્ભુજ વિષ્ણુનાં ૨૪ સ્વરૂપો મહિમા ધરાવે છે.

જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરો, વિદ્યાદેવીઓ, યક્ષો અને યક્ષિણીઓની પ્રતિમાઓ પૂજાય છે.

બૌદ્ધ ધર્મમાં પાંચ ધ્યાની બુદ્ધો, સાત માનુષી બુદ્ધો, બોધિસત્ત્વો અને દેવી તારાની ઉપાસના પ્રચલિત છે.

ભારતમાં મૂર્તિપૂજા આદ્ય-ઐતિહાસિક કાલથી પ્રચલિત રહી છે. શિલ્પકલામાં પ્રતિમા-શિલ્પનો વિકાસ થયો. પ્રતિમાવિધાનના વિજ્ઞાનનો વિકાસ થતાં એ વિશે અનેક ગ્રંથ લખાયા. એમાં પ્રતિમાના પદાર્થોથી માંડીને પ્રતિમાની વિવિધ અવસ્થાઓનું તેમજ એમાં પ્રયોજાતાં મુદ્રાઓ, આસનો, આયુધો, અલંકારો ઇત્યાદિનું વિગતવાર નિરૂપણ પ્રાપ્ત થાય છે.

શિવલિંગની પ્રતિમામાં લિંગના ઉપલા વૃત્તાકાર ભાગમાં રુદ્ર, વચલા અષ્ટકોણીય ભાગમાં વિષ્ણુ અને નીચલા સમચોરસ ભાગમાં બ્રહ્માની ઉપાસના થતી મનાય છે.

શિવનાં રૌદ્ર સ્વરૂપોમાં કાયાન્તક, ગજાસુરસંહારક, કામારિ,

ત્રિપુરાન્તક, શરભેશ, બ્રહ્મશિરચ્છેદક, વીરભદ્ર, જલંધરસંહારક, મલ્લારિ અને અન્ધકાસુરસંહારક સ્વરૂપ પ્રયોજાયાં છે; અને અનુગ્રહ સ્વરૂપોમાં ચંડેશાનુગ્રહ, વિષ્ણુ-અનુગ્રહ, નંદીશ-અનુગ્રહ, વિઘ્નેશ્વર-અનુગ્રહ, કિરાતાર્જુન અને રાવણાનુગ્રહ સ્વરૂપ પ્રચલિત છે. આ ઉપરાંત શિવનું નટરાજ-સ્વરૂપ તથા રૌદ્ર ભૈરવ-સ્વરૂપ પણ પ્રચલિત છે.

વિષ્ણુનાં વિવિધ સ્વરૂપો ચતુર્ભુજ સ્વરૂપ મુખ્ય છે. એમાં એ પોતાના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરે છે. ભગવાન વિષ્ણુની ઊભી પ્રતિમામાં એ બે હાથ ઉપલા ભાગમાં અને બે હાથ નીચેના ભાગમાં રાખે છે; ને એ ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મને જુદા જુદા ૨૪ ક્રમે ધારણ કરે છે; એ અનુસાર ભગવાન વિષ્ણુ કેશવ, નારાયણ, માધવ, ગોવિંદ ઇત્યાદિ ૨૪ નામે ઓળખાય છે.

વિષ્ણુના વિવિધ અવતારોમાં ૧૦ મુખ્ય છે : મત્સ્ય, કૂર્મ, વરાહ. નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ.

હિંદુ ધર્મમાં શિવ અને વિષ્ણુ ઉપરાંત સૂર્ય, ગણપતિ અને બ્રહ્મા જેવા અન્ય દેવો તેમજ લક્ષ્મી અને સરસ્વતી જેવી દેવીઓ પણ પ્રતિમા સ્વરૂપે પૂજાય છે. વળી દેવીઓમાં સપ્તમાતૃકાઓ પણ મહિમા ધરાવે છે. એમાં બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી અને ઐન્દ્રી તો બ્રહ્મા, મહેશ્વર (શિવ), કુમાર (કાર્તિકેય), વિષ્ણુ, વરાહ અને ઇન્દ્રની અર્ધાંગનાઓ છે, જ્યારે ચામુંડા એ માતૃકાનું સ્વતંત્ર સ્વરૂપ છે.

હિંદુ ધર્મમાં આ ઉપરાંત આઠ દિશાઓના આઠ દિક્પાલોની પણ ઉપાસના પ્રચલિત છે. ઇન્દ્ર પૂર્વ દિશાના, યમ દક્ષિણ દિશાના, વરુણ પશ્ચિમ દિશાના અને કુબેર ઉત્તર દિશાના પાલક છે; જ્યારે અગ્નિ, નિર્ઋતિ, વાયુ અને ઈશાન એ ચાર ખૂણાઓનું પાલન કરે છે.

નવ ગ્રહોમાં સૂર્ય, ચંદ્ર, ભૌમ (મંગળ), બુધ, બૃહસ્પતિ (ગુરુ), ભૃગુ (શુક્ર), શનૈશ્ચર (શનિ), રાહુ અને કેતુનો સમાવેશ થાય છે.

•

જૈન ધર્મમાં પણ મૂર્તિવિધાન તથા મૂર્તિપૂજા પ્રચલિત થઈ છે.

એમાં ૨૪ તીર્થંકરો મુખ્ય સ્થાન ધરાવે છે. એ છે આદિનાથ (ઋષભદેવ), અજિતનાથ, સંભવનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ, પદ્મનાભ, સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામી.

તીર્થંકરની મૂર્તિઓ બે પ્રકારની હોય છે : ૧. ધ્યાનસ્થ યોગાસનમાં બેઠેલી અને ૨. કાયોત્સર્ગ અવસ્થામાં ઊભેલી. આ સર્વ તીર્થંકરોની પ્રતિમાઓ એકસરખી લાગે તેવી હોય છે. પરંતુ દરેક તીર્થંકર અલગ અલગ લાંછન ધરાવે છે, તેથી પ્રતિમામાં તે તે લાંછન મુકાય છે. ને એ અનુસાર દરેક તીર્થંકરની પિછાન મળી રહે છે. પાર્શ્વનાથની પ્રતિમામાં એમના મસ્તક ઉપર ૩, ૭, ૧૧ કે ૧૦૦૦ ફણા ધરાવતા નાગનું છત્ર હોય છે.

દરેક તીર્થંકરની સેવા કરવા માટે એમની જમણી બાજુએ એક યક્ષ અને ડાબી બાજુએ એક યક્ષિણી હોય છે. દરેક તીર્થંકરને પોતપોતાનાં અલગ અલગ યક્ષ-યક્ષિણી હોય છે. દાખલા તરીકે ઋષભદેવના યક્ષ ગોમુખ, પાર્શ્વનાથના ધરણેન્દ્ર અને મહાવીર સ્વામીના યક્ષ માતંગ છે. દરેક યક્ષ તથા યક્ષિણી પોતપોતાની વિશિષ્ટ મુદ્રાઓ ધરાવે છે. વળી દરેક યક્ષ અલગ અલગ વાહન ધરાવે છે ને એમના હસ્તોની સંખ્યા પણ અલગ અલગ હોય છે.

જૈન ધર્મમાં આ ઉપરાંત ૧૬ વિદ્યાદેવીઓની પ્રતિમાઓ પણ પ્રચલિત છે. આ વિદ્યાદેવીઓની અધિષ્ઠાત્રી શ્રુતદેવી (સરસ્વતી) છે. એ દ્વિભુજ કે ચતુર્ભુજ હોય છે.

•

બૌદ્ધ ધર્મમાં ભગવાન બુદ્ધ અપાર મહિમા ધરાવે છે. એ સંપ્રદાયમાં બે પ્રકારના બુદ્ધોની ઉપાસના થાય છે : ૧. ધ્યાની બુદ્ધ અને ૨. માનુષી બુદ્ધ.

ધ્યાની બુદ્ધો સ્વયંભૂ બુદ્ધો છે. તેઓને બોધિસત્ત્વની કક્ષામાંથી પસાર થવું પડતું નથી. ધ્યાની બુદ્ધો મુખ્યત્વે પાંચ છે : વૈરોચન, અક્ષોભ્ય, રત્નસંભવ, અમિતાભ અને અમોઘસિદ્ધિ. આગળ જતાં એમાં વજ્રસત્ત્વનો ઉમેરો થયો. પાંચેય ધ્યાની બુદ્ધો દેખાવે એકસરખા લાગે છે, પરંતુ તેઓની મુદ્રાઓ, વાહનો, વર્ણો વગેરેમાં વિગતભેદ રહેલો છે. દરેક ધ્યાનીબુદ્ધ બેવડા વિકસિત કમળ ઉપર ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા હોય છે. એમના દેહનો ઘણો ભાગ વસ્ત્રથી ઢંકાયેલો હોય છે. એમનો જમણો હાથ ખુલ્લો હોય છે.

દરેક ધ્યાની બુદ્ધને એકેક શક્તિ હોય છે, એ 'બુદ્ધશક્તિ' કહેવાય છે. બુદ્ધશક્તિ દ્વારા બુદ્ધ પોતાના બોધિસત્ત્વનું સર્જન કરે છે.

બુદ્ધશક્તિ લલિતાસનમાં વિરાજે છે. એ પોતાના જમણા હાથમાં કમળ ધારણ કરે છે. એમનો ડાબો હાથ અભય મુદ્રામાં હોય છે.

ધ્યાની બુદ્ધોની પ્રતિમાઓનું વિગતવાર નિરૂપણ આ પ્રકારનું છે :

| નામ | વર્ણ | મુદ્રા | વાહન | ચિહ્ન |
|---|---|---|---|---|
| વૈરોચન | શુક્લ | ધર્મચક્ર | નાગ | ચક્ર |
| અક્ષોભ્ય | નીલ | ભૂમિસ્પર્શ | ગજ | વજ્ર |
| રત્નસંભવ | પીત | વરદમુદ્રા | સિંહ | રત્ન |
| અમિતાભ | રક્ત | સમાધિમુદ્રા | મયૂર | પદ્મ |
| અમોઘસિદ્ધિ | શ્યામ | અભયમુદ્રા | ગરુડ | વિશ્વવજ્ર |

માનુષી બુદ્ધનું લક્ષણ એ છે કે એમને બોધિજ્ઞાન પ્રાપ્ત થયું હોય છે ને એમણે નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હોય છે.

માનુષી બુદ્ધો સાત છે. એ બધા યોગાસનમાં બિરાજે છે. એમનો જમણો હાથ ભૂમિસ્પર્શ મુદ્રામાં હોય છે. દરેક માનુષી બુદ્ધને પોતપોતાની બુદ્ધશક્તિ અને પોતપોતાનાં બોધિસત્ત્વ હોય છે.

તેઓની વિગત આ પ્રમાણે છે :

| નામ | બુદ્ધશક્તિ | બોધિસત્ત્વ |
|---|---|---|
| વિપશ્યી | વિપશ્યન્તી | મહાપતિ |
| શિખી | શિખિમાલિની | રત્નધરા |
| વિશ્વભૂ | વિશ્વધરા | આકાશગંજ |
| કકુચ્છન્દ | કકુદ્વતી | શકમંગલ |
| કનકમુનિ | કંઠમાલિની | કનકરાજ |
| કશ્યપ | મહીધરા | ધર્મધર |
| શાક્યસિંહ | યશોધરા | આનંદ |

માનુષી બુદ્ધો ઉપરાંત ત્રણ બોધિસત્ત્વોની પણ ઉપાસના થાય છે : મંજુશ્રી, મૈત્રેય અને અવલોકિતેશ્વરની. મંજુશ્રીનાં ૧૩ સ્વરૂપ છે જ્યારે અવલોકિતેશ્વરનાં ૧૫ સ્વરૂપ છે.

બોધિસત્ત્વ મૈત્રેયનો વર્ણ પીળો છે. એ ધ્યાની બુદ્ધ અમોઘસિદ્ધિમાંથી આવિર્ભાવ પામેલા છે. એમનું લાંછન કળશ કે ચક્ર હોય છે. ઊભેલી અવસ્થામાં એ ભારે વસ્ત્રાભૂષણો તથા જમણા હાથમાં અનાર્ય પદ્મ ધારણ કરે છે. બેઠેલી અવસ્થામાં એ કાં તો પલાંઠી વાળેલ હોય છે અથવા એમના પગ લટકતા હોય છે. એમના મસ્તકની પાછળના પ્રભામંડળમાં પાંચ ધ્યાની બુદ્ધોની આકૃતિઓ કંડારી હોય છે. મૈત્રેય ભાવિ બુદ્ધ છે. સમય વીત્યે તેઓ ધર્મનું રક્ષણ કરવા તુષિત સ્વર્ગથી પૃથ્વી પર અવતરશે એવું મનાય છે.

બૌદ્ધ ધર્મમાં દેવી 'તારા' નામે પૂજાય છે. તારા એટલે સંસાર-સાગરને પાર કરનાર દેવી. તારા ભીષણ સ્વરૂપ ધરાવે છે. એને ૪ હાથ હોય છે. એના ઉપલા બે હાથમાં કર્તરી મુદ્રા અને કપાલ હોય છે, જ્યારે નીચલા બે હાથમાં ખડ્ગ અને નીલકમલ હોય છે. ગુજરાતમાં તારંગા પર્વત પર તારણમાતાનું મંદિર આવેલું છે. તારાની પ્રતિમાઓ ઉત્તર ભારત, તિબેટ, નેપાળ અને ચીનમાં વ્યાપક છે.

આમ હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મમાં અનેકવિધ પ્રતિમાઓ ઘડાય છે ને ભક્તિભાવપૂર્વક આરાધાય છે.

## સંદર્ભસૂચિ


૧. અમીન જે. પી., 'ગુજરાતનું શૈવ મૂર્તિવિધાન', અમદાવાદ, ૧૯૮૩

૨. આચાર્ય નવીનચંદ્ર, 'બૌદ્ધમૂર્તિવિધાન', અમદાવાદ, ૧૯૭૮

૩. દવે, કનૈયાલાલ ભા. 'ગુજરાતનું મૂર્તિવિધાન', અમદાવાદ, ૧૯૬૩

૪. શુક્લ, જયકુમાર (સંપા.) : 'હિંદુ મૂર્તિવિધાન', અમદાવાદ, ૧૯૭૪, 'જૈન મૂર્તિવિધાન', અમદાવાદ, ૧૯૮૦

૫. સાવલિયા રામજીભાઈ, 'ભારતીય પ્રતિમાવિધાન', અમદાવાદ, ૨૦૦૮

7

# જૈનદર્શનમાં કર્મવાદ

ધીરજલાલ ડી. મહેતા

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોએ કેવળજ્ઞાનથી જગતનું યથાર્થ સ્વરૂપ જોયા પછી સંસારી જીવોને તે સ્વરૂપ દેશના દ્વારા સમજાવ્યું. તેમાં સંસારી જીવોને દુઃખ-સુખ અપાવનારું 'કર્મ' નામનું એક તત્ત્વ છે આમ સમજાવ્યું. જેનું ઘણું વિસ્તૃત વર્ણન 'કર્મપ્રવાદ' નામના પૂર્વમાં છે. તેની અતિશય સંક્ષિપ્ત સમાલોચના આ પ્રમાણે છે.

સર્વે પણ આત્મા મૂલ સ્વરૂપે સિદ્ધ પરમાત્માની સમાન અનંત-અનંત ગુણોના સ્વામી છે. શુદ્ધ કંચન સમાન શુદ્ધ આત્મદ્રવ્ય છે. પરંતુ તેના પ્રદેશે પ્રદેશે પોતાની પૂર્વબદ્ધ મિથ્યાત્વ-અવિરતિ આદિ દોષોના કારણે મલિનતા છે. તેનાથી નવાં નવાં કર્મો બંધાય છે. આમ આ જીવ અને કર્મની વચ્ચે અન્યોન્ય સંબંધનું ચક્ર ચાલ્યા જ કરે છે.

પ્રશ્ન : 'કર્મ' એ વસ્તુ છે ? જીવ છે કે અજીવ છે ?

ઉત્તર : 'કર્મ' એ કોઈ જીવ પદાર્થ નથી, પરંતુ અજીવ પદાર્થ છે. પરમાત્માએ પાંચ અજીવ દ્રવ્યો કહ્યાં છે : (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) કાળ અને (૫) પુદ્ગલાસ્તિકાય. આ પાંચ અજીવ દ્રવ્યો છે. તેમાં પ્રથમનાં ચાર અરૂપી છે અને છેલ્લું પુદ્ગલાસ્તિકાયરૂપી દ્રવ્ય છે. તેમાં જે પુદ્ગલાસ્તિકાય નામનું પાંચમું દ્રવ્ય છે તેના આઠ પેટા ભેદ છે : (૧) ઔદારિક વર્ગણા, (૨) વૈક્રિય વર્ગણા (૩) આહારક વર્ગણા (૪) તૈજસ્ વર્ગણા (૫) શ્વાસોશ્વાસ વર્ગણા (૬) ભાષા વર્ગણા, (૭) મનો વર્ગણા, (૮) કાર્મણ વર્ગણા. પછીની વર્ગણા વધારે વધારે સૂક્ષ્મ છે અને ઘણા ઘણા પરમાણુઓની બનેલી છે. તેમાંથી જે કાર્મણ વર્ગણા આઠમી છે તેને આપણો જીવ ગ્રહણ કરે છે અને તેનું જ્ઞાનાવરણીયાદિ કર્મ રૂપે રૂપાન્તર કરે છે. આઠે વર્ગણાનાં પુદ્ગલો સમસ્ત લોકમાં ભરેલાં છે,

ખીચોખીચ ભરેલાં છે.

મિથ્યાત્વ - અવિરતિ - પ્રમાદ - કષાય અને યોગ આ પાંચ પ્રકારનાં કારણો આ જીવમાં જ્યારે પ્રગટે છે ત્યારે તે કારણોને લીધે આ જીવ કાર્મણ વર્ગણા ગ્રહણ કરીને તેનું કર્મ સ્વરૂપે રૂપાન્તર કરે છે અને તે કર્મ આત્મા સાથે એકમેક થાય છે.

આ જીવમાં મિથ્યાત્વાદિ પાંચ કારણોમાંનું કોઈ પણ કારણ વિદ્યમાન હોય તેનાથી જીવ કાર્મણા વર્ગણાને ગ્રહણ કરીને તેનું કર્મ બતાવે છે તે કર્મ આત્માની સાથે પ્રદેશે પ્રદેશે ચોંટી જાય છે. તેનું ફળ ન આપે ત્યાં સુધી આત્માથી તે કર્મ વિખૂટું પડતું નથી એટલે મિથ્યાત્વાદિ બંધહેતુઓ દ્વારા જીવ વડે ગ્રહણ કરાયેલી કાર્મણ વર્ગણાનું રૂપાન્તરિત થયેલું જે સ્વરૂપ તેને જ કર્મ કહેવાય છે. આ જીવ જ્યારે કાર્મણ વર્ગણાને કર્મ સ્વરૂપે રૂપાન્તરિત કરે છે ત્યારે તે પુદ્ગલ દ્રવ્યમાં ચાર ગુણધર્મો ઉત્પન્ન કરે છે : (૧) પ્રકૃતિ, (૨) સ્થિતિ, (૩) અનુભાગ (રસ) અને (૪) પ્રદેશ. એમ ચાર પ્રકારનો બંધ આ જીવ કરે છે.

(૧) પ્રકૃતિબંધ : એટલે કે બાંધેલું આ કર્મ જીવને શું ફળ આપશે તેનું નક્કી થવું તે. કોઈ કર્મ જ્ઞાનગુણને ઢાંકશે, તેથી તેનું નામ જ્ઞાનાવરણીય. કોઈ કર્મ આત્માના દર્શનગુણને ઢાંકશે, તેથી તેનું નામ દર્શનાવરણીય કર્મ. આમ તેવી તેવી પ્રકૃતિ નક્કી કરવી તે પ્રકૃતિબંધ.

(૨) સ્થિતિબંધ : એટલે કે બંધાયેલું આ કર્મ આત્મા સાથે કેટલો ટાઇમ રહેશે ? આમ કાળમાનનું નક્કી થવું તે સ્થિતિબંધ.

(૩) રસબંધ : એટલે કે આ કર્મ કેટલા જુસ્સાથી જીવને પોતાનું ફળ બતાવશે. આમ પાવરનું નક્કી થવું તે રસબંધ.

(૪) પ્રદેશબંધ એટલે કે જે કર્મ બંધાય છે તેમાં કાર્મણ વર્ગણાનાં પુદ્ગલો કેટલાં ગ્રહણ કર્યાં ? તે પુદ્ગલોના પ્રમાણનું નક્કી થવું તે પ્રદેશબંધ.

એક જ સમયમાં જીવ વડે ગ્રહણ કરાયેલી આ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલ દ્રવ્યોમાં ઉપરોક્ત ચાર પ્રકારના ગુણધર્મો નક્કી કરાય છે, તેને કર્મબંધ કહેવાય છે. (૧) જેમ કે લોટ દ્વારા લાડુ બનાવવામાં આવે ત્યારે લોટમાં ગોળ-ઘી આદિ દ્રવ્યો નાખીને મીઠાઈ આદિ કરાય તેમ કાર્મણ વર્ગણાના પુદ્ગલ દ્રવ્યોમાં જ્ઞાનને ઢાંકવાનો, દર્શનને ઢાંકવાનો સ્વભાવ ઉત્પન્ન કરાય તે પ્રકૃતિબંધ. (૨) આ કર્મ આત્મા સાથે કેટલો ટાઇમ રહેશે ? તેના કાળમાપનું નક્કી થવું તે સ્થિતિબંધ. જેમ કોઈ લાડુ પાંચ દિવસ સારો રહે અને કોઈ લાડુ મહિના સુધી પણ સારા રહે. તેમ અહીં કાળમાન નક્કી થવું તે સ્થિતિબંધ. (૩) જેમ કોઈ લાડુ થોડો ગળ્યો અને કોઈ લાડુ વધારે ગળપણવાળો હોય તેમ કોઈ કર્મ જીવને સુખ આપનાર અને કોઈ કર્મ આત્માને દુઃખ આપનાર હોય આમ નક્કી થવું તે રસબંધ. (૪) કર્મના પરમાણુઓ કોઈકમાં થોડા લેવા, કોઈકમાં ઘણા લેવા. જેમ કે કોઈક લાડુ નાનો બનાવાય અને કોઈક લાડુ મોટો બનાવાય તે પ્રદેશબંધ.

પ્રશ્ન : જીવ પહેલો કે કર્મ પહેલું ? આ બંનેમાં પ્રથમ કોણ હતું ? અને પછી બીજું ક્યારથી શરૂ થયું ?

ઉત્તર : જીવ પણ અનાદિ છે અને કર્મ પણ અનાદિ છે. કોઈ પહેલું અને કોઈ બીજું આવો ક્રમ નથી. બંનેનો યોગ અનાદિનો છે. જેમ માટી અને સોનું બંને ખાણમાં સાથે જ હોય છે તેમ આ પણ બંને અનાદિના સાથે જ છે.

સમયે સમયે આ જીવમાં મિથ્યાત્વાદિ હેતુઓ જેટલા પ્રમાણમાં વર્તતા હોય છે તેટલા પ્રમાણમાં જીવ વડે કાર્મણ વર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરીને કર્મ રૂપે રૂપાન્તરિત કરાય છે અને આત્માના પ્રદેશે પ્રદેશે બંધાય છે તેને કર્મ કહેવાય છે. તેના મુખ્યત્વે આઠ ભેદ છે અને પેટાભેદ ૧૨૦ (૧૨૨) (૧૪૮) (૧૫૮) છે.

## કર્મના આઠ ભેદો

(૧) જ્ઞાનાવરણીય કર્મ : આત્માના જ્ઞાનગુણને ઢાંકવાનું કામ કરનારું જે કર્મ તે જ્ઞાનાવરણીય કર્મ. જેમ આંખના આડો પાટો હોય તો આંખે કંઈ પણ દેખાય નહીં, તેમ આત્મામાં જ્ઞાનશક્તિ હોય છે તોપણ જ્ઞાનાવરણીય કર્મથી આ શક્તિ ઢંકાઈ જાય છે. તેના પાંચ ભેદ છે.

(૨) દર્શનાવરણીય કર્મ : આત્માના દર્શનગુણને ઢાંકનારું જે કર્મ તે. આ કર્મ દ્વારપાળ જેવું છે. જેમ દ્વારપાળ આવનારા માણસને દરવાજા બહાર રોકી રાખે તો તે આવનાર માણસ રાજાને ન મળી શકે તેમ જે કર્મ આત્માના દર્શનગુણને ઢાંકે જેનાથી આ જીવ ઘટ-પટ આદિ પદાર્થને ન જોઈ શકે તે.

(૩) વેદનીય કર્મ : જે કર્મ સુખ રૂપે અને દુઃખ રૂપે આત્મા દ્વારા અનુભવાય, ભોગવાય તે વેદનીય કર્મ. મધથી લેપાયેલી તરવારની ધાર જેવું. મધ આવે ત્યાં સુધી સુખ ઊપજે અને તે જ તરવારથી જ્યારે ચાટતાં ચાટતાં જીભ કપાય ત્યારે દુઃખ ઊપજે. તેમ આ સંસારમાં શાતા પછી અશાતા અને અશાતા પછી શાતાનો અનુભવ થાય છે. આ વેદનીય કર્મ છે.

(૪) મોહનીય કર્મ : આ કર્મ દારૂ જેવું છે. જેમ દારૂ પીધેલો મનુષ્ય હિતાહિતને જાણતો નથી, કર્તવ્યાકર્તવ્યનું તેને ભાન નથી તેવી જ રીતે મોહનીય કર્મ આ આત્માને વિવેકહીન બનાવે છે. મોહાન્ધ થયેલો જીવ કર્તવ્ય અને અકર્તવ્યનું ભાન ભૂલી જાય છે.

(૫) આયુષ્ય કર્મ : આ કર્મ પગમાં નંખાયેલી બેડી તુલ્ય છે. જેમ પગમાં નંખાયેલી બેડીથી જીવ બંધાઈ જાય છે, મુદત પહેલાં તેમાંથી બહાર નીકળી શકતો નથી તે રીતે આયુષ્ય કર્મ પૂર્ણ ન થાય ત્યાં સુધી આ જીવ ચાલુ ભવથી બીજા ભવમાં જઈ શકતો નથી.

(૬) નામ કર્મ : ચિતારા જેવું છે. જેમ ચિતારો રંગબેરંગી ચિત્ર દોરે છે તેમ નામ કર્મ દરેક જીવોને જુદા જુદા સ્વરૂપે શરીર આદિ બનાવી આપે છે. કોઈ જીવ દેવ રૂપે, કોઈ જીવ માનવ રૂપે, કોઈ જીવ પશુ-પક્ષી રૂપે અને કોઈ જીવ નારકી રૂપે શરીર આદિ બનાવે છે.

(૭) ગોત્ર કર્મ : આ કર્મ કુંભાર જેવું છે. જેમ કુંભાર સારા-નરસા ઘડા બનાવે છે તેમ આ કર્મ જીવને ઊંચાં કુળોમાં અને નીચાં કુળોમાં લઈ જાય છે. રાજકુળ અને તુચ્છકુળમાં પણ લઈ જાય છે. માટે આ કર્મ કુંભાર જેવું છે.

(૮) અંતરાય કર્મ : આ કર્મ ભંડારી જેવું છે. જેમ રાજભંડારી રાજાને અનુકૂળ હોય તો રાજા પોતાની ઇચ્છા પ્રમાણે દાનાદિ કરી શકે અને આ રાજભંડારી રાજાને પ્રતિકૂળ હોય તો આડીઅવળી વાતો કરીને રાજાને પોતાની ઇચ્છા મુજબ દાનાદિ આપવા ન દે. તેમ અંતરાય કર્મ આત્માને પોતાની ઇચ્છા પ્રમાણે દાનાદિ ક્રિયા ન કરવા દે. તેમાં વિઘ્ન કરે તે કર્મ અંતરાય કર્મ કહેવાય છે.

(૧) જ્ઞાનના પાંચ ભેદ છે. તેથી જ્ઞાનાવરણીય કર્મના પણ પાંચ ભેદ છે. મતિજ્ઞાનાવરણીય. શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાનાવરણીય.

(૨) દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે. ચક્ષુદર્શનાવરણીય આદિ ૪ અને પાંચ પ્રકારની નિદ્રા - એમ કુલ ૯ ભેદ છે.

(૩) વેદનીય કર્મના શાતા અને અશાતા એમ બે ભેદ છે.

(૪) મોહનીય કર્મ તેના દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય - એમ મુખ્ય ૨ ભેદ છે. ત્યાં દર્શનમોહનીયના ૩ અને ચારિત્રમોહનીય કર્મના ૨૫ ભેદ છે. કુલ ૨૮ ભેદ છે.

(૫) આયુષ્ય કર્મના દેવાયુષ્ય, મનુષ્યાયુષ્ય ઇત્યાદિ ૪ ભેદ છે.

(૬) નામ કર્મના પિંડપ્રકૃતિ અને પ્રત્યેકપ્રકૃતિ એમ મુખ્યત્વે બે ભેદ છે. પિંડપ્રકૃતિના ૧૪ અને પ્રત્યેકપ્રકૃતિના ૨૮ ભેદ છે.

(૭) ગોત્ર કર્મના ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર એમ બે ભેદ છે.

(૮) અંતરાય કર્મના દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય ઇત્યાદિ ૫ ભેદ છે.

આઠે કર્મના મળીને કુલ ૧૨૦ ભેદ થાય છે. સમકિત મોહનીય અને મિશ્રમોહનીયને ગણતાં ૧૨૨ થાય છે. શરીરથી બંધન-સંઘાતન જુદાં જુદાં ગણાતાં ૧૪૮ અને ૧૫૮ પણ થાય છે.

## સ્થિતિબંધનું વર્ણન

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મ – આ ચાર કર્મ ઉત્કૃષ્ટથી ૩૦ કોડાકોડી સાગરોપમ સુધી આત્મા સાથે રહે તેટલું બંધાય છે. મોહનીય કર્મ ૭૦ કોડાકોડી સાગરોપમ સુધી આત્મા સાથે રહે તેવું બંધાય છે. નામ કર્મ અને ગોત્ર કર્મ ૨૦ કોડાકોડી સાગરોપમ સુધી આત્મા સાથે રહે તેવું બંધાય છે અને આયુષ્ય કર્મ ૩૩ સાગરોપમ સુધી આત્મા સાથે રહે તેવું બંધાય છે. આ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જાણવો.

આ આઠે કર્મ ઓછામાં ઓછી કેટલી સ્થિતિવાળાં બંધાય તે જઘન્યસ્થિતિબંધ કહેવાય. ત્યાં નામ કર્મ અને ગોત્ર કર્મ જઘન્યથી આઠ મુહૂર્ત બંધાય. વેદનીય કર્મ જઘન્યથી બાર મુહૂર્ત બંધાય છે. આયુષ્ય કર્મ જઘન્યથી ક્ષુલ્લકભવની સ્થિતિવાળું બંધાય. અને બાકીનાં ચાર કર્મો જઘન્યથી અંતર્મુહૂર્ત સ્થિતિવાળાં બંધાય છે. આ આઠમાં આયુષ્ય વિના સાત કર્મોની જઘન્યસ્થિતિ નવમા-દસમા ગુણસ્થાનકે ક્ષપકશ્રેણીમાં અતિશય વિશુદ્ધિવાળા જીવને બંધાય છે.

રસબંધ : બાંધેલાં કર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે તે કર્મ કેટલા જુસ્સાથી અર્થાત્ પાવરથી જીવને ફળ આપશે તેનું નક્કી થવું તે રસબંધ. આ વિષયને સમજાવવા પુણ્યપ્રકૃતિઓ માટે શેરડીના

રસનું અને પાપપ્રકૃતિઓ માટે લીંબડાના રસનું દૃષ્ટાંત છે. બજારમાંથી લાવેલા શેરડીના રસ અને લીમડાના રસ જેવી મીઠાશ અને કડવાશ જે કર્મોમાં હોય તે એક-ઠાણીઓ રસબંધ કહેવાય છે. તેને ઉકાળી ઉકાળીને બુદ્ધિથી તેના બે ભાગ કલ્પીએ જેમાંથી એક ભાગ ઉકાળીને બાળી નાખીએ અને એક ભાગ બાકી રાખીએ તે બે-ઠાણીઓ રસબંધ. આ જ ક્રમે ત્રણ ભાગ કલ્પીને બે ભાગ બાળી નાખીએ અને એક ભાગ શેષ રાખીએ તે ત્રણ-ઠાણીઓ. અને ચાર ભાગ કલ્પીને ત્રણ ભાગ બાળી નાખીને એક ભાગ બાકી રાખીએ તે ચઉ-ઠાણીઓ રસબંધ કહેવાય છે.

દાખલા તરીકે શેરડીનો કે લીંબડાનો રસ ૧૨-૧૨ કિલો બજારમાંથી લાવીએ તેની જેવી મીઠાશ અને કડવાશ હોય, તેવી મીઠાશ અને કડવાશ જે કર્મોના રસની હોય તે એક-ઠાણીઓ રસબંધ કહેવાય છે. તે ૧૨-૧૨ કિલોને ઉકાળી-ઉકાળીને ૬-૬ કિલો બાળી નાખીએ અને ૬-૬ કિલો બાકી રાખીએ તેમાં જેવી મીઠાશ અને કડવાશ હોય તેવી મીઠાશ અને કડવાશ જે કર્મના રસમાં હોય તે બે- ઠાણીઓ રસબંધ કહેવાય છે. ૧૨-૧૨ કિલો રસમાંથી જ્યારે ૮-૮- કિલો બાળી નાખીને ૪-૪ કિલો રસ બાકી રાખીએ. તેના જેવી મીઠાશ અને કડવાશ જે જે કર્મોમાં હોય તે ત્રણ-ઠાણીઓ રસબંધ કહેવાય છે. અને તે જ ૧૨-૧૨ કિલો રસમાંથી ૯-૯ કિલો રસ બાળી નાખીએ અને ચોથા ભાગનો ૩-૩ કિલો રસ બાકી રાખીએ તેના જેવી મીઠાશ અને કડવાશ જે કર્મોમાં હોય તેને ચઉ-ઠાણીઓ રસબંધ કહેવાય છે.

આ પ્રમાણે મંદ-તીવ્ર-તીવ્રતર અને તીવ્રતમના ભેદે રસ ચાર પ્રકારનો કલ્પાયેલો છે. ત્યાં એક-ઠાણીઓ રસ બંધાય તેવાં અધ્યવસાય સ્થાનો નવમા ગુણઠાણે કેટલોક કાળ વીત્યા પછી આવે છે. તેથી જ્ઞાનાવરણીય કર્મ ૪, દર્શનાવરણીય કર્મ ૩, અંતરાય ૫, સંજ્વલનકષાય ૪ અને પુરુષવેદ ૧- એમ કુલ ૧૭ કર્મનો એક સ્થાનિક રસબંધ થાય છે. કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય કર્મ સર્વઘાતી હોવાથી ઓછામાં ઓછો બે-ઠાણીઓ રસ બંધાય છે અને શાતા, યશ અને ઉચ્ચગોત્ર આ ત્રણ કર્મ પુણ્યપ્રકૃતિ હોવાથી ત્યાં ચઉ-ઠાણીઓ રસ બંધાય છે. આ રીતે ઉપરોક્ત ૧૭નો જ એક સ્થાનિક રસ બંધાતો હોવાથી બાકીની તમામ પ્રકૃતિઓનો રસબંધ ૨-૩-૪ સ્થાનિક જ બંધાય છે.

અનંતાનુબંધીકષાય વડે અશુભનો ચઉ-ઠાણીઓ રસ બંધાય છે.

અપ્રત્યાખ્યાનીય કષાય વડે અશુભનો ત્રણ-ઠાણીઓ રસ બંધાય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાય વડે અશુભનો બે-ઠાણીઓ રસ બંધાય છે. સંજ્વલન કષાય વડે અશુભનો એક-ઠાણીઓ રસ બંધાય છે. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીય કષાય વડે શુભ પ્રકૃતિઓનો બે-ઠાણીઓ રસ બંધાય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાય વડે શુભ પ્રકૃતિઓનો ત્રણ-ઠાણીઓ રસ બંધાય છે. સંજ્વલન કષાય વડે શુભ પ્રકૃતિઓનો ચઉ-ઠાણીઓ રસ બંધાય છે.

પ્રદેશબંધ : પ્રતિસમયે સંસારી જીવો સર્વ જીવો કરતાં અનંતગુણા કર્મપરમાણુઓના સ્કંધોને ગ્રહણ કરીને કર્મ રૂપે બાંધે છે. જ્યારે કર્મ બાંધે ત્યારે સ્થિતિ પ્રમાણે કર્મપરમાણુઓની દલિકની વહેંચણી કરે છે. આયુષ્ય કર્મને સૌથી થોડા દલિક આપે છે. તેનાથી નામ-ગોત્ર કર્મને વધારે દલિક આપે છે. તેનાથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયને વધારે દલિક આપે છે. તેનાથી મોહનીયને વધારે દલિક આપે છે. તેનાથી વેદનીય કર્મને સૌથી વધારે દલિક આપે છે. આ પ્રમાણે પ્રદેશબંધ આ જીવ કરે છે.

પહેલાં ગુણસ્થાનકે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એમ પાંચે બંધહેતુઓ દ્વારા કર્મબંધ થાય છે. બીજે, ત્રીજે અને ચોથે ગુણઠાણે મિથ્યાત્વ વિના બાકીના ચાર બંધહેતુઓ દ્વારા કર્મબંધ થાય છે. પાંચમે ગુણઠાણે ત્રસકાયની અવિરતિ વિના બાકીના ચારે બંધુહેતુઓ દ્વારા કર્મબંધ થાય છે. છઠ્ઠે ગુણઠાણે મિથ્યાત્વ અને અવિરતિ વિના પ્રમાદ-કષાય અને યોગના કારણે કર્મબંધ થાય છે. અને સાતમા ગુણઠાણાથી દસમા ગુણઠાણામાં માત્ર કષાય અને યોગ એમ બે જ બંધહેતુઓ વડે કર્મબંધ થાય છે તથા અગિયારમા, બારમા અને તેરમા ગુણઠાણે ફક્ત એક યોગના નિમિત્તે જ કર્મબંધ થાય છે તથા ૧ થી ૧૦ ગુણઠાણામાં પ્રકૃતિબંધ-સ્થિતિબંધ-રસબંધ અને પ્રદેશબંધ એમ ચારે પ્રકારનો બંધ આ જીવ કરે છે. પરંતુ ૧૧-૧૨-૧૩મા ગુણઠાણે કષાય ન હોવાથી માત્ર પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ એમ બે જ પ્રકારનો બંધ જીવ કરે છે.

## કર્મબંધ થવાનાં કારણો

(૧) જ્ઞાન-જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો ચોપડી, સાપડો વગેરે - આ ત્રણે વસ્તુઓને નુકસાન કરવાથી, નાશ કરવાથી અથવા કાગળ-પુસ્તક વગેરેને ફાડવાથી-બાળવાથી આ જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે.

(૨) કોઈ પણ જીવની આંખ-કાન-નાક વગેરે ઇન્દ્રિયો છેદવાથી તથા તેને નુકસાન કરવાથી આ જીવ દર્શનાવરણીય કર્મ બાંધે છે.

(૩) ગુરુજીની ભક્તિ, ક્ષમાશીલ સ્વભાવ, દયાળુ સ્વભાવ, લીધેલાં વ્રતોમાં સ્થિર રહેવાપણું, શુભ યોગોમાં વર્તવાપણું, દાનાદિ ધર્મકાર્ય કરવાની રુચિવાળો જીવ શાતાવેદનીય કર્મ બાંધે છે અને તેનાથી વિપરીત વર્તન કરનારો જીવ અશાતાવેદનીય કર્મ બાંધે છે.

(૪) મન ફાવે તેમ જૈન ધર્મથી વિપરીત પ્રરૂપણા કરવાથી, લોકોને ખોટા ખોટા રસ્તા બતાવવાથી અને શાસ્ત્રવિરુદ્ધ કથન કરવાથી જીવ દર્શનમોહનીય કર્મ બાંધે છે અને ક્રોધ, માન, માયા અને લોભ ઇત્યાદિ કષાય અને હાસ્યાદિ નોકષાય ઘણા કરવાથી આ જીવ મોહનીય કર્મ બાંધે છે.

(૫) ઉન્માર્ગની દેશના આપવાથી તથા વિષય અને કષાયને પરવશ થવાથી આ જીવ નરકાયુષ્ય બાંધે છે અને માયા-કપટ-જૂઠ કરવાથી આ જીવ તિર્યંચાયુષ્ય બાંધે છે. મધ્યમ કષાયો કરવાથી અને અલ્પ ગુણોવાળું જીવન જીવવાથી આ જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે તથા શ્રેષ્ઠ કાર્યો કરવાથી અને દાનાદિ ધર્મકાર્યમાં પરાયણ રહેવાથી આ જીવ દેવાયુષ્ય બાંધે છે.

(૬) મન, વચન અને કાયાથી શુભ પ્રવૃત્તિ કરવાથી અને ગુણિયલ સ્વભાવ રાખવાથી તથા રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ ન સેવવાથી આ જીવ શુભ નામકર્મ બાંધે છે અને તેનાથી વિપરીત વર્તન કરવાથી આ જીવ અશુભ નામકર્મ બાંધે છે.

(૭) પરની પ્રશંસા અને પોતાની નિંદા કરવાથી તથા ભણવા અને ભણાવવાની રુચિ રાખવાથી અને પોતાના મેરુ જેવડા ગુણોને રાઈ જેવડા કરવાથી અને પરના રાઈ જેવા ગુણોને મેરુ જેવડા કરવાથી આ જીવ ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે અને તેનાથી ઊલટું વર્તન કરવાથી આ જીવ નીચગોત્ર કર્મ બાંધે છે.

(૮) બીજા જીવો દાનાદિ શુભ કાર્ય કરતા હોય તેમાં વિઘ્ન કરવાથી અને હિંસાદિ ૧૮ પાપસ્થાનકનાં કાર્યો કરવાથી આ જીવ અંતરાય કર્મ બાંધે છે.

આ પ્રમાણે આ જીવ આઠે કર્મો કયાં કયાં કારણોથી બાંધે છે તે સમજાવવામાં આવ્યું અને જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ આત્માના ગુણોની વધારેમાં વધારે ઉપાસના કરવાથી, બીજાને કરાવવાથી અને અન્ય કોઈ આવાં સારાં કામો કરતા હોય તેની અનુમોદના-પ્રશંસા કરવાથી આ જીવ આઠે કર્મોનો નાશ કરે છે, ક્ષય કરે છે, ક્ષપકશ્રેણી પ્રારંભે છે.

વ્યવહારનયથી પાપ એ હેય છે અને પુણ્ય એ ઉપાદેય છે. પરંતુ નિશ્ચયનયથી પાપ અને પુણ્ય આ બંને લોખંડની અને સોનાની બેડીતુલ્ય હોવાથી બંને હેય છે અને સંવર, નિર્જરા અને મોક્ષ એ જ ઉપાદેય છે.

## બાંધેલાં કર્મોને તોડવાના ઉપાય

જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઇત્યાદિ આત્માના ગુણોની ઉપાસના સેવાભક્તિ કરવાથી તથા અન્ય જીવોમાં આવા ગુણોની વૃદ્ધિ થાય તેવાં જિનમંદિર, ઉપાશ્રય, પાઠશાળા આદિ કાર્યો કરવાથી જૂનાં બાંધેલાં કર્મો ભોગવ્યા વિના પણ તૂટી શકે છે. તેને કર્મોની નિર્જરા કહેવાય છે. બાંધેલાં બધાં જ કર્મો અવશ્ય ભોગવવાં જ પડે તેવો નિયમ નથી, એક અંતમુહૂર્તમાં કોડાકોડી સાગરોપમ ચાલે તેટલાં કર્મો આ જીવ બાંધી પણ શકે છે અને કોડાકોડી સાગરોપમનાં કર્મો ભોગવ્યા વિના તોડી પણ શકે છે. બંધ એ હેય છે અને સંવર તથા નિર્જરા ઉપાદેય છે. નવાં નવાં બંધાતાં કર્મોને અટકાવવાં તે સંવર કહેવાય છે અને જૂનાં બાંધેલાં કર્મોને તોડવાં તેને નિર્જરા કહેવાય છે.

જેટલી બને તેટલી ગુણોની ઉપાસના કરવાથી અને ગુણવાળા મહાત્માઓની સેવા-ભક્તિ કરવાથી પૂર્વે બાંધેલાં કર્મો તૂટે છે અને કષાયો કરવાથી તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો સેવવાથી અને તેમાં વધારે પ્રમાણમાં આસક્તિ રાખવાથી નવાં નવાં કર્મો બંધાય છે. કર્મોને બાંધવાના ઉપાયો અને કર્મોને તોડવાના ઉપાયો પણ જીવને જ આધીન છે. માટે જીવ એ કર્મનો કર્તા-ભોક્તા છે. બીજાં બધાં નિમિત્ત કારણ છે.

આ જીવ ચૈતન્યગુણવાળો છે તેથી સારા અને ખરાબ વિચારો અને વર્તન કરે છે તેથી આ જીવ જ કર્મ બાંધે છે અને કર્મ તોડે છે. અજીવમાં જ્ઞાનસંજ્ઞા ન હોવાથી તેને રાગ-દ્વેષ કે કષાયો થતા નથી. તેથી તે પદાર્થો કર્મો બાંધતાં નથી તથા મોક્ષના જીવો કર્મ બાંધતાં નથી.

8

# જૈનદર્શન : એક અદ્‌ભુત વિજ્ઞાન

ડૉ. સુધીર શાહ

જૈન ધર્મ અને તેનું તત્ત્વજ્ઞાન સહુથી વધુ પ્રાચીન, સૂક્ષ્મ અને સુસ્પષ્ટ છે. ભારતનાં અન્ય દર્શનો કરતાં પણ જૈનદર્શન વધુ પ્રાચીન છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના ઉલ્લેખો વેદમાં અને પુરાણોમાં પ્રાપ્ત થાય છે અને જૈન ધર્મના દેવ-દેવીઓનો ઉલ્લેખ વૈદિક સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે. ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનનો અને તેમના ચાતુર્યામ ધર્મનો ઉલ્લેખ બૌદ્ધ-પાલિ ત્રિપિટકમાં જોવા મળે છે. આ બધાને આધારે એ પુરવાર થાય છે કે અન્ય ધર્મો કરતાં જૈન ધર્મ વધુ પ્રાચીન છે.

જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન પૂર્ણ છે તેમજ તાર્કિક છે અને વૈજ્ઞાનિક પણ છે. એને આધારે વિશ્વ અને એની ગતિવિધિઓને જાણવી સરળ પડે છે. જૈનદર્શનમાં જિંદગી જીવવાની સારી અને સાચી રીત મળે છે. એ જ સચોટ જીવનશૈલી છે. તદુપરાંત આત્મા, કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતો અને મોક્ષ માટેનો વ્યવસ્થિત પથ બતાવ્યો છે. જૈન તત્ત્વદર્શનમાં કર્મનો સિદ્ધાંત અત્યંત સચોટ રીતે સમજાવ્યો છે. તેની પાસે અનોખો અનેકાન્તવાદ પણ છે. જૈનદર્શન સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક છે. તેનો મુખ્ય મંત્ર નવકારમંત્ર બિનસાંપ્રદાયિકતાનું અનોખું ઉદાહરણ છે. જૈન ધર્મમાં પર્યાવરણની સમતુલા વ્યવસ્થિત જળવાય તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. જીવનના એક પરમ સત્ય એવા મૃત્યુની વ્યવસ્થિત તૈયારીની સાધનાપદ્ધતિ-સ્વરૂપ અનશન બતાવ્યું છે. જૈનદર્શનમાં પોતાના સિવાય અન્ય જીવોનું પણ લૌકિક અને લોકોત્તર તથા ભૌતિક અને આધ્યાત્મિક કલ્યાણ કઈ રીતે કરી શકાય તેની અદ્‌ભુત પદ્ધતિ / સાધના બતાવી છે. (परस्परोपग्रहो जीवानाम् । ) અને તે દ્વારા મોક્ષનો માર્ગ સૂચવ્યો છે. વિશેષતઃ આ માર્ગ

આપણને પૂર્ણતઃ શારીરિક, માનસિક તથા ચૈતસિક સ્વાસ્થ્ય અર્પે છે. દીર્ઘાયુષ્ય અર્પે છે.

ભગવાન મહાવીરનો ઉપદેશ શાશ્વત અને સંપૂર્ણ સત્યસ્વરૂપ છે. એટલું જ નહિ, એ પુરાતન સત્ય આજે પણ સાંપ્રત સમાજના સંદર્ભે સુસંગત છે, એ આશ્ચર્યની વાત છે ! અને તેથી તેને સર્વોચ્ચ વિજ્ઞાન કહી શકાય. મારા મતે ભગવાન મહાવીર અત્યાર સુધી વિશ્વએ જોયેલા સર્વોચ્ચ કોટિના વિજ્ઞાની છે. આપ આ લેખ વાંચશો તેમ તેમ મારી વાત સાથે સહમત થતા જશો. એમણે આપેલું જ્ઞાન આજના આધુનિક વિજ્ઞાનના સિદ્ધાંતો સાથે સુસંગત છે. દા.ત. ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, માનસશાસ્ત્ર, શારીરિક સંરચનાશાસ્ત્ર અને તબીબીવિજ્ઞાન વગેરેના મૂળભૂત સિદ્ધાંતો સદીઓ પૂર્વે જૈન ધર્મના ગ્રંથોમાં જોવા મળે છે, જેનો આજના વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે સંપૂર્ણ મેળ મળે છે. આ અત્યંત મહત્ત્વપૂર્ણ અને આશ્ચર્યજનક વાત છે.

ભગવાન મહાવીરે સૌપ્રથમ જ્ઞાન ત્રિપદીમાં મૂક્યું. ત્રિપદી સ્વરૂપ જળબિંદુમાં જાણે આખો શ્રુત મહાસાગર સમાવી લીધો. એમ કહેવાય છે કે ત્રિપદીને ખોલતા જાવ તો તમામ શાસ્ત્રો ખૂલતાં જાય.

પ્રભુ મહાવીર તેમના મુખ્ય શિષ્ય એવા ગણધર ભગવંતોને ત્રિપદી આપે છે. – ૧. ઉપન્ને ઈ વા, ૨. વિગમે ઈ વા, ૩. ધુવે ઈ વા. અર્થાત્ દ્રવ્ય દ્રવ્ય સ્વરૂપે શાશ્વત છે અને પર્યાય રૂપે તેની ઉત્પત્તિ અને વિલય વચ્ચે એક એવું દ્રવ્ય અથવા સ્વરૂપ છે જે શાશ્વત તત્ત્વ સાથેના લયને ચૂકતું નથી. આ ત્રિપદીના આધારે સમગ્ર જૈનદર્શનની રચના થઈ છે અને તે ટક્યું છે તેમ કહી શકાય. તેમાં તમામ જ્ઞાન-વિજ્ઞાનો સમાવિષ્ટ છે.

હકીકતમાં આધુનિક વિજ્ઞાન જૈનદર્શન અને તત્ત્વજ્ઞાનનો એક નાનકડો અંશ જ છે. અત્યારના વિજ્ઞાનમાં નિરૂપાયેલા અણુવિજ્ઞાનથી માંડી જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્રથી માંડીને કોસ્મૉલોજી, ગતિના નિયમોથી માંડીને કણોની ગતિ, જીવોનું વર્ગીકરણ, ધ્વનિ અને તેની અસર, તપશ્ચર્યાથી શરીર પર થતી હકારાત્મક અસર, માનસશાસ્ત્રથી માંડી મનોચિકિત્સા – આ બધું જૈન તત્ત્વજ્ઞાનમાં ઠેર ઠેર પથરાયેલું જોવા મળે છે. એ જાણવું રસપ્રદ છે કે શાસ્ત્રોમાં ધર્મની ભાષામાં નર્યું વિજ્ઞાન ભરેલું છે. માનવજાતના ઉત્થાન માટે ધર્મ અને વિજ્ઞાનનો સુભગ સમન્વય થયો છે. જીવોનો મોક્ષ થાય એટલે જીવોની ગતિ મોક્ષ સુધી થાય. હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે મોક્ષવિદ્યામાં પદાર્થવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગતિના નિયમો. કોસ્મૉલોજી વગેરે વિજ્ઞાનનું નિરૂપણ ક્યાં જરૂરી છે ? તેનો જવાબ એ છે કે જીવની ગતિ મોક્ષ સુધી કેવી રીતે થાય છે તે સમજવું હોય તો સર્વ જીવોનો તથા અજીવોનો અભ્યાસ જરૂરી છે. જીવની ગતિ સમજવા માટે જીવ તથા પદાર્થના ગતિના નિયમો જાણવા જોઈએ. જીવ હાલની સ્થિતિમાંથી મોક્ષે જાય તો ક્યાં ક્યાંથી પસાર થાય તે કોસ્મૉલોજી દ્વારા સમજવું પડે. જીવ સિવાય બીજાં ક્યાં દ્રવ્યો છે ? સમયની શી આવશ્યકતા છે તે જાણવું પડે. જીવની ગતિ માટે કયું માધ્યમ આવશ્યક છે તે જાણવું જોઈએ. આ કારણથી પદાર્થવિજ્ઞાન, જીવવિજ્ઞાન, અણુ, ઊર્જા, ષડ્ દ્રવ્ય, નવ તત્ત્વ, કર્મવાદ, અનેકાન્તવાદ એમ અનેક શાસ્ત્રોની રચના જૈન ધર્મે કરી છે અને આખા અધ્યાત્મવાદને વિજ્ઞાનના સિદ્ધાંતો પર ઝીલ્યો છે.

તીર્થંકર પરમાત્મા ભગવાન શ્રી મહાવીરસ્વામીએ વહાવેલી ઉપદેશ જ્ઞાનગંગા (દેશના)ને

ગણધર ભગવંતોએ આગમો રૂપે ઝીલી દ્વાદશાંગીની રચના કરી. આમાંની કેટલીક મહત્ત્વની વાતોને વાચક શ્રી ઉમાસ્વાતિએ (આશરે પ્રથમ સદી – ઈશુ પછી) સંકલિત કરી. તે ગ્રંથ 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર'. માનવજાતિનું એ કદાચ પ્રથમ વિજ્ઞાન-પુસ્તક કહી શકાય. તેમાં દશ અધ્યાય અર્થાત્ પ્રકરણ છે. મહામનીષી ઉમાસ્વાતિએ અત્યંત ગહન અભ્યાસ કરી તેના દોહન સ્વરૂપે સૂત્રાત્મક રીતે આ બધાં વિજ્ઞાનોને તેમાં સાંકળી લીધાં છે.

વાચક શ્રી ઉમાસ્વાતિજીએ પોતાને નમ્રતાથી લેખક નહીં પણ તે કાળે વિદ્યમાન જ્ઞાનના સંગ્રાહક અર્થાત્ સંકલનકાર જણાવે છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી પણ તેમના 'સિદ્ધહેમશબ્દાનુશાસન'માં વાચક શ્રી ઉમાસ્વાતિજીને શ્રેષ્ઠ સંગ્રાહક તરીકે નવાજ્યા છે. (उपोमास्वातिं संगृहीतारः) ખૂબીની વાત એ છે કે આ એક વ્યક્તિનું મૌલિક સંશોધન નથી, પરંતુ સમગ્ર ભારતીય સમાજ તે સમયે વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક રીતે ઉત્થાન પામેલો હતો.

જૈનદર્શનની આ બધી વાતો તત્ત્વાર્થાધિગમ સૂત્ર તથા આગમોમાંથી થોડીક વિહંગાવલોકન સ્વરૂપે જોવા પ્રયત્ન કરીશું.

(૧) મૂળભૂત વિજ્ઞાન જેમ કે પદાર્થવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, માનસશાસ્ત્ર વગેરે.

(૨) વ્રત, તપસ્યા અંગેનું વિજ્ઞાન અને આહારવિજ્ઞાન.

(૩) તબીબી વિજ્ઞાન તથા શરીરરચનાશાસ્ત્ર

(૪) અન્ય વિજ્ઞાનો જેમ કે પર્યાવરણ (Ecology), અર્થશાસ્ત્ર (Economics), કળા, સંગીત, ધ્વનિ, મંત્રવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, લેશ્યાવિજ્ઞાન (Aura Science), જ્યોતિષશાસ્ત્ર, ધાતુવિજ્ઞાન વગેરે.

સૌપ્રથમ મૂળભૂત વિજ્ઞાન તરીકે ભૌતિકશાસ્ત્રની વાત કરીશું. જૈનદર્શનમાં અણુને પદાર્થનો અવિભાજ્ય કણ કહ્યો છે, જેને આધુનિક વિજ્ઞાનના પરમાણુ (Atom) કરતાં પણ સૂક્ષ્મ અને જેનું પુનઃ વિભાજન ન થઈ શકે તેની પરમાણુ સંજ્ઞા આપવામાં આવી છે. દ્રવ્ય રૂપે અણુ એટલે કે પરમાણુ અવિભાજ્ય છે પણ તેને પર્યાયો (વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ) છે. તે જ રીતે કાળના અવિભાજ્ય અંશને સમય કહ્યો છે, જે વર્તમાન એક ક્ષણથી પણ અસંખ્યાતમા ભાગે સૂક્ષ્મ છે. આકાશના અવિભાજ્ય અંશને પ્રદેશ કહ્યો છે.

નીચેનાં અવતરણો વાચક શ્રી ઉમાસ્વાતિરચિત તત્ત્વાર્થસૂત્રમાંથી લીધાં છે.

(૧) अणवः स्कन्धाश्च । (अध्याय-५, सूत्र-२६) પદાર્થ બે પ્રકારે છે : અણુ અને સ્કંધ.

(૨) संघातभेदेभ्य उत्पद्यन्ते । (अध्याय-५, सूत्र-२६) સ્કંધ તો સંઘાતથી, ભેદથી અને સંઘાત-ભેદ બન્નેથી ઉત્પન્ન થાય છે. (સંઘાત એટલે Fusion અને ભેદ એટલે Fission)

(૩) भेदादणुः । (अध्याय-५, सूत्र-२७) જ્યારે અણુ તો ભેદથી જ ઉત્પન્ન થાય છે અર્થાત્ અણુ અવિભાજ્ય છે, જેને આજે આપણે પરમાણુ કહીએ છીએ.

(૪) भेदसंघाताभ्यां चाक्षुषाः । (अध्याय-५, सूत्र-२८) ભેદ અને સંઘાતથી ચાક્ષુષ સ્કંધ બને છે અર્થાત્ સ્કંધ એ સંઘટન અને વિઘટનની સમન્વયપ્રક્રિયાને લીધે ચાક્ષુષ અર્થાત્ દૃષ્ટિમાન થાય છે.

(૫) उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । (अध्याय-५, सूत्र-२९) જે ઉત્પાદન, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેયથી યુક્ત અર્થાત્ તદાત્મક હોય તે સત્ કહેવાય છે. સત્ એટલે જેનું અસ્તિત્વ (existence) છે તે હંમેશા ઉત્પત્તિ, વિનાશ અને સ્થૈર્યની પ્રક્રિયાયુક્ત હોય છે.

(૬) तद्भावाव्यं नित्यम् । (अध्याय-५, सूत्र-३०) જે તેના પોતાના ભાવથી અર્થાત્ પોતાની જાતિથી ચ્યુત ન થાય તે નિત્ય છે. સત્ પોતાના સ્વભાવથી ચ્યુત થતું નથી. ત્રણેય કાળમાં એકસરખું અવસ્થિત રહે છે. તેથી તે નિત્ય છે. (Universal matter)

(૭) स्निग्धरुक्षत्वाद् बन्धः । (अध्याय-५, सूत्र-३२) સ્નિગ્ધત્વ અને રુક્ષત્વથી બંધ થાય છે. (પરમાણુના positive અને negative chargeનો ઉલ્લેખ છે.)

(૮) न जघन्यगुणानाम् । (अध्याय-५, सूत्र-३३) गुणसाम्ये सदृशानाम् । (अध्याय-५, सूत्र-३४) द्वयाधिकादिगुणानां तु । (अध्याय-५, सूत्र-३५)

પરમાણુ-વિજ્ઞાનની વાત આગળ વધારતાં કહે છે કે જઘન્ય ગુણ અંશવાળા સ્નિગ્ધ અને રુક્ષ અવયવોનો બંધ થતો નથી. જઘન્ય એટલે વિકૃષ્ટ અર્થાત્ અવિભાજ્ય.

સમાન અંશ-ગુણ હોય તો સદૃશ અર્થાત્ સરખે સરખા રૂક્ષ – રૂક્ષ અવયવોનો બંધ થતો નથી. બે અંશથી અધિક ગુણવાળા અવયવોનો બંધ થાય છે. આમ અહીં રસાયણશાસ્ત્ર, રાસાયણિક બંધ અને તેના સૂક્ષ્મ નિયમોનું નિરૂપણ છે.

હવે અહીં જુઓ :

शरीरवाङ्मनः प्राणापानाः । (अध्याय-५, सूत्र-१९) सुखदुःखजीवितमरणोपग्रहाश्च । (अध्याय-५, सूत्र-२०)

શરીર, વાણી, મન, શ્વાસોચ્છ્વાસ અને અપાનવાયુ પૌદ્ગલિક છે. (Matter functions as a material cause of body, speech, mind and breath), તથા સુખ, દુઃખ, જીવન અને મરણ એ પણ પુદ્ગલનો ઉપકાર છે. ઔદારિક વગેરે શરીર પણ પુદ્ગલના કારણે જ છે. તે જ રીતે ભાષા, ભાવ મન, દ્રવ્ય મન, શ્વાસોચ્છ્વાસ (અપાન પ્રાણ) એ બધું પુદ્ગલને આભારી છે અને આત્મા પરનો અનુગ્રહ છે.)

परस्परोपग्रहो जीवानाम् । (अध्याय-५, सूत्र-२१)

પરસ્પરના કાર્યમાં નિમિત્ત થવું (એકબીજાને સહકાર આપવો અને એકબીજા ઉપર નિર્ભર રહેવું) તે જીવોનો ઉપકાર છે. આ અંગે આગળ ચર્ચા કરીશું કે અહિંસાના સિદ્ધાંતને તે કઈ રીતે સમર્થન આપે છે.

वर्तना-परिणामः क्रिया परत्वापरत्वे च कालस्य । (अध्याय-५, सूत्र-२२)

કાળ (Time)નું કાર્ય (Function) શું ? વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ વગેરે કાળનાં કાર્ય છે. આધુનિક ભૌતિકશાસ્ત્રમાં પણ આવી વિચારધારા કે સંશોધન આજની તારીખ સુધી

થયું નથી. કાળ સ્વતંત્ર દ્રવ્ય છે અને બીજા દ્રવ્યના વિવિધ પર્યાયસ્વરૂપ વર્તના, પરિણામ, ગતિ વગેરે તેનાં કાર્ય છે. કાળ દ્રવ્ય ઉપર જૈનદર્શનના આધારે નોબેલ પ્રાઇઝ મળે તેવું સંશોધન થઈ શકે તેમ છે.

स्पर्श-रस-गन्ध-वर्णवन्तः पुद्‌गलाः । (अध्याय-५, सूत्र-२३)

शब्द-बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तमश्छायाऽऽतपोद्योतवन्तश्च । (अध्याय-५, सूत्र-२४)

પુદ્‌ગલ પરમાણુ (Matter) સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એમ ચતુર્ગુણયુક્ત છે. અહીં પરમાણુના પૃથક્કરણ સ્વરૂપની ચર્ચા છે. તે શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલત્વ, સંસ્થાન અર્થાત્ આકાર, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોત (પ્રભા) સ્વરૂપ છે. આમ સમગ્ર અણુવિજ્ઞાન અને પુદ્‌ગલનાં લક્ષણો અને કાર્યનું સુંદર વર્ણન છે.

અહીં એથીય વિશેષ પુદ્‌ગલ દ્રવ્યના બે વિભાગ બતાવ્યા છે. એક ઉપર ધન કે ઋણ વિદ્યુતભાર (Charged matter) છે અને બીજા ઉપર વિદ્યુતભાર નથી (Uncharged matter) અર્થાત્ તટસ્થ છે. વિદ્યુતભારરહિત (Uncharged matter) અર્થાત્ તટસ્થમાં ફોટોન (Photon), ગ્રેવિટોન (Graviton) અને ગ્લુઓન (Gluon)નો સમાવેશ થાય છે. જૈનદર્શનની ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની વાત વૈજ્ઞાનિક સ્વરૂપે સમજવા જેવી છે. આજે વિજ્ઞાન જેને ઈથર વગેરે કાલ્પનિક દ્રવ્યથી સમજાવે છે તેના માટે જૈનદર્શનમાં ધર્માસ્તિકાયનું નિરૂપણ કરેલ છે અને તે વધુ યોગ્ય છે. સમગ્ર બ્રહ્માંડમાં ૪% ડાર્ક મેટર ૧% મેટર અને ૯૫% ડાર્ક એનર્જી છે એ કદાચ અધર્માસ્તિકાય હોઈ શકે.

બીજા અધ્યાયમાં એક સૂત્ર છે : अनुश्रेणि गतिः । (अध्याय-२, सूत्र-२७)

ગતિ હંમેશાં સીધી લીટીમાં અર્થાત્ પંક્તિમાં થાય છે. જ્યાં સુધી બાહ્ય બળ ન લાગે ત્યાં સુધી જીવ કે પુદ્‌ગલ/પદાર્થની ગતિ સીધી લીટીમાં જ થાય છે. તેનો આ સૂત્રમાં નિર્દેશ છે. જીવ અને પુદ્‌ગલ બંનેમાં ગતિક્રિયાની શક્તિ છે. નિમિત્ત મળતાં પરિણત થઈ તે ગતિ કરે છે. બાહ્ય ઉપાધિથી તે વક્રગતિ ભલે કરે પરંતુ તેઓની સ્વાભાવિક ગતિ તો સીધી જ છે. ન્યૂટને આપણને પદાર્થની ગતિના નિયમો છેક ૧૬ મી સદીમાં આપ્યા. જ્યારે જૈનદર્શને તો જીવ અને પુદ્‌ગલ પદાર્થની ગતિના નિયમો સદીઓ પૂર્વે આપ્યા છે.

આવો અદ્‌ભુત છે આપણો જ્ઞાન-વિજ્ઞાનનો વારસો. આવી તો અનેક વાતો છે.

અહીં જૈનદર્શનમાં અણુની ઉત્પત્તિ, વૈશ્વિક દ્રવ્યનો શાશ્વતતાનો સિદ્ધાંત, અણુ-વિઘટન, દ્રવ્યનું સંયોજન-વિઘટન, પદાર્થની નિત્યતાનો સિદ્ધાંત, પદાર્થનું રૂપાંતરણ વગેરે અણુવિજ્ઞાન તથા પદાર્થવિજ્ઞાનના ગહનતમ સિદ્ધાંતોનું વર્ણન સૂત્રોમાં ત્યારે પ્રરૂપિત થયું હતું. જૈન શાસ્ત્રોમાં સબઍટમિક પાર્ટિકલ્સનો પણ ઉલ્લેખ છે, જે હાલના ક્વાર્ક વગેરે કણોની સાથે સરખાવી શકાય. પૂજ્ય આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજીના એક સંશોધનાત્મક લેખ મુજબ નવા જ પ્રરૂપાયેલ હિગ્ઝબોઝોન કણો પણ જૈન શાસ્ત્રોમાં ધર્માસ્તિકાય રૂપે બતાવેલ છે. આશ્ચર્યજનક રીતે આધુનિક વિજ્ઞાનના મૂળભૂત અને મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો જૈન શાસ્ત્રોમાં વ્યવસ્થિત રૂપે નિરૂપાયેલ છે. આમાં

ખાસ કરીને તમે જોયું તે મુજબ નાનાં નાનાં સૂત્રોના રૂપમાં ગહન જ્ઞાન પ્રતિપાદિત થયેલ છે. તે તેની લાક્ષણિકતા છે. કાળ અર્થાત્ સમય (Time), અવકાશ (Space) અને પુદ્ગલ (Matter)ના મૂળભૂત સિદ્ધાંતો, શાશ્વતતાનો નિયમ, અણુ-પરમાણુ વિજ્ઞાન, દળનું સાતત્ય, સાપેક્ષવાદ, ઊર્જાના સિદ્ધાંત, ગતિના નિયમો અને જડત્વવાદ, શક્તિના નિયમો, ટેલિપથી, ટેલિપોર્ટિંગ, ધ્વનિના નિયમો, મનની અગાધ શક્તિ... આ બધું જ શાસ્ત્રોમાં સુંદર રીતે નિરૂપાયેલું છે અને તેનો હેતુ માનવજાત અને વિશ્વના કલ્યાણ માટે અને અંતે દરેક આત્માના મોક્ષ માટેની વિદ્યા સમજાવવાનો છે.

કયાં કયાં ઉપકરણોથી વસ્તુ-પરિસ્થિતિનું સંપૂર્ણ દર્શન (Complete knowledge) પ્રાપ્ત થાય છે, તેનો જવાબ આપતા ભારતના આ પ્રાચીનતમ મહાન વિજ્ઞાની સંકલનકારશ્રી ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે સત્, સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શ, કાળ, અંતરભાવ વગેરેથી સંપૂર્ણ દર્શન પામી શકાય છે. એમણે એમ પણ લખ્યું છે કે પદાર્થ માત્રમાં, પછી તે જડ હોય કે ચેતન, દરેક પદાર્થમાં નિત્યતા અને ક્ષણિકતા સાથે સાથે હોય છે. એટલે કે અમુક અપેક્ષાએ તે નિત્ય હોય છે તો અમુક અપેક્ષાએ તે અનિત્ય હોય છે. અને તે રીતે તે પરિવર્તનશીલ હોય છે.

આઇન્સ્ટાઇને કહ્યું છે કે પુદ્ગલને સ્થાન આપે તે જ અવકાશ છે. પુદ્ગલ અને અવકાશ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા છે. અવકાશ વિના પુદ્ગલ સંભવ નથી. અવકાશ ન હોય તો પુદ્ગલ પણ ન હોય. તે જણાવતું એક વિધાન શ્રી ઉમાસ્વાતિજીએ પણ કર્યું છે. તેમણે કહ્યું કે જેટલા ક્ષેત્રમાં એક પરમાણુ રહી શકે તેટલા ક્ષેત્રને પ્રદેશ અર્થાત્ એક આકાશપ્રદેશ કહે છે.

**જીવવિજ્ઞાન :**

હવે જીવવિજ્ઞાનની વાત કરીએ તો આપણા વિજ્ઞાની શ્રી જગદીશચંદ્ર બોઝે વૃક્ષોમાં પણ જીવ છે એવું પ્રતિપાદિત કર્યું છે. વનસ્પતિમાં જીવ છે એવું જૈન શાસ્ત્રોમાં પણ સ્પષ્ટ રીતે કહ્યું જ છે, પણ એક પગથિયું આગળ જઈને પૃથ્વી, પાણી, અગ્નિ અને હવામાં પણ જીવ-આત્મા છે એવું દર્શાવ્યું છે. આમ આ દિશામાં યોગ્ય સંશોધનની જરૂર છે જેથી આપણે વિશ્વને યોગ્ય દિશા આપી શકીએ. અલબત્ત, સૈદ્ધાન્તિક રીતે સાબિત કરવા માટે આ અંગેના પ્રયત્નો ક્યાંક ક્યાંક ચાલુ થઈ ગયા છે.

વાચક શ્રી ઉમાસ્વાતિજીએ જીવના વિભાગ પાડ્યા છે. જેનું વધારે સારું, વિકસિત ચિત્તતંત્ર તે ઉચ્ચતર પ્રાણી, જેને જૈન પરિભાષામાં સંજ્ઞિ કહે છે. તે સિવાય અલ્પવિકસિત ચિત્તતંત્રવાળા એટલે કે અસંજ્ઞિ અર્થાત્ સંજ્ઞા વગરના જીવો એટલે કે જડ દેખાતા પદાર્થોમાં પણ ચેતના હોવાનું તેમણે કહ્યું. તેમણે જણાવ્યું કે પાણી અને હવામાં પણ જીવત્વ છે. જીવોના પ્રકાર તરીકે ત્રણ-સ્થાવર, ત્રસ એટલે હાલતા-ચાલતા. તેમાં બેઇન્દ્રિય. ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય વગેરે. સ્થાવર અર્થાત્ એકેન્દ્રિયમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. તેમાં પણ વનસ્પતિમાં સાધારણ વનસ્પતિ અને પ્રત્યેક વનસ્પતિ, સાધારણ વનસ્પતિ એટલે નિગોદના જીવો. તેમાં એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય જીવોમાં પણ સંમૂર્છિત જીવોની ઉત્પત્તિ. આ બધાંનું સવિસ્તર વર્ણન ખરેખર અદ્ભુત અને અકલ્પનીય છે. કેટલો વિશદ વિચાર આપણી પ્રાચીન સંસ્કૃતિએ કર્યો હશે ?

તત્ત્વાર્થાધિગમ સૂત્રનાં બે સૂત્રો (જીવવિજ્ઞાનનાં) ખૂબ ધ્યાનાર્હ છે.

૧. **उपयोगो लक्षणम्** । Sentience (application of knowledge) is defining characteristic of life of soul. જીવની સંજ્ઞા કે વ્યાખ્યા એ છે કે પૂર્વસંચિત જ્ઞાન તથા અનુભવનો કે બોધનો સ્વોચિત, પોતાની મેળે ઉપયોગ કરે તે જીવ છે. જીવની આવી સચોટ વ્યાખ્યા વિજ્ઞાનમાં પણ ઉપલબ્ધ નથી. ઉપયોગ-બોધને લઈને જ પોતાનું તથા ઇતર પર્યાયોનું જ્ઞાન થાય, સુખ-દુઃખનો અનુભવ થાય... વગેરે.

૨. परस्परोग्रहो जीवानाम् । The function of the soul is to render service to one another.

એકબીજાને ઉપકારી થવું તે જીવનો સ્વાભાવિક હેતુ છે. પહેલી નજરે કદાચ આનું ઊંડાણ ખ્યાલમાં નહિ આવે, પરંતુ આ સૂત્રનો હેતુ અહિંસાની આજ્ઞા છે. એક જીવ બીજા જીવના પ્રભાવમાં છે. Mach's principle of physics પ્રમાણે વિશ્વનો એક એક અણુ એકબીજા સાથે સંકળાયેલ છે. વિશ્વમાં એક અણુમાં ક્યાંક ફેરફાર થાય કે ખલેલ પહોંચે તો આખા વિશ્વની સંરચનાને અસર થાય, ખલેલ પહોંચે. તેમ એક જીવ બીજા જીવને દુઃખી કરે તો આખા વિશ્વના પ્રત્યેક જીવને તેની અસર થાય જ. એ વાત આમાં ગર્ભિત રીતે નિહિત છે. We are influenced by the rest. We all are entangled. કોઈ પણ જીવને મન, વચન, કાયાથી દુઃખી ન કરી શકાય.

જીવવિજ્ઞાનમાં વનસ્પતિશાસ્ત્ર અન્વયે અનેક મહત્ત્વની વાતોનું વિજ્ઞાન ભરેલું છે.

પ્રથમ તો વનસ્પતિમાં જીવ છે અને સંવેદના છે, એવી ગહન જૈન શાસ્ત્રની વાતને વિજ્ઞાનને સિદ્ધ કરતાં ૨૦મી સદી લાગી. જગદીશચંદ્ર બોઝે તે સિદ્ધ કર્યું. એથી વિશેષ જૈન શાસ્ત્રોમાં તો સાધારણ વનસ્પતિકાય અને પ્રત્યેક વનસ્પતિકાયનો સિદ્ધાંત આપવામાં આવ્યો છે.

વનસ્પતિકાય જીવને મૂળભૂત સંજ્ઞાઓ (instinct) હોય છે, સંવેદના હોય છે તે તો હવે વિજ્ઞાને સ્વીકાર્યું જ છે. પણ આ જીવોને કષાય હોય છે અને લેશ્યા હોય છે તે જૈન શાસ્ત્રોક્ત વાત સમજવા જેવી છે. જેમ કે વનસ્પતિના આભામંડળના રંગો લીલો, પીળો વગેરે તે તેની લેશ્યા છે. તે તેની ભાવનાઓ અને સ્વભાવ વ્યક્ત કરે છે. જેવું અન્ન તેવો ઓડકાર, જેવું આપણે ખાઈએ તેવા આપણા વિચારો થાય. દા.ત. બટાકા, સૂરણ વગેરે કંદમૂળમાં સંગ્રહવૃત્તિ એટલે કે આવા પદાર્થો લેવાથી શક્ય છે, આપણને લોભ કષાય થાય.

**ગણિતશાસ્ત્ર :**

જૈનદર્શનમાં ગણિત-વિજ્ઞાન ઉપર પણ ગ્રંથો લખાયેલા છે. નવમી સદીમાં શ્રી મહાવીરાચાર્યનો ગ્રંથ 'ગણિતસાર સંગ્રહ' ગણિત જેવા કષ્ટસાધ્ય વિષય ઉપર સુંદર પ્રકાશ પાડે છે. તેના નવ અધ્યાયમાં બીજગણિત, ભૂમિતિ અને અંકગણિતના અદ્‌ભુત સિદ્ધાંતો છે, જેમાં વર્ગમૂળ (Sqare root), ઘનમૂળ (Cube root), અપૂર્ણાંક (Fraction), સમય, દશાંશ પદ્ધતિ તથા પાઈની સૂક્ષ્મ ગણતરી ઉપર પણ વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. આ સિવાય સ્વયંભુવ, દેવનંદિ, આદિનાથ વગેરે જૈનાચાર્યોએ પણ ગણિત ઉપર સુંદર પ્રકાશ પાડ્યો છે. જૈન આગમોમાં સૂર્યપ્રજ્ઞપ્તિમાં અપૂર્ણાંક ઉપર

ખૂબ ભાર મૂક્યો છે. જોકે 'જ્યોતિષપાતાલ' નામનો જૈન ગ્રંથ અત્યારે અપ્રાપ્ય છે જે સંભવતઃ શ્રી મહાવીરાચાર્યે લખેલ છે.

**માનસશાસ્ત્ર :**

માનસશાસ્ત્ર વિશે પણ જૈન ગ્રંથોમાં ઊંડાણપૂર્વક ઉલ્લેખ થયેલો જોવા મળે છે. મતિ, સ્મૃતિ, સંજ્ઞા, વિચાર, નિર્ણય એ મતિજ્ઞાન છે અને તે ઇન્દ્રિય અને મનને લીધે છે. એવું પ્રતિપાદન શાસ્ત્રમાં કર્યું છે. મનના બે ભેદ છે : ભાવ મન અને દ્રવ્ય મન. આધુનિક વિજ્ઞાને આ દિશામાં સંશોધન કરવાની જરૂર છે. જેટલું પ્રાણીનું મન-મગજ વધુ વિકસિત તેટલું તે ઉચ્ચતર પ્રાણી કહેવાય છે.

संज्ञिनः समनस्काः (अध्याय-५, सूत्र-२५)

આ ઉપરાંત પરપીડનવૃત્તિ વિશે શાસ્ત્રવચન છે કે પરપીડન માનવીના મનનો એક આવિષ્કાર છે. પોતાના કહેવાતા સિદ્ધાંતોની રક્ષા કરવા માટે ઘણા બીજાને પીડે છે. એ વૃત્તિનું ઊર્ધ્વીકરણ શક્ય છે. એનો માર્ગ પણ એમાં બતાવ્યો છે. ન્યાયાધીશ ઉત્તમ કક્ષાના પરપીડક છે એમ નથી લાગતું ?

**વિચાર Thought - Spect study :**

સર્વજ્ઞ શ્રીમહાવીરસ્વામી પરમાત્માએ કહ્યું છે કે, શરીરની ક્રિયાથી, વાણીના ઉપયોગથી અને મનના વિચારમાત્રથી કર્મનો બંધ થાય છે. તેથી મન, વચન, કાયાના યોગમાં સાવધ રહેવું. શારીરિક ક્રિયાથી જેમ કે મારવાથી કર્મબંધ થાય તે તુરત સમજી શકાય. વાણીના દોષથી કોઈને દુઃખ પહોંચાડવાથી કર્મબંધ થાય તે પણ કદાચ સમજી શકાય, પરંતુ વિજ્ઞાન છેક હમણાં સુધી મનના વિચારોને તરંગમય કે abstract માનતું હતું એટલે કે એના અણુમય અસ્તિત્વને સ્વીકારતું નહોતું. જ્યારે spect અને MRIના પ્રયોગોમાં સિદ્ધ થયું છે કે મનનો પ્રત્યેક વિચાર, પ્રત્યેક લાગણી જેમ કે ક્રોધ, દયા વગેરે મગજના એક ચોક્કસ કેન્દ્રમાં ઉદ્ભવે છે અને તે મશીનમાં નોંધાઈ શકે છે એટલે કે તે પૌદ્ગલિક છે. એથી પ્રભુની વાત સ્પષ્ટ થાય છે કે આપણો પ્રત્યેક સુવિચાર કે કુવિચાર એક છાપ ઊભી કરે છે. એ આપણા શરીરમાં કે વિશ્વની વ્યવસ્થામાં તેથી જ કર્મબંધનો હેતુ બને છે. આપણી વાણીનો એક એક શબ્દ પણ સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત થાય છે અને આખા વિશ્વના અણુએ અણુએ અને જીવમાત્રને અસર કરે છે અને એ પાછો આપણને પોતાને પણ સૌથી વધુ અસર કરે છે. તેથી જ પ્રત્યેક ક્રિયા, પ્રત્યેક શબ્દ કે પ્રત્યેક વિચારમાં અપ્રમત્ત/સાવધ રહેવું, જાગ્રત રહેવું, તેવો પ્રભુ વીર પરમાત્મા વારંવાર ઉપદેશ આપે છે.

છસો વર્ષ પહેલાં સાધુઓ માનસપૃથક્કરણ મનોચિકિત્સા કરતા હતા. ખુદ સિગમંડ ફ્રૉઇડને આશ્ચર્ય થાય એવી વાતો એ કાળનાં લખાણોમાં જોવા મળે છે.

**દિશાશાસ્ત્ર (Directions) :**

'આચારાંગ નિર્યુક્તિ'માં શ્રી ભદ્રબાહુસ્વામીએ દિશાની ચર્ચા કરતાં જણાવ્યું છે કે ભરતક્ષેત્રમાં જે દિશા સૂર્યોદયની છે તે ઐરાવતક્ષેત્રમાં સૂર્યાસ્તની છે અને ભરતક્ષેત્રમાં સૂર્યાસ્તની જે દિશા છે તે ઐરવતક્ષેત્રમાં સૂર્યોદયની છે પરંતુ બધાં જ ક્ષેત્રમાં ઉત્તરદિશામાં મેરુ પર્વત છે. આ લખવા માટે ચોક્કસ એમની પાસે અમેરિકા (ઐરાવતક્ષેત્ર)ની કોઈક આધારભૂત માહિતી હશે.

**આહાર અને વ્રત તપસ્યાનું વિજ્ઞાન :**

જૈન ધર્મમાં બતાવેલ ધાર્મિક અનુષ્ઠાનો તથા છ આવશ્યક (સામાયિક અને પ્રતિક્રમણ સહિત), છ અભ્યંતર તપ અને બાહ્ય તપ, કઠોર ચુસ્ત તપસ્યા (એકાસણાં, આયંબિલ, ઉપવાસ), આહારના નિયમો, આહારની આદત (આહારવિજ્ઞાન), રાત્રિભોજનત્યાગ, વિગઈ – મહા વિગઈવાળા આહારનો ત્યાગ, કાયોત્સર્ગ અને જૈન ધ્યાનની શરીર પર પડતી સુંદર અસર, ધર્મમાં નિરૂપેલી સોળ ભાવનાઓનું અનુસરણ. આ બધી બાબતો તથા અનુષ્ઠાનો સંપૂર્ણ શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય, ભાવનાત્મક પ્રગતિ તેમજ આધ્યાત્મિક ઉન્નતિ લાવે છે, તે વાત સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. આ દિશામાં આધુનિક પદ્ધતિથી સઘન પ્રયોગો થાય તો સમાજને ખૂબ ફાયદો થાય તેમ છે.

એ જ રીતે આપણું તિથિવિજ્ઞાન ધ્યાનથી જોઈએ તો ખબર પડે કે ચંદ્રની પૃથ્વીની આસપાસની પરિક્રમાને લીધે શરીરમાંના પાણીના જથ્થામાં થતા વધારાની, એની શરીરના પી.એ. પર થતી અસરોને ધ્યાનમાં રાખી આ નિયમો ઘડાયા છે. આ કારણે તિથિના દિવસે અમુક પ્રકારનાં લીલાં શાકભાજી ટાળવા માટેના આ નિયમો છે કે જેથી એકંદરે આપણું સ્વાસ્થ્ય સારી રીતે જાળવી શકાય. જૈન ધર્મના રાત્રિભોજન-ત્યાગ સાથે આજનું વિજ્ઞાન પણ સહમત થયું છે. સૂર્યાસ્ત પછી લીધેલ ખોરાકનું શક્તિને બદલે સીધું ચરબીમાં રૂપાંતર થાય છે અને શરીરની ચયાપચયની ક્રિયા અસ્તવ્યસ્ત થઈ જાય છે એવું વૈજ્ઞાનિક પ્રયોગોથી સિદ્ધ થયું છે. વિજ્ઞાન કહે છે કે સાંજે સંધ્યાકાળે શક્ય તેટલા વહેલા જમી લેવું જોઈએ. તેથી રાત્રિભોજન-ત્યાગ સંપૂર્ણપણે કોઈ પણ જાતના અપવાદ વગર અપનાવવાયોગ્ય છે. તેથી વજન પણ કાબૂમાં રહે છે. જોકે જૈન ધર્મમાં સૂર્યાસ્ત વખતે અને પછી અનેક સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિથી આહાર દોષિત થાય છે અને તે ખાવાથી હિંસા થાય છે તેનું પણ વર્ણન છે, જેથી રાત્રિભોજન મહાપાપ છે અને આ વાત પણ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલ છે.

જૈન શાસ્ત્રમાં આહાર ત્રણ રીતે થાય છે તેની વાત છે. ૧. પ્રક્ષેપાહાર (સામાન્ય આહારપદ્ધતિ), ૨. ઓજાહાર (Embryo feeding) અને ૩. લોમાહાર. લોમાહારની વાત કમાલ છે. અઠવાડિયાંઓ અને મહિનાઓના ઉપવાસ દરમિયાન મનુષ્યો કે પ્રાણીઓ કેવી રીતે જીવતા હોય છે તે વિજ્ઞાન માટે એક કોયડો છે. જૈનદર્શનમાં તેનું દિશાસૂચન તથા સમાધાન લોમાહારમાં છે. ચામડીનાં છિદ્રો ગંધ વગેરે યુક્ત પરમાણુમાંથી યોગ્ય જીવનશક્તિ વૈશ્વિક શક્તિમાંથી મળી શકે.

જૈનોમાં સામાયિક (૪૮ મિનિટ આત્મચિંતન, સ્વાધ્યાય, મૌન) અને પ્રતિક્રમણ (ગુરુસમક્ષ પાપોની આલોચના અને પુનઃ કદી ન કરવાં તેની પ્રતિબદ્ધતા)નું ખૂબ મહત્ત્વ છે. તેમાં ધ્યાનવિજ્ઞાન છે. સાથે કર્મક્ષયની પ્રક્રિયા છે. અત્યંત સૂક્ષ્મ વાત છે. સામાયિકમાં સમતા સાથે કર્મનિર્જરા, રાગદ્વેષમુક્તિ, મોહ-શોકથી વિરક્તિની વાત છે. પ્રતિક્રમણમાં ભૂતકાળ માટે પ્રાયશ્ચિત્ત, વર્તમાન કાળ માટે વિશુદ્ધિ અને ભવિષ્ય માટે વિશલ્યની અદ્‌ભુત પ્રક્રિયા છે.

જૈન આચારોમાં તપનું વિભાજન બહુ સુંદર રીતે થયું છે. જેટલું મહત્ત્વ બાહ્ય તપનું છે તેટલું જ નહિ બલકે તેથી પણ વધુ મહત્ત્વ આંતરિક / અભ્યંતર તપનું છે. બાહ્યતપમાં અનશન (ચાર પ્રકાર કે ત્રણ પ્રકારના આહારનો ત્યાગ), ઊણોદરી (ભૂખ કરતાં ઓછું ખાવું), વૃત્તિસંક્ષેપ (વૃત્તિ ઉપર કાબૂ

રાખવો), રસત્યાગ (ઘી, દૂધ, દહીં, પકવાન વગેરેનો ત્યાગ), કાયક્લેશ (શરીરને કષ્ટ આપવું), સંલીનતા (શરીરનાં અંગોને સંકોચી રાખવાં) આવે છે. અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ (સાધુ, ગુરુજી અને વિદ્વાનો અને વડીલની સેવા-શુશ્રૂષા), સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને ધ્યાન આવે છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનાં તપ આત્માની ઉન્નતિનાં પગથિયાં છે.

જૈન ધ્યાનમાં સામાયિક, પ્રતિક્રમણ અને કાયોત્સર્ગનાં સુંદર નિરૂપણ છે. આ ઉપરાંત પ્રેક્ષાધ્યાન, ગ્રંથિભેદ અને આત્માનું આત્મા વડે ધ્યાન વગેરે અનેક પ્રકારે ધ્યાનસાધના કરવાની વાત આવે છે. ગુણવત્તાની દૃષ્ટિએ જૈનોમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનને આગવું બતાવી તેમાં જ મન સ્થિર કરવાની આજ્ઞા છે. અશુભ ધ્યાનસ્વરૂપ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહેવાથી કષાયોથી મુક્તિ મળે છે અને મન પ્રફુલ્લિત રાખી શકાય છે.

**તબીબી વિજ્ઞાન :**

તબીબી વિજ્ઞાન વિશે ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્‌વૃત્તિ, વિપાક સૂત્ર, આચારાંગ સૂત્ર નિર્યુક્તિ, સ્થાનાંગ સૂત્ર વગેરેમાં સવિસ્તૃત વર્ણન છે.

સાત્ત્વિક આહાર, વિગઈ વગરનો આહાર, તપશ્ચર્યા, મનનો નિગ્રહ, જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ, સામાયિક, પ્રતિક્રમણ, ધ્યાન વગેરે અપનાવવાથી હૃદયરોગ અને અન્ય હઠીલા રોગો ઉપર પણ કાબૂ મેળવી શકાય છે. સ્વાસ્થ્યને લગતી સમસ્યા સાંપ્રત સમાજનો સળગતો પ્રશ્ન બની રહ્યો છે. ત્યારે આ સંજોગોમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય મેળવવા માટે તથા જાળવવા માટે જૈન ધર્મના સિદ્ધાંતો સૌથી વધારે અનુરૂપ જણાય છે. તેને અનુસરવાથી હકારાત્મક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે, રોગોની નાબૂદી થાય છે.

આપણી વર્તમાન જીવનપદ્ધતિ ઘણા જીવનભરના રોગો આપે છે. હૃદયરોગ, બી.પી., ડાયાબિટીસ, લકવો તથા કૅન્સર કારણભૂત છે. આપણી ખોટી જીવનશૈલી, આહારશૈલી, કસરતનો અભાવ તથા મનના નકારાત્મક અભિગમના કારણે રોગો થાય છે. જો જૈન જીવનપદ્ધતિથી જીવવામાં આવે તો આ બધા રોગો ઉપર કાબૂ મેળવી શકાય. આ અંગે થોડુંઘણું સંશોધન થયું છે. પણ જૈન આહારવિજ્ઞાન અને જીવનશૈલી ઉપર વિશેષ સંશોધન કરવાની તાતી જરૂર છે, જેનાથી ઘણાનું કલ્યાણ થઈ શકે.

જૈન આગમ તંદુલવેયાલિય પયન્ના ગ્રંથમાં ગર્ભવિકાસ(Embryology)નું વર્ણન છે તથા શરીરસંરચના(Anatomy)નું વિવરણ પણ જૈન આગમોમાં છે.

**અન્ય વિજ્ઞાનો :**

ધ્વનિવિજ્ઞાન, મંત્રવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, પર્યાવરણની જાળવણી, અર્થશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, ધાતુવિજ્ઞાન, આભામંડળનું વિજ્ઞાન વગેરે વિજ્ઞાનનું પણ જૈનદર્શનમાં નિરૂપણ થયું છે.

જૈન આગમ અનુયોગદ્વાર સૂત્રમાં રાગ-રાગિણી, ધ્વનિ અને શબ્દની અદ્‌ભુત અસરો ઉપર સુંદર વિવરણ છે. પ્રભુ મહાવીરે માલકૌંસ રાગમાં દેશના આપતાં એવું કહ્યું છે. જૈનોનું મંત્રવિજ્ઞાન,

યંત્રવિજ્ઞાન અને ધ્વનિવિજ્ઞાન પણ ગહન છે. જૈન પરંપરાનો નવકારમંત્ર અત્યંત પ્રભાવક ગણાય છે. તેની બીજી પણ મોટી એક વિશેષતા છે કે તે સંપૂર્ણપણે બિનસાંપ્રદાયિક.

જૈનદર્શનના લાક્ષણિક સિદ્ધાંતો – અહિંસા, અનેકાંતવાદ, સપ્તભંગી, ધર્મ-કર્મના સિદ્ધાંત, ક્રમબદ્ધ પર્યાય.... આ બધું ક્વૉન્ટમ ફિઝિક્સ, કાર્યકારણભાવ (causlity), Entanglement, Determinism, Mach's Principle, ઉત્ક્રાંતિના વૈજ્ઞાનિક સિદ્ધાંત વગેરે સાથે સુંદર રીતે સમજાવી શકાય.

ટૂંકમાં જૈનદર્શન અને આધુનિક વિજ્ઞાનમાં કેટલીય વાતો સમાંતર છે અને વિજ્ઞાનના વિકાસ સાથે જૈનદર્શનની આ બધી વાતોને વધુ ને વધુ વૈજ્ઞાનિક પુષ્ટિ મળી રહી છે, જે આજથી ૧૦૦ વર્ષ પૂર્વે નહોતું. તાત્પર્ય એ કે વિજ્ઞાનનો વ્યાપ હજી વધશે તો જૈન ધર્મની વાતો હજી વધુ સારી રીતે સમજી શકીશું.

જૈન આગમ અને જૈન પુરાતન ગ્રંથોમાં ઘણીબધી વિગતો એવી નિરૂપાયેલી છે કે જે સાંપ્રત વિજ્ઞાનના જ્ઞાનથી પણ સમજી શકાઈ નથી. આ રીતે જોવા જઈએ તો જૈનદર્શન પાસે ઊર્જાના સ્રોતો વિશે, આહારના અન્ય વિકલ્પો વિશે, કાર્મિક બંધનો, આહાર, સ્વાસ્થ્ય, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન વગેરે વિજ્ઞાનમાં કરવા જેવાં અનેક નવાં સંશોધનો પર ધ્યાન કેન્દ્રિત કરી, યોગ્ય પરિણામો મેળવી જૈન ધર્મ તરફથી માનવજાતિને શ્રેષ્ઠ ભેટ આપી શકીએ.

સાચું પૂછો તો જૈન દર્શનના પ્રત્યેક નિયમમાં – સિદ્ધાંતમાં વિજ્ઞાન સમાયેલું છે કારણ કે ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા. આધુનિક વિજ્ઞાનની ઘણીબધી મર્યાદાઓ છે. તેથી અવારનવાર આપણા દૃષ્ટિકોણને – માન્યતાને બદલવી પડે છે. જ્યારે વિદ્વાનોના મતે જૈનદર્શન શાશ્વત હોવાથી એમાં તસુયે બદલાવને અવકાશ નથી. જૈનદર્શનમાં બતાવેલી આત્મા, પુનર્જન્મ, મોક્ષની વાતો વિજ્ઞાનની સમજની બહાર છે. આપણે આપણાં શાસ્ત્રોને ખોટી રીતે સમજવાની ભૂલ એટલા માટે કરીએ છીએ કે આધુનિક વિજ્ઞાન પાસે એમાં દર્શાવેલ સત્યો સમજવા જેટલું ઊંડાણ નથી અને વિજ્ઞાનના માપદંડને મર્યાદા છે અથવા તો શાસ્ત્રોનાં ભાષાંતર, રૂપાંતર વખતે ક્યાંક કશુંક રહી ગયું હોય. ગમે તે હોય તોપણ આપણે આપણા ધર્મમાં શ્રદ્ધા રાખવી પડશે. હા, સંપૂર્ણ વિશ્વાસ અને સમર્પણ જરૂરી છે. આપણે આપણાં મહાન કર્મોને સમજવા માટે સામ્યક્ દૃષ્ટિનો વિકાસ કરવો જોઈએ.

વાચક શ્રી ઉમાસ્વાતિજીએ બ્રહ્માંડ કેવું છે તેમાં કેટલા અને કેવા જીવો વસે છે, જીવોનું વર્ગીકરણ કયા ધોરણે કરવું, આ મનુષ્યલોક સિવાય બીજા લોક કેવા છે, ક્યાં છે, શરીર શું છે, મગજ અને ચિત્તમાં શું ફેર છે, જીવ કેવી રીતે ફરે છે, પરમાણુ શું છે, ગતિ શું છે, પ્રકાશનાં કિરણો કેવી રીતે અવકાશમાં જાય છે વગેરે સઘળુંય સુંદર રીતે વર્ણવ્યું છે. જગતના ઇતિહાસમાં કોઈ પણ સંસ્કૃતિમાં તત્ત્વનો વિચાર સત્યની આટલો નજદીક નહિ હોય.

આ ઉપરાંત વાચક શ્રી ઉમાસ્વાતિએ તેમનાં પુસ્તકોમાં ગતિના પ્રકાર, વાતાવરણમાં ઊડતા

સૂક્ષ્મ જીવો, પરમાણુ અવિભાજ્ય છે એવા શબ્દો, આકાશનું સ્વરૂપ કેવું છે, અસમાન પરમાણુ જ જોડાઈ શકે, જાતીયવૃત્તિનું ઊર્ધ્વીકરણ, સ્વર્ગીય અને નારકીય પરિસ્થિતિમાં મન કેવો ભાગ ભજવે છે, વગેરે વિષયો ઉપર ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ વિચારો દર્શાવ્યા છે. વાચક શ્રી ઉમાસ્વાતિનાં પુસ્તકો જો કોઈ પણ આધુનિક અભ્યાસુ વાંચે તો માત્ર લેખક કે જૈન ધર્મ પ્રત્યે જ નહિ, બલ્કે સમગ્ર પ્રાચીન ભારતીય સમજ પ્રત્યે માનથી જુએ.

આજે આપણે બધાએ કટિબદ્ધ થઈને પ્રતિજ્ઞા કરવી પડશે કે આપણા ધર્મના અમૂલ્ય વારસાને સમજીશું. તેને ગરિમા પ્રદાન કરીશું. બધાથી વધારે ઉત્કૃષ્ટ સંશોધન કરી સમસ્ત પૃથ્વી પરના જીવોના ઉત્થાન માટે પ્રયત્ન કરીશું તો વિશ્વકલ્યાણ અને વિશ્વશાંતિનું જૈન ધર્મનું સ્વપ્ન સાકાર થાય અને સાથે સાથે ક્ષણનો પણ પ્રમાદ કર્યા વગર પોતાના આત્માના કલ્યાણ માટે આત્મસાક્ષાત્કાર કરી મુક્તિના પંથે પ્રયાણ કરી શકીશું.

9

# પ્રાચીન ભારતની જૈન હસ્તપ્રતોની લિપિઓની વિશેષતા

ભારતીબહેન શેલત

માનવસભ્યતાના અન્વેષણ અને નિરૂપણમાં લિપિ-લેખનકલા એક મહત્ત્વનું અંગ ગણાય છે. મનુષ્યે લેખનકલાની શોધ કરી ત્યારથી એ પરસ્પર વ્યવહારનું મહત્ત્વનું સાધન બની. 'વર્ણમાલા લખવાની રીત' એ લિપિ કહેવાય છે. ભારતમાં સહુપ્રથમ લેખનકલાના નમૂના મળ્યા છે તે મોહેંજો-દડો અને હડપ્પા (ઈ.પૂ. ત્રીજી સહસ્રાબ્દી)ના પુરાતન અવશેષો રૂપે પ્રાપ્ત થયેલ માટીની પકવેલી લખાણયુક્ત મુદ્રાઓ અને મુદ્રાંકો છે. આ લિપિની સંજ્ઞાઓને ઉકેલવાના પ્રયાસો વિદ્વાનોએ કર્યા છે. છતાં અદ્યાવધિ આ લિપિ સંતોષકારક અને સર્વમાન્ય રીતે ઉકેલી શકાઈ નથી.

ઐતિહાસિક કાલના સહુથી જૂના ઉપલબ્ધ અભિલેખો બ્રાહ્મી લિપિમાં કોતરેલા છે, જેમાં બ્રાહ્મી લિપિનું પ્રાચીનતમ સ્વરૂપ જોવા મળે છે. આ બ્રાહ્મી લિપિમાંથી કાલક્રમે પરિવર્તનો થતાં થતાં ઈ.સ.ની ચોથી-પાંચમી સદી દરમિયાન ઉત્તર ભારતમાં ગુપ્તકાલીન બ્રાહ્મી લિપિનો વિકાસ થયો. ઠ્ઠીથી ૯મી સદી દરમિયાન કુટિલ લિપિ વિકસી અને ક્રમશઃ સમગ્ર ઉત્તર ભારત અને મધ્ય ભારતમાં ૧૧મી-૧૨મી સદી સુધીમાં નાગરી લિપિ વિકાસ પામી. દક્ષિણ ભારતમાં બ્રાહ્મીમાંથી વિકાસ પામેલી પલ્લવ લિપિ ૭મી સદીમાં પ્રચલનમાં રહી. કર્ણાટકમાં ૮મી-૯મી સદી દરમિયાન નંદિનાગરી લિપિ વિકસી. દ્રવિડિયન કુળની તેલુગુ લિપિ આંધ્રમાં અને કન્નડ લિપિ કર્ણાટકમાં ૧૩મી સદીથી અલગ પડી. ઈ.સ.ની ૮મીથી ૧૫મી સદી દરમિયાન તમિળનાડુમાં

સંસ્કૃત ગ્રંથો લખવા માટે ગ્રંથલિપિ વિકાસ પામી. ૧૪મી-૧૫મી સદી દરમિયાન કેરલમાં મલયાળમ અને તુળુ લિપિઓ ઉદ્ભવી.

પશ્ચિમોત્તર ભારતમાં ૮મી સદીમાં શારદા લિપિ વિકસી. આ પ્રાચીન શારદા લિપિ આદ્ય-નાગરી જેવી લિપિમાંથી વિકસી હતી. એમાંથી કાશ્મીરી-શારદા, ટાકરી અને ગુરુમુખી એ ત્રણે લિપિઓ ઊતરી આવી. ઈ.સ.ની દસમી સદીથી પૂર્વ ભારતમાં આદ્ય નાગરી લિપિનું ભિન્ન રૂપાંતર થવા લાગ્યું. સમય જતાં એમાંથી બંગાળી, મૈથિલી અને નેવારી લિપિઓ ઘડાઈ. ઓરિસાની ઊડિયા લિપિ પ્રાચીન બંગાળી લિપિમાંથી નીકળી છે. બિહારના પ્રદેશમાં કાયસ્થ લોકોએ નાગરી લિપિનું ઝડપથી લખાય તેવું સ્વરૂપ પ્રયોજ્યું, જે કૈથી લિપિ કહેવાઈ (શેલત, ૨૦૦૫ : ૬૫-૭૩).

**નાગરી લિપિ :**

ભારતની વર્તમાન લિપિઓમાં નાગરી લિપિ સહુથી વધુ પ્રદેશોમાં પ્રચલિત છે. ખાસ કરીને ઉત્તર ભારતમાં અને દખ્ખણમાં. નાગરી એ 'દેવનાગરી'નું ટૂંકું રૂપ છે. આ નામ ઘણું કરીને 'દેવનગર' નામે યંત્રમાં પ્રયોજાતા સાંકેતિક અક્ષરોને લઈને પ્રયોજાયું હોય એમ ગણાય છે. દખ્ખણમાં એ 'નંદિનાગરી' તરીકે ઓળખાય છે. આ લિપિ અહીં ૮મી સદીથી પ્રયોજાય છે. ઉત્તર ભારતમાં નાગરી લિપિનો પ્રયોગ ૧૦મી સદીથી જોવા મળે છે. ૧૨મી-૧૩મી સદી દરમિયાન નાગરી લિપિનો વર્તમાન મરોડ ઘડાયો. એની સ્વરમાત્રાઓનો પણ ક્રમિક વિકાસ થયો. વર્તમાન નાગરીમાં જોડાક્ષરોમાં કેટલાક અક્ષર ઉપર-નીચે જોડાતા; જેમ કે क्क, क्ल, त्त, न्व, म्ले, म्व વગેરે. ક્યારેક પૂર્વગ અક્ષરમાં જમણી ઊભી રેખાનો લોપ થાય છે; (પટ્ટ ૧ : ૧.૧, ૧.૮, ૬.૫, ૧૦.૪, ૧૨.૨-૩). જેમ કે ग्म, ण्य, त्प, त्म, त्य (પટ્ટ ૧ : ૨.૮, ૬.૨, ૭.૮-૯, ૭.૩). જોડાક્ષર ર માં આગળના અક્ષરની નીચે ડાબી બાજુએ ત્રાંસી રેખા રૂપે ઉમેરાય છે. જેમ કે द्र, व्रा, म्र વગેરે (પટ્ટ ૧ : ૯.૧, ૧૧.૧, ૧૨.૧). त्त માટે त ની ડાબી આડી રેખાની ઉપર એને સમાંતર આડી રેખા ઉમેરાતી. (પટ્ટ ૧: ૬.૫) (પરીખ, ૧૯૭૪ : પટ્ટ ૨૧).



પટ્ટ ૧ : સોલંકીકાલીન જોડાક્ષરો

## પટ્ટ ૨ : સોલંકીકાલીન લિપિવિકાસ



કોલમ ૧ : ઈ.સ.ની ૧૦મી-૧૧મી સદીના વર્ણો

કોલમ ૨ : ઈ.સ.ની ૧૧મી-૧૨મી સદીના વર્ણો

કોલમ ૩ : ઈ.સ.ની ૧૨મી-૧૩મી સદીના વર્ણો

કોલમ ૪-૫ : ઈ.સ.ની ૧૩મી સદીના વર્ણો

કોલમ ૬ : સોલંકીકાલીન હસ્તપ્રતોના વર્ણો

ગુજરાતમાં ૯મી સદીથી ઉત્તરી શૈલીની આદ્યનાગરી લિપિનો પ્રયોગ થવા લાગ્યો. સોલંકી કાલ (ઈ.સ. ૯૪૨-૧૩૦૪) દરમિયાન ગુજરાતમાં નાગરી લિપિ લગભગ વર્તમાન નાગરી લિપિ જેવી બની. આ કાલ દરમિયાન इ, च, ठ, ध, न અને ब જેવા અક્ષરોનો મરોડ અર્વાચીન બન્યો. ऋ, ओ, क, छ, झ, फ અને भ જેવા થોડા અક્ષરોના મરોડ વિલક્ષણ રહ્યા. इ અને ई ની સ્વરમાત્રામાં શિરોરેખા ઉમેરાઈ નથી. एની માત્રા માટે પડિમાત્રાનું પ્રચલન વિશેષ છે. શિરોરેખા आ અને ए ની પડિમાત્રા સુધી લંબાય છે. મૂળાક્ષરોમાં अ, ण, ल અને श ની સરખામણીએ એના ઉત્તરી મરોડ વિશેષ પ્રચલિત છે. झ અને भ ના બંને મરોડ પ્રચલિત છે. (પરીખ અને શાસ્ત્રી, ૧૯૭૬, પટ્ટ ૧) (શાસ્ત્રી, ૧૯૭૩ : ૭૨-૭૮)

ઈ.સ.ની ૧૫મીથી ૧૮મી સદી દરમિયાન अ, उ, ण, भ, ल અને क्षના ઉત્તરી મરોડ વધુ પ્રચલિત રહ્યા. लને બદલે શિરોરેખાવાળા ગુજરાતી 'લ' જેવો મરોડ વધુ પ્રચાર પામ્યો. પડિમાત્રાને બદલે શિરોમાત્રા પ્રચલિત બની. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મુદ્રણાલયના બાળબોધ અક્ષરોના મરોડ વધુ પ્રચલિત બન્યા.

**જૈન નાગરી લિપિ :**

જૈન નાગરી લિપિ ઘણે અંશે દેવનાગરી લિપિને મળતી આવે છે. પરંતુ કેટલાક વર્ણ, ખાસ કરીને જોડાક્ષર લખવાની પદ્ધતિ, પડિમાત્રાનો પ્રયોગ, અનેક પ્રકારના વિશિષ્ટ સંકેતોનું નિર્માણ વગેરેને લઈને જૈન હસ્તપ્રતોની લિપિ દેવનાગરી લિપિથી થોડી જુદી પડે છે. આથી આ લિપિને 'જૈન લિપિ' કે 'જૈન નાગરી લિપિ' કહે છે. સુંદર અને વ્યવસ્થિત લખાણ લખવા માટે જૈનોએ કાયસ્થ, બ્રાહ્મણ, નાગર, ભોજક વગેરે અનેક જાતિઓની વ્યક્તિઓને હસ્તપ્રતોની પ્રતિલિપિઓ તૈયાર કરવાના લહિયા તરીકેનાં કામ આપ્યાં હતાં. (પરીખ, ૧૯૭૪ : ૨૪૭).

ગુજરાતમાં સોલંકી કાલથી તાડપત્ર અને કાગળ પર લખાયેલી હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે. તાડપત્ર ઉપર આ લિપિમાં લખાયેલ લખાણ પહેલવહેલું મહેશ્વરસૂરિકૃત 'પંચમી કથા' ગ્રંથની સં. ૧૧૦૯ (ઈ.સ. ૧૦૫૨-૫૩)માં લખાયેલ હસ્તપ્રતમાં જોવા મળે છે (પરીખ, ૧૯૭૪ : ૨૪૭). આ હસ્તપ્રતો મુખ્યત્વે જૈન લેખકોએ લખી છે. આવી હસ્તપ્રતોનાં લખાણ લાંબાં અને સંકલિત હોવાથી એની લિપિમાં વર્ણમાલાના લગભગ બધા જ વર્ણો અને સંયુક્ત વ્યંજનોનું સ્વરૂપ જાણવા મળે છે.

જેમ દેવનાગરી લિપિ એક જ સ્વરૂપની હોવા છતાં જુદી જુદી ટેવો, પસંદગી, સહવાસ, સમયનું પરિવર્તન, મરોડ આદિને લીધે અનેક રૂપોમાં વહેંચાઈ ગઈ તેમ એક જ જાતની જૈન લિપિ પણ જુદી જુદી ટેવો, પસંદગી આદિને કારણે અનેક ભાગોમાં વહેંચાઈ ગઈ. જેમાં યતિઓની લિપિ, ખરતરગચ્છીય લિપિ, મારવાડી લેખકોની લિપિ, ગુજરાતી લેખકોની લિપિ એવા અનેક પ્રકારો છે.

યતિઓની લિપિ મોટે ભાગે અક્ષરના ટુકડા કરીને લખેલી હોય છે. અક્ષર લખતાં તેનાં સીધાં-વાંકાં, આડાં-ઊભાં, ઉપરનાં અને નીચેનાં પાંખડાં અને વળાંકને છૂટાં પાડીને લખવામાં અને જોડવામાં આવે છે. આથી યતિઓની લિપિના અક્ષર અત્યંત શોભાવાળા, પાંખડાં સુરેખ અને સુડોળ

હોય છે. જ્યારે બીજા બધા લેખકોની લિપિ મોટે ભાગે એક જ ઉપાડથી લખાયેલી હોય છે. બધા લહિયાઓનો 'અ', 'સ' વગેરે અક્ષરો અને લિપિનો મરોડ અમુક જાતનો જ હોય છે. ખરતરગચ્છીય લિપિમાં એ અક્ષરો તેમજ લિપિનો મરોડ કંઈક જુદો હોય છે. મારવાડી લેખકો અક્ષરોનાં નીચેનાં પાંખડાં પૂંછડાંની જેમ ઓછાં ખેંચે છે, અથવા લગભગ સીધાં જ રાખે છે. બીજા લેખકો કંઈક વધારે પડતાં ખેંચે છે.

'अक्षराणि समशीर्षाणि, वर्तुलानि घनानि च ।
परस्परमलग्नानि, यो लिखेत् स हि लेखकः ॥'
'समानि समशीर्षाणि वर्तुलानि घनानि च ।
मात्रासु प्रतिबद्धानि, यो जानाति स लेखकः ॥'
'शीर्षोपेतान् सुसंपूर्णान्, शुभश्रेणिगतान् समान् ।
अक्षरान् वै लिखेद् यस्तु लेखकः स वरः स्मृतः ॥'

'અક્ષરો સીધી લીટીમાં ગોળ અને સઘન, હારબંધ છતાં એકબીજાને અડકે નહીં તેવા છૂટા, તેમજ તેનાં શીર્ષ, માત્રા વગેરે અખંડ હોવા સાથે લિપિ આદિથી અંત સુધી બરાબર એકધારી લખાઈ હોય તે 'આદર્શ લિપિ' છે; અને આ જાતની લિપિ-અક્ષરો લખી શકે એ જ 'આદર્શ લેખક' કહી શકાય.' જૈન સંસ્કૃતિએ આદર્શ લેખકો અને આદર્શ લિપિને ઉત્પન્ન કરવા અને તેને ટકાવી રાખવા ખૂબ કાળજી રાખી છે. (નવાબ, ૧૯૩૬ : ૪૮-૪૯)

**લિપિનું માપ :**

વિક્રમની ૧૧મી સદીથી આદ્યપર્યંત લખાયેલા હસ્તલિખિત ગ્રંથોનું અવલોકન કરતાં નીચેની બાબતો ધ્યાનાર્હ બને છે :

૧. લિપિમાંના અક્ષરો અને લીટી લીટી વચ્ચેના અંતરનું પ્રમાણસર માપ. પ્રાચીન લહિયાઓ અક્ષરનું માપ મોટું રાખતા અને લીટી લીટી વચ્ચેનું અંતર અક્ષરના માપ કરતાં ત્રીજા ભાગનું અથવા ક્યારેક એ કરતાં પણ ઓછું રાખતા.

૨. ૧૯મી-૨૦મી સદીના લહિયાઓ અક્ષરનું અને લીટી લીટી વચ્ચેના અંતરનું માપ એકસરખું રાખે છે. એનાથી એકસરખી ગણતરીની પંક્તિઓવાળી અને એકસરખા લાંબા-પહોળા માપની પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓના અક્ષરો મોટા જણાશે જ્યારે અર્વાચીન તે જ માપની હસ્તલિખિત પ્રતિઓમાંના અક્ષરો નાના દેખાશે. ૨૦મી સદીમાં પણ કેટલાક પ્રાચીન વારસો ધરાવનાર યતિલેખકો લીટી લીટી વચ્ચેનું અંતર ઓછું રાખી મોટા માપના અક્ષરો લખતા હોવા છતાં આ પ્રથા જોવા મળતી નથી (નવાબ, ૧૯૩૬ : ૪૯).

**જૈન લિપિમાં મૂળાક્ષરો :**

સોલંકીકાલીન જૈન લિપિમાં ल નો ડાબી બાજુનો વળાંકવાળો ભાગ બિનજોડાયેલો રહે છે. ल નો 'ल' આ મરોડ જૈન લિપિમાં આજ સુધી સચવાઈ રહ્યો છે (પટ્ટ ૩ : ૧-૫).

વર્ણોના મરોડોને તેમની શિરોરેખાની જમણી બાજુએ લટકાવવાનું વલણ વ્યાપક રીતે જોવા મળે છે. મૂળાક્ષર ष અને श ના વૈકલ્પિક મરોડ પ્રયોજાયેલા જોવા મળે છે.

૧૪મી - ૧૫મી સદી દરમિયાન ड નું વૈકલ્પિક સ્વરૂપ વિકસ્યું હોવાનું જણાય છે, જે ૧૯મી સદી સુધી ચાલુ રહ્યું (પટ્ટ ૩ : ૨-૫). ધ વર્ણમાં શિરોરેખા નહીં કરવાનો રિવાજ છેક સોલંકીકાલથી આજ સુધી જૈન લેખનમાં જળવાઈ રહ્યો છે. छ નો પ્રાચીન મરોડ આદ્યપર્યંત પ્રયોજાવો ચાલુ રહ્યો.

ऋ, ओ, औ, छ, ज અક્ષરોના વૈકલ્પિક મરોડ અને ठ, ड, भ, ल અને श ના પ્રાચીન મરોડને જૈન લિપિમાં સાચવી રાખવામાં આવ્યા છે (પરીખ, ૧૯૭૪ : ૨૭૮-૮૦).

**વર્ણોમાંનાં સ્વરચિહ્નો :**

વર્ણોમાંનાં સ્વરચિહ્નોમાં પડિમાત્રા અને અગ્રમાત્રાનો વ્યાપક પ્રયોગ જૈન લિપિનું મહત્ત્વનું લક્ષણ છે. પડિમાત્રા-પૃષ્ઠિમાત્રા એટલે અક્ષરની પાછળ (ડાબી બાજુએ) લખાતી માત્રા અને અગ્રમાત્રા એટલે અક્ષરની આગળ જમણી બાજુએ જોડાતી માત્રા. પ્રાચીન લિપિમાં પડિમાત્રાનો ઘણો પ્રચાર હતો. એક સમયે એનો પ્રચાર લગભગ સાર્વત્રિક અને નિયત હતો. પડિમાત્રા લખવાની પદ્ધતિ એ જૈન લિપિનો વિશિષ્ટ વારસો હતો. અગ્રમાત્રાની પદ્ધતિ લિપિ લખવાની સુગમતા અને સુઘડતાને આભારી છે.

પડિમાત્રાનો પ્રયોગ જૈનોએ ૧૭મી સદી સુધી ચાલુ રાખ્યો. ત્યારબાદ શિરોમાત્રાનો ઉપયોગ વધતાં પડિમાત્રાનો પ્રયોગ ઓછો થતો ગયો. रु અને रू માં અગ્રમાત્રા વર્ણની આગળ જોડાય છે; જેમ કે रु અને रू, ह्यु અને व्यु માં (પરીખ, ૧૯૭૪ : ૨૮૧; ઠાકર, ૨૦૦૬ : ૨૬-૨૭). વર્ણમાંના 'ઇ' કે 'ઈ'નાં ચિહ્નોના ઊભા દંડને શિરોરેખા સાથે જોડવામાં આવતા નથી. ઉ.ત. क्ति (પટ્ટ ૩ : ૬-૭ ખાનાનો ત્રીજો મરોડ), त्रि (૬·૧૯), ह्री (૮·૨૮).

द વર્ણના સ્વરૂપમાં उ, ऊ અને ऋ સ્વરચિહ્નો જોડતી વખતે તેની ઉપરની ઊભી રેખાનો લોપ કરવામાં આવે છે, જેમ કે दु, दू, दृ (પટ્ટ ૩ : ૭.૨૩, ૨૩, ૨૪).

ક્યારેક સ્વરચિહ્નો વર્ણમાં જોડતી વખતે ઓછી જગ્યા રોકાય માટે વર્ણના અંગમાં કાપકૂપ કરવામાં આવે છે, જેમ કે कृ (६.१), सूं (९.१७), हु (९.२८).

આમ સ્વરચિહ્નોમાં પડિમાત્રા, અગ્રમાત્રા, ધ માં સ્વરચિહ્નો જોડતી વખતે પણ શિરોરેખાનો અભાવ વગેરે લક્ષણો જૈન લિપિમાં જોવા મળે છે (પરીખ, ૧૯૭૪ : ૨૮૧-૮૨).

**જોડાક્ષરો :**

ઈ.સ.ની ૧૧મીથી ૧૫મી સદી દરમિયાન જૈન લિપિમાં કેટલાક જોડાક્ષરોનું સ્વરૂપ પહેલેથી જ વિલક્ષણ હતું અને એ વિલક્ષણતા છેક સુધી ચાલુ રહી. અહીં य અને र વર્ણ સાથેના જોડાક્ષર ઉલ્લેખનીય છે. ૧૫મી સદી સુધી કેટલાક य વાળા જોડાક્ષરોમાં य નો નિયમિત મરોડ જણાય છે; જેમ કે ण्य (પટ્ટ ૩ : ૬.૧૬), त्स्य (૬.૨૧), प्य (૯.૧૩), ल्य (૮.૧૮) અને स्य (૮.૨૬).

કેટલાક य ના જોડાક્ષરવાળા મરોડ प વર્ણ જેવા લાગે છે; જેમ કે ख्य (પટ્ટ ૩ : ૬.૭), ज्ये (૬.૧૩), ध्या (૮.૫), प्य (૮.૯), व्यु (૮.૨૦). ઈ.સ.ની ૧૬મી સદીથી य જેવા મરોડનો પ્રયોગ વધતો જાય છે; જેમ કે ख्य (૭.૭), ज्य (૭.૧૩), ल्य (૯.૧૮), ध्ये (૯.૫), प्य (૧.૯).

અનુગ र ના જોડાક્ષરમાં આગળના વ્યંજનની ઊભી રેખાના નીચેના છેડાથી સહેજ ઉપર ડાબી બાજુએ નાની સીધી ત્રાંસી રેખા જોડવામાં આવતી. પંદરમી સદી સુધી માત્ર क्र માં જ આ રીતે સીધી નાની રેખા જોડવામાં આવતી; જેમ કે (પટ્ટ ૩ : ૬.૫). બીજા વર્ણોમાં અનુગ र ની એ રેખાને સહેજ ગોળ આકાર આપીને ઉપરની તરફ સહેજ ચઢાવવામાં આવતી; જેમ કે त्रि (૬.૧૯), न्द्र (૮.૬), प्र (૮.૧૦), स्र (૮.૨૩). આગળ જતાં र જોડાક્ષરનો વળાંકવાળો મરોડ જ જોડવામાં આવતો.

જૈન નાગરી લિપિમાં જોડાક્ષરોમાં સહેજ રૂપાંતરો બાદ કરતાં અક્ષરોનું પ્રાચીન સ્વરૂપ જળવાઈ રહ્યું છે. જેમ કે क्क (૭.૨). क्क માં મધ્યની આડી રેખાને જમણી તરફ લંબાવીને કાટખૂણે નીચે ઉતારી છે.

त જોડાક્ષર પૂર્વગ હોય ત્યારે આડી રેખા રૂપે પછીના વ્યંજનની ડાબી પીઠ સાથે જોડાય છે; જેમ કે त्त (પટ્ટ ૩ : ૭.૧૮), त्वा (૭.૨૦), त्स्य (૭.૨૧). સોળમી સદી પહેલાં त् ને આગળ આડી રેખા સાથે જોડવામાં આવતો (જેમ કે त्त (૬.૧૮), त्वा (૬.૨૦), त्स्य (૬.૨૧).

न्न ના જોડાક્ષરમાં બંને न ઉપર-નીચે જોડાતા, જેમ કે न्न (૮.૭). પછીના સમયમાં ઉત્તર વ્યંજનની ડાબી પીઠ પર પૂર્વ न જોડાતો; જેમ કે न्न (૯.૭).

ल्ल ના જોડાક્ષરમાં ઉપર-નીચે ल ના વર્ણ જોડાય છે; જેમ કે ल्ल (૯.૧૯). ज्ज ના મરોડમાં ज ના પ્રાચીન મરોડ સાથે અનુગ ज ના ડાબા અંગને પૂર્વગ ज ના ડાબા અંગ સાથે જોડવામાં આવે છે; જેમ કે ज्ज (પટ્ટ ૩ : ૭.૯).

ण्णના જોડાક્ષરમાં ण ની વચ્ચેની રેખાના મધ્ય ભાગને છેદતી ડાબા-જમણા અંગોને જોડતી સહેજ ત્રાંસી રેખા દોરવામાં આવતી; જેમ કે ण्ण (૬.૧૫, ૭.૧૫).

प्त ના જોડાક્ષરનાં ડાબા-જમણા અંગોને જોડીને લખવામાં આવતાં. (૯.૮).

र्ध्व ના જોડાક્ષરમાં ध ની નીચે व જોડવામાં આવ્યો છે અને શિરોરેખા ध માં કરાઈ નથી (૯.૧૬).

स्त्र નો જોડાક્ષર વિલક્ષણ બન્યો છે. એમાં વચ્ચેના त ની આડી રેખા 'स'ના ડાબા નીચલા છેડાને સ્પર્શ કરે છે (૯.૨૩).

स्थ ના મરોડમાં અનુગ थ નો મરોડ પ્રાચીન छ વર્ણ જેવો લાગે છે (૯.૨૪).

स्व ના જોડાક્ષરમાં स અને व વર્ણ ઉપર નીચે લખવામાં આવ્યા છે. (૮.૨૭) અને ह्व નો મરોડ પણ પ્રાચીન અને વિલક્ષણ છે. એમાં ह ના ડાબા નીચલા વક્ર પાંખિયાની જગ્યાએ व જોડી દેવામાં આવ્યો છે (૯.૨૮.૨)



પટ્ટ ૩ : જૈન લિપિ

આમ જોડાક્ષરોમાં પણ કેટલેક સ્થળે જૈન નાગરી લિપિ નિશ્ચિતપણે વિશેષતાઓ ધરાવે છે. ઉ.ત. य અને र વર્ણ જોડાતાં પૂર્વના વ્યંજન क, त અને द વિલક્ષણ સ્વરૂપના બન્યા છે. ण्ण, ध्व, ल्ल, स्थ અને ह्व જેવા જોડાક્ષરો વિશિષ્ટ પ્રકારના બનેલા જોવા મળે છે અને નાગરી લિપિના અક્ષરોથી ઘણા અલગ પડે છે (પરીખ, ૧૯૭૪ : ૨૮૩-૨૮૫).

**જૈન લિપિમાં અંકલેખન :**

પ્રાચીન લહિયાઓ નાગરી લિપિમાં લખેલાં પુસ્તકોના પત્રાંક માટે અંકાત્મક અને અક્ષરાત્મક એમ બે જાતના અંકોનો પ્રયોગ કરતા. આ બંને પ્રકારના અંકોનો ઉપયોગ પ્રાચીન શિલાલેખો અને જૈન આગમો, તેના ભાષ્ય અને ચૂર્ણિની પ્રાચીન તાડપત્રીય તેમજ કાગળની હસ્તપ્રતોમાં એકસરખા પાઠો, ગાથાંક, પ્રાયશ્ચિત્ત અને ભાંગા વગેરેનો નિર્દેશ અક્ષરાત્મક અંકોથી કરવામાં આવ્યો છે. जीतकल्पसूत्र ઉપરના આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના ભાષ્યમાં મૂળ ગાથાનું ભાષ્ય સમાપ્ત થાય છે ત્યાં મૂળસૂત્રનો ગાથાંક અક્ષરાત્મક અંકોથી દર્શાવેલો છે (નવાબ, ૧૯૩૬ : ૬૧-૬૨).

**ભિન્ન ભિન્ન અક્ષરાંકો**



અહીં એકમ સંખ્યા તરીકે એક, બે, ત્રણ વગેરે અંકો લખવા હોય તો એકમ અંકોમાં આપેલા એક, બે, ત્રણના પર્યાયરૂપ અક્ષરો લખાય છે. દસ, વીસ, ત્રીસ વગેરે દશક સંખ્યા લખવી હોય તો દશક અંકોમાં આપેલ એક, બે, ત્રણ વગેરેના પર્યાયરૂપ અક્ષરો લખવા અને શતક સંખ્યા લખવી હોય ત્યારે શતક અંકોમાં આપેલા એક, બે, ત્રણ વગેરેના પર્યાયરૂપ અક્ષરો લખવા. શૂન્યની જગ્યાએ શૂન્ય જ લખાય છે.

તાડપત્રીય અને કાગળની હસ્તપ્રતોમાં પૃષ્ઠસંખ્યા લખતી વખતે અક્ષરાંકો સીધી લીટીમાં ન લખતાં ઉપર-નીચે લખવામાં આવે છે; જેમ કે

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ॡ | ॡ | ॡ | ॡ | ॡ | ॡ | ॡ | ॡ | ॡ | | ॡ |
| १०. | ११ | | १२ | १३ | १४ | १५ | १६ | १७ | १८ | १९ |
| ० | १ | २ | ३ | एकं | ॡ | र्फु | ग्रां | ह्रीं | उँ | |

કાગળ ઉપર લખાયેલી હસ્તપ્રતોમાં જ્યાં અક્ષરાંકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યાં કેટલીક વાર એકમ, દશક, શતક અંકોમાં દર્શાવ્યા પ્રમાણેના અક્ષરાંકોનો ઉપયોગ નહીં કરતાં માત્ર એકમ સંખ્યામાં આપેલા અક્ષરાંકોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે; જેમ કે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| स्व | स्ति | ८ | स्व | स्व | ८ | स्व |
| १० | २० | ४० | ० १०० | स्व ११५ | ४०० | स्ति १२४० |
| ० | ० | ० | ० | ऌ | ० | एक |
| | | | | | | ० |

ત્રિશતી નામના ગણિત-વિષયના સંગ્રહગ્રંથમાં 'જૈન અંક' તરીકે એકથી દસ હજાર સુધીના અક્ષરાંકોની નોંધ છે. આ ગ્રંથની હસ્તપ્રત ૧૧ પાનાંની છે અને ત્રણસો વર્ષ જૂની જણાય છે. એમાં અક્ષરાંકો નીચે મુજબ આપવામાં આવ્યા છે.

स्तु ४००, स्ते ५००, ।स्ते ६००, ।स्ता ७००, ।स्तो ८००, स्तं ९००, स्तः १०००, क्षु २,०००, क्षू ३०००, क्षा ४,०००, क्षे ५,०००, ।क्षे ६,०००, ।क्षा ७,०००, ।क्षो ८,०००, क्षं ९,०००, क्षः १०,००० - इति गणितसंख्या जैनांकानां समाप्ता ॥ આ અક્ષરાંકોમાં स्व, स्ति, श्री, उं, न, मः, श्री, श्री, श्री એ મંગળ માટે ઉચ્ચારાતા અક્ષરો છે. (નવાબ, ૧૯૩૬ : ૬૪-૬૫)

**શબ્દાત્મક અંકસંખ્યા :**

પ્રાચીન ભારતમાં સામાન્ય વ્યવહારમાં વિવિધ શાસ્ત્રોને લગતા ગ્રંથો પદ્યમાં લખાતા, જેથી કંઠસ્થ કરવામાં સરળતા રહેતી. જ્યોતિષ, ગણિત, વૈદક, કોશ વગેરે શાસ્ત્રીય વિષયો પરના ગ્રંથો શ્લોકબદ્ધ લખાવા લાગ્યા. પ્રાચીન હસ્તપ્રતોના અંતે ગ્રંથરચના કે પ્રતિલેખન સંવત આપવામાં આવતો. મિતિદર્શક મોટી સંખ્યાઓ દર્શાવવામાં મુશ્કેલી ઊભી થતાં एक, द्वि, त्रि વગેરે સંખ્યાવાચક શબ્દોને બદલે સાંકેતિક શબ્દો પ્રયોજવામાં આવતા, જેના અનેકવિધ પર્યાયો ઉપલબ્ધ હોય. આથી પદ્યરચનાઓમાં વર્ણસંખ્યા અને હ્રસ્વ-દીર્ઘ માત્રાઓ પ્રયોજવી સરળ બને. આવા શબ્દાંકો નીચે પ્રમાણે દર્શાવી શકાય : (ओझा, १९९३ : ११९-१२१; નવાબ, ૧૯૩૬ : ૬૭-૬૯)

૦ = શૂન્ય, બિન્દુ, રન્ધ્ર, ખ, છિદ્ર, પૂર્ણ, ગગન, આકાશ, વ્યોમ, નભ, અભ્ર, અંબર વગેરે.
૧ = શશિ, વિધુ, ઇન્દુ, ચંદ્ર, શીતાંશુ, શીતરશ્મિ, સુધાંશુ, ભૂ, ભૂમિ, ક્ષિતિ, ક્ષ્મા, ધરા, વસુધા, પિતામહ, દાક્ષાયણીપ્રાણેશ(ચંદ્ર) વગેરે.
૨ = યમ, યમલ, યુગલ, દ્વંદ્વ, યુગ્મ, પક્ષ, અશ્વિન, નાસત્ય, લોચન, અક્ષિ, નેત્ર, નયન, ચક્ષુ, દૃષ્ટિ, કર્ણ, શ્રુતિ, બાહુ, કર, હસ્ત, પાણિ, ભુજ, કુચ, ઓષ્ઠ, અયન, કુટુંબ વગેરે.
૩ = રામ, ત્રિકાલ, ત્રિનેત્ર, લોક, જગત્, ભુવન, ગુણ, અનલ, અગ્નિ, વહ્નિ, પુરુષ, વચન વગેરે.
૪ = વેદ, શ્રુતિ, સમુદ્ર, સાગર, અબ્ધિ, જલધિ, જલનિધિ, વાર્દ્ધિ, નીરધિ, વારિધિ, ઉદધિ, અંબુધિ, અંભોધિ, અર્ણવ, વર્ણ, આશ્રમ, યુગ, તુર્ય, કૃત, અય, દિશ્, દિશા, બંધુ, કોષ્ઠ, ધ્યાન, ગતિ, સંજ્ઞા, કષાય વગેરે.
૫ = બાણ, શર, સાયક, ઇષુ, ભૂત, મહાભૂત, પ્રાણ, ઇન્દ્રિય, અક્ષ, વિષય, તત્ત્વ, પર્વ, પાંડવ, અર્થ, વ્રત, સમિતિ, કામગુણ, શરીર, મહાવ્રત.
૬ = રસ, અંગ, કાય, ઋતુ, માસાર્ધ, દર્શન, રાગ, અરિ, શાસ્ત્ર, તર્ક, કારક, સમાસ, લેશ્યા, ક્ષ્માખંડ, ગુણ, ગુહક, ગુહવક્ત્ર વગેરે.
૭ = નગ, અગ, ભૂભૃત્, પર્વત, શૈલ, અદ્રિ, ગિરિ, ઋષિ, મુનિ, અત્રિ, વાર, સ્વર, ધાતુ, અશ્વ, તુરગ, વાહ, હય, વાજિન્, છંદ, ધી, કલત્ર, ભય, સાગર, જલધિ, લોક વગેરે.
૮ = વસુ, અહિ, સર્પ, નાગેંદ્ર, નાગ, ગજ, દંતિન્, દિગ્ગજ, હસ્તિન્, માતંગ, કરિ, કુંજર, દ્વિપ, ઈભ, તક્ષ, સિદ્ધિ, ભૂતિ, અનુષ્ટુભ્, મંગલ, મદ, પ્રભાવક, કર્મન્, ધીગુણ, સિદ્ધગુણ વગેરે.
૯ = અંક, નિધિ, નંદ, ગ્રહ, ખગ, હરિ, રંધ્ર, ખ, છિદ્ર, ગો, પવન, તત્ત્વ વગેરે.
૧૦ = દિશ્, દિશા, આશા, કકુભ્, અંગુલિ, પંક્તિ, રાવણશિરસ્, અવતાર, કર્મન્, યતિધર્મ, શ્રમણધર્મ, પ્રાણ વગેરે.
૧૧ = રુદ્ર, ઈશ્વર, હર, ઈશ, ભવ, ભર્ગ, શિવ, મહાદેવ, પશુપતિ વગેરે.
૧૨ = સૂર્ય, અર્ક, રવિ, માર્તંડ (સૂર્યવાચક શબ્દો), માસ, રાશિ, વ્યય વગેરે.
૧૩ = વિશ્વ, વિશ્વેદેવાઃ, અઘોષ, કામ વગેરે.
૧૪ = મનુ, વિદ્યા, ઇંદ્ર, લોક, ભુવન, વિશ્વ, રત્ન વગેરે.
૧૫ = તિથિ, દિન, પક્ષ વગેરે.
૧૬ = નૃપ, ભૂપ, ભૂપતિ, કલા, ઇન્દુકલા વગેરે.
૨૪ = ગાયત્રી, જિન, અર્હત્ વગેરે.
૨૫ = તત્ત્વ
૨૭ = નક્ષત્ર
૩૨ = દંત, રદ, રદન વગેરે.
૩૩ = દેવ, અમર, ત્રિદશ, સુર વગેરે.
૪૦ = નરક
૪૮ = જગતી
૬૪ = સ્ત્રીકલા
૭૨ = પુરુષકલા

### હસ્તપ્રતોમાં આવતા શબ્દાંકોનાં ઉદાહરણો :

१. 'जिनभुवने १४२४ स्वर्गमितः' - **गुर्वावली**, श्लोक २९१

२. 'भुवन (३) श्रुति (४) रवि (१२) संख्ये' = सं. १२४३ (अङ्कानाम् वामतो गतिः - અંકોને ઊલટા ક્રમે ગણતાં) - **प्रश्नोत्तररत्नमालिकाटीका**

३. 'गुण (३) नयन (२) रसेन्दु (रस-६, इन्दु-१) मिते वर्षे = सं. १६२३ वर्षे **भावप्रकरण-अवचूरिः**

४. 'श्रीमद्विक्रमभूपतोऽम्बर-गुण-क्ष्माखण्ड-दाक्षायणीप्राणेशाङ्कितवत्सरे १६६०' - (अम्बर - ०, गुण - ६, क्ष्माखण्ड - ६, दाक्षायणीप्राणेश = चंद्र-१ - **जंबूद्वीपप्रज्ञप्तिटीका**

५. 'मुनि (७) वसु (८) सागर (४) सितकर (१) मिते वर्षे = सं. १४८७ - **सम्यक्त्वकौमुदी**

६. 'संवद्रस (६) निधि (९) जलनिधि (७) चन्द्र (१) मिते = सं. १७९६ कार्त्तिके सिते पक्षे । **ज्ञानसारटीका**

७. 'अब्दे षड् (६) अङ्क (९) विश्व ( १४) मिते' = सं. १४९६ - **अर्थदीपिका**

८. 'शर (५) इभ (८) विश्वे (१३) यमितामवाप्य' = सं. १३८५ - **गुर्वावली**, श्लोक २८९

### ગ્રંથલેખન આરંભ :

ગ્રંથલેખનના આરંભમાં દરેક લેખક ૐ નમઃ, ऐं नमः, नमो जिनाय, नमो वीतरागाय, ૐ नमः सरस्वत्यै, ૐ नमः सर्वज्ञाय જેવા મંગલસૂચક શબ્દો લખતા. પ્રાચીન હસ્તપ્રતોમાં एर्द० ॥ એ ચિહ્ન સૌથી આરંભમાં મૂકવામાં આવતું. મારવાડમાં નાનાં બાળકોને અભ્યાસની શરૂઆતમાં ॥५०॥ ૐ नमः सिद्धं । આરંભીને કક્કાની-સ્વરવ્યંજનની જે પાટીઓ ભણાવવામાં આવતી તેમાં 'બે લીટી ભલે મીંડું બે પાણ' તરીકે ગોખાવવામાં આવે છે. જૈન લહિયાઓ અને મુનિઓ પણ ઉપર્યુક્ત ચિહ્નને 'ભણે મીંડું' તરીકે ઓળખે છે.

**ૐ नमः सिद्धं અને કક્કાની-સ્વરવ્યંજનની પાટીઓ; સ્થૂલાક્ષરનો નમૂનો (સોળમી સદી)**





પ્રાચીન શિલાલેખો અને હસ્તપ્રતોના આરંભમાં લખાયેલાં ચિહ્ન :



હસ્તપ્રતો અને પ્રાચીન શિલાલેખોના આરંભમાં લખાતાં જુદા જુદા પ્રકારનાં ચિહ્નો ત્રણ વિભાગમાં સમજાવી શકાય :

૧. પહેલા વિભાગમાં આપેલાં ચિહ્નો ઈ.સ.ની ૫મીથી ૧૩મી સદી સુધીનાં શિલાલેખ અને તામ્રપત્રોના આરંભમાં મળે છે.

૨. બીજા વિભાગમાં વિક્રમ સંવતની ૧૧મી સદીથી માંડી અદ્યપિપર્યંતના ધાતુપ્રતિમાલેખોમાં મળે છે.

૩. ત્રીજા વિભાગમાંની આકૃતિઓ વિ.સં.ની ૧૨મી સદીથી માંડી અત્યાર સુધીની હસ્તપ્રતોમાં મળે છે.

આ ત્રણે વિભાગોમાં આવતાં ચિહ્નો ગુપ્ત, કુટિલ, નાગરી, શારદા, બંગલા, પશ્ચિમી લિપિઓના શિલાલેખો, મૂર્તિલેખો અને હસ્તપ્રતોના આરંભમાં લખાયેલાં જોવા મળે છે. અહીં દેવનાગરી અંકો ૧, ૫, ૬, ૭ અને ૯ ને મળતાં આવતાં ચિહ્નો લાગે છે (નવાબ, ૧૯૩૬ : ૫૭-૬૦). અભિલેખવિદો તેને ૐકારના સાંકેતિક ચિહ્ન તરીકે ગણે છે. જ્યારે 'ભલે મીંડું'ના સંકેતચિહ્નો દક્ષિણાવર્ત અને વામાવર્ત મંગલચિહ્નોમાંથી ઉત્તરોત્તર વિકાસ પામેલાં રૂપાંતરો હોવાનું કેટલાક વિદ્વાનો માને છે.

અને ૐ નું સ્પષ્ટ ચિહ્ન 'ભલે મીંડું' ચિહ્નથી અલગ હોવાનું માલૂમ પડે છે.

ગ્રંથસમાપ્તિમાં લેખકો शुभं भवतु, कल्याणमस्तु, मंगलं महाश्रीः, लेखकपाठकयोः शुभं भवतु, शुभं भवतु संघस्य એવાં અનેક જાતનાં શુભાશિષવચનો ઉપરાંત ॥छा॥, ॥ळा॥ આ જાતનાં ચિહ્ન હોય છે. કેટલીક વાર ગ્રંથના અધિકાર કે અધ્યાય કે અધિકરણની સમાપ્તિમાં પ્રયોજાય છે. અક્ષરના મરોડ પરથી આ ચિહ્ન પૂર્ણકુંભનું ચિહ્ન હોવાનું ધારવામાં આવ્યું છે. (નવાબ, ૧૯૩૬ : પૃ. ૬૧). કેટલીક પ્રતોમાં ગ્રંથના મુખ્ય વિભાગોની સમાપ્તિ થાય ત્યાં ચક્ર, કમલ, કલશ જેવી સુંદર ચિત્રાકૃતિઓ દોરવામાં આવતી.



**(निशीथचूर्णीની સં. ૧૧૫૭ની હસ્તપ્રત) - ગ્રંથના મુખ્ય વિભાગોની સમાપ્તિમાં કરાતી ચિત્રાકૃતિઓ**

લહિયાઓ હસ્તપ્રતના પત્રમાં અક્ષરોને લાક્ષણિક રીતે લખીને સુંદર ચિત્રાકૃતિઓ બનાવતા.



હસ્તપ્રતલેખનમાં વાક્યાર્થનો સંબંધ પૂર્ણ થાય ત્યાં પૂર્ણવિરામસૂચક । દંડાકાર ચિહ્ન કરાતું. વધારાનો અર્થ સમાપ્ત થતો ત્યાં ॥ ઊભા બે દંડ કરવામાં આવતા અને પ્રકરણ, ગાથા વગેરેની ટીકાની સમાપ્તિ થતી હોય ત્યાં ॥ छ ॥ આ પ્રમાણે લખી શ્લોકાંક આપવામાં આવતા. હસ્તપ્રતના અંતે ગ્રંથમાન (શ્લોકોની સંખ્યા) આપવામાં આવતું.

આમ જૈન હસ્તપ્રતોમાં પ્રયોજાયેલી જૈન નાગરી લિપિમાં ऋ, ओ, औ, छ, ठ, ड અને ल જેવા કેટલાક અક્ષરોના મરોડમાં પ્રાચીન સ્વરૂપ જળવાઈ રહ્યું છે. આ ઉપરાંત વર્ણની ઉપર ए અને ओની શિરોમાત્રાને બદલે પડિમાત્રા લખવાની પદ્ધતિમાં, ध વર્ણમાં શિરોરેખા નહીં બાંધવાની અને

સ્વરચિહ્નો જોડવાની પદ્ધતિમાં તેમજ ય અને ર વર્ણો સાથે જોડાક્ષરો લખવાની પદ્ધતિમાં તથા અંકચિહ્ન-લેખનમાં પ્રાચીન સ્વરૂપો જળવાઈ રહ્યાં છે. આ ઉપરાંત ગ્રંથલેખનના આરંભ અને અંતમાં પ્રયોજાતાં મંગલચિહ્નો, વર્ણ-વર્ણ અને પંક્તિ-પંક્તિ વચ્ચે નિશ્ચિત માપનું અંતર, પત્રક્રમાંક અક્ષરાત્મક અને અંકાત્મક બંને રીતે લખવો, હસ્તપ્રતના અંતમાં ગ્રંથાગ્ર કે ગ્રંથમાન (કુલ શ્લોકસંખ્યા) લખવું, હસ્તપ્રતના પત્રમાં અક્ષરોને લાક્ષણિક રીતે લખીને ચિત્રાકૃતિઓ બનાવવી તેમજ અધ્યાય, સર્ગ, ઉચ્છ્વાસ, લંભક, કાંડ, ઉદ્દેશ જેવા મુખ્ય વિભાગોની સમાપ્તિમાં ચિત્રાકૃતિઓ આલેખવી - ઇત્યાદિ અનેક વિશેષતાઓ જૈન લિપિમાં જોવા મળે છે.

આ રીતે ભારતીય સંસ્કૃતિના અમૂલ્ય જ્ઞાનવારસારૂપ જૈન અને જૈનેતર હસ્તપ્રતોને જૈન સમાજે હસ્તપ્રતભંડારોમાં સાચવીને તેનું જે જતન કર્યું છે તે આ સમાજનું ભારતીય જ્ઞાનપરંપરામાં બહુમૂલ્ય અને અવિસ્મરણીય પ્રદાન છે.

## સંદર્ભ-સાહિત્ય

ओझा, गौरीशंकर हीराचंद (१९९३), 'भारतीय प्राचीन लिपिमाला', नई दिल्ली; मुनशीराम मनोहरलाल पब्लिशर्स प्राइवेट लिमिटेड, तृतीय आवृत्ति

ઠાકર, જયન્ત પ્રે. (૨૦૦૬). 'હસ્તપ્રતવિજ્ઞાન', અમદાવાદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ.

નવાબ, સારાભાઈ મણિલાલ (સંપાદક અને પ્રકાશક - ૧૯૩૬), 'જૈન ચિત્રકલ્પદ્રુમ', અમદાવાદ, કુમાર પ્રિન્ટરી, રાયપુર.

પરીખ, પ્રવીણચંદ્ર ચિ. (૧૯૭૪), 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ (ઈ.સ. ૧૫૦૦ સુધી)', અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા.

પરીખ, રસિકલાલ છો. અને શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. સંપા. (૧૯૭૬), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૪ : 'સોલંકીકાલ', અમદાવાદ, ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ,

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. (૧૯૭૩), 'ભારતીય અભિલેખવિદ્યા'. અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, પ્રથમ આવૃત્તિ

શેલત, ભારતી (૨૦૦૫), 'લિપિ', અમદાવાદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ઉસ્માનપુરા

સૌજન્ય : 'જૈન ચિત્ર કલ્પદ્રુમ'માંથી લીધેલાં ચિત્રો બદલ.

10

# સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ

સુનંદાબહેન વોહોરા

આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજીનો જન્મ વીર નિર્વાણ સં. ૧૨૨૭ થી ૧૨૯૭ (વિ. સં. ૭૫૭થી ૮૨૭)ના સમયગાળામાં ચિત્રકૂટ (હાલના ચિતોડ)માં અગ્નિહોત્રી બ્રાહ્મણ કુળમાં ગંગામાતાની કુક્ષિએ થયો હતો. તેમના પિતાનું નામ શંકરલાલ હતું. તેમનું નામ હરિભદ્ર રાખવામાં આવ્યું. તેઓ જન્મથી પ્રતિભાસંપન્ન હતા. ઉપરાંત વિદ્યાવ્યાસંગી બ્રાહ્મણકુળનો યોગ મળવાથી વયવૃદ્ધિ સાથે જ્ઞાનવૃદ્ધિ વિકસતી રહી. તેઓ ચિતોડના રાજા જિતારીના રાજપુરોહિત તરીકે માનવંતું સ્થાન ધરાવતા હતા.

વિશ્વવત્સલ ભગવાન મહાવીરસ્વામીની દિવ્ય વાણી દ્વારા અપાયેલા બોધનો અવિરત પ્રવાહ ચાલ્યો આવે છે. ગણધરો અને ધર્મપ્રભાવક આચાર્યો દ્વારા અધ્યાત્મ ક્ષેત્રે ઉત્તમ વિપુલ સાહિત્ય પ્રાપ્ત થયું છે.

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ છ અંગ, ચાર વેદ, મીમાંસા, તર્ક, ધર્મશાસ્ત્ર અને પુરાણ એમ ચૌદ વિદ્યાના પારંગત હતા. તેઓ પોતાને અજેયવાદી માનતા હતા. એ વાદના નાદે તેઓને અહંથી પુષ્ટ કર્યા હતા. આ જ્ઞાન (અહં)થી પેટ ફાટી ન જાય તે માટે તેઓ સોનાનો પટ્ટો બાંધતા હતા અને જંબૂવૃક્ષની એક ડાળ હાથમાં એવું સૂચવવા રાખતા કે મારા સમાન કોઈ વિદ્વાન નથી.

આ ઉપરાંત તેઓ કોદાળી, જાળ અને નિસરણી રાખતા હતા. કોદાળી એટલા માટે કે કોઈ વાદી તેમનાથી ડરીને પાતાળમાં જતો રહે તો કોદાળી વડે જમીન ખોદીને તેને બહાર કાઢી વાદમાં પરાસ્ત કરાય, જાળ એટલા માટે રાખતા કે કોઈ વાદી જળમાં છુપાઈ જાય તો જાળ વડે બહાર કાઢી પરાસ્ત કરાય અને નિસરણી એટલા માટે રાખતા કે

કોઈ વાદી આકાશમાં ચાલ્યો જાય તો તેને નીચે ઉતારી પરાસ્ત કરી શકાય.

સામાન્ય રીતે આવી હકીકત વિદ્યાપારંગત માટે અસ્થાને લાગે. પરંતુ કેટલીક અસર તે કાળની પ્રણાલીઓની હોઈ શકે.

હરિભદ્ર એક વાર તીર્થાટન માટે નીકળ્યા. તે સમયે તેમણે પ્રતિજ્ઞા લીધી કે જે વ્યક્તિનું કથન મને ન સમજાય તેના મારે શિષ્ય બનવું. ફરતા ફરતા તેઓ ચિત્તોડગઢમાં આવ્યા. તે સમયે ચિત્તોડગઢમાં શ્રી જિનદત્ત નામના જૈન આચાર્ય બિરાજતા હતા. તેમના સમયમાં યાકિની નામના વિદ્વાન મહત્તરા (સાધ્વી) પણ હતાં.

હરિભદ્ર ફરતા ફરતા આ સાધ્વીજીઓના ઉપાશ્રય પાસે આવ્યા. ત્યાં તેમણે ગંભીર સ્વરે લયબદ્ધ શાસ્ત્રોક્ત ગાથા સાંભળી જે આ પ્રમાણે હતી -

ચક્કિ દુગં હરિપણમં, પણગ ચક્કીણ કેસવો ચક્કી ।
કેસવ ચક્કી કેસવ દુચક્કી, કેસીય ચક્કી ય ॥

જૈન દર્શન પ્રમાણે તીર્થંકરના સમયમાં બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ હોય છે.

બે ચક્રવર્તી પાંચ વાસુદેવ, પાંચ ચક્રવર્તી એક વાસુદેવ, એક ચક્રવર્તી એક વાસુદેવ, બે ચક્રવર્તી એક વાસુદેવ, એક ચક્રવર્તી અને એક વાસુદેવ, બે ચક્રવર્તી અને અંતે એક વાસુદેવ એક ચક્રવર્તી થયા. આ ગાથાર્થ હતો.

મધુર સ્વરે બોલાતી આ ગાથાનો અર્થ હરિભદ્રસૂરિ સમજી શક્યા નહીં. તેઓએ વિનયપૂર્વક સાધ્વીજીને પૂછ્યું, 'હે ભગવતી ! આ ગાથામાં તમે વારંવાર ચક ચક શું કરો છો તેનો અર્થ મને સમજાવો.'

યાકિની મહત્તરાએ જણાવ્યું કે આનો અર્થ સમજવા તમારે અમારા ગુરુ મહારાજ પાસે જવું પડે. અર્થ સમજાવવાનો અમારો અધિકાર નથી. જૈનદર્શનની પરંપરામાં સાધ્વીજીઓને શાસ્ત્રાભ્યાસ કરવા-કરાવવાની અમુક મર્યાદા છે.

હરિભદ્રએ તેમના ગુરુ મહારાજના સ્થાન અંગે પૂછ્યું ત્યારે સાધ્વીજી તેઓને આચાર્ય શ્રી જિનદત્તસૂરિ પાસે લઈ ગયાં.

આચાર્ય ભગવંતે હરિભદ્રને ગાથાનો અર્થ સમજાવ્યો. અર્થ સમજ્યા પછી હરિભદ્રએ પોતાની પ્રતિજ્ઞા જણાવી. આચાર્ય ભગવંતે તેમની મુખાકૃતિ પરથી જાણ્યું કે તેઓ દીક્ષાને યોગ્ય છે. તેમણે તેઓને 'આ મહત્તરાનો ધર્મપુત્ર થા !' એમ કહ્યું. આથી તેઓ પોતાની ઓળખાણ 'યાકિની મહત્તરા ધર્મસૂનુ' અર્થાત્ યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે આપવા લાગ્યા.

આ પ્રકાંડ બ્રાહ્મણ અજેય પંડિત જૈન ધર્મના વિરોધી હતા. તેઓ માનતા કે હાથી પાછળ પડે તો હાથીના પગ નીચે ચગદાઈ જવું સારું પણ જૈન મંદિરનો આશ્રય ન લેવો. જૈન ધર્મ પ્રત્યેનો આવો દ્વેષભાવ ત્યજી તેઓ પ્રતિજ્ઞા પ્રમાણે શ્રી જિનદત્તસૂરિના શિષ્ય તરીકે દીક્ષિત થયા. તેમણે જૈનત્વનું સાધુપણું સ્વીકાર્યું.

વિદ્યાવ્યાસંગમાં અજોડ હોવાના પરિણામે તેઓ ટૂંક સમયમાં જ ગીતાર્થ થયા. જૈન આગમોમાં પારંગત થયા. તેમની પ્રતિભાના પરિણામે ગુરુદેવે ટૂંક સમયમાં જ આચાર્યપદ પ્રદાન કર્યું છતાં તેઓ પોતાને યાકિની મહત્તરાના ધર્મપુત્ર તરીકે ઓળખાવતા હતા.

આચાર્ય હરિભદ્રસૂરિના શિષ્યગણમાં હંસ અને પરમહંસ બે અતિ વિદ્વાન શિષ્યો હતા. સંસાર સંબંધે તેઓ એમના ભાણેજ હતા. ક્ષત્રિય જાતિના મહાપરાક્રમી શસ્ત્રપારંગત એવા આ બે ભાઈઓ સૂરિની નિશ્રામાં શાસ્ત્રપારંગત થયા. શ્રામણ્ય ધર્મનું ઉત્તમ રીતે પાલન કરતા તેઓ સૂરિના પ્રિય શિષ્ય હતા.

આ બંને શિષ્યો શાસ્ત્રોના જ્ઞાતા બન્યા. તેમને ભાવના થઈ કે બૌદ્ધદર્શન અસર્વજ્ઞ પ્રણીત છે. તેનું ખંડન કરી સર્વજ્ઞનાં તત્ત્વોનું મંડન કરવું. તે માટે તેમણે બૌદ્ધ મઠમાં જઈને છૂપા વેશે બૌદ્ધ દર્શનનું અધ્યયન કરવાની ઇચ્છા વ્યક્ત કરી જેથી વાદમાં તેમના મતનું ખંડન કરી શકાય. આ માટે ગુરુની આજ્ઞા માગી. તે સમયે બૌદ્ધદર્શન જૈનદર્શનનું કટ્ટર વિરોધી હતું. સૂરિને આનો ખ્યાલ હતો. નિમિત્તશાસ્ત્રના આધારે ભાવિ જોતાં ભયાવહ જણાયું. તેથી તેમણે શિષ્યોને આજ્ઞા આપી નહીં. તેમ છતાં શિષ્યોનો અતિ આગ્રહ થતાં કહ્યું, 'તમને ઠીક લાગે તેમ કરો.' બંને શિષ્યો અતિ ઉત્સાહિત હતા. તેઓએ મનમાં શ્રમણભાવ અને બાહ્યવેશ બૌદ્ધ ભિક્ષુકનો ધારણ કર્યો અને બૌદ્ધ મઠમાં પ્રવેશ કર્યો.

બૌદ્ધ મઠમાં ક્ષણિકવાદનો નાદ અને 'બુદ્ધં શરણં ગચ્છામિ'નો ગુંજારવ ગાજતો હતો. આ બંને શ્રમણ પોતાના મનમાં શ્રી નવકાર મહામંત્ર અને સર્વજ્ઞ શ્રી મહાવીરનું રટણ કરતા હતા. બૌદ્ધ ગ્રંથોનું અધ્યયન કરી પરિશ્રમપૂર્વક ક્ષણિકવાદનું ખંડન કરતા મુદ્દાઓની નોંધ કરી ટિપ્પણી તૈયાર કરી. જેથી ભવિષ્યમાં વાદ થાય ત્યારે બૌદ્ધ મતને હરાવી શકાય.

તે કાળે અન્યોન્ય દર્શનો વિશે રાજસભામાં વાદવિવાદ કરી હારજીતનો નિર્ણય થાય તેવી પ્રણાલી હતી. તે પછી જીતનાર પક્ષ રાજાના સહકારથી પોતાના મતનો પ્રચાર કરતા. હંસ અને પરમહંસ ઉત્સાહપૂર્વક આ કાર્ય કરતા હતા પણ ભાવિનું નિર્માણ કંઈક જુદું જ હતું.

એક વાર એકાએક જોશમાં પવન ફૂંકાતાં ટિપ્પણીના કાગળો ઊડીને બહાર ફેંકાયા. તેમાંના એક-બે કાગળ બૌદ્ધાચાર્યની બેઠક સુધી પહોંચી ગયા. તેઓએ કાગળ હાથમાં લીધા અને જોયા. કાગળો જોતાં તેમને ખ્યાલ આવી ગયો કે બૌદ્ધ મતનું ખંડન કરનારા આ કાગળો દ્વારા કોઈ ષડ્યંત્ર રચાઈ રહ્યું છે. તેઓએ ઊભા થઈને બૂમાબૂમ કરી, 'ષડ્યંત્ર, ષડ્યંત્ર'. બધા ભિક્ષુઓ ભેગા થઈ ગયા. બૌદ્ધાચાર્યે કહ્યું કે ષડ્યંત્ર કરનારનો નાશ કરવો જોઈએ. હંસ અને પરમહંસને ખ્યાલ આવી ગયો કે આ તો પોતાની ટિપ્પણીના જ કાગળો છે. તેમના શરીરમાં ધ્રુજારી વ્યાપી ગઈ.

બૌદ્ધાચાર્યે જણાવ્યું કે કોઈ શ્રમણોનું જ આ ષડ્યંત્ર છે. ષડ્યંત્ર પકડવા તેમણે તરત જ યુક્તિ કરી કે બહાર નીકળવા માટેના દરવાજા પર જિનપ્રતિમાનું ચિત્ર દોરવું, તેના પર પગ મૂકીને સહુએ નીકળવું. એ પ્રમાણે કાર્યવાહી શરૂ થઈ. બૌદ્ધાચાર્ય દૂર બેઠા બેઠા સૂક્ષ્મ નિરીક્ષણ કરતા હતા, અનુક્રમે હંસ અને પરમહંસ દરવાજા પાસે આવ્યા. તેઓ પ્રાણ જાય પણ જિનપ્રતિમા પર પગ કઈ રીતે મૂકે?

તેમણે પ્રતિમા પર જનોઈ દોરી તેથી તે બૌદ્ધ મૂર્તિ કહેવાય. પછી તેના પર પગ મૂકી બહાર નીકળી ગયા.

બૌદ્ધાચાર્ય દૂર રહીને બરાબર નિરીક્ષણ કરતા હતા એટલે તેમણે આ બંને શ્રમણની ચેષ્ટા જોઈ અને મોટા અવાજે શિષ્યોને ભેગા કર્યા અને કહ્યું કે ષડ્યંત્ર કરનાર આ બે શ્રમણો છે. આદેશ આપતાં કહ્યું, 'આ બંનેનો નાશ કરો.' એ સાંભળતાં જ હજારો સુભટો આ બંનેની પાછળ પડ્યા.

હંસે સુભટોને કહ્યું તમે શસ્ત્રનો ઉપયોગ ન કરો. મારી સાથે શાસ્ત્રાર્થ કરો. તમારો મત કહે છે, 'સર્વથા ક્ષણિકં'; જિન મત કહે છે, પદાર્થો નિત્યાનિત્યં છે. સત્યાસત્ય નિર્ણયનો અનેકાંતવાદનો સિદ્ધાંત અકાટ્ય છે. તમે મોટી સંખ્યામાં હોવા છતાં આ સિદ્ધાંત પર મને હરાવી નહીં શકો. હંસે અત્યંત વિશ્વાસપૂર્વક આમ કહ્યું તેમ છતાં બૌદ્ધ ભિક્ષુકગણ સ્વીકારવા તૈયાર ન હતા. તેઓ હંસને મારવા આગળ વધ્યા.

હંસે પરમહંસને કહ્યું કે તું ભાગી જા અને સુરપાલ રાજાના શરણે જજે. તેઓ ન્યાયી છે. ત્યાં વાદવિવાદથી બૌદ્ધોને હરાવીને ગુરુદેવ પાસે પહોંચી જજે. સવિશેષ મારા તરફથી માફી માગીને કહેજે કે તેઓના વચનની અવગણનાનું ફળ મને મળી ગયું છે.

ધર્મના ઝનૂનની પરાકાષ્ઠા હતી. બૌદ્ધ સુભટો મોટી સંખ્યામાં એક શ્રમણ પર તૂટી પડ્યા. હંસ મહાન યોદ્ધો હોવા છતાં સુભટો મોટી સંખ્યામાં હોવાના પરિણામે સામનો કરી શક્યા નહીં. વળી સુભટોના ચિત્તમાં વેરની આગ હતી. આખરે તેમણે હંસની હત્યા કરી. હંસે ધર્મરક્ષા માટે પ્રાણની આહુતિ આપી પણ બૌદ્ધ મતનું શરણ ન લીધું. ત્યાર પછી આ સુભટો પરમહંસની પાછળ પડ્યા અને તેની હત્યા કરી. એક એવો ઉલ્લેખ મળે છે કે તેમનું રજોહરણ દેવીએ પૌષધશાળામાં મૂક્યું તે જોઈને શ્રી હરિભદ્રસૂરિએ જાણ્યું કે શિષ્યોનું મૃત્યુ થયું છે.

બીજું મંતવ્ય એ છે કે હંસના મૃત્યુ પછી પરમહંસ ત્યાંથી ભાગીને સુરપાલ રાજાને શરણે ગયો અને ત્યાંથી ગુરુદેવ પાસે પહોંચી ગયો. બધી હકીકત કહી અતિ શ્રમને કારણે તે પણ મૃત્યુ પામ્યો. આ બંને શિષ્યો વિનયના કારણે ગુરુદેવને અત્યંત પ્રિય હતા. આ ઉત્તમ શિષ્યોના મૃત્યુથી ગુરુદેવ અત્યંત દ્રવિત થયા. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિના ચિત્તમાં તીવ્ર વેદનાના કારણે વેરભાવ પેદા થયો અને બૌદ્ધ સુભટોનો નાશ કરવાનો સંકલ્પ કર્યો. તેમણે સુરપાલ રાજાની સભામાં જઈ બૌદ્ધોને વાદમાં હરાવી ૧૪૦૦ સુભટોનો નાશ કરવાનો વિચાર કર્યો. તેમના મનમાં વૈરભાવનો અગ્નિ પ્રજ્વલિત થયો હતો. તે સુરપાલ રાજાની સભામાં પહોંચ્યા અને બૌદ્ધ ધર્માચાર્ય સાથે વાદવિવાદ કરવાની રજૂઆત કરી.

સુરપાલ રાજા બૌદ્ધધર્મ મતના હતા. ધર્માચાર્યે રાજાને કહ્યું કે, 'તમે બૌદ્ધધર્મી થઈ અન્ય મતના અનુયાયીને શા માટે શરણ આપો છો ? વળી તેમના શ્રમણે તો ભગવાનની પ્રતિમા પર પગ મૂક્યો છે. તેનો તો નાશ કરવો તે તમારો ધર્મ છે.' રાજાએ વિવેકપૂર્વક આચાર્યને શાંત કર્યા અને કહ્યું કે, 'તમે જૈનાચાર્ય સાથે વાદવિવાદ કરો.'

અંતે સુરપાલની રાજસભામાં વાદવિવાદ ગોઠવાયો. સૂરિએ વાદમાં બૌદ્ધ ભિખ્ખુઓને હરાવ્યા

અને શરત પ્રમાણે ઊકળતા તેલના કુંડમાં હોમવાનું જાહેર કર્યું. (બૌદ્ધાચાર્ય અને સાતસો ભિખ્ખુઓનો હોમ થયો તેવો ઉલ્લેખ મળે છે.)

સૂરિજીના ગુરુદેવને આ હકીકતની જાણ થતાં તેઓશ્રીએ બે મુનિને પત્ર આપી મોકલ્યા. પત્રમાં લખ્યું હતું કે, 'વત્સ, આ વેરભાવ તને શોભે છે ? શ્રામણ્ય તમને શું કહે છે ? સાધુ એટલે ક્ષમાનો અવતાર. પુનઃ વિચાર કરજે. ભગવાન મહાવીરસ્વામીએ વેર સામે ક્ષમાનો ઉપદેશ અને આદેશ આપ્યા છે. સમરાદિત્ય કથાના અગ્નિશર્માના વેર અને ગુણસેનના પ્રેમને યાદ કર. હે વત્સ ! વેરની આગને પ્રેમના વરસાદથી બુઝાવી દે. હે વત્સ ! યાકિની મહત્તરાના ધર્મપુત્રને આ શોભતું નથી.'

વાત્સલ્યપૂર્ણ પત્ર વાંચીને સૂરિની આંખમાં ચોધાર આંસુની ધારા વહેવા લાગી. રાજસભામાં જ સૂરિએ ભિખ્ખુઓ પાસે ક્ષમા માગી અને કહ્યું કે, 'મેં વેરના આવેશમાં ખોટું કર્યું છે.' પુનઃ ક્ષમા માગી પશ્ચાત્તાપ કરી પાવન થયા. મુનિની સાથે સૂરિ ગુરુદેવ પાસે પહોંચી ગયા. એવી માહિતી સાંપડે છે કે ૧૪૪૪ ભિખ્ખુઓને મારવાનો સંકલ્પ કર્યો હતો. પરંતુ હત્યા કરતા અગાઉ ગુરુદેવે શિષ્યો દ્વારા શાંત થવા અંગેનો પત્ર મોકલ્યો. પત્ર વાંચીને સમતાભાવમાં આવ્યા. તરત જ ગુરુદેવ પાસે પહોંચીને ચરણમાં શીશ ઝુકાવી અશ્રુધારા વડે ચરણ-પ્રક્ષાલન કરી થયેલા પાપનું પ્રાયશ્ચિત્ત માગ્યું.

એક કિંવદંતી પ્રમાણે એમ પણ મનાય છે કે યાકિની મહત્તરાએ તેમને હિંસાથી દૂર રહેવાનો સંકેત આપ્યો. અથવા અંબાદેવીએ સ્વર્ગલોકમાંથી પ્રગટ થઈ સાધુધર્મની અહિંસાનો ઉપદેશ આપી સુભટોને મારવાને બદલે શાસ્ત્રના નિર્માણ કરવાનો ઉપદેશ આપ્યો. વળી કહ્યું કે, 'તમારા ભાગ્યમાં શિષ્યોનો યોગ નથી. શાસ્ત્રોને જ શિષ્યો રૂપે સ્વીકારી લો. તમે શ્રમણ છો, તમને હિંસા ન શોભે.'

ગુરુદેવે ૧૪૪૪ ગ્રંથ નિર્માણ કરવાનું પ્રાયશ્ચિત્ત આપ્યું. સૂરિજીએ ત્યાર પછીનું જીવન શ્રુતપૂજામાં પૂર્ણ કર્યું. વયોવૃદ્ધ છતાં પ્રાયશ્ચિત્તના ભાવથી અથાગપણે અંત સમય સુધી કાર્યરત રહ્યા.

આટલા બધા ગ્રંથોની રચના કઈ રીતે થઈ હશે ? આ સંદર્ભમાં લલ્લિગ નામનો શ્રાવક તેમનાથી બોધ પામ્યો હતો અને ગુરુદેવની કૃપાથી ધનની પ્રાપ્તિ થઈ હતી. તેણે એક મોટો પ્રકાશિત હીરો ઉપાશ્રયમાં જડાવી દીધો હતો જેના પ્રકાશમાં સૂરિ રાત-દિવસ નિરંતર લેખન કરી શક્યા હતા તેમ જાણવા મળ્યું છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિના આહાર વાપરવાના સમયે લલ્લિગ યાચકોને ભેગા કરી ઉત્તમ ભોજન કરાવતો તે સહુને સૂરિ આશીર્વાદ આપતા કે તમારો ભવ વિરહ થાઓ. તેથી તેઓ 'ભવવિરહ સૂરિ' નામે પ્રસિદ્ધિ પામ્યા હતા જેનો ઉલ્લેખ 'સંસાર દાવા...'ની સ્તુતિમાં અને કોઈ ગ્રંથોમાં પણ મળે છે.

સૂરિજીએ ૧૪૪૦ ગ્રંથ પૂર્ણ કર્યા પછી તેમના જીવનદીપકનું તેલ પૂરું થવા આવ્યું હતું. તેમ છતાં તેમનું ગ્રંથલેખન ચાલુ રહ્યું. ૧૪૪૩ ગ્રંથ રચાઈ ગયા પછી તેઓ 'સંસાર દાવાનલ દાહનીરં'ની સ્તુતિની રચના કરી રહ્યા હતા ત્યારે કાળધર્મ પામ્યા. આની ત્રણ કડી લખાઈ ગઈ હતી ત્યારે સમાધિસહ તેઓ કાળધર્મ પામ્યા ત્યારે સંઘમાંથી ચોથી કડીનો નાદ થયો.

'ઝંકારારાવ સારા મલદલ કમલા હાર ભૂમિનીવાસે'

આજે આટલાં વર્ષો પછી પણ મોટા પ્રતિક્રમણમાં આ ચોથી સ્તુતિનો ધ્વનિ સંઘમાં સ્થાન ધરાવે છે. એક મંતવ્ય એવું છે કે શ્રુતદેવીએ ચોથી કડી પૂર્ણ કરી હતી. ગુરુદેવે આપેલા પ્રાયશ્ચિત્ત રૂપે ૧૪૪૪ ગ્રંથોનું નિર્માણ કર્યું એ તેમનો ગુરુ પ્રત્યેનો અહોભાવ અને વિનય હતો.

પૂજ્ય આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી કાળધર્મ પામ્યા તે સ્થળે સૌધર્મ દેવલોકના દેવોએ આવીને ઉદ્‌ઘોષણા કરી કે શ્રી હરિભદ્રસૂરિ અમારા સ્વામી થયા છે. તેઓ સૌધર્મ દેવલોકના 'લીલા' નામના વિમાનમાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવ થયા છે.

પૂજ્યશ્રી શ્રી સીમંધરસ્વામીના દર્શનાર્થે ગયા ત્યારે પૂછ્યું કે, 'મારી મુક્તિ ક્યારે થશે ?'

પ્રભુએ પ્રત્યુત્તર આપ્યો કે, 'સૌધર્મ દેવલોકથી ચ્યવન કરી તમે અપરવિદેહમાં સમૃદ્ધ કુલમાં જન્મ પામશો. ત્યાં સંયમ ધારણ કરી મોક્ષ પામશો.'

આ હકીકત 'કહાવલી'ના પ્રથમ પરિચ્છેદના અંતમાં દર્શાવી છે.

**સારાંશ :**

જૈનદર્શનવિરોધી પ્રકાંડ બ્રાહ્મણ મંત્રવિદ માનવંતું રાજપુરોહિત પદ છતાં પ્રતિજ્ઞાની દૃઢતા કેવી કે થોડી જ પળોમાં મહાપરિવર્તન કરી જૈનાવલંબી દીક્ષિત થયા.

જે સાધ્વીજીના નિમિત્તે આવો યોગ થયો તેને માતાનું સ્થાન આપી પોતાને યાકિની મહત્તરા સૂનુ (પુત્ર) તરીકે ઓળખાવવામાં વિનમ્રતા દાખવી. કેટલાક ગ્રંથોમાં પણ આનો ઉલ્લેખ કર્યો છે.

હંસ-પરમહંસ બે વહાલા શિષ્યોની હત્યાથી દ્રવિત થઈ શ્રમણના અહિંસા ધર્મથી ચલિત થયા. મહા હિંસક-રૌદ્ર ધ્યાનથી ઘેરાઈ ગયા. પરંતુ ગુરુદેવના વચનને શિરોમાન્ય કરી શીઘ્રતાએ પોતાની ભૂલને સુધારી નમ્રભાવે બૌદ્ધ ભિક્ષુઓની ક્ષમા માગી. એ તેમનો ગુરુ પ્રત્યેનો અહોભાવ અને વિનય હતો. ગુરુદેવે આપેલા પ્રાયશ્ચિત્તને દૃઢતાથી પૂર્ણ કર્યું.

આ પ્રસંગના પરિણામે મળેલા પ્રાયશ્ચિત્તથી ૧૪૪૪ ગ્રંથોનું નિર્માણ થયું એ જૈનદર્શનના આધ્યાત્મિક ક્ષેત્રે સાહિત્યનું ઘણું મહાન પ્રદાન છે.

વળી આ પ્રસંગના પરિણામે તેમણે એક ભાવનાનું સેવન કર્યું કે સર્વ જીવો ભવથી વિરહ પામો. એ ભાવથી રચાયેલી સ્તુતિ સેંકડો વર્ષ પછી પણ આજપર્યંત સાધકો દ્વારા પ્રતિક્રમણમાં સ્થાન ધરાવે છે.

'વાણી સંદોહ દેહે ભવવિરહ વરં દેહિમે દેવિ-સારં'

આવી અનેક કૃતિઓથી સૂરિનું સ્મરણ ચિરસ્થાયી બન્યું છે. આવા ભાવના અને સમર્થ મહાત્માઓના ગ્રંથના અધ્યયન દ્વારા જ જૈનસમાજ તેમનું ઋણ ચૂકવી શકે. વૃદ્ધત્વ છતાં યુવાનીની જેમ તપ અને લેખન કરી પાપનું પ્રક્ષાલન આ જન્મમાં જ કરી દીધું. તેમના આવા તપોબળને, શ્રુતસેવાને આપણા કોટિશઃ વંદન.

પ્રસ્તુત જીવનચરિત્રમાં મુખ્ય આધારગ્રંથ - પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરિજી લિખિત 'યાકિની

મહત્તરા ધર્મપુત્ર શ્રી હરિભદ્રસૂરિજી' (હિંદી ભાષી); શ્રી હીરાલાલ ર. કાપડિયા લિખિત 'શ્રી હરિભદ્રસૂરિ' ગુજરાતીમાં ઉપલબ્ધ છે.

### महान श्रुतधर परमर्षि श्रीमद् हरिभद्रसूरीश्वरजी महाराज रचित

### ग्रंथसूचि

### आगम की टीकाएँ

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | अनुयोगद्वार 'शिष्याहिता' वृत्ति | ३००० |
| २. | आवश्यकसूत्र-बृहद्वृत्ति | ८४००० |
| ३. | आवश्यक 'शिष्याहिता' वृत्ति | २२००० |
| ४. | ओघनिर्युक्ति-वृत्ति | |
| ५. | चैत्यवंद सूत्र वृत्ति - 'ललित विस्तरा' | १५४५ |
| ६. | चैत्यवंदन भाष्य | |
| ७. | जंबूद्वीप प्रज्ञप्ति 'प्रदेश' वृत्ति (जैसलमेर में है) | |
| ८. | जीवाभिगम सूत्र लघुवृत्ति | ११९२ |
| ९. | दशवैकालिक शिष्यबोधिनी बृहद्टीका | ६८५० |
| १०. | दशवैकालिक लघुटीका अथवा अवचूरि | |
| ११. | नंदीसूत्र - टीका | २३३६ |
| १२. | पिंडनिर्युक्ति-वृत्ति | |
| १३. | प्रज्ञापना 'प्रदेश व्याख्या' | ४७०० |
| १४. | विशेषावश्यक भाष्यवृत्ति (जैसलमेर ग्रं. सूचि) | |
| १५. | महानिशीथ - उद्धार | |

### आगमिक प्रकरण - आचार उपदेश

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | अष्टक प्रकरण (३२ अष्टक)● | २६६ |
| 卐२. | आत्मसिद्धि | - |
| ३. | आत्मानुशासन | - |
| ४. | उपदेश पद (प्रा.)● | ११५० |
| 卐५. | कथाकोष | - |
| 卐६. | कुलक | - |
| ७. | जंबूद्वीप संग्रहणी | ३० |
| ८. | जिनगृह प्रतिमा स्तोत्र (शाश्वतजिन स्तव) | ७ |
| ९. | ज्ञानादित्य प्रकरण● | ८१ |
| १०. | ज्ञानपंचक व्याख्यान | - |
| ११. | दर्शन शुद्धि (दर्शन सप्तति)● | २५० |

| | | |
|---|---|---|
| १२. | देवेन्द्र-नरकेन्द्र प्रकरण● | ३७८ |
| १३. | धर्मबिन्दु (स्वोपज्ञ) (४८, ५४२ सू.)● | २७३ |
| 卐१४. | धर्मलाभ सिद्धि | - |
| 卐१५. | धर्मसार स्वोपज्ञ सटिक | - |
| १६. | ध्यान शतक वृत्ति | ७ |
| १७. | पंचवस्तु (प्रा.) मूल | १७१४ |
| १८. | पंचवस्तुक टीका | ५०५० |
| 卐१९. | पंचनिर्ग्रंथी | - |
| २०. | पंचसंग्रह | - |
| २१. | पंचसूत्र व्याख्या | ८८० |
| २२. | परलोक सिद्धि | - |
| २३. | पंचाशक (प्रा.) १९ पंचाशक (स्वोपज्ञ) | ११८४ |
| २४. | प्रतिष्ठा कल्प● | - |
| 卐२५. | बृहन्मिथ्यात्व मतखंडन | - |
| २६. | बोटिक प्रतिषेध ● | ९१ |
| 卐२७. | भावनासिद्धि | - |
| २८. | यतिदिन कृत्य ● | - |
| २९. | लघुक्षेत्र समास-वृत्ति | - |
| ३०. | लोक बिंदु | - |
| 卐३१. | वर्ग केवलि सूत्र - वृत्ति | - |
| ३२. | विंशति विंशिका (प्रा). | ३८६ |
| ३३. | शतशतक | - |
| ३४. | श्रावकधर्मविधि प्रकरण - श्रावकधर्म (प्रा.) | १२० |
| ३५. | श्रावकधर्मसमासश्रावक - प्रज्ञाप्ति वृत्ति (स्वोपज्ञ) | ४०३ |
| ३६. | श्रावकधर्म तंत्र ● | - |
| ३७. | संबोध प्रकरण - तत्त्वप्रकाशक (प्रा.) | १६१० |
| ३८. | संबोध सप्तति | - |
| ३९. | साधुप्रवचन सार प्रकरण | ९-पत्र |
| ४०. | स्तव | २० |
| ४१. | हिंसाष्टक स्वोपज्ञ अवचूरि युक्त | ८ |

**दर्शनशास्त्र**

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | अनेकांत जयपताका (स्वोपज्ञ) ● | ३५०० |
| २. | अनेकांत जयपताका उद्योत दीपिका ● | ८२५० |

| | | |
|---|---|---|
| ३. | अनेकांत वादप्रवेश | ७२० |
| 卐४. | अनेकांत सिद्धि | - |
| ५. | तत्त्वार्थसूत्र डुपडुपिका लघुवृत्ति | - |
| ६. | द्विजवदन चपेटा | - |
| ७. | धर्मसंग्रहणी ● | १९३६ |
| ८. | न्याय प्रवेशक शिष्यहिता टीका (मूल-दिंग्नागकृत) | ५०० |
| 卐९. | न्यायविनिश्चय | - |
| 卐१०. | न्यायावतार वृत्ति | २०१३ |
| ११. | ब्रह्म सिद्धांत समुच्चय (नामप्रदाता : मु. पुण्य वि.) | ४२३ |
| १२. | लोकतत्त्वनिर्णय (नृतत्व निगम) | १४१ |
| १३. | वेदबाह्यता निराकरण | - |
| १४. | शास्त्रवार्तासमुच्चय (स्वोपज्ञ)● | ७०० |
| १५. | शास्त्रवार्ता समुच्चय 'दिक्प्रदा' टीका● | २२५० |
| १६. | षड्दर्शन समुच्चय ● | ८१ |
| १७. | सर्वज्ञसिद्धि (स्वोपज्ञ सटीक) ● | १३० |
| 卐१८. | स्याद्वाद कुचोद्य परिहार | - |

## योग

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | योगदृष्टि समुच्चय (स्वोपज्ञ)● | २२६ |
| २. | योगदृष्टि समुच्चय-वृत्ति ● | ११३५ |
| ३. | योग बिंदु (स्वोपज्ञ) ● | ५२१ |
| ४. | योग बिंदु वृत्ति ● | ३६२० |
| 卐५. | योगनिर्णय | - |
| ६. | योगविंशिका (प्रा.) (विंशति विंशिका अन्तर्गत) | ८ |
| ७. | योग शतक (प्रा.) स्वोपज्ञ सटीक | १०१ |
| ८. | षोडशक प्रकरण ● | ३३० |

## कथा

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | धूर्ताख्यान (प्रा.)● | ४८५ |
| २. | समरादित्य चरित्र (प्रा.)● | १०००० |
| ३. | वीरांगद कथा | ८-पत्र |

## ज्योतिष

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | लग्नशुद्धि - लग्न कुण्डलिका (प्रा.)● | २३३ |

## स्तुति

| क्रम | नाम | श्लोक |
|---|---|---|
| १. | वीरस्तव | |
| २. | संसार दावानल | |

**विशेष टिप्पणी** :

(१)卐 (स्वस्तिक) चिह्नांकित ग्रंथ आज अनुपलब्ध है ।

(२) जहाँ पर (प्रा.) ऐसा लिखा है, वे ग्रंथ प्राकृत भाषा में हैं ।

(३)● जिस ग्रंथ के साथ शून्यदर्शक चिह्न अंकित किये गये हैं, उस ग्रंथ की पाण्डुलिपियाँ आज भी मौजूद हैं।

(४) यहां हमने ग्रन्थाग्र दिये हैं, उसकी कहीं पर भिन्नता देखने को मिल सकती है, पर अंदाजन करने में कोई बाधा नहीं होगी । इस गणना से श्री हरिभद्रसूरिजी ने प्रायः १५०००० श्लोक से अधिक ही रचना की है यह बात निःशंक है ।

## प्रथम पुरस्कर्ता : श्री हरिभद्राचार्य

१. प्रतिक्रमण की विधि को व्यवस्थित संकलित करने में श्री हरिभद्रसूरिजी सर्व प्रथम थे, ऐसा लगता है ।

२. पंचवस्तुक में चर्चित विषयों का तार्किक दृष्टि से निरूपण करनेवाले श्री हरिभद्रसूरिजी प्रथम संभवित है ।

३. जैनागमों में श्री आवश्यकसूत्र के अलावा संस्कृत में वृत्ति लिखने की सर्वप्रथम शुरूआत करने वाले श्री हरिभद्रसूरिजी थे, ऐसा लगता है ।

४. चैत्यवंदन सूत्र पर सर्व प्रथम यदि कोई वृत्ति उपलब्ध है, तो वह श्री हरिभद्रसूरिजी की है ।

५. श्री हरिभद्रसूरिजी द्वारा स्वरचित चार (अनुयोगद्वार, आवश्यकसूत्र, न्यायप्रवेशक, पंचवस्तुक) वृत्ति के नाम शिष्यहिता एवं एक (दशवैकालिक) का नाम शिष्यबोधिनी रखा, इस प्रकार का नाम रखने वाले जैनाचार्यों में वे प्रथम हैं, ऐसा लगता है ।

६. भारतीय दर्शनों में चार्वाक दर्शन की भी एक दर्शन के रूप में पहचान करानेवाले श्री हरिभद्रसूरिजी का प्रायः प्रथम स्थान है ।

७. उपलब्ध साहित्य देखते हुए योग के सम्बन्ध में आठ दृष्टि का विचार देकर नई दिशा सूचित करनेवाले एवं जैन साहित्य में योग मार्ग की पुनः स्थापना करनेवालों में श्री हरिभद्रसूरिजी प्रथम थे ।

८. केवलज्ञान-केवलदर्शन दो उपयोगवाद के विषय में तीन मतों के पुरस्कर्ता के रूप में श्री जिनभद्रगणि, श्री सिद्धसेन दिवाकरसूरिजी एवं श्री वृद्धाचार्यश्री का उल्लेख सर्व प्रथम बार श्री हरिभद्रसूरिजी ने किया था ।

९. पदार्थ पदविग्रह, चालना एवं प्रत्यवस्थान इन सुप्रसिद्ध संज्ञाओं के स्थान पर वाक्यार्थ, महावाक्यार्थ एवं ऐदंपर्यार्थ जैसे अभिनव संज्ञाओं का उपयोग श्री हरिभद्रसूरिजी के पूर्व किसी ने किया हो, ऐसी जानकारी नहीं है ।

१०. सन्मति प्रकरण पर श्री मल्लवादिसूरिजी ने टीका रची थी, इस बात को सर्वप्रथम निर्देशित श्री हरिभद्रसूरिजीने की, वैसे ही उस टीका में से अवतरण निकालने वाले श्री हरिभद्रसूरिजी प्रथम ही होंगे।

११. विहरमान श्री सीमंधर स्वामीजी ने श्रीसंघ पर कृपा कर 'चूलिका' भेजने की बात सूचित करनेवाले प्रायः श्री हरिभद्रसूरिजी प्रथम होने चाहिये ।

१२. छेदसूत्र एवं मूलसूत्र की संख्या अनुक्रम से ६ एवं ४ दर्शानेवाले श्री हरिभद्रसूरिजी प्रथम थे ।

१३. धर्म की परीक्षा सुवर्ण की तरह कष-ताप एवं छेद द्वारा करने की तार्किक दृष्टि देनेवाले जैनाचार्य के रूप में श्री हरिभद्रसूरिजी प्रथम थे, ऐसा उपलब्ध साहित्य से पता चलता है ।

१४. न्याय का निर्देश करनेवाले ग्रंथकारों में श्री हरिभद्रसूरिजी का प्रथम पंक्ति में स्थान है ।

१५. चैत्यवंदन विधि दर्शानेवाली आद्य उपलब्ध कृति श्री हरिभद्रसूरिजी कृत 'ललित विस्तरा' है, ऐसा आगमोद्धारक श्री सागरानंदसूरिजी का मानना है ।

संदर्भ : श्री हीरालाल र. कापडिया लिखित हरिभद्रसूरि

11

# જૈનઆગમનાં આકર્ષક તત્ત્વો

ગુણવંત બરવાળિયા

પ્રબુદ્ધ કરુણાના કરનારા ભગવાન મહાવીરે ઉપ્પનેઈવા, વિગમેઈવા અને ધુવેઈવા – આ ત્રિપદી દ્વારા દેશના આપી. ગણધર ભગવંતો દ્વારા આ ઉપદેશ આપણને આગમ રૂપે મળ્યો.

દેવો, મનુષ્યો અને તિર્યંચો, સમવસરણમાં ભગવાન મહાવીરની પાવન વાણી ઝીલવા આસનસ્થ થઈ જાય છે. ભગવાન માલકોશ રાગમાં પોતાની દેશના પ્રવાહિત કરે છે ને સૌ જીવો પોતપોતાની ભાષામાં તે સમજે છે.

જેનું ઉપાદાન ઉત્કૃષ્ટ છે અને જેની ગણધર થવાની પાત્રતા છે, ભગવાનના શ્રીમુખેથી ત્રિપદી સાંભળતા આ ભવ્ય જીવોના રુચક પ્રદેશો ખૂલે છે. જ્ઞાનાવરણીય કર્મનો અદ્‌ભુત ક્ષયોપશમ થતાં તેમના અંતરમનમાં સહજ રીતે દ્વાદશાંગીની રચના થઈ જાય છે અને આ રીતે ભગવાન મહાવીરના ઉપદેશનો અમૂલ્ય વારસો આપણને મળે છે.

પૂ. શ્રી દેવર્ધિગણિને અનુભૂતિ થઈ કે કાળક્રમે માનવીની સ્મૃતિશક્તિ ઓછી થતી જાય છે. જેથી પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરનો આ દિવ્ય વારસો જળવાઈ રહે તે માટે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુમહાત્માઓના સહયોગથી સતત ૧૩ વર્ષના પુરુષાર્થથી લેખનકાર્ય દ્વારા આ વારસો લિપિબદ્ધ કર્યો.

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્‌ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતા, અકારણ કરુણાના કરનારા પ્રભુ મહાવીરને સતત દેશના આપવા પ્રેરે છે તેને

કારણે માત્ર જૈન સાહિત્યને જ નહિ, પરંતુ વિશ્વના દર્શનસાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશીલન અજ્ઞાનનાં અંધારાં દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાન, આચારશાસ્ત્ર તથા વિચારદર્શનના સુભગ સમન્વય સાથે સંતુલિત તેમજ માર્મિક વિવેચન આગમમાં છે. તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય.

પાપવૃત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિનાં શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે દર્શાવવા હિંસા આદિ દૂષણોનું પરિણામ દેખાડી અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા સદ્‌ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપુંજમાંથી એક નાનકડું કિરણ મળે તોપણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતાં આગમ સૂત્રો આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ ભગવાનની વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરેલાં આગમો જીવના કલ્યાણમંગલ માટે, વ્યક્તિને ઊર્ધ્વપંથનો યાત્રી બનાવવા માટે પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા પર લાગેલી કર્મરજને સાફ કરવાની પ્રક્રિયા એટલે આત્મસુધારણા. આત્મા પર કર્મ દ્વારા વિકૃતિ અને મલિનતાના થર જામ્યા છે જેથી હું મારા આત્માના સાચા સ્વરૂપને જોઈ શકતો નથી. અપાર શક્તિના સ્વામી આત્માનાં દર્શન થઈ જાય તો સંસારનાં દુઃખો અને જન્મ-મરણની શૃંખલામાંથી મુક્તિ મળી જાય. અંગ, ઉપાંગ, છેદસૂત્ર, પયન્ના, મૂળસૂત્ર અને પ્રકીર્ણક વગેરેમાં ૩૨ અથવા અને ૪૫ આગમો સમાવિષ્ટ છે.

શ્વેતામ્બર જૈનોએ આગમનો ભગવાન મહાવીરના ઉપદેશગ્રંથો રૂપે સ્વીકાર કર્યો છે. દિગંબર જૈનોની માન્યતા છે કે ભગવાન મહાવીર પછી નવસો એંશી વર્ષ બાદ આગમને લિપિબદ્ધ કરવામાં આવ્યાં એટલે એ ભગવાનની પ્રત્યક્ષ દેશના રૂપે સ્વીકારી શકાય નહીં.

લગભગ બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ કુંદકુંદાચાર્ય થઈ ગયા. એ મહાન લબ્ધિધારી આચાર્ય શંકાના સમાધાન અને જ્ઞાનપ્રાપ્તિ અર્થે સદેહે મહાવિદેહ ક્ષેત્રમાં વિરહમાન તીર્થંકર સીમંધર સ્વામી પાસે ગયા. ત્યાં આઠ દિવસ ઉપવાસ સાથે જ્ઞાનપ્રાપ્તિ કરી. ત્યાંથી આવીને સીધા તામિલનાડુના બંડેવાસી ગામની પુનટમલય ગુફામાં બેસીને સમયસાર, નિયમસાર આદિ શાસ્ત્રોની રચના કરી. દિગંબર પરંપરાએ એનો પરમાગમ શાસ્ત્રો રૂપે સ્વીકાર કર્યો છે. છતાંય જૈનોના તમામ ફિરકાઓ, સમસ્ત જૈનોએ અને વિશ્વના અનેક વિદ્વાનોએ આગમનો જૈન તત્ત્વજ્ઞાનના ઉત્કૃષ્ટ સાહિત્ય રૂપે તો સ્વીકાર કર્યો જ છે.

આ આગમ ગ્રંથોમાં સમાવિષ્ટ દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગમાં ઠેર ઠેર જીવમાંથી શિવ બનવાની પ્રક્રિયાનો નિર્દેશ છે.

આગમશાસ્ત્રો જૈન શાસનના બંધારણનો પાયો છે. જૈન આગમરૂપી આ દસ્તાવેજમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિરત્નની માલિકી આપવાના સિદ્ધાંતો, નિયમો અને આચારોનું વિશદ

માર્ગદર્શન આપવામાં આવેલ છે. એમાં જણાવેલ આચારપાલન માનવીને અવશ્ય આત્મોન્નતિ કરાવી શકે.

આ આગમો આપણા માટે કઈ રીતે પ્રેરક બન્યાં છે તેની વિચારણા કરીએ.

'આચાર એ જ પ્રથમ ધર્મ છે' આ જીવનસૂત્ર અપનાવવાની સફળ તરકીબો દર્શાવીને શ્રી આચારાંગ સૂત્રમાં આચારશુદ્ધિ દ્વારા જીવનશુદ્ધિના સ્તરને ઊંચું લાવવા માટે છ પ્રકારના જીવોને 'યતના', 'જયણા' અને આચારશુદ્ધિનો માર્ગ બતાવ્યો છે. વળી આત્મસુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઇન્દ્રિયવિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતાં શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે 'जे गुणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे' - જે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે.

આત્માથી પરમાત્મા સુધીની યાત્રાનું માર્ગદર્શન આ સૂત્રમાં આપવાની સાથે જણાવાયું છે કે આત્મજ્ઞાન પામ્યા વગર જગતનું કોઈ પણ જ્ઞાન અજ્ઞાન ગણાય છે. માટે આત્મજ્ઞાન પામવા ઇચ્છુક સાધકોએ અને નવદીક્ષિતોએ આચારાંગનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.

વૈજ્ઞાનિકોએ વનસ્પતિમાં જીવ હોવાની શોધ કરી. શ્રી આચારાંગમાં ભગવાને આગળ વધીને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવ છે; વનસ્પતિ અને પ્રાણીને પણ સંવેદના છે એમ કહ્યું છે. ફોરનટ નામના મૅગેઝિનમાં 'Mountain are Grows' નામના લેખનું પ્રકાશન થયેલું જેમાં પર્વતોની માત્ર બાહ્ય વૃદ્ધિ નહીં પણ આંતરિક વૃદ્ધિની વાત પ્રગટ થયેલી છે. એ વાત સ્વાભાવિક છે કે જ્યાં જીવ હોય ત્યાં જ આવી આંતરિક વૃદ્ધિ સંભવી શકે.

આચારાંગમાં શ્રી ભગવાન કહે છે કે ભોગમાં સુખનો અનુભવ થાય છે તેના કરતાં વિશેષ યોગમાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

જગતના ભિન્ન ભિન્ન દાર્શનિકોના વિચારોનો કમ્પેરેટિવ સ્ટડી - તફાવત અને સરખામણી દ્વારા તેની અપૂર્ણતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરી સાધુના આચારો અને વૈરાગ્યનાં દુઃખોના વર્ણન દ્વારા જીવને વૈરાગ્યભાવ તરફ શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર પ્રેરે છે.

શ્રી સૂયગડાંગ (શ્રી સૂત્રકૃતાંગ) સૂત્રમાં જૈનદર્શનની શ્રેષ્ઠતાનું ન્યાયયુક્ત વર્ણન કર્યું છે. જગતનાં અન્ય દર્શનો જૈનદર્શનથી કઈ રીતે અલગ પડે છે તેનાં કારણો અને વિશિષ્ટતાઓ આ સૂત્રમાં મળે છે.

ભગવાન મહાવીરે કહેલું કે તાર્કિકપણે ગંગાસ્નાનથી મોક્ષ મળતો હોય તો ગંગામાં રહેલી બધી જ માછલીઓને મોક્ષ મળી જાય. કહેવાનું તાત્પર્ય એ છે કે સ્નાન એ બાહ્યશુદ્ધિનું કારણમાત્ર છે. આત્મશુદ્ધિની પ્રક્રિયા નથી. દેહશુદ્ધિનું મહત્ત્વ ગૌણ છે. મોક્ષમાર્ગમાં આત્મશુદ્ધિનું જ મહત્ત્વ છે.

વિવેકબુદ્ધિનું બંધારણ વ્યવસ્થિત રાખવા માટે જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ શ્રી ઠાણાંગ સૂત્રમાં કરવામાં આવ્યું છે. આત્મસુધારણા માટે દસ સંજ્ઞાઓને દસ રાષ્ટ્રધર્મ દ્વારા કઈ રીતે સંસ્કારિત કરી શકાય તેનું સુંદર નિરૂપણ આ સૂત્રમાં કરવામાં આવેલ છે.

વરસાદ ન આવતો હોય તો કેમ લાવવો અને કઈ નદીમાં કેટલું પાણી રહેશે તેની ભવિષ્યની વાત આ સૂત્રમાં છે.

આ સૂત્રમાં ભગવાને ૧૦ નક્ષત્રમાં જ્ઞાનની વૃદ્ધિની વાત દર્શાવી છે :

૧. મૃગિશર, ૨. આંદ્રાં, ૩. પુષ્ય, ૪. પૂર્વાષાઢા, ૫. પૂર્વ ભદ્રપદા, ૬. પૂર્વાફાલ્ગુની, ૭. મૂળ, ૮. આશ્લેષા, ૯. હસ્ત, ૧૦. ચિત્રા – આ દસ નક્ષત્રોમાં વિદ્યાપ્રાપ્તિનો પ્રબળ પુરુષાર્થ કરવા કહેલું.

નક્ષત્રોમાંથી જે કિરણો નીકળે છે તે આપણા બ્રેઇનને અસર કરે છે, આ નક્ષત્રોના સમયમાં ખુલ્લા ટેરેસ પર વિદ્યાપ્રાપ્તિનો પ્રયોગ કરવાનો હોય છે.

પૂર્વે તપોવનમાં, ઋષિકુળમાં ગુરુજી વૃક્ષ નીચે કે ખુલ્લામાં વિદ્યાદાન દેતા હતા.

ધરતીકંપનાં કારણો આ સૂત્રમાં બતાવ્યાં છે.

જગતના પદાર્થોનું સમ્યક્ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન શ્રી સમવાયાંગ સૂત્રમાં આપ્યું છે, જે અનેક પ્રકારના વિષયોના સમન્વયનું વિશિષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કરે છે. વિરોધી વિષયોનો સમન્વય કઈ રીતે કરવો તે આ સૂત્રના અભ્યાસથી જાણી શકાશે.

એકતાળીસ વિભાગમાં દસ હજાર ઉદ્દેશકો અને પંદર હજાર સાતસો બાવન શ્લોકસહ દ્વાદશાંગીનું સૌથી મોટું મહાસાગર સમાન ગંભીર અને ગૂઢાર્થવાળું આગમ એટલે શ્રી ભગવતી સૂત્ર. શ્રી ગૌતમસ્વામી અને અન્ય સાધકોએ ભગવાનને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનના આગમમાંથી એકાદ ભાવ પણ જો આચરણમાં મૂકીએ તો માનવજીવન સાર્થક બની જાય.

સાધુજીવનની ચર્યા સાથે અણુ-પરમાણુનું વર્ણન વૈજ્ઞાનિક ઢબે પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરે કરેલ છે.

કોઈના પણ શરીરમાં ક્યારેક દેવી કે દેવ પ્રવેશ ન કરી શકે, પણ દેવ-દેવી વ્યક્તિને વશ કરી શકે તેનું વર્ણન છે.

હવામાન અને ચોમાસાના વર્તારાની વાત કરી છે. ૬ મહિનાથી વધુ વાદળાં ન રહી શકે, ૬ મહિનામાં વિસરાળ થઈ જાય.

ઘોડો દોડે ત્યારે એક પ્રકારનો અવાજ ક્યાંથી આવે છે ? ઘોડાના હૃદય અને કાળજા (લિવર) વચ્ચે કર્કર નામનો વાયુ ઉત્પન્ન થાય છે. ઘોડો દોડે ત્યારે તે વાયુ બહાર નીકળતાં આ અવાજ થાય છે. આ દર્શાવે છે કે ભગવાનને પ્રાણીઓના શરીરની રચનાનું સૂક્ષ્મ જ્ઞાન હતું.

બધા તીર્થંકરોના સાધુ રંગીન વસ્ત્રો પહેરતા પણ ભગવાને શ્વેત વસ્ત્રો પહેરવા આદેશ કર્યો. ગરમી અને તાપમાં રંગીન વસ્ત્રોમાં વધુ ગરમી લાગે, શ્વેતમાં ઓછી - આ રીતે પ્રભુએ ગ્લોબલ વૉર્મિંગની આગાહી કરી કે ભવિષ્યમાં વૈશ્વિક તાપમાન વધશે.

ધર્મકથાનુયોગમાં શ્રી જ્ઞાતાધર્મકથા નામના આ આગમમાં મહાપુરુષોના જીવનની સત્યઘટનાઓ અને ઔપદેશિક કથાઓનો વિપુલ સંગ્રહ છે. દ્રવ્યાનુયોગ કથાનુયોગ પર સવારી

કરીને આવે તો દર્શનનાં રહસ્યો સરળતાથી સમજાઈ શકે. આ ધર્મકથાનું શ્રવણ બાળજીવોને ધર્મપ્રીતિ પ્રેરનારું બની રહે, ધર્મમાર્ગમાં સ્થિર કરનારું બની રહે તેવું છે.

પૉઝિટિવ થિંકિંગ કઈ રીતે રાખવું - સમુદાય વચ્ચેના જીવનમાં સમુદાયધર્મ કઈ રીતે નિભાવવો તેમજ વડીલોનાં સ્થાન અને સન્માનની વાત આ સૂત્રોમાં કહી છે.

વાસ્તુશાસ્ત્ર, નગરરચના, જીવનવ્યવસ્થા અને જીવનશૈલીમાંથી ઉદ્ભવતા પ્રશ્નોનું સમાધાન જાણવાની ઇચ્છાવાળાઓએ જ્ઞાતાધર્મકથા સૂત્ર વાંચવું જોઈએ.

શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં વીરપ્રભુના શાસનના દશ મહાશ્રાવકોના દેશવિરતિના ઉત્કૃષ્ટ આચારનું વર્ણન આપણને પ્રેરણાનાં પીયૂષ પાય છે.

શ્રાવકોની જીવનશૈલી, તેમની વ્યાપારની પદ્ધતિ કેવા પ્રકારની હતી તેનું તેમજ રોકાણની પદ્ધતિ, ક્ષેત્ર, સાધનો અને ન્યાયસંપન્ન વૈભવ અને શ્રાવકોની આવકનો વ્યય તથા સદ્‌વ્યયનું વર્ણન આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરના શ્રાવકો પાસે ગાયોનાં વિશાળ ગોકુળ હતાં. જે ઘરમાં ગાય છે ત્યાં આસુરી સંપત્તિનું આગમન થતું નથી, તે આ સૂત્ર દ્વારા ફલિત થાય છે.

પરિવારમાં પત્ની, માતા અને પુત્રોનું સ્થાન અને વાનપ્રસ્થ આશ્રમનું વર્ણન પણ આ સૂત્રમાં છે.

ભગવાન મહાવીરે પોતાના શ્રાવકો જે સંસારમાં રહીને પણ ઉત્કૃષ્ટ આત્મકલ્યાણ કરે છે તેવા શ્રાવકોનું પોતાના શ્રીમુખેથી વર્ણન કરી શ્રાવકોને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે તે ઉપાસકદશાંગ સૂત્રથી પ્રગટ થાય છે.

શ્રી અંતગડદશાંગ સૂત્રમાં અંતર્મુહૂર્તમાં મોક્ષે ગયેલા પુણ્યાત્મા આરાધક મુનિઓનાં જીવન શ્રાવકના ત્રણ મનોરથ ચરિતાર્થ કરવાના પ્રેરક બને છે.

આ સૂત્રમાં સહનશીલતાથી સફળતા સુધીની યાત્રાનું વર્ણન છે. શ્રાવક સુદર્શન 'નમો જિણાણંજી અભયાણં'ના જાપ કરે છે, ત્યારે સેંકડો કિલો વજનનું શસ્ત્ર તેના પર ફેંકવામાં આવે છે છતાં તે વાગતું નથી. જપ-સાધનાને કારણે તેની આસપાસ સુરક્ષાચક્ર રચાય છે અને તેને બચાવે છે. આ ઘટનાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરતાં જણાશે કે અદૃશ્ય પદાર્થ દૃશ્યને રોકી શકે. સુરક્ષાનો એક અદૃશ્ય ફોર્સ આપણી આસપાસ રચાય જે મેટલને પણ રોકી શકે છે. ગોશાલકે ભગવાન સામે ફેંકેલી તેજોલેશ્યા વખતે પણ આવું જ થયું.

ગજસુકુમારના માથે અંગારા મૂક્યા ત્યારે તેને પીડા ન થઈ. સાધુ લોચ કરે ત્યારે પહેલી ચાર-પાંચ લટ ખેંચે ત્યારે દુ:ખ પીડા થાય પછી તે પીડા ઓછી થાય એનો અર્થ એ થયો કે આપણી ભીતર એનેસ્થેસિયા સક્રિય થાય છે. આપણી અંદર પીડાશામક રસાયણ સર્જાય છે જે નેચરલ એનેસ્થેસિયા છે. અંદરમાં એવું કાંઈક તત્ત્વ સર્જાય છે જે તત્ત્વ આપણી સહનશીલતાને વિકસાવે છે. આ સંશોધનનો વિષય છે.

શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર આગમના અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મહાત્માઓનું જીવન આપણા અધ્યાત્મ જીવનને નવી દિશા આપે છે.

ભગવાન મહાવીરની ઉપદેશધારામાં નવમા આગમમાં દેહ પ્રત્યેનું મહત્ત્વ ઘટાડતા તપસાધકો જેવા કે ધન્ના અણગારની સાધનાનું વર્ણન છે.

આ સૂત્રમાં કહ્યું છે કે મનુષ્ય માત્ર ખોરાકથી જ જીવી શકે એવું નથી, પ્રકાશ અને હવાથી પણ જીવી શકાય છે. સૂર્યપ્રકાશથી પણ જીવી શકાય તેવા દાખલા છે. રોજ એક ચોખાનો દાણો લઈને પણ લાંબો સમય જીવી શકાય તેવાં ઉદાહરણ છે. શરીરવિજ્ઞાનના સંશોધનનો આ વિષય છે.

મંત્રના ઉપયોગ અને લબ્ધિદિશા દર્શન કરાવનાર શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાંનાં પાંચ મહાપાપોનું વર્ણન વાંચતાં પાપથી પાછા ફરવાનો પાવન અવસર પ્રાપ્ત થાય છે.

સત્ય, અહિંસા આદિ ગુણો દ્વારા વિધેયાત્મક શક્તિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનું વર્ણન આ સૂત્રમાં છે. અનેક પ્રકારની સિદ્ધિઓ, વિદ્યાઓ, લબ્ધિઓ અને ઊર્જાઓને કઈ રીતે પ્રાપ્ત કરવી તે બતાવેલ છે.

પ્રાચીન કાળમાં આ આગમમાં અનેક વિદ્યાઓનાં મંત્રો તથા યંત્રોની વાત હતી, પરંતુ એ વિદ્યાઓનાં મંત્રો કે યંત્રોનો દુરુપયોગ ન થાય, કોઈ કુપાત્ર તેનો અકલ્યાણ માટે ઉપયોગ ન કરે તે આશયથી આ સૂત્રની પ્રાચીન વિદ્યાને ગુરુએ સંગોપી દીધી છે. આમ અનધિકારી શિષ્યને જ્ઞાનનો પરિચય ન કરાવવાની જૈન પદ્ધતિ વિશેષ વંદનીય છે અને આ જ કારણે આચાર્યએ આ આગમનો વિષય બદલી નાંખ્યો છે.

શ્રી વિપાક સૂત્ર આગમમાં અજ્ઞાન દશામાં બાંધેલાં કર્મોનાં ભયંકર ફળ પાપકર્મોથી દૂર રહેવાનો માર્ગ બતાવે છે. દુષ્કૃત્યથી દુઃખવિપાક થાય છે અને સુકૃતથી સુખવિપાક. આ જાણી આપણી વૃત્તિઓ સુકૃત તરફ પ્રયાણ કરશે.

જીવનશૈલીમાં પાપથી બચવું છે, સત્કર્મોથી જીવનને વિભૂષિત કરવું છે તેવા પ્રકારની વિચારસરણી ધરાવતા સાધકો માટે વિપાક સૂત્રનું માર્ગદર્શન અત્યંતપણે ઉપકારક છે.

આગમમાં અંગ સૂત્રોના વર્ગીકરણ ઉપરાંત ૧૨ ઉપાંગ સૂત્રોનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે, જે ઉપાંગો અંગોના સ્વરૂપને વિસ્તારે છે.

શ્રી ઉવવાઈ સૂત્રમાં ભગવાનના ગુણવૈભવ - ગણધર શ્રમણોની સંયમસાધનાનું દિગ્દર્શન છે. ભગવાનનું નગરમાં આગમન થતાં રાજા આનંદ-ઉલ્લાસ અને ભક્તિભાવથી દેવાધિદેવનાં દર્શને જાય છે તે વર્ણન વાંચતાં સંતો પાસે જવાની, વંદન કરવાની વિશિષ્ટ વિધિ કરવાનો બોધ થાય છે.

આપણાં કર્મો જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિનું કારણ છે. કયા પ્રકારનાં કર્મોથી કયા સ્થાનમાં જીવ ઉત્પત્તિ પામે તેનું વર્ણન કરેલ છે. તમારું કર્મ જ તમારી ગતિનું કારણ બને છે, તેવા દૃષ્ટિબિંદુથી ભગવાન મહાવીરે ઈશ્વર કર્તાહર્તા નથી, પરંતુ કર્મો જ આપણા ભાગ્યવિધાતા બને છે. તેવી વિશિષ્ટ દૃષ્ટિ આ આગમમાં પ્રગટ કરેલ છે.

શ્રી રાયપસેણી સૂત્ર વાંચતાં ગુરુનો સમાગમ થતાં પ્રદેશી રાજાના જીવનપરિવર્તનનું વર્ણન વાંચી ગમે તેવા પાપી જીવ પણ અધ્યાત્મની ઊંચી દશા સુધી પહોંચી શકે છે તેની પ્રતીતિ થાય છે.

સંત સમાગમ વ્યક્તિ પર કેવો મહાન ઉપકાર કરે છે અને તેને દેવલોકનાં સુખો અપાવી શકે અને પરમ પદને પણ પ્રાપ્ત કરાવી શકે છે તે પ્રેરણાદાયી હકીકતનું આલેખન છે.

પોતાની રાઇટ આઇડેન્ટિટી જાણવા ઇચ્છુક સાધકો માટે રાયપસેણી સૂત્ર ઉપકારક બની રહેશે.

શ્રી જીવાજીવાભિગમ સૂત્ર વાંચતાં જીવ-અજીવના જ્ઞાન દ્વારા અહિંસા અને જયણા ધર્મ પાળી શકાય છે.

ભગવાન મહાવીરે જગતજીવોની વિવિધ પ્રકારની વૃત્તિઓ, રુચિઓ અને અલગ અલગ પ્રકૃતિને ધ્યાનમાં રાખીને જ્ઞાનભાવોનું વર્ણન આ સૂત્રમાં કર્યું છે. આ સૂત્ર જીવવિજ્ઞાનનો એક ઊંડાણભરેલો દસ્તાવેજ છે. જે સાધકોને જીવવિજ્ઞાન વિશે જાણવાની જિજ્ઞાસા હોય તેમણે આ સૂત્ર અવશ્ય વાંચવું.

શ્રી પન્નાવણા સૂત્રમાં જૈન તત્ત્વજ્ઞાનની સમજણ આપવામાં આવી છે. આ સૂત્ર પદાર્થવિજ્ઞાન, શરીરવિજ્ઞાન અને ચૈતસિક શક્તિઓનો ખજાનો છે. છ લેશ્યા અને ઓરા પરમાણુની ગતિનું વર્ણન, યોગ વગેરેનું આલેખન, જ્ઞાનના ગહન ભંડાર સમું આ સૂત્ર 'લઘુ ભગવતી' તરીકે ઓળખાય છે.

શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તીર્થંકર અને ચક્રવર્તી જેવા ઉત્તમ પુરુષોના જીવનવ્યવહારના પરિચય દ્વારા આત્મઉત્થાનની પ્રક્રિયાને વેગ મળે છે.

આ સૂત્રમાં પૃથ્વી અને પૃથ્વીમાં રહેલ અલગ અલગ દેશ, તેની ભૌગોલિક રચના વગેરેનું વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્રને જંબૂદ્વીપ કહેવાય. મેરુપર્વત, વનો અને સમુદ્રોનું પણ વર્ણન છે. આ સૂત્રમાં ભૂગોળ, ખગોળ અને ઇતિહાસનું સંયોજન છે.

આ આગમ જ્યોતિષવિષયક ખજાનો છે. દરેક ગ્રહો, નક્ષત્રો અને તારાનું વર્ણન છે. ચંદ્ર અને સૂર્યના અધિષ્ઠાયક દેવો કેવા પ્રકારની ગતિ કરાવે છે તેનું વર્ણન છે. આ આગમ વાંચવાની અનુજ્ઞા દરેક સાધકને મળતી નથી. ગુરુ, પાત્ર શિષ્યને જ આજ્ઞા આપે છે.

શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર દ્વારા જૈન ખગોળના જ્ઞાનથી આ વિશાળ લોક અને પ્રકાશ ક્ષેત્રનું વર્ણન વાંચતાં આપણી લઘુતાનું જ્ઞાન થતાં અહંકાર ઓગળી જશે.

શ્રી નિરયાવલિકાનાં પાંચ ઉપાંગ સૂત્રો શ્રેણિક રાજા, બહુપુત્રિકાદેવી, લક્ષ્મીદેવી, બળદેવ વગેરે બાવન આત્માઓના પૂર્વ પશ્ચાદ્ ભવના કથન દ્વારા કર્મસિદ્ધાંત તથા સંસારના ઋણાનુબંધ સંબંધની વિચિત્રતાનો બોધ થાય છે.

ભગવાન મહાવીરના સમયમાં રાજાઓ કેવા પ્રકારના હતા, રાજશૈલી કેવા પ્રકારની હતી, ભરપૂર ભોગ સૂત્રો વચ્ચે પણ આ રાજાઓ ભગવાનના સંપર્કમાં આવીને પૂર્ણપણે યોગીપુરુષની

દશામાં કેવી રીતે આવતા હતા તેનું વર્ણન આ નિરયાવલિકા સૂત્રમાં આપવામાં આવ્યું છે.

આ સૂત્રમાં આપણી ઇચ્છાઓ આપણા માટે કેવી રીતે દુઃખકારક બને છે તે બહુપુત્રિકાની વાર્તા દ્વારા મળે છે. ભગવાન મહાવીરનાં આ પાંચ આગમો ઉત્તમપણે આપણી આંતરિક મનોવૃત્તિઓનાં દર્શન કરાવે છે. જેમને માનવીય સાઇકૉલોજી જાણવામાં રસ છે તેમને માટે આ પાંચ આગમમાંથી અત્યંત ઉપયોગી દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થતાં હોય છે. આ પાંચ આગમમાં મનની અડગતા, સ્થિરતા અને મનની ચંચલતા, મનની વિચિત્રતા - આ બધી જ દશાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કેવા પ્રકારની માનસિકતામાં વ્યક્તિ દુઃખી થાય છે, સુખ-દુઃખના કારણમાં મન કેવો ભાગ ભજવે છે તેનું વિશેષ વર્ણન આ નિરયાવલિકા સૂત્રમાં આવે છે. જેમને મનોવિજ્ઞાનના વિષયમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું હોય તેમને માટે આ પાંચ આગમો કથા રૂપે અને સાહિત્ય રૂપે મનોવિજ્ઞાનના દૃષ્ટિબિંદુને ઉજાગર કરે છે. આમ આ પાંચ આગમો મનોવિજ્ઞાનને જાણવા ઉત્સુક સાધકો માટે ઉપકારક બની રહે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાનની અંતિમ દેશના રૂપે સમસ્ત જૈન સમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. ૩૬ અધ્યયનમાં પ્રભુના અંતિમ ઉપદેશમાં જૈન ધર્મના મુખ્યતમ વિષયોનો પ્રાયઃ સમાવેશ થયો છે જેનું ચિંતન અને આચરણ આત્માનું ઊર્ધ્વગમન કરાવી શકે.

આ સૂત્રના ૨૯મા અધ્યયનમાં સમ્યક્ પરાક્રમના ૭૩ બોલ દ્વારા સાધક દશામાં ઉત્કૃષ્ટ સાધના કઈ રીતે પ્રગટ કરી અને મોક્ષમાર્ગમાં કઈ રીતે આગળ વધવું તેનો નિર્દેશ છે.

અહીં અનેક પ્રકારની કથાસાહિત્યનું વર્ણન છે. ગેરસમજથી કોઈ સાધક ધર્મવિમુખ બને ત્યારે ભગવાનના સાધકોનું આચરણ જ તેની ગેરસમજ દૂર કરી ધર્મમાં સ્થિર કરે છે તેનું વિશેષ વર્ણન છે.

શ્રી શય્યંભવાચાર્ય દ્વારા પોતાના પુત્ર બાલમુનિ શ્રી મનકને લક્ષમાં રાખી પ્રથમ મૂળ સૂત્ર શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરવામાં આવી છે. પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ લખે છે કે 'દશવૈકાલિક જૈન આગમનો સાર સરવાળો છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે.' આ સૂત્ર મુક્તિધામની મહાયાત્રા છે.

સાધુજીવનના સમગ્ર વ્યવહારને સમજાવતો આ આગમ ગ્રંથ સાધુજીવનની બાળપોથી છે. સાધુજીવનમાં ત્યાગનું મહત્ત્વ અને ગુરુ-શિષ્યના સંબંધ અને વિનયની વાત કહી છે. સાધુજીવનમાં ઉપયોગી હિતશિક્ષાઓ અને બે ચૂલિકામાં ભાવથી પતિત થયેલા સાધકને સંયમભાવમાં સ્થિર થવા માટે પ્રેરે છે.

શ્રી નંદી સૂત્રમાં પૂ. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે આ આગમમાં પાંચ જ્ઞાનનું વર્ણન કર્યું છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન છે. આ પાંચ જ્ઞાન ગ્રહણ કરવાની વિધિને પ્રદર્શિત કરતું શ્રી નંદીસૂત્ર શ્રુતસાધકના આત્મિક આનંદનું કારણ બની જાય છે.

આ સૂત્રમાં સંઘ અને સંઘની વ્યવસ્થાનું વર્ણન છે. ભગવાન મહાવીરની પાટ પરંપરાના

સાધકોનું વર્ણન છે. બુદ્ધિ અને બુદ્ધિની ક્ષમતાના પ્રકારનું વર્ણન છે. સ્મરણશક્તિ વધારવાની અને સફળતાના ઉપાયોની વાત આ સૂત્રમાં કરી છે.

નવ પૂર્વધર આચાર્ય શ્રી આર્યરક્ષિત મુનિએ શ્રી અનુયોગદ્વાર સૂત્રની રચના દ્વારા સર્વ આગમોને સમજવાની આપણને માસ્ટર કી આપી છે.

કઠિન વિષયોને સહજ રીતે સમજવાની ચાવી આ આગમમાંથી મળે. કોઈ પણ શબ્દોના અનેક અર્થ હોઈ શકે. ડિક્ષનરી (શબ્દકોશ) બનાવવાની કળા, એક શબ્દના અનેક અર્થ કઈ રીતે પ્રગટ કરવા તે સમજાવ્યું છે. આ સૂત્રમાં એક જ આવશ્યક સૂત્ર પર અનેક રહસ્ય સભર દૃષ્ટિબિંદુ આપેલ છે. મનની અપાર શક્તિના ઉપયોગ દ્વારા વ્યક્તિ કઈ રીતે વિકાસ કરી શકે તેનું વિશદ વર્ણન છે.

શ્રી નિશીથ સૂત્રમાં પાપસેવન કે વ્રતભંગના પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરી આત્માને પાવન કરવાની પ્રક્રિયા બતાવી છે઼

આ છેદ સૂત્ર નિયમો અને પ્રતિજ્ઞાઓના આત્મગુણોની વૃદ્ધિ કરાવે છે. પરિસ્થિતિવશ આ નિયમો કે પ્રતિજ્ઞાઓનો ભંગ થતો હોય ત્યારે તેનો ઉપાય દર્શાવે તેને છેદ સૂત્રો કહે છે.

નિશીથ એટલે રાત્રિ. રાત્રિનો અંધકાર એ અનેક દોષનું કારણ છે અને સૂર્યનો પ્રકાશ અનેક દોષોનું નિવારણ છે. આ સૂત્રમાં સાધુજીવનમાં કેવા દોષો લાગી શકે ને તેનું નિવારણ કઈ રીતે કરવું તે બતાવેલ છે. આ સૂત્રમાં પસ્તાવો, પ્રાયશ્ચિત્ત અને વિશુદ્ધીકરણના ઉપાયો બતાવ્યા છે.

શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં મહામોહનીય કર્મબંધનાં સ્થાનો અને નવનિધાનનું કથન સાધકને દોષસેવનથી દૂર રાખે છે.

આ સૂત્રમાં શ્રમણજીવનની મર્યાદાઓ અને આચારશુદ્ધિનું વર્ણન હોવાથી માત્ર ઉચ્ચ કક્ષાના સાધકોને ગુરુજનો આજ્ઞા આપે તો જ આ આગમ વાંચી શકાય છે.

શ્રી બૃહદ્ કલ્પસૂત્ર આચારમર્યાદા, વિધિનિષેધરૂપ નિયમોનું કથન સાધુજીવનની નિર્મળતા માટે અત્યંત ઉપયોગી છે.

આ સૂત્રમાં સાધુજીવનની વ્યવસ્થાઓનું જ વર્ણન હોવાથી જનસામાન્ય સાધકો માટે વાંચનયોગ્ય નથી; પરંતુ ઉચ્ચ કક્ષાના જ્ઞાનસાધકો માટે અનેક પ્રકારની મનોવૈજ્ઞાનિક સ્થિતિમાંથી કઈ રીતે પસાર થવું તેનું વર્ણન છે.

સર્પદંશનું ઝેર ઉતારવાના મંત્રોચ્ચાર, પાણીમાં પગ મૂકીને કે નાવમાં બેસીને વિકટ સમયે નદી કઈ રીતે પાર કરવી તેનું નિરૂપણ કરેલ છે. આમ વર્તમાનમાં જે પરંપરાઓ પ્રચલિત નથી, પરંતુ ભગવાનના સમયમાં જે પ્રચલિત હતી તેનું વર્ણન બૃહદ્ કલ્પસૂત્રમાં છે.

શ્રી વ્યવહાર સૂત્રમાં આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, જ્ઞાનવ્યવહાર, ધારણાવ્યવહાર અને જિતવ્યવહાર સંયમી જીવનને નિર્મળ બનાવે છે.

ભગવાને પોતાના બે સાધકોની વચ્ચે એ બે ભેગા મળે ત્યારે, બે શ્રાવકો કે બે આચાર્યો ભેગા મળે ત્યારે, ગુરુ-શિષ્ય મળે તો બે મળવા પર એકબીજાએ કેવો વ્યવહાર કરવો તેનું વર્ણન આ સૂત્રમાં

છે જેના દ્વારા સામુદાયિક સુમેળતાનું સર્જન થાય છે. આ સૂત્ર સાધુ, સાધ્વી, શ્રાવકો અને પરિવાર વચ્ચે સંવાદનું સર્જન કરાવતું શાસ્ત્ર છે.

સાધકોને સાધનાની વિશુદ્ધિ માટે અવશ્ય કરવાયોગ્ય અનુષ્ઠાનોનું નિરૂપણ કરતું આગમ તે શ્રી આવશ્યક સૂત્ર છે. વ્યવહારમાં આપણે તેને પ્રતિક્રમણ સૂત્ર કહીએ છીએ. આત્મવિશુદ્ધિ કરવા માટે જે ક્રિયા અવશ્ય કરવાની છે તેને આવશ્યક કહ્યું છે.

આવશ્યકને જ્ઞાનીઓએ જીવનશુદ્ધિ, સંયમ-વિશુદ્ધિની ક્રિયા કહી સાધનાનો પ્રાણ કહેલ છે. સમભાવની સાધના એ સામાયિક છે. તીર્થંકરોની સ્તુતિ ચૌવિસત્થોથી શ્રદ્ધા બળવાન બને છે. વંદના દ્વારા સાધકનો ભક્તિભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ એ પાપથી પાછા ફરવાની પ્રક્રિયા છે. અંતર્મુખ થઈ આત્મભાવમાં સ્થિર થવા માટે કાઉસગ્ગ અને ભવિષ્યનાં કર્મોના નિરોધ માટે પચ્ચક્ખાણ એમ આ છ આવશ્યકની આરાધના સાધકના આત્મવિશુદ્ધિના લક્ષને સફળ બનાવવામાં સહાયક બને છે.

પ્રતિક્રમણ સાધક અને શ્રાવક બન્ને માટે દરરોજ કરવાયોગ્ય એવી પ્રક્રિયા છે જેનાથી આત્માની શુદ્ધિ અને વિશુદ્ધિ વર્તે છે. કર્મો જે દરરોજ બંધાતાં હોય તે નિધ્ધત બંધાય છે અને નિકાચિત કક્ષાના થતાં અટકી જાય છે. તેની પ્રક્રિયા પણ આ જ પ્રતિક્રમણ સૂત્રમાં બતાવેલી છે. જે કર્મને અવશ્ય ભોગવ્યા વિના ક્ષય કરી શકાય તે નિધ્ધત. દરરોજના પાપનું જ્યારે પ્રતિક્રમણ કરવામાં આવે છે ત્યારે પાપની કક્ષા નિધ્ધત બની જાય છે, પરંતુ જ્યારે પ્રતિક્રમણ કરવામાં નથી આવતું ત્યારે તે કર્મો નિકાચિત બની જાય તેનું વર્ણન આ સૂત્રમાં છે. સાધકો અને શ્રાવકો નિત્ય પ્રતિક્રમણ કરે તો તે પરમપદ સુધી પહોંચી શકે છે.

અગિયાર અંગ સૂત્રો, બાર ઉપાંગ સૂત્રો, ચાર મૂળ, ચાર છેદ અને એક આવશ્યક સૂત્ર એમ બત્રીસ આગમો આત્મસુધારણા માટે સાધકને કઈ રીતે ઉપયોગી છે તેની વિચારણા આપણે કરી. સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાયમાં બત્રીસ આગમ સૂત્રોનો સ્વીકાર થયો છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધકોની માન્યતા પ્રમાણે દસ પયન્ના સૂત્ર - પ્રકીર્ણક સહિત બીજા તેર આગમ ગ્રંથોને સ્વીકાર્યા છે. તીર્થંકર દેવે અર્થથી જણાવેલ શ્રુતને અનુસરીને પ્રજ્ઞાવાન મુનિવરો જેની રચના કરે તેને પ્રકીર્ણક કે પયન્ના કહે છે.

ચતુઃશરણ પ્રકીર્ણકમાં ૩૪ અતિષયોથી વિભૂષિત અરિહંતોનો પરિચય અને ચાર શરણ સ્વીકારની વાત સાથે દુષ્કૃત્ય ગર્હા ને સુકૃત અનુમોદનાની વાત કહી છે. મહાપ્રત્યાખ્યાનમાં પાપ કરવું એ દુષ્કર નથી, પરંતુ કરેલાં પાપોની નિર્મળ ભાવે આલોચના કરવી એ દુષ્કર છે કહી આલોચના વિધિ કહી છે. ભક્તપ્રતિજ્ઞા પ્રત્યાખ્યાનમાં ભક્ત એટલે આહાર અને પ્રતિજ્ઞા એટલે પ્રત્યાખ્યાન - જીવનના અંત સમયે આહારત્યાગનાં પચ્ચક્ખાણ કઈ રીતે લેવાં તે વિધિ બતાવી છે.

આ આગમોમાં બાળ પંડિતમરણ અને પંડિતમરણની વિચારણા છે. પ્રત્યાખ્યાનનું વર્ણન, અનશન માટેની યોગ્યતા અને પૂર્વતૈયારી, સંથારાનું વર્ણન, વૈરાગ્ય ભાવને દૃઢ કરતી વાતો, ગચ્છાચારમાં સાધુ-સાધ્વીની મર્યાદા, જ્યોતિષ અને દેવેન્દ્રોનું વર્ણન, મરણ-સમાધિ" પ્રકીર્ણકમાં મરણ સુધારવા માટેની આદર્શ પદ્ધતિઓ આત્મસુધારણા માટે ઉપયોગી છે.

જિતકલ્પસૂત્ર (પંચકલ્પભાષ્ય) - ૧૦૩ ગાથાઓના આ આગમમાં, સાધુજીવનમાં લાગેલા અતિચારો, અનાચારોના દસ અને ઓગણીસ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું વર્ણન કર્યું છે. આ ગંભીર ગ્રંથ છે. ગીતાર્થ ભગવંતો જ આ ગ્રંથના અધિકારી ગણાય છે.

પાંચ પ્રકારના વ્યવહારથી જૈનશાસન ચાલે છે. (૧) આગમ, (૨) શ્રુત, (૩) આજ્ઞા, (૪) ધારણા અને (૫) જિત વ્યવહાર. આ પ્રત્યેકની વિગતપૂર્ણ સમજણ આ આગમમાં આપવામાં આવી છે. ઉપરાંત, આચાર્યની આઠ સંપદાનું વર્ણન, વિદ્યા અને મંત્ર વચ્ચેનો તફાવત વગેરેની ચર્ચા પણ પ્રાપ્ત થાય છે.

મહાનિશીથ સૂત્ર. મહા-મધ્ય. આ સૂત્ર મધ્યરાત્રિએ જ શિષ્યને આપી શકાય. આ આગમના ૮ વિભાગ છે, જેમાં પ્રથમ વિભાગમાં ૬ અધ્યયન છે અને બાકીના બે ચૂલિકાઓ છે. વિશાળ આગમ છે. ૪૫૪૮ શ્લોકપ્રમાણ ગ્રંથ છે.

આ આગમ સંયમી જીવનની વિશુદ્ધિ પર ખૂબ જ ભાર મૂકે છે. સરળતા, આચારશુદ્ધિ, ભૂલો સુધારવાની તત્પરતા, વૈરાગ્યભાવ તેમજ આજ્ઞાધીનતા વગેરે વર્ણન છે.

ઓઘનિર્યુક્તિ (મૂળસૂત્ર). મૂર્તિપૂજા સંપ્રદાય પણ ૪ મૂળસૂત્રો ગણાવે છે. પરંતુ ૪થા સૂત્ર તરીકે ઓઘનિર્યુક્તિ સૂત્રની ગણના કરી છે. આ સૂત્ર સ્થાનકવાસી તેમજ તેરાપંથી સંપ્રદાયને માન્ય નથી.

આ આગમ, પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ 'પ્રત્યાખ્યાન પ્રવાદ' નામના નવમા પૂર્વમાંથી સંકલિત કર્યું છે.

ઓઘ=સંક્ષેપથી સાધુના જીવનને લગતી તમામ નાનીમોટી બાબતનું વર્ણન, આદર્શ શ્રમણચર્યારૂપ વર્ણન આ ગ્રંથમાં છે. આ આગમમાં મુખ્યત્વે પડિલેહણ, પિંડ, ઉપધિનું વર્ણન, અનાયતનનો ત્યાગ, પ્રતિસેવના, આલોચના અને વિશુદ્ધિનું વર્ણન છે.

સાધુ-સાધ્વીની સમાચારીનું વર્ણન છે. સંયમ જીવનના પ્રાણસ્વરૂપ, ચરણસિત્તરી અને તેને સહાય એવી કરણસિત્તરીનું વર્ણન છે. ચરણકરણાનુયોગનું આ સૂત્ર છે. સાધુ પોતાના આચારમાં સ્થિર રહે અને જયણાનું ખાસ પાલન કરે તે હકીકત સચોટ રીતે દર્શાવી છે. બીમાર સાધુની સેવા માટે વૈદને બોલવાની વિધિ અને શ્રાવક પાસેથી ઔષધ મેળવવાની વિધિ પણ વર્ણવી છે. ચોમાસામાં વિહાર કરવાથી લાગતા દોષોનું વર્ણન છે. આહાર લેવાનાં અને ન લેવાનાં છ કારણો દર્શાવ્યાં છે. શય્યા, ઉપધિ, પડિલેહણ પાત્રાં કેટલાં રાખવાં વગેરે દર્શાવ્યું છે.

સાધુજી ૪૫ આગમ વાંચી શકે જ્યારે શ્રાવકો ગુરુમુખેથી ૩૯ આગમ સાંભળી શકે તેવી પરંપરા છે.

જિનશાસનના સમગ્ર બંધારણનો પાયો આ આગમ ગ્રંથો છે. જેમાંથી ગુરુઆજ્ઞા દ્વારા યત્કિંચિત્ આચરણ કરવાથી પરમપદના માર્ગની પ્રાપ્તિ સહજ બને છે.

ક્ષણે ક્ષણે જાગ્રત રહી આત્મસુધારણા કરવાની શીખ ઉત્તરાધ્યયન સૂત્ર (૪/૬)માં આપી છે.

સૂતેલી વ્યક્તિની વચ્ચે પણ પ્રજ્ઞાસંપન્ન પંડિત જાગ્રત રહે છે. પ્રમાદમાં એ વિશ્વાસ કરતો નથી.

કાળ ઘણો નિર્દય છે. શરીર દુર્બળ છે. ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

વિશ્વના તમામ વિષયો એક યા બીજી રીતે આગમમાં સંગોપ્યા છે. વ્યક્તિ, કુટુંબ કે વિશ્વની એક સમસ્યાનું સમાધાન આગમમાંથી મળે છે.

આગમમાં લખાયેલ સૂક્તિઓ, ગાથાઓ શુષ્ક કે તર્કવાદી નથી, પરંતુ જેમનું જીવન એક પ્રયોગશાળા હતું તેવા પરમવૈજ્ઞાનિક પ્રભુ મહાવીરની અનુભૂતિની એરણ પર ઘડાયેલ પરમસત્યની સફળ અભિવ્યક્તિ છે. આ આગમવાણીના જનક માત્ર વિચારક કે ચિંતક જ નહિ, પરંતુ ઉત્કૃષ્ટ સાધક હતા. વ્રતોને માત્ર ચિંતનની ભૂમિકા સુધી સીમિત ન રાખતાં, ચારિત્રઆચારમાં પરાવર્તિત થઈને આવેલા આ વિચારો શાસ્ત્ર બની ગયા જે જીવને શિવ બનાવી પરમપદને પ્રાપ્ત કરવા સક્ષમ છે.

સદ્ગુરુની આજ્ઞા લઈ આ આગમસૂત્રોનો સ્વાધ્યાય કરવામાં આવે. જ્ઞાની ગુરુભગવંતોના સમાગમમાં તેનો શાસ્ત્રાર્થ સમજવામાં આવે અને તેનું નિજી જીવનમાં આચરણમાં અવતરણ થાય તો અવશ્ય આપણને મુક્તિપંથ મળે.

જિનાગમમાં સૂત્રસિદ્ધાંતમાં વિચાર, વાણી અને વર્તનની વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિની ભાવના અને કર્તવ્યનો અદ્ભુત સમન્વય જોવા મળે છે. આ કાળે અને ક્ષેત્રે ભીતરની સંપદાની એકવીસ હજાર વર્ષ સુધીનો માલિકીહક્ક આપતો આ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

પુષ્કરાવર્ત મેઘની–વર્ષાની અસરથી વર્ષા ન આવે તોપણ કેટલાંક વર્ષ ફળો અને પાક આવ્યાં કરે, પરંતુ ભગવાન મહાવીરની વાણી ઉપદેશધારા રૂપ આ પાવન મેઘવર્ષાની અસર આ આરાની સમાપ્તિ એટલે કે એકવીશ હજાર વર્ષ સુધી રહેનાર છે. ગુરુકૃપાએ તે પાવન વાણીને ઝીલવાનું આપણને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

12

# આચાર્ય મહાપ્રજ્ઞની સાહિત્યસૃષ્ટિ

રશ્મિ ઝવેરી

વીસમી સદીના મહાન સાહિત્યકાર અધ્યાત્મયોગી આચાર્ય મહાપ્રજ્ઞે ત્રણસો જેટલા ગ્રંથોનું શ્રુત સર્જન કર્યું હતું. એમના સાહિત્યમાં વિષયોની વિવિધતા અને મૌલિકતા છે. એક વિશાળ જૈન સંપ્રદાયના આચાર્ય હોવા છતાં એમનું ગહન ચિંતન વિશાળ ફલકને સ્પર્શ કરતું હતું. લગભગ વીસ વર્ષની વયથી સાહિત્યસર્જનની થયેલી શ્રુતસાધના નિરાબાધપણે નેવું વર્ષ સુધી ચાલુ રહી હતી. "આત્મા મારો ઈશ્વર છે, ત્યાગ મારી પ્રાર્થના છે, મૈત્રી મારી ભક્તિ છે, સંયમ મારી શક્તિ છે અને અહિંસા મારો ધર્મ છે." – આ શબ્દોમાં એમણે પોતાના ભાવાત્મક વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે.

ધર્મનો આધાર જીવન છે અને દર્શનનો આધાર સાહિત્ય છે. 'સાંપ્રત સ્થિતિમાં જીવનગત, આત્મગત, વ્યક્તિગત અને સમૂહગત તથ્યોને સાહિત્યના માધ્યમથી અભિવ્યક્ત કરી શકાય છે.' એ ઉક્તિને એમણે એમના સર્જન દ્વારા ચરિતાર્થ કરી છે. એમનું વિપુલ સાહિત્ય એમની ઋતંભરા પ્રજ્ઞાને પ્રકાશિત કરે છે.

**સંક્ષિપ્ત જીવનઝરમર :** ટમકોર (રાજસ્થાન)માં સન ૧૯૨૦માં એમનો જન્મ થયેલો. મૂળ નામ હતું નથમલ. અગિયાર વર્ષની વયે (૧૯૩૧) શ્રી જૈન શ્વે. તેરાપંથ સંઘના અષ્ટમાચાર્ય શ્રી કાલુગણિ પાસે દીક્ષિત થઈ મુનિ તુલસી (આચાર્ય શ્રી તુલસી) પાસે જૈન ધર્મ, દર્શન, ભાષાઓ, વ્યાકરણ, ઇતિહાસ, ન્યાય, આદિનું તલસ્પર્શી અધ્યયન કર્યું. શાળા કે કૉલેજના અભ્યાસથી વંચિત રહેલા મુનિ નથમલમાં એક અનોખી પ્રજ્ઞા જાગ્રત થઈ અને એમણે જૈનાગમની સાથે સાથે વિજ્ઞાન, રાજનીતિ, અર્થશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, વિશ્વનાં મુખ્ય દર્શનો,

અનેકાંતવાદ, ધ્યાન, યોગ આદિ વિષયો પર ગહન અધ્યયન કર્યું અને પોતાની પ્રજ્ઞાથી મૂલ્યાંકન કર્યું.

એમની આંતર્દષ્ટિ અને પ્રજ્ઞાનું મૂલ્યાંકન કરી આચાર્ય તુલસીએ એમને ૧૯૬૦માં 'મહાપ્રજ્ઞ' નામથી અલંકૃત કર્યા હતા અને મુનિ નથમલ 'મહાપ્રજ્ઞ' બની ગયા. ૧૯૭૯માં એમને યુવાચાર્યપદ પર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. 'યુવાચાર્ય મહાપ્રજ્ઞ' રચિત સેંકડો પુસ્તકોનું ગુજરાતીમાં પ્રકાશન થયેલું છે. ૧૯૯૪માં એક અજબ ઘટનામાં આચાર્ય તુલસીએ પોતાના આચાર્યપદનો ત્યાગ કરી 'યુવાચાર્ય'ને આચાર્ય મહાપ્રજ્ઞ બનાવ્યા. ૬૩ વર્ષની વયે તેરાપંથ સંઘના આચાર્ય થયા બાદ પણ એમની શ્રુતસાધના અવિરત ચાલતી રહી હતી જે ૨૦૧૦માં એમના મહાપ્રયાણ સાથે વિરામ પામી.

**આગમ સંશોધન, અનુવાદ અને સંપાદન :** આચાર્ય મહાપ્રજ્ઞની સાહિત્યસૃષ્ટિમાં સૌથી અધિક મહત્ત્વનું પ્રદાન છે – જૈનાગમોનું સંશોધન, અનુવાદ અને તટસ્થ સંપાદન. આ ભગીરથ કાર્યમાં એમના પ્રેરણામૂર્તિ અને વાચનાપ્રમુખ હતા આચાર્ય તુલસી. ગુરુ-શિષ્યની આ વિરલ જોડીએ આ અવિસ્મરણીય શ્રુતસેવા કરી છે. 'આગમ સંપાદન કી સમસ્યાએં'માં એમણે આ ગુરુતમ કાર્યની વિકટતમ સમસ્યાઓનું વર્ણન કર્યું છે.

આ મહાન કાર્યની સફળતાનો શ્રેય તેઓ આ ચારેયને આપતા હતા – 'હેમ વ્યાકરણનું' આઠમું અધ્યયન, ધાતુપાઠનું સુદૃઢ જ્ઞાન, સંસ્કૃત વ્યાકરણ પર અધિકાર અને દર્શનનું ગહન અધ્યયન.

મૂળ પાઠ, સંસ્કૃત છાયા, હિંદી અનુવાદ, વ્યાખ્યાત્મક ટિપ્પણ અને સુગમ પરિશિષ્ટો સાથે અનેક આગમો પર એમણે પાંડિત્યપૂર્ણ શ્રુતસેવા કરી છે. 'અંગસુત્તાણિ' ભાગ ૧, ૨, ૩ તથા 'ઉવંગસુત્તાણિ' ભાગ ૧–૨ અને 'નવસુત્તાણિ' આટલાં મૂળ આગમો પ્રકાશિત થયાં છે, જે જૈનદર્શનના અભ્યાસી માટે પ્રામાણિક આધારગ્રંથો છે. એમણે આગમ શ્રુતસેવા કરી – ભગવતી સૂત્રના ચાર ખંડ (સભાષ્ય), ઉત્તરાધ્યયન, દસવૈકાલિક, અનુયોગદ્વાર, નન્દી, સૂયગડો, સમવાઓ, ઠાણં, જ્ઞાતાધર્મકથા આદિ. 'આચારંગ ભાષ્યમ્' નામના સંસ્કૃત ગ્રંથે એમને મહાન ભાષ્યકારની કોટિમાં મૂકી દીધા.

**ગુરુ-સાહિત્ય :** ગુરુ-શિષ્ય પરંપરા ભારતીય સંસ્કૃતિના જીવંત હસ્તાક્ષર છે. ગુરુ તુલસી અને શિષ્ય મહાપ્રજ્ઞના વિરલ સંબંધ વિશે પંડિત દલસુખભાઈ માલવણિયા લખે છે કે, "૧૫૦૦ વર્ષના ઇતિહાસમાં શોધવો પડે એવો એમનો સંબંધ હતો." આચાર્ય મહાપ્રજ્ઞે પોતાના ગુરુના જીવન અને કવન પર અનેક પુસ્તકોનું સર્જન કર્યું હતું; જેમ કે

(૧) ધર્મચક્ર કા પ્રવર્તન, (૨) મૈં ઔર મેરે ગુરુ, (૩) આચાર્ય તુલસી ઔર ઉનકે વિચાર, (૪) આચાર્યશ્રી તુલસી : જીવન ઔર દર્શન, (૫) આચાર્યશ્રી તુલસી (જીવન પર એક દૃષ્ટિ), (૬) આચાર્યશ્રી તુલસી (જીવનગાથા), (૭) ક્રાંતિ કે પુરોધા : આચાર્ય તુલસી, (૮) ક્ષમા કરેં ગુરુદેવ !, (૯) તુલસી મંજરી, (૧૦) તુલસી યશોવિલાસ, (૧૧) તુલસી વિચારદર્શન.

આ ઉપરાંત તેરાપંથ સંપ્રદાયના પ્રથમ આચાર્ય ભિક્ષુસ્વામીનાં જીવન અને દર્શન પર પણ અનેક પુસ્તકોનું સર્જન કર્યું હતું; જેમ કે

(૧) આચાર્ય ભિક્ષુ : જીવનદર્શન, (૨) ભિક્ષુ વિચારદર્શન, (૩) ભિક્ષુ ગાથા, (૪) ભિક્ષુ ગીતા, (૫) ક્રાંતદર્શી આચાર્ય ભિક્ષુ, (૬) સિંહપુરુષ આચાર્ય ભિક્ષુ

**જૈન ધર્મ અને જૈનદર્શન :** જૈન ધર્મનો મૂળ સ્રોત છે – જૈન આગમસાહિત્ય. આચાર્ય મહાપ્રજ્ઞે શ્વેતાંબર તથા દિગંબર આગમોનો ગહન અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી જૈન ધર્મના મર્મજ્ઞ હતા. આ ઉપરાંત વિદ્વાન આચાર્યો રચિત દર્શનશ્રુતનું સાંગોપાંગ પારાયણ કર્યું હતું. આ ગહન જ્ઞાન સાથે પોતાની પ્રજ્ઞા દ્વારા એમણે જૈન ધર્મ અને દર્શન પર લગભગ ચાલીસ જેટલા ગ્રંથોની રચના કરી હતી. 'કર્મવાદ', 'એસો પંચણમોક્કારો', 'જીવ-અજીવ', 'જૈન તત્ત્વ', 'ધ્યાન', 'કાયોત્સર્ગ', 'અનેકાંત', 'સંસ્કૃતિ', 'સમ્યગ્ દર્શન','ન્યાય', 'યોગ', 'ધર્મ-બોધ', 'ધર્મ-પ્રજ્ઞપ્તિ' આદિ શ્રુતનું સર્જન કર્યું હતું. વિશેષમાં 'જૈનદર્શન : મનન ઔર મીમાંસા' આ એક વિશાળ ગ્રંથ જૈન ધર્મના વિદ્યાર્થી માટે અનિવાર્ય પાઠ્ય-પુસ્તક છે. તે સિવાય 'જૈનદર્શન ઔર સંસ્કૃતિ', 'મૂલસૂત્ર', 'મૌલિક તત્ત્વ', 'જૈનદર્શન મેં આચારમીમાંસા', 'તત્ત્વમીમાંસા', 'પ્રમાણમીમાંસા' આદિ ઉલ્લેખનીય છે. 'ધર્મ મુઝે ક્યા દેગા?'માં ધર્મની સાચી સમજણ આપવામાં આવી છે. આધુનિક સમસ્યાઓના સમાધાન માટે 'ઇક્કીસવીં શતાબ્દી ઔર જૈન ધર્મ' અને 'ઉન્નીસવીં સદી કા નયા આવિષ્કાર' પઠનીય છે. 'ભક્તામર : અન્તઃસ્તલકા સ્પર્શ'માં ભક્તામર સ્તોત્રની પ્રત્યેક ગાથા પર મૌલિક વ્યાખ્યાઓ કરી છે. જૈન ધર્મના મંત્રો પર 'મંત્ર : એક સમાધાન'માં જૈન મંત્રોનાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કર્યું છે.

એમણે જૈનદર્શન અને વિશ્વનાં અન્ય જાણીતા દર્શન સાથે સૂક્ષ્મ સમીક્ષાત્મક રૂપે લગભગ પચાસેક જેટલા ગ્રંથોની રચના કરી છે; જેમ કે 'અનુભવ, ચિંતન, મનન', 'અનેકાંત હૈ, તીસરા નેત્ર', 'અપના દર્પણ : અપના બિંબ', 'અપને ઘર મેં' 'અભય કી ખોજ', 'ક્યોં આતા હૈ ક્રોધ ?', 'ગાગર મેં સાગર', 'ચાંદની ભીતર કી', 'તટ દો – પ્રવાહ એક', 'તુમ્હારા ભાગ્ય – તુમ્હારે હાથ', 'મૈં હૂં અપને ભાગ્ય કા નિર્માતા', 'દયા-દાન, 'નયવાદ', 'નાસ્તિ કા અસ્તિત્વ', 'ભાવ ઔર અનુભાવ', 'ભેદ મેં છીપા અભેદ', 'મૈં કુછ હોના ચાહતા હૂં', 'સાધના ઔર સિદ્ધિ', 'સુખ કા શ્રોત કહાં ?' આદિ.

**આધ્યાત્મિક સાહિત્ય :** આચાર્ય મહાપ્રજ્ઞ આધ્યાત્મિક યોગી હતા. એમના શ્રુતનું આદિ બિંદુ આત્મા, મધ્યબિંદુ આત્મા અને અંતિમ બિંદુ પણ આત્મા હતું. એમણે વિપુલ આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કર્યું હતું; જેમ કે

(૧) અધ્યાત્મ કા પ્રથમ સોપાન – સામાયિક, (૨) અધ્યાત્મ કે રહસ્ય, (૩) અધ્યાત્મ કી વર્ણમાલા, (૪) અધ્યાત્મ કી પગદંડિયાં, (૫) અધ્યાત્મ વિદ્યા, (૬) અપ્પાણં શરણં ગચ્છામિ, (૭) અર્હમ્, (૮) અસ્તિત્વ કા બોધ, (૯) આત્મા કા દર્શન, (૧૦) ચેતના કા ઊર્ધ્વારોહણ, (૧૧) તુમ

અનંત શક્તિ કે શ્રોત હો, (૧૨) સમયસાર : નિશ્ચય ઔર વ્યવહાર કી યાત્રા, (૧૩) સમસ્યા કા પથ્થર, અધ્યાત્મ કી છૈની, (૧૪) સંબોધિ.

**ભગવાન મહાવીર :** પોતાના હૃદયસ્થ બિરાજતા ભગવાન મહાવીરનાં જીવન, કવન તથા ઉપદેશ પર એમણે સ્વપ્રજ્ઞાથી અતિ ગહન અભ્યાસ કર્યો હતો. અને એટલે જ માત્ર ભગવાનની ભક્તિ રૂપે જ નહીં, પણ મહાવીરના સમગ્ર ઉપદેશને પોતાની આગવી શૈલીમાં મૂલવવાનો એમણે પ્રયાસ કર્યો હતો. પોતાના આરાધ્ય દેવ ઉપર એમણે લગભગ દસેક પુસ્તકોનું સર્જન કર્યું હતું. પ્રત્યેક પુસ્તકમાં મહાવીરના આધ્યાત્મિક, દાર્શનિક અને સાંપ્રત વિષયો પરના વિવિધ સિદ્ધાંતોની છણાવટ એમણે કરી છે. ૧. પુરુષોત્તમ મહાવીર, ૨. ભગવાન મહાવીર, ૩. મહાવીર જીવનદર્શન, ૪. મહાવીર કા અર્થશાસ્ત્ર, ૫. મહાવીર કા પુનર્જન્મ, ૬. મહાવીર કા સ્વાસ્થ્યશાસ્ત્ર, ૭. મહાવીર ક્યા થે ?, ૮. મહાવીર કી સાધના કા રહસ્ય, ૯. શ્રમણ મહાવીર.

**વૈશ્વિક સમસ્યાઓ, નૈતિકતા, શિક્ષણ અને સ્વસ્થ સમાજરચના :** એમના ચિંતનનું ફલક અતિ વિશાળ હતું. ધર્મ અને દર્શન સિવાય વિશ્વની, સમાજની, શિક્ષણની આદિ જાગતિક સમસ્યાઓ ઉપર પણ એમનું શ્રુતસર્જન વિશાળ છે.

અણુવ્રત આંદોલનના પ્રવર્તક અને એમના ગુરુ આચાર્ય તુલસીના માર્ગદર્શન નીચે એમણે અણુવ્રત વિશે અનેક પુસ્તકોનું સર્જન કર્યું હતું; જેમ કે

(૧) અણુવ્રત આંદોલન ઔર ભાવિ કી રેખાએં, (૨) અણુવ્રત કી દાર્શનિક પૃષ્ઠભૂમિ, (૩) અણુવ્રત દર્શન, (૪) અણુવ્રત વિશારદ, (૫) રાષ્ટ્રીય, આન્તર્રાષ્ટ્રીય સમસ્યાએં ઔર અણુવ્રત.

(૬) 'શિક્ષા જગત કે લિયે જરૂરી હૈ નયા ચિંતન' પુસ્તકના સર્જન પછી વિદ્યાર્થીઓને નૈતિકતાના પાઠ સાથે સ્વસ્થ શિક્ષણ મળે એ માટે 'જીવન-વિજ્ઞાન' આંદોલન હેઠળ પાઠ્યપુસ્તકોની પ્રેરણા આપી હતી તથા અન્ય અનેક પુસ્તકોનું સર્જન કર્યું હતું.

(૭) નૈતિકતા કા ગુરુત્વાકર્ષણ, (૮) નૈતિક પાઠમાલા, (૯) ભૌતિક પ્રગતિ ઔર નૈતિકતા, (૧૦) લોકતંત્ર : નયા વ્યક્તિ નયા સમાજ, (૧૧) શિક્ષા જગત કે લિયે જરૂરી હૈ નયા ચિંતન, (૧૨) સમાજ ઔર હમ, (૧૩) સમાજવ્યવસ્થા કે સૂત્ર, (૧૪) હમ સ્વતંત્ર હૈં યા પરતંત્ર ?

**ચિત્ત અને મન :** મહાપ્રજ્ઞજી એક પ્રબુદ્ધ મનોવૈજ્ઞાનિક હતા. જૈનદર્શન અને આધુનિક મનોવિજ્ઞાન આધારિત એમણે તેર જેટલાં મહાન ચિંતનાત્મક પુસ્તકોની રચના કરી હતી; જેમ કે (૧) અવચેતન મન સે સંપર્ક, (૨) કિસને કહા મન ચંચલ હૈ ?, (૩) કૈસે લગાએં મૂડ પર અંકુશ, (૪) કૈસે સોચેં ? (વિચારવું કેમ ?), (૫) ચિત્ત ઔર મન, (૬) ચિન્તન કા પરિમલ, (૭) મન કા કાયાકલ્પ, (૮) મન કે જીતે જીત, (૯) મનન ઔર મૂલ્યાંકન, (૧૦) મસ્તિષ્ક પ્રશિક્ષણ, (૧૧) મૈં : મેરા મન : મેરી શાંતિ, (૧૨) સંભવ હૈ સમાધાન, (૧૩) સમય પ્રબંધન.

**અહિંસા પર વિશદ વિવેચનાત્મક સાહિત્ય :** અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે. આવા ગહન વિષયનું એમણે સાંગોપાંગ ઊંડું અધ્યયન કર્યું.

તેરાપંથ સંઘના પ્રથમ આચાર્ય ભિક્ષુ સ્વામીના ક્રાંતિકારી વિચારોથી તેઓ અત્યંત પ્રભાવિત હતા. "મોટા જીવોની રક્ષા માટે નાના જીવોની હિંસા કદી પણ અહિંસા ન થઈ શકે. શુદ્ધ સાધ્ય માટે શુદ્ધ સાધન પણ આવશ્યક છે." આચાર્ય ભિક્ષુના આ વિચારોથી તેઓ આંદોલિત થયા. સામાજિક શોષણ અને અસમર્થ લોકો પર થતી ક્રૂરતાથી એમનામાં વિશેષ સંવેદના જાગી. એમણે આ વિષયો પર મહાત્મા ગાંધીના વિચારોનું પણ વાંચન કર્યું. એમણે જીવનમાં સુદીર્ઘ અહિંસા યાત્રાઓ કરી હતી અને અહિંસા પ્રશિક્ષણ પણ આપ્યું હતું.

અહિંસા પર એમનું શ્રુત સર્જન –

(૧) અસ્તિત્વ ઔર અહિંસા, (૨) અહિંસા ઉવાચ, (૩) અહિંસા ઔર અણુવ્રત : સિદ્ધાન્ત ઔર પ્રયોગ (૪) અહિંસા સમવાય : એક પરિચય, (૫) અહિંસા પ્રશિક્ષણ : સિદ્ધાન્ત ઔર ઇતિહાસ, હૃદય પરિવર્તન, અહિંસક જીવનશૈલી, સમ્યક્ આજીવિકા એવં આજીવિકા પ્રશિક્ષણ, (૬) અહિંસા ઔર ઉસકે વિચારક, (૭) અહિંસા ઔર શાંતિ, (૮) અહિંસા કી સહી સમજ, (૯) અહિંસા કે અછૂતે પહલૂ, (૧૦) અહિંસા કે સંદર્ભ મેં, (૧૧) અહિંસા તત્ત્વદર્શન (૧૨) અહિંસા : વ્યક્તિ ઔર સમાજ, (૧૩) યાત્રા અહિંસા કી : ખોજ હિંસા કે કારણોં કી, (૧૪) યુગીન સમસ્યા ઔર અહિંસા, (૧૫) વિશ્વશાંતિ ઔર અહિંસા.

**દાર્શનિક સાહિત્ય :** આચાર્યશ્રી મહાપ્રજ્ઞ એક મહાન દાર્શનિક સંત હતા. દર્શન જેવા મહાન વિષયને એમણે આત્મસાત્ કરી ચાલીસ જેટલાં ઉત્તમ પુસ્તકોનું સર્જન કર્યું હતું; જેમ કે

(૧) અતીત કા વસંત, વર્તમાન કી સૌરભ, (૨) અતીત કો પઢો, ભવિષ્ય કો દેખો, (૩) અતુલા તુલા, (૪) અનુભવ કા ઉત્પલ, (૫) અનુભવ, ચિંતન, મનન, (૬) અનેકાંત હૈ તીસરા નેત્ર, (૭) અપના દર્પણ : અપના બિંબ, (૮) અપને ઘર મેં, (૯) અભય કી ખોજ, (૧૦) અભ્યુદય, (૧૧) અમૂર્ત ચિંતન, (૧૨) ઉત્તરદાયી કૌન ?, (૧૩) એકલા ચલો રે, (૧૪) એકાંત મેં અનેકાંત : અનેકાંત મેં એકાંત, (૧૫) ક્યોં આતા હૈ ક્રોધ ?, (૧૬) ગાગર મેં સાગર, (૧૭) ચાંદની ભીતર કી, (૧૮) જીવન કા અર્થ, (૧૯) જીવન કી પોથી, (૨૦) જ્ઞાન-અજ્ઞાન, (૨૧) તટ દો - પ્રવાહ એક, (૨૨) તુમ્હારા ભાગ્ય તુમ્હારે હાથ, (૨૩) દયા-દાન, (૨૪) શાંતિ ઔર સમન્વય કા પથ નયવાદ, (૨૫) નાસ્તિ કા અસ્તિત્વ, (૨૬) પ્રાચ્ય વિદ્યા, (૨૭) ભાવ ઔર અનુભાવ, (૨૮) ભીતર કી ઓર, (૨૯) ભીતર હૈ અનન્ત શાંતિ કે સ્રોત, (૩૦) ભેદ મેં છીપા અભેદ, (૩૧) મંજિલ કે પડાવ, (૩૨) મૈં કુછ હોના ચાહતા હૂં, (૩૩) મૈં યુવા હૂં, (૩૪) મૈંને કહા, (૩૫) મૈં હૂં અપને ભાગ્ય કા નિર્માતા, (૩૬) યુવા કૌન ?, (૩૭) વિજય કે આલોક મેં, (૩૮) વિસર્જન, (૩૯) સત્ય કી ખોજ : અનેકાંત કે આલોક મેં, (૪૦) સાધના ઔર સિદ્ધિ, (૪૧) સાર્થકતા મનુષ્ય હોને કી, (૪૨) સુખ કા સ્રોત કહાં ?, (૪૩) સુખી કૌન?

**ધ્યાન અને યોગ :** મહાપ્રજ્ઞજી અધ્યાત્મ-યોગી હતા. જૈનાગમો આધારિત પ્રેક્ષાધ્યાન પદ્ધતિના તથા જૈન યોગના પુનરુદ્ધારક હતા. આ વિષયો પર એમણે વીસથી વધુ પુસ્તકોની રચના કરી હતી. આજે દેશ-વિદેશમાં પ્રેક્ષાધ્યાન પદ્ધતિ બહુ લોકપ્રિય બની છે. એનો શ્રેય એમના પ્રયોગાધારિત

ચિંતન અને લેખનને જાય છે. ધ્યાન અને યોગ પછી અનુપ્રેક્ષાધ્યાન અને અંતે કાયોત્સર્ગ – શરીર અને આત્માનું ભેદજ્ઞાન વગેરે ઉપર મનનાત્મક પુસ્તકો રચ્યાં છે. પ્રેક્ષાધ્યાન વિષય પર અગિયાર અને ધ્યાન ઉપર પણ એમણે અગિયાર જેટલાં પુસ્તકોની રચના કરી હતી; જેમ કે (૧) આભામંડળ, (૨) ઊર્જા કી યાત્રા, (૩) તનાવ, (૪) તબ હોતા હૈ ધ્યાન કા જન્મ, (૫) ધ્યાન ક્યોં ? (૬) ન સોચના ભી સીખેં, (૭) નિર્વિચાર કી ઓર (૮) રૂપાંતરણ કી પ્રક્રિયા (૯) વિચાર ઔર નિર્વિચાર (૧૦) વિચાર કા અનુબંધ (૧૧) વિચાર કો બદલના સીખેં.

**કવિ - મહાપ્રજ્ઞ :** મહાપ્રજ્ઞનું હૃદય કવિહૃદય હતું. તેઓ કવિતાનું સર્જન નહોતા કરતા. એ તો સ્વયં એમની લેખિનીમાંથી વહી જતી. એમનાં ઉત્તમ કાવ્યાત્મક સર્જનો છે - 'સંબોધિ', 'અગ્નિ જલતી હૈ', 'અક્ષર કો પ્રણામ', 'અતુલા-તુલા', 'અપથ કા પથ', 'અભ્યુદય', 'અશબ્દ કા શબ્દ', 'આલોક પ્રજ્ઞા કા', 'ઊર્જા કી યાત્રા', 'ઋષભાયણ', 'એક પુષ્પ એક પરિમલ', 'ગાગર મેં સાગર', 'ઘર ઘર દીપ જલે', 'ચૈત્ય પુરુષ જગ જાએ', 'જ્ઞાત-અજ્ઞાત', 'તટ દો – પ્રવાહ એક', 'તુલસી યશોવિલાસ', 'પાથેય', 'ફૂલ ઔર અંગારે', 'બંદી શબ્દ મુક્ત ભાવ', 'ભેદ મેં છિપા અભેદ', 'મુકુલમ્', 'શ્વાસ : વિશ્વાસ', 'સૂરજ ફિર આએગા' આદિ.

લગભગ ૨૫–૩૦ વર્ષની વયે એમણે લઘુકાવ્ય બનાવેલું –

'મનકા પંખી ચોંચ માર રહા હૈ – જીવન કે દર્પણ પર

ઔર ઉસમેં દેખ રહા હૈ અપના પ્રતિબિંબ પર

ઉસે માન રહા હૈ અપના પ્રતિદ્વન્દ્વ.'

ગહન વિષયોને કાવ્યબદ્ધ કરનારી આવી હતી એમની વિરલ કાવ્યપ્રતિભા.

**જીવનચરિત્રો :** ભગવાન મહાવીરનાં જીવન તથા કવન ઉપરાંત એમણે પાંચ અન્ય જીવનચરિત્રો પણ લખ્યાં હતાં; જેમ કે 'અજાત શત્રુ કી જીવનયાત્રા', 'ઋષભ ઔર મહાવીર', 'ઋષભાયણ', 'રત્નપાલ ચરિતં (સંસ્કૃત)', 'યાત્રા એક વિજય કી' (જંબુકુમારનું અનેક દૃષ્ટાંતો સાથેનું જીવન).

**તેરાપંથ :** મહાપ્રજ્ઞજી તેરાપંથ સંપ્રદાયના મુનિ, યુવાચાર્ય અને આચાર્ય હતા. તેરાપંથની વિશેષતા છે – એનું અનુશાસન અને એકતા. આ વિષયો પર એમની રચના છે – 'તેરાપંથ', 'તેરાપંથ : શાસન અનુશાસન', 'અનુશાસન કે સૂત્ર' અને 'અનુશાસન સંહિતા'.

**આહાર અને આરોગ્ય :** આત્મા સિવાય બીજું બધું 'અન્ય' છે અને આત્માના નિજ ગુણની પ્રાપ્તિ જ માનવજીવનનું સાધ્ય છે. પણ એ સાધ્ય માટે માનવદેહને એ ઉત્તમ સાધન માનતા હતા. તેથી શરીરને સ્વસ્થ રાખવા એમણે આહાર, આરોગ્ય, સ્વાસ્થ્ય, આદિ પર ગહન ચિંતન કર્યું હતું અને એમાંથી એ વિષય પર આઠ પુસ્તકોનું સર્જન થયું : (૧) આમંત્રણ આરોગ્ય કો, (૨) આહાર ઔર આરોગ્ય, (૩) તુમ સ્વસ્થ રહ સકતે હો, (૪) પહલા સુખ નીરોગી કાયા, (૫) ભીતર કા રોગ : ભીતર કા ઇલાજ, (૬) મૈત્રી બુઢાપે કે સાથ, (૭) શક્તિ કી સાધના, (૮) સ્વાસ્થ્ય કી ત્રિવેણી.

**પ્રકીર્ણ** : મહાપ્રજ્ઞનું ચિંતન અને શ્રુતસર્જન માત્ર અધ્યાત્મ પૂરતું સીમિત ન હતું. વિવિધ વિષયો પર એમણે વિપુલ સાહિત્ય રચ્યું હતું. 'ગીતા : સંદેશ ઔર પ્રયોગ'માં તેઓ લખે છે કે "ગીતા આધ્યાત્મિક અને દાર્શનિક બંને છે. એમાં નય દૃષ્ટિનો પગ પગ પર ઉપયોગ થયો છે. ગીતા કેવળ સિદ્ધાંત જ નહીં પણ એક પ્રયોગગ્રંથ છે." આ ઉપરાંત એમના 'કથાસંગ્રહ' ભાગ ૧–૩માં બોધકથાઓનો ભંડાર છે. સૌથી વધુ સાહિત્ય એમનાં ગંભીર પ્રવચનોના સંગ્રહ રૂપે ૩૦ ભાગમાં પ્રકાશિત થયું છે. એમના અન્ય ગ્રંથો છે – (૧) અમૃત પિટક, (૨) કાર્યકૌશલ કે સૂત્ર, (૩) કુછ દેખા, કુછ સુના, કુછ સમઝા, (૪) કૈસી હો ઇક્કીસવીં શતાબ્દી, (૫) કૈસે હો સકતા હૈ શુભ ભવિષ્ય કા નિર્માણ, (૬) ગુરુતા કો નમન, (૭) ચિર યૌવન કા રહસ્ય, (૮) જાગતિક સંકટ પર નયા પ્રકાશ, (૯) નયે જીવન કા નિર્માણ, (૧૦) નયા માનવ : નયા વિશ્વ, (૧૧) નિષ્પત્તિ (૧૨) પરિવાર કે સાથ કૈસે રહેં ? (૧૩) પર્યાવરણ : સમસ્યા ઔર સમાધાન, (૧૪) પાથેય, (૧૫) પ્રતિદિન, (૧૬) પ્રસ્તુતિ, (૧૭) પ્રાકૃત વાક્યરચના બોધ, (૧૮) માનવતા કા ભવિષ્ય, (૧૯) મુક્તભોગ કી સમસ્યા ઔર બ્રહ્મચર્ય, (૨૦) મેરી માઁ, (૨૧) મેરે જીવન કે રહસ્ય.

13

# મધ્યકાલીન જૈન સાહિત્યના સંશોધનની સમસ્યાઓ

કાંતિભાઈ બી. શાહ

**સંશોધન અને વિવેચન :**

કોઈ પણ સાહિત્યનું જ્યારે વિવેચન કરવામાં આવે છે ત્યારે તે સાહિત્યરચનાના આંતરવિશ્વમાં જઈને આપણે એનો આસ્વાદ-રસાસ્વાદ કરીએ છીએ. કાવ્યકળાનાં ધોરણોને આધારે, એની સ્વરૂપગત લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને આપણે કૃતિનું મૂલ્યાંકન કરીએ છીએ. જ્યારે સાહિત્યનું સંશોધન એ રીતે જુદું પડે છે કે એ બહારના જગત સાથે કામ પાડે છે. સંશોધન વસ્તુલક્ષી પ્રક્રિયા છે. સાહિત્યમાં તથ્યોની માવજતની, સત્યાસત્યની એ તપાસ કરે છે. જોકે સંશોધન અને વિવેચન બંને પરસ્પરાશ્રયી છે તેનો પણ સ્વીકાર કરવાનો રહે છે.

સંશોધનની પૂર્વશરત છે જિજ્ઞાસા અને સંશય. કોઈ કૃતિના રચનાસમય અંગે જિજ્ઞાસા થાય કે કોઈ કૃતિના કર્તૃત્વ અંગે સંશય જાગે અને એની તપાસ કરવામાં આવે એ સંશોધનનું ક્ષેત્ર છે. આમ સંશોધન હકીકતો સાથે, તથ્યો સાથે, બાહ્ય જગતના વાસ્તવ સાથે નિસ્બત રાખે છે. સંક્ષેપમાં કહીએ તો સંશોધન એ સત્યની નજીક પહોંચવાનો પ્રયાસ છે. સ્વાધ્યાય એ સંશોધનની પ્રક્રિયાને બળ પૂરું પાડનારું તત્ત્વ છે.

આ લેખમાં આપણે મધ્યકાલીન જૈન સાહિત્યના સંદર્ભે સંશોધનની સમસ્યાઓ વિચારવાની છે.

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય ૭૦૦ વર્ષના સમયપટ પર, ઈશુની ૧૨મી સદીના ઉત્તરાર્ધથી લઈ ૧૯મી સદીના પૂર્વાર્ધ સુધી

પથરાયેલું છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહૈમ' વ્યાકરણના આઠમા અધ્યાયમાં જે અપભ્રંશ દુહાઓ છે એમાં આપણને ગુજરાતી ભાષાનો પ્રથમ અણસાર પ્રાપ્ત થાય છે. એમાં ઊગતી ગુજરાતીની પ્રક્રિયા છે.

ગુજરાતી ભાષાની સૌથી જૂનામાં જૂની કૃતિઓ વજ્રસેનસૂરિકૃત 'ભરતેશ્વર બાહુબલિ ઘોર' (સં. ૧૨૨૫/ઈ. ૧૧૬૯) અને શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વર બાહુબલિ રાસ' (સં. ૧૨૪૧/ઈ. ૧૧૮૫) એ જૈન કૃતિઓ છે. ત્યાંથી આરંભાયેલું આ સાહિત્ય છેલ્લે જૈન પૂજાસાહિત્યના પર્યાય સમા મહત્ત્વના સાધુકવિ પં. વીરવિજયજી સુધી વિસ્તરેલું છે.

મુદ્રણપદ્ધતિ અસ્તિત્વમાં આવી એ અગાઉ હસ્તપ્રતલેખન એ આ સાહિત્યનું મુખ્ય માધ્યમ રહ્યું છે. જુદા જુદા હસ્તપ્રતભંડારોમાં સંગૃહીત એ હસ્તપ્રતો સુપેરે જળવાઈ રહી અને મુદ્રણપદ્ધતિ અસ્તિત્વમાં આવ્યા પછી સંશોધિત-સંપાદિત થઈને મુદ્રિત સ્વરૂપે વ્યાપક વાચકવર્ગ સુધી પહોંચતી થઈ. આમ, હસ્તપ્રત-લેખનકારો, હસ્તપ્રતોના જાળવણીકારો અને હસ્તપ્રતોને સંશોધિત સ્વરૂપે પ્રકાશિત કરનાર વિદ્વજ્જનોનો મોટો ઉપકાર આપણા ઉપર રહ્યો છે.

**હસ્તપ્રત-સંશોધન - એક પડકાર :**

શ્રી મહાવીરપ્રભુના ૨૬૦૦મા જન્મકલ્યાણક નિમિત્તે સ્થાપવામાં આવેલ નૅશનલ મિશન ફૉર મૅન્યુસ્ક્રિપ્ટ્સ, ન્યૂ દિલ્હી દ્વારા દેશવિદેશમાં જળવાયેલી હસ્તપ્રતોના સંરક્ષણનું કામ હાથ ધરાયું એમાં સંસ્કૃત, પ્રાકૃતથી માંડી બધી પ્રાદેશિક ભાષાઓની અનેકવિધ વિષયો ધરાવતી હસ્તપ્રતને આવરી લેવાઈ છે. એમાં જૈન હસ્તપ્રતો ચારેક લાખ હોવાનું અંદાજાયું છે.

પણ, કેવળ સર્વેક્ષણ કે હસ્તપ્રતયાદી આગળ કામ અટકતું નથી. અંતિમ લક્ષ્ય તો હસ્તપ્રતોમાં સચવાયેલો ભવ્ય સાંસ્કૃતિક વારસો અને વિપુલ સાહિત્યરાશિ પ્રગટ થાય એ જ હોઈ શકે. આ હસ્તપ્રતોનું સંશોધન આપણી યુવા પેઢી સામેનો મોટો પડકાર છે. પણ તીવ્ર જિજ્ઞાસા, તત્પરતા અને ઉત્કટ રસ-રુચિ વિના આ પડકાર ઝીલી શકાશે ખરો ? મધ્યકાલીન સાહિત્યક્ષેત્રની પરિસ્થિતિ જોતાં તો અત્યારે એવો સૂર સાંભળવા મળે છે કે આ સાહિત્ય હાંસિયામાં ધકેલાતું જાય છે. આ સાહિત્યના સંશોધન-સંપાદન-પ્રકાશન પરત્વેની ઉપેક્ષા એ ચિંતાનો વિષય બન્યો છે.

ભલે અલ્પ પ્રમાણ, પણ સંશોધન પરત્વે જે રસરુચિ ધરાવતા કેટલાક જિજ્ઞાસુઓ છે તેમને હસ્તપ્રત-સંશોધનમાં કેવી કેવી સમસ્યાઓ નડી શકે એના વિશે જરા ઝીણવટથી વિચારીએ.

**હસ્તપ્રતપ્રાપ્તિ - એક સમસ્યા :**

વ્યક્તિ જે કૃતિનું સંશોધન કરવા માગતી હોય તેણે એની હસ્તપ્રત મેળવવી પડે. જોકે લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ; મહાવીર આરાધના કેન્દ્ર, કોબા; શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, પાટણ જેવી સંસ્થાઓમાં ઘણા જ્ઞાનભંડારોની હસ્તપ્રતો એકત્રિત કરાઈ છે અને હવે તો હસ્તપ્રતની ઝેરોક્ષ નકલની સગવડ પણ ઊભી થઈ છે. છતાં એવા ઘણા ભંડારો છે જે પોતાની હસ્તપ્રતને બહાર કાઢવા જ તૈયાર હોતા નથી કાં તો એના વહીવટકર્તાઓનો પર્યાપ્ત સહકાર પ્રાપ્ત થતો નથી. તો ક્યારેક એવું પણ બને કે હસ્તપ્રત મેળવવા માટેનો ઉદ્યમ પણ ઊણો પડતો હોય.

**હસ્તપ્રતસૂચિઓની પદ્ધતિઓનું વૈવિધ્ય :**

હસ્તપ્રત મેળવવા માટેની મહત્ત્વની ચાવી હસ્તપ્રતસૂચિઓ છે. કેટલીક સંસ્થાઓએ આવી સૂચિઓ તૈયાર પણ કરી છે. પણ દરેક સંસ્થાની સૂચિ-પદ્ધતિ અલગ અલગ હોય છે. ક્યાંક સૂચિ કર્તાના વર્ણાનુક્રમે હોય છે (સંકલિત યાદી - કે. કા. શાસ્ત્રી), ક્યાંક કૃતિના વર્ણાનુક્રમે (લીંબડી ભંડાર તથા પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા), ક્યાંક તે વિષયવિભાગને અનુસરતી હોય (ભો. જે. વિદ્યાભવન) તો ક્યાંક એ સમયાનુક્રમે થયેલી હોય (જૈન ગૂર્જર કવિઓ - મો. દ. દેસાઈ).

વળી કૃતિઓ એકાધિક નામે ઓળખાતી હોવાથી, કોઈ જિજ્ઞાસુ કૃતિ શોધે રાસવિભાગમાં, પણ એ ગોઠવાઈ હોય પ્રબંધવિભાગમાં. કોઈ કૃતિ 'ચરિત્ર'થી પણ ઓળખાતી હોય ને 'ચોપાઈ'થી પણ. આને લીધે ગૂંચવાડો ઊભો થાય. ઉપરાંત હસ્તપ્રતસૂચિઓમાં રહી ગયેલી અશુદ્ધિ પણ શોધકને ગેરમાર્ગે દોરી જાય એવું બને. જેમ કે, કર્તાનામ ખોટું લખાયું હોય કે કર્તાને બદલે લહિયાનું નામ લખાયું હોય. આ રીતે સંશોધકને હસ્તપ્રત પ્રાપ્ત કરવામાં જ કેટલીક પ્રારંભિક સમસ્યા નડતી હોય છે.

**એક જ હસ્તપ્રતની સમસ્યા :**

સંશોધકે કૃતિની એક હસ્તપ્રતથી સંતુષ્ટ થવાને બદલે એની શક્ય એટલી વધુ હસ્તપ્રતો મેળવવાનો પ્રયાસ કરવો જોઈએ. જો એકથી વધુ હસ્તપ્રતો ઉપલબ્ધ હોય તો કેવળ એક પ્રતિને આધારે કરેલું સંશોધન ખામીયુક્ત જ ગણાય. કેમ કે પ્રાપ્ત એક હસ્તપ્રતમાં કોઈ પાનું ખૂટતું હોય, લખાણનો કોઈક અંશ ઊધઈથી ખવાઈ ગયો હોય, પલળી કે ચેરાઈ ગયો હોય, કોઈક પાઠ ભ્રષ્ટ હોય તો એક પ્રતને આધારે તૈયાર થયેલી વાચના ક્ષતિપૂર્ણ જ રહે. પણ આવા અંશોની અવકાશપૂર્તિ એ જ કૃતિની અન્ય હસ્તપ્રતોથી થઈ શકે. ભ્રષ્ટ જણાતા પાઠની શુદ્ધિ થઈ શકે તેમજ પાઠ્યપસંદગીને પણ અવકાશ રહે. આ રીતે એક જ હસ્તપ્રતને આધારે કરાતા સંશોધનમાં રહી જતી ત્રુટિઓની સમસ્યા જોવા મળે છે.

**લેખનકાર(લહિયા)ના લેખનદોષો :**

મધ્યકાલમાં સર્જક જે કૃતિનું સર્જન કરે છે, તેને લેખનકાર હસ્તપ્રત સ્વરૂપે લિપ્યંકિત કરે છે. એક જ કૃતિની જુદા જુદા લેખનકારો (લહિયા) દ્વારા જુદે જુદે સમયે વધુ હસ્તપ્રતો લખાયેલી પ્રાપ્ત થાય છે. લહિયાની સરતચૂકને લઈને તેમજ ભાષાની કે વિષયની અલ્પજ્ઞતાને કારણે હસ્તપ્રતમાં લહિયાને હાથે થયેલા લેખનદોષો જોવા મળે છે. સંશોધકને માટે તે ઘણી સમસ્યાઓ ઊભી કરે છે. જો કૃતિની એકથી વધુ પ્રતો ઉપલબ્ધ હોય તો અન્ય પ્રતોમાંથી શુદ્ધ પાઠનું પ્રમાણ મળી આવવાની સંભાવના રહે. પણ એક જ પ્રતમાં ભ્રષ્ટ પાઠ હોય તો ક્યારેક એ લેખનદોષ પકડાય જ નહીં, અને પકડાય તો કેવળ અનુમાનથી પાઠની શુદ્ધિ કરવાની થાય.

એક મત એવો છે કે સંશોધનમાં હસ્તપ્રતનું સ્વરૂપ યથાવત્ જળવાઈ રહેવું જોઈએ. તત્કાલીન ભાષાકીય માળખાની દૃષ્ટિએ એ સ્વીકારીએ, પરંતુ ભ્રષ્ટ પાઠની શુદ્ધિ તો કરવી જ રહે. કેમ કે સંશોધકનું કામ છેવટે તો વાચકને સર્જકની રચના સુધી પહોંચાડવાનું હોય છે. એમાં લહિયાના

લેખનદોષો અંતરાયરૂપ બને છે. ક્યારેક અક્ષર બેવડાય, ક્યારેક અક્ષર છૂટી જાય, ક્યારેક આડાઅવળા ગોઠવાઈ જાય તો ક્યારેક મૂળનો પાઠ ન ઊકલતાં પાઠ સ્વેચ્છાએ પણ ગોઠવાયો હોય.

'ગુણરત્નાકર છંદ'ની વાચના માટે મેં જે હસ્તપ્રતનો આધાર લીધો હતો એમાં આરંભે જ સરસ્વતીદેવીના ગુણવર્ણનમાં 'વિરચિત કવિજનહૃદયે' પાઠ હતો, જેનો અર્થાન્વય અસ્પષ્ટ રહેતો હતો. પરંતુ અન્ય પ્રતોમાં એનો શુદ્ધ પાઠ મળી આવ્યો. તે હતો - 'વિચરિત કવિજનહૃદયે'.

ક્યારેક પદ્યાત્મક કૃતિની એક હસ્તપ્રતમાં જે પદ્યકડીઓ હોય એનાથી બીજી હસ્તપ્રતમાં વધારાની કડીઓ જોવા મળે. ત્યારે પ્રશ્ન એ ઊભો થાય કે આ બીજી હસ્તપ્રતમાં લહિયાએ કડીઓ પ્રક્ષિપ્ત કરી છે કે પછી પહેલી હસ્તપ્રતમાં મૂળની કડીઓ છૂટી ગઈ છે ?

લહિયાની કલમે હસ્તપ્રતોમાં જોવા મળતી જોડણીની અતંત્રતા તો પાર વિનાની હોય છે. એક જ હસ્તપ્રતમાં અનેક વાર વપરાયેલો એક જ શબ્દ જુદી જુદી જોડણીમાં લખાયેલો હોય છે. ત્યારે લિપ્યંતર કરતી વેળા સંશોધક ગડમથલ અનુભવે. આ સંદર્ભે એણે જોડણી માટે એક ચોક્કસ પદ્ધતિનો નિર્ણય લેવો પડે.

**લિપિવાચન, પાઠનિર્ધારણ, અર્થનિર્ણયની અશુદ્ધિ :**

જેમ લહિયાના લેખનદોષો વાચના તૈયાર કરવામાં સમસ્યાઓ સર્જે છે એમ સંશોધકની લિપિવાચનની અલ્પજ્ઞતાને લઈને પણ સમસ્યા સર્જાય છે. લિપિવાચનની સજ્જતા એ હસ્તપ્રત-સંશોધકની પ્રાથમિકતા છે. કેમ કે કેટલાક વર્ણો પરત્વે વર્તમાન લિપિ કરતાં હસ્તપ્રતોનો લિપિમરોડ જુદો પડે છે. જેને લઈને 'ભ', 'લ' જેવો વંચાઈ જવાને કારણે 'ભક્ષણ' પાઠ 'લક્ષણ' થઈ જાય, 'પ' 'ય' જેવો વંચાઈ જતાં 'પાપ' 'પાય' થઈ જાય, જૈન હસ્તપ્રતોમાં વિશેષતઃ જોવા મળતી પડિમાત્રા હ્રસ્વ ઇ તરીકે વંચાઈ જતાં 'હેત' શબ્દ 'હિત' થઈ જાય. અને આમ વાચનામાં અશુદ્ધ પાઠોની પરંપરા સર્જાય; જેને કારણે અર્થાન્વયો બંધબેસતા થાય જ નહીં, કાં તો ખોટા અર્થસંદર્ભો ઊભા થાય.

વળી, લિપિબદ્ધ કેટલાક અક્ષરો ઉચ્ચારની દૃષ્ટિએ પણ જુદા પડતા હોય છે. હસ્તપ્રતનો 'ષ' 'ખ' તરીકે, ક્વચિત્ 'વ' 'બ' તરીકે, 'ય' 'જ' તરીકે ઉચ્ચારવાનો હોય છે. જેમ કે 'આંષલડી'નો ઉચ્ચાર 'આંખલડી', 'વ્રાહ્મણ'નો ઉચ્ચાર 'બ્રાહ્મણ' અને 'દેયો'નો ઉચ્ચાર 'દેજો' થાય. કેટલાક જોડાક્ષરો પણ વર્તમાન પદ્ધતિથી અલગ રીતે લખાયેલા હોય છે.

હસ્તપ્રતમાં બધા જ અક્ષરો સળંગ–ભેગા લખાયેલા હોઈને પદવિભાજન (પાઠનિર્ધારણ) એ સંશોધક માટે ખરી કસોટીનો મુદ્દો બને છે. એ માટે ભાષા અને વિષયની સજ્જતા એને સહાયક બને છે. નહીંતર, સંશોધકનું લિપિવાચન સંપૂર્ણ શુદ્ધ હોય છતાં જો પદવિભાજન ખોટું થયું હોય તોપણ વાચનામાં અશુદ્ધ પાઠોની સમસ્યા સર્જાય છે.

જૈન સાધુકવિ લાવણ્યસમયકૃત 'નેમિરંગરત્નાકર છંદ'માં કૃષ્ણની રાણીઓ, કૃષ્ણના પિતરાઈ ભાઈ નેમિકુમારને લગ્ન કરવા ફોસલાવે–પટાવે છે એનું વર્ણન કરતો મૂળ પાઠ આ પ્રમાણે છે : 'ઇણિ પરિ અતિઘણ ઉઠાં મેલી'. (આ પ્રમાણે ઘણાં દૃષ્ટાંતો જોડીને.) પણ સંપાદકને 'ઉઠાં' શબ્દ

પકડી શકાયો નહીં હોવાથી પદવિભાજન થયું આ રીતે, 'છણિ પરિ અતિઘણઉ ઠાંમેલી' આમ ભળતો જ 'ઠાંમેલી' શબ્દ વાચનામાં પ્રવેશી ગયો, ને 'ઉઠાં' શબ્દ નીકળી ગયો.

એક જૈન પ્રતમાં મૂળ પાઠ હતો 'ભવસાગર નિસ્તરીએ રે' પણ લિપ્યંતરકારને 'નિસ્તરીએ' શબ્દમાંના અડધા 'સ'ની વચ્ચેની પાંખ નહીં ઊકલી હોવાને કારણે એ અક્ષર 'ર' તરીકે વંચાયો હશે. એને લીધે પાઠનિર્ણય થયો 'ભવસાગર નિર તરીએ રે'. આમ મૂળ કૃતિનો 'નિસ્તરીએ' પાઠ નીકળી ગયો ને 'નિર' પાઠ પ્રવેશી ગયો.

જો પાઠનિર્ધારણ ખોટું થાય તો પાઠઅશુદ્ધિ તો થાય જ, સાથે સાથે કૃતિનું કાવ્યસૌંદર્ય પણ અળપાઈ જાય એવું બને. 'ગુણરત્નાકર છંદ'માં સ્થૂલિભદ્રના વિરહમાં કોશાનો વિરહોદ્‌ગાર સળંગ અક્ષરોમાં આમ લખાયેલો હતો, 'મેખલમેખલપરિસંતાવઇ'. પ્રથમ દૃષ્ટિપાતે તો થયું કે અહીં 'મેખલ' શબ્દની દ્વિરુક્તિ છે. પણ હકીકતે વર્ણક્રમ સરખો, પરંતુ શબ્દો તદ્દન જુદા હતા. પાઠ આમ બેસતો હતોઃ 'મેખલ મે ખલ પરિ સંતાવઇ.' (કોશા કહે છે કે હે સ્થૂલિભદ્ર! તારા વિરહમાં મારી કટિમેખલા મને ખલની–દુર્જનની પેઠે સંતાપે છે.) જોઈ શકાશે કે કવિએ અહીં યમકપ્રયોગથી ભાષાને અલંકારમંડિત કરી છે. જો આવાં સ્થાનોમાં ખોટું પદવિભાજન થાય તો કાવ્યસૌંદર્ય લુપ્ત થાય.

આમ, ખોટા પાઠનિર્ણયોને લઈને અર્થનિર્ણયો પણ અસ્પષ્ટ રહી જતા હોય છે; કાં તો ખોટા અર્થસંદર્ભો દર્શાવવાના થાય છે.

**જૈન પરિભાષાની અલ્પજ્ઞતા :**

મધ્યકાલીન જૈન સાહિત્યમાં રાસા, પ્રબંધ, ચરિત, પદ્યકથા જેવી કથનાત્મક કૃતિઓમાં પણ જૈન તત્ત્વદર્શન અને ધર્મબોધનું નિરૂપણ થયેલું હોઈ જૈન પરિભાષાના થોકબંધ શબ્દો પ્રયોજાયેલા હોય છે. વળી દાર્શનિક વિષયવાળી કૃતિઓમાં તો એનું પ્રમાણ સવિશેષ હોય છે. આવી જૈન કૃતિનું સંશોધન હાથ ધરનાર જૈન હોય કે જૈનેતર, પણ જો એ કૃતિઅંતર્ગત જૈન પારિભાષિક શબ્દોથી અજ્ઞ હોય તો એને માટે મોટી સમસ્યા સર્જાય છે. આવી પરિભાષા નહીં પકડાવાને કારણે ખોટા પાઠનિર્ણયો કે ખોટા અર્થસંદર્ભો સંશોધક કરી બેસે છે.

સદ્દહણા, સમિતિ, ગુપ્તિ, જયણા, નિસિહી, આવશ્યક, અતિશય, પચ્ચક્ખાણ, પડિલેહણ, નિકાચિત, દેશવિરતિ, પલ્યોપમ, સંવેગ, સામાચારી જેવા અસંખ્ય પારિભાષિક શબ્દો એના પ્રચલિત અર્થો કરતાં વિશેષ અર્થસંદર્ભો ધરાવતા હોય છે. એક જૈન કૃતિના સંપાદનમાં 'દીખ્યા'નો અર્થ 'દેખાયા' અપાયો છે, પણ સાચો અર્થ 'દીક્ષિત થયા' છે.

એક વિદેશી સંશોધકે આમ તો ઘણા શ્રમપૂર્વક 'શાલિભદ્ર-ધન્ના ચરિત'નું સંશોધન-સંપાદન કર્યું છે. પણ વિષયવસ્તુ અને ભાષાની પર્યાપ્ત જાણકારીને અભાવે એમને હાથે પાઠની કેટલીક અશુદ્ધિઓ જોવા મળે છે. એક સ્થળે એમણે 'પંન્યાન વિજયગણિ' પાઠ આપ્યો છે. જે ખરેખર 'પં. ન્યાનવિજય' પાઠ છે. પણ 'પંન્યાન'ને એમણે એક પદવી માની લીધી જણાય છે.

**પ્રાકૃત ભાષાની અસજ્જતા :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ગદ્યાત્મક બાલાવબોધોના લિપ્યંતરમાં ભાષાની સમસ્યા નડતી હોય છે. બાલાવબોધ મધ્યકાલીન ગુજરાતીમાં હોય, પણ જે મૂળ ધર્મગ્રંથનો બાલાવબોધ હોય

તેની ગાથાઓ તેમજ બાલાવબોધકારે જુદા જુદા આગમ-આગમેતર ધર્મગ્રંથોમાંથી આપેલાં ઉદ્ધરણો-અવતરણો સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં હોય. આવાં સ્થાનોમાં જો સંસ્કૃત-પ્રાકૃત ભાષાની પર્યાપ્ત જાણકારી ન હોય તો લિપ્યંતર કરતી વેળા શુદ્ધ પાઠનિર્ણયની સમસ્યા સર્જાય છે. અનુભવે એમ કહી શકું કે મધ્યકાળના જૈન સાહિત્યના સંશોધકે ખપ પૂરતી પણ પ્રાકૃત ભાષાથી જ્ઞાત થવું જ જોઈએ.

**કર્તૃત્વના કોયડાઓ :**

સામાન્ય રીતે જૈન સાહિત્યની દીર્ઘ કૃતિઓમાં કર્તા પોતાનું નામ, ગચ્છ, ગુરુપરંપરા, કૃતિનાં રચનાસમય-સ્થળ વગેરેની માહિતી કૃતિના અંતભાગમાં આપતા હોય છે. હસ્તપ્રતમાં પણ કૃતિના અંતે અપાયેલી પુષ્પિકામાં લેખનકારની ઓળખ, લેખનવર્ષ તેમજ કૃતિના સર્જકનો નામોલ્લેખ જોવા મળતો હોય છે. પણ સ્તવન, સજ્ઝાય, સ્તુતિ જેવી લઘુ કૃતિઓમાં કર્તાઓળખ હોતી નથી. કેવળ નામોલ્લેખ જ હોય કાં તો તે પણ ન હોય.

કેટલીક વાર દીર્ઘ કૃતિઓમાં પણ કર્તાની ઓળખના કોયડા સર્જાય છે. કેટલાંક ઉદાહરણોથી એ સ્પષ્ટ કરીએ.

મધ્યકાળમાં જ્ઞાનવિજય નામના સાતેક જૈન સાધુકવિઓએ કાવ્યસર્જન કર્યું છે. એમાં 'કાલિકાચાર્ય કથા'ના કર્તા જ્ઞાનવિજયની માત્ર નામ સિવાયની કોઈ ઓળખ નહીં મળતાં જ્ઞાનવિજય નામધારી કવિઓમાંથી આ કયા જ્ઞાનવિજય તે નિશ્ચિત થઈ શકતું નથી.

'પ્રદેશી રાજાનો રાસ'ના એક સાધુકવિ જ્ઞાનચંદ્ર છે. પણ કૃતિમાં નામ સિવાય એમની ઓળખનો કોઈ આધાર નહીં મળતો હોઈ જ્ઞાનચંદ્ર નામધારી ચારેક સાધુકવિઓમાંથી આ કયા જ્ઞાનચંદ્ર છે તેની સ્પષ્ટ ઓળખ થઈ શકતી નથી.

દીર્ઘ કૃતિઓમાં પણ જો આ સમસ્યા છે તો લઘુ કૃતિઓની તો વાત જ શી ? જેમ કે સ્તવન, સજ્ઝાય, સ્તુતિ જેવી કેટલીક જૈન રચનાઓમાં કેવળ 'ઉદય' એવું કવિનામ મળે ત્યારે સમસ્યા સર્જાય કે ચાલીસેક જેટલા ઉદય નામધારી જૈન સાધુકવિઓમાંથી આ કયા કવિ હશે ? ઉદયરત્નવાચક ? ઉદયસાગર ? ઉદયવિજય ? ઉદયભાનુ ? ઉદયસમુદ્ર? આમ બને ત્યારે કૃતિનું રચનાવર્ષ કે હસ્તપ્રતનું લેખનવર્ષ કે એવા કોઈ અન્ય આધારોથી જે-તે કવિની ઓળખના અનુમાનની દિશામાં આગળ વધવાનું રહે.

ઉપાધ્યાય યશોવિજયજીના જીવનપરિચય માટે જેને મહત્ત્વનો આધાર ગણવામાં આવે છે તે 'સુજસવેલી ભાસ'ના કર્તા તરીકે 'કાંતિ કહે' એટલો જ ઉલ્લેખ મળે છે. કાંતિ એટલે કાંતિવિજય. કાંતિવિજય બે છે. એક કીર્તિવિજયશિષ્ય, બીજા પ્રેમવિજયશિષ્ય. પણ કૃતિમાં કર્તાની ગુરુપરંપરા આદિ અન્ય કશી વિશેષ ઓળખ કે રચનાસમય પણ નહીં મળવાને કારણે આ કયા કાંતિવિજય એ કોયડો જ રહ્યો છે. 'જૈન ગૂર્જર કવિઓ' તેમજ 'ગુજરાતી સાહિત્યકોશ ખંડ-૧ (મધ્યકાળ)' આ કવિને કીર્તિવિજયશિષ્ય ગણે છે; જ્યારે પ્રા. જયંત કોઠારી એમના એક લેખમાં આ કવિને પ્રેમવિજયશિષ્ય ગણે છે. આમ પર્યાપ્ત ઓળખ વિના અપાયેલું સંક્ષિપ્ત નામ કેવી સમસ્યા સર્જે છે એનું આ એક ધ્યાનપાત્ર દૃષ્ટાંત છે.

ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રકાશિત કરેલા 'ગુજરાતી સાહિત્યકોશ'માં મધ્યકાળના આવા ઘણા સાધુકવિઓનાં અધિકરણોમાં કર્તાની ઓળખ નિશ્ચિત કરી શકાઈ નથી.

આ તો ઓળખ વિનાનાં કવિનામોની વાત થઈ, પરંતુ એવી પણ ઘણી કૃતિઓ છે જેમાં કર્તાનું નામ જ ન હોવાને કારણે એવી કૃતિઓના કર્તા અજ્ઞાત જ રહ્યા છે ને પરિણામે એવી કૃતિઓને અજ્ઞાતકૃત જ ગણવામાં આવી છે.

'વસંતવિલાસ' નામની કાવ્યસૌંદર્યે ઓપતી મધ્યકાળની અત્યંત પ્રસિદ્ધ કૃતિના કર્તા અદ્યાપિપર્યંત અજ્ઞાત જ રહ્યા છે. અને પરિણામે એ કવિ જૈન કે જૈનેતર છે, એ કેવળ અનુમાનનો વિષય બની રહ્યો છે. જોકે એ કવિ જૈનેતર હોવાની સંભાવના વિશેષ જણાવાઈ છે.

મધ્યકાળમાં પદ્યસાહિત્યની તુલનાએ ગદ્યસાહિત્યનું પ્રમાણ ઘણું ઓછું છે. એમાં બાલાવબોધો, વર્ણકો, પટ્ટાવલિઓ, પ્રશ્નોત્તરી, ઔક્તિકો, વિજ્ઞપ્તિપત્રો વગેરેનો સમાવેશ થાય. પણ આ બધામાં મોટો હિસ્સો બાલાવબોધોનો છે. 'જૈન ગૂર્જર કવિઓ'માં નોંધાયેલા બાલાવબોધોની સંખ્યા એક હજારે પહોંચવા જાય છે. પણ આગળ કહ્યું તેમ એમાંથી પ્રકાશિત થયેલ બાલાવબોધોની સંખ્યા ૩૦થી વધારે નથી. એ રીતે બાલાવબોધોના ક્ષેત્રે પ્રકાશનનું ઘણું કામ કરવાનું બાકી રહે છે. જોકે મોટા ભાગના બાલાવબોધો અજ્ઞાતકર્તૃક જ દર્શાવાયા છે અને કોઈ એક જ ગ્રંથ ઉપર અનેકને હાથે એ રચાયેલા છે. જોકે એક જ ગ્રંથ ઉપર રચાયેલા, આવા અજ્ઞાતકર્તૃક બાલાવબોધોની હસ્તપ્રતો એકત્ર કરીને સરખાવવામાં આવે તો એવું બને કે એમાંથી કોઈ નામધારી કર્તાના બાલાવબોધની જ એ બીજી પ્રત હોઈ શકે.

**ખોટાં અર્થઘટનોથી થતી કર્તાઓળખની ભૂલો :**

અહીં સુધી તો મૂળ કૃતિમાં કે હસ્તપ્રતની પુષ્પિકામાં કર્તાનામ અપાયું જ ન હોય કે પર્યાપ્ત ઓળખ વિનાનું હોય ત્યારે કર્તાના કોયડાની વાત કરી. પણ ઘણી વાર એવું પણ બને છે કે કૃતિમાં કર્તાની ઓળખ અપાયા છતાં સંશોધક-સંપાદક દ્વારા શબ્દોનું ખોટું અર્થઘટન થવાને કારણે એકને બદલે અન્યનું કર્તૃત્વ માની લેવામાં આવે છે.

'થુલિભદ્દ રાસુ' નામની એક કૃતિની છેલ્લી પંક્તિ 'થુલભદ્દ જિણ-ધમ્મુ કહેવિ, દેવલોકિ પહુતઉ જાએવિ'માંના 'ધમ્મુ' શબ્દથી દોરવાઈને 'જૈ.ગૂ.ક.' ભા. ૧માં શ્રી મો. દ. દેસાઈએ કૃતિના કર્તા ધર્મ (?) હોવાની સંભાવના દર્શાવી છે. (અલબત્ત પ્રશ્નાર્થચિહ્ન મૂકીને.) પરંતુ 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંચય'માં સંપાદકો હ. ચૂ. ભાયાણી અને અગરચંદ નાહટાએ તો સ્પષ્ટ આ કૃતિના કર્તાને અજ્ઞાત જ કહ્યા છે.

એ જ રીતે 'સ્થૂલિભદ્ર કવિત/ચરિત'ના અંતમાં પંક્તિ છે : 'ચાંદ્રગછિ ગિરૂઆ સુપસાઇ સિરિ સોમસુંદરસૂરિ'. એને આધારે સંપાદકે કૃતિના કર્તા સોમસુંદરસૂરિને ગણાવ્યા છે. પણ અહીં પંક્તિના ખોટા અર્થઘટનથી આમ થયું છે. હકીકતે કૃતિના કર્તા સોમસુંદરસૂરિના શિષ્ય છે. અહીં પંક્તિનો અર્થ એવો થાય કે 'સોમસુંદરસૂરિના પ્રસાદથી એમના શિષ્યે આ રચના કરી છે.'

વિદેશી સંશોધક અર્નેસ્ટ બેન્ડરે એમના 'સાલિભદ્ર-ધન્ના ચરિત'ના સંપાદનમાં કૃતિના કર્તા મતિસાર કહ્યા છે. હકીકતમાં કૃતિના કર્તા જિનરાજસૂરિ છે. કૃતિમાં આવતો 'મતિસાર' શબ્દ

કર્તાનિર્દેશક નથી, પણ 'મતિ અનુસાર' એ અર્થમાં છે. આ અર્થમાં અનેક કૃતિઓમાં કવિઓએ 'મતિસાર' શબ્દ વાપર્યાનું મળી આવે છે. આ કૃતિની બે હસ્તપ્રતોની પુષ્પિકામાં પણ કર્તાનામ જિનરાજસૂરિ મળે છે.

'પ્રાચીન છંદસંગ્રહ'માં 'શ્રી વીર સ્વામીનો છંદ'ની અંતિમ કડીના શબ્દો છે : 'પુન્યઉદય હુઓ ગુરુ આજ મેરો, વિવેકે લહ્યો પ્રભુ દર્શન તેરો.' પુસ્તકના સંપાદકે 'પુન્યઉદય' શબ્દોથી દોરવાઈને કૃતિને કવિ પુન્યઉદયના નામે દર્શાવી છે. હકીકતે કૃતિના કર્તા વિવેક છે. પંક્તિમાં જ એ નામ મળે છે.

આ રીતે સંશોધક-સંપાદક દ્વારા ખોટાં અર્થઘટનોને કારણે વાચકો સુધી ભળતું જ કર્તાનામ પહોંચે છે.

**કર્તાપરિચયમાં ખોટું અર્થઘટન :**

જૈન કૃતિ-અંતર્ગત શબ્દોના ખોટા અર્થઘટનથી કર્તાના નામના (કર્તૃત્વના) કોયડા સર્જાય છે. એ રીતે કર્તાપરિચયમાં પણ પંક્તિનાં ખોટાં અર્થઘટનો સમસ્યા ઊભી કરે છે. દા.ત. જયવંતસૂરિકૃત 'ઋષિદત્તા રાસ'ના એક સંપાદનમાં જયવંતસૂરિ બાલબ્રહ્મચારી હોવાનું જણાવાયું છે. પંક્તિઓના ખોટા અર્થાન્વયથી આમ થયું છે. પંક્તિઓ આ પ્રમાણે છે :

'નેમિનાથ જપંતી રાજલિ પુહુતી ગઢ ગિરનારિ રે,
જયવંતસૂરિસામી તિહાં મિલીઉ આ બાલબ્રહ્મચારી રે.'

વાસ્તવમાં અહીં જયવંતસૂરિના સ્વામી એવા નેમિનાથને બાલબ્રહ્મચારી કહેવામાં આવ્યા છે. એટલે સંપાદકનું પંક્તિઓના આધારે થયેલું કથન ક્ષતિયુક્ત ગણાય.

**કર્તાની જીવનઘટનાઓના સમયનિર્દેશોનો અભાવ :**

મધ્યકાળમાં ઘણા સાધુકવિઓનાં ચરિત્રો એમના શિષ્યોને હાથે રચાયાં હોઈ જન્મ, દીક્ષા, આચાર્યપદ વગેરેની ચરિત્રાત્મક માહિતી પ્રાપ્ત થાય છે. પણ સાથે કેટલાક એવા મહત્ત્વના સાધુકવિ છે જેમના જન્મ-અવસાનના સમયનિર્દેશો આવી કૃતિમાંથી પ્રાપ્ત થતા નથી. 'સુજસવેલી ભાસ'માં ઉપા. યશોવિજયજીનું જન્મવર્ષ ઉપલબ્ધ નથી. જોકે દીક્ષાવર્ષ સં. ૧૬૮૮ મળે છે. અને એ પરથી અનુમાને કહી શકાય કે જો બાર-તેર વર્ષની ઉંમરે એમની બાલદીક્ષા થઈ હોય તો એમનું જન્મવર્ષ સં. ૧૬૭૫ આસપાસનું ગણી શકાય.

જયવંતસૂરિ જેવા મહત્ત્વના કવિનાં જન્મ, દીક્ષા, આચાર્યપદવી કે અવસાનનાં વર્ષો ક્યાંયે નોંધાયાં નથી. આવું બને ત્યારે એમની કૃતિઓનાં રચ્યાવર્ષોના આધારે એમના જીવનકાળનો નિર્ણય લેવાનો થાય છે. પરિણામે એમાં પણ મતમતાંતરો જોવા મળે છે.

**કૃતિના રચનાવર્ષની સમસ્યા :**

મધ્યકાલીન જૈન સાહિત્યમાં જેમ કર્તૃત્વના કોયડાઓ છે તેમ કૃતિના રચનાસમય અંગે પણ સમસ્યાઓ રહે છે. ખાસ કરીને દીર્ઘ કૃતિઓમાં કર્તા કૃતિના અંતભાગે સ્વઓળખની સાથે કૃતિનું રચનાવર્ષ પણ આપતા હોય છે. પણ એવી કેટલીયે કૃતિઓ છે જેમાં રચનાવર્ષ અપાયું જ ન હોય.

ત્યારે એ કર્તાની અન્ય કૃતિઓમાં જો રચનાવર્ષો અપાયાં હોય તો એને આધારે એની આસપાસનો રચનાસમય નક્કી કરવાનો રહે છે. છતાં નિશ્ચિત રચનાવર્ષ આપી શકાતું નથી.

રચનાવર્ષ વિનાની કૃતિની હસ્તપ્રતમાં જો હસ્તપ્રતલેખનનું વર્ષ અપાયું હોય તો કૃતિનો રચનાસમય હસ્તપ્રતલેખનવર્ષની અગાઉનો છે એટલું નક્કી કરી શકાય છે.

કેટલીક વાર રચનાવર્ષ વિનાની કૃતિમાં જો કોઈ અન્ય કૃતિ/કર્તાનો કે કોઈ ઐતિહાસિક ઘટનાપ્રસંગનો ઉલ્લેખ થયો હોય તો એને આધારે એ કૃતિનો સમય એ પછીનો છે એટલું નક્કી કરી શકાય છે.

મધ્યકાળમાં કૃતિને અંતે કર્તા સાંકેતિક શબ્દોથી રચનાવર્ષનો નિર્દેશ કરે એવી એક પરંપરા જૈન કૃતિઓમાં વિશેષ જોવા મળે છે. હવે જો સંશોધક એ સંજ્ઞાઓની ઓળખમાં ભૂલ કરે તો એને લઈને ખોટું રચનાવર્ષ પ્રચારમાં આવે છે. આવી સંજ્ઞાઓ ક્યારેક અંકોના સીધા ક્રમમાં તો ક્યારેક ઊલટા ક્રમમાં અપાતી હોય છે. આને લીધે પણ ક્યારેક ગૂંચવાડો ઊભો થવાની સંભાવના રહે.

બંને ક્રમોવાળાં સાંકેતિક રચનાવર્ષનાં ઉદાહરણો જુઓ –

શશિ મુનિ શંકરલોચન પરવત વર્ષ સોહાયા,
૧ ૭ ૩ ૮

ભાદો માસની વદિ આદ્યા ગુરુ, પૂર્ણ મંગલ ગાયા.

(જીવણવિજયજીકૃત 'ચોવીશી')

અહીં સાંકેતિક રચનાવર્ષ સં. ૧૭૩૮ સીધા ક્રમમાં અપાયું છે.

'નંદ તત્ત્વ મુનિ ઉડુપતિ...' (ઉપા. યશોવિજયજીકૃત 'જંબૂસ્વામી રાસ')
૯ ૩ ૭ ૧

અહીં સાંકેતિક રચનાવર્ષ સં. ૧૭૩૯ ઊલટા ક્રમમાં અપાયું છે.

હરજી મુનિની 'ભરડક બત્રીસી'ના અંતિમ ભાગમાં સાંકેતિક રચનાસમય દર્શાવતી પંક્તિ આ પ્રમાણે છે :

'વેદ યુગ રસ ચંદસ્યું એ સંવત્સર જોઈ'
૪ ૪(૨) ૬ ૧

આને આધારે ઊલટા ક્રમે કૃતિનું રચનાવર્ષ ૧૬૪૪ નિર્ણીત થાય. પણ સાથે સાથે વૈકલ્પિક ૧૬૨૪ પણ દર્શાવાયું છે. કારણ એ છે કે 'યુગ'નો બીજો અર્થ યુગ્મ-યુગલ કરવામાં આવે તો ૪ને સ્થાને ૨ આંક આવે. આવાં કારણોને લઈને 'સાહિત્યકોશ'માં કેટલીક કૃતિઓનાં આવાં વૈકલ્પિક રચનાવર્ષો દર્શાવાયાં છે.

બહુ ઓછી લઘુકૃતિઓમાં કૃતિનું રચનાવર્ષ મળે છે. ત્યારે કર્તાના સમગ્ર કવનકાળને ધ્યાનમાં રાખીને આવી કૃતિઓનો રચના-ગાળો અનુમાને નક્કી કરવાનો થાય છે.

**હસ્તપ્રતના લેખનસમયની સમસ્યા :**

કૃતિના રચનાવર્ષની જેમ હસ્તપ્રતના લેખનવર્ષની પણ સમસ્યા હોય છે. સામાન્યતયા હસ્તપ્રતની પુષ્પિકામાં લહિયા દ્વારા લેખનવર્ષ આપવાની પરંપરા છે, પણ કેટલીક હસ્તપ્રતોમાં આવું લેખનવર્ષ અપાયું હોતું નથી.

સંશોધકને જ્યારે કોઈ કૃતિની એકથી વધુ હસ્તપ્રતો ઉપલબ્ધ થઈ હોય છે ત્યારે વાચના માટે તે હસ્તપ્રતની પ્રાચીનતાને પ્રાથમિકતા આપે છે. હસ્તપ્રતોનાં લેખનવર્ષોનો આધાર લઈ એનો નિર્ણય કરવામાં આવે છે. પણ લેખનવર્ષ વિનાની હસ્તપ્રતોનો સમય સંશોધકને મૂંઝવે છે. ત્યારે હસ્તપ્રતનો લિપિમરોડ, લેખનશૈલી, ભાષાનું માળખું વગેરેને ધ્યાનમાં રાખીને હસ્તપ્રતનો સમય અનુમાનવામાં આવે છે.

**જીવનઘટનાઓની પ્રમાણભૂતતાના પ્રશ્નો (કર્તાસંદર્ભે) :**

મધ્યકાલીન જૈન સાહિત્યના કેટલાક સર્જકોના જીવનપરિચયો કરાવતી ઉપલબ્ધ સામગ્રીના કેટલાક પ્રસંગો પ્રમાણભૂતતાની સમસ્યા ઊભી કરે છે. કેટલીક ઘટનાઓ પરંપરાગત જ મુખોપમુખ કિંવદન્તી સ્વરૂપે પ્રસારિત થઈ હોય છે, પણ એના કોઈ નક્કર પુરાવા પ્રાપ્ત હોતા નથી. ત્યારે પ્રશ્ન એ થાય કે આવી ઘટનાને ઐતિહાસિક ગણવી કે કેવળ લોકવાયકા લેખે સ્વીકારવી ? જેમ કે ઉપા. ઉદયરત્નજીની નિશ્રામાં ખેડાથી શંખેશ્વરનો સંઘ ગયો. વિલંબ થતાં પૂજારીએ દ્વાર ખોલવાનો ઇન્કાર કર્યો. સૌએ પ્રતિમાજીનાં દર્શન કરીને જ અન્નપાણી લેવાનો સંકલ્પ કર્યો. ઉદયરત્નજીએ સ્તુતિ આરંભી :

**'પાસ પરમેશ્વરા, સાર કર સેવકા, દેવ કાં એવડી વાર લાગે.'**

આ સ્તુતિથી નાગરાજ પ્રસન્ન થયા ને જિનાલયનાં દ્વાર ખૂલી ગયાં.

એક વાત એવી પણ છે કે 'સ્થૂલિભદ્ર નવરસો'માં નિરૂપિત શૃંગારને લઈને ઉદયરત્નજીના આચાર્યે એમને સંઘાડા બહાર કર્યા. પછી એમણે 'શિયળની નવવાડ'ની રચના કરતાં ઉદયરત્નજીનો સંઘાડામાં પુનઃ પ્રવેશ થયો.

આવી ઘટનાઓને ઐતિહાસિક તથ્યવાળી સમજવી કે એને કેવળ દંતકથા ગણવી ? ઉદયરત્નજી અગાઉ અનેક જૈન સાધુકવિઓએ ઉત્કટ અને વિસ્તૃત શૃંગારનિરૂપણ કરેલું જ છે પણ એનો ક્યારેય નિષેધ થયેલો જણાયો નથી. કેમ કે આવી કૃતિનું અંતિમ લક્ષ્ય તો શીલમહિમાનું જ હોય છે. એવું બને કે જે કવિ એક કૃતિમાં આસક્તિભાવ નિરૂપી શકે છે એ કવિ બીજી કૃતિમાં વિરક્તિભાવ પણ નિરૂપી શકે છે એ વાતને તીવ્રપણે દર્શાવવા આવી લોકવાયકા પ્રચલિત થઈ હોય.

ઉપા. યશોવિજયજી અને એમના સમુદાયના વિનયવિજયજી કાશી ગયેલા. કહેવાય છે કે એ બંનેનો અભ્યાસ ચાલ્યો ત્યાં સુધી સાધુવેશ ત્યજી બંનેએ જશુલાલ અને વિનયલાલ એવાં નામો ધારણ કરી પોતાની જૈન તરીકેની ઓળખ છુપાવેલી. પણ આવી ઘટનાનાં કોઈ પ્રમાણો પ્રાપ્ત નથી. એવું બને કે ઉપાધ્યાયજીના વિદ્યાસાહસનું ગૌરવ કરવા આવી કથા ઊભી થઈ હોય.

**જીવનઘટનાઓની પ્રમાણભૂતતાના પ્રશ્નો (ઐતિ. વ્યક્તિવિશેષ/વિષયવસ્તુસંદર્ભે) :**

લાવણ્યસમયકૃત 'વિમલપ્રબંધ'માં ઐતિહાસિક વ્યક્તિવિશેષ વિમલશાનું ચરિત્ર આલેખાયું છે. એમાં એમના પરાક્રમપ્રસંગો અને એમની ધર્માભિમુખતાની ઘટનાઓનું નિરૂપણ છે. પણ આ બધી જ ઘટનાઓ ઐતિહાસિક છે કે કિંવદન્તીના મિશ્રણવાળી છે એ સંશોધનનો પ્રશ્ન બને છે.

શ્રાવકકવિ ઋષભદાસે રચેલ 'હીરવિજયસૂરિરાસ'માં ભરપૂર દસ્તાવેજી સામગ્રી સંઘરાયેલી છે. મોગલસમ્રાટ અકબરશાહ અને સૂરીશ્વર હીરવિજયજીનું પ્રત્યક્ષ મિલન, હીરસૂરિજીના ધર્મોપદેશથી અકબરશાહનું પ્રતિબોધિત થવું, અમારિપ્રવર્તન, જજિયાવેરો અને શત્રુંજયયાત્રાવેરા સંદર્ભે એમણે કરેલાં ફરમાનો એ ઐતિહાસિક ઘટનાઓ છે. આ ફરમાનો આજે પણ ઉપલબ્ધ છે. 'આઇને અકબરી'માં સમ્રાટ અને સૂરીશ્વરના ઉલ્લેખો પ્રાપ્ત છે. બદાઉની જેવા મુસ્લિમ ઇતિહાસકારે નોંધેલી ઘટનાઓ આ પ્રસંગોની સાક્ષી છે. પણ બીજી બાજુ હીરસૂરિજીના વિહાર દરમિયાન નોંધાયેલી નાની નાની તમામ ઘટનાઓનાં પ્રમાણો મળે છે ખરાં ? એવું બને કે કવિ ઋષભદાસે કર્ણોપકર્ણ સાંભળેલી ઘટનાઓ આલેખી હોય. હીરસૂરિવિષયક રચાયેલી નાનીમોટી કૃતિઓમાં ચંપા શ્રાવિકાને ક્યાંક ટોડરમલની બહેન કહી છે, ક્યાંક થાનસિંગની ફોઈ કહી છે તો ક્યાંક થાનસિંગની માતા કહી છે. એટલે એની સાચી ઓળખની સમસ્યા રહે છે.

**મધ્યકાલીન ભાષાસ્વરૂપનું અર્વાચીનીકરણ :**

મધ્યકાલીન જૈન રચનાઓની હસ્તપ્રતો જુદા જુદા સૈકાઓમાં લખાયેલી મળે છે. પણ જ્યારે એ હસ્તપ્રતોને આધારે સંશોધક કૃતિની વાચના તૈયાર કરે છે ત્યારે તત્કાલીન ભાષાનાં નામિક અને આખ્યાતિક રૂપોનું ઉચ્ચારની દૃષ્ટિએ અર્વાચીનીકરણ કરી નાખવામાં આવે છે. જેમ કે સ્યું-શું, જિહારઇ-જ્યારે, મયરંદ-મકરંદ, ગઉરઉ-ગૌરવ, પરતખ-પ્રત્યક્ષ, મયણ-મદન, સઇર-શરીર, છઇ-છે, કહિઇં-કહીએ, કરસ્યેં-કરશે, પહિરઇ-પહેરે, પરીખઇ-પરખે, હુઇ-હોય વગેરે.

વાચકોના અવબોધ માટે આમ કરવાની દલીલ કરાય છે. પણ અહીં કાલવ્યુત્ક્રમદોષ આવે છે. સામાન્ય છાપ એ જ ઊભી થાય કે જે હસ્તપ્રતને આધારે વાચના તૈયાર થઈ છે એ હસ્તપ્રતના સમયનું ભાષાસ્વરૂપ આ જ હશે. હસ્તપ્રતોના ભ્રષ્ટ પાઠોની શુદ્ધિ થાય તે સમજી શકાય, પણ ભાષાનું માળખું તો તે સમયનું યથાવત્ જળવાવું જોઈએ. વાચકોની સુગમતા માટે અનુવાદ, સાર્થ શબ્દકોશ ને ટિપ્પણો આપી જ શકાય છે. જોકે આ બાબતે કોઈ નિયંત્રણો જળવાતાં જણાતાં નથી. પ્રત્યેક સંપાદક એમની પોતાની પદ્ધતિએ વાચના તૈયાર કરતી વેળાએ ભાષાસ્વરૂપ સાથે છૂટછાટ લેતા જોવા મળે છે.

**યથાવત્ પુનર્મુદ્રણ :**

સંશોધનની સમસ્યાઓમાં આ મુદ્દો પણ સમાવી શકાય એમ છે. કોઈ મધ્યકાલીન ગ્રંથનું ઘણાં વર્ષો અગાઉ સંપાદન થયું હોય તેની નવી આવૃત્તિ વર્ષો પછી જ્યારે પ્રકાશિત થાય ત્યારે અગાઉની આવૃત્તિમાં નજરે ચઢેલી પાઠની-અર્થની અશુદ્ધિઓ કે વિગતદોષો વગેરે દૂર કરીને, જરૂરી શુદ્ધિવૃદ્ધિ કરીને જ તેને પ્રગટ કરવી જોઈએ. પરંતુ આમ થવાને બદલે ક્યારેક વર્ષો પછી પણ કેવળ પુનર્મુદ્રણ

સ્વરૂપે જ એ પ્રકાશિત થાય અને અગાઉની આવૃત્તિની તમામ અશુદ્ધિઓ યથાવત જ જોવા મળે આ પરિસ્થિતિ સંશોધનક્ષેત્રે દુઃખદ ગણાય. ખરેખર તો અગાઉ સંપાદિત થયેલ આવા ગ્રંથનું પુનઃસંપાદન કરીને નવસંસ્કરણ સ્વરૂપે એનું પ્રકાશન થવું જોઈએ.

મધ્યકાલીન જૈન સાહિત્યના સંશોધનની કેટલીક સમસ્યાઓ અહીં રજૂ કરાઈ. સંશોધકનો પંથ સત્યશોધનો છે. અને સાહિત્યના સંશોધકે પણ એ જ માર્ગે જઈ સમુચિત પ્રમાણો સહિત સાહિત્યિક તથ્યોને જાળવવાનાં છે, પ્રગટ કરવાનાં છે. એમાં જ એની કસોટી છે અને પુરુષાર્થ પણ.

## સંદર્ભ–સાહિત્ય


૧. સંશોધન અને પરીક્ષણ, લે. જયંત કોઠારી, પ્રકા. પોતે, ૧૯૯૮

૨. જૈન ગૂર્જર કવિઓ ૧-૬ (નવસંસ્કરણ), સં. જયંત કોઠારી, પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૮૬-૯૨

૩. ઉપાધ્યાય યશોવિજય સ્વાધ્યાયગ્રંથ, સંપા. આચાર્ય વિજયપ્રદ્યુમ્નસૂરિજી, જયંત કોઠારી, કાંતિભાઈ બી. શાહ, પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૯૩

૪. સહજસુંદરકૃત ગુણરત્નાકર છંદ, સંપા. કાંતિભાઈ બી. શાહ, પ્રકા. શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ, ૧૯૯૮

૫. અનુસંધાન (૪૬)(૫૩), સં. આચાર્ય વિજયશીલચંદ્રસૂરિજી, પ્રકા. શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મશતાબ્દી સ્મૃતિ, અમદાવાદ, ૨૦૦૮, ૨૦૧૦

૬. મધ્યકાલીન ગુજરાતી જૈન સાહિત્ય, સં. જયંત કોઠારી, કાન્તિભાઈ બી. શાહ. પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૯૩

૭. ગુજરાતી સાહિત્યકોશ ખંડ-૧ (મધ્યકાળ), મુખ્ય સંપા. જયંત કોઠારી, જયંત ગાડીત, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૮૯

૮. ઉદય-અર્ચના, સં. કાંતિભાઈ બી. શાહ, કીર્તિદા શાહ, વિનોદચંદ્ર શાહ, પ્રકા. ખેડા જૈન મિત્રમંડળ, અમદાવાદ, ૨૦૧૧

૯. શ્રાવકકવિ ઋષભદાસકૃત શ્રી હીરવિજયસૂરિરાસ, સં. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરિજી, પ્રકા. શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ, ૧૯૯૮

૧૦. એક અભિવાદન ઓચ્છવ - એક ગોષ્ઠિ, સંપા. કાંતિભાઈ બી. શાહ. પ્રકા. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૯૮

14

# ભોગીલાલ સાંડેસરાનું જૈન સાહિત્યમાં યોગદાન

સુધા નિરંજન પંડ્યા

'સંશોધન એ ઐતિહાસિક પર્યેષણા ને સમીક્ષાપૂર્વકની તુલના દ્વારા, પ્રકૃતિનાં ગૂઢ રહસ્યો શોધવાની ને પ્રત્યક્ષ કરવાની પ્રવૃત્તિ છે... એ માટે ચિત્ત બહુ જ સમતોલ અને પૂર્વગ્રહરહિત હોવું જોઈએ. અભ્યાસવિષયનું સંશોધન અને એનું સર્વદેશીય વ્યાપક અર્થદર્શન આપોઆપ એમાંથી ફલિત થાય છે.' (સંશોધન-સત્યશોધન લેખ ગુજરાત દીપોત્સવી અંક સં. ૨૦૩૩). આ વિધાન પ્રો. ભોગીલાલ સાંડેસરાનું છે જેઓ જૂની ગુજરાતી, પ્રાકૃત અને અપભ્રંશના પ્રતિભાશાળી, બહુશ્રુત વિદ્વાન, સંશોધક, સંપાદક તથા પ્રાચીન તેમજ મધ્યકાલીન હસ્તપ્રતોના ઊંડા અભ્યાસી હતા. સમતોલ ચિત્તે, તલસ્પર્શી અધ્યયન દ્વારા એમના અનેક ગ્રંથોમાં સ્વતંત્ર તારણો આપી નિયત વિષય પર અભ્યાસ રજૂ કરવાનો એમનો આગ્રહ હતો. પ્રત્યેક સંશોધનકર્તા માટે એમના ગ્રંથોનો અભ્યાસ માર્ગદર્શક બની રહે તેમ છે.

પાટણ પાસેના સાંડેસર ગામમાં વસેલા પાટીદારો, સમય જતાં પાટણ આવીને વસ્યા અને સાંડેસરા તરીકે ઓળખાયા. અમદાવાદમાં રેશમનો વેપાર કરતા જયચંદભાઈ ઈશ્વરદાસ સાંડેસરાને ત્યાં ઈ. સ. ૧૯૧૭માં જન્મેલા ભોગીલાલે એમની માત્ર આઠ વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવ્યું ત્યારે ફોઈબાએ એમના કુટુંબની સઘળી વ્યવસ્થા અને વહીવટ સંભાળ્યાં. ભોગીલાલનો પ્રાથમિક અને માધ્યમિક બંને અભ્યાસ પાટણની શાળાઓમાં થયો. આ સમયગાળો એમના જીવનના અભિગમને કેળવવામાં ઘણો જ મહત્ત્વનો પુરવાર થયો.

પોતાના ગુરુ પ્રવર્તકશ્રી કાન્તિવિજયજીના વાર્ધક્યને કારણે મુનિશ્રી પુણ્યવિજયજી કેટલાંક વર્ષોથી પાટણમાં સ્થિરવાસ કરી રહ્યા હતા ત્યારે એમને મળવા મુનિશ્રી જિનવિજયજી ઈ. સ. ૧૯૩૧માં

પાટણ આવ્યા અને જૈન બોર્ડિંગમાં ઊતર્યા હતા. માત્ર ચૌદ વર્ષનો નવમા ધોરણમાં અભ્યાસ કરતો આ કિશોર ભોગીલાલ મુનિશ્રીને મળ્યો ત્યારે એની તેજસ્વિતાથી પ્રભાવિત થઈ એમણે મુનિશ્રી પુણ્યવિજયજી સાથે એનો મેળાપ કરાવ્યો. તે દિવસથી ભોગીલાલને જૈન સાહિત્યના અધ્યયન માટેની દિશા પ્રાપ્ત થઈ ગઈ. કાન્તિવિજયજી મહારાજ પાસે બહારગામથી હસ્તપ્રતોના થોકડા આવતા. સાંડેસરાને મન ફાવે તે હસ્તપ્રત જોવાની, ઘેર લઈ જવાની અને પોતે ઇચ્છે એટલો સમય રાખી, વાંચી પરત કરવાની છૂટ હતી. તે સમયે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક કેન્દ્ર તરીકે પાટણનું ઘણું મહત્ત્વ હતું તેથી આ મુનિઓને મળવા અને ધાર્મિક આદાનપ્રદાન કરવા જર્મની, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, અમેરિકા તેમજ ભારતભરમાંથી પણ પંડિતો અને વિદ્વાનો ત્યાં આવતા. એમની વચ્ચે થતા વાર્તાલાપો સાંભળવાનો મોકો સાંડેસરાને મળતો રહ્યો અને સંશોધનકાર્ય માટે રસ કેળવાતો ગયો. પાટણના પુસ્તકભંડારો પણ એમને અનૌપચારિક રીતે જોવા મળ્યા. પંડિત સુખલાલજી સાથે પણ પરિચય થયો. આવા મેધાવી જૈન મુનિઓના સાંનિધ્યમાં એમની પ્રતિભા પાંગરતી ગઈ. મુનિશ્રી પુણ્યવિજયજી પાસે હેમચંદ્રાચાર્યકૃત 'પ્રાકૃત વ્યાકરણ' શીખવાનો એમને લ્હાવો મળ્યો.

પ્રાચીન ગુજરાતી સાહિત્યના અભ્યાસી અને સંશોધક શ્રી રામલાલ ચુનીલાલ મોદી, જેઓ પાટણની શાળામાં શિક્ષક હતા તેમની વૈજ્ઞાનિક દૃષ્ટિ, મૌલિક સામગ્રીના અન્વેષણની સૂઝ, વસ્તુઓ અને વિચારોના આંતરસંબંધો સમજવાની અને સમજાવવાની કલ્પનાશક્તિ તથા અનેક વિદ્યાઓમાં વિહરતી એમની શાસ્ત્રવ્યુત્પત્તિ વગેરેનો સાંડેસરા પર ઊંડો પ્રભાવ પડ્યો. એમને સંશોધન કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ અને ચૌદ વર્ષની નાની વયે એમનો પ્રથમ લેખ 'પડીમાત્રાનો સમય' 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયો. આ સમયગાળામાં જ સંઘવિજયજીકૃત 'સિંહાસન બત્રીસી'નું એમણે સંપાદન કર્યું, જે 'સાહિત્ય' માસિકમાં ક્રમશઃ છપાયું.

ઈ. સ. ૧૯૩૩માં તેઓ મુંબઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં બેઠા પરંતુ માત્ર ગણિતના વિષયને કારણે એકાધિક વખત નિષ્ફળ ગયા. પોતે કૉલેજના દરવાજા જોઈ શકશે નહીં એવી ઘેરી નિરાશામાં હતા ત્યારે યશવંત શુક્લના આગ્રહથી ફરી એક વાર પરીક્ષા આપવા તૈયાર થયા. એમના સદ્‌ભાગ્યે ગણિતના પેપરમાં પુછાયેલો ખોટો દાખલો મદદે આવ્યો અને બધા જ વિદ્યાર્થીઓને મળેલી છ માર્ક્સની ગ્રેસને કારણે, આ ધક્કા ભેગા તેઓ મૅટ્રિકમાંથી બહાર નીકળ્યા. ૧૯૩૭માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રવેશ મેળવી, દરેક વર્ષે પ્રથમ વર્ગમાં પ્રથમ નંબર મેળવી ૧૯૪૩માં એમ.એ. થયા અને સાક્ષર 'શ્રી કેશવ હર્ષદ ધ્રુવ' સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. ખાસ મહત્ત્વની વાત એ છે કે તેઓ મૅટ્રિકમાં હતા ત્યારે ઈ. સ. ૧૯૩૪માં મુંબઈની ફાર્બસ સભાએ, એમણે સંપાદિત કરેલું, માધવ કવિરચિત વૃત્તબદ્ધ કાવ્ય 'રૂપસુંદર કથા' પ્રકાશિત કર્યું હતું. જ્યારે તેઓ એમ.એ.માં ભણતા હતા ત્યારે પોતે જ સંપાદિત કરેલું આ પુસ્તક ભણવામાં આવ્યું હતું.

ઈ. સ. ૧૯૪૩થી ૧૯૫૧ સુધી ગુજરાત વિદ્યાસભામાં એમણે અધ્યયન-અધ્યાપનનું કાર્ય કર્યું ત્યાં એમને શ્રી રસિકલાલ પરીખ જેવા વિદ્વાનનું સાંનિધ્ય સાંપડ્યું. અહીં એમની ચિંતક, સંશોધક, સંપાદક અને અનુવાદક તરીકેની શક્તિઓનો ખૂબ વિકાસ થયો. વૈષ્ણવ કુટુંબમાં ઊછરેલા હોવા છતાં સાંડેસરાને બાળપણથી જ જૈન મુનિઓ સાથે સહવાસની તક મળી હતી તેથી જૈન સાહિત્ય

પ્રત્યેનો લગાવ કેળવાયેલો હતો જ અને વિદ્વાનોનું માર્ગદર્શન પ્રાપ્ત થયું એટલે તેરમા સૈકામાં થઈ ગયેલા ગુજરાતના કલાપ્રેમી મંત્રી વસ્તુપાલની આસપાસ એકત્ર થયેલા કવિ-પંડિતોએ સંસ્કૃત સાહિત્યમાં કરેલા પ્રદાન વિશે ઊંડી પર્યેષણા રજૂ કરી, પીએચ.ડી.નો મહાશોધનિબંધ અંગ્રેજીમાં, 'Literary Circle of Mahamatya Vastupal and its contribution to sanskrit literature' તૈયાર કર્યો. એનો ગુજરાતીમાં અનુવાદ પણ પોતે જ કર્યો. આ ગ્રંથને સૂરતની 'નર્મદ સાહિત્યસભા' દ્વારા ૧૯૫૬થી ૧૯૬૦નાં પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ઇતિહાસ-સંશોધનની શ્રેષ્ઠ કૃતિ તરીકે 'નર્મદ સુવર્ણચંદ્રક' અર્પણ કરવામાં આવ્યો. આ શોધનિબંધનું હિંદી ભાષાંતર બનારસ યુનિવર્સિટીના જૈન સંસ્કૃતિસંશોધક મંડળે તથા તેલુગુ ભાષાંતર હૈદરાબાદની ઉસ્માનિયા યુનિવર્સિટીની સંસ્કૃત એકેડેમીએ પ્રકાશિત કર્યું. આ ગૌરવ નાનુંસૂનું ન કહેવાય. બીજો આવો મહત્ત્વનો ગ્રંથ છે, 'જૈન આગમોમાં ગુજરાત', જેમાં ૪૫ જૈન આગમગ્રંથમાંથી ગુજરાતના ઇતિહાસને લગતા ઉલ્લેખ તારવી તેનાં વિવિધ પાસાંનો એમણે વિશદતાથી પરિચય કરાવ્યો છે.

ગુજરાત વિદ્યાસભામાં અધ્યાપનકાર્ય કરતાં કરતાં તેઓ પ્રો. રા. વિ. પાઠક, પ્રો. રસિકલાલ છો. પરીખ, શ્રી ઉમાશંકર જોશી, શ્રી કે. કા. શાસ્ત્રી જેવા પ્રકાંડ વિદ્વાનોના સંપર્કમાં રહ્યા, એ કારણે પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતીના ઊંડા અભ્યાસી તરીકે પ્રતિષ્ઠા પામ્યા. ૧૯૫૧માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પ્રથમ અધ્યક્ષ બન્યા ત્યારથી ૧૯૭૫માં નિવૃત્ત થયા ત્યાં સુધી સતત સંશોધન-સંપાદનકાર્ય કરતા રહ્યા અને અનેક વિદ્યાર્થીઓને સંશોધનક્ષેત્રે પ્રવૃત્ત થવા પ્રેરિત કરતા રહ્યા. 'પ્રાચ્ય વિદ્યામંદિર'ના નિયામક તરીકે એમણે ૧૯૬૩માં 'સ્વાધ્યાય' ત્રૈમાસિક શરૂ કર્યું જે આજે પણ એના ગુણવત્તાસભર લેખોને કારણે સંશોધન-સામયિક તરીકે સુખ્યાત છે.

પ્રો. રામનારાયણ પાઠકે ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'પંચતંત્ર'નો અનુવાદ કરવાનું સાંડેસરાને સૂચન કર્યું ત્યારે એમણે ઘણી ગંભીરતાપૂર્વક આ કામ ઉપાડ્યું. 'પંચતંત્ર'નો સમય અને કર્તા વિશેનાં અનુમાનો, એની વિભિન્ન પ્રાચીન પાઠ્યપરંપરાઓ, મહત્ત્વનાં પાઠશોધનો, વધારાની કથાઓ, તુલનાત્મક ટિપ્પણો, પરિશિષ્ટો અને વિસ્તૃત ઉપોદ્ઘાત સહિત પશ્ચિમ ભારતીય પંચતંત્રનો સંપૂર્ણ અનુવાદ એમણે ઈ. સ. ૧૯૪૯માં આપ્યો. મૂળ ગ્રંથમાં ગદ્યભાગમાં આવતા સેંકડો શ્લોકો અને સુભાષિતોનો અનુવાદ કર્યો અને સાથે સાથે પરિશિષ્ટમાં 'પંચતંત્ર' અને પાલિ 'જાતક'ની સમાન કથાઓની સંક્ષિપ્ત તુલના પણ કરી. આ સંશોધનગ્રંથ એમને બાળપણમાં સંસ્કારદીક્ષા આપનાર મુનિશ્રી પુણ્યવિજયજીને એમણે અર્પણ કર્યો છે.

શ્રી સંઘદાસગણિવાચક વિરચિત 'વસુદેવ-હિંડી'ના પ્રથમ ખંડનો સુંદર અનુવાદ પણ એમણે કર્યો છે. આ જૈન સાહિત્યનો એક વિરલ ગ્રંથ છે જે ઉપલબ્ધ આગમેતર કથાગ્રંથોમાં પ્રાચીનતમ હોવાથી અસાધારણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રાચીનકાળમાં લખાયેલો લગભગ સાડા દસ હજાર શ્લોક- પ્રમાણનો સળંગ કથાત્મક પ્રાકૃત ગદ્યગ્રંથ સમસ્ત ભારતીય સાહિત્યમાં શોધ્યો જડે તેમ નથી એવું સાંડેસરાએ નોંધ્યું છે. એની ભાષા આર્ષ જૈન મહારાષ્ટ્રી પ્રાકૃત છે. જૈન સાહિત્યમાં 'હિંડી' શબ્દ પરિભ્રમણકથાના અર્થમાં સુપરિચિત હતો. 'વસુદેવ-હિંડી'માં વસુદેવ, પોતાના મોટા ભાઈ સાથેના કલહને કારણે ઘેરથી નાસી જાય છે અને લાંબા સમયના પરિભ્રમણ દરમિયાન નરવાહનદત્તના જેવાં

જ પરાક્રમો કરે છે અને છેવટે છેલ્લી પત્ની તરીકે રોહિણીને પ્રાપ્ત કરે છે. આ ગ્રંથમાં વિષયાન્તરો અને અવાન્તરકથાઓ ઘણાં છે. સાંડેસરાએ ઉપોદ્ઘાતમાં કૃતિની ભાષાના અને કથાના વિશેષો દર્શાવી એવો સાદ્યંત અભ્યાસ રજૂ કર્યો છે કે આ અનૂદિત કૃતિ વિશેનો એક પણ પ્રશ્ન અનુત્તર રહેતો નથી. એમાં પ્રાપ્ત થતી સાંસ્કૃતિક સામગ્રી વિશેનો અંગ્રેજી નિબંધ મૉસ્કો ખાતે ૧૯૬૦માં મળેલાં આંતરરાષ્ટ્રીય પ્રાચ્ય વિદ્યાપરિષદના પચીસમા અધિવેશનમાં એમણે રજૂ કર્યો હતો.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના એમના કાર્યકાળ દરમિયાન એમણે બે પ્રકાશનશ્રેણી શરૂ કરી હતી. એમાંની એક છે 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાળા', એના નેજા હેઠળ ૧૯૭૩માં જૈન સાધુ શ્રી અમૃતકલશકૃત 'હમ્મીરપ્રબંધ'નું એમણે સંપાદન કર્યું હતું. રાજસ્થાનના સાહિત્યમાં હમ્મીર વિશે ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે એમ જણાવી સાંડેસરાએ નયચંદ્રસૂરિનું સંસ્કૃત 'હમ્મીર મહાકાવ્ય', ભાંડા વ્યાસકૃત 'હમ્મીરાયણ' અથવા 'હમ્મીરદે ચોપાઈ', મહેશ કવિકૃત 'હમ્મીર રાસો', ખેમ કવિકૃત 'હમ્મીરાયણ', મૂલણદાસકૃત 'હમ્મીરપ્રબંધ' નામનું મારવાડી મિશ્રિત ઐતિહાસિક કાવ્ય, ભટ્ટ મોહિલકૃત 'ચ હુવાન હમીર રી વચનિકા', ગ્વાલ કવિકૃત 'હમ્મીર હઠ' જેવી સોળ કૃતિઓની રચનાસાલ, એમની વિશેષતાઓ બધાં વૃત્તાંતોમાં થતા રહેલા ફેરફારો, પોતે મેળવેલી હસ્તપ્રતોની માહિતી વગેરે ખૂબ જ ઝીણવટથી આધારો આપી દર્શાવી છે અને મુનિશ્રી પુણ્યવિજયજીએ આ સંદર્ભે આપેલા માર્ગદર્શનની આદરપૂર્વક નોંધ લીધી છે. દરેક કાવ્યમાં કેટલી કડીઓ છે અને એની હસ્તપ્રત કે નકલ કઈ લાઇબ્રેરીમાં કે કોઈ કવિ, વ્યક્તિ કે સંસ્થા પાસેથી પ્રાપ્ત થઈ છે, આવી બધી નાનામાં નાની વિગતો એમની ચોકસાઈપૂર્વક થયેલા અભ્યાસની અને નિસબતની સાક્ષી પૂરે છે. કૃતિના સંપાદકે ઝીલવા પડતા પડકારોનો પણ અહીં અંદાજ આવે છે. સંપાદન કરવું સહેલું નથી અને એમાંય પ્રાચીન કે મધ્યકાલીન કૃતિઓનું સંપાદન જરાય સહેલું નથી. પ્રજ્ઞાચક્ષુ સુખલાલજી આ સંપાદન વિશે લખે છે કે 'આ સમસ્ત રાશિમાં એમનું જીવનતત્ત્વ એ છે કે તે જે કંઈ લખે છે તે સાધાર હોય છે, ને પૂરી વિગતથી ઊભરાતું હોય છે.'

એમનું બીજું અગત્યનું જૈન સંપાદનકાર્ય 'પ્રાચીન ફાગુસંગ્રહ'નું છે. એમણે ૭૧ પાનની પ્રસ્તાવનામાં કૃતિના ઉપલક્ષ્યમાં અનિવાર્ય સંપૂર્ણ વિગતો આપવાનો પ્રયત્ન કર્યો છે. વિક્રમ સંવતના ચૌદમા શતકથી છેક સત્તરમા શતક સુધીનાં ચારસો વર્ષના ગાળામાં રચાયેલી નાની-મોટી ૩૮ ફાગુરચનાઓ અહીં સંગૃહીત છે. ફાગુ કાવ્યરચનાઓનું સ્વરૂપ સમજાવી એમણે મધ્યકાલીન સાહિત્યમાં એનું સ્થાન સ્પષ્ટ કર્યું છે. સંકલિત થયેલ ફાગુઓમાંથી મોટાભાગના જૈન કવિઓના છે એનું કારણ દર્શાવતાં નોંધ્યું છે કે, 'જૈન ભંડારોમાં જીવની જેમ સાહિત્યનું જતન થાય છે.' સર્વગ્રાહી અભ્યાસ કરવાનો સાંડેસરાનો સ્વભાવ હોવાથી સઘળી કૃતિઓનાં વસ્તુ, વિષયનિરૂપણ, છંદોરચના વગેરેની લાક્ષણિકતાઓ તો દર્શાવી જ છે, પણ સાથે સાથે કૃતિની રચનાસાલ અને સર્જકનો સમયગાળો શોધવા માટે એમણે કરેલી મથામણ અને ત્યારબાદ કરેલાં અનુમાનો પણ પ્રાપ્ત થાય છે. આપણે સ્વીકારવું પડે કે પ્રાચીન કૃતિઓના સંપાદકે પહેલાં સંશોધક બનવું પડે, વિગતોની અધિકૃતતા તપાસવા મથવું પડે, વિશાળ વાંચન ઉપરાંત હસ્તપ્રતો ઉકેલવાની આવડત તુલનાત્મક અભિગમ, સૂક્ષ્મ નિરીક્ષણદષ્ટિ અને યોગ્ય પાદટીપ તથા શબ્દકોશ આપવાની પણ તૈયારી રાખવી

પડે. સાંડેસરાનાં બધાં જ સંપાદનો આટલી વિદ્વત્તા, ખંત, નિસબત અને ચોકસાઈપૂર્વક થયેલાં છે.

કેટલાક અન્ય જૈન ગ્રંથોની વાત કરીએ તો ગુજરાતના ઇતિહાસની સામગ્રીને કેન્દ્રમાં રાખી લખેલો સ્વાધ્યાયગ્રંથ 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત' (૧૯૫૨) નોંધપાત્ર છે.

પ્રાચીન ટીકાઓ તથા આધુનિક સંશોધનને આધારે 'ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૧-૧૮ (૧૯૫૨)નું એમણે કરેલું વિવેચનાત્મક ગુજરાતી ભાષાંતર આપણને પ્રાપ્ત થયું છે તો પંદરમા અને સોળમા શતકમાં રચાયેલા ત્રણ બાલાવબોધો સહિત નેમિચંદ્ર ભંડારીકૃત 'ષષ્ટિશતકપ્રકરણ' (૧૯૫૩)ની ૧૬૦ ગાથાઓના પ્રાકૃત પ્રકરણગ્રંથનું સંપાદન પણ ઉપલબ્ધ છે. મહીરાજકૃત જૈનરાસકૃતિ 'નવદવદંતીરાસ' (૧૯૫૪)નું સંપાદન એમણે કર્તાની હસ્તપ્રતને આધારે કર્યું છે. ભુવનેશ્વર ખાતે અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખ તરીકે 'Progress of Prakrit and Jain Studies' (૧૯૫૯) વિષય પર આપેલું વ્યાખ્યાન બનારસ યુનિવર્સિટીના જૈન સંસ્કૃતિ-સંશોધન મંડળે પ્રકાશિત કર્યું છે. કેટલાક પ્રબંધોને આધારે શ્રી જયંત ઠાકરના સહયોગમાં 'Lexicographical studies in Jain Sanskrit' (૧૯૬૨) ગ્રંથમાં મધ્યકાલીન ગુજરાતના જૈન લેખકોએ ખેડેલી સંસ્કૃતની લોકભાષામય શૈલીનું અધ્યયન રજૂ કર્યું છે. આ ગ્રંથ સાંડેસરાએ મુનિશ્રી જિનવિજયજીને અર્પણ કર્યો છે. એમણે ગુણવત્તા અને વિદ્વત્તાસભર માતબર ગ્રંથો આપ્યા છે. એમાં 'શબ્દ અને અર્થ', 'ઇતિહાસની કેડી', 'સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્યો', 'પ્રદક્ષિણા' 'સંશોધનની કેડી', 'અનુસ્મૃતિ', 'અન્વેષણા' જેવા, બધા મળીને ચાલીસથી વધુ ગ્રંથો આપ્યા છે. સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી તરફથી Makers of India ભારતીય સાહિત્યના ઘડવૈયા શ્રેણીમાં 'દયારામ'ના જીવન અને કવન વિશે સંક્ષેપમાં સમજ આપી છે તો 'મુનિ જિનવિજયજી : જીવન અને કાર્ય' (૧૯૭૮) ગ્રંથમાં મુનિશ્રીનું જીવનચરિત્ર સંક્ષેપમાં આપ્યું છે.

સાંડેસરાએ 'શેઠ શ્રી પોપટલાલ હેમચંદ્ર અધ્યાત્મ વ્યાખ્યાનમાળા' અંતર્ગત 'યોગ, અનુયોગ અને મંત્રયોગ' વિષય પર ભો. જે. વિદ્યાભવનમાં ત્રણ વ્યાખ્યાનો આપ્યાં હતાં જે જૈન દૃષ્ટિએ આત્મ-પરમાત્મતત્ત્વને આનુષંગિક જૈનદર્શનના સંદર્ભમાં અન્ય મતોની સમીક્ષાને પણ સ્પર્શે છે. જૈન વિદ્યાના જૈનદર્શનપરક વિષયોને આવરી લેતું ૧૯૯૬માં પ્રગટ થયેલું આ એમનું મરણોત્તર પ્રકાશન છે. તો બીજું મરણોત્તર પ્રકાશન છે 'યજ્ઞશેષ' (૧૯૯૮) જેમાં એમના સંસ્કૃત સાહિત્યવિષયક ૮૧ નાનામોટા લેખો સમાવિષ્ટ છે. એમના લેખોની સંખ્યા બસો આઠ કરતાં પણ વધુ છે જેમાંના મોટાભાગના 'બુદ્ધિપ્રકાશ', 'કુમાર', 'પ્રસ્થાન', 'સાહિત્ય', 'સ્વાધ્યાય', 'સંસ્કૃતિ', 'નવચેતન', 'વિશ્વમાનવ', 'કૌમુદી', 'જૈનયુગ', 'જૈન સત્યપ્રકાશ', 'આત્માનંદ પ્રકાશ' જેવાં સામયિકોમાં અને એના દીપોત્સવી અંકોમાં પ્રકાશિત થયા છે. ૪૦થી વધુ લેખો એમણે અંગ્રેજી ભાષામાં પણ લખ્યા છે. એમના ગ્રંથોને ઘણાં પારિતોષિકો અને ચંદ્રકો એનાયત થયાં છે. સાંડેસરા જૈન ધર્મ અને જૈન સાહિત્યના પ્રકાંડ પંડિત અને ઊંડા અભ્યાસી હતા એમ એમના સાહિત્યિક પ્રદાનના ઉપલક્ષ્યમાં જરૂર કહી શકાય.

15

# જૈન રામાયણ અને ભીલ રામાયણ

ભગવાનદાસ પટેલ

અહીં આપણો અભિગમ જૈન રામાયણ અને ભીલ રામાયણની તુલના કરવાનો તથા ભીલ રામાયણમાંથી જૈન ધર્મદર્શનનાં તત્ત્વો તારવવાનો છે. આ માટે ઈ. ૮૦૦-૯૦૦માં લિખિત ગુણભદ્રના 'ઉત્તરપુરાણ'[1] અને ઈ. ૧૯૯૫માં આ સંશોધક દ્વારા સંપાદિત 'રૉમ-સીતમાની વારતા'[2]ને પસંદ કરવામાં આવ્યાં છે. ગુણભદ્ર પહેલાં વિમલસૂરિએ ૩૦૦-૪૦૦ ઈ.માં વાલ્મીકિના રામાયણના આધારે 'પઉમચરિત' (પદ્મચરિત) લખ્યું છે. વાલ્મીકિએ લોકમાં પ્રચલિત મૌખિક રામકથાના પ્રસંગોનો આધાર લઈ ૩૦૦ ઈ. પૂર્વે 'આદિરામાયણ'ની રચના કરી છે. ગુણભદ્રે વાલ્મીકિ રામાયણનો આધાર ન લેતાં પોતાના સમયમાં લોકમાં મૌખિક રૂપે પ્રચલિત રામકથાના આધારે ઉત્તરપુરાણની રચના કરી છે. આથી રૉમ-સીતમાની વારતા અને ઉત્તરપુરાણના ઘણા-બધા ઘટના-પ્રસંગોમાં સમાનતા વર્તાય છે. જ્યારે વાલ્મીકિ અને વિમલસૂરિની રામકથાની અનેક રીતે અલગતા જોઈ શકાય છે.

ઉત્તરપુરાણમાં સીતાને રાવણ તથા મંદોદરીની ઔરસપુત્રી માનવામાં આવી છે. રૉમ-સીતમાની વારતામાં પણ કૈકેયી પોતાના દેહમાં ભગવાનના તેજસ્(વીર્ય)થી ઉત્પન્ન ગર્ભને એક ઘડામાં મૂકી સપ્તર્ષિને સોંપે છે. કર રૂપે આ ઘડો રાવણની રાજકચેરીમાં પહોંચે છે. સપ્તર્ષિના આદેશ પ્રમાણે નવ માસે ઘડો ખોલતાં ફૂલકુંવરી અવતરે છે. નિઃસંતાન રાવણ તેને પોતાની ઔરસપુત્રી માની રાણીઓને સોંપે છે.

ઉત્તરપુરાણમાં કુંવરીનું ભવિષ્ય જોતાં જ્યોતિષી રાવણને કહે છે કે આ કુંવરી તમારો નાશ કરશે. આથી ભયભીત રાવણ કન્યાને અજ્ઞાત સ્થળે મૂકી આવવાનો આદેશ કરે છે. મારીચિ કન્યાને મંજૂષામાં બંધ કરી મિથિલાની સીમમાં ખાડો ગોડી મૂકી આવે છે. જે કન્યા

જનકને મળે છે. રાજા 'સીતા' નામ ધરાવી પુત્રીની જેમ પાળે છે. રૉમ-સીતમાની વારતામાં પણ રાવણ કુંવરીના નામકરણ માટે એકસો ને સાઠ જોશી તેડાવે છે. જોશી સીતા નામ ધરાવી રાવણને કહે છે કે આ કુંવરી તારી પત્ની બનશે. નવ ગ્રહ તો તેં તારા પલંગના પાયે બાંધ્યા છે પરંતુ, છૂટો રહી ગયેલો આ દસમો ગ્રહ તારો નાશ કરશે. આથી દુઃખી રાવણ સીતાને પારણામાં બંધ કરી, ગંગામાં પધરાવવાની સૈનિકોને આજ્ઞા કરે છે. સામે કિનારે ગંગામાં સ્નાન કરવા આવેલા જનકરાજાને સીતા મળે છે. પુત્રી માની નગરજનો વચ્ચે વાજતે-ગાજતે રાણીઓને સોંપી સીતાને રાજા રાજમહેલમાં લાવે છે.

જૈન રામાયણમાં નારદના મુખે સીતાના સૌંદર્યનું વર્ણન સાંભળીને રાવણ તેને હરી લાવવાનો સંકલ્પ કરે છે. ભીલ રામાયણમાં દસમો ગ્રહ રાવણના મૃત પિતાનું રૂપ લઈને સીતાને હરી લાવવા ઉશ્કેરે છે.

ઉત્તરપુરાણમાં મારીચિ સ્વર્ણમૃગનું રૂપ લઈ રામને દૂર લઈ જાય છે. સીતાનું હરણ કરી સીતાને લંકામાં લાવે છે. અહીં રાવણ સતનો બે-મુખો સોનાનો મૃગ બનાવી સીતાની વાડી ભેળવા મોકલે છે. રામ વાડીમાં જતાં, રાવણ સાધુવેશે સીતાનું હરણ કરી વિમાનમાં લાવી બાગમાં મૂકે છે.

બંને રામાયણમાં હનુમાન સીતાને શોધવા લંકા જાય છે અને સીતાને સાંત્વના આપીને પાછા આવે છે.

બંને રામાયણમાં સેતુબંધનો પ્રસંગ નથી. ઉત્તરપુરાણમાં વિમાન દ્વારા તો રૉમ-સીતમાની વારતામાં એક મોટા દડા પર બેસી રામની સેના લંકા પહોંચે છે.

બંને રામાયણમાં રાવણનો વધ લક્ષ્મણ કરે છે. ઉત્તરપુરાણમાં લક્ષ્મણ ચક્રથી તો રૉમ-સીતમાની વારતામાં રાવણનો જીવ સૂરજના રથમાં રહેલા ભમરામાં હોવાથી ઊકળતા તેલમાં ભમરો પાડીને લક્ષ્મણ રાવણને મારે છે.

બંને રામાયણમાં રામ અગ્નિપરીક્ષા લીધા વિના સીતાનો સ્વીકાર કરે છે.

રૉમ-સીતમાની વારતામાં લંકાથી આવ્યા પછી પણ વીતરાગી રામ, રાજગાદી સ્વીકારતા નથી. પણ થોડોક સમય રોકાઈ, ભરત-શત્રુઘ્નને રાજ્ય સોંપી સીતા-લક્ષ્મણ સાથે લોકોનાં દુઃખ દૂર કરવા રામ ચાર ખંડની પ્રદક્ષિણા કરવા નીકળે છે. ઉત્તરપુરાણમાં પણ રામ લક્ષ્મણ, ભરત, શત્રુઘ્નને રાજ્ય સોંપીને વારાણસી ચાલ્યા જાય છે. સાધના કર્યા પછી રામને ૩૯૫ વર્ષ વીત્યા બાદ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. સીતા પણ અન્ય રાણીઓ સાથે દીક્ષા લે છે, અને સ્વર્ગમાં જાય છે. લક્ષ્મણ માટે કહેવામાં આવ્યું કે રાવણને મારવાના અપરાધમાં નર્કમાં ગયેલો તે સંયમ ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત કરી શકશે.

જૈન ધર્મમાં સર્વજ્ઞ અને પ્રકાશમાન આત્માને જીવ કહ્યો છે. સંસારમાં આવતાં જ કર્મ કરવાના કારણે જીવ પોતાના મૂળ સ્વરૂપને ભૂલી જાય છે. આ અજ્ઞાનની અવસ્થા છે. અજ્ઞાનના કારણે તે કર્મ કરતો જાય છે અને જન્મ લઈને દુઃખ ભોગવતો રહે છે. આથી કર્મ અને કર્મફળનો નાશ કરીને વીતરાગી જીવ પુનઃ પોતાના વાસ્તવિક રૂપ (પ્રકાશમાન આત્મા)નો સાક્ષાત્કાર કરી શકે છે. જૈન

ધર્મનું મુખ્ય લક્ષ્ય જીવને કર્મના 'બન્ધ'થી મુક્ત કરવાનું છે. તેના બે ઉપાય છે. એક, જીવની તરફ કર્મના પ્રવાહને રોકવાનું છે. તે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય જેવાં પંચમહાવ્રતો દ્વારા કરી શકાય છે. આ ક્રિયાને 'સંવર' કહે છે. બે, તેની સાથે સાથે પૂર્વજન્મોનાં સંચિત કર્મફળોનો નાશ પણ કરવો પડે. આ તપ દ્વારા સંભવ છે. જૈન ધર્મમાં આ ક્રિયાને 'નિર્જરા' કહેવાય છે. અંતે સંવર અને નિર્જરાની પ્રાપ્તિથી જીવ કર્મના બન્ધથી મુક્ત થઈને મૂળ રૂપને પ્રાપ્ત કરે છે. આ કૈવલ્ય(મોક્ષ)ની સ્થિતિ છે.[3]

રૉમ-સીતમાની વારતામાં રામ જૈન શ્રમણની જેમ આરંભથી જ સંસારથી - સાંસારિક બાબતોથી વીતરાગી છે. અપરમાતા કૈકેયી (કકાપદમણી)એ બાર વર્ષનો વનવાસ આપ્યો તો સહજ સ્વીકાર કરતાં નગરીને વંદે છે અને આશીર્વચનો ઉચ્ચારે છે, 'કુશળ રહેજો અમારા વાદળમહેલ! કુશળ રહેજો માતા અને અપરમાતાઓ !' કર્મફળ સ્વીકારતાં કહે છે, 'કરમમાં હોય એ તો ભોગવવું જ પડે !' અને કોઈ પણ પ્રકારની દલીલ વિના ધનુષ્ય-બાણ લઈને જૈન શ્રમણની જેમ લક્ષ્મણ સાથે પાદ-વિહાર કરતા વનમાં નીકળી પડે છે. અહીં રામના વનગમન પછી સીતાનો સ્વયંવર રચાય છે. રામના આ અનાસક્તિના ભાવ સીતાસ્વયંવર પ્રસંગે પણ જોવા મળે છે.

વનમાં વિહાર કરતાં બંને ભાઈ ધનુષ્ય-બાણ જનકરાજાના ખેતરમાં ભૂલી આવે છે. ધનુષ-બાણ લેવા જાય છે ત્યારે સીતા સ્વયંવરનાં વાજાં વાગી રહ્યાં હોય છે. લક્ષ્મણ રામને કહે છે, 'આ નગરમાં કોઈ સારા પ્રસંગનાં વાજાં વાગી રહ્યાં છે. માતાએ વનમાં મૂક્યા તે દિવસથી આપણે મનખા અવતારનું મુખ જોયું નથી. આજે તો આપણે આ પ્રસંગને જોતા જ જઈએ.' રામ કહે છે, 'ભાઈ, કરમે એકલા મૂક્યા તો હવે આપણે એકલા જ રહેવું છે. હવે સારા પ્રસંગ શું જોવા હતા ?' હઠાગ્રહ કરીને લક્ષ્મણ લઈ જાય છે. તો રામ સ્વયંવરની રાજસભામાં પ્રવેશવાના બદલે દૂર અલગ ઉકરડા પર બેસે છે.

ધનુષ્યભંગ પછી સીતા સમક્ષ સખીઓ રામનું શબ્દચિત્ર આ રીતે અંકિત કરે છે. 'બાઈ, તે દિવસે ભરી સભામાં તારો વર જોયો. બાઈ, તને તો કંઈ વર મળ્યો છે ! તેના હાથે આપેલાં બોર પણ નહીં ખવાય તેવો છે. પહેરવા પૂરાં કપડાં નહોતાં અને શરીર ઉપર તો વેંત રાખ ચોંટી હતી. સાચે જ બાવો છે બાવો ! અને તારું શરીર તો જો, અડધી પૃથ્વીનું રૂપ !' અહીં પણ સીતા કર્મફળને યાદ કરે છે. 'કર્મમાં કોદરા લખ્યા હોય પછી ઘઉં ક્યાંથી ખાવા મળે ?'

સીતાહરણ પછી સેના સાથે લંકામાં આવેલા રામ સીતાને રાવણના સકંજામાંથી છોડાવવા માટે કર્મ કરતા નથી. કર્મના આવરણથી ઢંકાયેલો લક્ષ્મણ જ સીતાને મુક્ત કરવાની બધી કાર્યવાહી કરે છે. રાવણના મૃત્યુનું રહસ્ય જાણવા ધોબીને નવલખો હાર આપીને મંદોદરીનાં કપડાં પ્રાપ્ત કરે છે. મંદોદરીનો છદ્મવેશ લઈ ભોજન આપવાના બહાને રાવણના મહેલમાં પ્રવેશે છે. રાવણ સામે બનાવટી આંસુ સારી તેની પાસેથી તેના મૃત્યુનું રહસ્ય જાણી લાવે છે. રાવણનો જીવ સૂરજના રથમાં રહેલા ભમરામાં હતો. આ ભમરાને બાણથી વીંધી ઊકળતા તેલમાં પાડી મારવા માટે બાર ઘાણીનું તેલ, લોઢાની એક કઢાઈ અને નીચે ચૂલામાં સળગાવવા માટે લાકડાંની જરૂર છે. પરંતુ, કર્મને રોકતા રામ, લક્ષ્મણના કોઈ પણ કાર્યમાં સહભાગી થતા નથી. રામના આ ધર્મદર્શનને સમજવામાં અસમર્થ

લક્ષ્મણ રામ ઉપર ખિજાતાં કહે છે, 'ભાઈ, તું તો ચાલતો પણ નથી ને ચાલવા દેતો પણ નથી. દિવસ ઊગ્યા પહેલાં તો કઢાઈ નીચે સળગાવવા લાકડાં જોઈએ. આપણું કામ પૂરું નહીં થાય અને દિવસ ઊગી જશે. તો આપણી બધી જ મહેનત પાણીમાં જશે.' આ બધી પ્રવૃત્તિઓથી નિર્લેપ રામને જોઈને તેમના તરફથી પોતાનું મન વાળી લેતાં, લક્ષ્મણ વિચારે છે, 'રામ તો ઋષિ જેવા છે. તેમનાથી કંઈ પણ બની શકશે નહીં. આ વસ્તુઓ પણ મારે જાતે જ મેળવવી પડશે.' અંતે એકલા હાથે રાવણને મારવાની સામગ્રી એકઠી કરે છે. પ્રાતઃકાળે ઊકળતા તેલની કઢાઈના સામ સામેના કાના ઉપર ઊભા રહી લક્ષ્મણ સૂર્ય સામે ધનુષ્ય પર તીરનું લક્ષ્ય લે છે. મધ્યાહ્ને ભમરાનું પ્રતિબિંબ કઢાઈમાં પડતાં જ યોગ્ય યોગે સાધી તીર છોડે છે. ભમરો વીંધાઈને તેલમાં પડી તળાઈ જાય છે. રાવણ મરાય છે. અહંકાર મૃત્યુ પામે છે. કર્મફળ ભોગવતો યોદ્ધો લક્ષ્મણ મૂર્છિત થઈ ધરતી પર ઢળી પડે છે. ઉત્તરપુરાણની જેમ વિમલસૂરિના પઉમચરિત (પૌમચરિય)માં પણ રાવણનો વધ લક્ષ્મણ કરે છે.

ભીલ રામાયણમાં રામ જાણે કે મોટે ભાગે પંચમહાવ્રતોનું પાલન કરતા હોય એવું વર્તાય છે. રામ પૂરા જીવનમાં ત્રણ વાર ગુસ્સે થાય છે અને બે વાર શારીરિક હિંસા આચરે છે. વનમાં વણજોઈતી કોઈ વસ્તુનો સંગ્રહ કરવાની તો જરૂર નથી. આથી રામ વનફળ લેવા જાય છે. ઝૂંપડી બનાવતાં શ્રમિત થયેલાં સીતા-લક્ષ્મણ સાગપાન ઓઢીને નિદ્રાધીન બની સૂઈ જાય છે. પવન પાન ઉડાડે છે. વનફળ લઈને આવેલા રામ બંનેને અનાવૃત જોતાં ક્રોધથી કોપે છે. બીજી વાર, સીતાહરણ પછી ખાટી નેંબો (એક જંગલી વેલ) અને આવળને સીતાની ભાળ અંગે પૂછતાં બંને રામને તોછડો પ્રત્યુત્તર પાઠવે છે. આથી દુઃખી રામ ગુસ્સે થઈ ખાટી નેંબોને લગ્ન સમયે યુવાનીમાં જ સુકાઈ જવાનો અને આવળને ચમારના કુંડમાં કાયમી વાસ કરવાનો શાપ આપે છે. ત્રીજી વાર, લવ-કુશમિલન પ્રસંગે બંને ભાઈઓને તેમના પિતા વિશે પૂછતાં અણછાજતો ઉત્તર આપે છે અને રામ છેડાઈ પડે છે. રામ જીવનમાં બે પ્રસંગે શારીરિક હિંસા આચરે છે. એક, યેરિયો વાનરો હનુમાનની પત્નીને લઈ જાય છે ત્યારે લક્ષ્મણને સાથ આપતાં રામ તેને લાકડીથી ઝૂડે છે. બીજા પ્રસંગે, સીતાએ કઠોર પરિશ્રમ કરી બનાવેલા બાગને રાવણે મોકલેલા બેમુખા સુવર્ણમૃગે ભેળ્યો ત્યારે સીતાના ઉપાલંભથી આહત રામ ક્રોધિત થઈ તેનો વધ કરે છે. આ પ્રસંગો સિવાય રામનું આચરણ ભીલ રામાયણમાં મોટા ભાગે સમ્યક્ રહ્યું છે.

જૈન ધર્મના ઉદય પહેલાં વૈદિકયુગમાં દેવ તત્ત્વની સર્વોચ્ચ પ્રતિષ્ઠા હતી. દેવતા સમક્ષ મનુષ્યની સત્તા નગણ્ય હતી. તે પોતાની ભૌતિક ઇચ્છાઓની પૂર્તિ માટે દેવકૃપા પર નિર્ભર હતો. પરંતુ, પહેલાં ઉપનિષદ ધર્મમાં અને પુનઃ બૌદ્ધ અને જૈન ધર્મમાં દેવતાની અપેક્ષા મનુષ્યને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. રૉમ-સીતમાની વારતા એ હિન્દુ ધર્મના 'અવતારવાદ'ના ઉદય પહેલાંની મૌખિક કૃતિ છે. આથી રામ અહીં ભગવાન વિષ્ણુના અવતાર નથી અને સીતા અહીં નથી. તો દેવો-દાનવોના સમુદ્રમંથનમાંથી નીકળેલાં તથા વિષ્ણુને વરેલાં લક્ષ્મીજી ! રામ અહીં છે સ્વયં આત્મસાધના કરતા એક સહજ-સામાન્ય રાજકુમાર. સીતા પણ ખેડુઓને ભાત આપવા એકલી જઈ શકતી સહજ કૃષિ રાજપુત્રી છે. સ્વયંવર પછી સીતા રામ-લક્ષ્મણ સાથે વનમાં આવે છે ત્યારે લક્ષ્મણને પૂછે છે, 'દિયર, ક્યાં છે આપણા વાદળમહેલો ?' 'ભાભી, અમે તો ધૂણી ધખાવીને વનમાં રહીએ છીએ, અને

હરિનું નામ લઈએ છીએ. ભાભી, આ વનખંડમાં વળી વાદળમહેલ શાના ?', 'દિયર, તમે જોગી બન્યા અને હું જોગણ બની એ વાત તો સાચી. એ તો તમારે ચાલતું હતું પણ હવે તમારા ઘેર ગૃહિણી આવી. હવે તમારે ઘર વિના નહીં ચાલે. ઘર હોય પછી ઘરવખરી પણ જોઈએ. આ ઘરસંસારના જ્ઞાનની વાત તારા ભાઈને સમજાવ.' પરંતુ સંસારથી જાણે કે વિરક્ત હોય એમ રામ અહીં સીતા સાથે કોઈ વાદ-વિવાદ કરતા નથી. આથી ખિજાયેલી સીતા લક્ષ્મણને આગળ કહે છે., 'અલ્યા, દિયરિયા, તારો ભાઈ તો થાંભલો થઈને ઊભો રહ્યો! જા, તેને જઈને વાત કર. આમ, ઊભા ઊભા તો જલમ જશે નહીં અને ભગતિ પણ થશે નહીં.' રામના આ વીતરાગના ભાવોનાં દર્શન ભીલ રામાયણમાં અનેક સ્થળે થાય છે. આથી સીતાના પવિત્ર શીલ વિશે સંપૂર્ણ માહિતગાર હોવા છતાં, અયોધ્યા આવ્યા પછી માતા કૌશલ્યા સીતાના ચારિત્ર્ય વિશે શંકા ઉઠાવી સીતાને પુનઃ વનમાં મૂકી આવવા આદેશ આપે છે ત્યારે પણ રામ માતા પર નથી તો રૂઠતા કે નથી તો વાદ-વિવાદ કરતા.

અયોધ્યા આવ્યા પછી પણ રામ રાજગાદીએ બેસતા નથી. ભરત અને શત્રુઘ્નને અયોધ્યાનું રાજ્ય સોંપતાં વીતરાગી શ્રમણની જેમ કહે છે, 'અયોધ્યાની ગાદી તમે સંભાળો. હું અહીં બેસી રહીશ તો દુઃખીઓની ખબર કોણ રાખશે?.. તમે બંને ક્ષેમકુશળ બેસજો અને અયોધ્યાનું રાજ્ય કરજો. અમે તો દુઃખીઓનાં દુઃખ દૂર કરવા ચાર ખંડ અને ચૌદ ભવનમાં આ ચાલ્યાં...' અને રામ-સીતા-લક્ષ્મણ શ્રમણોની જેમ જીવનદર્શન ધર્મદર્શન વહેંચવા પૃથ્વીની પ્રદક્ષિણાએ નીકળી પડે છે.

જૈન ધર્મે ભારતીય સંસ્કૃતિની શ્રમણ પરંપરાને આગળ ચલાવી. શ્રમણ અને શ્રમણ વિચાર વૈદિકયુગ ઉપરાંત પ્રાક્-વૈદિકયુગમાં આર્યોના આગમન પહેલાં દસ હજાર વર્ષથી ભારતીય ઉપખંડમાં વસતી ભ્રમણશીલ નિષાદ કે ભીલ પ્રજામાં પણ હતા. આ મતનો આધાર ભીલોની પ્રાચીન પુરાકથા રૉમ-સીતમાની વારતાનો ધર્મ અર્થે જગવિહારે નીકળેલો રામ પરિવાર આપે છે.

પૂર્વકાલીન નિષાદ એ જ આજના ભીલ એમ રૉબર્ટ શેફર[૪] અને ડી.ડી. કોસામ્બી[૫] દૃઢતાપૂર્વક માને છે. ગુજરાતના ઉત્તર, પૂર્વ અને ભારતના મધ્ય ઉપખંડમાં વસતા આ લોકોએ જ અહીં નવપાષાણયુગની સભ્યતાનો વિકાસ કર્યો છે એમ નવ ઐતિહાસિક સંશોધનો દર્શાવે છે. આર્યોને દ્રાવિડ, પુલિન, નિષાદ કે ભીલ જેવી આર્યેતર સંસ્કારી પ્રજા પાસેથી જે વારસો મળ્યો હતો તે હિંદુધર્મ-આર્યધર્મનો ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પાયો ગણાય છે.

જૈન ધર્મમાં બધા લિંગ અને જાતિની વ્યક્તિઓ દીક્ષિત થઈને સમાન સ્થાન પ્રાપ્ત કરી શકે છે. જૈન સંઘમાં બ્રાહ્મણ તથા ચંડાળને એક જ સ્તર પર સ્વીકાર કરવામાં આવ્યો છે. આ સમાજવાદી ધર્મ છે. મહાવીર સ્વામીએ જે ઉપદેશ આપ્યો તે વર્ગહીન સમાજ માટે હતો. આથી જૈન રામાયણમાં રાક્ષસો અને વાનરોને પણ સન્માન આપવા તેમનો ઉલ્લેખ વિદ્યાધરો તરીકે કર્યો છે.

ભીલ આદિવાસીઓમાં પૂર્વકાળમાં માતૃસત્તાક સમાજમાંથી આવિર્ભાવ પામેલો અને વર્તમાનમાં ભાદરવા અને મહા માસમાં ભીલ સાધુઓ દ્વારા એક ગામથી બીજે ગામ ભ્રમણ કરી ઊજવવામાં આવતો અને જેના ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે ભીલ રામાયણ અને ભીલ મહાભારત ગવાય છે એ મહામાર્ગી પાટ કે ધૂળાનો પાટ પણ આદિવાસી વિસ્તારોમાં ફેલાયેલો એક વિશાળ લોકધર્મ છે. આ

લોકધર્મના અધિષ્ઠાતા દેવતા શિવ-શક્તિ છે. મહાદેવે આ પંથ ચલાવ્યો હોવાથી આ પાટને મહાપંથ કે મહાધર્મ પણ કહે છે. આ ધર્મમાં લિંગભેદ કે સામાજિક સ્તરભેદ વિના જતિ-સતી બની કોઈ પણ વ્યક્તિ દીક્ષિત થઈ શકે છે અને ગુરુ બનાવી શકે છે. ભીલ આદિવાસીઓ મિશ્ર આહારી હોવા છતાં પાટમાં સહભાગી વ્યક્તિએ પ્રસંગ પૂરતો તો માંસ-મદિરાનો ત્યાગ કરવો પડે છે. આ પાટના ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે સ્ત્રી ગુરુના સ્થાને હોય છે (હવે આ પરંપરા ઘસાવા લાગી છે,) અને સ્ત્રીના વ્યક્તિત્વનું ગૌરવ કરતી ગતગંગા (ધાર્મિક સભા) તેના આદેશને સન્માન આપી અનુસરે છે.

આ જીવનદર્શન-ધર્મદર્શનમાંથી આવિર્ભૂત ભીલોના ભારથમાં આથી તો રાજકીય, ધાર્મિક અને સામાજિક સત્તા કુંતી-દ્રૌપદી જેવી કારોબારકુશળ સ્ત્રીઓના હાથમાં છે. સ્ત્રીઓ અહીં રાજકીય, ધાર્મિક અને સામાજિક વ્યક્તિત્વ સાથે સશક્તીકરણ સાથે પ્રગટ થાય છે. તેઓ પણ પુરુષોને આતંકિત નથી કરતી, પરંતુ જ્યાં પણ પુરુષો ભૂલ કરે છે ત્યાં રાજકીય, સામાજિક અને ધાર્મિક જીવનની માર્ગદર્શક બને છે.

રૉમ-સીતમાની વારતા અને ભારથમાં સ્ત્રીનાં પ્રમુખ ત્રણ રૂપો દુહિતા, પુત્રવધૂ-પત્ની અને માતા વિના લિંગ ભેદ અથવા વિના સામાજિક-ધાર્મિક તથા રાજકીય સ્તર ભેદ સમાન અધિકાર પ્રાપ્ત કરે છે. એટલું જ નહીં, દાસી જેવાં સામાન્ય સ્ત્રી-પાત્રો પણ રાજા અથવા રાણીના વ્યક્તિત્વથી પ્રભાવિત નથી. રૉમ-સીતમાની વારતામાં તો વાઘ, ખિસકોલી, વાનર જેવાં પ્રકૃતિતત્ત્વો પણ ભાઈ-મામા-મામી-માસી જેવા સામાજિક સંબંધો સ્થાપિત કરે છે. અહીં નથી તો પોતાની ઉચ્ચ જાતિના અહંથી પ્રભાવિત કરતો બ્રાહ્મણ સમાજ અથવા નથી તો અન્ય સમાજોને ભયાનક લાગતો અને નીચ માનવામાં આવતો રાક્ષસ સમાજ. આથી અહીં રાવણનો ઉલ્લેખ રાજા સિવાય રાક્ષસ રૂપે નથી થયો. અહીં માનવજગત અને પ્રકૃતિજગત એક સમાન માનવીય ભૂમિ પર વિચરણ કરે છે. તેનું મુખ્ય કારણ ભીલોનું સમતાવાદી મહામાર્ગી જીવનદર્શન છે. આ અર્થોમાં રૉમ-સીતમાની વારતા અને ભારથ સ્ત્રીજીવનનાં અનેક સ્વતંત્ર સ્વરૂપો પ્રગટાવતાં અને સ્ત્રીના વ્યક્તિત્વનું ગૌરવગાન કરતાં અને માનવ-માનવ અને પ્રકૃતિતત્ત્વો વચ્ચે સમાનતા સ્થાપતાં ભારતીય મૌખિક લોકસાહિત્યનાં વિરલ લોકમહાકાવ્યો છે. અને આ પારંપરિત લોકધર્મી-મહામાર્ગી-સમતાવાદી જીવનદર્શન-ધર્મદર્શનમાંથી આજનો નારીવાદી દાર્શનિક પણ પોતાનાં નવાં જીવનમૂલ્યો ઘડી શકે છે.

ભીલ સમાજમાં વર્તમાનમાં પ્રચલિત પૂર્વકાલીન મહામાર્ગનાં મૂળ ઘણાં ઊંડાં છે. નિરંજન જ્યોતિસ્વરૂપ આદ્ય-શિવ-શક્તિથી આરંભી બૌદ્ધ ધર્મના નિર્વાણ, જૈન ધર્મના કૈવલ્ય તથા વિષ્ણુ અને આજના રામદેવપીરની અવતાર પૂજા સુધી મહામાર્ગની ઘટા ફેલાયેલી છે. આથી તો ભીલ રામકથા રૉમ-સીતમા અને જૈન રામકથા ઉત્તરપુરાણમાં અનેક ઘટના-પ્રસંગોમાં ઘણી બધી રીતે સમાનતા વર્તાય છે.

જૈન ધર્મમાં વર્ષાઋતુના ચાર માસ છોડીને શ્રમણો માટે પાદ-વિહાર આવશ્યક હોવાથી શ્રમણોએ નગર, ગ્રામ અને આદિવાસી વિસ્તારોમાં પણ વિહાર કર્યો છે. આથી આદિવાસીઓ સાથે પણ શ્રમણો સંપર્કમાં આવ્યા છે. આ કારણે બંનેનાં જીવનદર્શન-ધર્મદર્શનનું આદાન-પ્રદાન થયું છે. આથી જૈન ધર્મનાં કેટલાંક તત્ત્વો ભીલી રામાયણમાં તો ભીલોમાં પ્રચલિત મહામાર્ગધર્મનાં પણ કેટલાંક તત્ત્વો જૈન રામાયણમાં ભર્યાં છે.

બૌદ્ધ અને જૈન ધર્મ બંને ભારતમાં જન્મ્યા અને વિકસ્યા છે. બંનેએ વેદ, વર્ણવ્યવસ્થા, યજ્ઞ વગેરેને અસ્વીકારી લોકાચાર અને લોકભાષાનો આશ્રય લીધો છે અને લોકોપયોગી કથાસાહિત્ય દ્વારા જનતા- 'લોક' સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. આથી સાધુ-સૂરિઓ-મુનિઓએ લોકકથાઓનો ભરપૂર ઉપયોગ કર્યો છે. ઉદાહરણ કે દૃષ્ટાંત રૂપે કથા-લોકકથાને સાંકળવાની વિશેષ સફળતા પ્રાકૃત ભાષાના ઉપદેશપદમાં જોઈ શકાય છે. ઉપદેશપદમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતોને સ્પષ્ટ કરતા ઉપદેશની સાથે દૃષ્ટાંત રૂપે અનેક લોકકથાઓ પ્રયોજવામાં આવી છે. આથી ઉત્તરપુરાણ અને રૉમ-સીતમાની વારતાના ઘણા-બધા પ્રસંગઘટનાઓની સમાનતાનો સહજ સુયોગ રચાયો હોય એવી ધારણા થઈ શકે છે.

## સંદર્ભ-સાહિત્ય


૧. ઉત્તરપુરાણ વિશે વધુ વિગત માટે જુઓ, रामकथा : उत्पत्ति और विकास, फादर कामिल बुल्के, पृ. ૫૮-૬૦, छठ्ठा संस्करणः १९९९, प्रकाशकः हिंदि परिषद, प्रयाग विश्व विद्यालय.

૨. રૉમ-સીતમાની વારતા, સંપાદક ડૉ. ભગવાનદાસ પટેલ, બીજી આવૃત્તિ, ૨૦૧૧, ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂર અને ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર, વડોદરા

૩. भारतीय संस्कृति के मूलाधार, संपादक : शिवकुमार गुप्त, पृ. ११५-११६, प्र. सं. २००२, राजस्थान हिंदी ग्रंथ अकादमी, जयपुर

૪. ઍન્થ્રોગ્રાફી ઑફ એન્શિએન્ટ ઇન્ડિયા, રૉબર્ટ શેફર, પૃ. ૨૧

૫. प्राचीन भारत की संस्कृति और सभ्यता, डी. डी. कोसाम्बी

16

# બ્રિટનમાં જૈન ધર્મ

વિનોદ કપાસી

ઈ. સ. ૨૦૧૧ની બ્રિટનની વસ્તી-ગણતરી પ્રમાણે બ્રિટનમાં પંદર હજાર જેટલા જૈનો વસે છે. જોકે સાચો આંકડો તો ૩૦ હજારથી વધારે જૈનો હોય તેમ માનવામાં આવે છે. વસ્તી-ગણતરીના ફૉર્મમાં તમારો ધર્મ કયો છે તે સહુએ જણાવવાનું હતું. આ માટે સહુએ એક ખાના પર ચોકડી મારવાની હતી. ફૉર્મમાં ખ્રિસ્તી, બૌદ્ધ, હિંદુ, મુસ્લિમ જેવા મુખ્ય ધર્મો જ દર્શાવેલા હતા. તેથી જૈનોએ જ્યાં હિંદુ લખ્યું હતું ત્યાં જ ટીક કર્યું હોય તે સ્વાભાવિક છે. જોકે અમુક લોકોએ ખાસ જૈન લખીને ફોર્મમાં જણાવેલ અને તે પરથી જૈનોની સંખ્યા ૧૫થી ૨૦ હજારની વસ્તી ગણતરીમાં આવી છે.

વસ્તી-ગણતરીની બાબતમાં ઉપરોક્ત વાત કરવાનો હેતુ એ જ કે જૈનો પોતે જ પોતાનો ધર્મ એક સ્વતંત્ર ધર્મ છે તેમ દર્શાવવાને બદલે હિંદુ માનીને સંતોષ અનુભવે છે. આ પ્રકારના માનસને લઈને કેટલા જૈનો છે તેનો સાચો આંકડો મળી શકતો નથી.

બ્રિટનમાં જૈનોના વસવાટનો ઇતિહાસ બહુ પ્રાચીન નથી. પૂર્વ આફ્રિકાના દેશોમાં તો વીસમી સદીની શરૂઆતથી જૈનોએ વસવાનું શરૂ કર્યું હતું. કેટલાક ઓસવાળ સાહસિકો તો કદાચ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ત્યાં ગયેલા તેવા ઉલ્લેખો મળે છે.

૧૯૪૭માં ભારતને આઝાદી મળી તે બાદ ધીરે ધીરે આફ્રિકાના દેશોમાં સ્વાતંત્ર્યનો નાદ ગુંજવા લાગ્યો. પણ આની સાથોસાથ પૂર્વ આફ્રિકામાં વસેલા ભારતીયો માટે પરિસ્થિતિ પ્રતિકૂળ બનવા લાગી. પૂર્વ આફ્રિકાના બે મુખ્ય નગરો નૈરોબી અને મોમ્બાસામાં જૈનોની વસ્તી સારા એવા પ્રમાણમાં હતી. આ સિવાય નુકુરુ, કંખાલી, ઝીંઝા, એડન, સુદાન, ઝાંઝીબાર, દારેસલામ વગેરે જગ્યાએ પણ જૈનો વસતા હતા. આ રીતે

પૂર્વ આફ્રિકામાં વીસેક હજાર જૈનોનો વસવાટ હતો. નૈરોબી અને મોમ્બાસામાં તો સુંદર, ભવ્ય દેરાસરો હજીયે તેમના ભવ્ય ભૂતકાળની સાક્ષી પૂરે છે.

પૂર્વ આફ્રિકાની રાજકીય પરિસ્થિતિ બદલાવા લાગી અને ભારતીય પ્રજા અળખામણી થવા લાગી ત્યારે ઘણા ભારતીયોએ પોતાના ધંધા, વસવાટ છોડીને ભારત કે બ્રિટન જવાનું શરૂ કર્યું. કેન્યા, યુગાન્ડા વગેરે દેશો બ્રિટનની હકૂમત નીચે હતાં તેથી બ્રિટિશ સરકારે ભારતીય પ્રજાને બ્રિટનમાં આવવા દીધી. ૧૯૭૨માં ઇદી અમીને યુગાન્ડા છોડી જવાનું ફરમાન બહાર પાડીને ત્યાં વસતી ભારતીય પ્રજાની હકાલપટ્ટી કરી.

આ રીતે જોતાં બ્રિટનમાં જૈનોના આગમનની શરૂઆત થવા લાગી. બ્રિટનમાં અત્યારે જે જૈનો વસે છે તેના લગભગ ૭૫ ટકા જૈનો તો પૂર્વ આફ્રિકાના દેશોમાંથી આવેલા છે. ૨૫ ટકા જેટલા જૈનો ભારતથી સીધા બ્રિટન આવેલા છે. પૂર્વ આફ્રિકામાં જૈનોએ પોતાની બે મુખ્ય સંસ્થાઓ ઊભી કરી હતી. જામનગરની આજુહાજુના વિસ્તારો (હાલાર)થી આવેલા ઓશવાળ જૈનોની સંસ્થા મોટી છે. આફ્રિકામાં સ્થાયી થયેલા ઓશવાળ સિવાયના દશા શ્રીમાળી, વીસા શ્રીમાળી વગેરે જૈનો તથા અજૈન વણિકોએ પોતાની સંસ્થા 'નવનાત વણિક એસોશિએશન' નામથી સ્થાપી હતી. આ બંને સંસ્થાનાં મૂળ ઊંડાં છે અને સધ્ધર છે. તેથી આફ્રિકાથી આવેલા જૈનોએ ઓશવાળ અને નવનાતના નામથી પોતાની સંસ્થાઓ બ્રિટનમાં પણ સ્થાપી. ઓશવાળોની વસ્તી નવનાતના સભ્યો કરતાં લગભગ પાંચ ગણી છે.

બ્રિટનમાં લગભગ ઈ. સ. ૨૦૦૦ના વર્ષ સુધીમાં ૩૦ હજારથી વધારે જૈનો વસવાટ કરી રહ્યા હતા. ૨૦૦૦ની સાલ બાદ બ્રિટિશ સરકારે યુવા ગ્રૅજ્યુએટોને ખાસ વીસા આપવાની સ્કીમ દાખલ કરી હતી તે અન્વયે ૧૫૦૦થી ૨૦૦૦ જેટલાં યુવાન-યુવતીઓ બ્રિટનમાં આવ્યાં. કેટલાક ભારતમાં ગ્રૅજ્યુએટ થઈને વધુ અભ્યાસાર્થે આવીને તેમના અભ્યાસ બાદ અહીં સ્થાયી થયા છે. આ બધી બાબતો જોતાં બ્રિટનમાં ૩૫,૦૦૦ જેટલાં જૈનો વસવાટ કરી રહ્યા છે. તેમ એક અનુમાન બાંધી શકાય. આ ૩૫,૦૦૦માંથી ૨૫,૦૦૦ જેટલા બૃહદ લંડનમાં વસે છે. લંડનના ઉત્તર-પશ્ચિમ વિસ્તારો જેવાં કે બ્રેન્ટ, હેરો, બાર્નેટમાં જૈનોની વસ્તી સવિશેષ છે.

ઇંગ્લૅન્ડમાં લંડનથી ઉત્તરે ૧૫૦ કિલોમીટર દૂરના લેસ્ટર શહેરમાં ૫૦,૦૦૦ જેટલા ગુજરાતીઓ વસે છે. આમાંથી બેથી અઢી હજાર જૈનો હોય એમ સ્વાભાવિક તારણ નીકળી શકે.

બ્રિટનમાં આવનાર જૈન પ્રજા પોતાના ધાર્મિક સંસ્કારો અને વિધિ-વિધાનોના જ્ઞાનનો ઉપયોગ કરીને પોતપોતાની રીતે સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા લાગી. જો કે પરદેશની ભૂમિ પર વસવાટ અર્થે કે અભ્યાસાર્થે જનારાનું મુખ્ય ધ્યેય તો પૈસા કમાવાનું કે અભ્યાસમાં આગળ વધીને વધારે ડિગ્રીઓ મેળવવાનું હોય છે. આથી જ નવા આગંતુકોનાં શરૂઆતનાં વર્ષો સ્થિર થવામાં કે પગભર થવામાં જ વીતતા હોય છે.

આફ્રિકાના દેશોમાંથી આવેલા જૈનોએ તો તેમની આફ્રિકાની પરંપરા જાળવી રાખીને બે મોટી સંસ્થાઓ શરૂ કરી દીધી જ હતી. ઓશવાળો આફ્રિકામાં કદાચ વધારે સાધન-સંપન્ન અને સુખી હતાં. તેથી તેમણે ઓશવાળ એસોશિએશન દ્વારા ઝડપથી સામાજિક, ધાર્મિક કાર્યો આગળ વધાર્યાં. 'નવનાત' પ્રજાએ પણ પોતાની રીતે જ ધર્મ વિષયક કાર્યોમાં તથા સામાજિક પ્રશ્નોમાં રસ લઈને પોતાની સંસ્થાનો- પાયો નાંખ્યો. આ બંને સંસ્થાઓનો પ્રથમ ધ્યેય તો એ જ હતો કે આફ્રિકાથી

આવેલા જૈનો - જેઓ એક- બીજાને નૈરોબી, મોમ્બાસાં જેવાં શહેરોમાં ઓળખતા જ હતાં. તેઓ બ્રિટનમાં તેમના પરિચયો તાજા કરે, હળે મળે અને એકબીજાને આ દેશમાં સ્થિર થવામાં સહાય કરે. ૧૯૬૫થી ૧૯૭૦ના ગાળામાં આ નવા જૈનોએ હૉલ ભાડે રાખીને પ્રતિક્રમણ કરવાનું તથા નાનામોટા પ્રગંસો ઊજવવાનું શરૂ કર્યું. આવા પ્રસંગોએ જ એકબીજાને ખબર પડતી કે તેઓ સહુ આફ્રિકાથી આવીને ક્યાં ક્યાં વસેલા છે.

ભારતથી આવેલા જૈનો જેમાં ગુજરાતી, મારવાડી, પંજાબી વગેરે સામેલ હતા. તેઓ પ્રારંભે અલગ પડી જતાં હતાં. તેઓનાં અન્ય સગાં-વહાલાં કે ઓળખીતા નહીવત્ હતાં. માત્ર પર્યુષણ જેવા પ્રસંગે તેઓ કાર્યક્રમોમાં ભાગ લેતાં હતાં.

૧૯૭૨ના યુગાન્ડાના 'એક્ષોડસ' બાદ ઘણા જૈનોનું પણ ફરજિયાત સ્થળાંતર થયું અને તેઓ બ્રિટનમાં આવીને વસ્યા. કેન્યા અને ટાંઝાનિયાથી પણ અન્ય ભારતીય લોકોનો પ્રવાહ તો ચાલુ જ હતો. હાલારી વીસા ઓશવાળોએ તેમની સંસ્થા દ્વારા ગતિવિધિઓ વધારી.

અત્યારે બ્રિટનમાં ૩૦થી વધારે જૈન સંસ્થાઓ છે તેમનો હવે થોડો પરિચય કરી લઈએ.

૩૦ જેટલી જૈન સંસ્થાઓમાંથી માત્ર છ-સાત એવી સંસ્થાઓ છે જેની પ્રવૃત્તિઓ નોંધનીય બની રહે છે. આ મુખ્ય સંસ્થાઓ સિવાયની બીજી સંસ્થાઓનું કાર્યક્ષેત્ર અત્યંત સીમિત છે યા તો તેમનું અસ્તિત્વ થોડા કાર્યકરો અને બહુ ઓછા કાર્યક્રમો પર ટકી રહ્યું છે.

(૧) ઓશવાળ એસોશિએશન ઑફ યુ.કે. : બ્રિટનમાં ૧૫થી ૨૦ હજાર જૈનોને આવરી લેતી આ સંસ્થાનું મુખ્ય કેન્દ્ર લંડનની ઉત્તરે પોટ્ર્સ બાર નાના ગામમાં છે. ૮૪ એકર જમીનમાં પથરાયેલી આ જગ્યા ૧૯૮૦માં ૪૬૪૦૦૦ પાઉન્ડના ખર્ચે ખરીદવામાં આવી હતી. જગ્યા લીધા બાદ ધીરે ધીરે અહીં વિશાળ 'ફંકશન હૉલ' બાંધવામાં આવ્યો. આ હૉલમાં ઉપર-નીચે ૬૦૦ લોકો બેસી શકે, જમી શકે તેવી સગવડતાઓ ઉપલબ્ધ છે. લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ આ હૉલ ભાડે આપવામાં આવે છે અને સંસ્થા માટે આવકનું એક સાધન બની રહેલ છે. હૉલ સાથે નીચે આવેલા ડાઇનિંગ ફૅસિલિટી તથા વિશાળ કાર પાર્કિંગની સુવિધાઓને લઈને આ હૉલ ભાડે લેવા માટે એકાદ વર્ષ અગાઉ બુક કરાવવો પડે છે !

ઓશવાળ લોકોએ હવે તો પોતાની આગવી સૂઝ તથા નાણાકીય સધ્ધરતાને લઈને આ જગ્યાએ એક ભવ્ય દેરાસરનું નિર્માણ કરેલ છે. સંપૂર્ણ ભારતીય પ્રણાલિકા પ્રમાણે તૈયાર થયેલું આ દેરાસર શાંતભર્યા આહ્લાદક વાતાવરણમાં એક અનોખી છાપ ઊભી કરે છે.

ઓશવાળોની મુખ્ય સંસ્થાના નેજા હેઠળ નવ જેટલી વિભાગીય શાખાઓ છે. તથા અન્ય સેવાઓ આપતી પેટા સંસ્થાઓ પણ છે. બાળકો માટે ભાષાનું શિક્ષણ આપવા ખાસ વર્ગો ચાલે છે. યુવકો માટે બહેનો માટે તથા વૃદ્ધાવસ્થાની આરે આવેલા વડીલો માટે જુદી જુદી પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

ઓશવાળ એસોશિએશને દક્ષિણ લંડનમાં પણ તેમની પ્રવૃત્તિઓ માટે 'મહાજન વાડી' ખરીદેલ છે. સ્થાનિક ઓશવાળ ભાઈબહેનોનું આ સાંસ્કૃતિક કેન્દ્ર છે.

અને હવે ૨૦૧૨માં લંડનના પશ્ચિમોત્તર વિસ્તાર કિન્ગસબરીમાં સંસ્થાએ એક મોટું મકાન

ખરીદેલ છે જેનું નામ 'એકતા હાઉસ' આપવામાં આવેલ છે. આ જગ્યાએ પણ ૩૦૦ વ્યક્તિઓ સમાઈ શકે તેવો સભાખંડ તથા ખાવાપીવાની સગવડતા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ છે.

(૨) નવનાત વણિક એસોસિએશન : વણિક જ્ઞાતિના જૈનો તથા જૈનેતરોને સાંકળી લેતી આ સંસ્થા છે. જોકે સંસ્થામાં ૮૦થી ૯૦ ટકા સભ્યો તો જૈનો જ છે. સંસ્થાની મૂળ સ્થાપના પૂર્વ આફ્રિકામાં થઈ હતી. જો કે બ્રિટનની સંસ્થા સંપૂર્ણપણે સધ્ધર અને સ્વતંત્ર છે. નવનાત વણિક એસોશિએશન પણ અત્યારે ઝડપભેર પ્રગતિના માર્ગે આગળ વધી રહેલ સંસ્થા છે. સંસ્થાનું પોતાનું મકાન અને ૧૮ એકર જગ્યા પશ્ચિમ લંડનના હેયઝ વિસ્તારમાં આવેલ છે. જગ્યા ૫૨૬૦૦ વ્યક્તિઓ માટેનો સુંદર હૉલ છે. જમવાની સગવડતા માટે ડાઇનિંગ હૉલ તથા બીજા અનેક રૂમ છે. ૪૦૦થી વધારે કાર પાર્ક થઈ શકે તેવી સગવડતા છે.

નવનાતમાં પણ નવનાત ભગિની સમાજ, નવનાત યુથ અને નવનાત વડીલ મંડળ જેવી પેટાસંસ્થાઓ છે જે ખૂબ જ સુંદર પ્રવૃત્તિઓ કરે છે. સંસ્થાનું પોતાનું મુખપત્ર 'નવનાત દર્પણ' નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે અને સંસ્થાની ગતિવિધિઓથી સભ્યોને માહિતગાર રાખે છે.

(૩) જૈન સમાજ યુરોપ : લંડનથી ઉત્તરે ૧૦૦ માઈલ દૂર આવેલા લેસ્ટર શહેરમાં આ સંસ્થાનું મુખ્ય મથક છે. લેસ્ટર શહેર ગુજરાતીઓથી ધમધમે છે. આ શહેર અને આજુબાજુના વિસ્તારોમાં ૨૦૦૦ જેટલાં જૈનો વસે છે. લેસ્ટરના ગુજરાતીઓએ અહીં મીની ગુજરાત ઊભું કર્યું છે.

બ્રિટનનું પ્રથમ દેરાસર લેસ્ટરમાં થયું છે. ઈ. સ. ૧૯૭૩માં જૈન સમાજ, લેસ્ટરની સ્થાપના થઈ હતી. ઈ. સ. ૧૯૭૯ના સપ્ટેમ્બરમાં આ સંસ્થાએ લેસ્ટરની ઑક્સફર્ડ સ્ટ્રીટ પર એક જૂનું ચર્ચ ખરીદ્યું. આ ચર્ચની બહારની દીવાલો તો એ જ રહી પણ અંદર સમૂળગા ફેરફારો કરીને દેરાસરનું નિર્માણ કરવામાં આવેલ છે. આ સેન્ટરમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક દેરાસરની સાથે સાથે ઉપાશ્રય, ગુરુ સ્થાનક, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, લાઇબ્રેરી તથા ભોજનખંડ છે.

શ્વેતામ્બર દેરાસરમાં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ૩૧ ઇંચની મૂર્તિ છે. અન્ય મૂર્તિઓમાં પાર્શ્વનાથ ભગવાન તથા શ્રી મહાવીર સ્વામી છે. આ ઉપરાંત પદ્માવતીમાતા, ઘંટાકર્ણ મહાવીર, ગૌતમસ્વામી, શ્રી મણિભદ્ર વીરની પ્રતિમાઓની પણ સ્થાપના/પ્રતિષ્ઠા કરેલી છે.

જેસલમેરના પથ્થરોમાંથી દેરાસરના સ્તંભો અને તોરણો બનાવેલા છે. આ સ્તંભોને ભારતીય કારીગરોએ લેસ્ટરમાં તૈયાર કર્યા હતા. જૈન સેન્ટરની મકાનની બહારની દીવાલો પર પણ સુંદર આરસપહાણની ટાઇલ્સ મૂકીને સુશોભિત બનાવેલ છે.

(૪) ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી : આ એક વિશિષ્ટ અને આગવું સ્થાન ધરાવતી પ્રતિષ્ઠિત સંસ્થા છે. સંસ્થાની ઑફિસ બ્રિટન અને ભારતમાં છે. તે કાર્યરત છે અને સામાજિક, રાજકીય અને અન્ય ક્ષેત્રોમાં જૈન ધર્મનો પ્રસાર-પ્રચાર કરવામાં આવે છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીએ લંડનમાં બકિંગહામ પૅલેસમાં જૈનો વતી જૈન ડેક્લેરેશન ઑન નૅચર અર્પણ કર્યું હતું. આ સમારોહમાં ઉપસ્થિત જૈન ડેલિગેશનમાં ભારતના એ વેળાના હાઈકમિશનર ડૉ. એલ. એમ. સિંઘવી અગ્રણી

હતા. આ ઐતિહાસિક દસ્તાવેજ જૈન ધર્મના પર્યાવરણવિષયક સિદ્ધાંતોને સુંદર રીતે વણી લે છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીએ વેટિકનમાં નામદાર પોપ સાથે જૈન અગ્રણીઓની મુલાકાત ગોઠવી હતી. આ સિવાયનાં સંસ્થાનાં મુખ્ય કાર્યોમાં 'તત્ત્વાર્થસૂત્ર'નો અંગ્રેજીમાં અનુવાદ અને સેન્ટ જેમ્સ પૅલેસમાં વિમોચન તથા બ્રિટનમાં સચવાયેલી જૈન ધર્મની પ્રાચીન અને અમૂલ્ય હસ્તપ્રતોનું કેટલૉગિંગ. આ બંને કાર્યોએ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીને વિશ્વમાં આગવું સ્થાન પ્રાપ્ત કરાવેલ છે. તાજેતરમાં જૈન ધર્મનાં બાળકો માટેનાં પ્રાથમિક પુસ્તકના પ્રકાશન ક્ષેત્રે પણ આ સંસ્થાએ પહેલ કરી છે.

(૫) મહાવીર ફાઉન્ડેશન : ૧૯૮૭માં પાંચ ટ્રસ્ટીઓએ સ્થાપેલી આ સંસ્થા નાની છે પણ તેનું માનવંતું સ્થાન છે. બૃહદ લંડનના કૅન્ટન વિસ્તારમાં મુખ્ય રાજમાર્ગ પર એક સુંદર દેરાસરનું નિર્માણ કરીને સ્થાનિક લોકોના પ્રેમ અને આશિષ મેળવેલ છે. કૅન્ટન, હેરો, વેમ્બલી વિસ્તાર, જે આ દેરાસરની પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા છે, તેમાં પાંચ-સાત હજાર જૈનો વસે છે. કૅન્ટન દેરાસરની શરૂઆત આમ તો ૧૯૯૫માં કરવામાં આવી હતી. પરંતુ ૨૦૧૨માં જ અંજનશલાકા કરેલી પ્રતિમાઓની વિધિવત્ પ્રતિષ્ઠા કરવામાં આવી. મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની ૨૩ ઇંચની પ્રતિમા છે. અને તે સાથે પાર્શ્વનાથ પ્રભુ, આદિનાથ ભગાન સીમંધર સ્વામી, મુનિસુવ્રત સ્વામી, શ્રી પદ્માવતી માતા, શ્રી માણિભદ્ર વીર, ગૌતમ સ્વામી, સરસ્વતીદેવીની સ્થાપના કરવામાં આવી છે.

આ સિવાય શ્રી ઘંટાકર્ણ મહાવીર તથા શ્રી નાકોડા ભૈરવની સ્થાપના પણ કરવામાં આવશે. કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રની છબીની સ્થાપના પણ કરવામાં આવી છે. મહાવીર ફાઉન્ડેશન દ્વારા પર્યુષણ પર્વ, મહાવીર જન્મકલ્યાણક તથા અન્ય જૈન પર્વો ધામધૂમથી ઊજવવામાં આવે છે. સંસ્થા દ્વારા બાળકોના ધાર્મિક વર્ગો પણ ચાલે છે.

મહાવીર ફાઉન્ડેશનનું દેરાસર જૈન વસ્તીથી નિકટતમ છે અને રાજમાર્ગ પર છે તેથી દર્શનાર્થીઓ સહુથી વિશેષપણે જોવામાં આવે છે. સ્થાપિત કરેલી પ્રતિમાજીઓ પ્રાચીન હોવાથી લોકોમાં આસ્થા પણ વિશેષ છે.

(૬) વીરાયતન યુ.કે. : આચાર્યશ્રી ચંદનાજી દ્વારા વીરાયતનની પ્રવૃત્તિઓ વિહારમાં મહારાષ્ટ્રમાં તથા કચ્છ ગુજરાતમાં સુપેરે વિસ્તરેલી છે. લંડનમાં વીરાયતન યુ. કે. દ્વારા જૈન ધર્મના વર્ગો ચાલે છે અને સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે.

(૭) જૈન નેટ વર્ક : આ સંસ્થા દ્વારા કોલીન્ડેલ વિસ્તારમાં વેરહાઉસ ખરીદવામાં આવેલાં તે ઇમારતને તોડીને સુંદર દેરાસર તથા ઉપાશ્રય કૅન્ટીન, રહેવાના ફ્લૅટ્સ બાંધવાની જરૂરી મંજૂરી મળી ગયેલી છે. અને હવે ટૂંક સમયમાં બાંધકામની પ્રવૃત્તિ શરૂ થશે તેવી ધારણા છે.

(૮) યંગ જૈન્સ : બ્રિટનના જૈન યુવકોની આ સંસ્થા યુવાનોમાં જૈન ધર્મનો પ્રસાર કરે છે. તેના કાર્યકરો કંઈક નવી જ પદ્ધતિઓ અને નવા દૃષ્ટિકોણ સાથે અદ્યતન ટેક્નૉલોજીના સહારે સારું કામ કરે છે.

ઉપર જણાવેલી સંસ્થાઓ ઉપરાંત શ્રી ધરમપુર આશ્રમ (યુ.કે.) પૂજ્યશ્રી રાકેશભાઈ ઝવેરીના માર્ગદર્શન હેઠળ તથા શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ યુ.કે. પૂજ્યશ્રી નલિનભાઈ કોઠારીના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. અન્ય સંસ્થાઓમાં - શ્રી નવયુગ જૈન પ્રગતિ મંડળ, શ્રી ભક્તિ મંડળ, દિગંબર વીસા મેવાડા એસોસિએશન, શ્રી દિગંબર જૈન્સ, વણિક એસોસિએશન, માંચેસ્ટર જૈન સંઘ, યંગ ઇન્ડિયન વેજીટેરિયન્સ વગેરે ગણનાપાત્ર છે. જૈન વિશ્વભારતી સંસ્થા આમ તો ભારતમાં ખૂબ જ જાણીતી છે, પણ બ્રિટનમાંય અવારનવાર ભારતથી સમણીજીઓ પધારે છે. સમણીવૃંદની ત્યાગવૃત્તિ અને જ્ઞાન સહુને સ્પર્શી જાય છે. તેઓ પ્રેક્ષાધ્યાનના વર્ગો પણ ચલાવતાં હોય છે.

**બ્રિટનના અગ્રણી જૈનો :**

(૧) શ્રી રતિલાલ ચંદરયા : રતિલાલ ચંદરયા એક અત્યંત સફળ ઉદ્યોગપતિ હતા. વિશ્વના અનેક દેશોમાં તેમનું કાર્યક્ષેત્ર વિકસેલું હતું પણ એક ધનાઢ્ય વ્યક્તિ હોવા ઉપરાંત એક સાચા સમાજસેવક પણ હતા. અત્યારે દેશ-પરદેશમાં વસતા ગુજરાતીઓમાં ગુજરાતી લેક્સિકોનના સ્થાપક તરીકે તેઓ માનવંતુ સ્થાન ધરાવે છે. એમણે ગુજરાતી લેક્સિકોનનો જે રીતે વિકાસ કર્યો તેથી તેઓ એક પ્રેરણાદાયી પુરુષ બન્યા. રતિભાઈ ચંદરયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી (લંજન-ભારત)ના સ્થામક-ચૅરમૅન હતા. તેઓનું નેવું વર્ષની વયે ૨૦૧૩ની ૧૩મી ઑક્ટોબરે મુંબઈમાં અવસાન થયું. યોગાનુયોગ એમનો જન્મ અને અવસાન બંને વિજયાદશમીને દિવસે થયા.

(૨) શ્રી નેમુભાઈ ચંદરયા : ભારતના ભૂતપૂર્વ ઇંગ્લૅન્ડ ખાતેના હાઈકમિશનર સદ્ગત શ્રી એલ. એમ. સિંઘવી નેમુભાઈને કર્મઠ 'લાઇવ વાયર' કહેતા હતા. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીના એક અગ્રેસર એવા નેમુભાઈને બ્રિટિશ સરકારે ઓ.બી.ઈ.ના માનવંતા ખિતાબથી નવાજ્યા છે. નેમુભાઈમાં દેશ-વિદેશના અગ્રણીઓને એક મંચ પર સાથે લાવવાની એક કુશળતા અને કાર્યદક્ષતા છે. નેમુભાઈ ઉદ્યોગપતિ પણ છે. તેઓ પેટ્રોકેમિકલ અને અન્ય વ્યવસાયોનું સુંદર રીતે સંચાલન કરે છે.

(૩) ડૉ. નટુભાઈ શાહ : લેસ્ટરનું જૈન દેરાસર તેમના પરિશ્રમ અને ધગશનું સાક્ષી છે. અત્યારે જૈન નેટવર્ક દ્વારા લંડનના કોલીન્ડેલ વિસ્તારમાં દેરાસર કરવાના કાર્યમાં પ્રવૃત્તિમય છે. બ્રિટનમાં ઇન્ટરફેઇથ મુવમેન્ટથી સર્વધર્મસમભાવનો પ્રચાર કરવામાં અને જૈન ધર્મ વિશે અજૈનોને માહિતગાર કરવામાં નટુભાઈનો ફાળો નાનોસૂનો નથી. તેમને એમ.બી.ઈ.નો ખિતાબ મળેલો છે. તેઓ રીટાયર્ડ જી.પી. છે.

(૪) ડૉ. વિનોદ કપાસી : વ્યવસાયે સિવિલ એન્જિનિયર પણ જૈન ધર્મના ઊંડા અભ્યાસી શ્રી વિનોદ કપાસીએ 'નવસ્મરણ'ના વિષય પર પીએચ.ડી. મેળવેલ છે. મહાવીર ફાઉન્ડેશનના સ્થાપક તથા સોળ વર્ષથી પ્રમુખ તરીકેની તેમની સેવાઓથી તેમણે લંડનમાં લોકચાહના મેળવી છે. જૈન સોશ્યલ ગ્રૂપ મિડલસેક્ષના સ્થાપકપ્રમુખ પણ હતાં. કેન્ટન દેરાસરની સ્થાપનામાં તેઓશ્રી તથા તેમનાં ધર્મપત્ની સુધાબહેનનો સૌથી મહત્ત્વનો ફાળો છે. સેવાભાવી કાર્યકારી સભ્યોના સાથ-સહકારથી તેઓ સ્થાનિક જૈનોને દેરાસર આપવામાં સફળ રહ્યા છે.

શ્રી વિનોદ કપાસી, વર્લ્ડ કૉંગ્રેસ ઑફ ફેઇથના ટ્રસ્ટી છે અને તેમણે પોતે સોળ પુસ્તકો લખેલાં છે જેમાં બે ગુજરાતી નવલકથાનો સમાવેશ થાય છે. તેમના હેમસિદ્ધિ અને નવસ્મરણ પરનાં બે પુસ્તકો તેમની વર્ષોની સંશોધનપ્રવૃત્તિના અર્ક સમાન છે. તેઓ અન્ય વિષયો પર પણ લખે છે.

(૫) શ્રી નીતિન મહેતા : યંગ ઇન્ડિયન વેજીટેરિયન્સના પ્રમુખ નીતિનભાઈએ શાકાહારીપણાનો પ્રચાર કરવામાં જે કાર્ય કરેલ છે તે ખૂબ જ અનુમોદનીય છે. તેમને બ્રિટિશ સરકાર તરફથી એમ.બી.ઈ.નો ખિતાબ મળેલ છે. નીતિનભાઈને મોટરકાર સ્પેરપાર્ટ્સનો પોતાનો વ્યવસાય છે. તેઓશ્રી અંગ્રેજો દ્વારા ચલાવાતી બ્રિટિશ પાંજરાપોળને મદદ કરે છે અને જીવદયા માટે સહુને પ્રોત્સાહિત કરે છે.

ઉપરના મહાનુભાવો ઉપરાંત દક્ષિણ લંડનની એક અગ્રણી જૈન સંસ્થા 'વણિક એસોસિએશન -યુ.કે.'ના પ્રમુખ શ્રી ચીમનલાલ અમરશી શાહ, શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ - યુ.કે.ના અગ્રણી અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીના ટ્રસ્ટી શ્રી જયસુખભાઈ મહેતા, શ્રી ધરમપુર મિશન - યુ.કે.ના અગ્રણી શ્રી મયૂર મહેતા, ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીના શ્રી હર્ષદ સંઘરાજકા તથા શ્રી મેહુલ સંઘરાજકા, ઓશવાળના શ્રી રતિભાઈ શાહ, તુષાર શાહ, અશ્વિન શાહ, નવનાત વણિકના શ્રી સુભાષ લખાઈ અને ભૂપેન્દ્ર શાહ, ભક્તિમંડળના પ્રફુલ્લાબહેન શાહ તથા કેસુભાઈ વ્રજપાળ શાહ, વીરાયતન - યુ.કે.ના મહેન્દ્ર મહેતા, રોહિત મહેતા, કિશોર શાહ વગેરેનો ફાળો નોંધનીય છે.

કદાચ બ્રિટનમાં ઓછો પણ બ્રિટનમાં આવતાં પહેલાં આફ્રિકામાં પોતાના જીવનનાં મહત્ત્વનાં વર્ષો જિનધર્મ સેવા કરવામાં ગાળનારા કેશવલાલ રૂપશી શાહ તથા શ્રી સોમચંદ લાધાના નામો પણ ગણાનાપાત્ર છે. શ્રી કેશવલાલ રૂપશી શાહના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પુત્ર શ્રી અતુલ શાહે પોતાના તંત્રીપદે 'જૈન સ્પિરિટ' મૅગેઝીન પોતાના પ્રાણ રેડીને ચલાવેલ. અત્યારે તો આ મૅગેઝીન નાણાકીય તકલીફોને લઈને બંધ થઈ ગયેલ છે.

અમેરિકાની જેમ બ્રિટનમાં જૈનોની સંસ્થા 'ફેડરેશન' બ્રિટનમાં નથી. શ્રી વિનોદ કપાસી, પ્રફુલ્લાબહેન શાહ, ડૉ. નટુભાઈ શાહ, શ્રી મહેન્દ્ર મહેતા જેવા મહાનુભાવોએ આ દિશામાં ઘણા પ્રયત્નો કર્યા છે પણ હજી સુધી ફેડરેશનની સ્થાપના કરવામાં સફળતા મળી નથી.

**જૈન શિક્ષણનાં સાધનો, સંસ્થાઓ :**

સ્કૂલ ઑફ ઓરીએન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડિઝ એસઓએએસ દ્વારા જૈન ધર્મમાં બી.એ., એમ.એ. કે પીએચ.ડી. કરી શકાય છે. આમાં ડૉ. પીટર ફ્યુગલ જેઓ જર્મન છે પરંતુ જૈનધર્મમાં ઊંડો રસ લઈને અભ્યાસ કરે છે તે ગાઇડ તરીકે સેવા આપે છે.

વીરાયતન - યુ.કે. દ્વારા ચંદના વિદ્યાપીઠ ચલાવાય છે. તેમાં વિનોદ કપાસી તથા રાજીવ શાહ અને દક્ષિણ લંડનમાં હર્ષદ સંઘરાજકા શિક્ષણ આપે છે.

'અર્હત ટચ'ના નામથી શ્રી રાજચંદ્ર ધરમપુર મિશન - યુ.કે. બાળકો માટે જૈન ધર્મના વર્ગો ચલાવે છે. તેમાં યુવાન-યુવતી શિક્ષણ આપનારા ઉત્સાહીઓ બાળકોમાં સારી જાગૃતિ આણે છે.

મહાવીર ફાઉન્ડેશનના નેજા હેઠળની જૈન પાઠશાળામાં ભારતીય ઢબે સૂત્રો શીખવવામાં આવે છે. આ પાઠશાળામાં નાનાં નાનાં ભૂલકાઓ પણ ચૈત્યવંદનનાં સૂત્રો કડકડાટ બોલી શકે છે.

**અન્ય ક્ષેત્રે જૈનોનું પ્રદાન :**

ઉદ્યોગ અને વાણિજ્ય ક્ષેત્રે પણ આગળ એવા બે નામો આપણે જોયાં. તેઓ છે : શ્રી રતિભાઈ ચંદરયા અને શ્રી નેમુભાઈ ચંદરયા. આ ઉપરાંત એક-બે મોટા પરિવારો છે તેમના નામો પણ બ્રિટનમાં જાણીતાં છે. શ્રી હંસરાજભાઈ શાહ જૈન ધર્મના એક દાનવીર શ્રેષ્ઠી છે. અને તેમના સુપુત્રો મનિષભાઈ, ભરતભાઈ સિગ્મા ફાર્માસ્યુટિકલ નામની એક મોટી કંપનીના માલિકો છે. દવાના ક્ષેત્રે સિગ્માનું નામ બ્રિટનમાં જાણીતું છે.

હોટલ માલિકીના ક્ષેત્રે શ્રી કુલેશ શાહ છે. કુલેશભાઈ લંડનમાં ઘણી નાની-મોટી હોટેલોના માલિક છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢીમાં પી.એસ.ડે. એલેકઝાન્ડર અને દોશી ઍન્ડ કુ. નામો વિશેષ જાણીતાં છે. ટ્રાવેલમાં સીટી બ્રોન્ડ ટ્રાવેલ પણ જૈન માલિકીની કંપની છે.

પોલિટિક્સમાં જૈનો ખાસ ભાગ લેતા નથી પણ એક નામ ખાસ ઉલ્લેખનીય છે. તે છે શ્રી નવીન શાહ. નવીનભાઈ લંડનના હેરો બરોના કાઉન્સિલર તો છે જ પરંતુ તેઓશ્રી લંડનના મુખ્ય મેયરની આલીશાન ઑફિસમાં એસેમ્બ્લી મેમ્બર પણ છે અને મેયરના એક પોર્ટફોલિયોના અગ્રણી છે. તેઓ બ્રેન્ટ અને હેરો વિસ્તારવતી એસેમ્બલીમાં પ્રતિનિધિત્વ કરે છે. નવીનભાઈ હેરો કાઉન્સિલના લીડર પણ રહી ચૂક્યા છે. નવીનભાઈનાં ધર્મપત્ની રેખાબહેન શાહ પણ હેરોના એક કાઉન્સિલર છે. બ્રેન્ટ વિસ્તારમાં કાઉન્સિલર શ્રી કેતન શેઠ પણ સુંદર કામગીરી બજાવે છે.

# 17

# 'નાટ્યદર્પણ'માં ઉપરૂપક વિધાન

## [મંચનકલાની દૃષ્ટિએ]

મહેશ ચંપકલાલ

નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં ગુજરાતનિવાસી જૈનધર્મી રામચન્દ્ર-ગુણચન્દ્રરચિત 'નાટ્યદર્પણ' અનન્ય સ્થાન ધરાવે છે. ભરતમુનિકૃત 'નાટ્યશાસ્ત્ર' અને ધનંજયકૃત 'દશરૂપક' પછી નાટ્યકલાસંબંધી અતિ મહત્ત્વનો ગ્રંથ તે 'નાટ્યદર્પણ', જેમાં ભરત તથા ધનંજયના મતોનું ખંડન કરી રચનાકારે પોતાના મૌલિક મતો પ્રસ્થાપિત કર્યા છે જેને લીધે આ ગ્રંથ, સંસ્કૃત વાઙ્મય ક્ષેત્રે ગુજરાતના અપૂર્વ યોગદાનરૂપ ગ્રંથ બની ગયો છે. આચાર્ય હેમચંદ્રના આ બે પ્રબુદ્ધ શિષ્યોએ રસ-વિવેચનમાં એક નવો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે - सुखदुःखात्मको रसः (૩/૭) - અર્થાત્ રસ કેવળ આનંદરૂપ નહીં પરંતુ સુખદુઃખાત્મક હોય છે. તેમના મતે શૃંગાર, હાસ્ય, વીર, અદ્ભુત અને શાન્ત આ પાંચ રસ સુખાત્મક છે. જ્યારે કરુણ, રૌદ્ર, બીભત્સ અને ભયાનક આ ચાર રસ દુઃખાત્મક છે. આ તેમનો નિતાન્ત મૌલિક, અપૂર્વ અને આગવો એવો મત છે.

'નાટ્યદર્પણ'ના ચતુર્થ વિવેક એટલે કે ચોથા પ્રકરણમાં રામચન્દ્ર-ગુણચન્દ્રે 'અન્ય રૂપકો' એ મથાળા હેઠળ કુલ ૧૩ રૂપકોનાં લક્ષણ નિરૂપ્યાં છે. આ અન્ય ૧૩ રૂપકો તે સટ્ટક, શ્રીગદિત, દુર્મિલિતા, પ્રસ્થાન, ગોષ્ઠી, હલ્લીસક, નર્તનક, પ્રેક્ષણક, રાસક, નાટ્યરાસક, કાવ્ય, ભાણક અને ભાણિકા. અભિનવગુપ્તે આ રૂપકોને नृत्यप्रकाराः તરીકે ઓળખાવ્યા છે. જ્યારે 'સાહિત્યદર્પણ'કાર વિશ્વનાથે તેમનો 'ઉપરૂપક' એવી સ્પષ્ટ પારિભાષિક સંજ્ઞા હેઠળ ઉલ્લેખ કરી તેમને 'રૂપક'ના લગભગ નિકટવર્તી (ઉપ એટલે નજીક) ગણાવ્યા છે. અન્ય નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં તેનો ગેય-રૂપક, નૃત્ત-રૂપક,

નૃત્ય-પ્રબંધ વગેરે સંજ્ઞાઓ દ્વારા ઉલ્લેખ થયો છે. આમ, 'રૂપક' અને 'ઉપરૂપક'માં પાયાનો ભેદ રહેલો છે. ઉપરૂપકોમાં નૃત્ત, નૃત્ય, ગીત અને સંગીતનું પ્રાધાન્ય હોય છે જ્યારે રૂપકોમાં નાટ્યનું પ્રાધાન્ય હોય છે. ઉપરૂપક મુખ્યત્વે શારીરિક ચેષ્ટાઓ કે આંગિક અભિનય અને નૃત્ય-સંગીત સાથે સંલગ્ન છે જ્યારે રૂપકમાં સાત્ત્વિક તથા ઇતર અભિનય પ્રકારો પર વધુ ભાર મૂકવામાં આવે છે એવો શ્રી ડોલરરાય માંકડનો અભિપ્રાય છે. સાહિત્યદર્પણકારે અને નાટ્યદર્પણકારે અનુક્રમે 'ઉપરૂપકો' અને 'અન્ય રૂપકો' એવી બે ભિન્ન સંજ્ઞાઓ હેઠળ ઉપર્યુક્ત રૂપકોનાં જે લક્ષણ નિરૂપ્યાં છે તેમાં ભિન્નતા પ્રવર્તે છે. વિશ્વનાથે, 'ઉપરૂપક' સંજ્ઞા આપી હોવા છતાં તેમણે નિરૂપેલાં લક્ષણોમાં નૃત્ય અને સંગીતની પ્રધાનતા જોવા મળતી નથી. તેમાં રસ, સંધિ, નાયક-નાયિકા, અંકસંખ્યા વગેરે રૂપકગત તત્ત્વોના વિવરણની ભરમાર છે જે તેમને 'રૂપક'ની નજીક લઈ જવાનો ઉદ્યમ દર્શાવે છે. રામચન્દ્ર-ગુણચન્દ્રે તેમને 'અન્ય રૂપક' તરીકે ઓળખાવી તેમનાં વિવિધ લક્ષણો નિરૂપ્યાં છે જેમાં નૃત્ય અને સંગીતની પ્રધાનતા સૂચવતાં લક્ષણો જોવા મળે છે. 'સાહિત્યદર્પણ' અને 'નાટ્યદર્પણ'માં આ પાયાનો ભેદ રહેલો છે.

ઉપરૂપકોમાં નૃત્ત, નૃત્ય, ગીત તથા સંગીતનું પ્રાધાન્ય હોવાથી તે Performing Arts–મંચનકલાઓ સાથે સવિશેષપણે સંકળાયેલાં છે. રૂપકોમાં નૃત્ત, નૃત્ય અને સંગીતની સરખામણીમાં 'પાઠ્ય' સંવાદનું પ્રાધાન્ય હોવાથી તેમને ભજવણીની કલા ઉપરાંત સાહિત્યની કલા (Literary Art)નું સ્વરૂપ પણ પ્રાપ્ત થયું છે. 'અભિનવભારતી'થી 'નાટ્યદર્પણ' પર્યંતના ગ્રંથોમાં જે લક્ષણો નિરૂપવામાં આવ્યાં છે તે ઉપરૂપકોમાં જોવા મળતા નૃત્ત, નૃત્ય, આંગિક અભિનય, ગીત-સંગીત વગેરેના પ્રાધાન્યને મુખ્યત્વે ઇંગિત કરે છે. જ્યારે 'સાહિત્યદર્પણ'માં નિરૂપવામાં આવેલાં લક્ષણો તેના સાહિત્યિક સ્વરૂપની પ્રધાનતાનો નિર્દેશ કરે છે જે ઉપરૂપકોની ઉત્ક્રાંતિનો આલેખ બની રહે છે. વિશ્વનાથે જેમને ઉપરૂપકો તરીકે ઓળખાવ્યા છે તેમાંના મોટા ભાગના 'નૃત્યપ્રકારો' તરીકે પ્રાચીનકાળથી જાણીતા હતા. તેમાં કથાનું તત્ત્વ હશે પણ તે ગીતના સ્વરૂપમાં હશે અને પાછળથી તેમાંના અભિનય, સંગીત અને નૃત્ય સાથે પાઠ્ય-સંવાદનું તત્ત્વ ઉમેરાયું હશે. 'નાટ્યદર્પણ'થી 'સાહિત્યદર્પણ' સુધીની આ યાત્રા ઉપરૂપકોની ઉત્ક્રાંતિ દર્શાવે છે.

પ્રત્યેક ઉપરૂપકોનાં લક્ષણોને આ દૃષ્ટિએ સરખાવવાથી મુદ્દો વધુ સ્પષ્ટ બનશે.

**(૧) સટ્ટક :**

'અગ્નિપુરાણ'ના રચયિતા દ્વૈપાયને (ઈ. સ. નવમી સદીનો મધ્ય ભાગ) લક્ષણો આપ્યા વિના ૧૭ ઉપરૂપકોનો નામનિર્દેશ કર્યો છે તેમાં સટ્ટકનો ઉલ્લેખ છે. 'અભિનવભારતી'ના રચયિતા અભિનવગુપ્તે (ઈ. સ. ૯૭૫-૧૦૧૫) नृत्तप्रकाराः શીર્ષક હેઠળ ૯ ઉપરૂપકોનાં લક્ષણ આપ્યાં છે તેમાં 'સટ્ટક'નો ઉલ્લેખ નથી. જોકે 'સૈંધવ' લાસ્યાંગ કે જે પ્રાકૃત ભાષામાં જ રચાવું જોઈએ તેની ચર્ચા કરતી વખતે અભિનવગુપ્ત સટ્ટકનો ઉલ્લેખ કરતાં કહે છે કે રાજશેખરે 'કર્પૂરમંજરી' નામનું ને 'સટ્ટક' પ્રકારનું આખું નાટક પ્રાકૃતમાં લખ્યું છે, કેમ કે પ્રાકૃત ભાષા શૃંગારરસ માટે તદન યોગ્ય છે. 'દશરૂપક'ના અવલોકનકાર ધનિકે નામનિર્દેશ વિના 'અવલોક'માં ઉદ્ધૃત કરેલા એક શ્લોકમાં ૭ ઉપરૂપકોનો નિર્દેશ થયેલો છે પણ તેમાં 'સટ્ટક'નો ઉલ્લેખ નથી. 'શૃંગારપ્રકાશ'ના રચયિતા ભોજે

(ઈ. સ. ૧૦૧૦-૧૦૫૫) ૧૨ ઉપરૂપકોનો નિર્દેશ કરી તેમની વ્યાખ્યા આપી છે. તેમાં પણ 'સટ્ટક'નો ઉલ્લેખ નથી. તેમણે સટ્ટકને 'ઉપરૂપક' નહીં પરંતુ 'રૂપક'નો એક પ્રકાર માન્યો છે. અને રાજશેખરકૃત 'કર્પૂરમંજરી'ના આધારે તેનું લક્ષણ નિરૂપ્યું છે. કાવ્યાનુશાસનકાર હેમચંદ્રે (ઈ. સ. ૧૦૮૮-૧૧૭૨) ૧૨ ઉપરૂપકોનો ઉલ્લેખ કરી તેમનાં લક્ષણો સંક્ષિપ્તમાં વર્ણવ્યાં છે તેમાં પણ 'સટ્ટક'ની વ્યાખ્યા નથી. 'સટ્ટક'ને તેમણે ભોજને અનુસરી રૂપકનો જ એક પ્રકાર ગણ્યો છે.

'નાટ્યદર્પણ' અનુસાર 'સટ્ટક'માં પ્રવેશક અને વિષ્કભંકનો અભાવ હોય છે અને તેમાં એક જ ભાષા(સંસ્કૃત અથવા પ્રાકૃત)નો પ્રયોગ થાય છે અર્થાત્ તેમાં સંસ્કૃત અને પ્રાકૃતનું મિશ્રણ હોતું નથી. પરંતુ 'સાહિત્યદર્પણ' અનુસાર 'સટ્ટક'માં સંપૂર્ણ પાઠ્યભાગ કેવળ પ્રાકૃત ભાષામાં જ રચવામાં આવે છે. (સટ્ટકની રચના આદિથી અંત સુધી પ્રાકૃત ભાષામાં જ હોવાનું સાહિત્યદર્પણકારને અભિપ્રેત છે. આ લક્ષણ કેવળ 'કર્પૂરમંજરી'ને ધ્યાનમાં રાખી આપવામાં આવ્યું હોવાની સંભાવના છે.) વળી 'સાહિત્યદર્પણ' અનુસાર તેમાં પ્રવેશક તથા વિષ્કમ્ભક પ્રયુક્ત થતા નથી. અદ્ભુત રસની પ્રચુરતા હોય છે. તેના અંકોને 'જવનિકાન્તર' કહેવામાં આવે છે. અન્ય બાબતો – કથાવસ્તુ, અંકસંખ્યા, નાયક-નાયિકા ભેદ, વૃત્તિ, સંધિ, વગેરે – નાટિકાના જેવી હોય છે. તેનું ઉદાહરણ 'કર્પૂરમંજરી' છે.

'નાટ્યદર્પણ' અને 'સાહિત્યદર્પણ' – આ બંને ગ્રંથોએ 'સટ્ટક'નાં જે લક્ષણો નિરૂપ્યાં છે તેમાં ક્યાંય 'નૃત્ત/નૃત્ય-ગીત/સંગીત'ની પ્રધાનતાનો નિર્દેશ થયો નથી. તેથી કદાચ 'નાટ્યદર્પણ' અને 'ભાવપ્રકાશન' સિવાય મોટા ભાગના નાટ્યશાસ્ત્રીય ગ્રંથોએ તેનો ઉપરૂપક રૂપે ઉલ્લેખ કર્યો નથી. તેને રૂપકનો જ એક ભેદ ગણવાનું વલણ દાખવ્યું છે.

**(૨) શ્રીગદિત :**

'સાહિત્યદર્પણ' અનુસાર તેમાં એક અંક હોય છે અને તેનું કથાવસ્તુ પ્રસિદ્ધ હોય છે. તેનો નાયક પ્રખ્યાત અને ઉદાત્ત એટલે કે ધીરોદાત્ત હોય છે. તેની નાયિકા પણ પ્રસિદ્ધ હોય છે અને તેમાં ગર્ભ અને વિમર્શ સિવાયની સન્ધિઓ પ્રયોજાય છે. ભારતીવૃત્તિનું પ્રાચુર્ય હોય છે અને 'શ્રી' શબ્દનો પ્રયોગ અધિક માત્રામાં થાય છે. 'સાહિત્યદર્પણ' અનુસાર કેટલાક આલંકારિકોના મત પ્રમાણે લક્ષ્મીનો વેષ ધારણ કરેલી નાયિકા રંગમંચ પર બેસીને કશુંક ગાતી અને પઠન કરતી દર્શાવવામાં આવે છે તેથી પણ તે 'શ્રીગદિત' નામથી ઓળખાય છે. આમ સાહિત્યદર્પણે રૂપકગત તત્ત્વો અંક, કથાવસ્તુ, નાયક-નાયિકા, સંધિ, વૃત્તિ વગેરેના આધારે 'શ્રીગદિત'નાં લક્ષણો નિરૂપ્યાં છે. અન્ય આલંકારિકોનો મત ટાંકી તેમાં ગીત-સંગીતના પ્રાધાન્યને ઇંગિત કર્યું છે ખરું ! ભોજના 'શૃંગારપ્રકાશ'ને શબ્દશઃ અનુસરી નાટ્યદર્પણકારે શ્રીગદિતનાં લક્ષણો સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે તેની નાયિકા કોઈ કુલાંગના હોય છે. જેમ દાનવશત્રુ અર્થાત્ વિષ્ણુની પત્ની શ્રી એટલે કે લક્ષ્મી પોતાના પતિ(વિષ્ણુ)ના ગુણોનું વર્ણન કરે છે તેમ નાયિકા પણ પોતાની સખી સમક્ષ પતિનાં શૌર્ય, ધૈર્ય, આદિ ગુણોનું વર્ણન કરે છે. પતિથી વિપ્રલબ્ધા થઈ કોઈ ગીતમાં તેને ઉપાલંભ પણ આપે છે. વળી તેમાં પદનો અભિનય અર્થાત્ ભાવનો અભિનય કરવામાં આવે છે. (અર્થાત્ તેમાં વાક્ય એટલે કે રસનો અભિનય કરવામાં આવતો નથી.)

'અભિનવભારતી'માં શ્રીગદિતનો ઉલ્લેખ 'षिद्‌गक' સંજ્ઞાથી કરવામાં આવ્યો છે. અહીં વિપ્રલબ્ધા નાયિકા પોતાની સખી આગળ પોતાના પતિના દુર્વ્યવહાર વિશે વાત કરે છે.

અભિનવભારતી, શૃંગારપ્રકાશ અને નાટ્યદર્પણમાં શ્રીગદિતનું જે લક્ષણ નિરૂપવામાં આવ્યું છે તે 'સાહિત્યદર્પણ'માં નિરૂપવામાં આવેલા લક્ષણ કરતાં તદ્દન ભિન્ન તરી આવે છે. 'સાહિત્યદર્પણ'માં અંક, કથાવસ્તુ, વૃત્તિ, સંધિ વગેરે પાઠ્યગત-નાટ્યલેખનની દૃષ્ટિએ ઉપયોગી એવાં તત્ત્વોની દૃષ્ટિએ 'શ્રીગદિત'ના સ્વરૂપની છણાવટ કરવામાં આવી છે જ્યારે 'નાટ્યદર્પણ'માં મંચનકલાની દૃષ્ટિએ, Performing Artની દૃષ્ટિએ તેનું સ્વરૂપ નિરૂપવામાં આવ્યું છે. અહીં નાયિકા જાણે મંચ ઉપર વિષ્ણુપત્ની લક્ષ્મીનો વેષ ધારણ કરી નર્તન અને ગાયન દ્વારા સખી આગળ 'પદાભિનય', 'ભાવાભિનય' થકી પોતાના પતિના ગુણ-અવગુણ વર્ણવે છે. સખી આગળ કરવામાં આવતું નિવેદન કેવળ શબ્દગત હોતું નથી પણ નૃત્ય અને ગીતથી સભર હોય છે તે 'પદાભિનય' સંજ્ઞા દ્વારા સૂચવવામાં આવ્યું છે. 'ભરતનાટ્યમ્'માં આજે પણ 'વર્ણમ્' અંતર્ગત આ પ્રકારનો 'પદાભિનય' કરવામાં આવે છે. ગીત-નૃત્ય દ્વારા નાયિકા સખી સમક્ષ પતિના ગુણ-અવગુણનું નિવેદન કરે છે.

આમ 'સાહિત્યદર્પણ'થી વિપરીત અભિનવભારતી, શૃંગારપ્રકાશ અને નાટ્યદર્પણમાં 'શ્રીગદિત'નું નૃત્ત/નૃત્ય અને ગીતનું પ્રાધાન્ય સૂચવતું ને રંગમંચીય સ્વરૂપ સ્પષ્ટ કરતું લક્ષણ નિરૂપવામાં આવ્યું છે.

**(૩) દુર્મિલિતા :**

'સાહિત્યદર્પણ'માં 'દુર્મિલિતા'ના સ્થાને 'દુર્મલ્લી' સંજ્ઞા પ્રયોજવામાં આવી છે અને તેનું લક્ષણ આ પ્રમાણે નિરૂપવામાં આવ્યું છે. તેમાં ચાર અંક હોય છે. તે કૈશિકી તથા ભારતી વૃત્તિથી યુક્ત હોય છે. તેમાં ગર્ભસન્ધિ પ્રયોજાતી નથી. તેનાં પુરુષપાત્રો કલાકુશળ અને ચતુર (नागर-नरा) હોય છે. નાયક નિમ્ન પ્રકૃતિનો હોય છે. તેનો પ્રથમ અંક ત્રણ નાડિકા(અર્થાત્ છ ઘડી)નો હોય છે જેમાં વિટની ક્રીડાનું વર્ણન કરવામાં આવે છે. બીજો અંક પાંચ નાડિકા (એટલે કે દસ ઘડી)નો હોય છે. જેમાં વિદૂષકના વિલાસનું નિરૂપણ થાય છે. ત્રીજો અંક સાત નાડિકા (અર્થાત્ ચૌદ ઘડી)નો હોય છે અને તેમાં પીઠમર્દના વિલાસનું આલેખન થાય છે. ચોથો અંક દસ નાડિકા (અર્થાત્ વીસ ઘડી)નો હોય છે અને તેમાં અગ્રગણ્ય નગરજન(નાગર)ની ક્રીડાનું વર્ણન કરવામાં આવે છે.

આમ, 'સાહિત્યદર્પણ'માં રૂપકગત તત્ત્વો – અંકસંખ્યા, અંકવસ્તુ, સન્ધિ, વૃત્તિ, નાયક વગેરેના આધારે લક્ષણ નિરૂપી તેનું સાહિત્યિક સ્વરૂપ સ્પષ્ટ કરી આપવામાં આવ્યું છે પરંતુ 'નાટ્યદર્પણ'માં ઉપર્યુક્ત તત્ત્વોનો કોઈ ઉલ્લેખ નથી. 'નાટ્યદર્પણ' અનુસાર તેમાં કોઈ દૂતી એકાન્તમાં ગ્રામ્ય-અશ્લીલ કથા દ્વારા યુવક-યુવતીઓના પ્રેમનું વર્ણન અને તેમના ચૌર્યરતનો ભેદ પ્રગટ કરે છે. એ વિષે સલાહ પણ આપે છે અને નીચ જાતિની હોવાને લીધે ધનની યાચના કરે છે. વધુ ને વધુ ધન મેળવવા ઇચ્છે છે.

'શ્રીગદિત'ની જેમ અહીં પણ ગીત-નૃત્યસભર વર્ણન થતું હોવાનું સૂચવાય છે. ફરક માત્ર

એટલો કે 'શ્રીગદિત'માં કુલાંગના પતિના ગુણ-અવગુણ વર્ણવે છે જ્યારે અહીં નીચ સ્ત્રી અશ્લીલ ભાષામાં યુવક-યુવતીના અનુરાગ અને ચૌર્યરતનું વર્ણન કરે છે. આ વર્ણન નૃત્ય-ગીતથી સભર ન હોય તો તદ્દન શુષ્ક બની જાય. વળી કથાવસ્તુ પાંખું હોવાથી તે નૃત્ય-ગીત વિના લાંબો સમય ચાલી શકે પણ નહીં.

**(૪) પ્રસ્થાન :**

'સાહિત્યદર્પણ' અનુસાર પ્રસ્થાનમાં નાયક તરીકે દાસ, વિટ, ચેટ વગેરે કોઈ સેવક હોય છે અને ઉપનાયક તેના કરતાં પણ ઊતરતી કક્ષાનો હોય છે. નાયિકા દાસી હોય છે. તેમાં કૈશિકી તથા ભારતી વૃત્તિ પ્રયોજાય છે. મદિરાપાનના સંયોગથી ઇષ્ટ અર્થની સિદ્ધિ થાય છે. તેમાં બે અંકો હોય છે અને લય, તાલ વડે પરિપૂર્ણ સંગીતાત્મક વિલાસનું તેમાં બાહુલ્ય હોય છે.

સાહિત્યદર્પણકારે 'પ્રસ્થાન'નું લક્ષણ નાયક-નાયિકા, વૃત્તિ, અંકસંખ્યા વગેરે પાઠ્યગત તત્ત્વોના આધારે નિરૂપ્યું હોવા છતાં તે લય, તાલથી યુક્ત એવી આંગિક ચેષ્ટાઓ તથા ગીત-સંગીતથી સભર હોવાનું પણ નોંધ્યું છે.

'નાટ્યદર્પણ' અનુસાર તેમાં પ્રથમ અનુરાગ, માન, પ્રવાસ, શૃંગારરસથી યુક્ત વર્ષા તથા વસંતઋતુનું વર્ણન હોય છે. તે ઉત્કંઠાપ્રદર્શક સામગ્રી વડે પરિપૂર્ણ હોય છે. અંતમાં વીરરસનું આલેખન થયું હોય છે. તે ચાર અપસારથી યુક્ત હોય છે. 'અપસાર' એ સંગીત અને નૃત્યની પરિભાષિક સંજ્ઞા છે. નાટ્યદર્પણકાર તેની વ્યાખ્યા नृत्यच्छिन्नानि खण्डान्यपसारः । અર્થાત્ 'નૃત્ય દ્વારા વિભાજિત ખંડ એટલે અપસાર' એમ આપે છે.

નાટ્યદર્પણકારે 'પ્રસ્થાન'નું આપેલું ઉપર્યુક્ત લક્ષણ ભોજના 'શૃંગારપ્રકાશ'ને શબ્દશઃ અનુસરે છે. 'અભિનવભારતી'માં 'પ્રસ્થાન'નું ભિન્ન લક્ષણ જોવા મળે છે. તદ્અનુસાર તેમાં તાંડવ અને લાસ્ય બંને શૈલીઓ પ્રયોજાય છે તેમ છતાં 'લાસ્ય'નું બાહુલ્ય હોય છે. વળી તેમાં હાથી વગેરે પ્રાણીઓની ચેષ્ટાઓનું અનુકરણ પણ થતું હોય છે. 'વર્ણાંગ' (સંગીતકલાનો પારિભાષિક શબ્દ) એ પ્રસ્થાનની આગવી વિશેષતા છે.

'અભિનવભારતી', 'શૃંગારપ્રકાશ' અને 'નાટ્યદર્પણ'માં નિરૂપવામાં આવેલાં 'પ્રસ્થાન'નાં લક્ષણો ઉપરૂપકમાં રહેલી નૃત્ય, સંગીતની પ્રધાનતા અને પાઠ્યની અલ્પતાને ઇંગિત કરે છે અને એ રીતે 'સાહિત્યદર્પણ'માં નિરૂપવામાં આવેલા પાઠ્યપ્રધાનતા સૂચવતા લક્ષણથી તે ભિન્ન તરી આવે છે. 'લય- તાલ વડે પરિપૂર્ણ સંગીતાત્મક વિલાસ' આ લક્ષણને નૃત્ય અને સંગીતની પારિભાષિક સંજ્ઞાઓ 'અપસાર અને વર્ણાંગ' વડે વધુ સ્પષ્ટ કરી આપવામાં આવ્યું છે.

**(૫) ગોષ્ઠી :**

'સાહિત્યદર્પણ' અનુસાર તેમાં નવ કે દસ સાધારણ કોટિના પુરુષો તથા પાંચ કે છ સ્ત્રીઓનું ચરિત વર્ણવવામાં આવે છે. આથી તેમાં ઉદાત્ત વચનો પ્રયોજાતાં નથી. તેમાં કૈશિકી વૃત્તિની પ્રધાનતા હોય છે. શૃંગારરસનાં ત્રણ સ્વરૂપોમાંથી કામશૃંગારની પ્રચુરતા હોય છે. તેમાં ગર્ભ અને વિમર્શ સિવાયની સન્ધિઓ હોય છે. અંક એક જ હોય છે. તેનું ઉદાહરણ 'રૈવતમદનિકા' છે.

સાહિત્યદર્પણકારનો ઉદ્દેશ્ય 'ઉપરૂપક'ને 'રૂપક'ની નજીક લઈ જવાનો હોઈ પાત્ર, કથાનક, સન્ધિ, રસ, વૃત્તિ અંક વગેરે રૂપકગત તત્ત્વોના આધારે 'ગોષ્ઠી'નું લક્ષણ નિરૂપ્યું છે.

ભોજના 'શૃંગારપ્રકાશ'ને અનુસરી નાટ્યદર્પણકારે ગોષ્ઠીનું જે લક્ષણ વર્ણવ્યું છે તે 'સાહિત્યદર્પણ' કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું છે. અહીં 'જેમાં ગોષ્ઠમાં વિહાર કરતા કૃષ્ણના' રિષ્ટાસુરવધ વગેરે જેવા વ્યાપારનું પ્રદર્શન કરવામાં આવે તેને 'ગોષ્ઠિ' કહે છે, એવું લક્ષણ નિરૂપવામાં આવ્યું છે. કૃષ્ણ દ્વારા રિષ્ટાસુરવધ રંગમંચ ઉપર પ્રદર્શિત કરવામાં આવે ત્યારે તેમાં 'પાઠ્ય'ની જગ્યાએ આંગિક ચેષ્ટાઓ, નૃત્ત-નૃત્ય તથા ગીત-સંગીતની પ્રધાનતા હોય તે સ્વાભાવિક છે. નાટ્યદર્પણકારે અહીં સાહિત્યિક સ્વરૂપ નહીં પરંતુ રંગમંચીય સ્વરૂપ – Performing Artને લક્ષ્યમાં રાખીને 'ગોષ્ઠિ'નું લક્ષણ નિરૂપ્યું છે.

**(૬) હલ્લીસક :**

'સાહિત્યદર્પણ' અનુસાર હલ્લીશ/હલ્લીસ અથવા હલ્લીસકમાં એક જ અંક હોય છે. ઉદાત્ત વાણી વદનાર વાક્પટુતા ધરાવતો એક નાયક હોય છે અને સાત, આઠ કે દસ સ્ત્રીઓ નાયિકાઓ હોય છે. કૈશિકી વૃત્તિ હોય છે. મુખ અને નિર્વહણ સન્ધિ હોય છે તથા અનેકવિધ તાલ અને લય હોય છે (બહુતાલલય સ્થિતઃ) તેનું ઉદાહરણ 'કેલિરૈવતકમ્' છે.

સાહિત્યદર્પણકારે અંક, નાયક-નાયિકા, વૃત્તિ, સન્ધિ વગેરે રૂપકગત તત્ત્વોના આધારે હલ્લીલકના પાઠ્યસ્વરૂપ(Text)ને સ્પષ્ટ કરી આપ્યું છે. તદ્ઉપરાંત 'તાલ અને લયની અનેકવિધતા' લક્ષણના આધારે તેના રંગમંચીય સ્વરૂપનો પણ અણસાર આપ્યો છે.

ભોજે 'સરસ્વતીકંઠાભરણ'માં નિરૂપેલા લક્ષણને શબ્દશઃ અનુસરી નાટ્યદર્પણકાર 'હલ્લીસક'ની પરિભાષા આ પ્રમાણે આપે છે. 'હલ્લાસક' એટલે સ્ત્રીઓનું મંડલ આકાર બનાવી નાચવું તે. ગોપીઓની વચ્ચે કૃષ્ણની જેમ તેમાં એક નાયક હોય છે.

હલ્લીસક એટલે સ્ત્રીઓનું મંડલાકારે અર્થાત્ ગોળાકારે નાચવું એમ કહી નાટ્યદર્પણકારે શુદ્ધ રૂપે હલ્લીસકનું રંગમંચીય સ્વરૂપ નિરૂપ્યું છે. ગરબાની જેમ અહીં સ્ત્રીઓ ગોળાકારે નાચે છે. સ્ત્રીઓનું ગોળાકારે નર્તન એ એક અત્યંત વ્યાપક એવું લોકનર્તન છે જે દેશના વિવિધ પ્રાંતોમાં વિવિધ પ્રકારે જોવા મળે છે. ગુજરાતનો ગરબો, તામિલનાડુનું કુમ્મી, કોલટ્ટમ અને કુડિચ્ચુપ્પટ્ટુ તથા મલબારનું કૈકોટ્ટીક્કલી એ 'હલ્લીસક'નાં જ વિવિધ સ્વરૂપો છે.

**(૭) શમ્યા :**

'નાટ્યદર્પણ' અનુસાર સભામાં નર્તકી લલિત લય સાથે જેના પદના અર્થનો અભિનય કરે છે તે નૃત્યને શમ્યા, લાસ્ય, છલિત, દ્વિપદી વગેરે સંજ્ઞા આપવામાં આવે છે. કિન્નરોના નાચને શમ્યા કહે છે. શૃંગારરસપ્રધાન નૃત્ય 'લાસ્ય' કહેવાય છે. શૃંગાર, વીર અને રૌદ્રપ્રધાન નૃત્તને 'છલિત' કહે છે. દ્વિપદી વગેરે આ નૃત્તોમાં ગાવામાં આવતા છન્દોના ભેદ છે.

નાટ્યદર્પણકારે 'શમ્યા'નું જે સ્વરૂપ નિરૂપ્યું છે તે પૂર્ણપણે નૃત્ય પર જ આધારિત છે. આંગિક

અભિનય સિવાય તેમાં અન્ય અભિનયો પ્રયોજાતા નથી. સાહિત્યદર્પણકારે તેથી જ કદાચ ઉપરૂપકો અંતર્ગત તેનો સમાવેશ કર્યો નથી.

ભોજે શમ્યાનો 'નર્તનક'ના એક પ્રકાર તરીકે ઉલ્લેખ કર્યો છે. શમ્યા, લાસ્ય, છલિત અને દ્વિપદીને 'નર્તનક'ના વિવિધ પ્રકારો કહ્યા છે. નાટ્યદર્પણકારે શમ્યાનાં જે લક્ષણો ગણાવ્યાં છે તેને ભોજે નર્તનકનાં લક્ષણો તરીકે નિરૂપ્યાં છે. નૃત્યના એક પ્રકાર તરીકે છલિતનો ઉલ્લેખ કાલિદાસે 'માલવિકાઅગ્નિમિત્ર'માં કર્યો છે. તેના પ્રથમ અંકમાં માલવિકા, ગણદાસ પાસેથી છલિત નૃત્ય શીખી રહી હોવાનું જણાવવામાં આવ્યું છે. પંડિતા કૌશિકી રાજા આગળ નિવેદન કરે છે –

**પરિવ્રાજિકા :** મહારાજ, ચાર પદવાળા ચલિત-છલિત નૃત્યનો પ્રયોગ અઘરો માનવામાં આવ્યો છે, તે એક જ વિષયમાં બંનેનો પ્રયોગ જોઈએ. એનાથી જ બંનેનું શિક્ષણકૌશલ્ય જણાઈ જશે.

બીજા અંકની શરૂઆતમાં નૃત્યસ્પર્ધા સમયે, ગણદાસ ઉંમરમાં મોટા હોવાથી તેમની શિષ્યા માલવિકાનો નૃત્યપ્રયોગ રજૂ થાય છે તે સમયે ગણદાસ રાજાને નિવેદન કરતાં કહે છે –

**ગણદાસ :** મહારાજ, મધ્યમ લયવાળી શર્મિષ્ઠાની ચાર પદવાળી કૃતિ છે. તેના ચોથા પદનો પ્રયોગ આપ એકાગ્રચિત્તે સાંભળશો.

પરિવ્રાજિકા અને ગણદાસના સંવાદ પરથી ફલિત થાય છે કે છલિત નૃત્યમાં ચાર પદવાળી કૃતિ મધ્યમ લયમાં રજૂ કરવામાં આવે છે. ચોથા પદનો પ્રયોગ પ્રમાણમાં અઘરો હોય છે.

'શમ્યા'નો અર્થ થાય છે વિવિધરંગી ટૂંકી, વેંત જેટલી લાંબી લાકડીઓ 'દાંડિયા' - જેનો નર્તન સમયે તાલ આપવા માટે પ્રયોગ કરવામાં આવે છે. વળી 'શમ્યા' એક પ્રકારની હસ્તક્રિયા છે જેમાં નૃત્ય કરતી વખતે હાથ હથેળીમાં પછાડી તાલ આપવામાં આવે છે જેનો ઉલ્લેખ ભરતે નાટ્યશાસ્ત્રના 'તાલઅધ્યાય'માં કર્યો છે. આમ 'શમ્યા'નો મૂળ અર્થ વેંત લાંબી લાકડી અથવા હાથ વડે તાલ આપવો એવો થાય છે. તેના આધારે નૃત્યનું નામ પણ 'શમ્યા' થયું. 'શમ્યા' પ્રકારના નૃત્યમાં નર્તન કરતી લલનાઓ દ્વારા લાકડી વડે તાલ આપવામાં આવે છે, જેમ કે 'દંડ-રાસક'માં અથવા તો પછી તમિલનાડના 'કોલટ્ટમ' પ્રકારના નૃત્યમાં કે જેમાં કાં તો છોકરા-છોકરીઓ બંને અથવા તો કેવળ છોકરીઓ બે હારમાં વહેંચાઈ જઈ બે રંગીન લાકડીઓ (કૉલ) બંને હાથમાં રાખી તાલ આપે છે, કાં તો પોતાના હાથમાં અથવા તો પછી ગોળ ફરી સામાવાળાના હાથમાં. આ દાંડિયા-રાસનો જ એક પ્રકાર છે. મલબારના 'કૈકીટ્ટિકલિ' તથા તમિલનાડુના નૃત્ય 'કુડિચ્ચુપ્પટ્ટુ'માં હાથ દ્વારા તાલ આપવામાં આવે છે, જેમ કે આપણા 'ગરબા'માં.

'દ્વિપદી' લયનું સંગીતરચનાનું તથા તેના ઉપર આધારિત નૃત્યનું નામ છે.

**(૮) પ્રેક્ષણક :**

'સાહિત્યદર્પણ'માં 'પ્રેક્ષણક'ના સ્થાને 'પ્રેઙ્ખણ' સંજ્ઞા પ્રયોજવામાં આવી છે અને તેનું લક્ષણ આ પ્રમાણે નિરૂપવામાં આવ્યું છે. તેમાં એક અંક હોય છે. ગર્ભ અને વિમર્શ સન્ધિઓ નથી હોતી. હીન પુરુષ નાયક હોય છે. સૂત્રધાર નથી હોતો. વિષ્કમ્ભક તથા પ્રવેશક પણ નથી હોતા. દ્વન્દ્વયુદ્ધ

તથા રોષપૂર્ણ સંભાષણ (સમ્ફેટ) હોય છે. તેમાં બધી જ વૃત્તિઓની અપેક્ષા રહે છે. 'નાન્દી' તથા 'પ્રરોચના'ની વિધિ નેપથ્યમાં થાય છે. તેનું ઉદાહરણ 'વાલિવધઃ' છે.

સાહિત્યદર્પણમાં નિરૂપવામાં આવેલ લક્ષણથી એવું ફલિત થાય છે કે પ્રેક્ષણક એક એવા પ્રકારનું એકાંકી હતું જેમાં ક્યારેક પડદા પાછળથી સંવાદ બોલવામાં આવતા અને તે 'માઇમ પ્લે' મૂકનાટ્ય રૂપે ભજવવામાં આવતું. 'નાટ્યદર્પણ'માં આપવામાં આવેલા લક્ષણ પ્રમાણે અનેક પાત્રવિશેષ દ્વારા ગલી, સમાજ, ચાર રસ્તે અથવા મદ્યશાળા વગેરે સ્થળે ભજવાતા નૃત્યવિશેષને પ્રેક્ષણક કહેવામાં આવે છે. 'નાટ્યદર્પણ' અનુસાર તે શુદ્ધ સ્વરૂપે રંગમંચીય કલા 'Performing Art'નું જ એક રૂપ છે કે જે ખાસ પ્રકારની નટમંડળી દ્વારા લોકસમુદાય વચ્ચે ગલીમાં, શેરીમાં, ચાર રસ્તે, મંદિરના પ્રાંગણમાં કે પછી મદ્યાલયમાં ખુલ્લા આકાશમાં ભજવાતું. ભોજે અને નાટ્યદર્પણકારે 'કામદહન'નો પ્રેક્ષણકના ઉદાહરણ તરીકે ઉલ્લેખ કર્યો છે. આજે પણ હોળીના અવસરે મહારાષ્ટ્રમાં અને તેના પ્રભાવથી તમિલનાડના તાંજોર જિલ્લામાં જાહેરમાં લોકસમુદાય વચ્ચે 'કામદહન'નું વૃત્તાંત ભજવવામાં આવે છે જેમાં મરાઠી 'લાવણી' પ્રયોજાય છે અને તેમાં એક નટસમૂહ મન્મથનો નાશ થયો હોવાનો દાવો કરે છે તો પ્રતિપક્ષ મન્મથ હજુ પણ જીવિત હોવાનો દાવો કરે છે.

ભોજે અને નાટ્યદર્પણકારે અહીં પહેલી વાર ભજવણીના સ્થળનો ઉલ્લેખ કર્યો છે.

**(૯) રાસક :**

'સાહિત્યદર્પણ'માં 'રાસક'નું લક્ષણ આ પ્રમાણે નિરૂપવામાં આવ્યું છે. 'રાસક'માં પાંચ પાત્રો હોય છે, મુખ અને નિર્વહણ સંધિ પ્રયોજાય છે. અનેક પ્રકારની ભાષા-વિભાષાઓનો પ્રયોગ થાય છે, તેમાં સૂત્રધાર હોતો નથી અને એક જ અંક હોય છે. તેમાં વીથ્યંગો અને (નૃત્યગીત વગેરે) કલાઓ પ્રયુક્ત થાય છે. 'નાન્દી' શ્લિષ્ટપદયુક્ત હોય છે. નાયિકા કોઈ પ્રસિદ્ધ સુંદરી હોય છે અને નાયક મૂર્ખ હોય છે. ઉત્તરોત્તર ઉદાત્ત ભાષા વિન્યાસથી યુક્ત હોય છે. કેટલાકના મત પ્રમાણે તેમાં 'પ્રતિમુખ' સન્ધિ પણ પ્રયોજી શકાય. તેનું ઉદાહરણ 'મનકાહિતમ્' છે.

સાહિત્યદર્પણકારે પાઠ્યગત વિવિધ તત્ત્વો સંધિ, ભાષા, પાત્ર વગેરેની સાથે સાથે નૃત્ય, ગીત વગેરે કલાઓનો સમન્વય પણ સૂચવ્યો છે, જ્યારે નાટ્યદર્પણકારે ભોજને અનુસરી 'રાસક'ને શુદ્ધ નૃત્યનો જ પ્રકાર માન્યો છે. તેમના મતે જેમાં ૧૬, ૧૨ કે ૮ નાયિકાઓ પિંડીબંધ વગેરે રચના દ્વારા નૃત્ય કરે તેને 'રાસક' કહે છે. નર્તકીઓ નાચતાં નાચતાં ભેગી થઈ જાય તેને 'પિંડી' કહે છે. એકમેક સાથે ગૂંથાઈને નૃત્ય કરે તેને 'શૃંખલા' કહે છે અને તેમાંથી છૂટા પડી અલગ થવાની નર્તનક્રિયાને 'ભેદ્યક' કહે છે. વેલીની જેમ ગૂંથાવાની નર્તનક્રિયાને 'લતાબંધ' કહે છે. આમ રાસકના ના. દ. અનુસાર ચાર ભેદ છેઃ (૧) પિંડીબંધ, (૨) શૃંખલા, (૩) ભેદ્યક અને (૪) લતાબંધ. 'અભિનવભારતી'માં પણ 'રાસક'ને નૃત્યનો પ્રકાર માનવામાં આવ્યો છે જેમાં અનેક નર્તકીઓ દ્વારા વિવિધ પ્રકારના તાલ અને લય પ્રયોજવામાં આવે છે. તે મસૃણ અને ઉદ્ધત બંને પ્રકારનું હોય છે. તેમાં ૬૪ જેટલાં યુગલો હોય છે.

ભરતમુનિએ 'પૂર્વરંગ'માં પ્રયોજાતા નૃત્તના સંદર્ભમાં 'પિંડી' સંજ્ઞા યોજી છે. તે એક 'આકૃતિ-

વિશેષ' છે, જેમાં નર્તકી આયુધોનો અથવા વિવિધ દેવતાઓના વાહન-ગજ, સિંહ વગેરે - નો આકાર નૃત્ત થકી દર્શાવે છે. ભરતમુનિ પિંડીના ચાર ભેદ વર્ણવે છે : (૧) પિંડી, (૨) શૃંખલિક, (૩) લતાબંધ અને (૪) ભેદ્યક. અભિનવગુપ્તે આ નૃત્તને સામૂહિક નૃત્ત માની તેના બે પ્રકાર કહ્યા છે : (૧) સજાતીય અને (૨) વિજાતીય. સજાતીય પ્રકારના નૃત્તમાં બે નર્તકીઓ 'સમાન દાંડી ધરાવતા બે કમળસદૃશ' આકાર ધારણ કરે છે, 'એકનાલઆવદ્ધ કમલયુગલવત્'. જ્યારે વિજાતીય પ્રકારના નૃત્તમાં એક નર્તકી 'હંસની આકૃતિ' અને બીજી નર્તકી જાણે 'દાંડી સહિત કમળને હંસિનીએ ધારણ કર્યું હોય' તેવી આકૃતિ ઊભી કરે છે. 'ગુલ્મ શૃંખલિકા'માં ત્રણ નર્તકીઓ તથા 'લતા'માં ચાર નર્તકીઓ પરસ્પર જોડાય છે.

ભરતમુનિની દૃષ્ટિએ આ બધા આકારો (૧) શિક્ષાયોગ, (૨) યોનિયન્ત્ર તથા (૩) ભદ્રાસનની મદદ વડે ઊભા કરી શકાય છે. આધુનિક નૃત્યવિવેચકો પિંડીભેદને સમૂહનૃત્યનો પ્રકાર માને છે. પિંડી શબ્દ ગુલ્મ-ગુચ્છનો અર્થ સૂચવે છે. આ એક પ્રકારનું સમૂહનૃત્ય હોઈ શકે, જેમાં નર્તકો યા નર્તકીઓનું વૃંદ પાસે પાસે રહી 'ગુચ્છ'નો આભાસ ઊભો કરતું હોય, 'શૃંખલિકા' એ અન્ય પ્રકારની નૃત્યરચના હોઈ શકે, જેમાં નર્તક-નર્તકીઓ એકબીજાનો હાથ પકડી સાંકળ-શૃંખલા બનાવતા હોય; 'લતાબન્ધ' એવી નૃત્યરચના સૂચવે છે કે જેમાં નર્તકો એકબીજાના ખભે પોતાના બાહુ મૂકતા હોય અને 'ભેદ્યક' પ્રકારની નૃત્યરચનામાં નર્તકી સમૂહમાંથી છૂટા પડી પૃથક રીતે વ્યક્તિગત અંગસંચાલનો કરતી હોય.

**(૧૦) નાટ્યરાસક :**

'સાહિત્યદર્પણ'માં 'નાટ્યરાસક'નું લક્ષણ આ પ્રમાણે નિરૂપવામાં આવ્યું છે. તેમાં એક જ અંક હોય છે. તેનો નાયક ઉદાત્ત અને ઉપનાયક પીઠમર્દ હોય છે. તે હાસ્યરસપ્રધાન હોવા ઉપરાંત તેમાં શૃંગારરસ પણ પ્રયોજાય છે. તેની નાયિકા વાસકસજ્જા હોય છે. તેમાં મુખ અને નિર્વહણ સન્ધિ હોય છે, બહુવિધ તાલ, લય ઉપરાંત તેમાં દસ લાસ્યાંગો પ્રયુક્ત થાય છે. કેટલાકના મતે તેમાં પ્રતિમુખ સિવાયની ચાર સન્ધિઓ હોઈ શકે. તેનાં ઉદાહરણ છે, 'વિલાસવતી' (ચાર સન્ધિથી યુક્ત) તથા 'નર્મવતી' (બે સન્ધિયુક્ત).

સાહિત્યદર્પણકારે 'રૂપક'ની જેમ અહીં પણ 'પાઠ્ય'ગત તત્ત્વો અંક, નાયક-નાયિકા ભેદ, રસ, સન્ધિના આધારે નાટ્યરાસકનાં લક્ષણો નિરૂપ્યાં છે. જોકે વિવિધ તાલ, લય અને લાસ્યાંગો દ્વારા તેમાં રહેલાં નૃત્ય અને સંગીતનાં તત્ત્વો પણ ઇંગિત કર્યાં છે.

નાટ્યદર્પણકારે ભોજને અનુસરી 'નાટ્યરાસક'ને શુદ્ધ રૂપે નૃત્યનો જ પ્રકાર માન્યો છે. તેમના મતે વસંત વગેરે (ઉન્માદક) ઋતુના આગમને સ્ત્રીઓ દ્વારા રાગાદિના આવેશમાં રાજાઓના ચરિત્રનું નૃત્ય વડે કરવામાં આવતું પ્રદર્શન 'નાટ્યરાસક' કહેવામાં આવે છે. ભોજે 'શૃંગારપ્રકાશ'માં 'નાટ્યરાસક' વિશે વિસ્તૃત વર્ણન કર્યું છે. તેમના મતે 'નાટ્યરાસક'ને 'ચર્ચરી' પણ કહે છે જે વસંતઋતુ-આગમને રાજાના સન્માનમાં નર્તકીઓ દ્વારા રજૂ થાય છે. 'રત્નાવલી'માં આરંભના દૃશ્યમાં 'ચર્ચરી' નૃત્યનો પ્રયોગ દર્શાવવામાં આવ્યો છે તે શુદ્ધપણે 'નૃત્ત'નો જ એક પ્રકાર છે જેમાં પિંડી, ગુલ્મ વગેરે અનેક પ્રકારના આકારો રચાય છે. પહેલાં એક યુગલ નર્તન કરતું પ્રવેશે અને

નાચે, તેની પાછળ બીજું એમ સમૂહો રચાતા જાય છે. તેમાં મૃદંગ, તાલના બોલ વગેરે પણ પ્રયોજાય છે.

આમ, સાહિત્યદર્પણકારે જેને 'રૂપક'ની નજીકનું સ્વરૂપ ગણી, પાઠ્યગત તત્ત્વોના આધારે જેનું સાહિત્યિક વિવરણ કર્યું છે તેને ભોજે અને નાટ્યદર્પણકારે નૃત્યનું શુદ્ધ સ્વરૂપ ગણાવ્યું છે.

**(૧૧) કાવ્ય :**

'ઉપરૂપક'ના એક પ્રકાર તરીકે 'કાવ્ય'નું લક્ષણ નિરૂપતાં સાહિત્યદર્પણકાર જણાવે છે કે તેમાં એક અંક હોય છે. નાયક તથા નાયિકા ઉદાત્ત હોય છે. આરભટી વૃત્તિ હોતી નથી. હાસ્યરસની પ્રધાનતા હોય છે. શૃંગારરસ પણ પ્રયોજાય છે. તેમાં મુખ, પ્રતિમુખ અને નિર્વહણ સન્ધિ હોય છે. ખંડમાત્રા, દ્વિપદિકા, ભગ્નતાલ જેવા ગીતપ્રકારો તથા વર્ણમાત્રા, છડ્ડણિકા જેવા છન્દોથી સૌંદર્યની વૃદ્ધિ કરવામાં આવે છે. તેનું ઉદાહરણ 'યાદવોદયમ્' છે. સાહિત્યદર્પણકારે 'કાવ્ય'નું જે લક્ષણ નિરૂપ્યું છે તે તેની પાઠ્યપ્રધાનતા ઇંગિત કરે છે પણ શૃંગારપ્રકાશકાર ભોજ અને નાટ્યદર્પણકારની દૃષ્ટિએ 'કાવ્ય' એક આગવી સંગીત- રચના છે કે જેમાં આક્ષિપ્તકા, વર્ણ, માત્રા, ધ્રુવ, તાલભંગ, પદ્ધતિકા (વર્ધતિકા), છર્દનિકા વગેરે પ્રયોજાય છે. આ બધી સંગીતકલાની પારિભાષિક સંજ્ઞાઓ છે. ભોજે 'કાવ્ય'ના જ એક પ્રકાર તરીકે 'ચિત્રકાવ્ય'નું પણ લક્ષણ નિરૂપ્યું છે. તદનુસાર તેમાં વિવિધ પ્રકારના તાલ, લય તથા રાગ પ્રયોજાય છે. 'કાવ્ય'માં આદિથી અંત સુધી એક જ રાગનો પ્રયોગ થાય છે, 'ચિત્રકાવ્ય'માં વિવિધ રાગોનો પ્રયોગ થાય છે.

'અભિનવભારતી'માં કાવ્યનો ઉલ્લેખ 'રાગકાવ્ય' તરીકે કરવામાં આવ્યો છે. કાવ્ય-રાગકાવ્ય આજે આપણે જેને 'કવિતા' કહીએ છીએ તેના કરતાં તદ્દન જુદો જ પ્રકાર છે એટલે અભિનવભારતીમાં તેનો 'રાગકાવ્ય' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'રાગકાવ્ય'માં સમગ્ર કથા ગીત દ્વારા રજૂ થાય છે. 'રાગકાવ્ય' નૃત્તપ્રબન્ધનો પ્રકાર હોવાથી તેમાં કથા એક રાગ (કાવ્ય) અથવા અનેક રાગ- (ચિત્રકાવ્ય)માં રજૂ થતી હશે. સાથે સાથે ગીતના ભાવને નર્તકી દ્વારા અભિનયથી દર્શાવવામાં પણ આવતા હશે. 'અભિનવભારતી'માં 'રાઘવ-વિજય' અને 'મારીચવધ'ને 'રાગકાવ્ય'નાં ઉદાહરણ ગણાવવામાં આવ્યાં છે જેમાં આદિથી અંત પર્યંત ભાવ અને પરિસ્થિતિ બદલાતી હોવા છતાં એક જ રાગ પ્રયોજાય છે અને ગીતો સાભિનય રજૂ થાય છે. 'ત્રિપુરદાહ'ની કથા વિવિધ રાગોમાં રજૂ થતી હોવાથી તે 'ચિત્ર' પ્રકારના રાગકાવ્યનું ઉદાહરણ બને છે. જયદેવકૃત 'ગીતગોવિંદ' પણ ચિત્રપ્રકારનું રાગકાવ્ય છે જે સંગીત અને નૃત્ય - આ બંને કળાઓમાં ચાવીરૂપ સ્થાન ધરાવે છે.

**(૧૨) ભાણ/ભાણક :**

'સાહિત્યદર્પણ'માં ઉપરૂપકના એક પ્રકાર તરીકે 'ભાણિકા'નો ઉલ્લેખ છે, 'ભાણ'નો નથી.

નાટ્યદર્પણ અનુસાર વિષ્ણુ, મહાદેવ, સૂર્ય, પાર્વતી, સ્કન્ધ તથા પ્રથમાધિપની સ્તુતિમાં નિબદ્ધ, ઉદ્ધત કરણોથી યુક્ત, સ્ત્રીપાત્રોથી રહિત, વિવિધ વસ્તુઓના વર્ણનથી યુક્ત, અભિનય કરવામાં દુષ્કર છતાંય રસપ્રદ અને જકડી રાખનાર, અનુતાલ-વિતાલથી યુક્ત ભાણ/ભાણક છ

પ્રકારના હોય છે. (૧) શુદ્ધ-શુદ્ધપણે સંસ્કૃત વાણી દ્વારા વર્ણનાયુક્ત, (૨) સંકીર્ણ-સંસ્કૃત તથા પ્રાકૃતના સંકર દ્વારા કરવામાં આવેલા વર્ણનથી યુક્ત, (૩) ચિત્ર-વિવિધ પ્રકારની તમામ ભાષાઓથી યુક્ત તથા મનોહર ક્રિયા દ્વારા અભિનીત, (૪) ઉદ્ધત-ઉદ્ધત ક્રિયાઓથી યુક્ત, (૫) લલિત-લાલિત્યપૂર્ણ ક્રિયાઓથી યુક્ત તથા (૬) લલિતોદ્ધત લલિત અને ઉદ્ધત ક્રિયાઓનાં મિશ્રણથી યુક્ત.

**(૧૩) ભાણિકા :**

'સાહિત્યદર્પણ' અનુસાર ભાણિકામાં એક જ અંક હોય છે. તેમાં સુંદર નેપથ્યરચના કરવામાં આવે છે. મુખ તથા નિર્વહણ સન્ધિ હોય છે. કૈશિકી તથા ભારતી વૃત્તિ હોય છે. તેમાં નાયિકા ઉદાત્ત પ્રકૃતિની હોય છે અને નાયક મંદબુદ્ધિનો હોય છે. ઉપન્યાસ, વિન્યાસ, વિબોધ, સાધ્વસ, સમર્પણ, નિર્વૃત્તિ અને સંહાર નામનાં સાત અંગો તેમાં હોય છે. સાહિત્યદર્પણકારે પાઠ્યગત તત્ત્વોના આધારે ભાણિકાનાં લક્ષણ નિરૂપ્યાં છે. નાટ્યદર્પણકારના મતે બહુધા વિષ્ણુના ચરિતથી યુક્ત સ્ત્રીઓ દ્વારા ગાથા (છંદ), વર્ણ અને માત્રાઓની રચના જેમાં કરવામાં આવે તે પ્રકારના ભાણ પણ સુકુમારતાના પ્રયોગને કારણે ભાણિકા કહેવાય છે. ભાણમાં ઉદ્ધત પ્રકારની ક્રિયાઓનું પ્રાચુર્ય હોય છે જ્યારે ભાણિકામાં લલિત પ્રકારની ક્રિયાઓનું બાહુલ્ય હોય છે.

ભોજે ઉપરૂપકના ભેદ તરીકે 'ભાણ'નું વિસ્તૃતપણે વર્ણન કર્યું છે. તેમના મતે ભાણ-ભાણક-ભાણિકામાં શિવ, વિષ્ણુ, દેવી, સ્કન્દ, સૂર્ય આદિ દેવોની સ્તુતિ ગાવામાં આવે છે. ભોજે કરેલા વિસ્તૃત વર્ણનમાં નૃત્ય અને સંગીત સંબંધી અનેક વિગતો મળી આવે છે. તે સાત ખંડમાં વિભાજિત હોય છે. આ સાતે ખંડમાં વિવિધ પ્રકારની ભાષા અને તાલ પ્રયોજાય છે અને ઉદ્ધત તથા લલિત બંને પ્રકારની શૈલીઓમાં નૃત્ય કરવામાં આવે છે. ભોજે કરેલા વર્ણનમાં બે મુદ્દા ધ્યાન ખેંચે તેવા છે. ગાયક ગાતી વખતે સતત કશુંક ને કશુંક કહેતો હોય છે અને બીજી વાત એ કે ભાણમાં જેનો અભિનય કરવો દુષ્કર હોય તેવી વસ્તુઓ તથા તાલ અને લયની ઝીણામાં ઝીણી વિગતો આવરી લેવામાં આવતી હોય છે. ભાણમાં જે વિષ્ણુની ક્રીડાઓ લાલિત્યપૂર્ણ નૃત્ય વડે દર્શાવવામાં આવે તો તેને 'ભાણિકા' કહેવામાં આવે છે.

'ભાણ' એ સંગીત અને નૃત્યની રચના હોવાની વાતને 'અભિનવભારતી'નું પણ સમર્થન છે. અભિનવગુપ્તના મતે ભાણમાં વાદ્યસંગીતનું પ્રાધાન્ય હોય છે. ભાણનું વસ્તુ ઉપદેશાત્મક હોય છે અને સિંહ, સૂકર, ભેંસ, રીંછ વગેરે પ્રાણીઓના સંકેતાત્મક-પ્રતીકાત્મક વર્ણન દ્વારા ધર્મોપદેશ આપવામાં આવે છે અને તેમ કરતી વખતે નર્તકી પ્રાણીઓની ગતિ તથા ચેષ્ટાઓનું અનુકરણ કરે છે. ભરતના નાટ્યશાસ્ત્રમાં ગતિપ્રચાર અધ્યાયમાં પ્રાણીઓની ગતિ નિરૂપવામાં આવી છે.

પ્રસિદ્ધ લોકનાટ્યવિદ જગદીશચંદ્ર માથુરના મતે મથુરાના આસપાસના પ્રદેશમાં આ પ્રકારનું 'ભાણ' આજે પણ પ્રચલિત છે.

આમ સાહિત્યદર્પણકારે શ્રીગદિતથી ભાણિકા પર્યંતનાં ઉપરૂપકોનાં જે લક્ષણો નિરૂપ્યાં છે તે મહદ્અંશે 'પાઠ્યગત' તત્ત્વોની વિશેષ છણાવટ કરે છે અને સાહિત્યના સ્વરૂપ લેખે તેની સવિશેષ ચર્ચા કરે છે. જ્યારે અભિનવભારતી, શૃંગારપ્રકાશ અને તેને અનુસરી નાટ્યદર્પણકારે તેને સંગીત

અને નૃત્ય જેવી રંગમંચીય કલાઓનો પ્રકાર ગણી તેનાં ગાયન, વાદન, નર્તનની સૂક્ષ્મ ચર્ચા કરી છે. આ પાયાનો ભેદ રહેલો છે. કદાચ એ શુદ્ધ નૃત્યથી 'નૃત્યનાટિકા' તરફની ઉત્ક્રાંતિ દર્શાવે છે કારણ કે 'નૃત્યનાટિકા'માં ગાયન, વાદન, નર્તન ઉપરાંત પાઠ્ય-સંવાદ પણ પ્રયોજાય છે. કાળક્રમે પાઠ્યની પ્રધાનતાને કારણે તેને સાહિત્યના સ્વરૂપલેખે રૂપકની નજીકનું સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત થયું હશે, એવું અનુમાન અસ્થાને નહીં લેખાય.

## સંદર્ભ-સાહિત્ય


૧. 'હિંદી નાટ્યદર્પણ - નાટ્યદર્પણની હિંદી વ્યાખ્યા', પ્રધાન સંપાદક : ડૉ. નગેન્દ્ર, સંપાદકો : ડૉ. દશરથ ઓઝા, ડૉ. સત્યદેવ ચૌધરી, વ્યાખ્યાકાર : આચાર્ય વિશ્વેશ્વર સિદ્ધાંતશિરોમણિ. પ્રકાશક - હિંદી વિભાગ, દિલ્હી વિશ્વવિદ્યાલય, દિલ્હી, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૧

૨. The Natyadarpana of Ramcandra andGunacandra - A Critical Study by Dr. K. H. Trivedi -L. D. Institute of Indology, Ahmedabad-9, 1966

૩. Uprupakas and Nritya-Prabandhas. Dr. V. Raghvan, Sangeet Natak—Journal of the Sangeet Natak Akademi, Issue No. 2, April 1966

૪. Bhoja's Sringara Prakasa By Dr. V. Raghvan, Punarvasu, 7, Shri Krishnapuram Street, Madras 14, 1963

૫. 'ઉપરૂપક - પ્રકાર, સ્વરૂપવિધાન અને વિશેષતાઓ' - ભરતકુમાર ડી. ભટ્ટ, સ્વાધ્યાય પુ. ૨૨, અંક ૪, જન્માષ્ટમી અંક, સપ્ટે. ૮૫, પૃ. ૩૪૧-૩૫૪

૬. Natya-Manjari-Saurabha – Sanskrit Dramatic Theory by G. K. Bhatt, Bhandarkar Oriental Research Institute, Poona 411 004, 1981

૭. 'સાહિત્યદર્પણ', વિશ્વનાથ, હિંદી અનુવાદ : શાલિગ્રામ શાસ્ત્રી, મોતીલાલ બનારસીદાસ, વારાણસી, ૧૯૫૬

૮. Classical Indian Dance in Literature and the Arts, Dr. Kapila Vatsyayan, Sangeet Natak Akademi, New Delhi, 1968

18

# અમદાવાદના વિકાસમાં જૈન શ્રેષ્ઠીઓનું પ્રદાન

અમદાવાદના જૈન શ્રેષ્ઠીઓની વાત કરવી હોય તો કર્ણાવતીથી શરૂઆત કરવી પડે. કર્ણાવતીના વિકાસમાં જૈન સમાજનો ફાળો અગ્રસ્થાને હતો. ૧૨૬૧માં વિસલદેવના સમયમાં સામતસિંહદેવે કર્ણાવતીમાં ઘણાં દાન દીધાં હતાં. અષ્ટનેમિપ્રસાદ નામના દેરાસરમાં વિદ્વાન સાધુ દેવસૂરિનો નિવાસ હતો. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે અહીં રહી અભ્યાસ કરેલો. કર્ણાવતીમાં ઊછરેલા અને કર્ણદેવ પછી સિદ્ધરાજના સમયમાં દુર્ગપાલ મંત્રી તરીકે સેવાઓ આપતા ઉદા મહેતા અને શાંતુ પ્રધાન નામો ઉલ્લેખનીય હતાં. ૧૪૦૨માં જિનભદ્રસૂરિએ શહેરમાં ગ્રંથભંડારની સ્થાપના કરી હતી. ૧૫૯૦માં હીરવિજયસૂરિએ પોતાના ગુરુના 'સાત બોલ' ઉપર વિવરણ લખ્યું હતું. જૈન સમાજ અમદાવાદ શહેરને રાજનગર તરીકે વધુ ઉલ્લેખે છે. આ શહેરના વિકાસમાં કેટલીક વ્યક્તિઓ અને ઘણા પરિવારોનું મોટું પ્રદાન જોવા મળે છે.

ડૉ. માણેક પટેલ
'સેતુ'

નગરશેઠ શાંતિદાસ ઝવેરી પરિવાર : જે વ્યક્તિ આખા સમાજ-પ્રજાના ભલા અને હિત માટે વિચારતી હોય તે શ્રેષ્ઠી કહેવડાવવાને લાયક બની જાય છે. શ્રેષ્ઠી બધામાં શ્રેષ્ઠ હોય છે. શ્રેષ્ઠતા ગુણવત્તાને વરેલી હોય છે. અમદાવાદના ઝવેરાતના વેપારી શાંતિદાસ ઝવેરી દિલ્હી મુઘલ બાદશાહો સાથે ઘરોબો ધરાવતા હતા. મુઘલ બાદશાહે શાંતિદાસ ઝવેરીને વારસાગત નગરશેઠ તરીકેનો માન અને મોભો ફરમાનથી આપ્યાં હતાં. એમની જરૂરિયાત પ્રમાણે દિલ્હી દરબાર તરફ શાહી ફરમાનો મેળવ્યાં હતાં – જે ખૂબ ગૌરવ લેવા જેવી બાબત ગણી શકાય.

શાંતિદાસ ઝવેરી પછી તેમનાં કુટુંબીજનો–વારસદારો નગરશેઠપદના અધિકારી બન્યા હતા. તેમાંથી કેટલાક નગરશેઠનાં કાર્યો શ્રેષ્ઠી જેવાં હતાં. ૧૭૨૫માં સૂબા હમીદખાનના વખતમાં નગરશેઠ ખુશાલચંદે શહેરને મરાઠાઓની લૂંટમાંથી બચાવ્યું હતું. શહેરની ૫૩ જેટલી મહાજન જેવી વ્યક્તિઓએ શહેરમાંથી જકાતવેરો ઉઘરાવવાનો દસ્તાવેજ કરી આપ્યો હતો. એના આધારે વારસદારોને આની આવક મળતી રહી હતી. આ જ રીતે ફરી ૧૭૮૦માં નથુશાએ અમદાવાદને લૂંટાતું બચાવ્યું હતું. ૧૮૧૨માં નગરશેઠ વખતચંદ ખુશાલચંદની આગેવાની હેઠળ એક પ્રતિનિધિ મંડળ અમદાવાદમાં આવેલ ફત્તેહસિંહરાવ ગાયકવાડને વારસાગત વેરાની મુક્તિ માટે મળ્યું હતું અને ગાયકવાડ સરકારનો વારસાગત વેરો દૂર કરતો શિલાલેખ ત્રણ દરવાજાની દીવાલે હાલમાં પણ જોવા મળે છે.

નગરશેઠ હીમાભાઈ શિક્ષણપ્રેમી હતા. તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગુજરાત કૉલેજની સ્થાપના અને પાંજરાપોળમાં આર્થિક મદદો કરી હતી. નગરશેઠ પ્રેમાભાઈના રૂપિયા ૨૦,૦૦૦/-ના દાન અને બનેવી હઠીસિંહના દાનના સહયોગથી સિવિલ હૉસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. એમણે પિતાશ્રી હીમાભાઈની યાદમાં લાલ દરવાજા ખાતે પુસ્તકાલય શરૂ કર્યું હતું - - જે હાલમાં હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ નામે ચાલુ છે. તેઓ ગુજરાત કૉલેજ, વર્નાક્યુલર સોસાયટી અને આણંદજી કલ્યાણજી પેઢીમાં સહયોગી હતા. બ્રિટિશ સરકારે ૧૮૭૭માં એમને 'રાવબહાદુર'નો ઇલકાબ આપ્યો હતો અને મુંબઈ ધારાસભામાં સભ્યપદ અને માનદ્ મૅજિસ્ટ્રેટ તરીકે નિમણૂક કરી હતી. પ્રેમ દરવાજા અને પ્રેમાભાઈ હૉલ એમના કાર્યની સુવાસને કારણે નામકરણ પામ્યા હતા.

નગરશેઠ મણિભાઈ ૧૮૯૮–૧૯૦૦ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખપદે રહ્યા હતા – એમણે છપ્પનિયા દુકાળમાં 'પુઅર હાઉસ' અને 'કૅટલ કૅમ્પ' જેવી સેવાઓ પૂરી પાડી હતી. નગરશેઠ તરીકે વારસાગત માનમોભો પામેલા લક્ષ્મીચંદ, ચીમનભાઈ, લાલભાઈ, કસ્તૂરભાઈ મણિભાઈ અને વિમલભાઈ માયાભાઈએ શ્રેષ્ઠીઓને શોભે એવાં કાર્યો કરવામાં સક્રિયતા દાખવી નહોતી.

શેઠ હઠીસિંગ કેસરીસિંગ પરિવાર : અમદાવાદનાં નગરરત્નોની નામાવલિમાં શેઠ હઠીસિંગ કેસરીસિંગનો સમાવેશ થાય છે. તેઓ એક દિલદાર દાનવીર હતા. ૧૮૫૮માં શરૂ થયેલ શહેરની પ્રથમ સિવિલ હૉસ્પિટલ માટે શેઠ હઠીસિંગ કેસરીસિંગે રૂ. ૫૫,૦૦૦/-નું દાન આપ્યું હતું અને આ હૉસ્પિટલ સાથે હઠીસિંગ અને પ્રેમાભાઈનું નામ જોડાયેલું હતું. શેઠ હઠીસિંગ દિલ્હી દરવાજા બહાર દહેરાં બાંધવાનું શરૂ કર્યા પછી થોડા વખતમાં અવસાન પામ્યા હતા. એમની પત્ની હરકુંવર શેઠાણીએ દહેરાંનું કામકાજ પૂર્ણ કર્યું હતું. શેઠાણી કન્યા કેળવણીને ખૂબ મહત્ત્વ આપતાં. ૧૮૫૧માં શહેરમાં પ્રથમ કન્યાશાળા કાલુપુર વિસ્તારમાં શરૂ કરી હતી. તેઓ ટ્રેઇનિંગ સ્કૂલ અને વર્નાક્યુલર સોસાયટીમાં પણ રસ લેતાં હતાં. બ્રિટિશ સરકારે એમની ઉમદા સેવાઓની કદર કરી 'નેક નામદાર સખાવતી બહાદુર' નામનો ઇલકાબ આપ્યો હતો.

શેઠ લાલભાઈ દલપતભાઈ પરિવાર : પાંજરાપોળની અસ્મિતાને ઉજાગર કરનાર શ્રેષ્ઠી શેઠ લાલભાઈ દલપતભાઈ અગ્રસ્થાને હતા. બાપ કરતાં બેટો સવાયોની જેમ કસ્તૂરીમૃગ સમા

કસ્તૂરભાઈ (૧૮૯૪–૧૯૮૦)નું નામ જૈન શ્રેષ્ઠી તરીકે ગુજરાતભરમાં જાણીતું છે. મિલ અને રસાયણ ઉદ્યોગપતિ કસ્તૂરભાઈએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા શહેરમાં શિક્ષણસંસ્થાઓની સ્થાપના કરી. અમદાવાદ શહેર એમનું કાયમી ઋણી રહેશે. એમની આણંદજી કલ્યાણજી પેઢીમાં પ્રમુખ તરીકેની સેવાઓ ઉમદા અને ઉલ્લેખનીય હતી. એમનો વારસો એમના પુત્ર શ્રેણિકભાઈએ જાળવ્યો.

શેઠ ચીનુભાઈ ચિમનલાલ મેયર (૧૯૦૯–૧૯૯૩) : અમદાવાદના કલ્યાણ અને સુખાકારી માટે સતત જાગ્રત શ્રેષ્ઠીવર્ય શેઠ ચીનુભાઈ ચિમનલાલ જીવનના છેલ્લા શ્વાસ સુધી ચિંતિત હતા. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં છેલ્લા પ્રમુખ અને પ્રથમ મેયર થવાનું માન શેઠ ચીનુભાઈને મળ્યું. એમણે ૧૨ વર્ષ સુધી મેયરપદે રહી શહેરમાં અનેક વિકાસનાં કાર્યો કર્યાં. તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ એક જાહેર સભામાં બોલેલા – 'એક શહેરની પ્રગતિ માટે મેયર કેટલું કરી શકે છે, એ જોવું હોય તો અમદાવાદ જવું જોઈએ.' – એમ કહી ચીનુભાઈ મેયરનાં કાર્યોની પ્રશંસા કરી હતી.

સારાભાઈ પરિવાર : સારાભાઈ મગનભાઈ કરમચંદના વંશજો અને પરિવારજનોએ સારાભાઈ અટક અપનાવી. અંબાલાલ સારાભાઈ ગાંધીજી સાથે સંપર્કમાં આવતાં, તેઓ તેમના પરિવારજનો સાથે આઝાદીની લડતમાં અને લોકહિતનાં કાર્યોમાં જોડાયા અને આર્થિક રીતે મદદરૂપ બન્યા. તેમના દાદાના નામથી ૧૮૫૧માં શરૂ થયેલ કન્યાશાળા આજે પણ ચાલુ છે – બ્રિટિશ સરકારે એમને 'કૈશરે હિન્દ'નો ઇલકાબ એનાયત કર્યો હતો. શેઠ અંબાલાલભાઈ શહેરની બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, એન.આઈ.ડી., અટિરા, શ્રેયસ ફાઉન્ડેશન અને સી. એન. વિદ્યાલય જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

એમના પરિવારનાં અનસૂયા સારાભાઈ સાચા અર્થમાં મિલમજૂર-પ્રવૃત્તિનાં 'મોટાબહેન' હતાં. અંબાલાલનાં પત્ની સરલાદેવી જ્યોતિસંઘ અને વિકાસગૃહની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં હતાં. એમની પુત્રી મૃદુલા સારાભાઈ પણ સ્વાતંત્ર્ય-પ્રવૃત્તિમાં સક્રિય હતાં. એમણે જ્યોતિસંઘની સ્થાપના કરી મહિલા- પ્રવૃત્તિને શક્તિશાળી બનાવી હતી. ભારતના સ્પેસ પ્રોગ્રામના પ્રણેતા - ખ્યાતનામ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ (૧૯૧૯–૧૯૭૧) શેઠ અંબાલાલના પુત્ર થાય. દેશભરમાં પ્રખ્યાત ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી (PRL), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (IIM), અને અટિરા જેવી સંસ્થાઓની સ્થાપનાના પાયાની ઈંટ સમાન હતા અને અધ્યક્ષ તરીકેનો સેવાનો ભાર નિભાવ્યો હતો. દેશના અવકાશ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈને 'પદ્મવિભૂષણ'થી સન્માનવામાં આવ્યા હતા.

એમની પત્ની મૃણાલિની સારાભાઈ ભારતીય નૃત્યકલાના પ્રચાર-પ્રસારમાં સમર્પિત છે. ડૉ. વિક્રમ સારાભાઈના પુત્ર કાર્તિકેય સારાભાઈ નહેરુ ફાઉન્ડેશન અને સેન્ટર ફૉર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (CEE) સંસ્થા સાથે સંકળાયેલા છે.

શેઠ વાડીલાલ સારાભાઈ (૧૮૭૨–૧૯૨૬) : શેઠ વાડીલાલ સંતોષી અને સેવાભાવી સ્વભાવના હતા. એમણે પાછલી જિંદગીમાં લોકમદદ કરવાનું શરૂ કર્યું અને મૃત્યુ પંછી એમની

મિલકત—કમાણી વસિયતનામાથી લોકસેવાર્થે વપરાઈ. વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ તેમાંથી નિર્માણ પામી. રતનપોળ સાર્વજનિક દવાખાનું અને પુસ્તકાલય પણ શરૂ થયાં હતાં.

શેઠ ચિમનલાલ નગીનદાસ પરિવાર તરફથી આંબાવાડી વિસ્તારમાં વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું. એમની પુત્રી ઇન્દુમતીબહેન શૈક્ષણિક કાર્યમાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં.

શેઠ રસિકલાલ માણેકલાલે એમના પિતાશ્રી શેઠ માણેકલાલ જેઠાભાઈની સ્મૃતિમાં સાર્વજનિક પુસ્તકાલયના નિર્માણ માટે રૂ. ૫૫,૦૦૦/-નું દાન આપ્યું હતું. શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય ગુજરાતભરમાં જ્ઞાનપિપાસુઓ માટે પ્રખ્યાત છે. શેઠ રસિકલાલના પરિવાર તરફથી ક્રમશઃ વિશેષ અનુદાનો આ પુસ્તકાલયને મળતાં રહ્યાં હતાં.

શેઠ મનસુખભાઈ ભગુભાઈ અને શેઠ જમનાભાઈ ભગુભાઈ, કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, લાલચંદ હરખચંદ વગેરે શ્રેષ્ઠીઓને આપણે યાદ કરવા રહ્યા.

કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીએ વર્ષો સુધી પાંજરાપોળ સંસ્થાનો પ્રશંસનીય વહીવટ સંભાળ્યો. વળી તેઓએ આર્થિક રીતે નબળા પરિવારો માટે અમદાવાદમાં કેટલીક ચાલીઓનું નિર્માણ કર્યું હતું. કેશવલાલ ઝવેરીના પુત્ર નરોત્તમભાઈ ઝવેરીએ અમદાવાદ શહેરના મેયર રહી શહેરી વિકાસમાં ફાળો આપ્યો હતો. આ રીતે શહેરના શેઠ મનસુખભાઈ ભગુભાઈ અને અન્ય ઘણા જૈન શ્રેષ્ઠીઓએ અમદાવાદ શહેરના વિકાસમાં ઉલ્લેખનીય યોગદાન આપેલ હતું.

19

# કલ્પસૂત્ર

જિનશાસનને સફળ નેતૃત્વ તેમજ શ્રુતજ્ઞાનની અમૂલ્ય સંપત્તિ અર્પનાર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામી ભગવાન મહાવીરના સાતમાં પટ્ટધર હતા. યશસ્વી આચાર્ય યશોભદ્રના આ શિષ્ય ચૌદ પૂર્વોના જ્ઞાતા હતા. એમનો જન્મ વીર નિર્વાણ સંવત ૯૪માં થયો. પિસ્તાળીસ વર્ષની વયે સંયમ ગ્રહણ કર્યો અને આચાર્ય સંભૂતિવિજયજી પછી વી. નિ. સં. ૧૫૬માં એમને આચાર્ય પદવીથી અલંકૃત કરવામાં આવ્યા. ચૌદ વર્ષ સુધી જિનશાસનના યુગપ્રધાનપદને એમણે શોભાવ્યું. શ્રુતકેવલી આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી વી. નિ. સં. ૧૭માં ૭૬ વર્ષની વયે કાળધર્મ પામ્યા. અર્થવાચનાની દૃષ્ટિએ આચાર્ય ભદ્રબાહુની સાથે શ્રુતકેવલીનો વિચ્છેદ થયો.

શ્રી ભદ્રબાહુસ્વામીનો જન્મ પ્રતિષ્ઠાનપુર નગરમાં થયો હતો. વરાહમિહિર અને ભદ્રબાહુ એ બંને ભાઈઓ ચાર વેદ અને ચૌદ વિદ્યામાં પારંગત હતા. શ્રુતકેવલી શ્રી યશોભદ્રસૂરિજીનો મેળાપ થતાં બંનેએ દીક્ષા લીધી, કિંતુ ચૌદ પૂર્વનું જ્ઞાન અને આચાર્યપદ અર્પણ કરવામાં ભદ્રબાહુ વિશેષ યોગ્ય લાગતાં ગુરુએ તેમને ઉત્તરાધિકારી બનાવ્યા, આથી છંછેડાયેલા વરાહમિહિરે ગુસ્સે થઈને દીક્ષા છોડી દીધી. આ સમયે રાજાને ત્યાં પુત્રજન્મનો પ્રસંગ આવતાં બાળક એકસો વર્ષનો થશે એવું વરાહમિહિરે ભવિષ્ય ભાખ્યું. જ્યારે એ જ નગરમાં રહેલા સંઘનાયક ભદ્રબાહુસ્વામી વધામણી આપવા આવ્યા નહીં. એ તક ઝડપીને વરાહમિહિરે ભદ્રબાહુસ્વામીની વિરુદ્ધમાં રાજા અને પ્રજાના કાન ભંભેર્યા. આ અંગે ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે આજથી સાતમા દિવસે બાળકનું બિલાડીના કારણે અવસાન થવાનું છે, ત્યારે રાજાને સાંત્વના આપવા જઈશ. રાજાને વરાહમિહિરના કથનમાં વિશ્વાસ હોવા છતાં રાજાએ તમામ બિલાડીઓને પકડી લઈને નગર

કુમારપાળ
દેસાઈ

બહાર જંગલમાં હાંકી કાઢી. બાળકુમારની આસપાસ ચોકી-પહેરો ગોઠવ્યો. બન્યું એવું કે બિલાડીના મહોરાવાળો આગળો બાળકના માથા પર પડતાં બાળકનું મૃત્યુ થયું. આ આઘાતજનક પ્રસંગે ભદ્રબાહુસ્વામી આશ્વાસન આપવા ગયા, ત્યારે રાજાએ તેમને અદકેરું માન આપ્યું. પોતાની ચાલમાં નિષ્ફળ જતાં ક્રોધ અને દ્વેષથી ઘેરાયેલો વરાહમિહિર પછીના જન્મે વ્યંતરદેવ બન્યો અને પોતાના જ્ઞાનથી પૂર્વજન્મ જાણતાં જ જૈન સંઘ પ્રત્યે એના દ્વેષની આગ ભભૂકી ઊઠી. એણે શ્રીસંઘમાં મહામારીનો ઉપદ્રવ ફેલાવ્યો અને અસંખ્ય લોકો મરવા લાગ્યા. શ્રીસંઘે ભદ્રબાહુસ્વામીને વિનંતી કરતાં એમણે શ્રુતજ્ઞાનથી સઘળી હકીકત જાણી અને ઉપદ્રવ ટાળવા માટે 'ઉવસગ્ગહરં સ્તોત્ર'ની રચના કરી. આ મહાન સ્તોત્રની શક્તિના પ્રભાવે વ્યંતરની શક્તિ ક્ષીણ થઈ ગઈ. આ રીતે જિનશાસનના આ મહાન પ્રભાવક આચાર્યે શાસનનો અને શ્રુતનો એમ બંનેનો અપાર મહિમા કર્યો.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ દશાશ્રુતસ્કંધ, કલ્પ, વ્યવહાર અને નિશીથ એમ ચાર છેદસૂત્રોની રચના કરીને મુમુક્ષુ સાધકો પર મહાન ઉપકાર કર્યો. આચારાંગ, સૂત્રકૃતાંગ, આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશાશ્રુતસ્કન્ધ, કલ્પ, વ્યવહાર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત – આ દસ સૂત્રોના નિર્યુક્તિકાર તરીકે પ્રસિદ્ધ આચાર્ય ભદ્રબાહુએ 'ભદ્રબાહુ સંહિતા' તથા સવા લાખ પદ ધરાવતું 'વસુદેવચરિત' નામનો ગ્રંથ રચ્યો અને એ જ રીતે એમણે આર્ય સ્થૂલભદ્રને પૂર્વોનું જ્ઞાન આપીને એ મહાન વારસાને નષ્ટ થતો બચાવ્યો હતો. તેઓએ સતત બાર વર્ષ સુધી મહાપ્રાણ-ધ્યાનની ઉત્કટ યોગસાધના કરવાની વિરલ ઉપલબ્ધિ મેળવી હતી. ભારતનાં વિભિન્ન ક્ષેત્રોમાં વિચરણ કરીને જિનશાસનનો પ્રસાર અને ઉત્કર્ષ કરનાર ભદ્રબાહુસ્વામીને શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરા પાંચમા અને અંતિમ શ્રુતકેવલી તરીકે આદરપૂર્વક સન્માને છે.

આચાર્ય ભદ્રબાહુસ્વામીએ રચેલા દસ અધ્યયન ધરાવતા 'દશાશ્રુતસ્કંધ' ગ્રંથનું આઠમું અધ્યયન એટલે 'પજ્જોસણા કલ્પ' એટલે કે 'પર્યુષણા કલ્પ' કહેવાય છે, પણ સમયાંતરે એ 'કલ્પસૂત્ર' તરીકે પ્રચલિત થયું. એની રચના આજથી ૨૨૨૯ વર્ષ પૂર્વે થઈ. 'કલ્પ' એટલે આચાર, વિધિ, નીતિ અથવા સમાચારી. 'તત્ત્વાર્થસૂત્ર'ના રચયિતા વાચક શ્રી ઉમાસ્વાતિએ કહ્યું છે તે પ્રમાણે જ્ઞાન, શીલ અને તપની જે વૃદ્ધિ કરે અને દોષોનો નિગ્રહ કરે તે કલ્પ. જૈન શાસ્ત્રોમાં આવા દસ પ્રકારના કલ્પ દર્શાવવામાં આવ્યા છે : (૧) અચેલક કલ્પ, (૨) ઔદ્દેશિક કલ્પ, (૩) શય્યાતરપિંડ કલ્પ, (૪) રાજપિંડ કલ્પ, (૫) વંદનકર્મ કલ્પ, (૬) મહાવ્રત કલ્પ, (૭) જ્યેષ્ઠ કલ્પ, (૮) પ્રતિક્રમણ કલ્પ, (૯) માસ કલ્પ અને (૧૦) પર્યુષણા કલ્પ.

આ સઘળાં કલ્પોમાં પર્યુષણાકલ્પ સવિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે પર્વાધિરાજ પર્યુષણ એ જૈન ધર્મની આરાધનાનું સૌથી મોટું વાર્ષિક પર્વ છે અને આવા આધ્યાત્મિક પર્વ સમયે આ આઠમા અધ્યયનનું વાચન થતું હોવાથી એનું મહત્ત્વ એક સ્વતંત્ર ગ્રંથ જેટલું છે. 'કલ્પસૂત્ર'માં જૈન ધર્મના પિસ્તાલીસ આગમનો સાર નથી તે હકીકત છે, તેમ છતાં તે આગમગ્રંથ જેટલો મહિમા પામ્યો છે. જૈન સંઘોમાં પર્યુષણ દરમિયાન સાધુભગવંતો દ્વારા એનું વાંચન થતું રહ્યું છે. કલ્પસૂત્રના આવા વિશિષ્ટ મહિમાનું કારણ શું ?

કોઈપણ ધર્મ એની આગવી પરંપરા ધરાવતો હોય છે. જૈન ધર્મના સાધુ-સાધ્વીઓના

આચારપાલન અને એથી ય વિશેષ તીર્થંકરોનું ચરિત્ર એ એનો પાયો છે. ધર્મની સમગ્ર ઇમારતના પાયાની પહેચાન એટલે કલ્પસૂત્ર ગ્રંથ. એ મૂળભૂત તત્ત્વો અને મર્મોની ઓળખ પ્રાપ્ત થાય પછી જ ધર્મપ્રવેશ શક્ય બને. આથી કલ્પસૂત્ર ગ્રંથ જેમ અધ્યાત્મનાં ઉચ્ચ શિખરોની ઝાંખી કરાવે છે, એ જ રીતે એમાં જ્ઞાન અને ઉપદેશનો સાગર લહેરાય છે. કલ્પસૂત્ર એ આચાર ગ્રંથ હોવાથી એમાં સાધુઓ અને શ્રાવકોને માટે જાગૃતિપૂર્ણ આચારનું આલેખન, ગહન ઉપદેશ અને ઊંડી માહિતી પ્રાપ્ત થાય છે. આમાંથી થોડી વિગતો પર દૃષ્ટિપાત કરીએ.

૧. સ્વપ્નપાઠકો ત્રિશલામાતાને આવેલાં સ્વપ્નોનું રહસ્ય પ્રગટ કરતાં પૂર્વે સ્વપ્નશાસ્ત્રનાં આલેખાયેલાં ૭૨ પ્રકારનાં સ્વપ્નો વિશે વાત કરીને ભૂમિકા બાંધે છે. આમાં ત્રીસ સ્વપ્નો ઉત્તમ ફળને આપનારાં કહ્યાં છે. આ ત્રીસ સ્વપ્નો છે : (૧) અર્હન્, (૨) બોદ્ધ, (૩) હરિકૃષ્ણ, (૪) શંભુ, (૫) બ્રહ્મા, (૬) સ્કંદ, (૭) ગણેશ, (૮) લક્ષ્મી, (૯) ગૌરી, (૧૦) નૃપ, (૧૧) હસ્તી, (૧૨) ગૌ, (૧૩) વૃષભ, (૧૪) ચંદ્ર, (૧૫) સૂર્ય, (૧૬) વિમાન, (૧૭) ગેહ, (૧૮) અગ્નિ, (૧૯) સ્વર્ગ, (૨૦) સમુદ્ર, (૨૧) સરોવર, (૨૨) સિંહ, (૨૩) રત્નરેલ, (૨૪) ગિરિ, (૨૫) ધ્વજ, (૨૬) પૂર્ણઘટ, (૨૭) પુરીષ, (૨૮) માંસ, (૨૯) મત્સ્ય અને (૩૦) કલ્પવૃક્ષ.

૨. કલ્પસૂત્રમાં આલેખાયેલા ભગવાન મહાવીરના જીવનચરિત્રમાંથી મળતી કેટલીક વિગતો જોઈએ. તેમના વંશનું નામ જ્ઞાતૃવંશ હતું અને ગોત્ર કાશ્યપ હતું. એમના કાકાનું નામ સુપાર્શ્વ અથવા સુપથ્ય હતું. મોટા ભાઈનું નામ નંદીવર્ધન, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના, બહેનનું નામ સુદર્શના, જમાઈનું નામ જમાલિ અને મામાનું નામ ચેટક (ચેડા રાજા) હતું.

૩. તીર્થંકરોના નિર્વાણકાળને સમજવા માટે કાળચક્ર જાણવું જરૂરી છે. આ કાળચક્રના ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ એવા બે વિભાગ છે. દરેક કાળનો સમય દસ ક્રોડાક્રોડી સાગરોપમ છે. એક કાળચક્ર વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું થાય. ઉત્સર્પિણી અને અવસર્પિણી વારાફરતી આવ્યા કરે છે. ઉત્સર્પિણીકાળના છ આરા અને અવસર્પિણીકાળના છ આરા એમ કુલ બાર આરા થાય. ઉત્સર્પિણીકાળમાં આયુષ્ય, બુદ્ધિ, ઊંચાઈ, બળ, ધર્મ વગેરે વધતાં જાય. જ્યારે અવસર્પિણીકાળમાં એ બધાં જ ઉત્તરોત્તર ઘટતાં જાય. અત્યારે ભરતક્ષેત્રમાં અવસર્પિણીકાળ ચાલી રહ્યો છે. અવસર્પિણીકાળના આ પ્રમાણે છ આરા છે : ૧. સુષમ - સુષમ, ૨. સુષમ, ૩. સુષમ-દુષમ, ૪. દુષમ-સુષમ, ૫. દુષમ, ૬. દુષમ-દુષમ.

૪. ચોવીસ તીર્થંકરોનો ગર્ભકાળ જુદો જુદો છે : ૧. શ્રી ઋષભદેવ પ્રભુ (૯ મહિના ચાર દિવસ), ૨. શ્રી અજિતનાથ પ્રભુ (૮ મહિના ૨૫ દિવસ), ૩. શ્રી સંભવનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ), ૪. શ્રી અભિનંદન પ્રભુ (૮ મહિના ૨૮ દિવસ), ૫. શ્રી સુમતિનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ), ૬. શ્રી પદ્મપ્રભુ (૯ મહિના ૬ દિવસ), ૭. શ્રી સુપાર્શ્વનાથ ભગવાન (૯ મહિના ૧૯ દિવસ), ૮. શ્રી ચંદ્રપ્રભસ્વામી (૯ મહિના ૭ દિવસ), ૯. શ્રી સુવિધિનાથ સ્વામી (૮ મહિના ૨૬ દિવસ), ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામી (૯ મહિના ૬ દિવસ), ૧૨.

શ્રી વાસુપૂજ્ય સ્વામી (૮ મહિના ૨૦ દિવસ), ૧૩. શ્રી વિમલનાથ ભગવાન (૮ મહિના ૨૧ દિવસ), ૧૪. શ્રી અનંતનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ), ૧૫. શ્રી ધર્મનાથ સ્વામી (૮ મહિના ૨૬ દિવસ), ૧૬. શ્રી શાંતિનાથ ભગવાન (૯ મહિના ૬ દિવસ), ૧૭. શ્રી કુંથુનાથ ભગવાન (૯ મહિના ૫ દિવસ), ૧૮. શ્રી અરનાથ પ્રભુ (૯ મહિના ૮ દિવસ), ૧૯. શ્રી મલ્લિનાથ પ્રભુ (૯ મહિના ૭ દિવસ), ૨૦. શ્રી મુનિસુવ્રત સ્વામી (૯ મહિના ૮ દિવસ), ૨૧. શ્રી નમિનાથ ભગવાન (૯ મહિના ૮ દિવસ), ૨૨. શ્રી નેમનાથ ભગવાન (૯ મહિના ૮ દિવસ), ૨૩. શ્રી પાર્શ્વનાથ પ્રભુ (૯ મહિના ૬ દિવસ), ૨૪. શ્રી મહાવીર સ્વામી (૯ મહિના સાડા સાત દિવસ).

૫. શ્રી પાર્શ્વપ્રભુ ૩૦ વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં રહ્યા. વૈશાખ વદ ૧૧ના દિવસે વિશાખા નામની પાલખીમાં બેસીને પંચમુષ્ટિ લોચ કર્યો. એ સમયે તેઓને અઠ્ઠમનું તપ હતું. એમણે ત્રણસો પુરુષો સાંથે દીક્ષા લીધી અને એ જ વખતે મનઃપર્યવજ્ઞાન પ્રગટ થયું. શ્રી પાર્શ્વપ્રભુએ છદ્મસ્થપણે ૮૪ દિવસની સાધના કરી. તેઓનું આયુષ્ય સો વર્ષનું હતું. ત્રીસ વર્ષ ગૃહસ્થાશ્રમમાં, ૮૪ દિવસ છદ્મસ્થ અવસ્થામાં અને ૭૦ વર્ષમાં ૮૪ દિવસ ઓછા તેટલો સમય કેવલીપર્યાયમાં ગાળ્યો. એકસો વર્ષ પૂર્ણ થતાં સમેતશિખર ઉપર ૩૩ સાધુઓ સાથે માસક્ષમણનું તપ પૂર્ણ કરીને મોક્ષે પધાર્યા. એમના નિર્વાણબાદ ૧૨૩૦ વર્ષે કલ્પસૂત્રનું લેખનકાર્ય થયું.

૬. શ્રી નેમિનાથ ભગવાનનાં પાંચેય કલ્યાણકો ચિત્રા નક્ષત્રમાં થયાં. આસો વદ અમાસના દિવસે ગિરનાર પર્વતના શિખર ઉપર વેતસ નામના વૃક્ષ નીચે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયાં.

૭. શ્રી ઋષભદેવ ભગવાનનાં ચાર કલ્યાણકારી ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન ઉત્તરાષાઢા નક્ષત્રોમાં થયાં. જ્યારે પાંચમું મોક્ષ કલ્યાણક અભિજિત નક્ષત્રમાં થયું. તેઓએ રાજ્યાવસ્થામાં પુરુષો માટેની ૭૨ કળાઓ અને સ્ત્રીઓ માટેની ૬૪ કળાઓમાં ગણિત, ગીત, નૃત્ય, વાદ્ય, પઠન, શિક્ષા, કાવ્ય, ગજારોહણ, શાસ્ત્રાભ્યાસ, રસ, મંત્ર, યંત્ર, સંસ્કૃત-સ્મૃતિ, વૈદક, આગમ, ઇતિહાસ જેવી ૭૨ કળાઓ શીખવી. એમણે એમની પુત્રી બ્રાહ્મીને હંસલિપિ વગેરે ૧૮ લિપિ શીખવી અને બીજી પુત્રી સુંદરીને દશાંશ ગણિત શીખવ્યું. જ્યારે સ્ત્રીઓને નૃત્ય, ચિત્ર, વાજિંત્ર, મંત્ર, તંત્ર, જ્ઞાન, વિજ્ઞાન, ધર્માચાર, કેશબંધ જેવી ૬૪ કળાઓ શીખવી.

૮. ભગવાન મહાવીરનાં જુદાં જુદાં નામો આ પ્રમાણે છે : ૧. શ્રમણ, ૨. મહાવીર, ૩. વૈશાલિક (વિશાળા નગરીના ઉપનગર ક્ષત્રિયકુંડ ગ્રામમાં જન્મ્યા હતા.), ૪. મુનિ (દીર્ઘકાળ સુધી મૌન પાળનારા), ૫. માહણ (ખરા બ્રાહ્મણની જેમ જીવન વિતાવનાર), ૬. કાશ્યપ (ગૌત્ર પરથી), ૭. દેવાર્ય (ભગવાન મહાવીર ગામડાંઓમાં વિચરતા ત્યારે ગોવાળિયા વગેરે સાધારણ લોકો તેમને દેવાર્ય કહીને સંબોધતા હતા), ૮. દીર્ઘ તપસ્વી, ૯. વીર અને ૧૦. અંત્ય કાશ્યપ (કાશ્યપ ગોત્રના છેલ્લા તીર્થંકર).

૯. 'કલ્પસૂત્ર'ની ઘણી કંડિકાઓમાં 'તેણં કાલેણં તેણં સમએણં સમણે ભગવં મહાવીરે:..' વાક્યખંડ વારંવાર પ્રયોજાયો છે. 'તે કાળે, તે સમયે, શ્રમણ ભગવાન મહાવીરે....' જેવો અર્થ ધરાવતું આ વાક્ય વારંવાર આવે છે, છતાં એ પુનરાવર્તન નહીં લાગે. એના શ્રવણથી શ્રોતા એક પ્રકારના તાદૃશ્યનો અનુભવ કરે છે. આલેખાતી ઘટના શ્રોતાને માનસપ્રત્યક્ષ થઈ જાય છે. આ પંક્તિઓના પુનઃ પુનઃ શ્રવણથી ભાવની દૃઢતા સધાય છે અને હૃદયમાં ઉલ્લાસ અનુભવાય છે. અર્ધમાગધી ભાષામાં લખાયેલી આ લલિત કોમલ પદાવલિ પ્રભુ મહાવીરની વાણીનું સ્મરણ કરાવે છે. મધુર પણ સઘન અને માહિતીપૂર્ણ. કિંતુ હૃદયસ્પર્શી રીતે લખાયેલા આ ગ્રંથનો પ્રત્યેક શબ્દ ઘૂંટીઘૂંટીને લખાયો હોય તેમ પ્રયોજાયો છે.

૧૦. કલ્પસૂત્રમાં જુદા જુદા અનેક વિષયોનું વર્ણન મળે છે, એમાં મુખ્યત્વે સાધુસાધ્વીઓના આચારોનું આલેખન મળે છે. ચાતુર્માસ, પ્રતિક્રમણ, ગોચરી અને સાધુ-સાધ્વીને વંદન જેવા દસ મુખ્ય આચારોની વાત કરવામાં આવી છે. એના વિષયોની વહેંચણી પણ વ્યાખ્યાન પ્રમાણે કરવામાં આવી છે. જેમ કે (૧) પહેલા વ્યાખ્યાનમાં ૧૦ કલ્પ, કલ્પમહિમા તથા નમુત્થુણંનો સમાવેશ થાય છે. (૨) બીજા વ્યાખ્યાનમાં દસ અચ્છેરા તથા ભગવાન મહાવીરના ૨૮ પૂર્વ ભવોનું વર્ણન છે. (૩) ત્રીજા વ્યાખ્યાનમાં ૧૪ સ્વપ્નોનું વર્ણન હોવાની સાથે સ્વપ્નશાસ્ત્રાદિ મુખ્યત્વે છે. (૪) ચોથા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરનાં માતા-પિતા ત્રિશલાદેવી, સિદ્ધાર્થરાજા આદિની જીવનચર્યા તથા પ્રભુના જન્મનું વર્ણન આલેખાયું છે. (૫) પાંચમા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરનો જન્મોત્સવ, પાઠશાળાગમન, લગ્ન તથા દીક્ષાદિનું વર્ણન છે. (૬) છઠ્ઠા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરને થયેલા ઘોર ઉપસર્ગોનું વર્ણન છે. સુંદર તાર્કિક યુક્તિપ્રમાણ અને જૈન તત્ત્વચિંતનનો અર્ક દર્શાવતું ગણધરવાદનું તથા ભગવાન મહાવીરના નિર્વાણ સમયનું વર્ણન મળે છે. (૭) સાતમા વ્યાખ્યાનમાં ભગવાન પાર્શ્વનાથ, નેમિનાથ, ઋષભદેવનાં જીવનચરિત્રો તથા વીસ જિનના આંતરાકાળનું વર્ણન વિશેષ છે. (૮) આઠમા વ્યાખ્યાનમાં સ્થવિરાવલિ વર્ણવવામાં આવે છે. ભગવાન મહાવીર પછી ૧૧ ગણધરો અને તેમની એક હજાર વર્ષની પાટ પરંપરાના શિષ્ય-પ્રશિષ્યાદિ મહાપુરુષોનું ઐતિહાસિક વર્ણન છે. (૯) નવમા વ્યાખ્યાનમાં સમાચારી-શ્રમણોની આચાર-વિચારની સંહિતાની સમજણ છે.

આ પ્રમાણે નવ વ્યાખ્યાનોમાં સંપૂર્ણ કલ્પસૂત્ર આવરી લેવાયું છે. એ નવ વ્યાખ્યાનો પર્યુષણ મહાપર્વના આઠ દિવસોમાં વંચાય છે.

પર્યુષણના પ્રથમ ત્રણ દિવસોમાં અષ્ટાહ્નિકા પ્રવચનો ચાલે છે. પહેલા દિવસે અમારિપ્રવર્તન, ચૈત્ય પરિપાટી, અઠ્ઠમના તપ, ક્ષમાપના અને સાધર્મિક વાત્સલ્ય, આ પાંચ વિષયો પર પ્રવચન અપાય છે. બીજે દિવસે શ્રાવકનાં વાર્ષિક અગિયાર કર્તવ્યો અને ત્રીજા દિવસે પૌષધ વ્રતનો મહિમા દર્શાવવામાં આવે છે.

પર્યુષણ પર્વના ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા એમ આ ચાર દિવસોમાં શ્રી કલ્પસૂત્રના સવારે-બપોરે એમ બે વખત કુલ આઠ વ્યાખ્યાનો વાંચવાની પરંપરા છે. (૯મું વ્યાખ્યાન વાંચવાની

## 'કલ્પસૂત્ર'ની ચિત્રાવલિ



### શ્રી મહાવીર પ્રતિમા

'કલ્પસૂત્ર'ના પ્રારંભે ભગવાન મહાવીરનું ચિત્ર હોય છે. એમની પ્રતિમાને અંગરચના કરી હોય તેવું આ ચિત્ર એમના ચ્યવનનું ચિત્ર ગણાય છે. મધ્યમાં પદ્માસનની મુદ્રામાં બિરાજમાન ભગવાનના પગમાં સિંહનું લાંછન છે. છેક ઉપર હાથી અભિષેક કરે છે અને તેની ઉપર શ્વેત હંસોની હારમાળા છે.



### સંગમદેવે કરેલા ઉપસર્ગ

પોલાશ ચૈત્યમાં સંગમદેવ દ્વારા છ-છ મહિના સુધી ભગવાન મહાવીરને કરવામાં આવેલા અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો દર્શાવતા આ ચિત્રમાં ભગવાન કાઉસ્સગ મુદ્રામાં ઊભા છે. બે બાજુ ઊભેલા બે પુરુષો કાનમાં ખીલા મારે છે. જમણી બાજુ વીંછી અને કૂતરો છે અને ડાબી બાજુ વાઘ અને બે પગ પાસે બે ઘડા છે, જે એમના પગ વચ્ચે પેટાવેલા અગ્નિના સૂચક છે.



**મહાવીર મોક્ષ**

વિ.સં. પૂર્વે ૪૭૦ વર્ષે આસો વદ અમાસની રાત્રીના પાછલા પહોરે પાવાપુરીમાં ભગવાન મહાવીર મોક્ષ પામ્યા. અહીં ભગવાન મહાવીર આસન પર બેઠા છે. નીચે પર્વતનાં શિખરો બતાવ્યાં છે, તે પાવાપુરી-સમેતશિખર છે. ઉપર છત્ર અને બે વૃક્ષ છે, તો નીચે અર્ધચંદ્રનો આકાર તે સિદ્ધશિલા સૂચવે છે.



**પાર્શ્વપ્રતિમા**

ભગવાન મહાવીર પૂર્વે ૨૫૦ વર્ષ પહેલાં ભગવાન પાર્શ્વનાથ મોક્ષે ગયા. અહીં સિંહાસન પર પદ્માસને બિરાજમાન શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચિત્ર છે. તેમનું લાંછન નાગ છે અને સપ્તફણાવાળો નાગરાજે એમના મસ્તક પર ફણાનું છત્ર ધારણ કર્યું છે.



**નેમિકુમારની જાન**

શ્રી નેમિકુમાર રાજુલને પરણવા માટે જાન જોડીને આવ્યા છે. ઝરૂખામાં રાજુલ બેઠી છે. આગળ છ નૃત્યાંગનાઓ નૃત્ય કરે છે. અશ્વ ઉપર નેમિકુમાર બેઠા છે અને તેમની પાછળ રથમાં જાનૈયાઓ છે.



**ઋષભદેવ ભગવાનનું સમવસરણ**

પુરમતાલ નગરીની બહાર વડવૃક્ષ નીચે ફાગણ વદ અગિયારસના દિવસે શ્રી ઋષભદેવને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને દેવોએ એમના સમવસરણની રચના કરી, જેમાં બેસીને ભગવાન ઋષભદેવે દેશના આપી. અહીં ત્રણ ગઢવાળું સમવસરણ છે. મધ્યમાં ભગવાન ઋષભદેવ બિરાજમાન છે. સમવસરણના ચાર દ્વાર છે, ડાબી બાજુ ઋષભ અને જમણી બાજુ સિંહ છે. નીચે ડાબી બાજુ નાગ અને જમણી બાજુ મોર છે. એ દર્શાવે છે કે સમવસરણમાં ભગવાનની દેશના સાંભળવા આવેલાં પ્રાણીઓ પણ એમનું જન્મજાત વેર વીસરી જતા હતા.



**શ્રી ગૌતમસ્વામી અને અષ્ટમંગલ**

માંગલિક માટેના આ ચિત્રમાં દેવકુલિકાની મધ્યમાં પદ્માસન વાળીને શ્રી ગૌતમસ્વામી બિરાજમાન છે. એમના જમણા હાથમાં નવકારવાળી, જમણા ખભા પર મુહપત્તિ અને ડાબા ઢીંચણ પર રજોહરણ છે. બે બાજુ મુનિરાજો વંદન કરે છે અને દેવકુલિકાની ઉપર મોર કળા કરે છે અને નીચે અષ્ટમંગલનાં ચિત્રો (ઉપર – દર્પણ, ભદ્રાસન, વર્ધમાન અને કળશ તથા નીચે – મત્સ્યયુગલ, શ્રીવત્સ, સ્વસ્તિક અને નંદ્યાવર્ત) છે.

**કોશા અને રથકાર**

કામ–વિજેતા સ્થૂલિભદ્ર અને કોશાની કથાના આ ચિત્રમાં રથકાર નામનો ધનિક કોશા પાસે આવીને આમવૃક્ષ પરની કેરીને એક પછી એક તીર મારી તોડી આપવાની પોતાની કળા બતાવે છે. કોશાએ સરસવના ઢગલામાં સોય ઊભી રાખી તેના પર ફૂલ મૂકી નૃત્ય કરી બતાવ્યું. એ ઘટનાને અહીં દર્શાવવામાં આવી છે. એ પછી કોશાએ શ્રેષ્ઠ કળા તરીકે કામ–વિજેતા સ્થૂલિભદ્રની સ્તુતિ કરીને રથકારને વાસનામુક્ત કર્યો.



પ્રણાલિકા ક્વચિત્ મળે છે ખરી.) અંતિમ આઠમો દિવસ સંવત્સરી મહાપર્વનો છે. તે દિવસે શ્રી બારસાસૂત્રનું વાચન તથા સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં આવે છે.

કલ્પસૂત્રમાં મુખ્ય વિષયોની સાથોસાથ જુદા જુદા વિષયો આવરી લેવામાં આવ્યા છે, જેમ કે ભગવાન મહાવીરના જીવનચરિત્રમાં ગર્ભાપહરણની ઘટના મળે છે. સ્વપ્નશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, હસ્તરેખા-શાસ્ત્ર, રત્નોની જાતિઓ, પાપનાં ફળ, જુદી જુદી ગતિઓમાં જીવોનું ગમનાગમન, જાતિસ્મરણ, જ્ઞાન જેવાં અનેક જુદા જુદા વિષયોનો આમાં સમાવેશ થયો છે.

આમ કલ્પસૂત્રનો મહિમા જૈન ધર્મનો પાયો દર્શાવવામાં, તીર્થંકરોની અપૂર્વતા અને સાધુ પરંપરાની મહત્તા ગાવામાં તેમ જ જનસમૂહના વ્યાપક કલ્યાણની ભાવનામાં રહેલો છે.

આજથી આશરે ૧૫૦૦ વર્ષ પૂર્વે વીર સંવત (અથવા ૯૯૩ વર્ષે) ઈ. સ. ૪૫૪માં ગુજરાતના આનંદપુરમાં એક ઘટના બની. રાજા ધ્રુવસેનનો યુવાન પુત્ર અકાળ મૃત્યુ પામ્યો.

નિર્મોહીનાં આંસુ જગતના બાગમાં મોતી વાવે છે. મોહી જીવોનાં રુદન ભર્યા બાગને ઉજ્જડ બનાવે છે. શોકનો પહાડ તૂટી પડ્યો હતો. સહુના અંતરનાં દ્વાર બિડાઈ ગયાં હતાં. કલ્પાંત, રુદન અને હાહાકાર એ શહેરનાં શણગાર બન્યાં હતાં. ધોળો દિવસ કાળરાત્રિ બની ગયો હતો. માણસ જાણે દિવસે યમના પડછાયા જોતો હતો.

ગુજરાતનું વડનગર (આનંદપુર) પછીનું પાટનગર વલભી. રાજા વલભીમાં હતો. રાજકુટુંબ વડનગરમાં હતું, પણ બંનેમાંથી એકેય સ્થળે શાંતિ ન હતી.

રાજા રાજકાજમાં અધિક રચ્યોપચ્યો રહેવા લાગ્યો, તોયે ઉદાસીનાં વાદળો દિલને ઘેરતાં રહ્યાં. પ્રવાસમાં અધિકાધિક પ્રવૃત્ત રહેવા લાગ્યો, પણ શ્રાવણના આભ જેવું અંતર સરવર વરસી જતું.

એણે વિચાર્યું કે હવે તો કંઈ ઉત્તમ ધર્મશ્રવણ એના ધર્મકરણી દિલને આસાએશ આપી શકે તેમ છે.

આ પૂર્વે વીર નિર્વાણ સંવત ૯૮૦ (વિ. સં. ૫૧૦, ઈ.સ. ૪૫૪)માં પાંચમા સૈકામાં ગુજરાતના વલ્લભીપુરમાં કલ્પસૂત્રનું લેખન થયું હતું. ભગવાન મહાવીરના સત્તાવીસમા પટ્ટધર અને અંતિમ પૂર્વધર શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની વાચના સમયે કલ્પસૂત્રનું લેખન થયું અને તે ગ્રંથારૂઢ થયું હતું.

આ ગ્રંથનું સ્થાન આગમ જેટલું પવિત્ર હતું. મુનિરાજો પર્યુષણ કલ્પમાં આ કલ્પસૂત્રને વાંચતા અને સાંભળતા. સાધુઓ સુધી જ એનું વાંચન-શ્રવણ સીમિત હતું.

ઉત્તમ ધર્મશ્રવણથી દિલને આસાયેશ આપવા માટે કલ્પસૂત્રનું વિ. સં. ૫૩૨ (વીરસંવત ૯૫૩)માં પ્રથમ વાર આમજનતા સામે વડનગરમાં કલ્પસૂત્ર વંચાયું. વડનગરની એ ભૂમિને જ્ઞાન અને તપથી પાવન કરનાર આચાર્ય હતા શ્રી ધનેશ્વરસૂરિજી. તે દિવસથી પર્યુષણ પર્વમાં 'કલ્પસૂત્ર' આબાલવૃદ્ધને સાંભળવા માટે ખુલ્લું મુકાયું. છેલ્લાં ૧૫૪૯ વર્ષથી સંઘ સમક્ષ એનું વાચન થાય છે.

કલ્પસૂત્રને 'બારસા સૂત્ર' તરીકે ઓળખવામાં આવે છે. આનું કારણ એટલું કે કલ્પસૂત્રનું લખાણ ૨૯૧ કંડિકા છે અને તેનું માપ ૧૨૦૦ કે તેથી વધુ ગાથા કે શ્લોકપ્રમાણ જેટલું ગણી શકાય.

શ્રાવણી અમાવાસ્યાએ શરૂ થતું તે ભાદરવા સુદ ત્રીજ સુધી અર્થ સાથે વંચાતું. પણ સળંગ વાંચનથી કોઈ વંચિત રહી ગયું હોય તો ભાદરવા સુદ ચોથે આખા બારસો શ્લોકોનો મુખપાઠ થતો.

લલિત મધુર પદાવલિવાળા અર્ધમાગધી ભાષામાં લખાયેલા કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરનું ચરિત્ર અત્યંત વિસ્તૃત રીતે આલેખાયેલું છે. તે પછી પાર્શ્વનાથચરિત્ર, નેમિનાથચરિત્ર અને ઋષભચરિત્ર મળે છે. જ્યારે બીજા તીર્થંકરો વિશે માત્ર બે-ચાર લીટી જ મળે છે. તીર્થંકરોનાં ચરિત્રોનું આલેખન પશ્ચાનુપૂર્વીથી એટલે કે છેલ્લા થયા તેનું પહેલું વર્ણન કરવામાં આવ્યું છે. આમ મહાવીરસ્વામીના ચરિત્રથી આરંભ કરવામાં આવ્યો છે અને પછી ક્રમસર ભૂતકાળમાં જઈને છેલ્લે વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનનું જીવન આલેખાયું છે.

કલ્પસૂત્રના ત્રણ મુખ્ય વિભાગ છે. તેમાં પહેલા વિભાગમાં સાધુઓની સમાચારી દર્શાવી છે. ચાતુર્માસ દરમિયાન જૈન સાધુ-સાધ્વીઓના આચાર-પાલનના નિયમો દર્શાવ્યા છે. બીજો ભાગ સ્થવિરાવલિનો છે. જેમાં ગણધર ગૌતમથી શરૂ કરીને સુધર્મા, જંબુ, ભદ્રબાહુ, સ્થૂલિભદ્ર, કાલક વગેરે સ્થવિરોની પરંપરા અને શાખાઓ વર્ણવવામાં આવી છે. જ્યારે ત્રીજા ભાગમાં વર્તમાન ચોવીસીના તીર્થંકરોનાં ચરિત્રો મળે છે.

આમજનતાને અનુલક્ષીને એના ક્રમમાં ફેરફાર થયો છે. એમાં પ્રથમ સાધુજીવનના દસ વિધિકલ્પોની ચર્ચા હતી અને સાધુ સમાચારીનું વર્ણન મુખ્ય હતું. તે ગૌણ થયું. જ્યારે ચોવીસ તીર્થંકરોનાં જીવન અને તેમાં પણ ત્રણ (પાર્શ્વનાથ, નેમિનાથ અને ઋષભદેવ ભગવાન) તીર્થંકરોનાં જીવન અને તેમાંય ભગવાન મહાવીરસ્વામીનું જીવન મુખ્ય પદ પામ્યું.

પર્યુષણના દિવસોમાં પાંચમા દિવસના વ્યાખ્યાનમાં કલ્પસૂત્ર વાચનમાં ત્રિશલામાતાનાં ચૌદ મંગલકારી મહાસ્વપ્ન અને ભગવાન મહાવીરસ્વામીના જન્મોત્સવની પાવન ઘટનાનું વાચન થાય છે. એ દિવસ મહાવીર જન્મકલ્યાણક (શ્રી મહાવીર જન્મવાચન દિન) તરીકે ઊજવાય છે. આ દિવસે સુપન (સ્વપ્ન) ઉતારવાની અને જન્મ-વધાઈનો ઉત્સવ ઊજવવાની પ્રથા છેક પ્રાચીન સમયથી ચાલી આવી છે. વિશ્વભરમાં જ્યાં જ્યાં જૈનો હોય ત્યાં ત્યાં ભગવાન મહાવીર-સ્વામીના જન્મનો આ દિવસ અતિ ઉત્સાહપૂર્વક ઊજવાય છે અને એ સમયે અનોખો ધર્મોત્સાહ જોવા મળે છે.

એક કવિ કહે છે તેમ, 'કલ્પસૂત્ર કલ્પતરુ સમાન છે.'

એ તરુના બીજ રૂપે મહાવીર ચરિત્ર, અંકુર રૂપે પાર્શ્વચરિત્ર, થડ રૂપે નેમચરિત્ર, શાખા રૂપે ઋષભચરિત્ર, પુષ્પ રૂપે સ્થવિરાવલિ અને સુગંધ રૂપે સમાચારી છે.

'આ કલ્પસૂત્રરૂપ કલ્પવૃક્ષનું ફળ મોક્ષ છે.'

કલ્પસૂત્રનું વાચન અને શ્રવણ એ પાપનિવારક ગણાય છે અને એમ કહેવામાં આવે છે કે છઠ્ઠ-અઠ્ઠમની તપશ્ચર્યા કરીને આ ગ્રંથનું વાચન કરવામાં આવે તો એને અવશ્ય મોક્ષફળ આપે છે. એમ પણ કહેવાયું છે કે જે વ્યક્તિ કલ્પસૂત્રનુ આ રીતે એકવીસ વખત વિધિપૂર્વક શ્રવણ કરે છે, તે આઠમા ભવે મોક્ષે જાય છે.

ચરિતાવલિ, સમાચારી વગેરે દ્વારા 'કલ્પસૂત્ર'માં આડકતરી રીતે ઘણી દુન્યવી બાબતોની ચર્ચા કરી છે. નવ રસ, ધર્મ અને વ્યવહારદર્શક અનેક વાતો અને ગર્ભથી માંડી મોક્ષ સુધીના વિકાસની પ્રક્રિયાઓ આપવામાં આવી છે. સમસ્ત આગમોમાં ચાર અનુયોગ મુખ્યત્વે છે : (૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનું યોગ અને (૪) ધર્મકરણાનુયોગ. આ ચારે અનુયોગના વિષયોની વાત કલ્પસૂત્રમાં મળે છે.

કલ્પસૂત્રના માહાત્મ્યને કારણે એના શ્રવણ અંગે પણ કેટલાક નિયમો હોય છે અને એ જ રીતે કલ્પસૂત્રની પ્રતને કઈ રીતે ઘરમાં પધરાવી શકાય તેનું પણ વર્ણન મળે છે.

કલ્પસૂત્ર વિશે અનેક આચાર્યો અને વિદ્વાનોએ ટીકા લખી છે. એ જ દર્શાવે છે કે કલ્પસૂત્ર કેટલું બધું પ્રચલિત છે. વિખ્યાત જર્મન વિદ્વાન ડૉ. હર્મન જેકોબીએ સુંદર પ્રસ્તાવના સાથે કલ્પસૂત્રનો અંગ્રેજી અનુવાદ પ્રગટ કર્યો, ત્યારથી વિદેશી વિદ્વાનોમાં પણ કલ્પસૂત્ર જાણીતું બન્યું છે. ૧૭મી સદીમાં જ ત્રણ ટીકાઓ રચાઈ છે. છેલ્લું ખીમશાહી કહેવાતું પં. શ્રી ખીમવિજયજીગણિએ રચેલું ટબારૂપ કલ્પસૂત્ર મહેમદાવાદમાં તૈયાર થયું છે. ઈ. સ. ૧૭૦૭માં તે નગરશેઠ હેમાભાઈ અને પ્રેમાભાઈની ઉપસ્થિતિમાં વંચાયું હતું. એ સમયે નગરશેઠ હેમાભાઈએ સર્વ શ્રોતાઓને એક-એક રૂપિયાની પ્રભાવના આપી હતી.

૧૨મીથી ૧૫મી સદીની ચિત્રકલામાં જૈનોની આગવી ચિત્રકલા વિકાસ પામી. ૧૫મી સદીમાં સાચા સોનાની શાહીથી અને રૂપાની શાહીથી કંડારાયેલું કલ્પસૂત્ર આજે મોજૂદ છે. કલ્પસૂત્રની પ્રતો સુંદર ચિત્રોથી સભર હોય છે. રજપૂતાના શૈલી અને મુઘલ અને પર્શિયન શૈલીમાં એનાં ચિત્રો મળે છે. વર્તમાન સમયે પણ કલ્પસૂત્રનાં અનેક ચિત્રો બનાવીને પ્રતાકારે કે પુસ્તકાકારે એનું પ્રકાશન થયું છે તેમજ સંવત્સરીના દિવસે કલ્પસૂત્રના વાચન સમયે આ ચિત્રોનું દર્શન કરાવવાની પણ પ્રથા છે.

જેમ પૂર્વાચાર્યો અને વિદ્વાનોએ આ ગ્રંથના વિવરણ રૂપે હજારો શ્લોક લખ્યા છે, એ જ રીતે અનેક ધર્મપ્રેમીઓએ કલ્પસૂત્રની હસ્તપ્રત તૈયાર કરાવીને એને જ્ઞાનભંડારમાં પધરાવવાનું અત્યંત પવિત્ર કાર્ય કર્યું છે. કલ્પસૂત્રની સૌથી જૂનામાં જૂની હસ્તપ્રત વિ. સં. ૧૨૪૭માં તાડપત્ર પર લખાયેલી મળે છે, જ્યારે દુનિયાની મોંઘામાં મોંઘી હસ્તપ્રતોમાં કલ્પસૂત્રની હસ્તપ્રતોનો સમાવેશ થાય છે.

૧૫૦૦ વર્ષ પહેલાં રાજા ધ્રુવસેન માટે કલ્પસૂત્ર કલ્પતરુ સમાન નીવડ્યું. એના શોક અને મોહ દૂર થયા. કર્તવ્યનો ઉલ્લાસ અને ધર્મનો ચિત્તાનંદ સહુને પ્રાપ્ત થયો. 'કલ્પસૂત્ર'માં ક્રિયાની યમુનામાં જ્ઞાનની ગંગાનો સંગમ થયો. બે પાંખોથી પંખી ઊડે તેમ ક્રિયા અને જ્ઞાન બંને હોય તો જ આત્મા ઊર્ધ્વતા સાધે આવા શ્રી કલ્પસૂત્ર વિશે પ્રસિદ્ધ ઉક્તિ છે –

'વીતરાગથી વડો ન દેવ,
મુક્તિથી ન મોટું પદ,
શત્રુંજયથી ન વડું તીર્થ,
કલ્પસૂત્રથી ન મોટું શ્રુત.'

20

# જ્ઞાનભંડારો અને હસ્તપ્રતોની વિશેષતાઓ

કનુભાઈ એલ. શાહ

ભારતમાં હજારો વર્ષોથી જ્ઞાનની ધારા પરંપરાગત અવિચ્છિન્ન રૂપે વહેતી આવી છે. જૈન ધર્મમાં શાસ્ત્રો શ્રુત પરંપરા રૂપે ચાલ્યાં આવતાં હતાં. વૈદિક કાળથી ભારતના ઋષિમુનિઓએ પણ વેદો, ઉપનિષદો દ્વારા ભારતીય પ્રજાને જ્ઞાનનો વારસો અર્પણ કર્યો છે. ભારતીય જ્ઞાન શ્રુતિ અને સ્મૃતિના સંગ્રહ દ્વારા આજ સુધી જળવાઈ રહ્યું છે.

**જ્ઞાનભંડારોનું મહત્ત્વ :** જૈન જ્ઞાનભંડારોમાં સચવાયેલા જ્ઞાનવારસાને અતિ મહત્ત્વ કેમ આપવામાં આવે છે ? સૌપ્રથમ શ્રુત ગણધર ભગવંતોની શિષ્યપરંપરામાં શ્રુત શ્રીમુખે સચવાતું રહ્યું. પરંતુ સમયના વહેણની સાથે દુકાળો વગેરેના કારણે તેમજ યાદશક્તિ પણ કમજોર થવાના કારણે શ્રુત ભુલાવા માંડ્યું ત્યારે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮૦ વર્ષ વિ. સં. ૫૧૦માં શ્રુત દેવર્ધિગણિક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં ૫૦૦ આચાર્યોની વાચના વલભીપુરમાં થયેલી ત્યારથી શ્રુતને ટકાવવા માટે કંઠસ્થીકરણની સાથે સાથે લેખનપરંપરાનો પ્રારંભ થયો. એ રીતે આ શ્રુતધરોએ શ્રુતજ્ઞાનને ગ્રંથસ્થીકરણની પરંપરા વડે સુરક્ષિત બનાવ્યું. શ્રુતલેખનનો શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણે પ્રારંભ કરાવીને દ્વાદશાંગી અને આગમગ્રંથોની અનેક પ્રતો તૈયાર કરાવી. આ દિવ્ય શ્રુતજ્ઞાનનો વારસો જૈન જ્ઞાનભંડારોમાં સચવાયેલો મળે છે. તેના કારણે આ જ્ઞાનભંડારોમાં સચવાયેલું જ્ઞાન અતિ મહત્ત્વનું છે. તેથી જ જૈન ભંડારોનું મહત્ત્વ આજના કાળમાં સવિશેષ છે.

**હસ્તપ્રત પરિભાષા :** મુદ્રણકળાના આવિર્ભાવ પહેલાં બરૂના કિત્તા વડે કાળી શાહીથી નિશ્ચિત કરેલા માપના ટકાઉ કાગળ પર

લેખન કરાવવામાં આવતું હતું. લહિયાઓને તાલીમ આપી સારા અક્ષરે લેખન કરાવાતું હતું. હસ્તપ્રતને સંસ્કૃતમાં પાણ્ડુલિપિ કહેવામાં આવે છે. જ્યારે અંગ્રેજીમાં મૅન્યુસ્ક્રિપ્ટ કહે છે. આ લૅટિન શબ્દ છે. એનો અક્ષરશઃ અર્થ થાય છે – હાથથી લખેલું. હાથે લખાયેલ ગ્રંથની નકલ હસ્તપ્રત તરીકે ઓળખવામાં આવે છે. અર્થાત્ હાથ દ્વારા લિખિત પ્રાચીન સામગ્રી જેનું ઐતિહાસિક, સામાજિક, દાર્શનિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ હોય તેને પાણ્ડુલિપિ અથવા હસ્તપ્રત કહી શકાય. A book, document or the like, written by hand; a writing of any kind, as distinguished from printed matter[1] - એક પુસ્તક, દસ્તાવેજ (ડૉક્યુમેન્ટ) અને એ સિવાય અન્ય હસ્તલિખિત સામગ્રી જે કોઈ પણ ઉદ્દેશથી હાથથી લખાયેલી હોય કે જે મુદ્રિત ન હોય. હાથથી લખેલું લખાણ પછી ભલે ને તે કાગળ પર લખાયેલું હોય, કે માટી, પથ્થર, ધાતુ, લાકડું, ભૂર્જપત્ર, તાડપત્ર કે અન્ય પરિપાટી ઉપર લખાયું હોય. આ હસ્તપ્રતોમાં છાપવા આપતાં પહેલાંનાં તમામ લખાણોનો સમાવેશ કરી શકાય.

આ હસ્તપ્રતોમાં આપણા ઋષિ-મહર્ષિઓ, સાધુ-સાધ્વીજી ભગવંતોના ઉપદેશ અથવા અલૌકિક દર્શન સંગ્રહાયેલ છે. આ જ્ઞાન-વારસાને કારણે ભારતને જગત્ગુરુના નામથી ઓળખવામાં આવતો હતો, જે આપણા માટે ગૌરવ સમાન બીના હતી. આ પ્રાચીન ધરોહરને આપણા પૂર્વજોએ અનેક સંકટોનો સામનો કરીને, વિદેશીઓનાં આક્રમણો સહીને, કુદરતી આપત્તિઓથી, જીવ-જંતુઓથી બચાવીને આપણા સુધી સુરક્ષિત પહોંચાડી છે અને એટલે આપણી પણ ફરજ બને છે કે આ પ્રાચીન જ્ઞાન-વારસાને આવનારી પેઢીઓ સુધી સુરક્ષિત પહોંચાડવો. આ હેતુ-ધ્યેયને ધ્યાનમાં રાખીને આપણા પૂર્વજો-શ્રેષ્ઠીઓએ અનેક જ્ઞાનભંડારોનું નિર્માણ કરીને, જ્ઞાનને વ્યવસ્થિત સાચવ્યું છે જે ગૌરવપ્રદ અને સરાહનીય છે.

**જૈન જ્ઞાનભંડારો** : આચાર્ય શ્રી દેવર્ધિગણિક્ષમાશ્રમણે ગ્રંથલેખનનો પ્રારંભ કરાવ્યા બાદ આચાર્ય ભગવંતોની પ્રેરણાથી રાજર્ષિઓએ, મંત્રીશ્રીઓએ તેમજ ધનાઢ્ય શ્રાવકોએ હસ્તપ્રતો લખાવીને ગ્રંથભંડારોની સ્થાપના કરેલી છે. પઠન-પાઠન માટે ગુરુ ભગવંતોને ગ્રંથ વહોરાવવાનું પુણ્યકામ ગણાય છે. તેથી જૈન સંપ્રદાયમાં આ જ્ઞાનપ્રવૃત્તિના કાર્યને ઉત્તેજન આપવામાં આવ્યું છે. હસ્તપ્રતો લખાવવાનું કામ ધનાઢ્ય શ્રાવકોને માટે ગૌરવપ્રદ લેખાતું.

સોલંકી સુવર્ણયુગમાં સેંકડો ગ્રંથોની રચના તથા લેખનાદિ પ્રવૃત્તિ ખૂબ જ પ્રમાણમાં વિકસેલી જણાય છે. તે સમયમાં રચાયેલું સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સાહિત્ય મળી આવે છે. તેરમા સૈકામાં થઈ ગયેલા ગુજરાતના પ્રસિદ્ધ મંત્રી જ્ઞાનપ્રેમી શ્રી વસ્તુપાલે અઢાર કરોડ રકમ ખર્ચીને પાટણ, ખંભાત અને ધોળકા સ્થળે ગ્રંથભંડારો સ્થાપ્યા હતા. મહારાજા કુમારપાળે ૨૧ જ્ઞાનભંડારોની સ્થાપના કર્યાની નોંધ આચાર્ય હેમચંદ્રાચાર્યરચિત 'કુમારપાલ પ્રબંધ'માં મળે છે.

**ગુજરાતના જ્ઞાનભંડારો** : ગુજરાતના જ્ઞાનભંડારો મહત્ત્વના અને સમૃદ્ધ જ્ઞાનભંડારો છે. કોબા, પાટણ, ખંભાત, લીંબડી, નડિયાદ, અમદાવાદ, સૂરત, પાલનપુર, રાધનપુર, વડોદરા, ડભોઈ, માંગરોળ, કોડાઈ ઇત્યાદિ.

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર, કોબા : આ જ્ઞાનમંદિરમાં બે લાખ કરતાં અધિક હસ્તપ્રતો, ત્રણ હજાર જેટલી તાડપત્રીય પ્રતો અને દોઢ લાખ કરતાં અધિક પ્રકાશનો છે.

હસ્તપ્રતોની વિશેષતા સમી દ્વિપાઠ, ત્રિપાઠ અને પંચપાઠયુક્ત હસ્તપ્રતો પણ જોવા મળે છે. તાડપત્રીય ગ્રંથોમાં પ્રાચીન પ્રત 'શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર' અંદાજિત ૧૦મી સદીની છે. કાગળની જૂનામાં જૂની પ્રાચીન પ્રત વિ. સં. ૧૪૦૩ની મળે છે. આગમ, ન્યાયદર્શન, કાવ્ય, સાહિત્ય, વ્યાકરણ, કોશ, જ્યોતિષ, વાસ્તુશાસ્ત્ર, મંત્ર-તંત્ર, શિલ્પ, કલા, સ્થાપત્ય, આયુર્વેદ ઇત્યાદિ વિષયોને આવરી લેતી જુદા જુદા સમયગાળાની હસ્તપ્રતો ઉપલબ્ધ છે.

લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ : આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ.સા.ની પ્રેરણા અને શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ દલપતભાઈ પરિવારના આર્થિક સહયોગથી વિજયાદશમી વિ. સં. ૨૦૧૩ના રોજ મુનિશ્રી પુણ્યવિજયજી મ.સા.ની ૯૦૦૧ બહુમૂલ્ય પ્રતોની ભેટથી લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિરની અમદાવાદમાં સ્થાપના થઈ હતી. આ ગ્રંથભંડારમાં અંદાજે ૬૫ હજાર જેટલા હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ છે.

ભોળાભાઈ જેશીંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન (ભો. જે. વિદ્યાભવન) : ભો. જે. વિદ્યાભવનના હસ્તપ્રતસંગ્રહમાં કાગળ પર લખાયેલ સંસ્કૃત, પ્રાકૃત, અરબી-ફારસી, ઉર્દૂ, અપભ્રંશ વગેરે ભાષાના ૧૬૦૦૦ જેટલા હસ્તપ્રત ગ્રંથો છે. તેમાં તાડપત્રીય ગ્રંથોનો પણ સમાવેશ થયેલો છે.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય : ગૂજરાત વિદ્યાપીઠમાં જૈન નાગરી, દેવનાગરીમાં લખાયેલી સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી અને હિન્દી ભાષામાં આગમ, વિધિવિધાન, આચાર, કર્મ, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, જ્યોતિષ ઇત્યાદિ વિષયોની ૬૯૧ પ્રતોનો સંગ્રહ છે.

અમદાવાદના અન્ય ભંડારોમાં પંડિત રૂપવિજયજીગણિ જ્ઞાનભંડાર, પં. શ્રી વીરવિજય જૈન ઉપાશ્રય ટ્રસ્ટ જ્ઞાનભંડાર, વિજયદાનસૂરિ જ્ઞાનભંડાર, વિજયનેમસૂરિ જ્ઞાનભંડાર, સંવેગી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર, વિજયસુરેન્દ્રસૂરિ જૈન જ્ઞાનભંડાર ઇત્યાદિ જ્ઞાનભંડારોમાં વિવિધ વિષયોની હસ્તપ્રતો ઉપલબ્ધ છે. ગુજરાતના જ્ઞાનભંડારોમાં પાટણ, ખંભાત, પાલનપુર, રાધનપુર, ખેડા, છાણી, વડોદરા, પાદરા, ડભોઈ, ભરૂચ, સૂરત વગેરેમાંથી પાટણ અને ખંભાતના જ્ઞાનભંડારો સવિશેષ મહત્ત્વના છે.

પાટણના જ્ઞાનભંડારો : પાટણના જ્ઞાનભંડારો વિશ્વપ્રસિદ્ધ છે. આ ભંડારોએ દેશ-વિદેશના વિદ્વાનોને આકર્ષ્યા છે. કર્નલ ટોડે તેમના પુસ્તક 'રાજસ્થાનનો ઇતિહાસ'માં આ ગ્રંથોની માહિતીનો ઉપયોગ કર્યો હતો. પાટણના લગભગ બધા જ હસ્તપ્રતભંડારોને શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરની સ્થાપના થતાં તેમાં સમાવી લેવામાં આવ્યા. પાટણના અઢાર જેટલા જ્ઞાનભંડારોમાં સચવાયેલી અમૂલ્ય જ્ઞાનસંપત્તિમાં હજારો કાગળ પર લખાયેલી તેમજ સેંકડો તાડપત્રો પર લખેલી હસ્તપ્રતોનો સમાવેશ થાય છે.

ખંભાતના જ્ઞાનભંડારો : મુખ્ય ચાર ગ્રંથભંડારો પૈકી શાંતિનાથનો ભંડાર ગુજરાત અને રાજસ્થાનના સૌથી પ્રાચીન અને મૂલ્યવાન હસ્તભંડારો પૈકીનો એક છે. આ ભંડારોમાં તાડપત્ર પર લખાયેલી ૧૨મા, ૧૩મા અને ૧૪મા સૈકાની હસ્તપ્રતો મળે છે. પાટણ અને જેસલમેરની જેમ

ખંભાતે પણ સંશોધકો અને વિદ્વાનોને આકર્ષ્યા છે. વિક્રમના અઢારમા સૈકામાં થઈ ગયેલા સુપ્રસિદ્ધ જૈનાચાર્ય અને કવિ શ્રી જ્ઞાનવિમલસૂરિએ સંસ્કૃત અને ગુજરાતીમાં અનેક રચનાઓ કરી છે. શ્રી યશોવિજયજીની કેટલીક કૃતિઓ ઉપર તેમણે બાલાવબોધ અથવા ગુજરાતી ગદ્ય ટીકાઓ રચેલી છે જેનો આજે પણ વિદ્વાનો અભ્યાસ કરે છે. જ્ઞાનવિમલસૂરિનું સાચું સ્મારક સક્કરપરામાં આવેલી પગલાંવાળી દહેરી નહિ, પરંતુ એમના નામનો જ્ઞાનવિમલસૂરિ ગ્રંથભંડાર જ તેમનું એક વિશિષ્ટ અને ગૌરવભર્યું સ્મારક કહી શકાય.

શ્રી ભોગીલાલ સાંડેસરાએ ખંભાતના ગ્રંથભંડારો ઉપર આકાશવાણી પરથી આપેલા વાર્તાલાપમાં જણાવ્યું હતું કે ગુજરાત અને રાજસ્થાનમાં જૈનોની ઠીક ઠીક વસ્તીવાળું એક પણ શહેર કે કસ્બો ભાગ્યે જ હશે, જેમાં નાનો-મોટો હસ્તલિખિત ગ્રંથભંડાર ન હોય. આ કથન ઉપરથી ફલિત થાય છે કે જૈનેતરોએ પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવવા જૈન સમાજની તુલનાએ ભાગ્યે જ પ્રયત્ન કર્યો છે.

સૌરાષ્ટ્રમાં આવેલા પાલિતાણા, માંગરોળ, જામનગર, લીંબડી, ભાવનગર, ઘોઘા, વઢવાણ કૅમ્પ વગેરે સ્થળોએ આવેલા જ્ઞાનભંડારોમાં લીંબડીનો જ્ઞાનભંડાર સવિશેષ મહત્ત્વનો છે. એમાં અભ્યાસ કરી શકાય એવી ૩૫૦૦ કરતાં પણ વધુ પ્રતો છે. આ સંગ્રહમાં વિક્રમના પંદરમા સૈકા સુધીની ઘણી અગત્યની પ્રતો છે. સુવર્ણાક્ષરી પ્રતો તેમજ સુવર્ણાક્ષરી ચિત્રો સાથેનું કલ્પસૂત્ર વગેરે મહાન ગ્રંથો અહીં વિદ્યમાન છે.

જેસલમેરના જ્ઞાનભંડારો : જેસલમેરમાંના પહાડ પર આવેલ કિલ્લામાં રાજાનો મહેલ છે તેમજ જૈનોએ બંધાવેલાં આઠ શિખરબંધ મંદિરો છે જેને અતિ ભવ્ય કલાનાં ધામો કહી શકાય. આવાં કલાધામો વચ્ચે વિશ્વવિખ્યાત જૈન ભંડારો જેને જ્ઞાનતીર્થો કહી શકાય એવા ૧૦ ભંડારો આવેલા છે. આ જ્ઞાનભંડારોમાં અંદાજે બારથી તેર હજાર જેટલી હસ્તપ્રત ગ્રંથસંખ્યા છે. આમાં મહત્ત્વના તાડપત્રીય ગ્રંથોનો પણ સમાવેશ થયેલો છે.

આ ઉપરાંત બીકાનેર, બાડમેર, નાગોર, પાલી, જાલોર, મુંડારા, રતલામ, ઉદેપુર, હોશિયારપુર, આગ્રા, શિવપુરી, કાશી, બાલુચર, કૉલકાતા વગેરે સ્થળોએ પણ જ્ઞાનભંડારો આવેલા છે.

**હસ્તપ્રતભંડારોની વિશેષતાઓ :**

જૈન જ્ઞાનભંડારો એ ભારતીય સંસ્કૃતિમાં વારસાના સાચા સંરક્ષકો છે. આ જ્ઞાનભંડારોના કારણે જ આપણે આપણી પ્રાચીન સંસ્કૃતિની સાચી ઓળખ મેળવવા ભાગ્યશાળી થયા છીએ. એક હજાર વર્ષનો સળંગ ઇતિહાસ આપણને ભંડારોમાં સંગ્રહાયેલી હસ્તપ્રતોને કારણે જાણવા મળે છે તેમજ હસ્તપ્રતોમાં સચવાયેલી જ્ઞાનવારસાની વિશેષતાઓ પણ જોવા મળે છે.

બિનસાંપ્રદાયિકતાનું દર્શન : ચાવડા વંશના પહેલા રાજા વનરાજે ઈ. સ. ૭૪૫-૪૬માં અણહિલવાડ પાટણ વસાવ્યું હતું અને ત્યારે પાટણ ગુજરાત રાજ્યની રાજધાની હતું. તે સમયથી તે આજ સુધી આ પાટણ શહેર ગુજરાતના જૈન ધર્મનું મુખ્ય અને મહત્ત્વનું મથક રહ્યું છે.

મધ્યકાલીન સમયના ૧૧મા, ૧૨મા અને ૧૩મા સૈકામાં તો તે જૈનોનું કેન્દ્રસ્થાન હતું. તે સમયમાં જૈન ધર્મને ઉદાર રાજ્યાશ્રય મળ્યો હતો. તેના લીધે આ આચાર્યો ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ તથા અન્ય વિષયો પર સાહિત્યનું સર્જન કરી શક્યા હતા. જૈન આચાર્યોએ ગુજરાતના પાટનગરમાં તેમજ અન્ય સ્થાનોએ રહીને અનેક વિષયોનું માતબર સાહિત્ય રચ્યું છે. મધ્યકાલીન સાહિત્યમાંથી જૈનોએ રચેલા સાહિત્ય- સંગ્રહ માટે ગ્રંથભંડારો પણ જૈનોએ જ સ્થાપ્યા છે અને એમાં જૈનોએ પોતાના ધાર્મિક સાહિત્ય ઉપરાંત બ્રાહ્મણ અને બૌદ્ધોના સાહિત્ય અને તત્ત્વજ્ઞાનવિષયક ગ્રંથોની હસ્તલિખિત પ્રતો પણ પાટણ, ખંભાત વગેરે ઠેકાણે સચવાયેલી જોવા મળે છે. આ જૈન ભંડારોને લીધે જ જૈન, બ્રાહ્મણો તથા બૌદ્ધોના પ્રાચીન અમૂલ્ય ગ્રંથો અહીંના ભંડારોમાંથી મળી આવે છે. જે અન્ય કોઈ ઠેકાણેથી મળે નહીં તેવા છે. આ ગ્રંથોએ ભારતીય વિદ્વાનો, ઇતિહાસવેત્તાઓ અને ભાષાશાસ્ત્રીઓને આકર્ષ્યા છે, એટલું જ નહીં પરંતુ યુરોપ અને અમેરિકાના વિદ્વાનોએ પણ આ પાટણના ગ્રંથભંડારોમાંથી વસ્તુ-હકીકતો મેળવીને પોતાના સંશોધનને વેગ આપ્યો છે.

ઈ. સ.ના અગિયારમા, બારમા અને તેરમા સૈકામાં પાટણનું રાજકીય મહત્ત્વ ખૂબ જ હતું. તેમજ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના પ્રભાવના કારણે વિદ્યાપ્રવૃત્તિને રાજ્યાશ્રય મળ્યો હોવાને કારણે ખૂબ જ વિદ્યાપ્રવૃત્તિ વિકસી હતી. આ સમયમાં ઇતિહાસ, ધર્મ, નીતિ, તત્ત્વજ્ઞાન સાહિત્ય સંબંધિત ઘણા ગ્રંથોની રચના થઈ હતી. આ ગ્રંથો આપણી સંસ્કૃતિના સંદર્ભે ખૂબ જ મહત્ત્વના પુરવાર થયા છે. જૈનાચાર્યો અને સાધુઓએ જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓ વિકસાવવામાં ઊંડો રસ લીધો હોય તેમ સ્પષ્ટ જણાય છે.

જેસલમેર, ખંભાત, પાટણના કે અન્ય જૈન જ્ઞાનભંડારોમાં જૈન ધર્મ-તત્ત્વજ્ઞાન સંબંધિત સાહિત્ય ખરું જ. આ ફક્ત સાંપ્રદાયિક સાહિત્યનો જ સંગ્રહ નહિ, પરંતુ ભારતીય વ્યાપક સાહિત્યનો જ એ સંગ્રહ સમજવો જોઈએ. આ ભંડારો કાગળ પરની પ્રતિઓના તેમજ તાડપત્રીય ઇતર જ્ઞાનસંગ્રહના સમજવા જોઈએ. મુનિ પુણ્યવિજયજીએ નોંધ્યું છે કે 'આ ભંડારો વૈદિક જૈન અને બૌદ્ધિક ગ્રંથોની ખાણરૂપ ગણવા જોઈએ. આમાં દરેક પ્રકારના સાહિત્યનો સંગ્રહ હોવાથી તે ભારતીય પ્રજાનો અણમોલ ખજાનો છે.'

જૈન જ્ઞાનભંડારોમાં માત્ર જૈન કૃતિઓ જ મળે છે અને તેની સાચવણી કરવામાં આવે છે એવું નથી. આ જ્ઞાનભંડારોમાં જૈન અને જૈનેતર કૃતિઓનો/સાહિત્યનો સમાવેશ કરાયેલો જોવા મળે છે. જૈન ભંડારોમાં જૈન અને અજૈન લેખકો દ્વારા રચિત કૃતિઓ અને જૈન ધર્મ તેમજ અન્ય ધર્મ-સંપ્રદાયોના ગ્રંથો ઉપરાંત જ્ઞાનવિશ્વના વિવિધ વિષયો જેવા કે કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષ, ઇતિહાસ-સંસ્કૃતિ, દર્શનશાસ્ત્ર, વિજ્ઞાન, લલિતકલાઓ વગેરેની હસ્તપ્રતો સંગ્રહાયેલી અને સચવાયેલી છે. જૈન ધર્મ અને દર્શન વિષયના વિપુલ માત્રામાં ગ્રંથોનો સંગ્રહ જોવા મળે છે. પરંતુ અન્ય ધર્મ-દર્શનો કે સાહિત્યના સંગ્રહ પ્રત્યે જૈન સમાજ કે સાધુઓએ સાંપ્રદાયિકતા કે અણગમો દર્શાવ્યાં નથી. વિશેષ તો જૈનેતર સાહિત્યની પ્રાપ્તિ અને અધ્યયન માટે જૈન મુનિભગવંતો તત્પર રહ્યા છે અને પૂરતો સહકાર આપેલો જોવા મળે છે.

જૈન અને જૈનેતર સાહિત્ય ધરાવતા આ ભંડારોનું મુનિ ભગવંતોની પ્રેરણાથી અને ખુશાલીની

સાથે જૈન સંઘોએ જતન અને રક્ષણ કર્યું છે. આજે જૈન ભંડારોમાં અન્ય ધર્મોની પ્રાચીન દુર્લભ એવી હસ્તપ્રતો જેમ કે બૌદ્ધગ્રંથ हेतुबिंदुटीका, तत्त्वसंग्रह, तत्त्वसंग्रहपंजिका અને મોક્ષાંકરકગુપ્તકૃત तर्कभाषा, ચાર્વાક દર્શનનો એકમાત્ર ઉપલબ્ધ ગ્રંથ ભટ્ટ જયરાશિકૃત तत्त्वोपप्लव, રાજશેખરકૃત काव्यमीमांसा વગેરે સંગ્રહાયેલાં છે.[૨]

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજીએ નોંધ્યું છે કે, 'જ્ઞાનભંડારો જૈન સંપ્રદાયના હોઈ કોઈ એમ ન માની લે કે એ ભંડારોમાં માત્ર જૈન ધર્મના જ ગ્રંથો લખાવાતા હશે. પાદવિહારી અને વિદ્યાવ્યાસંગી જૈનાચાર્યો અને જૈન શ્રમણોને દેશ સમગ્રના સાહિત્યની જરૂર પડતી નથી. અનેક કારણોસર દેશભરનું સાહિત્ય એકત્ર કરવામાં આવતું હતું. જૈન ભંડારોમાં પણ જૈનેતર સંપ્રદાયના વિવિધ સાહિત્યવિષયક ગ્રંથો હજારોની સંખ્યામાં વિદ્યમાન છે. અમે એટલું ભારપૂર્વક કહીશું કે જૈન શ્રમણોની પેઠે આટલા મોટા પાયા ઉપર ભારતીય વિશ્વસાહિત્યનો સંગ્રહ પ્રાચીન જમાનામાં ભાગ્યે જ કોઈ ભારતીય જૈનેતર સંપ્રદાયે કર્યો હશે. જૈનેતર સમાજના પોતાના સંપ્રદાયના ભંડારોમાં ભગવદ્‌ગીતા, ઉપનિષદો અને વેદ જેવા માન્ય ગ્રંથોની પ્રાચીન પ્રતો પણ ભાગ્યે જ મળશે.'

સોલંકી સુવર્ણ યુગમાં સાહિત્ય-સમૃદ્ધિનો પ્રશંસનીય વિકાસ થયેલો જણાય છે તેમજ સેંકડો ગ્રંથોની રચના તથા લેખનાદિ પ્રવૃત્તિ પુષ્કળ પ્રમાણમાં વિકસી જણાય છે. તે સમયના સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ સાહિત્યની રચનાઓમાં મહારાજ કર્ણદેવ, સિદ્ધરાજ જયસિંહ, પરમહંસ કુમારપાલ, ભીમદેવ, અર્જુનદેવ વગેરે રાજાઓનાં સંસ્મરણો તેમાં ગૂંથાયેલાં છે તથા તેમના અધિકારીઓ, મંત્રીઓ વગેરેનો નામ-નિર્દેશ પણ તેમાં કરાયેલો છે.

છેલ્લાં બારસો વર્ષોના ગ્રંથોમાં ગ્રંથકારનો વિશેષ પરિચય મળી આવે છે. ગ્રંથોના અંતે લખેલી પ્રશસ્તિઓમાં તેઓએ પોતાની ગુરુપરંપરા દર્શાવી હોય છે. ગ્રંથ કયા નગરમાં રચ્યો, કયા રાજાના રાજ્યમાં રચ્યો, કયા વર્ષે, માસે, મિત્તમાં રચ્યો ? તેમાં સંશોધનાદિ સહાયતા કોણે કરી ? કોની પ્રાર્થના-પ્રેરણાથી રચ્યો ? ગ્રંથનું શ્લોકપ્રમાણ કેટલું છે ? વગેરે ઐતિહાસિક આવશ્યક સામગ્રી એમાંથી મળી રહે છે.

ઐતિહાસિક દર્શન : જૈનાચાર્યોએ રચેલા અને લખાવેલા ગ્રંથોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓમાં ઐતિહાસિક સામગ્રીઓનો અઢળક સંચય થયેલો છે. ગુજરાતના ઇતિહાસની સાધનસામગ્રી જૈન ગ્રંથો, પ્રબંધો, શિલાલેખો, રાસાઓ આદિમાંથી મળે છે તેનું અતિશય મૂલ્ય છે. પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓનો અભ્યાસ જેટલો અને જેવો થવો જોઈએ તેટલો થયો નથી. પ્રશસ્તિઓ અને હસ્તલિખિત ગ્રંથોના અંત- ભાગે પ્રસિદ્ધ થયેલી પુષ્પિકાઓમાં આપણા ઇતિહાસલેખનમાં ઉપયોગી તેમજ નાનાં-મોટાં ગામ-નગરો અને દેશો તથા ત્યાંના રાજાઓ, આત્માઓ, શ્રેષ્ઠીઓ, શાહુકારો, કુળો, જ્ઞાતિઓ, કુટુંબો અંગે રસપ્રદ હકીકતો મળે છે.

ખંભાતના શાન્તિનાથ તાડપત્રીય ભંડારમાં ક્રમાંક ૨૧૪માં વિ. સં. ૧૨૧૨માં લખેલી શ્રી શાંતિસૂરિકૃત પ્રાકૃત 'પૃથ્વીચંદ્રચરિત્ર'ની તાડપત્રીય પ્રતિના અંતની પુષ્પિકામાં लाटदेश मंडल महीद मुनयो रत्नशाल આ પ્રમાણે મહી નદી અને દમણના વચલા પ્રદેશને લાટદેશ તરીકે જણાવ્યો છે.

ધર્મોપ્રદેશમાલાનું વિવરણ જયસિંહસૂરિએ સં. ૯૧૫માં ભોજદેવ (પ્રતીહાર) મહારાજાના રાજ્ય નાગપુરમાં રચ્યું હતું.

કવિ ઋષભદાસકૃત 'હીરવિજયસૂરિરાસ'માંથી મોગલ કાળનો કેટલોક ઇતિહાસ પ્રાપ્ત થાય છે. સમકાલીન પ્રજાજીવનનાં કેટલાંક પાસાંઓ પણ ગૂંથાયેલાં જોવા મળે છે.

ધર્મોભ્યુદય મહાકાવ્યની સં. ૧૨૯૦માં લખાયેલી તાડપત્રીય પ્રતિ શાંતિનાથના ભંડારમાં પ્રાપ્ય છે. મંત્રી વસ્તુપાલે પોતાના ગુરુ વિજયસેનસૂરિના ઉપદેશથી શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. એના ઐતિહાસિક વૃત્તાંત સાથેનું ધર્મકથાઓને વણી લેતું એ સંસ્કૃત કાવ્ય છે. આ કાવ્યની વસ્તુપાલે પોતાના સ્વહસ્તે કરેલી નકલ આ ભંડારમાં સચવાયેલી છે. આ વસ્તુ એક ઐતિહાસિક સ્મારક જેવી મહત્ત્વની બીના છે. ગ્રંથો ઉપરાંત ગ્રંથોની પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ પણ વિવિધ રીતે ઉપયોગી છે. કેટલીયે હસ્તપ્રતો ગુજરાતના ચૌલુક્ય અને વાઘેલા રાજાઓના સમયમાં લખાયેલી છે. તે રાજ્યો તથા એમના અધિકારીઓ વિશેના વર્ષવાર ઉલ્લેખો, જે ગામમાં કે નગરોમાં લખાઈ તેની નોંધ એમાં મળે છે. કેટલીક પુષ્પિકાઓ સ્વતંત્ર કાવ્ય જેવી લાંબી હોય છે અને તેમાં એ ગ્રંથ લખાવનાર વસ્તુની અનેક પેઢીઓનો વૃત્તાંત દર્શાવ્યો હોય છે. ગુજરાતના સામાજિક અને ધાર્મિક ઇતિહાસ માટે આ પુષ્પિકાઓ અનેકવિધ મૂલ્ય ધરાવે છે.

સાહિત્યિક દર્શન : ગ્રંથો લખાવવામાં અને તેનું સંરક્ષણ કરાવવામાં, તેનાં પઠન-પાઠનમાં, વ્યાખ્યાનો દ્વારા તેનો સદુપયોગ કરાવવામાં પરોપકારી જૈનાચાર્યો અને જૈન સાધુઓના સદુપદેશે બહુ મોટું પ્રદાન કર્યું છે. તેઓએ માત્ર જૈનાગમોના ગ્રંથો જ લખાવ્યા નથી, પરંતુ ઉપયોગી દરેક વિષયનાં પુસ્તકો લખાવ્યાં છે. તેના સંગ્રહો અનેક સ્થળોએ કરાવ્યા છે. તેમણે નવીન ગ્રંથોની રચના કરાવ્યા ઉપરાંત પ્રાચીન ગ્રંથો ઉપર વ્યાખ્યાનાદિ પણ રચ્યાં હતાં. આ પ્રમાણે સમાજ ઉપર એમનું ખૂબ જ ઋણ રહેલું છે.

મંત્રીશ્વર વસ્તુપાળે 'નરનારાયણાનંદ મહાકાવ્ય' રચ્યું હતું. જે ગાયકવાડ પ્રાચ્ય ગ્રંથમાળામાં (નં-૨માં) પ્રકાશિત થઈ ગયું છે. તેના અંતિમ સર્ગમાં તેણે પોતાનો પરિચય આપ્યો છે. તેમની પ્રાર્થના-પ્રેરણાથી નરચંદ્રસૂરિએ 'કથારત્નસાગર', નરેન્દ્રપ્રભસૂરિએ 'અલંકાર મહોદધિ', બાલચંદ્રસૂરિએ 'કરુણાવજ્ર યુદ્ધ નાટક' જેવા અનેક ગ્રંથોની રચના કરી હતી. મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલના યશસ્વી જીવનને ઉદ્દેશી તેમના સમકાલીન અનેક મહાકવિઓએ મહાકાવ્યો, નાટકો અને પ્રશસ્તિઓ રચ્યાં હતાં. કવિ સોમેશ્વરે 'કીર્તિકૌમુદી', અરિસિંહે 'સુકૃતસંકીર્તન', ઉદયપ્રભસૂરિએ 'સુકૃતકીર્તિ કલ્લોલિની' અને બાલચંદ્રસૂરિએ 'વસંતવિલાસ મહાકાવ્ય' તથા નરચંદ્ર અને નરેન્દ્રપ્રભસૂરિએ પ્રશસ્તિઓ રચેલી છે. મુસ્લિમ યુગમાં - અલાવદીનના સમયમાં ઠક્કુર ફેરુ જેવા વિદ્વાને રચેલા 'વાસ્તુશાસ્ત્ર શિલ્પગ્રંથ' તથા બીજા કેટલાક ગ્રંથો મળે છે.

પાટણના શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડારમાં માત્ર જૈન જ નહિ પણ બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મની અતિશય કીમતી હસ્તલિખિત પ્રતો પણ જોવા મળે છે. જૈનોના આગમોના પવિત્ર સાહિત્યની પ્રતોની દૃષ્ટિએ તો આ ભંડારો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આગમ સાહિત્યમાં ચૂર્ણિઓ, અવચૂર્ણિઓ તથા અન્ય

પુષ્કળ ટીકાસાહિત્યનો પણ સમાવેશ થાય છે. જૂની ગુજરાતી ભાષાનું સાહિત્ય પણ આ ભંડારોમાં સારી રીતે સચવાયેલું છે.

**જૈન જ્ઞાનભંડારો અને સાહિત્યનાં કેન્દ્રો** : જૈન જ્ઞાનભંડારોમાં વિપુલ સાહિત્યસામગ્રી ઉપલબ્ધ હોવાના કારણે કેટલાક જ્ઞાનભંડારો અધ્યયન-અધ્યાપનનાં કેન્દ્રો બન્યાં હતાં. કાશ્મીરમાં પ્રાચીન સરસ્વતી ભંડાર હતો. ઉજ્જયિની (માળવા), પાટલિપુત્ર (પટણા) વગેરે સ્થળો પ્રાચીન સમયમાં વિદ્યાનાં કેન્દ્રો બન્યાં હતાં. માળવાના મહારાજા સાહસિક વિક્રમાદિત્ય, મુંજ અને ભોજના વિદ્યાપ્રેમે અનેક ગ્રંથોની રચના કરાવી હતી. અનેક વિદ્વાનોને ઉત્તેજન-પ્રેરણા-પ્રોત્સાહનો મળ્યાં હતાં.

ગુજરાતમાં પાટણ, ખંભાત, પાલનપુર, વિજાપુર, અમદાવાદ વગેરે જૈન અને જૈનેતર સાહિત્ય અને શિક્ષણનાં કેન્દ્રો તરીકે રહ્યાં હતાં. તેથી આ સ્થળો ઘણી હસ્તપ્રતોનાં સર્જન, લેખન અને સંરક્ષણનાં કેન્દ્રો તરીકે પણ પ્રખ્યાત રહ્યાં છે. આ બધા જૈન જ્ઞાનભંડારોમાં જૈન બાળકો તથા સાધુ-સાધ્વી ભગવંતોને શિક્ષણ પણ આપવામાં આવતું હતું. આજે પણ કેટલાક જ્ઞાનભંડારો તેમજ ઉપાશ્રયમાં જૈન ધર્મ-તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવાની પ્રથા ચાલુ છે. ઉદાહરણ તરીકે હેમચંદ્રાચાર્યની પૌષધશાળામાં અનેક શિષ્યો રહેતા હતા. 'પ્રભાવકચરિત્ર'ની હસ્તપ્રતના એક ચિત્રની નીચે 'पंडित छात्रान व्याकरणमं पाठयति' એમ લખેલું છે.

**ચિત્રકળા દર્શન** : સચિત્ર જૈન કાગળ પરની હસ્તપ્રતો અને તાડપત્રીય હસ્તપ્રતો જૈન ચિત્રકળાનો પ્રારંભ ક્યારથી શરૂ થયો અને તેનો ક્રમિક વિકાસ કેવી રીતે થયો તેના માટે મહત્ત્વનો આધારસ્તંભ છે. ગુજરાતી જૈન ચિત્રકળા અને ગુજરાતના જૈન ભંડારોમાં સંગૃહીત સચિત્ર હસ્તપ્રતોની સમૃદ્ધિને સારાભાઈ નવાબે તેમના પુસ્તક 'જૈન ચિત્રકલ્પદ્રુમ' (૧૯૩૫) અને ઉમાકાન્ત પી. શાહે 'Treasurers of Jain Bhandaras' (૧૯૭૮)માં દર્શાવવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે.

જૈન કલ્પસૂત્રોના હાંસિયાની ચિત્રસામગ્રી વિશેષ ધ્યાન ખેંચે છે. 'હાંસિયાની એ અપૂર્વ કલાસમૃદ્ધિને દુનિયા આગળ રજૂ કરવાનું માન આ 'જૈન ચિત્રકલ્પદ્રુમ'ના સંપાદક શ્રી સારાભાઈ નવાબને જ છે. જે નમૂના તેમણે પ્રાપ્ત કરી પ્રગટ કર્યા છે તે માટે કળાના ઇતિહાસમાં તેમનું માન અને સ્થાન કાયમ માટે સ્વીકારવાં પડશે. આ હાંસિયાની ચિત્રકળા એ યુગના માનવીઓની સર્જનશક્તિ અને અપ્રતિમ શોભાશક્તિના સંપૂર્ણ પુરાવા છે.'[3]

'સજાવ્યા જૈને રસશણગાર, લતાતમંડપ સમધર્માગાર' કવિ શ્રી ન્હાનાલાલની આ પંક્તિ યથાર્થ એટલા માટે છે કે 'જૈનોએ આ ભૂમિને અને તેની પર્વતમાળાઓને જગતમાં જેની જોડ નથી તેવા કલાના ઉત્તમ નમૂના સમા ભવ્ય પ્રાસાદોથી અલંકૃત કરેલી છે.'[4]

પાટણનાં સુપ્રસિદ્ધ જૈન જ્ઞાનભંડારોમાં વિભિન્ન ગ્રંથોની સચિત્ર નકલો પણ મળે છે. આ ચિત્રો જાણે હમણાં જ દોર્યાં હોય એમ ઘણાં સુંદર લાગે છે. વળી આ ચિત્રો પુસ્તકના વિષયવસ્તુ સાથે પણ સંબંધ ધરાવે છે. આવા એક ચિત્રમાં આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ કુમારપાળ રાજાને બોધ આપતા જણાય છે. એક ચિત્રમાં ૧૧મા-૧૨મા શતકમાં ગુરુ શિષ્યને કેવી રીતે શીખવતા તે દર્શાવેલું છે. પાટણના ભંડારોમાં વિવિધ ચિત્રશૈલીઓમાં દોરેલી ચિત્રકળા ખાસ ધ્યાન ખેંચે છે.

શાંતિનાથના ભંડારમાંની તાડપત્ર ઉપર લખાયેલી હસ્તપ્રતો કાગળનો વપરાશ શરૂ થયો તે પહેલાંની બારમા, તેરમા અને ચૌદમા સૈકાની છે. ગુજરાતની ગ્રંથસ્થ ચિત્રકળાના કેટલાક સૌથી જૂના નમૂનાઓ એ ભંડારની તાડપત્રીય હસ્તપ્રતોમાંથી મળે છે. 'દશવૈકાલિકસૂત્ર લઘુવૃત્તિ'ની સં. ૧૨૦૦માં લખાયેલી હસ્તપ્રતના છેલ્લા પાના પર આચાર્ય હેમચંદ્ર અને રાજા કુમારપાળનું વિખ્યાત ચિત્ર જોવા મળે છે. સં. ૧૧૮૪માં લખાયેલી 'જ્ઞાતાધર્મકથા સૂત્રવૃત્તિ'માં, ચૌદમા શતકમાં લખાયેલ 'કલ્પસૂત્ર'માં, ૧૩મા સૈકામાં લખાયેલા ઉત્તરાધ્યયનસૂત્રમાં - આ સર્વ તાડપત્રીય પ્રતિઓમાં સુંદર ચિત્રો છે. સોળમા-સત્તરમા સૈકાની આસપાસ વિકસેલી ગુજરાતની ગ્રંથસ્થ ચિત્રકળાનો ચારસો વર્ષ પહેલાંનો ઇતિહાસ એમાંથી મળે છે. આ ઉપરાંત રાજસ્થાનના જેસલમેર, જોધપુર, જયપુર, કોટા, ઉદેપુર, વગેરે જૈન ભંડારોમાં જૈન સચિત્ર હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. કસ્તૂરચંદ કાશલીવાલ લિખિત Jaina Grantha Bhandar of Rajasthan (૧૯૬૭)માં બધી વિગતો ઉપલબ્ધ છે. સચિત્ર જૈન હસ્તપ્રતો તાડપત્ર, કાગળ અને કાપડ પર મળી રહે છે.

જૈનચાર્યોને ચાતુર્માસ માટે પ્રાચીન સમયમાં અપાતા વિજ્ઞપ્તિ પત્રોમાં જે તે સ્થળ વિશેનું ચિત્રમય વર્ણન આપવામાં આવતું હતું. આ વિજ્ઞપ્તિ પત્રો ઐતિહાસિક દસ્તાવેજ અને ચિત્રકળાની અધિકૃત માહિતી - એમ બંને માટે ખૂબ જ અગત્યનો સ્રોત છે. પાટણ, આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર કોબા અને એલ. ડી. ઇન્ડૉલોજી - અમદાવાદના ભંડારોમાં વિજ્ઞપ્તિ પત્રો ઉપલબ્ધ છે.

કલ્પસૂત્રની પ્રતોમાં સુવર્ણાક્ષરી શાહીથી દોરેલાં ચિત્રો આજે પણ એટલાં જ તેજસ્વી લાગે છે.

**લિપિકળા દર્શન** : લિપિકળાનો અભ્યાસ-સંશોધન કરવા માટે જૈન ભંડારોમાં સંગૃહીત હસ્તપ્રતો ખૂબ જ ઉપયોગી છે. આપણી પ્રાચીન બ્રાહ્મી અથવા વર્તમાન દેવનાગરી, ગુજરાતી આદિ લિપિઓનો વિકાસ કેમ થયો અને એમાંથી ક્રમે ક્રમે આપણી લિપિઓનાં વિવિધ રૂપો કેમ સર્જાયાં એ જાણવા અને સમજવા માટે આ જ્ઞાનભંડારોમાંની જુદા જુદા પ્રદેશોના લેખકોના હાથે સૈકાવાર જુદા જુદા મરોડ અને આકારમાં લખાયેલી પ્રતિઓ ઘણી જ ઉપયોગી છે. પાટણ, ખંભાત, જેસલમેર આદિના ગ્રંથસંગ્રહોમાં રહેલી આ બધી પ્રાચીન-અર્વાચીન હસ્તપ્રતિઓ ભારતીય બ્રાહ્મી લિપિમાંથી દેવનાગરી સુધીના ક્રમિક વિકાસના અભ્યાસ-સંશોધન માટે ઘણી જ ઉપયોગી છે, અનિવાર્ય છે. જૈન ભંડારોમાં સચવાયેલી દશમા શતકથી તે અર્વાચીન સમય સુધીની હસ્તપ્રતોમાંથી લિપિવિકાસનો સુરેખ આલેખ દોરી શકાય તેમ છે.

**પ્રશસ્તિઓ અને પુષ્પિકાઓ** : જ્ઞાનભંડારોમાં સંગૃહીત હસ્તપ્રતગ્રંથોના અંતભાગે લખાયેલી ગ્રંથકાર અને ગ્રંથલેખકોની પ્રશસ્તિઓમાં જે વિવિધ વિગતો સાંપડે છે તેમાંથી સામાજિક, સાહિત્યિક ઐતિહાસિક ઇત્યાદિ વિગતો મળી શકે છે. ઘણા ગ્રંથોના અંતમાં ગ્રંથ લખનાર સદ્ગૃહસ્થના કુટુંબનો, તેમના સત્કાર્યનો ઐતિહાસિક પરિચય, સંસ્કૃત - પ્રાકૃત પ્રશસ્તિના રૂપમાં અથવા ગદ્ય ઉલ્લેખમાં આપેલો હોય છે. એમાં ઘણા જ્ઞાતિ વંશનો ઇતિહાસ સમાયેલો છે. નાનાં-મોટાં ગામ-નગરો-દેશો તથા ત્યાંના રાજાઓ, અમાત્યો, તેમની ટંકશાળાઓ, લશ્કરી સામગ્રી, શાહુકારો, કુળો, જ્ઞાતિઓ, કુટુંબો સાથે સંભવિત ઘણી હકીકતો આપને આ પ્રશસ્તિ આદિમાંથી પ્રાપ્ત થશે. પ્રશસ્તિઓ અને

પુષ્પિકાઓમાં જે હકીકતો, વસ્તુઓ અને સામગ્રી સમાયેલી છે તેનું પૃથક્કરણ કરવામાં આવે તો ગુજરાતી ભાષામાં સમૃદ્ધ સાહિત્યનો ઉમેરો થાય.

**કોશ સાહિત્ય** : આપણા જ્ઞાનભંડારોમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ આદિ ભાષાઓનું જે જૈન-જૈનેતર વિપુલ સાહિત્ય વિદ્યમાન છે, તેમાં આપણી પ્રાચીન ભાષાઓના કોશોને સમૃદ્ધ કરવાને લગતી ઘણી જ પર્યાપ્ત સામગ્રી છે. આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યે એમની 'દેશીનામમાલા'માં ઘણા દેશી શબ્દો વિશે નોંધ કરેલી જોવા મળે છે. જો પ્રાચીન હસ્તપ્રતોનું વ્યવસ્થિત અધ્યયન કરીને શબ્દોની તારવણી કરવામાં આવે તો શબ્દભંડોળમાં સુંદર ઉમેરણ થાય તેમ છે.

જૈન ભંડારો વિદ્વાનોના આકર્ષણનું કેન્દ્ર : પાટણ, ખંભાત અને જેસલમેરના ભંડારોએ દેશ-વિદેશના વિદ્વાનો-સંશોધકોને આકર્ષ્યા છે. પાટણના ભંડારોનો અભ્યાસ કરીને કર્નલ ટૉડે તેમના પુસ્તક 'રાજસ્થાનનો ઇતિહાસ'માં આ ગ્રંથોમાંથી અધિકૃત માહિતી મેળવીને ઉપયોગ કર્યો હતો. પાટણના ભંડારની મુલાકાત લેનાર 'રાસમાળા'ના લેખક શ્રી એલેકઝાન્ડર ફોર્બસનો પણ સમાવેશ થાય છે. તેમના પછી સને ૧૮૭૩ અને ૧૮૭૫માં વિદ્વાન ડૉ. જી. બુહલરે પણ મુલાકાતો લીધી હતી.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં મુંબઈ સરકારના આયોજનથી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજ અને પૂનાની ડેક્કન કૉલેજના સંસ્કૃતના પ્રોફેસરોને હસ્તલિખિત ગ્રંથોની શોધ માટે પ્રવાસે મોકલાતા. તેમની શોધખોળોનો અહેવાલ તેઓ સરકારશ્રીને આપતા. આ યોજના અન્વયે પિટર્સન, કિલહોર્ન, ડૉ. આર. જી. ભાંડારકર અને કાથવટેએ સંશોધન-પ્રવાસો કરેલા અને એમના અહેવાલો પ્રસિદ્ધ થયેલા છે.

પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીને વડોદરા રાજ્ય તરફથી સન ૧૮૯૨માં મોકલવામાં આવ્યા હતા. તેઓશ્રીએ નવથી દશ હજાર પ્રતો તપાસી યાદી પણ બનાવેલી. પ્રો. દ્વિવેદી પછી સને ૧૮૯૩ના ડિસેમ્બરમાં પ્રો. પિટર્સન પણ આ જ કામ માટે મુંબઈ સરકાર તરફથી નિમાયા હતા. ત્યારબાદ શ્રી સી. ડી. દલાલે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી અને તેમના શિષ્યોની મદદથી સને ૧૯૧૫માં ભંડારનાં પુસ્તકો જોઈને તેની યોગ્ય નોંધ કરવાના ભગીરથ પ્રયત્નો કરેલા.

આ જ્ઞાનભંડારોના સંગ્રહની પ્રતિઓમાં દશમા શતકથી તે વીસમા શતક સુધીના જ્ઞાનવારસાની કડીબદ્ધ હકીકતો જાણવા મળે છે. આ ગ્રંથભંડારોમાંની પ્રતો દ્વારા સાહિત્યિક, ઐતિહાસિક, લિપિકળા, ચિત્રકળા, કોશસાહિત્ય ઇત્યાદિની સામગ્રી મળી રહે છે. તે આપણા સાંસ્કૃતિક વારસાની ભવ્યતાનાં દર્શન કરાવે છે. જૈન કથાસાહિત્ય આપણા ચાલુ જીવન-વ્યવહાર સાથે સંબંધ ધરાવતી અનેક વસ્તુઓની માહિતી પૂરી પાડે છે. જૈન ભંડારોમાં પણ જૈનેતર સંપ્રદાયના વિવિધ સાહિત્યવિષયક ગ્રંથો હજારોની સંખ્યામાં વિદ્યમાન છે એ એની મોટી વિશેષતા છે.

'બારમાથી ઓગણીસમા સૈકા સુધીનું જે વિપુલ સાહિત્ય આપણને મળે છે તે જૈન સંપ્રદાયે ઊભા કરેલા જ્ઞાનભંડારોને આભારી છે. સ્વાભાવિક રીતે જ એમાં જૈન સાહિત્ય વધારે સચવાયું હોય. પ્રાપ્ત મધ્યકાલીન સાહિત્યમાં જૈન સંપ્રદાયનો હિસ્સો ઘણો મોટો - લગભગ ૭૫ ટકા જેટલો

છે.[૫] હસ્તપ્રત- ભંડારોમાં હસ્તપ્રતના અભ્યાસીઓની રાહ જોતું અઢળક સાહિત્ય પડેલું છે. એમાંથી મધ્યકાલીન સાહિત્યનાં ઘણાં તથ્યો પ્રગટ થાય તેમ છે.

જૈનાચાર્યો અને મુનિઓની જ્ઞાનની સાધના ઉત્તમ પ્રકારની હતી. તેમજ તેમનું સાહિત્યસર્જન પણ એટલું જ ઉચ્ચ કોટિનું હતું એ પાટણ અને અન્ય જ્ઞાનભંડારોના સંગ્રહ પરથી સ્પષ્ટ માલૂમ પડે છે. આના પરિણામે દેશના વિદ્યાધનને જૈન સંઘોએ ભંડારોમાં સુરક્ષિત રાખ્યું તેથી આપણને આપણી સંસ્કૃતિના ભવ્ય વારસાનો સળંગ ઇતિહાસ જાણવા મળે છે.

હસ્તપ્રતોમાં રહેલું સાહિત્ય બહુધા હેતુલક્ષી છે, સાંપ્રદાયિક મહિમા જ્ઞાનસભર છે. છતાં મધ્યકાલીન સાહિત્ય ઐહિક જીવનરસોથી ભરપૂર ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતું સાહિત્ય છે.

## પાદટીપ

૧. Oxford English Dictionary Vol.-IX, p.344.

૨. પ્રજાપતિ મણિભાઈ, 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર', ફાર્બસ ગુજરાતી સભા, ૭૩. ૪ (૨૦૦૮), પૃ. ૧૪-૧૫

૩. સારાભાઈ નવાબ, 'જૈન ચિત્રકલ્પદ્રુમ' ભા-૧, પશ્ચિમ ભારતની મધ્યકાલીન ચિત્રકળા પૃ. ૮

૪. એ જ પૃ. ૨૪.

૫. કોઠારી, જયંત, 'ન વીસરવા જેવો વારસો', मध्यकालीन गुजराती शब्दकोश, પૃ. ૨૦

## સંદર્ભ–સાહિત્ય


૧. 'પૂ. પંન્યાસ શ્રી રમણીકવિજયજી મ.સા.', સાંડેસરા, ભોગીલાલ જ. અને બીજાઓ (સંપાદકો)
'જ્ઞાનાંજલિ' : પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી અભિવાદન ગ્રંથ
વડોદરા, શ્રી સાગરગચ્છ જૈન ઉપાશ્રય, ઈ. સ. ૧૯૬૯

૨. 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા' (જૈન ચિત્રકળા),
રાજકોટ, જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ ટ્રસ્ટ જ્ઞાનખાતું

૩. 'મુનિશ્રી પુણ્યવિજયજી',
શાહ જિતેન્દ્ર (સંપા.)
ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા,
અમદાવાદ, શ્રુતરત્નાકર, ઈ. સ. ૨૦૧૦, રૂ. ૨૫૦/-

૪. પ્રજાપતિ, મણિભાઈ (સંપા.), ग्रंथालयशास्त्रे शिवदर्शनम् (ડૉ. શિવદાનભાઈ એમ. ચારણ અભિવાદન ગ્રંથ),
બાકરોલ, શિવદાન એમ. ચારણ અભિવાદન સમિતિ, ૨૦૧૨,
ISBN-978-81-87471-72-1

21

# વર્તમાન સમયમાં જૈન-સંસ્કારનું મહત્ત્વ

છાયાબહેન શાહ

કહે છે કે, "જીવન સંસ્કૃત કરે તે સંસ્કાર."

જૈન સંસ્કારોના ચાર પ્રકાર છે :

(૧) મૂળભૂત સંસ્કારો – જે જીવન જીવવાની કળા શીખવે છે.

(૨) જીવનશૈલી ઘડનાર સંસ્કારો.

(૩) આધ્યાત્મિક સંસ્કારો.

(૪) સૈદ્ધાંતિક સંસ્કારો.

આ ચારે સંસ્કારો વર્તમાન જગતમાં કેવી રીતે ઉપયોગી છે તેની ચર્ચા આપણે અહીં કરીશું.

**૧. મૂળભૂત સંસ્કારો** : આઠમી સદીમાં પ્રવર્તતા આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબે પોતાના 'ષોડશક પ્રકરણ' ગ્રંથમાં આ મૂળભૂત સંસ્કારોની વાત કરી છે. જેની વર્તમાન સમયમાં ખૂબ આવશ્યકતા છે.

(૧) ઔચિત્ય – ઔચિત્ય એટલે સૌમ્યતા, ભદ્રતા. આ સંસ્કારથી વાણી અને વર્તનમાં વિવેક આવે છે. આવા ઔચિત્યવાળી વ્યક્તિનું સાન્નિધ્ય બીજાને પણ પ્રસન્નતા અર્પે છે. વર્તમાન સમયમાં આ સંસ્કારી વર્તન સુવાસ પાથરી શકે છે. વર્તમાન સમયમાં જ્યારે માનવીનાં વાણી અને વર્તન બન્ને તુચ્છ થતાં જાય છે, ત્યારે આવું ઔચિત્યભરેલું વર્તન માનવીના ઝેરને ઓકાવી હૃદયને પ્રેમથી ભરી શકે છે.

(૨) દાક્ષિણ્યતા – એટલે બીજાની સાથે ભદ્ર વ્યવહાર. આ સંસ્કાર માતાપિતાને બહુમાનપૂર્વક સાચવવાનું, અને વડીલો પ્રત્યે પૂજ્યભાવ રાખવાનું શીખવે છે. વળી પોતાનાં સ્વજનો, સંબંધીઓ

અને મિત્રોને મદદરૂપ થવાનું પણ શીખવે છે. આવા સંસ્કારવાળી વ્યક્તિ બીજાને પ્રોત્સાહન આપે છે. બીજાના અપરાધને ક્ષમા કરી દે છે. આજના સમયમાં દરેક વ્યક્તિ એકબીજા સાથે આવો દાક્ષિણ્યપૂર્વકનો વ્યવહાર આદરે તો સમગ્ર વિશ્વ પ્રેમમય બની જાય. દ્વેષ, ઈર્ષા, સંઘર્ષ બધું જ નાશ પામે. માનવ માનવને ચાહતો થઈ જાય.

(૩) પાપનો ભય – આ સંસ્કાર ખૂબ મહત્ત્વનો છે. વ્યક્તિને પાપનો ભય હોય તો તે વ્યક્તિ ઇચ્છા હોવા છતાં પાપ કરતો અટકી જાય છે, કારણ કે તેને પ્રતિષ્ઠા જવાનો, કાનૂનીય સજા થવાનો કે દુર્ગતિમાં જવાનો ભય લાગે છે. આ ભયનો સંસ્કાર હોય તો વ્યક્તિ અનિચ્છાએ પણ ઇચ્છાઓને, ઇન્દ્રિયોને કાબૂમાં રાખે છે. મનને વશમાં રાખે છે. નબળી પળો વીતી જતાં પોતાની નજરમાં જ પડી જવાના ગુનાથી મુક્ત થવાનો આનંદ પ્રાપ્ત થાય છે. વર્તમાન સમયમાં પાંચ ઇંદ્રિયોના બેફામ ઉપયોગથી વાસના, વ્યભિચાર, હિંસા વગેરેનું સામ્રાજ્ય ઊભું થયું છે, તેને આ 'પાપનો ભય' સંસ્કાર હચમચાવી શકે છે. આ સંસ્કારથી મનુષ્યોનું જીવન સાત્ત્વિક અને શાંતિમય બનાવી શકાય છે.

(૪) ચોથો સંસ્કાર છે નિર્મળબોધ એટલે સદ્ઉપદેશ. સદ્વાંચન સાંભળવાની, વાંચવાની રુચિ. તત્ત્વ જાણવાની જિજ્ઞાસા, સત્યની પ્રતીતિ કરાવનાર શાસ્ત્રજ્ઞાન જાણવાની આકાંક્ષા. આ સંસ્કારથી વ્યક્તિ સાત્ત્વિક બને છે, આધ્યાત્મિક બને છે. સામાન્ય જીવનશૈલીથી થોડો ઉપર ઊઠે છે. સાત્ત્વિક આનંદ માણી શકે છે. આજના સમયમાં જ્યારે માનવી ઉદાસ, વ્યગ્ર અને ઉદ્વિગ્ન બની ગયો છે ત્યારે આ સંસ્કાર તેને શાંતિ આપે છે, આનંદ આપે છે, તેને ભયમુક્ત કરે છે, ટેન્શન મુક્ત કરે છે, તેની જીવનશૈલીને સંતોષી અને સુખી બનાવી દે છે.

(૫) પાંચમો સંસ્કાર છે લોકપ્રિયતા. જે વ્યક્તિમાં ઉપરના ચાર સંસ્કાર હોય તે આપોઆપ લોકપ્રિય બની જાય છે. લોકો તેને અહોભાવથી જુએ છે. તેનું આગમન આવકાર્ય બને છે. તેનો પડ્યો બોલ સહુ કોઈ ઝીલી લે છે. જગતમાં આવા સંસ્કારોવાળી વધુ ને વધુ વ્યક્તિઓ હોય તો તેઓ ઘણાં અનિષ્ટ તત્ત્વોને રોકી શકે છે. સુખ, શાંતિનું સામ્રાજ્ય ફેલાવી શકે છે. જેની વર્તમાન સમયમાં ખૂબ જ જરૂર છે. જૈન ધર્મ આવા મૂળભૂત સંસ્કારોનું સિંચન કરી જીવન જીવવાની કળા શીખવે છે. અર્થવિહીન જીવન જીવતા લોકો માટે આવા સંસ્કારો આશીર્વાદરૂપ બને છે.

**૨. જીવનશૈલી ઘડનાર સંસ્કારો** : જીવન જીવવાની કળાના સંસ્કાર આપ્યા પછી જૈન ધર્મ જીવનશૈલીના સંસ્કાર પણ આપે છે. જીવનશૈલી એટલે રોજિંદા જીવનની શૈલી. આ શૈલી જેટલી સ્વસ્થ હોય, તંદુરસ્ત હોય, વ્યવસ્થિત હોય તેટલું જીવન સફળ બને છે. જૈન ધર્મે આવી ઉમદા જીવનશૈલીના કેટલાક સંસ્કારો બતાવ્યા છે :

(૧) ગૃહસ્થ જીવન છે એટલે આજીવિકા કમાયા વિના ચાલવાનું નથી. તો તે ન્યાયથી ઊપર્જવી.

(૨) ખર્ચ પણ લાવેલા પૈસાને અનુસાર રાખવો.

(૩) જેને ઉચિત ખર્ચ કહેવાય.

(૪) પોતે ઉદ્ભટ નહીં, પણ છાજતો વેશ પહેરવો તેને ઉચિત વેશ કહેવાય.

(૫) વિવાહ સંબંધ ભિન્ન ગોત્રવાળા અને સમાન કુળ તથા આચારવાળા જોડે કરવા જોઈએ એ ઉચિત વિવાહ કહેવાય.

(૬) 'કાળે સાત્મ્યઃ ભોજનં' અર્થાત્ ભોજન નિયત કાળે જ કરવું. કારણ કે ઉદરમાં પાચક રસો નિયમિત જાગે છે. વળી પહેલાંનું ભોજન પતે પછી જ નવું ભોજન કરવું.

(૭) માતાપિતાને ભોજન, વસ્ત્ર, શય્યા, શક્તિ અનુસાર પોતાના કરતાં સવાયાં આપીને ભક્તિ કરવાની.

(૮) પોતાની જવાબદારીવાળા પોષ્યવર્ગનું કુટુંબાદિનું પોષણ કરવું.

(૯) અતિથિ એટલે તિથિ વગર ગમે ત્યારે આવે તેવા મુનિ, સાધુ, સજ્જન ઉપરાંત દીન-હીન, દુઃખી માણસ ઘરે આવી ચઢે તો તેમની યથાયોગ્ય સરભરા કરવી.

(૧૦) બીજાની નિંદા કરવી નહીં કે સાંભળવી નહીં. નિંદા એ મહાન દોષ છે, એથી હૃદયમાં કાળાશ, પ્રેમભંગ વગેરેનું નુકસાન નીપજે છે.

(૧૧) મનમાં ક્યારેય દુરાગ્રહ ન રાખવો. નહીં તો અપકીર્તિ થાય.

(૧૨) અયોગ્ય જગ્યાઓએ જવું નહીં. નહીં તો ક્યારેક ખોટું કલંક લાગે.

(૧૩) દરેક કામમાં પગલું માંડતાં પહેલાં ઠેઠ પરિણામ સુધી નજર પહોંચાડવી. દીર્ઘદૃષ્ટિ રાખવી જેથી પછી પસ્તાવું ન પડે.

(૧૪) હંમેશાં કાર્ય-અકાર્ય, સાર-અસાર, વાચ્ય-અવાચ્ય, લાભ-નુકસાન વગેરેનો વિવેક કરવો તેમજ નવું નવું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો.

(૧૫) સ્વજીવન કે પરજીવન, સર્વત્ર ગુણ તરફ રુચિ રાખવી. દોષ તરફ નહિ. હંમેશાં ગુણના પક્ષપાતી બનવું.

(૧૬) કોઈના થોડા ઉપકારને પણ ભૂલવો નહીં. કૃતજ્ઞ બની ઉપકારનો બદલો વાળવા તત્પર રહેવું.

(૧૭) હૈયું બને તેટલું કૂણું—કોમળ—દયાળુ રાખી, શક્ય તન—મન—ધનથી દયા કરતા રહેવું. ક્યારેય નિર્દય થવું નહીં.

(૧૮) હંમેશાં સત્પુરુષોનો સત્સંગ કરવો, દુર્જનોથી દૂર રહેવું.

(૧૯) આપત્તિમાં ધૈર્ય રાખવું અને સંપત્તિમાં નમ્રતા રાખવી.

(૨૦) બીજાના ગુણોની હંમેશાં પ્રશંસા કરવી.

(૨૧) અતિ નિદ્રા, વિષય-કષાય, વિકથા, પ્રમાદનો ત્યાગ કરવો.

જીવનશૈલી ઘડનાર આ સંસ્કારો જીવનને મઘમઘતું કરે છે. આવા જૈન સંસ્કારો જો વિશ્વવ્યાપી બને, દરેક બાળકને પહેલેથી જ આપવામાં આવે તો વિશ્વભરમાં ચમત્કાર સર્જાઈ જાય. સમગ્ર વિશ્વમાંથી યુદ્ધ – અશાંતિ – ભય – દુઃખ – સંઘર્ષનો નાશ થઈ જાય. કદાચ મનુષ્યનાં દુષ્કૃત્યોથી ક્રોધિત થયેલી કુદરત પણ શાંત થઈ જાય અને પ્રસન્ન બની મનુષ્યનું કલ્યાણ કરે.

**૩. આધ્યાત્મિક સંસ્કારો** : દરેક ભારતીય દર્શનના મહાન પુરુષોએ એ સિદ્ધ કરીને બતાવ્યું છે કે સાચું સુખ 'ત્યાગ'માં જ છે. બાકી બધા સુખાભાસ છે. જૈનદર્શન પણ માને છે કે સંસારમાં

સારી રીતે જીવન વિતાવ્યા પછી આધ્યાત્મિક માર્ગે ડગ ભરવામાં જ સાચું હિત છે. તેથી જ તો અનેક ભૌતિક સુખો પ્રાપ્ય હોવા છતાં બધા જ તીર્થંકર પ્રભુએ ત્યાગનો માર્ગ જ સ્વીકાર્યો. જૈનદર્શને આધ્યાત્મિક માર્ગે જવા માટે પાંચ પ્રકારના સંસ્કારો આપ્યા છે :

(૧) અહિંસા – બીજા જીવોને મન-વચન-કાયાથી હણવા નહીં, મારવા નહીં. જૈનદર્શનની આખી ઇમારત અહિંસાના પાયા પર ઊભી છે. અહીં અત્યંત સૂક્ષ્મ જીવોની હિંસાથી પણ વિરમવાનું છે. દરેકને પોતાનું જીવન પ્રિય છે તેથી કોઈને બીજાને મારવાનો અધિકાર નથી. તેથી બાળપણથી જ બાળકોને આ સંસ્કાર આપવામાં આવે છે કે કંદમૂળ ખવાય નહીં, રાત્રિ-ભોજન થાય નહીં, પર્વતિથિના દિવસે શાકનો ત્યાગ - અહિંસાનો આ જૈન સંસ્કાર અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારવામાં આવ્યો છે. બીજા જીવોને માત્ર હણવા એ જ હિંસા નથી, પરંતુ બીજા જીવોને અભિહયા = લાતે માર્યા હોય, વત્તિયા = ધૂળ વડે ઢાંક્યા હોય, લેસિયા = ભોંય સાથે ઘસાયા હોય, સંઘાઈયા = અરસપરસ શરીરો દ્વારા અફળાવાયા હોય, સંઘટ્ટિયા = થોડો સ્પર્શ કરાયા હોય, પરિયાવિયા = પરિતાપ (દુઃખ) ઉપજાવ્યા હોય, કિલામિયા = ખેદ પમાડ્યા હોય. ઉદ્દવિયા = બિવરાવ્યા હોય તે પણ હિંસા જ છે.

અહિંસાનો આ સંસ્કાર જો અપનાવવામાં આવે તો વર્તમાન યુગમાં પ્રવર્તતી અનેક બદીઓ દૂર થઈ જાય. આજના યુગનાં કેટલાંક અનિષ્ટો જેવાં કે માંસાહાર, પશુઓની કત્લેઆમ, બૉમ્બથી વેરેલો વિનાશ, ખૂન, હત્યા, યુદ્ધ આ બધાંને નષ્ટ કરવાની શક્તિ આ અહિંસાના સંસ્કારમાં રહેલી છે. આ બધું દૂર થતાં આપણે સૌ શાંતિ અને સુખનો અનુભવ પણ કરી શકીશું.

(૨) સત્ય – હિત-મીત-પ્રિય બોલવું તે સત્ય છે. સત્યનો સંસ્કાર અહિંસાના સંસ્કારને પુષ્ટ કરે છે. મહાભારતના પાંડુ પુત્રોએ સત્યમાર્ગને ક્યારેય ન ત્યાગ્યો તો અંતે તેમનો વિજય થયો. પ્રલોભનો આવે તોપણ અસત્યનો સાથ ન લેવો. મૃષાવાદનો ત્યાગ કરવો. વર્તમાન યુગમાં આ સંસ્કાર પણ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે. જૂઠાં વચનો, જૂઠી વાતો, જૂઠાં ભાષણો વગેરે નર્યો મૃષાવાદ છે. સત્યનો સંસ્કાર આ બધું છોડાવે છે. સરળતા અર્પે છે.

(૩) અચૌર્ય – 'અદત્તાદાન' = નહીં આપેલું લેવું નહીં તે અચૌર્યનો સંસ્કાર છે. અચૌર્યનો સંસ્કાર ઘણાં અનિષ્ટોથી બચાવે છે. ચોરી કરનાર વ્યક્તિ આબરૂ ગુમાવે છે, કાનૂનીય સજા મેળવે છે, એનું આખું કુટુંબ દુઃખી થાય છે. આ જૈન સંસ્કાર આજના સમયમાં ઘણું પરિવર્તન લાવી શકે છે. આજે થતી કરચોરી, માલમાં ભેળસેળની ચોરી, નેતા દ્વારા થતી સંપત્તિની ચોરી, લૂંટફાટ બધું જ અચૌર્યનો સંસ્કાર દૂર કરી શકે છે.

(૪) વ્યભિચાર ત્યાગ – આ સંસ્કાર શીખવે છે કે વ્યક્તિએ સંયમમાં રહેવું જોઈએ. ઇચ્છાઓને અંકુશમાં રાખવી જોઈએ, બીજાનું શોષણ ન કરવું જોઈએ. આજે જ્યારે વ્યભિચાર વકર્યો છે, બળાત્કારના કિસ્સાઓ વધતા જાય છે, સ્ત્રીવર્ગ અસલામત છે, ત્યારે આ સંસ્કાર માનવીની અશુભ વૃત્તિઓને કાબૂમાં રાખી શકે છે. ઘણાં અનિષ્ટોને નષ્ટ કરી નાખી શકે છે.

(૫) અપરિગ્રહ : ગાંધીજી જૈનોના આ સંસ્કારથી ખૂબ જ પ્રભાવિત હતા. તેમણે આ સંસ્કારનું આચરણ પણ કરેલું. પરિગ્રહ જ સર્વ પાપોનું મૂળ છે. જીવનજરૂરિયાત સિવાયની વસ્તુઓને પ્રાપ્ત

કરવા જે સંઘર્ષો થાય છે તે વિનાશ સર્જે છે. માટે જીવવા માટે જોઈએ તે ઉપરાંત ઇચ્છાઓનો ત્યાગ કરવો જોઈએ. જૈન સાધુજીવન આ સંસ્કારની પરાકાષ્ઠા છે. વર્તમાન સમયમાં આ સંસ્કાર અપનાવવામાં આવે તો એક સ્વસ્થ સમાજનો જન્મ થાય. પોતાના કુટુંબના તથા આશ્રિતોના જીવનવ્યવહાર જેટલું રાખી, ઉપરના દ્રવ્યને જો બીજાના શ્રેય માટે વાપરવામાં આવે તો સમાજમાં કલ્યાણ પ્રવર્તે.

**૪. સૈદ્ધાંતિક સંસ્કારો** : જૈન સિદ્ધાંત 'અનેકાંતવાદ' એ એવો અમૂલ્ય સંસ્કાર છે કે જે સર્વત્ર સુખ, શાંતિ, મૈત્રીનો ઉજાસ પાથરી શકે છે.

અનેકાંતવાદ એટલે 'વસ્તુનું જુદા જુદા દૃષ્ટિબિંદુથી કથન કરવું. એક જ વસ્તુના દેખીતી રીતે વિરોધી દેખાતા ગુણો, પણ વાસ્તવિક રીતે તેમાં રહેલા અવિરોધીપણાનો પ્રામાણિક સ્વીકાર કરવો.' જેવી રીતે એક જ પુરુષ કોઈનો પિતા, કોઈનો પુત્ર, કોઈનો સાળો, કોઈનો બનેવી હોઈ શકે. આ બધા વિરોધી દેખાતા હોવા છતાં બધા જ દૃષ્ટિકોણથી જોતાં સાચા છે. આમ વાસ્તવિક અવિરોધીપણાનું ગવેષણ કરી તે વિચારોનો સમન્વય કરી આપે તે અનેકાંતવાદ અથવા સ્યાદ્‌વાદ છે. આ એક અદ્‌ભુત સંસ્કાર છે જે વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી છે. કારણ કે (૧) અનેકાંતવાદના આ સિદ્ધાંતથી સહિષ્ણુતા પેદા થાય છે (૨) બનાવ, વસ્તુ કે વ્યક્તિ વિશે બધા જ દૃષ્ટિકોણથી વિર્ચારધારા થાય છે. તેથી અનેકાંતવાદ સંઘર્ષોને ટાળી અમૃતમય જીવન અર્પે છે. (૩) અનેકાંતવાદ વિગ્રહો, સંઘર્ષો અને અશાંતિને મિટાવી નમ્રતા, વિવેક, અહિંસા, મિત્રતા, ધૈર્ય, બંધુત્વ વગેરે અનેક ગુણો ખીલવી શકે છે. (૪) નવું દિશાસૂચન આપી વિશ્વશાંતિ, મૈત્રી લાવી શકે છે. (૫) સમાજની વિષમતા દૂર કરી સમગ્ર માનવજીવનને આશીર્વાદરૂપ બની શકે છે. (૬) અસહિષ્ણુતા, દંભ, ઈર્ષા, હિંસા જેવા દોષોને દૂર કરી શકે છે.

વર્તમાન સમયમાં તો આ સ્યાદ્‌વાદનું ઘણું મૂલ્ય છે. આજે એ વિચાર-આચારમાં અનેકાંતવાદને અનુસરવામાં આવે તો કલ્યાણ રાજ્યને વાસ્તવિક બનાવી શકાય. અનેકાંતવાદની જેટલી પ્રશસ્તિ કરીએ તેટલી ઓછી છે.

જૈન સંસ્કારો અંગે પાશ્ચાત્ય અને ભારતીય વિદ્વાનોના અભિપ્રાયો જોઈએ :

(૧) "હું મારા દેશવાસીઓને બતાવીશ કે જૈન સંસ્કારોમાં કેવા ઉત્તમ વિચારો અને નિયમ છે". - ડૉ. જોન્સ હર્ટલ (જર્મની)

(૨) મનુષ્યોના વિકાસ – પ્રગતિ માટે જૈન સંસ્કારો ખૂબ જ લાભકારી છે. આ સંસ્કારો અસલી, સ્વતંત્ર અને બહુ મૂલ્યવાન છે. – ડૉ. એ. ગિરનાટ

(૩) સંસ્કારોના વિષયમાં જૈન સંસ્કારો પરમ પરાકાષ્ઠારૂપ છે. – ડૉ. પરડોલ્ટ

(૪) "જૈન ધર્મના સિદ્ધાંત મને ખૂબ જ પ્રિય છે. મારી ઇચ્છા છે કે બીજા જન્મે હું જૈન કુળમાં જન્મ પ્રાપ્ત કરું." – જ્યૉર્જ બર્નાર્ડ શૉ

(૫) જૈન સંસ્કારો એવા અદ્વિતીય છે કે તે પ્રાણીમાત્રની રક્ષા કરવા માટે સક્રિય પ્રેરણા આપે છે. – ઓડી કાર્જરી (અમેરિકન વિદુષી)

(૬) અહિંસા તત્ત્વના સૌથી મહાન પ્રચારક મહાવીર સ્વામી જ હતા. – ગાંધીજી

(૭) જો વિરોધી સજ્જન જૈન સાહિત્યનો અભ્યાસ અને મનન સૂક્ષ્મપણે કરે તો તેમનો વિરોધ સમાપ્ત થઈ જાય. – ડૉ. ગંગાનાથ ઝા

**ઉપસંહાર** : આમ આ ચારે પ્રકારના જૈન સંસ્કારો અદ્ભુત છે, અનુકરણીય છે, આચરણમાં મૂકવા યોગ્ય છે, પ્રશંસનીય છે, કલ્યાણકારી છે. વર્તમાન સમયમાં તેને અનુસરવામાં આવે તો બધાં જ અનિષ્ટ તત્ત્વોને વિદાય લેવી પડે. પ્રેમ, શાંતિ અને સુખનું સામ્રાજ્ય ફેલાય.

આવા જૈન સંસ્કારોની સમજ સૌ કોઈને પ્રાપ્ત થાય તો એને પરિણામે એમના જીવનમાં સતત પ્રકાશ પથરાયેલો રહે.

22

# ભારતના બે મહાન જ્યોતિર્ધરો

૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩. શિકાગોમાં ઐતિહાસિક વિશ્વધર્મ પરિષદ ભરાઈ છે. આર્ટ ઇન્સ્ટિટ્યૂટનો કૉલમ્બસ હૉલ દેશવિદેશના લગભગ ચાર હજાર વિદ્વાન પ્રતિનિધિઓથી ખીચોખીચ ભરાયેલ છે. પ્લૅટફૉર્મ- ડાયસ પર વિશ્વના વિભિન્ન ધર્મોના ટોચના નેતાઓ બેઠેલા છે. તેમાંના બે યુવાનો પોતાના પહેરવેશથી અને પાઘડીથી સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. એક છે વિશ્વવિખ્યાત સ્વામી વિવેકાનંદ અને બીજા જૈન ધર્મના પ્રતિનિધિ શ્રી વીરચંદ રાઘવજી ગાંધી. બંનેએ પોતાની આગવી પ્રતિભા, વિદ્વત્તા અને વ્યક્તિત્વ દ્વારા ધર્મપરિષદમાં એવો પ્રભાવ પાડ્યો કે પરિષદ પૂરી થયા બાદ પણ બંનેને અમેરિકામાં વ્યાખ્યાનો આપવા ચાલુ રાખવાં પડ્યાં. સ્વામીજીએ ત્રણ વર્ષ સુધી અમેરિકામાં અને યુરોપમાં વિભિન્ન વિષયોમાં અસંખ્ય વ્યાખ્યાનો આપ્યાં અને ૧૫ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ ભારત પાછા ફર્યા. વળી, ૨૦ જૂન ૧૮૯૯થી ૯ ડિસેમ્બર ૧૯૦૦ સુધી તેમણે અમેરિકા અને યુરોપનો બીજી વાર પ્રવાસ કર્યો અને વ્યાખ્યાનો દ્વારા વેદાંતનો પ્રચાર કર્યો. શ્રી વીરચંદ ગાંધીએ પણ ધર્મ પરિષદ પૂરી થયા બાદ અમેરિકામાં જૈન ધર્મ વિશે પ્રવચનો આપવાં ચાલુ રાખ્યાં અને ૧૮૯૬માં તેમ જ ૧૮૯૯માં બે વાર ફરી અમેરિકાનો પ્રવાસ કર્યો અને ૬૫૦ જેટલાં પ્રવચનો આપ્યાં.

**સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી**

ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મના આ બે મહાન જ્યોતિર્ધરોમાં કેટલીક વાતોમાં અદ્ભુત સામ્ય હતું.

બંને મહાનુભાવો સમોવડિયા હતા. સ્વામી વિવેકાનંદનો જન્મ કૉલકાતામાં ૧૨ જાન્યુઆરી ૧૮૬૩ના રોજ થયો હતો તો શ્રી વીરચંદ ગાંધીએ ૨૫ ઑગસ્ટ ૧૮૬૪ના રોજ મહુવામાં જન્મ ગ્રહણ કર્યો હતો. બંને અદ્ભુત કર્મયોગી હતા. કર્મ કરતાં કરતાં જ 'બહુજન

હિતાય, બહુજન સુખાય' - પોતાની જાતને સમર્પીને અલ્પ વયમાં જ બંનેએ આ પૃથ્વીમાંથી મહાપ્રયાણ કર્યું. સ્વામી વિવેકાનંદે કૉલકાતામાં બેલૂડ મઠમાં પોતાના ઓરડામાં ૪ જુલાઈ ૧૯૦૨ના રોજ ફક્ત ૩૯ વર્ષની વયે મહાસમાધિ લીધી તો શ્રી વીરચંદ ગાંધીનો દેહવિલય ૭મી ઑગસ્ટ ૧૯૦૧ના રોજ ૩૭ વર્ષની વયે થયો.

બંને કરુણામૂર્તિ હતા. 'શિવભાવથી જીવસેવા'ના આદર્શ અનુસાર સ્વામીજીએ પોતાનું સર્વસ્વ સેવાકાર્યોમાં અર્પિત કર્યું. દરિદ્રનારાયણ અને રોગીનારાયણની સેવામાં લાગી જવા પોતાના શિષ્યોને સ્વામીજીએ હાકલ કરી. 'આત્મનો મોક્ષાર્થં જગત્ હિતાય ચ'ના આદર્શથી 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી. ૧૮૯૮માં જ્યારે કૉલકાતામાં પ્લેગની મહામારી ફેલાઈ ત્યારે પોતાનું સ્વાસ્થ્ય ખરાબ હોવા છતાં તેઓ પોતાના શિષ્યો સાથે પ્રાણપણે રાહતકાર્યમાં લાગી ગયા. રાહતકાર્ય માટે જ્યારે ફંડનો અભાવ થયો ત્યારે જીવનભરની મહત્ત્વાકાંક્ષાની પૂર્તિ માટે મહા પરિશ્રમથી મેળવેલ બેલૂડ મઠની જમીન વેચવા પણ તૈયાર થઈ ગયા. જોકે પછીથી શ્રી મા શારદાદેવીના સૂચનથી ને અણધારી મદદ મળતાં આ મુશ્કેલીમાંથી રામકૃષ્ણ મિશન બચી ગયું. પણ સ્વામીજીના હૃદયની વિશાળતાનું આ સૂચક છે.

શ્રી વીરચંદ ગાંધી પણ કરુણામૂર્તિ હતા. ૧૮૯૬માં જ્યારે તેમને ભારતના દુષ્કાળના સમાચાર અમેરિકામાં મળ્યા ત્યારે વિશ્વધર્મ પરિષદના પ્રમુખ સી. સી. બૉનીના અધ્યક્ષપદે અને પોતાના મંત્રીપદે એક દુષ્કાળ રાહત સમિતિની સ્થાપના કરી. શિકાગોની જનતાને દર્દભરી અપીલ કરતાં તાત્કાલિક રાહતના પગલા તરીકે અન્ન ભરેલું જહાજ તુરત જ રવાના કરવામાં આવ્યું અને વિશેષમાં રાહતકાર્ય માટે ટહેલ નાખતાં ત્યાંની જનતાએ શ્રી વીરચંદભાઈની ઝોળી-છલકાવી દીધી. લગભગ ચાલીશ હજાર રૂપિયા રોકડા દેશના વિવિધ ભાગોમાં રાહત અર્થે મોકલવામાં આવ્યા.

સ્વામીજીએ કહ્યું હતું, 'શિક્ષણ, શિક્ષણ, શિક્ષણ. ભારતની બધી સમસ્યાઓનું સમાધાન છે શિક્ષણ.' આમ જનતાની અને નારીઓની કેળવણી પર સ્વામી વિવેકાનંદે સવિશેષ ધ્યાન આપવા કહ્યું હતું. તેઓ દેશમાં નારી-જાગરણ અને નારી-શિક્ષણના પ્રથમ હિમાયતીઓમાંના એક હતા.

શ્રી વીરચંદ ગાંધીએ પણ ભારતમાં અને ખાસ કરીને જૈન સમાજમાં નવી કેળવણીનો વ્યાપક પ્રચાર થાય, એ માટેની સુવિધા ઉપલબ્ધ થાય એ માટે અથાક પ્રયત્નો કર્યા હતા. એમના પ્રયત્નોથી અમેરિકામાં 'International Society for the Education of Women in India' નામે સંસ્થા સ્થપાઈ હતી અને એમના પ્રયત્નોથી જ ત્રણ ભારતીય બહેનોને આ દ્વારા રહેઠાણ અને અભ્યાસના ખર્ચની સગવડ કરી અમેરિકામાં અભ્યાસાર્થે મોકલવામાં આવ્યાં હતાં. ભારતીય સન્નારીઓ સમાજમાં પોતાના સ્થાનને સમજે અને સાક્ષર શિક્ષિત સ્ત્રીઓ સાવિત્રી, મૈત્રેયી, ગાર્ગી અને દમયંતી જેવી સતી સ્ત્રીઓના જેવો પોતાનો દરજ્જો પુનઃ પ્રાપ્ત કરે એવો ઉદ્દેશ આ સંસ્થાનો હતો.

બંનેના સમયે જ્ઞાતિબંધન, ટૂંકી દૃષ્ટિ અને વિદેશયાત્રાનો વિરોધ હોવા છતાં બંને મહાનુભાવોએ ધર્મના પ્રચારાર્થે સાગર ખેડ્યા. આ માટે બંનેને વિદેશ જતાં પહેલાં, અને વિદેશથી પાછા ફર્યા બાદ કેટલું સહન કરવું પડ્યું હતું ! સમુદ્રયાત્રા હિંદુ શાસ્ત્રોમાં નિષિદ્ધ છે એમ જણાવી

પોંડિચેરીના પંડિતોએ સ્વામીજીની વિદેશયાત્રાના ઇરાદા વિરુદ્ધ સખત વિરોધ નોંધાવ્યો હતો. વિદેશથી પાછા ફર્યા પછી વિશ્વવિજયી બન્યા પછી પણ તેમને આ માટે ઘણું સહન કરવું પડ્યું હતું.

જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે શિકાગોની ધર્મ પરિષદમાં ભાગ લેવા પૂ. આત્મારામજી મહારાજને નિમંત્રણ મળ્યું હતું. પણ જૈનાચાર પ્રમાણે વિદેશયાત્રા થઈ ન શકે. આથી તેમણે 'ધ જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયા'ના મંત્રી શ્રી વીરચંદભાઈને છ મહિના સુધી પોતાની પાસે જૈન ધર્મનો વિશિષ્ટ અભ્યાસ કરાવ્યો અને 'શિકાગો પ્રશ્નોત્તર' નામનો ગ્રંથ પરિષદને લક્ષ્યમાં રાખીને તૈયાર કરાવ્યો. પણ શ્રી વીરચંદભાઈની વિદેશયાત્રાના વિરોધમાં ૯મી જુલાઈ ૧૮૯૩ના રોજ એક જાહેર પત્રિકા બહાર પાડવામાં આવી. જેની નીચે ૧૩૭ જૈનોની સહી હતી. વિદેશથી પાછા ફર્યા બાદ શ્રી વીરચંદભાઈની સભાઓમાં ધાંધલ મચી, ખુરશીઓ ઊછળી. 'વીરચંદ ગાંધીને નાત બહાર મૂકો'ના લોકોએ નારા લગાવ્યા અને અન્ય ધમકીઓ પણ મળી. સમાજની આવી સ્થિતિમાં બંને મહાવીરોએ સાચા ધર્મની સમજણ આપી. સત્યમાં અડગ રહ્યા અને ધર્મની રક્ષા કરી. દેશની કીર્તિ વધારી.

બંને મહાપુરુષો એકબીજાના ચાહક અને પ્રશંસક હતા. શ્રી વીરચંદભાઈએ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદનો કેવો પ્રભાવ હતો તેની પ્રશંસા કરતાં અમેરિકાથી પ્રકાશિત પત્રિકા 'એરેના'(Arena)ના જાન્યુ. ૧૮૯૫ના અંકમાં લખ્યું હતું, 'શિકાગો ધર્મ પરિષદની આ હકીકત છે કે ભારતના એક સુંદર વક્તાના ભાષણ બાદ કૉલમ્બસ હૉલના ત્રીજા ભાગના અને ક્યારેક તો બે તૃતીયાંશ ભાગના લોકો બહાર ભાગવા માંડતા.' આ પ્રભાવી વક્તા સ્વામી વિવેકાનંદ જ હતા તેનો પુરાવો 'નોર્ધમ્પટન ડેઇલી હેરાલ્ડ' (એપ્રિલ ૧૧, ૧૮૯૪)ના વર્ણન પરથી મળે છે : 'શિકાગો ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદને કાર્યક્રમના અંત સુધી બોલવા દેવામાં આવતા નહીં. ઉદ્દેશ એ કે લોકો રાત્રિના અંત સુધી બેઠા રહે.. જે દિવસે ગરમી વધારે પડી હોય અને કોઈ પ્રોફેસરે ખૂબ લાંબું ભાષણ ચલાવ્યું હોય અને લોકો સેંકડોની સંખ્યામાં હૉલ છોડીને જવા માંડતા ત્યારે એક જ જાહેરાતની આવશ્યકતા રહેતી કે સ્વામી વિવેકાનંદ એક સંક્ષિપ્ત ભાષણ, કાર્યક્રમના અંતે આપશે અને હજારો લોકો તેમનું પંદર મિનિટનું ભાષણ સાંભળવા કલાકો રાહ જોતા.'

ઈર્ષ્યા એ આપણા દેશનો જાતિગત દોષ છે, તેમ સ્વામી વિવેકાનંદ કહેતા. સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકામાં અસાધારણ ખ્યાતિ પ્રાપ્ત કરવા માંડ્યા ત્યારે તેમના ભારતીય મિત્રો જ ખ્રિસ્તી મિશનરીઓની સાથે મળીને તેમની વિરુદ્ધ ભ્રામક પ્રચાર કરવા લાગ્યા. ત્યાં સુધી કે તેમના ચારિત્ર્ય પર પણ દોષારોપણ કરવા માંડ્યા. આવા કપરા સમયમાં સ્વામીજીના હિતૈષી જૂનાગઢના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈએ સ્વામીજીના અમેરિકન મિત્રોને પત્રમાં સ્વામીજીના ઉમદા ચારિત્ર્ય વિશે લખી તેમને આ નિંદાદોષમાંથી બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રક્રિયામાં જૂનાગઢના દીવાનજીના સંપર્કમાં આવેલ અને સ્વામીજીના સહૃદયી મિત્ર શ્રી વીરચંદ ગાંધીએ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ખ્રિસ્તી મિશનરી મિ. હ્યુમ સાથે સ્વામીજીનો વિવાદ સર્જાયો ત્યારે સમાચારપત્રોમાં જાણે કે એક યુદ્ધ છેડાઈ ગયું. આવા કપરા સંજોગોમાં તેમની તરફેણમાં ત્યારે શ્રી વીરચંદ ગાંધી અને શ્રી પુરુષોત્તમ રાવ તેલંગ જ હતા. સ્વામી વિવેકાનંદ વિશે શોધકાર્ય કરી 'વિવેકાનંદ ઇન ધ વેસ્ટ

ન્યુ ડિસ્કવરીઝ' નામનો ગ્રંથ ૬ ભાગોમાં પ્રકાશિત કરી અભૂતપૂર્વ કાર્ય કરનાર મેરી લૂઈ બર્ક (સિસ્ટર ગાર્ગી) લખે છે -

The Hume - Vivekananda letters set off a bitter debate which lasted into the early part of 1895 and which was published in various widely read periodicals such as the Forum, the Arena, the Monist, and so on. The principal antagonists were, on the missionary side : The Right Reverend Mr. J. M. Thoburn Missionary Bishop to India and Malaysia, Mr. Fred Powers, Rev. J. M. Muller and Rev. E. M. Wherry, and on the Hindu side : Mr. Virchand R. Gandhi and Mr. Purushottam Rao Telang. (Vol. I, P. 464-468).

આ તરફ જ્યારે શ્રી વીરચંદ ગાંધીને તેમની જ જ્ઞાતિના લોકો નાતબહાર મૂકવાની ઝુંબેશ ઉપાડી રહ્યા હતા ત્યારે તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં સ્વામીજીએ જૂનાગઢના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈને શિકાગોથી નવેમ્બર ૧૮૯૪ના પત્રમાં લખ્યું હતું, 'પાશ્ચાત્ય લોકોની સફળતાનું રહસ્ય છે - હળીમળીને કામ કરવાની અને સંગઠનની શક્તિ. પરસ્પર વિશ્વાસ અને સહાયતા દ્વારા જ આ શક્ય છે. હવે અહીં વીરચંદ ગાંધી છે, જેમને તમે મુંબઈમાં સારી રીતે ઓળખતા હતા. આ વ્યક્તિ આ ભયંકર ઋતુમાં પણ શુદ્ધ શાકાહાર સિવાય બીજો કોઈ ખોરાક લેતા નથી અને પોતાના ધર્મ અને દેશવાસીઓને બચાવવાનો ભરપૂર પ્રયત્ન કરી રહ્યા છે. આ દેશના લોકો તેને ખૂબ ચાહે છે પણ જેઓએ તેમને અહીં મોકલ્યા તેઓ શું કરી રહ્યા છે ? તેઓ તેમને નાતબહાર કાઢી મૂકવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ઈર્ષ્યા ગુલામોમાં સાહજિક રીતે જન્મે છે અને આ ઈર્ષ્યા જ તેમને અધોગતિના માર્ગમાં જકડી રાખે છે.'

ધર્મપરિષદમાં ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મનું પ્રતિનિધિત્વ કરનાર આ બંને મહાન જ્યોતિર્ધરોને આપણાં વિશેષ વંદન.

23

# ઉપાધ્યાય યશોવિજયજી : સમન્વયવાદી તત્ત્વવેત્તા કવિ

ગૌતમ પટેલ

न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूषवृष्टयस्तत्त्वदृष्टयः ।।[१]

વિશ્વમાં વિકાર માટે નહીં પણ ઉપકાર માટે તત્ત્વદષ્ટિવાળા મહાનુભાવોનું નિર્માણ કોઈ મન-વાણીથી પર એવું તત્ત્વ કરતું હોય છે. આ તત્ત્વવેત્તાઓ ઉપાધ્યાય યશોવિજયજી અનુસાર 'स्फुरत्कारुण्यपीयूषवृष्टयः – સ્ફુરતી કરુણારૂપી અમૃતની વૃષ્ટિવાળા' હોય છે. કહેવાય છે –

Mahavira heard the cry of a dying goat at the sacrifical alter and he was touched at the depth of his heart by *Karuna*– the mercy. Buddha was touched by the poor plight of an old, ill and a dead body and a fountain of mercy sprung in his hear.

શંકરાચાર્યને श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् કહ્યા. તો વાલ્મીકિના હૃદયમાં ક્રૌંચવધદર્શનથી જન્મેલો શોક શ્લોક બન્યો.[૨] પરિણામે વિશ્વને રામાયણ જેવું અભૂતપૂર્વ કાવ્ય મળ્યું. શ્રીમદ્ ભાગવત પુરાણના કર્તા શુકદેવજીને સંસારીઓ ઉપર કરુણા ઊપજી અને ગુહ્ય પુરાણ આપ્યું.[૩] અન્ય ધર્મોમાં ઈશુની કરુણાનાં ગીતો ગવાય છે. જ્ઞાનસારના કર્તા ઉપાધ્યાય યશોવિજયજી પ્રકાંડ પંડિત, સર્વશાસ્ત્રવિશારદ હોવા ઉપરાંત 'કરુણાપીયૂષવૃષ્ટિ' કરનાર છે એવું એમના જ ઉપર્યુક્ત શ્લોકના શબ્દોમાં કહેવાનું મન થાય છે.

श्रेयार्थिनो हि भूयांसो लोके लोकोत्तरे न च ।
स्तोका हि रत्नवणिजः स्तोकाश्च स्वात्मसाधकाः ।।[४]

આ લોકમાં શ્રેયાર્થી ઘણા હોય છે, પણ પરલોક માટે નહીં. રત્નોનો વેપાર કરનારા બહુ થોડા હોય અને સ્વાત્મસાધક-આત્મદર્શનમાં પ્રીતિવાળા પણ બહુ થોડા હોય. આવા અલ્પસંખ્યકોમાં અગ્રગણ્ય

ગણી શકાય તેવા જ્ઞાનસારના કર્તા ઉપાધ્યાય યશોવિજયજી છે.

ઇતિહાસ મુજબ વિક્રમ સંવત ૧૬૮૦થી ૧૭૪૩ સુધી તેઓએ આ પૃથ્વીને પાવન કરી હતી. ગુજરાત રાજયના મહેસાણા જિલ્લાના ધીણોજ ગામથી ચારેક કિલોમીટર દૂર આવેલા કનોડુ ગામમાંથી શ્રી નારાયણ અને શ્રીમતી સોભાગદે(સૌભાગ્યદેવી)ને ત્યાં તેઓનો જન્મ થયો. મૂળ નામ જશવંત. નામ તેવા ગુણ પાછળથી ખીલ્યા. પંડિતવર્ય પ.પૂ. નયવિજયજી પાસે અણહિલવાડ પાટણમાં નાની ઉંમરમાં દીક્ષા લીધી. પૂર્વના સંસ્કાર કારણભૂત ગણાય. અમદાવાદમાં અવધાનનો અદ્દ્ભુત પ્રયોગ કરી બતાવ્યો. આઠ વ્યક્તિના આઠ આઠ પ્રશ્નો એટલે કુલ ૬૪ પ્રશ્નોના ઉત્તરો આપી સહુને મંત્રમુગ્ધ કર્યા. ધનજી સૂરા નામના વેપારીની સહાયથી કાશી જઈને ભણ્યા.

ઉપાધ્યાય યશોવિજયજીની વિવિધ શાસ્ત્રોની અનેક કૃતિઓ મળી આવે છે. તેમાંની મોટા ભાગની સ્વલિખિત હોવાથી પરિપૂર્ણ રીતે આધારભૂત જ ગણાય. કેટલીકનાં નામો જ તેઓની વિદ્વત્તાનું દર્શન કરાવી આપશે; જેમ કે,

| | | | |
|---|---|---|---|
| (૧) | અધ્યાત્મમતપરીક્ષા | (૨) | અધ્યાત્મસાર |
| (૩) | અધ્યાત્મોપનિષદ | (૪) | જૈનતર્કપરિભાષા |
| (૫) | ગુરુતત્ત્વવિનિશ્ચય | (૬) | દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| (૭) | યતિલક્ષત્રિસમુચ્ચય | (૮) | નયરહસ્ય |
| (૯) | નયોપદેશ | (૧૦) | નયપ્રદીપ |
| (૧૧) | જ્ઞાનબિંદુ | (૧૨) | જ્ઞાનસાર |
| (૧૩) | ન્યાયલોક | (૧૪) | પ્રતિમાશતક વગેરે. |

સંસ્કૃત ગ્રંથો ઉપરાંત તેઓએ ગુજરાતીમાં પણ અનેક રાસ, સ્તવનો, સજ્ઝાયોની રચના કરી છે. આ તેઓની બહુમુખી પ્રતિભા અને સતત પરિશ્રમની સાક્ષી પૂરે છે.

આપણે અહીં કેવળ પ.પૂ. ઉપાધ્યાય યશોવિજયજીના 'જ્ઞાનસાર' ગ્રંથને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરીશું. જ્ઞાનસારના વિષયો કુલ ૩૨ અષ્ટકોમાં વિભક્ત છે અને એ બત્રીસે પ્રકરણની યાદી નીચે પ્રમાણે છે :

पूर्णो मग्नः स्थिरोऽमोहो ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो निर्लेपो निःस्पृहो मुनिः ।।
विद्याविवेकसम्पन्नो मध्यस्थो भयवर्जितः ।
अनात्मशंसकस्तत्त्वदृष्टिः सर्वसमृद्धिमान् ।।
ध्याता कर्मविपाकानामुद्विग्नो भववारिधेः ।
लोकसंज्ञाविनिर्मुक्तः शास्त्रदृग् निष्परिग्रहः ।।
शुद्धानुभववान् योगी नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां भूमिः सर्वनयाश्रितः ।।[1]

આ યાદી ઉપાધ્યાય યશોવિજયજીનાં દર્શન અને કવિત્વની મહત્તાની પરિચાયક છે

કારણ કે પ્રકરણનાં નામો જ યતિ-સાધુ અથવા સંસારને ત્યજનાર માટેના આવશ્યક ગુણોનો પરિપૂર્ણ ચિતાર આપે છે. આવી કાવ્યમય શૈલીની ઉપદેશ-પદ્ધતિ મને તો જીવનમાં પહેલી વાર જ જોવા મળી છે. એ દૃષ્ટિએ આ અદ્વિતીય રચના છે.

સામાન્ય રીતે કોઈ પણ સાધક - એ શ્રાવક હોય કે યતિ એને માટે અપૂર્ણતાથી પૂર્ણતા તરફ ગતિ કરવાનો ઉપદેશ ગ્રંથમાત્રમાં મળી આવે પરંતુ અહીં પદ્ધતિ તદ્દન જુદી જ અપનાવી છે. પ્રથમ અષ્ટકનું નામ પૂર્ણાષ્ટિક અને ચર્ચાનો આરંભ પૂર્ણતાથી અને છેલ્લું અષ્ટક સર્વનયાશ્રયણા જે સહુ પૂર્ણતા સુધી પહોંચાડનાર નયની ચર્ચા કરે. આ નવીન ઉપદેશ પદ્ધતિ હરકોઈને સ્પર્શી જાય તેવી કહી શકાય.

ગ્રંથનું નામ છે 'જ્ઞાનસાર' — એને આપણે સાતે વિભક્તિઓથી સાર્થક ગણાવી શકીએ.

પ્રથમા ज्ञानम् एव सारम् (કર્તા)

દ્વિતીયા ज्ञानम् सारम् यस्मिन् (કર્મ)

તૃતીયા ज्ञानेन सारम् (કરણ)

ચતુર્થી ज्ञानाय सारम् (સંપ્રદાન)

પંચમી ज्ञानात् सारम् (અપાદાન)

ષષ્ઠી ज्ञानस्य सारम् (શેષ-સંબંધ)

સપ્તમી ज्ञाने सारम् (આધાર-અધિકરણ)

ટૂંકમાં, જ્ઞાનનાં સર્વમાન્ય એવાં સર્વ પાસાંઓનું સમ્યક્ દર્શન આ ગ્રંથ કરાવી આપવા સમર્થ છે.

સિદ્ધાંતની દૃષ્ટિએ અહીં જ્ઞાનકર્મ-સમુચ્ચયવાદીની ચર્ચા છે. પ્રથમ જ્ઞાનનું મહત્ત્વ દર્શાવાયું છે. તે પણ કાવ્યમય રીતે-

क्रियाशून्यं च यज्ज्ञानं ज्ञानशून्या च या क्रिया।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ।।[६]

ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાની ક્રિયા આ બન્નેનાં અંતર-ભેદ - સૂર્ય અને આગિયા જેવાં છે. તેઓ ज्ञानं भारः क्रियां विना એ સિદ્ધાંતને સ્વીકારે છે. વેદાન્ત દર્શનમાં એક શાખા જ્ઞાનકર્મ-સમુચ્ચયવાદને સ્વીકારે છે. તેઓ મુજબ -

उभाभ्यामेव पक्षाभ्यां यथा खे पक्षिणो गतिः ।
तथैव ज्ञानकर्माभ्यां प्राप्यते शाश्वती गतिः ।।

ઉપાધ્યાય યશોવિજયજી મુજબ

क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम् ।।[७]

ક્રિયા વિનાનું કેવળ જ્ઞાન નિરર્થક છે રસ્તાને જાણનારો પણ ચાલવાની ગતિરૂપી ક્રિયા ન કરે તો ઇચ્છેલી નગરીએ પહોંચે નહીં. વળી -

स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोऽप्यपेक्षते ।
प्रदीपः स्वप्रकाशोऽपि तैलपूर्त्यादिकं यथा ।।[८]

જ્ઞાનથી પરિપૂર્ણ વ્યક્તિ માટે પણ પોતાને અનુકૂળ ક્રિયાની અપેક્ષા રહે છે. દીવો સ્વયં પ્રકાશ છે છતાં તેને તેલ વગેરે પૂરવાની અપેક્ષા રહે છે. ભોજન છે એવું થાળીમાં પડેલું જાણ્યું - જ્ઞાન થયું પણ તેને હાથમાં લઈ મોઢામાં મૂકવાની ક્રિયા તો કરવી જ પડે ને ! આમ એકલું જ્ઞાન નહીં, ક્રિયા પણ જરૂરી છે.

આદિ શંકરાચાર્ય કહે છે -

आप्तोक्तिं खननं तथोपरिशिलाद्युत्कर्षणं स्वीकृतिं
निक्षेपः समपेक्षते न हि बहिः शब्दैस्तु निर्गच्छति ।
तद्वद् ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते ।
मायाकार्यतिरोहितं स्वममलं तत्त्वं न दुर्युक्तिभिः ।।[९]

જેમ ધરતીમાં દાટેલું ધન પહેલાં કોઈ વિશ્વસ્ત વ્યક્તિનું કથન સાંભળી પછી ખોદવું, તે પછી ઉપરથી શિલા વગેરે દૂર કરવી આ બધાંની અપેક્ષા રાખે છે. કેવળ બાહ્ય શબ્દો બોલવાથી મળી જતું નથી. તે જ રીતે પ્રથમ બ્રહ્મજ્ઞાનીનો ઉપદેશ ગ્રહણ કરી ચિંતન, મનન, ધ્યાન વગેરે સાધના કરવાથી માયા અને તેના કાર્યથી છુપાયેલું આત્મતત્ત્વરૂપી નિર્મળ તત્ત્વ પ્રાપ્ત થાય છે, ખોટી ખોટી યુક્તિઓથી નહીં.

જ્ઞાનથી પૂત એટલે પવિત્ર એવી ક્રિયાનું મહત્ત્વ સમજાવતાં કાવ્યમય રીતે ઉપાધ્યાય યશોવિજયજી નોંધે છે -

ज्ञानपूतां परेऽप्याहुः क्रियां हेमघटोपमाम् ।
युक्तं तदपि तद्भावं न तद् भग्नापि सोज्झति ।।

જ્ઞાનપૂત ક્રિયા તો સોનાનો ઘડો, એ ભાંગી જાય તોપણ તેનું મૂલ્ય ન બદલાય. અહીં પ્રેમને સુવર્ણઘટ અને મોહને માટીનો ઘડો ગણાવનાર અંગ્રેજ કવિ શેલી સહજ યાદ આવી જાય છે. Great minds think alike.

'તપ કરવું જરૂરી છે' એવું જાણ્યું એટલે એ વિષયનું જ્ઞાન થયું કહેવાય. પણ તપ કરીએ નહીં, તેને ક્રિયામાં રૂપાંતરિત કરીએ નહીં તો એ જ્ઞાન કોઈ કામનું ન રહે. જિનેન્દ્રિય થવું એ જ્ઞાન શાસ્ત્ર કે ગુરુજન પાસેથી મેળવ્યું પણ ઇન્દ્રિયવિજયનો આરંભ જ ન કર્યો તો એ જ્ઞાન કેવળ ભારરૂપ કહેવાય. આથી મહાભારત કહે છે - आचारप्रभवो धर्मः ।[१०]

જ્ઞાન અને ચારિત્ર્યવિષયક મહામના ઉપાધ્યાયજીનું મંતવ્ય રોચક અને ઉપાદેય છે. જીવનમાં સિદ્ધિદ્વારની એ ગુરુચાવી કહી શકાય.

चारित्र्यं विरतिः पूर्णा ज्ञानस्योत्कर्ष एव हि ।
ज्ञानाद्वैतनये दृष्टिर्देया तद्योगसिद्धये ।।[११]

પૂર્ણવિરતિ એટલે વૈરાગ્યમય ચરિત્ર – કહોને ધર્મમય પૂર્ણાચાર. અને એ જ જ્ઞાનનો ઉત્કર્ષ છે. માટે તેના યોગની સિદ્ધિ માટે કેવળ જ્ઞાનનયને વિશે દૃષ્ટિ કરવી.

શ્લેષાત્મક રીતે જ્ઞાનસારનું કાવ્યમય મહત્ત્વ માણવા જેવું છે -

निर्विकारं निराबाध्यं ज्ञानसारमुपेयुषाम् ।
विनिवृत्तपराशानां मोक्षोऽत्रैव महात्मनाम् ।।[12]

અહીં જ્ઞાનસાર શબ્દના બે અર્થ છે - (૧) જ્ઞાનનો સાર જે નિર્વિકાર અને નિરાબાધ્ય છે. (૨) જ્ઞાનસાર નામનો ગ્રંથ જેમાં કોઈ વિકાર નથી અને એમાં પ્રતિપાદિત સિદ્ધાંતોનો બાધ શક્ય નથી.

આ ગ્રંથના અધ્યયનનો લાભ છે.

चित्तमार्द्रीकृतं ज्ञानसारसारस्वतोर्मिभिः ।
नाप्नोति तीव्रमोहाग्निप्लोषशोषकदर्थताम् ।।[13]

જ્ઞાનસારરૂપી સરસ્વતી(અથવા જ્ઞાનસાર ગ્રંથમાં અભિવ્યક્ત સરસ્વતી એટલે જ્ઞાન)રૂપી તરંગોથી આર્દ્ર થયેલું ચિત્ત તીવ્ર મોહાગ્નિના દાહના શોષથી પીડાતું નથી.

કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ એકથી વધુ રૂપક અલંકારો આ શ્લોકમાં છે. હવે પછી અનેક અલંકારયુક્ત વિચારપ્રધાન શાર્દૂલવિક્રીડિતમાં રચાયેલો શ્લોક જાણવા-માણવા અને આચરવા જેવો છે.

केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-
वेगोदर्ककुतर्कमूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।
लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि
स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ।।[14]

કેટલાકનું મન વિષયરૂપી તાવથી પીડિત છે, બીજાનું વિષના આવેગના પરિણામરૂપ કુતર્કથી મૂર્ચ્છિત છે. અન્યનું કુવૈરાગ્યથી લાગેલા હડકવા જેવું છે. અન્યનું મન અજ્ઞાનના કૂવામાં પડેલું છે પણ બહુ જ થોડાનું વિકારના ભારથી રહિત એવું ચિત્ત જ્ઞાનના સારનો આશ્રય કરીને રહ્યું છે. ભાગ્યે જ ઉમેરવાની જરૂર છે કે જ્ઞાનસારના કર્તા યશોવિજયજી ઉપાધ્યાયનું ચિત્ત જ્ઞાનસારનો સાચા અર્થમાં આશ્રય કરતું હોવાથી આ જ્ઞાનસાર જેવો જ્ઞાનસાર નામનો ગ્રંથ સમાજને પ્રાપ્ત થયો છે.

આ મહનીય ગ્રંથના કર્તાનો દાવો તો એવો છે કે સાધુઓની અચિન્ત્ય જ્ઞાનસાગર નિષ્ઠાથી જીવનમાં ક્યારેય અધઃપતન શક્ય નથી. જુઓ :

अचिन्त्या काऽपि साधूनां ज्ञानसारगरिष्ठता ।
गतिर्ययोर्ध्वमेव स्याद् अधःपातः कदापि न ।।[15]

કોઈ પણ ઉપદેશાત્મક ગ્રંથ આવો દાવો કરી શકે. પણ કયારે ? પૂજ્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સંત મોરારિ બાપુનું મંતવ્ય છે કે ઉપદેશ નીચે પ્રમાણેના ગુણો ધરાવતો હોય.

૧. શાસ્ત્રાત્મક, ૨. સ્નેહાત્મક, ૩. સત્યાત્મક, ૪. સૂત્રાત્મક, ૫. સખ્યાત્મક, ૬. સર્વાત્મક, ૭. સંવાદાત્મક, ૮. સમીક્ષાત્મક, ૯. સર્વેશાત્મક, ૧૦. સરલાત્મક, ૧૧. સમન્વયાત્મક, ૧૨. સૂક્ષ્મેક્ષિકાત્મક.

જો આ એક પછી એક મુદ્દાઓ લઈને વિવેચન કરીએ તો ઉપાધ્યાય યશોવિજયજીનો ગ્રંથ એક પણ બાબતમાં ઊણો ઊતરે તેમ નથી. તેથી તેની સર્વગ્રાહી પ્રતિષ્ઠા છે. ઉપદેશ-

પ્રધાન ગ્રંથ હોવા ઉપરાંત આમાં એક અવનવી વિશેષતા એ છે કે આ 'જ્ઞાનસાર' ગ્રંથ સુ-કાવ્યાત્મક પણ છે. સરખામણી કરવી હોય તો કહી શકાય કે હિન્દુ ધર્મનાં અઢારે પુરાણોમાં શ્રીમદ્ ભાગવત પુરાણ સહુથી વધુ લોકપ્રિય છે તેનું કારણ તેની કાવ્યાત્મકતા છે. એવું જ જ્ઞાનસારનું સમજવું - ઉપમા કાલિદાસની જેમ આના સર્જકને મન સહજ છે અને એ ઉપમા જીવનમાંથી જડેલી હોવાથી સદ્ય હૃદયસ્પર્શી બની જાય છે. આનાં ઉદાહરણો વાચકોને દીવો લઈને શોધવાં પડે તેમ નથી. પ્રત્યેક અષ્ટકમાં ક્યાંક તો ઉપમા છે. આવી જ સ્થિતિ રૂપક અને તેમાંય પરંપરિતરૂપક કે સાંગરૂપક પણ અનેક છે. અતિશયોક્તિ, વિરોધાભાસ, વ્યતિરેક, કારણમાલા જેવા અલંકારો પણ અત્ર-તત્ર વિરાજે છે. ઉપમાદિ અલંકારોથી આ ગ્રંથની કવિતા સદાય સોહાય છે. વિષય જૈનદર્શનનો છે જેમાં કર્મની સૂક્ષ્માતિસૂક્ષ્મ ચર્ચા, નયતત્ત્વોનું વિવેચન, ચાર અનુયોગ, સપ્તભંગીનય, એકાન્તવાદનું સ્થાપન, સ્યાદ્વાદની વિશેષતા, અહિંસાની મીમાંસા, તપની અનિવાર્યતા, યોગની સાધના, અણુવ્રત-મહાવ્રતની વિસ્તૃત વાત અને આ સહુમાં એક તરફ શાસ્ત્રાત્મકતા તો બીજી તરફ વૈજ્ઞાનિકતાનો પડકારી ન શકાય તેવો સમન્વય એ આ ગ્રંથની ઊડીને આંખે બાઝે તેવી વિશેષતા છે. મૂળમાં મહાવીર ભગવાનનો સંદેશ છે અને સર અકબર હૈદરી કહે છે - महावीर का सन्देश हमारे हृदय में विश्वबंधुत्व का शंखनाद जगाता है । — આ વિધાન સાથે સહજ સહમત થઈ શકાય તેમ છે.

કોઈ પણ ગ્રંથની વિશ્વવ્યાપી લોકપ્રિયતામાં એના લેખકનો અભિગમ ઘણો મોટો ભાગ ભજવે છે. ઉપાધ્યાય યશોવિજયજી લખે છે -

स्वागमं रागमात्रेण द्वेषमात्रात् परागमम् ।
न श्रयामस्त्यजामो वा किन्तु मध्यस्थया दृशा ।।[15]

પોતાના આગમગ્રંથ પ્રત્યે રાગથી એનો આશ્રય અને અન્યના આગમ-ધર્મગ્રંથ પ્રત્યે દ્વેષથી એને ત્યજી દેવાનું અમે કરતા નથી. અમે કેવળ મધ્યસ્થની સૃષ્ટિ જ અપનાવી છે. અહીં મહાકવિ કાલિદાસ યાદ આવી જાય છે, જે કહે છે -

पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते मूढः पर प्रत्ययनेयबुद्धिः ।।[17]

આ વાત પણ નોંધવી રહી કે ઉપર્યુક્ત શ્લોકની સ્વોપજ્ઞ ટીકામાં ઉપાધ્યાય યશોવિજયજી એક શ્લોક ઉદ્ધૃત કરે છે -

न शुद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीरप्रभुमाश्रिताः स्मः ।।[18]

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ પણ આવો જ અભિગમ ધરાવે છે. તેઓ કહે છે -

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।।[19]

આ છે સમત્વ, સમતા અને ભગવદ્ગીતા समत्वं योग उच्यते એવો ઉદ્ઘોષ કરે છે. આવી સમતાની ભાવના જૈન ધર્મનો પ્રાણ છે અને ઉપાધ્યાય યશોવિજયમાં પ્રત્યેક પ્રકરણે એ ઉચ્છ્વાસ લેતો જણાય છે. ઉપાધ્યાય યશોવિજયજીની સમત્વ દૃષ્ટિ માધ્યસ્થ્યવૃત્તિનો આશ્રય લેતી દૃષ્ટિના પરિણામે એમની આ કૃતિમાં હિન્દુ ધર્મનાં ઉપનિષદો, ભગવદ્ગીતા, મનુસ્મૃતિ,

પુરાણો કે મહાકવિ કાલિદાસ, ભવભૂતિ જેવા કવિઓ તેમજ આદિશંકરાચાર્ય જેવા તત્ત્વજ્ઞોનાં વાક્યો કે વિચારો સહજતાપૂર્વક સ્થાન પામ્યાં છે. અને એ પણ સાદર સમન્વયાર્થે, નહીં કે મિથ્યાવાદ-વિવાદાર્થે. એમણે પર ધર્મના કોઈ પણ ગ્રંથને મિથ્યા દૃષ્ટિ કહીને ઉતારી પાડ્યો નથી પરંતુ પોતાની સમ્યક્ દૃષ્ટિને અનુરૂપ ગણાતો કોઈ પણ વિચાર વિના સંકોચે જ્ઞાનસારમાં સમાવ્યો છે. એમનું આવું સમન્વયાત્મક ચિંતન મને અંગત રીતે હૃદયસ્પર્શી બન્યું છે. આનાં બધાં ઉદાહરણો એકત્ર કરવા જઈએ તો એક મહાનિબંધ કરવો પડે. અહીં ક્યાંક નિર્દેશ આવશ્યકતાનુસાર અવશ્ય કરીશું.

બ્રહ્મ શબ્દ અને એનું સત્ ચિત્ અને આનંદમય સ્વરૂપ તથા તેની ચર્ચા ઉપનિષદ સાહિત્યની દેન છે તેમાં કોઈ બે મતને અવકાશ નથી. આનંદ અને આશ્ચર્ય સાથે નોંધવું પડે છે કે જ્ઞાનસારમાં એકથી વધુ વાર બ્રહ્મ શબ્દ અને તેની ચર્ચા છે.

अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परं ब्रह्मानुभवेनाधिगच्छति ।।[२०]

અને

अतीन्द्रियं परं ब्रह्म विशुद्धानुभवं विना ।
शास्त्रयुक्तिशतेनापि न गम्यं यद् बुधा जगुः ।।[२१]

શબ્દ બ્રહ્મ, પરં બ્રહ્મ એ સ્વસંવેદ્ય છે, અતીન્દ્રિય છે અને અનુભવૈકગમ્ય છે. આ ઉપનિષદની વાત જાણે કે ઉપનિષદની ભાષામાં કહેવાઈ છે. આ ચર્ચામાં પ્રો. આર. સી. શાહે બ્રહ્મનો અર્થ પરમાત્મા કર્યો છે પણ જૈનદર્શનમાં બ્રહ્મ, ઈશ્વર કે પરમાત્માને સ્થાન છે ખરું ?

મહાકવિ ભર્તૃહરિ પરમતત્ત્વને स्वानुभूतैकमानाय[२२] કહે છે.

યશોવિજયજીના વિચારો આદિ શંકરાચાર્યના 'વિવેકચૂડામણિ' સાથે સરખાવી શકાય.

वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा स्वेनैव वेद्यं न तु पण्डितेन ।
चन्द्रस्वरूपं निजचक्षुषैव ज्ञातव्यमन्यैरवगम्यते किम् ।।[२३]

પરમતત્ત્વ(વસ્તુ)નું સ્વરૂપ સ્પષ્ટ જ્ઞાનરૂપી નેત્રથી પોતાની જાતે જ જાણી શકાય, કોઈ બીજા પંડિતથી નહીં. ચંદ્રનું રૂપ પોતાનાં નેત્રોથી જ જાણી શકાય તેવું શું બીજા દ્વારા જાણી શકાશે ?

વળી

ऋणमोचनकर्तारः पितुः सन्ति सुतादयः ।
बन्धमोचनकर्ता तु स्वस्मादन्यो न विद्यते
। । [२४]

પિતા માટે દેવામાંથી છોડાવનાર દીકરા વગેરે હોય છે પણ જાતને સંસારના બંધનમાંથી મુક્ત કરવા માટે પોતાની જાત વિના બીજું કોઈ નથી.

આમ બંને મહાનુભાવોમાં કેટલું બધું સામ્ય છે !

યશોવિજયજીને વેદ હોય કે હિન્દુઓનાં દેવદેવીઓ હોય તેઓના યથાયોગ્ય નિર્દેશો

કરવામાં ક્યાંય ક્ષોભ કે અરુચિ નથી; ઊલટાનું ક્યાંક આદરપૂર્વક સમન્વયાત્મક દૃષ્ટિ દર્શાવે છે. દા.ત.

मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः ।
निर्भयः शक्रवद् योगी नन्दत्यानन्दनन्दने ।।[२५]

મિથ્યાત્વરૂપી પર્વતની પાંખો કાપનાર, જ્ઞાનરૂપી વજ્રથી શોભતો ઇન્દ્ર જેવો નિર્ભય યોગી આનંદરૂપી નંદનવનમાં આનંદ માણે છે. અહીં ઇન્દ્રે પર્વતોની પાંખો કાપી નાંખી એ ઋગ્વેદના મંત્રનો સીધો નિર્દેશ છે.[२६]

ગીતાનું તો જાણે શબ્દો સાથેનું તેઓશ્રીનું ઉપાદાન પણ ગમી જાય તેવું છે.

अरुरुक्षोर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि ।
योगारुढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः ।।[२७]

સરખાવો -

अरुरुक्षोर्मुनेर्योगं कर्मकारणमुच्यते ।
योगारुढस्य तस्यैव शमः कारणमुच्यते ।।[२८]

નથી લાગતું કે ગીતાના શબ્દ અને વિચાર બંને જાણે પુનરુક્તિ પામ્યા છે !

મોહત્યાગાષ્ટકમાંથી ફલિત થાય છે કે મોહનીય કર્મથી આત્મપરિણામમાં ચાંચલ્ય આવે તેથી સ્થિરતાનો નાશ થાય - સમ્યક્ દર્શન અને ચારિત્ર્યનો અવરોધ થાય, જ્ઞાનાદિગુણ વિપર્યાસ પુદ્ગલાસક્તિ વિભાવ-પરભાવમાં ઘસડાવું - પરિણામે જન્મમરણના ચક્કરમાં ફસાવવું.

આ માટે મોહ ત્યજવો — अहं અને ममના સ્થાને આગળ न ઉમેરી नाहं અને न ममની સાધના કરવી જોઈએ. જાણવા જેવું છે अहम्‌માં 'અ'થી 'હ' સુધીના બધા જ સ્વર અને વ્યંજન આવી જાય છે. અંગ્રેજીમાં તો આઈ (I) વાક્યની વચમાં હોય તોપણ કેપિટલ જ રહે છે. બીજી બાજુ ममની માયા ઓછી નથી. ममसत्यम् — હું કરું એ જ સાચું' આવો શબ્દપ્રયોગ વેદમાં વસિષ્ઠઋષિના મંત્રમાં આવે છે અને સાયણાચાર્યે એનો અર્થ युद्धम् કર્યો છે. જ્યાં ममसत्यम् હું કરું એ જ સાચું' એમ આવે એટલે યુદ્ધ જ થાય. આથી अहम् અને मम ત્યાજ્ય છે.

નિઃસ્પૃહાષ્ટકમાં ઉપાધ્યાયજીનું વિધાન છે -

संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ।
अमात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ।।[२९]

જેને કોઈ સ્પૃહા-ઇચ્છા હોય છે એ બે હાથ જોડીને કોની કોની પ્રાર્થના નથી કરતા ? પરંતુ અમાત્ર-અમાપ જ્ઞાનરૂપી પાત્રવાળા નિઃસ્પૃહીને માટે આખું જગત તણખલા સમાન છે. સંસ્કૃતનું એક સુભાષિત યાદ આવે છે.

विद्यावृद्धास्तपोवृद्धा ज्ञानवृद्धाश्च ये जनाः ।
ते सर्वे धनवृद्धस्य द्वारि तिष्ठन्ति किंकराः ।।

વિદ્યાવૃદ્ધ, તપોવૃદ્ધ કે જ્ઞાનવૃદ્ધ જે માણસો છે તે ધનવૃદ્ધના બારણે ચાકરની જેમ ઊભા રહે છે.

બીજી બાજુ ભાગવતપુરાણમાં શુકદેવજી કહે છે -

चिराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां नैवांध्रिपा परभृतः सरितोऽप्यशुष्यत् ।
रुद्धा गुहाः किमजितोऽवति नोपसर्पान् कस्मात् भजन्ति कवयो धनदुर्मदान्धान् ।।[30]

શું રસ્તામાં ચીંથરાં નથી ? શું વૃક્ષો ફળની દીક્ષા આપતાં નથી ? શું નદીઓ સુકાઈ ગઈ છે ? ગુફાઓ રૂંધાઈ ગઈ છે ? કે અજિત ભગવાન તેને શરણે જનારનું રક્ષણ નથી કરતો ? તો પછી શા માટે કવિઓ-વિદ્વાનો ધનથી ગર્વિષ્ઠ થયેલાનું સેવન કરે છે ?

નિઃસ્પૃહાષ્ટકમાં ઉપાધ્યાયનું અન્ય વિધાન પણ હૃદયંગમ છે -

भूशय्या भैक्ष्यमशनं जीर्णं वासो गृहं वनम् ।
तथापि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ।।[31]

મહાકવિ ભર્તૃહરિના વૈરાગ્યશતકના શ્લોકનો વિચાર આને મળતો જ આવે છે, રચનાશૈલી ભલે જુદી પડે. જુઓ -

अशीमहि वयं भिक्षामाशावासो वसीमहि ।
शयीमहि महिपृष्ठे कुर्वीमहि किमीश्वरैः ।।

ભિક્ષા અમે જમીએ છીએ. દિશાઓમાં વસીએ છીએ, પૃથ્વી પર સૂઈએ છીએ. પછી અમારે ધનવાનોનું શું કામ છે ?

જૈન ધર્મ યજ્ઞમાં માનતો નથી. ઇતિહાસ મુજબ તો યજ્ઞીય હિંસાના વિરોધાર્થે જૈન ધર્મનો અહિંસાનો પ્રબળ સિદ્ધાંત પ્રખર બન્યો, બળૂકો બન્યો પણ અત્ર-તત્ર-સર્વત્ર ઉપલબ્ધ ઉત્તમનું ચયન કરી સ્વમતિવિભવાનુસાર સ્વધર્મનિષ્ઠામાં તે તે વિચાર, ખ્યાલ કે સિદ્ધાંત કે કથાને પોતાના ધર્મના સિદ્ધાન્તોમાં પરિવર્તિત કરી અવનવું સ્વરૂપ બક્ષાવાની ઉપાધ્યાય યશોવિજયજીની નીતિ-રીતિ-વૃત્તિ-પ્રવૃત્તિ માટે મારા જેવાને તો નમન કરવાનું મન થાય. ધાર્મિક સહિષ્ણુતા, સર્વધર્મસમભાવ અથવા આજનો પ્રચલિત શબ્દ સેક્યુલરિઝમનો સાચો અર્થ એમની આવી સર્વત્ર ક્ષીરગ્રહણ કરવાની રાજહંસવૃત્તિ સમજાવવા સમર્થ છે. ઉદાહરણ લઈએ હિન્દુ ધર્મની યજ્ઞભાવના ભગવાન શ્રીકૃષ્ણે અનેક પ્રકારના દ્રવ્યયજ્ઞ, જ્ઞાનયજ્ઞ, તપોયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ, જપયજ્ઞ ઇત્યાદિ વિસ્તારથી ગીતામાં નિર્દેશ્યા અને બ્રહ્મયજ્ઞની મહત્તા સ્થાપી. બ્રહ્મયજ્ઞ-Cosmic Sacrifice - વૈશ્વિકયજ્ઞને વિસ્તારથી વર્ણવ્યો.

મહામના યશોવિજયજીએ નિયાગાષ્ટકમાં યજ્ઞનો ખ્યાલ સ્વીકાર્યો જે જૈન ધર્મમાં વ્યાપકપણે સ્વીકૃત નથી. પણ એ યજ્ઞના ખ્યાલને - Concept of Sacrificeને નવતર સ્વરૂપ બક્ષ્યું છે. તેઓએ 'ભાવયજ્ઞ'ની વાતમાં તપ એ અગ્નિ, જીવ અગ્નિનું સ્થાન, મન, વચન અને કાયાના યોગોએ ઘી હોમવાનો સરવો, શરીર એ તપરૂપી અગ્નિને પ્રગટાવવાનું સાધન, કર્મ હોમવાનાં લાકડાં અને સંયમ વ્યાપાર એ ભાવયજ્ઞનો શાંતિપાઠ ગણાવ્યો છે. કાવ્યની દૃષ્ટિએ આ સાંગરૂપક છે. તો તત્ત્વચર્ચાની દૃષ્ટિએ નવતર પ્રદાન છે. તેઓ અહીં કહે છે -

पापध्वंसिनि निष्कामे ज्ञानयज्ञे रतो भव ।[32]

'નિષ્કામ જ્ઞાનયજ્ઞ' જાણે ગીતાની ભાષા અને ગીતાના કર્મયોગ અને જ્ઞાનયોગનો સીધો સમન્વય. આગળ તો હજુ આનંદ આવે તેવું છે. તેઓ લખે છે -

ब्रह्मयज्ञ परं कर्म गृहस्थस्याधिकारिणः ।
पूजादि वीतरागस्य ज्ञानमेव तु योगिनः ।[૩૩]
ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।
ब्रह्माग्नौ कर्मणो युक्तं स्वकृतत्वस्मये हुते ।।[૩૪]
ब्रह्मण्यर्पिते सर्वस्वे ब्रह्मदृग् ब्रह्मसाधनः ।
ब्रह्मणा जुह्वदब्रह्म ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ।।[૩૫]
ब्रह्माध्ययननिष्ठावान् परब्रह्मसमाहितः ।
ब्रह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ।।[૩૬]

હવે ગીતામાં કૃષ્ણનું વિધાન લઈએ -

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ।।[૩૭]

હવે ધ્યાનથી જોઈએ તો ગીતાના આ શ્લોકનું વિસ્તૃત ભાષ્ય એ યશોવિજયજીનાં શ્લોકો છે અને મને ગૌરવપૂર્વક કહેવાનું મન થાય છે કે ગીતાની મેં અનેક ટીકાઓ જોઈ છે પણ આવું વિચારપ્રધાન, વિસ્તૃત, નવીન મતને પુષ્ટિ આપતું આ શ્લોકનું ભાષ્ય ક્યાંય બીજે જોયું-જાણ્યું નથી. ગીતાના શ્લોકમાંથી ब्रह्मार्पणं, ब्रह्माग्नि, ब्रह्मयज्ञ, ब्रह्मणा, ब्रह्म ઇત્યાદિ શ્લોક તો યશોવિજયજીએ અપનાવ્યા છે. તેઓશ્રીએ પોતાની આગવી શૈલીમાં स्वकृतत्वस्मये हुते - પોતાના કર્તાપણાના અભિમાનનો હોમ, ब्रह्मण्यर्पिते सर्वस्वे - બ્રહ્મમાં સર્વસ્વ હોમવું, ब्रह्मदृग् - બ્રહ્મનું દર્શન કરનાર ब्रह्मसाधन, ब्रह्मगुप्ति, ब्रह्माध्ययन અને અંતે આવો યજ્ઞ કરનાર लिप्यते नाघैः[૩૮] પાપથી લેપાતો નથી, આ સઘળી બાબતો વિચારપૂર્ણ રીતે મૂળ શ્લોકોનું જાણે ભાષ્ય કરતા હોય તેમ ઉમેર્યું છે જેથી મૂળ બ્રહ્મયજ્ઞની ભાવના વધુ વ્યાપક અને વાચક માટે વિશદ બની છે.

જ્ઞાનસારના ૨૯ પૂજાષ્ટકમાં શ્રાવક અને સાધુની પૂજાનાં સ્નાન, વસ્ત્ર, કેસર-ચંદન, પુષ્પમાળા, સ્વસ્તિક, ધૂપ, હોમ, દીપો-આરતી, નૃત્યગીત વગેરેનું ભિન્ન ભિન્ન પ્રકારો દર્શાવતું વર્ણન અત્યંત રમણીય, શુદ્ધ-સાત્ત્વિક-કલ્પનાસભર અને જીવનમાં શ્રાવક અને સાધુ બન્ને માટે ઉતારવા જેવું છે. વિસ્તારભયે બધું નથી નોંધતો પણ શ્રાવકપાણીથી સ્નાન કરે, સાધુ દયારૂપી જળથી, શ્રાવકને ચંદનનું તિલક, સાધુને વિવેકનું; શ્રાવકને ફૂલની માળા, સાધુને ક્ષમારૂપી માળા વગેરે જોવા જેવાં છે.

विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।
मध्यस्थानां परं ब्रह्म प्राप्नुवन्त्येकमक्षरम् ।।[૩૯]

અહીં યશોવિજયજી परं ब्रह्मने अक्षरम् કહે છે અને આ વાત ઉપનિષદોમાં અને ગીતામાં એકથી વધુ વાર આવે છે.[૪૦]

મહાકવિ કાલિદાસ 'રઘુવંશ'માં સરસ કહે છે કે -

बहुधाप्यागमैर्भिन्नाः पन्थानः सिद्धिहेतवः ।
त्वय्येव निपतन्त्योघा जाह्नवीया इवार्णवे ।।[૪૧]

જેમ ગંગા(નદીઓ)ની ધારાઓ સાગરમાં જઈને પડે છે તેમ ભિન્ન ભિન્ન આગમોથી દર્શાવાયેલા, સિદ્ધિના કારણરૂપ માર્ગો તમારામાં આવીને મળે છે.

આવો જ ભાવ શ્રીશિવમહિમ્નસ્તોત્રમાં પુષ્પદંત વ્યક્ત કરે છે -

त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ।[४२]

ત્રણે વેદ, સાંખ્ય, યોગ, પાશુપત, વૈષ્ણવ એવા જુદા જુદા માર્ગો હોવાથી આ ઉત્તમ, આ હિતકારક એમ રુચિની વિચિત્રતાને કારણે, સરળ, કુટિલ એવા અનેક માર્ગે ચાલનારા મનુષ્યો માટે જળના પ્રવાહો માટે સમુદ્રની જેમ આપ જ એકમાત્ર પ્રાપ્ત કરવા યોગ્ય છો.

આમ સમગ્ર ભારતીય ચિંતનધારાને આ મહામનીષીએ આત્મસાત્ કરીને ઉપદેશાત્મક કવિતામાં ઢાળી છે. આ તેમની વિશેષતા છે.

સાચા અને આંડબરી સાધુનો ભેદ પાડતાં ઉપાધ્યાય યશોવિજયજી જણાવે છે કે -

भस्मना केशलोचेन वपुधृतमलेन वा ।
महान्तं बाह्यदृक् वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ।।[४३]

ભસ્મ ચોળવી, કેશલોચ કરવો કે શરીરે ઘી ચોળવું આવી બાહ્ય વસ્તુઓથી આ સાધુ છે એવું બાહ્ય દૃષ્ટિવાળા જુએ છે પણ તત્ત્વને જાણનારો તો એના ચિત્ત-સામ્રાજ્યથી એણે એનું ચિત્ત-મન જીતીને સામ્રાજ્ય સ્થાપ્યું તે ઉપરથી સાધુને સમજે છે.

અહીં ઉત્તરાધ્યયન સૂત્ર યાદ આવી જાય છે કે -

न वि मुंडिएण समणो न ओंकारेण बंभणो ।
न मुनि रण्णवासेन कुसचीरेण तावसो ।।
समणाए समणो होई बंभचेरेण बंभणो
नाणेन मुनि होई तवसा होई तावसो ।।[४४]

યુક્તિપૂર્ણ કાવ્યરચના અને તેમાંય ઉત્તમોત્તમ ઉપદેશ એ ગમી જાય તેવી વાત છે.

મોહત્યાગાષ્ટકમાં ઉપાધ્યાય યશોવિજયજી કહે છે -

अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्धकृत् ।
अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ।[४५]

હું અને મારું આ મોહનો મંત્ર જગતને આંધળું બનાવનારો છે. એ જ જો નકાર પૂર્વવાળો પ્રતિમંત્ર બને એટલે એની પહેલાં ન મૂકીને તેને ઊલટો મંત્ર બનાવીએ તો એ મોહને જીતી લે છે. अहम् આગળ ન મૂકીએ તો नाहम् – હું નહીં એટલે અહંકાર નહીં અને मम આગળ ન મૂકીએ તો न मम – મારું (આ જગતમાં) કોઈ નથી. આમ અહંતા અને મમતાનો ત્યાગ થાય એટલે મોહને જીતી લેવાય, કહો, છે ને સરસ કવિતા !

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સર્વધર્મસદ્‌ભાવનું પ્રતીક હતા. તેઓએ મહાવીર અને સોમનાથના શિવને એકસાથે વર્ણવતી સ્તુતિ પણ કરી છે. એક સ્થળે ભગવાન મહાવીરને ઉદ્દેશી

તેઓ કહે છે -

अन्योन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ।।[४६]

આપણે હેમચંદ્રાચાર્યને વંદન કરી એમના જ શબ્દો લઈને ઉપાધ્યાય યશોવિજયજીને કહી શકીએ - न पक्षपाती समयस्तथा ते - આપના સિદ્ધાંતો પક્ષપાતથી પર છે.

જ્ઞાનસારના સર્વનયાશ્રયણાષ્ટકમાં ઉપાધ્યાયજી વિધાન કરે છે -

पृथक्नयाः मिथः पक्षप्रतिपक्षकदर्थिता ।
समवृत्तिसुखास्वादी ज्ञानी सर्वनयाश्रित ।।[४७]

ઉપાધ્યાય યશોવિજયજી પણ સ્વયં જ્ઞાની સર્વનયાશ્રિત, સમવૃત્તિ અને સુખાસ્વાદી છે અને એમના જ્ઞાનસારનો અધ્યેતા પણ આવો બની શકે છે.

સ્વવિષયમાં પારંગત, વિદ્યા અને અધ્યયનના તપોનિધિ, समत्वं योग उच्यते કે સમતાએ સાચી સાધુતાને વરેલા, શબ્દોના સ્વામી, કવિતાના કીમિયાગર, અલંકારને પણ અલંકૃત કરનાર, નયવિદ, સર્વશાસ્ત્રવિશારદ અનેક ઉપાદેય ગ્રંથોના રચયિતા યશોવિજયજી મહારાજની જ્ઞાનસાર નામની કાલજયી કૃતિનું શ્રવણ, મનન કે વિવેચન કરવું એ તો કોઈ મોટા ગજાના વિવેચકનું કામ છે. મેં તો મને જે ભાવ જાગ્યો તેને અહીં શબ્દબદ્ધ કર્યો છે. એમણે સ્વયંમુનિ કેવો હોય અને કેમ શોભે એ જે કહ્યું છે એ મારી વિનમ્ર પણ દૃઢ મતિ અનુસાર એમને પણ શબ્દશઃ લાગુ પાડી શકાય એટલે એ ઉદ્ધૃત કરીને વિરમું છું :

मुनिरध्यात्मकैलासे विवेकवृषभस्थितः ।
शोभते विरति-ज्ञप्ति-गंगागौरीयुतः शिवः ।।[४८]

અધ્યાત્મના કૈલાસ ઉપર વિવેકના વૃષભ (નંદી) પર રહેલ, વિરતિરૂપી ગંગા અને જ્ઞપ્તિ(જ્ઞાન)રૂપી ગૌરીથી જોડાયેલા શિવ સમાન મુનિ શોભે છે. ઉપાધ્યાય યશોવિજયમુનિ પણ અધ્યાત્મ અને કવિતાના કૈલાસ ઉપર શિવ સમાન સોહાય છે.

## પાદટીપ

૧. *યશોવિજયજી મહોપાધ્યાય, 'જ્ઞાનસાર', સંપાદક : ડૉ. રમણલાલ સી. શાહ, પ્રકાશક : શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલા, ૨૦૦૫, ૧૯ તત્ત્વદૃષ્ટિ-અષ્ટક ૧, પૃ. ૨૬૩*

૨. *જુઓ :* नषादविद्धाण्डजदर्शनोत्थः श्लोकत्यमापद्यत यस्य शोकः । - *મહાકવિ કાલિદાસ, 'રઘુવંશ' ૧૪-૭૦*

૩. संसारिणां करुणयाह पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरुं मुनिनाम् । *ભા.પુ. ૧-૨-૩*

૪. *'જ્ઞાનસાર', ૨૩ - લોકસંગ્રહાષ્ટક-૫, પૃ. ૩૦૯*

૫. *'જ્ઞાનસાર', ઉપસંહાર ૧થી ૪, પૃ. ૩૪૫-૩૪૬*

૬. *'જ્ઞાનસાર', ઉપસંહાર-૧૧, પૃ. ૪૩૯*

૭. *'જ્ઞાનસાર', ૯ - ક્રિયાષ્ટક-૨, પૃ. ૧૨૫*

૮. *'જ્ઞાનસાર', ૯ - ક્રિયાષ્ટક-૩, પૃ. ૧૨૬*

૯. આદિ શંકરાચાર્ય, 'વિવેકચૂડામણિ' શ્લોક-૬૭, સંપાદક : ગૌતમ પટેલ, પ્રકાશક : સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૪૦

૧૦. મહાભારત શાંતિપર્વ, વિષ્ણુસહસ્રનામસ્તોત્ર ૧૩૭
અહીં સમાન્તર કહી શકાય તેવી ચર્ચા પાદટીપમાં નોંધવામાં આવે છે. ધર્મ વિનાનું વિજ્ઞાન અંધ છે અને વિજ્ઞાન વિનાનો ધર્મ પાંખ વિનાના પક્ષી જેવો છે. આથી આજના યુગમાં ધર્મની આંખે અને વિજ્ઞાનની પાંખે જ ઉડવું રહ્યું. - શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી)

૧૧. 'જ્ઞાનસાર', ઉપસંહાર-૧૨, પૃ. ૪૪૦
૧૨. 'જ્ઞાનસાર', ઉપસંહાર-૬, પૃ. ૪૩૭
૧૩. 'જ્ઞાનસાર', ઉપસંહાર-૭, પૃ. ૪૩૮
૧૪. 'જ્ઞાનસાર', ઉપસંહાર-૧૪, પૃ. ૪૪૨
૧૫. 'જ્ઞાનસાર', ઉપસંહાર-૮, પૃ. ૪૩૮
૧૬. 'જ્ઞાનસાર', ૧૬ - માધ્યસ્થાષ્ટક-૭, પૃ. ૨૨૭
૧૭. મહાકવિ કાલિદાસ, 'માલવિકાગ્નિમિત્રમ્' ૧-૨
૧૮. 'જ્ઞાનસાર', ૧૬ - માધ્યસ્થાષ્ટક, પૃ. ૨૨૮ પર ઉદ્ધૃત
૧૯. 'જ્ઞાનસાર', ૧૬ - માધ્યસ્થાષ્ટક, પૃ. ૨૨૮ પર ઉદ્ધૃત
૨૦. 'જ્ઞાનસાર', ૨૬ - અનુભવાષ્ટક-૮, પૃ. ૩૫૪
૨૧. 'જ્ઞાનસાર', ૨૬ - અનુભવાષ્ટક-૩, પૃ. ૩૪૭
૨૨. મહાકવિ ભર્તૃહરિ, 'નીતિશતક' ૧
૨૩. આદિ શંકરાચાર્ય, 'વિવેકચૂડામણિ' ૫૬, પૃ. ૩૮
૨૪. આદિ શંકરાચાર્ય, 'વિવેકચૂડામણિ' ૫૩, પૃ. ૩૭
૨૫. 'જ્ઞાનસાર', ૫ - જ્ઞાનાષ્ટક-૭, પૃ. ૭૭
૨૬. प्रवक्षणाऽभिनत् पर्वतानाम् । - ઋ.વે. ૧-૩૨-૧
૨૭. 'જ્ઞાનસાર', ૬ - શમાષ્ટક-૩, પૃ. ૮૫
૨૮. ભગવદ્ગીતા ૬-૩
૨૯. 'જ્ઞાનસાર', ૧૨ - નિઃસ્પૃહાષ્ટક-૨, પૃ. ૧૬૭
૩૦. શ્રીમદ્ ભાગવત ૨-૨-૫
૩૧. 'જ્ઞાનસાર', ૧૨ - નિઃસ્પૃહાષ્ટક-૭, પૃ. ૧૭૬
૩૨. 'જ્ઞાનસાર', ૨૮ - નિયાગાષ્ટક-૨, પૃ. ૩૭૩
૩૩. 'જ્ઞાનસાર', ૨૮ - નિયાગાષ્ટક-૪, પૃ. ૩૭૫
૩૪. 'જ્ઞાનસાર', ૨૮ - નિયાગાષ્ટક-૬, પૃ. ૩૭૯
૩૫. 'જ્ઞાનસાર', ૨૮ - નિયાગાષ્ટક-૭, પૃ. ૩૮૦
૩૬. 'જ્ઞાનસાર', ૨૮ - નિયાગાષ્ટક-૮, પૃ. ૩૮૧
૩૭. ભગવદ્ગીતા ૪-૨૪
૩૮. 'જ્ઞાનસાર', ૨૮ - નિયાગાષ્ટક-૮, પૃ. ૩૮૧
૩૯. 'જ્ઞાનસાર', ૧૬ - માધ્યસ્થાષ્ટક-૬, પૃ. ૨૨૬
૪૦. જુઓ : अक्षरं ब्रह्म परमं ભ.ગી. ૮-૩
૪૧. મહાકવિ કાલિદાસ, 'રઘુવંશ', ૧૦-૨૬

*૪૨. પુષ્પદંત, 'શ્રીશિવમહિમ્નઃસ્તોત્ર' ૭*

*૪૩. 'જ્ઞાનસાર', ૧૯ - તત્ત્વદૃષ્ટિ અષ્ટક-૭, પૃ. ૨૬૦*

*૪૪. 'જ્ઞાનસાર', પૃ. ૨૬૦ પર ડૉ. આર. સી. શાહ દ્વારા ઉદ્ધૃત*

*૪૫. 'જ્ઞાનસાર', ૪ - મોહત્યાગાષ્ટક-૧, પૃ. ૪૮*

*૪૬. 'જ્ઞાનસાર', ૩૨ - સર્વનયાશ્રયાષ્ટક-૨માં ડૉ. આર. સી. શાહ દ્વારા ઉદ્ધૃત, પૃ. ૪૨૫*

*૪૭. 'જ્ઞાનસાર', ૩૨ - સર્વનયાશ્રયાષ્ટક-૨, પૃ. ૪૨૪*

*૪૮. 'જ્ઞાનસાર', ૨૦ - સર્વસમૃદ્ધિઅષ્ટક-૫, પૃ. ૨૭૧*

નોંધ : ડૉ. રમણલાલ ચી. શાહ દ્વારા સંપાદિત 'જ્ઞાનસાર'નો આધાર લીધો છે તે માટે તેઓનો ઋણી છું.

24

# જૈન યોગ અને પાતંજલ યોગ

આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા અર્થાત્ નિર્વાણ યા મોક્ષ તે માનવજીવનનું અંતિમ સાધ્ય છે. સર્વ ભારતીય દર્શનોનું અંતિમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ છે. મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય અથવા માર્ગ એ જ યોગ છે. યોગ એ વિશિષ્ટ સાધનાપદ્ધતિ છે જેનો સંબંધ શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ સાથે છે. આ સાધનાની પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવે છે. આ પરંપરા જૈનોનાં આગમોમાં, બૌદ્ધોના પિટકોમાં તેમજ સાંખ્યદર્શનના યોગશાસ્ત્રમાં મળે છે. યોગ શબ્દ મૂળ 'યુજ' ધાતુ પરથી આવ્યો છે. જેના બે અર્થ છે : એક જોડવું; સંયોજન કરવું અને બીજો અર્થ છે - સમાધિ, ચિત્તઃસ્થિરતા. ભારતીય યોગદર્શનમાં બંને અર્થમાં આ શબ્દનો ઉપયોગ થયો છે. જૈન પરંપરામાં 'સંયોગ' અર્થમાં સ્વીકૃત છે જ્યારે 'પાતંજલ યોગસૂત્ર'માં 'યોગ' શબ્દ સમાધિ, ચિત્તસ્થિરતા અર્થમાં લીધો છે.

રશ્મિ ભેદા

**પાતંજલ યોગદર્શન** : આ યોગદર્શનનો પ્રાચીનતમ ગ્રંથ છે જે યોગનો સૌથી પ્રમાણભૂત ગ્રંથ મનાય છે. પતંજલિ મુનિએ ઈ. સ. પૂર્વે ૨૦૦ની આસપાસ યોગસંબંધિત ધારણાઓને યોગસૂત્રમાં સંગૃહીત કરી છે. યોગશાસ્ત્ર ચિત્તના સ્વરૂપનું જ્ઞાન આપે છે અને ચિત્તને કેમ વિશુદ્ધ કે સ્થિર કરવું તેનું વ્યવસ્થિત માર્ગદર્શન આપે છે. મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ, ચિત્તની શક્તિઓનો વિકાસ, ધ્યાન, એકાગ્રતા અને સમાધિની સાધના એ યોગશાસ્ત્રના મુખ્ય વિષયો છે. આ ગ્રંથનાં ચાર પ્રકરણ છે. પહેલું પ્રકરણ સમાધિપાદ છે જે ઉત્તમ અધિકારીઓ માટે છે. સૌપ્રથમ યોગનું લક્ષણ બતાવેલું છે -

યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ ॥૧.૨॥ પાતંજલ યોગસૂત્ર

અર્થ : ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો અર્થાત્ ચિત્તની

વૃત્તિઓને રોકવી એનું નામ યોગ છે.

ચિત્તની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ - એમ પાંચ અવસ્થાઓ છે. પ્રકૃતિના ત્રણ ગુણો છે - સત્ત્વ, રજસ અને તમસ.

(૧) ક્ષિપ્ત અવસ્થા : રજોગુણની અધિકતા હોઈ ચિત્ત ચંચળ બનીને બધા વિષયોમાં દોડાદોડ કરતું હોય છે. સ્થિરતા પ્રાપ્ત કરી શકતું નથી.

(૨) મૂઢ અવસ્થા : તમોગુણપ્રધાન હોય છે. કૃત્યાકૃત્યને નહીં જાણનાર અને હિંસાદિરૂપ અધર્મ તેમજ આળસ, પ્રમાદ, ક્રોધ વગેરેમાં મગ્ન હોય છે.

(૩) વિક્ષિપ્ત અવસ્થા : પ્રાપ્ત કરેલાં સુખનાં સાધનોમાં ચિત્ત તલ્લીન રહે છે. રજોગુણના લેશ સહિત સત્ત્વગુણપ્રધાન હોય છે. ચિત્ત કોઈ વાર સ્થિર થાય છે.

(૪) એકાગ્ર અવસ્થા : ચિત્ત રજોગુણ અને તમોગુણ રહિત સત્ત્વગુણપ્રધાન હોય છે. એક જ વિષયમાં લાંબા સમય સુધી વાયુ વિનાના સ્થાનમાં મૂકેલા દીપક માફક સ્થિરતા ધારણ કરે છે.

(૫) નિરુદ્ધ અવસ્થા : વૃત્તિમાત્રનો અભાવ છે. કેવળ સંસ્કારમાત્ર શેષ રહે છે.

આવી રીતે ચિત્તની આ પાંચ અવસ્થાઓમાંથી છેવટની બે યોગની પ્રાપ્તિ કરાવે છે. પતંજલિ મુનિ આ વૃત્તિઓના નિરોધ માટે અભ્યાસ અને વૈરાગ્યનું સાધન બતાવે છે. ચિત્તમાં કોઈ પણ પ્રકારની વૃત્તિ ઉત્પન્ન ન થાય અને ચિત્ત તેના સ્વ-સ્વરૂપમાં સ્થિર થાય એ માટે સતત યત્ન કરવો તે અભ્યાસ. વૈરાગ્ય એટલે સંસાર અને તેના વિષયો પ્રત્યે અનાસક્તિ.

'પાતંજલ યોગદર્શન'નું બીજું પ્રકરણ છે સાધનાપાદ જે યોગની શરૂઆત કરનારા માટે છે. તેમાં ક્રિયાયોગ અને અષ્ટાંગયોગરૂપી સાધનોનું નિરૂપણ કરેલું છે. વિક્ષિપ્ત ચિત્તવાળા જે મનુષ્ય યોગને સંપાદન કરવા ઇચ્છે છે તેઓ માટે તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનરૂપ ક્રિયાયોગ કહેલો છે.

મધ્યમાધિકારીની ચિત્તની અશુદ્ધિ ક્રિયાયોગ દ્વારા દૂર થાય છે. પરંતુ મંદાધિકારીના ચિત્તની અશુદ્ધિ ક્ષય કરવા માટે અષ્ટાંગ યોગ બતાવ્યો છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ અષ્ટાંગ યોગનાં આઠ અંગો છે.

ત્રીજો પાદ છે વિભૂતિપાદ. વિભૂતિ એટલે ઐશ્વર્ય અગર સિદ્ધિઓ. મુમુક્ષુઓ સિદ્ધિઓનો અનાદર કરે છે પણ વિવિધ પ્રકારના સંયમ દ્વારા યોગીને જે ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે તેનું વર્ણન છે. મંદાધિકારીને યોગમાં શ્રદ્ધા ઉપજાવવા વિભૂતિઓનું વર્ણન કરેલું છે.

છેલ્લું અને ચોથું પ્રકરણ છે કૈવલ્યપાદ. વિવેકજન્ય જ્ઞાન દ્વારા સમાધિનો લાભ થાય છે એ યોગનું મુખ્ય ફળ છે. એ સમાધિજન્ય કૈવલ્યનું નિરૂપણ આ પાદમાં કરેલું છે.

જૈનદર્શનમાં યોગ - જૈનદર્શનમાં 'યોગ' શબ્દ 'યુજ' ધાતુનો અર્થ જોડવું, સંયોજન કરવું એ અર્થમાં સ્વીકારેલો છે. એટલે મોક્ષ સાથે યોજન, જોડાણ કરાવે તે યોગ. मोक्षेण योजनाद् योगः એમ એની વ્યાખ્યા છે. જે પ્રક્રિયા વડે આત્મા શુદ્ધ આત્મસિદ્ધિપદરૂપ મોક્ષપદ અથવા નિર્વાણપદને પ્રાપ્ત

કરે એનું નામ યોગ. આત્માના નિજ શુદ્ધ સ્વભાવ સાથે, સહજાત્મસ્વરૂપ સાથે જોડાણ થવું તે જ યોગનું પ્રગટ સ્પષ્ટ સ્વરૂપ છે. પરભાવ, વિભાવમાંથી નીકળી આત્મભાવમાં સ્થિર થવું એ જ મોક્ષમાર્ગ છે. જૈનદર્શનમાં આ મોક્ષમાર્ગ, યોગમાર્ગ, સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ રત્નત્રયરૂપ છે અને એ જ જૈન યોગ છે.

સમ્યક્દર્શન : સાચી દૃષ્ટિ. સુદેવ, સુગુરુ અને સુધર્મમાં સાચી શ્રદ્ધા અને રુચિ. સમ્યક્દર્શન એટલે જીવાદિ તત્ત્વોને તેના મૂળ સ્વરૂપમાં સમજવાં અને તેમાં શ્રદ્ધા રાખવી. સમ્યક્દર્શન એટલે આત્મદર્શન.

સમ્યક્જ્ઞાન : જે વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું તેને જાણવું. સમ્યક્દર્શન એટલે જીવાદિ પદાર્થોમાં શ્રદ્ધા રાખવી અને સમ્યક્જ્ઞાન એટલે જીવાદિ પદાર્થોનો અર્થાત્ તત્ત્વોનો બોધ થવો.

સમ્યક્ચારિત્ર : ચારિત્ર એટલે આચરણ. યથાર્થ જ્ઞાનપૂર્વક અસત્ ક્રિયામાંથી નિવૃત્તિ અને સત્ ક્રિયામાં પ્રવૃત્તિ. સમ્યક્દર્શન, જ્ઞાનપૂર્વક આત્મામાં રમણતા, સ્થિરતા કરવી.

દરેક આત્મા જેમાં પરમાત્મા થવાની ક્ષમતા છે તે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયને આદરીને અર્થાત્ યોગમાર્ગને અનુસરીને પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે છે.

આગમ સાહિત્ય ઉપરાંત ઘણા જૈનાચાર્યોએ યોગ અને ધ્યાન વિશે વ્યાપક સાહિત્યની રચના કરી છે. જેમાં આચાર્ય હરિભદ્રસૂરિનું સ્થાન ટોચનું છે. એમણે જૈન યોગ સાહિત્યમાં એક નવા અધ્યાયની શરૂઆત કરી. યોગનું સ્વરૂપ દર્શાવતાં એમણે કહ્યું છે કે યોગ દ્વારા જીવાત્મા આધ્યાત્મિક વિકાસ સાધી પરમાત્મ દશા પ્રાપ્ત કરી શકે છે. જીવનું આધ્યાત્મિક લક્ષ્ય મોક્ષ છે. એની પ્રાપ્તિ માટે યોગ સાધન છે. યોગની વ્યાપકતા આપતાં તેઓ કહે છે -

मुक्खेण जोयणाओ, जोगो सव्वो वि धम्मवावारो ।।१।। योगविंशिका ।

આચાર્ય શુભચંદ્રે 'જ્ઞાનાર્ણવ'માં અને હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં જૈન પરંપરા સંમત રત્નત્રયી(સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર)ને મોક્ષના હેતુરૂપ અર્થાત્ યોગરૂપથી સ્વીકાર કર્યો છે.

પાતંજલ યોગ અને જૈન યોગની પૂર્વભૂમિકા જોઈ. હવે પતંજલિ યોગ અને જૈન યોગને તુલનાત્મક દૃષ્ટિએ જોઈએ.

યોગનું અંતિમ લક્ષ્ય મોક્ષ બંને પરંપરામાં સમાન રૂપથી સ્વીકૃત છે. જૈનદર્શનમાં જેને મોક્ષ કહેવાય છે એનું જ પાતંજલ યોગસૂત્રમાં 'કૈવલ્ય' નામથી વર્ણન કરેલું છે. કૈવલ્યની પ્રાપ્તિ માટે અભ્યાસ, વૈરાગ્ય, ક્રિયાયોગ અને અષ્ટાંગયોગનું વિધાન પ્રસ્તુત છે. જ્યારે જૈનદર્શનમાં મોક્ષપ્રાપ્તિ માટે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય છે. સમ્યક્દર્શનનું જે વર્ણન છે તે પાતંજલ યોગસૂત્રમાં વર્ણવેલા 'વિવેકખ્યાતિ' સાથે મળતું આવે છે. આત્મા અને પુદ્‌ગલનું ભેદજ્ઞાન થાય છે તે જ સમ્યક્દર્શન છે. તેને જ પાતંજલ યોગસૂત્રમાં વિવેકખ્યાતિ કહ્યું છે. જ્યારે મિથ્યાત્વનું સ્વરૂપ પાતંજલ યોગસૂત્રમાં વર્ણવેલા અવિદ્યાના સ્વરૂપ સાથે મળે છે. શ્રીમદ્ રાજચંદ્ર મિથ્યાત્વનું સ્વરૂપ કહે છે -

કલ્યાણને અકલ્યાણ અને અકલ્યાણને કલ્યાણ સમજે તે મિથ્યાત્વ.

દેહ અને દેહાર્થમમત્વ એ મિથ્યાત્વ લક્ષણ છે.

મિથ્યાત્વ એટલે યથાર્થ ન સમજાય તે.

પાતંજલ યોગસૂત્રમાં જે વસ્તુ જેવી નથી તેમાં તેવી બુદ્ધિ રાખવી તે અવિદ્યા કહેવાય છે. અનિત્ય વસ્તુમાં નિત્યપણાની બુદ્ધિ રાખવી, દુઃખરૂપ વસ્તુમાં સુખરૂપતાની બુદ્ધિ રાખવી અને જડ વસ્તુમાં ચેતનતાની બુદ્ધિ રાખવી એ અવિદ્યા છે. આ મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યાનો વિવેકખ્યાતિરૂપ વિદ્યા વડે વિનાશ થાય તે જ કૈવલ્ય છે.

સમ્યક્ચારિત્ર જૈનદર્શનમાં મોક્ષમાર્ગનું પ્રમુખ સાધન છે. વ્યવહારનયથી તે ચારિત્ર વ્રત, સમિતિ, ગુપ્તિ રૂપે છે. પાતંજલ યોગસૂત્રમાં અષ્ટાંગ યોગના અંતર્ગત સર્વપ્રથમ યમનિયમને ચારિત્રનિર્માણના સાધન તરીકે પ્રસ્તુત કરેલા છે. 'યમ' એ અષ્ટાંગ યોગનું પ્રથમ અંગ છે. યમમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - આ પાંચ વ્રતોનો સમાવેશ કરેલો છે. આ પાંચ વ્રત એ જ જૈનદર્શનમાં મૂળભૂત વ્રતો છે જે સાધુ માટે મહાવ્રત અને ગૃહસ્થ માટે અણુવ્રત તરીકે દર્શાવેલાં છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિ વ્રત કોને કહેવાય એ દર્શાવતાં કહે છે -

हिंसा-ऽनृत-स्तेया-ऽब्रह्म, परिग्रहेभ्यो-विरतिर्व्रतम् ।।७.१।।

આ વ્રતના બે ભેદ છે -

હિંસાદિ પાપોથી દેશથી (આંશિક) નિવૃત્તિ તે અણુવ્રત અને સર્વથા નિવૃત્તિ તે મહાવ્રત છે.

આ પાંચ વ્રતનું પાલન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તેનું નિરૂપણ યોગસૂત્રમાં કર્યું છે. દા. ત. જે વ્યક્તિના અંતઃકરણમાં અહિંસાવૃત્તિ દૃઢ થાય છે તેના સાન્નિધ્યમાં હિંસક સ્વભાવવાળાં પ્રાણી પણ પોતાની વેરવૃત્તિનો ત્યાગ કરી શાંતભાવ ધારણ કરે છે. આ યોગદર્શનનું દૃષ્ટાંત તીર્થંકર મહાવીરના જીવનમાં પણ જોવા મળે છે. મહાવીરને ચંડકૌશિક સર્પે ડંખ માર્યો ત્યારે તેમણે તેના પર મૈત્રીભાવનો પ્રયોગ કર્યો હતો.

'નિયમ' એ પતંજલિના અષ્ટાંગ યોગનું બીજું અંગ છે. તેમાં શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન - આ પાંચ નિયમોનો સમાવેશ છે. જૈનદર્શનમાં નિયમોના અંતર્ગત સ્વના અનુશાસન માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાલની મર્યાદાસહિત ગુણવ્રત અને શિક્ષાવ્રત આપેલા છે જે ગૃહસ્થધર્મ માટે અણુવ્રતની સુરક્ષા અને વિકાસ માટે છે. અષ્ટાંગ યોગના નિયમમાં ચોથો નિયમ જે તપ છે એનો ક્રિયાયોગમાં સમાવેશ કરાયેલો છે. જૈનદર્શનમાં તપ બે પ્રકારે છે - બાહ્ય તપ અને અભ્યંતર તપ. જેના પાછા છ-છ ભેદો છે. અનશન, ઊણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એમ છ પ્રકારનાં બાહ્ય તપ છે. અને પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એ છ પ્રકારનાં અભ્યંતર તપ છે. અષ્ટાંગ યોગમાં પાંચમો નિયમ 'ઈશ્વરપ્રણિધાન' છે. ઈશ્વરના અનુગ્રહથી યોગની પ્રાપ્તિ અને સ્થિરતાસ્વરૂપ સિદ્ધિ થાય છે એમ કહે છે. પાતંજલ યોગદર્શનના મતે ઈશ્વરમાં અપ્રતિહત - સહજ એવું જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અને ધર્મ

આ ચારેય તત્ત્વ અનાદિકાળથી છે. ઇન્દ્રિયોની મદદ વિના ઉત્પન્ન થતાં જ્ઞાનાદિ પરિણામો અપરિમિત છે, પરાકાષ્ઠાનાં છે. માટે સર્વજ્ઞતાની સિદ્ધિ તેમાં થાય છે. સર્વશક્તિસંપન્ન ઈશ્વરની ઇચ્છાનુસાર આખું જગત કર્મ મુજબ પ્રવર્તે છે, પરિણમે છે.

પાતંજલ યોગમાં ઈશ્વર અને ઈશ્વરનો અનુગ્રહ છે એના વિશે ઉપાધ્યાય યશોવિજયજી સમાલોચના કરતાં કહે છે કે ઈશ્વરના અનુગ્રહથી જ યોગ ઉત્પન્ન થાય છે. આ વાત બરાબર નથી કારણ કે જે જીવમાં યોગ્યતા ન હોય તેવા જીવમાં ઈશ્વર યોગને ઉત્પન્ન ન કરી શકે. જેમ જડ એવા અણુને ઈશ્વર ક્યારે પણ જીવ બનાવી શકતો નથી. વસ્તુનો મૂળભૂત સ્વભાવ ક્યારેય બદલાતો નથી. તેથી યોગ્યતાથી નિરપેક્ષ એવા કેવળ ઈશ્વરના અનુગ્રહથી જ જીવોને યોગસિદ્ધિ અને મોક્ષપ્રાપ્તિ થાય છે આ વાત બરાબર નથી. જો ઈશ્વરમાં અનુગ્રહ કરવાનો સ્વભાવ એકસરખો હોય તો એકીસાથે બધા જીવોને યોગસિદ્ધિ, મુક્તિ મળી જાય, પણ એવું થતું નથી. એટલે વ્યક્તિભેદ, આત્મભેદે ઈશ્વરમાં અનુગ્રહતા પણ વિભિન્ન પ્રકારની માનવી પડે, જે પાતંજલ દર્શનને માન્ય નથી.

જૈનદર્શન અનુસાર સંસારમાં ભટકતા જીવો ઈશ્વરના, અરિહંતના માર્ગદર્શન અનુસાર સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરે, પુરુષાર્થ કરે તો આ ભવ અટવીથી પાર પામે છે. ઈશ્વર એટલે કે અરિહંત જીવોને મોક્ષમાર્ગ દેખાડે છે. આરાધક જીવો એ માર્ગ પર ચાલી, યોગમાર્ગમાં આગળ વધી મોક્ષપ્રાપ્તિ કરી શકે છે. આ રીતનો અનુગ્રહ જૈનદર્શનને માન્ય છે પણ ઈશ્વરના અનુગ્રહથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે આ રીતનો અનુગ્રહ જૈનદર્શનને માન્ય નથી.

જૈનદર્શન પ્રમાણે આ સૃષ્ટિ અનાદિ-અનંત છે. અર્થાત્ આ સૃષ્ટિની ઉત્પત્તિ કે લયનો કોઈ અવકાશ નથી, કર્તા-સંહર્તા રૂપે ઈશ્વર જેવી કોઈ વ્યક્તિ અસ્તિત્વમાં નથી. પ્રત્યેક જીવ એના વર્તમાન પર્યાયનો પોતે જ કર્તા છે અને પ્રત્યેક જીવમાં પરમાત્મતત્ત્વ રહેલું છે. પોતે પુરુષાર્થ કરી વર્તમાન બદ્ધ પર્યાયથી મુક્ત બની શકે છે અને પોતામાં રહેલા પરમાત્મતત્ત્વને સંપૂર્ણ પ્રગટ કરી પોતે પરમાત્મા બની શકે છે. જૈનદર્શનમાં બધાય મુક્ત જીવો (જે સિદ્ધ તરીકે ઓળખાય છે) સમાન ભાવે ઈશ્વર તરીકે ઉપાસ્ય છે. આમ જૈનદર્શનમાં ઈશ્વરનું સ્થાન અરિહંત કે સિદ્ધનું છે જે અનાદિકાળથી સદા મુક્ત એવા ઈશ્વરનું નથી પણ સંસારી જીવ જે પોતાના પુરુષાર્થથી, યોગ્યતાથી એ પદ પ્રાપ્ત કરી શક્યા છે.

યોગના તૃતીય અંગ 'આસન'નું મહત્ત્વ સાધના માટે શરીરને સ્થિર કરવાનું છે. મન સ્થિર કરવા માટે શરીરની નિશ્ચલતાની જરૂર છે જે આસનથી સિદ્ધ થાય છે. અષ્ટાંગ યોગના આગળના અંગ પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાનના અભ્યાસ માટે શરીરની સ્થિરતા આવશ્યક છે. એટલે પાતંજલ યોગ અને જૈન યોગ આ બંને પરંપરામાં 'આસન'ને સ્થાન આપ્યું છે. આચાર્ય હેમચંદ્ર 'યોગશાસ્ત્ર'માં ધ્યાનથી સિદ્ધિ કરવા માટે આસનનો જય કરવાનું કહે છે.

'પ્રાણાયામ' એ અષ્ટાંગ યોગનું મહત્ત્વનું અંગ છે. શ્વાસ-પ્રશ્વાસની ગતિનો શાસ્ત્રોક્ત રીતે નિરોધ કરવો તે પ્રાણાયામ છે. પ્રાણાયામ વડે ચિત્તની સ્થિરતા થાય છે જે ધ્યાનની સાધના માટે જરૂરી છે. જૈન યોગમાં પ્રાણાયામ અર્થાત્ ભાવ-પ્રાણાયામ એવો અર્થ લીધો છે.

આત્મામાંથી પરભાવોનો ત્યાગ કરવો તે રેચક ભાવ પ્રાણાયામ.

આત્મામાં અંતરાત્મભાવ પ્રગટાવવો તે પૂરક ભાવ પ્રાણાયામ.

આત્માને સ્વભાવદશામાં સ્થિર કરવો તે કુંભક ભાવ પ્રાણાયામ.

પાતંજલ ઋષિ 'યોગદર્શન'માં પ્રાણાયામના અભ્યાસથી પ્રકાશનું અર્થાત્ બુદ્ધિસત્ત્વનું (જ્ઞાન, દર્શનને રોકનારું) જે આવરણ છે તે ક્ષય પામે છે એમ કહે છે. પ્રાણાયામની સિદ્ધિ થવાથી વિવેકના કારણરૂપ બુદ્ધિસત્ત્વના પ્રકાશનું પાપરૂપ અને ક્લેશરૂપ આવરણ ક્ષય પામે છે. પ્રાણાયામથી શરીર નીરોગી બને છે. પરંતુ જૈનદર્શન પ્રમાણે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર સંબંધી આચારવિચાર, વિનય, અભ્યાસ, તપ, દેવગુરુસેવા આદિ વિના જ્ઞાન, દર્શનરૂપ આત્મપ્રકાશ પ્રગટતો નથી. પ્રાણાયામ દૈહિક ક્રિયા છે. એનાથી આત્મશુદ્ધિ થતી નથી પરંતુ સમ્યગ્ પ્રકારે દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધા, ચારિત્ર તથા જ્ઞાનનો અભ્યાસ સત્ગુરુના સાન્નિધ્યમાં કરવાથી પ્રકાશાવરણનો ક્ષય થાય છે.

'પ્રત્યાહાર' જૈનદર્શનમાં 'પ્રતિસંલીનતા' તપની સમકક્ષ છે. બેઉ પરંપરામાં ઇન્દ્રિયોની સ્વાભાવિક પ્રવૃત્તિઓનો નિરોધ કરી એને અંતર્મુખ કરવાનું કહ્યું છે. પ્રત્યાહારમાં પાંચ ઇન્દ્રિયોના વિષયોથી વાળી મનને સંકલ્પ-વિકલ્પથી દૂર કરીને આત્મસ્વરૂપમાં સ્થિર કરવા તૈયાર કરાય છે.

પ્રત્યાહાર આ યોગનું અંગ સિદ્ધ થયા પછી યોગનું છઠ્ઠું અંગ ધારણા આવે છે. પ્રત્યાહારથી ચિત્તને ઇન્દ્રિયોના પાંચ વિષયમાંથી ખેંચી મનને એક વિષય પર સ્થિર કરવું એ ધારણા છે.

અષ્ટાંગ યોગમાં ધારણા પછી ધ્યાનનું સ્થાન આવે છે. એક જ વિષયમાં - ધ્યેયસ્થાનમાં ચિત્તવૃત્તિ એકાગ્ર થાય, અર્થાત્ તે જ વિષયમાં વૃત્તિનો પ્રવાહ એકધારો વહેવા માંડે તે અવસ્થાને ધ્યાન કહે છે. ધ્યાન દ્વારા મનની વૃત્તિઓના તરંગો લય પામે છે. સાધક અર્થાત્ ધ્યાતા દીર્ઘકાલપર્યંત ધ્યાનના અભ્યાસમાં લીન થઈ જાય છે ત્યારે ધ્યાતા અને ધ્યાનની પ્રતીતિ ક્ષીણ થઈ જાય છે. એની એકાગ્ર થયેલી ચિત્તવૃત્તિ માત્ર ધ્યેય રૂપે જ જણાય છે તે સમાધિ છે; અષ્ટાંગ યોગનું અંતિમ ચરણ છે.

આ ત્રણ — ધારણા, ધ્યાન અને સમાધિની એકાગ્રતા થાય એને પાતંજલ યોગદર્શનમાં સંયમ કહ્યું છે. અર્થાત્ ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનું જ્યારે અભેદ ભાવે એકત્વ થાય, બહિરાત્મભાવ ત્યજાય, આત્મસ્વરૂપનું જ્ઞાન જાગે, તેના યોગે પરમાત્માને ધ્યેય કરી તેના ધ્યાનમાં ધ્યાતા બની એકરૂપ બની જાય તે સંયમ છે, ધારણા, ધ્યાન અને સમાધિનો અભ્યાસ, આલંબનના બળથી થાય છે એ સંપ્રજ્ઞાત યોગ કહેવાય છે જ્યારે અસંપ્રજ્ઞાત યોગ એ ધ્યેયરૂપ આલંબન વિનાનો હોય છે.

જૈન યોગમાં ધ્યાનનું વિશિષ્ટ સ્થાન છે. મોક્ષપ્રાપ્તિ થવી એ ધ્યાન વિના સંભવ નથી. પાતંજલ યોગદર્શનનું છઠ્ઠું અંગ ધારણા અને અંતિમ 'સમાધિ' એ 'ધ્યાન'માં જ સમાવિષ્ટ થઈ જાય છે. ધ્યાનની ઉત્કૃષ્ટ સ્થિતિ સમાધિ છે. મોક્ષપ્રાપ્તિ માટે બે શુભ ધ્યાન છે - ધર્મધ્યાન અને શુક્લધ્યાન. ધર્મધ્યાનથી નિર્જરા થાય છે અને પરંપરાએ શુક્લધ્યાન પ્રાપ્ત થઈ મોક્ષપ્રાપ્તિમાં કારણભૂત થાય છે. શુક્લધ્યાનના ચાર ભેદ છે. એમાંથી પ્રથમના બે ભેદ - પૃથકત્વ-વિતર્ક-સવિચાર અને એકત્વ-વિતર્ક-

અવિચાર એ પાતંજલ યોગસંમત સંપ્રજ્ઞાત સમાધિના સદૃશ છે કારણ કે સંપ્રજ્ઞાત યોગ આલંબનના બળથી થાય છે અને પ્રથમના બે શુક્લધ્યાન શ્રુતના આલંબનપૂર્વક હોય છે. શુક્લધ્યાનના પછીના બે ભેદ – સૂક્ષ્મક્રિયા પતિપાતિ અને સમુચ્છિન્ન ક્રિયાનિવૃત્તિ એ અસંપ્રજ્ઞાત સમાધિના સદૃશ બતાવેલા છે. અસંપ્રજ્ઞાત સમાધિ એ ધ્યેયરૂપ આલંબન વિનાની નિર્બીજ સમાધિ છે. શુક્લધ્યાનનાં છેલ્લાં બે ધ્યાન સર્વ આલંબનરહિત હોય છે. સર્વ દોષરહિત જેને નિર્મળ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તેને હોય છે.

પાતંજલ મત પ્રમાણે ચિત્તના જે પાંચ પ્રકાર છે તેમાંથી માત્ર એકાગ્ર અને નિરુદ્ધ દશામાં જ સમાધિ અર્થાત્ યોગ હોય છે. વિક્ષિપ્ત ચિત્તમાં યોગનો ફક્ત આરંભ જ હોય છે અને ક્ષિપ્ત અને મૂઢ ચિત્તમાં તો વ્યુત્થાન દશા જ છે. એકાગ્ર અને નિરુદ્ધ આ બે જ ચિત્તદશા સમાધિમાં ઉપયોગી થાય છે કારણ કે તેમાં સત્ત્વગુણનો અતિરેક હોવાથી ચિત્ત લાંબા સમય સુધી દીપકની જેમ સ્થિર થઈ શકે છે. ચિત્ત એકાગ્ર હોય તેને જ સંપ્રજ્ઞાત યોગ કહે છે. જ્યારે નિરુદ્ધ ચિત્તમાં વૃત્તિમાત્રનો અભાવ થયો હોય છે. માત્ર સંસ્કાર જ શેષ રહેલા હોય છે તેને જ અસંપ્રજ્ઞાત યોગ કહેવાય છે. ક્ષિપ્ત અને મૂઢ ચિત્તમાં સત્ત્વ ગુણનો ઉત્કર્ષ જ નથી તથા વિક્ષિપ્ત ચિત્તમાં સ્થિરતા નથી માટે તે ચિત્ત સમાધિમાં ઉપયોગી નથી.

ઉપાધ્યાય યશોવિજયજી પાતંજલ મત સાથે સહમત થતા નથી. કારણ કે ઘટ બનાવવાની ક્રિયા માટીનો પિંડ બનાવવાથી શરૂ થાય છે. જ્યાં સુધી ઘટ બને નહીં ત્યાં સુધીની ક્રિયામાં અંશાત્મક ઘટ ઉત્પન્ન થાય જ છે. વિક્ષિપ્ત ચિત્તમાં સત્ત્વગુણના ઉદ્રેકથી યોગનો આરંભ થાય જ છે. એટલે એ સમયે પણ કર્મ-નિર્જરારૂપ ફળ તો પ્રાપ્ત થાય જ છે. તે રીતે વિક્ષિપ્ત ચિત્તમાં અંશાત્મક યોગ માનીએ તો જ તેના પરિણામે નિરુદ્ધ અવસ્થામાં સંપૂર્ણ યોગ પ્રગટ થાય. માટે વિક્ષિપ્ત ચિત્તને પણ યોગસ્વરૂપ માનવું જોઈએ. આ નિશ્ચયનયનું તાત્પર્ય છે. (જૈનદર્શનમાં નિશ્ચયનયના અભિપ્રાય મુજબ કરાતું પણ કાર્ય કરાયેલ કહેવાય છે.).

પતંજલિ ઋષિએ ચિત્તની શુદ્ધિ માટે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર ભાવનાઓ કહી છે.

मैत्री करुणा मुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ।।१.३३।। योगसूत्र

અર્થ : સાધકે સુખીમાં મૈત્રીની, દુઃખીમાં કરુણાની, પુણ્યવાનમાં મુદિતાની અને પાપીમાં ઉપેક્ષાની ભાવનાથી ચિત્તમાં દોષોની નિવૃત્તિ કરવી.

જૈનદર્શનમાં આત્મભાવમાં સ્થિરતા લાવવા આ જ ચાર ભાવનાનો ઉલ્લેખ કરાયેલો છે. मैत्रीप्रमोदकारुण्य-माध्यस्तपरिचिन्तनम् ।

જૈનદર્શનમાં મૈત્રી વધારે સૂક્ષ્મ રીતે બતાવેલી છે. પ્રાણીમાત્ર સાથે એટલે છ-કાયના બધા જીવો સાથે મૈત્રીભાવ કેળવવાનું કહેલું છે. જ્યારે પાતંજલ યોગસૂત્રમાં સુખી પ્રાણી સાથે મૈત્રી બતાવવામાં આવી છે.

બંને દર્શનમાં યોગનું માહાત્મ્ય દર્શાવેલું છે. યોગ મોક્ષની કેડી છે. વિઘ્નોને શાંત કરનાર છે. યોગરૂપ કલ્પવૃક્ષથી આ લોકમાં લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. પરલોકમાં અભ્યુદય થાય છે, પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. આવા યોગનું ફળ બતાવતાં યોગસૂત્રમાં કહે છે - સંયમનો અભ્યાસ કરવાથી હેય-જ્ઞેય વિષયોમાં પ્રજ્ઞાનો ફેલાવો થાય છે. અલગ અલગ રીતે સંયમ કરવાથી અલગ અલગ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ત્રણ પ્રકારનાં પરિણામો (ધર્મસ્વરૂપ પરિણામ, લક્ષણસ્વરૂપ પરિણામ, અવસ્થારૂપ પરિણામ) પર સંયમ કરવાથી અતીતકાલીન અને અનાગતકાલીન વિષયનું જ્ઞાન થાય છે. શબ્દ, અર્થ, બુદ્ધિ સંબંધી સંયમ કરવાથી હંસ, મૃગ, વગેરે તમામ જીવોના શબ્દનું જ્ઞાન થાય છે. હાથી વગેરેના બળને વિશે સંયમ કરવાથી હાથી વગેરેની તાકાત યોગીમાં પ્રગટે છે. આવી રીતે અનેક પ્રકારની લબ્ધિઓ, અણિમા, મહિમાદિ આઠ ઐશ્વર્યનો પ્રાદુર્ભાવ જેવી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

આની સમીક્ષા કરતાં ઉપાધ્યાય યશોવિજયજી કહે છે કે આ સિદ્ધિઓમાં જે વૈવિધ્ય છે તેનું કારણ કર્મનો ક્ષયોપશમ છે. આ સિદ્ધિઓને જ્ઞાનસિદ્ધિ અને શક્તિસિદ્ધિ એમ બે પ્રકારની સિદ્ધિ કહી શકાય. જે જ્ઞાનસિદ્ધિ થાય છે તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થાય છે અને હાથી વગેરે જેવું બળ મળવારૂપ જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તે વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી થાય છે. પાતંજલ યોગદર્શનમાં સંયમનો અર્થ છે - કોઈ પણ એક જ વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિની એકાગ્રતા. જ્યારે જૈનદર્શનમાં સંયમ એટલે સદોષ પ્રવૃત્તિનો ત્યાગ અને શાસ્ત્રવિહિત પ્રવૃત્તિનો સમન્વય. દા.ત. સંયમ એટલે સારી રીતે યમ (પાંચ વ્રતો) પાળવા, ઇન્દ્રિયોને તથા મનને અશુભ પ્રવૃત્તિમાં જતી રોકવી તે સંવર અથવા સંયમ છે. આવી રીતે શાસ્ત્રવિહિત અનુષ્ઠાનનું પ્રણિધાન કરવાસ્વરૂપ સંયમથી જ મોહનીય કર્મનો ક્ષય થઈ તેમ જ બીજા ઘાતી કર્મનો ક્ષય થઈ સર્વ વિષયક જ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. પાતંજલ દર્શનમાન્ય સંયમથી મનની એકાગ્રતા આવી શકે પરંતુ મોહનીય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ ન થઈ શકે કારણ કે તેમાં આત્મવિશુદ્ધિનું પ્રણિધાન જ ભળતું નથી.

ઉપાધ્યાય યશોવિજયજી જૈનદર્શન મુજબ યોગનું માહાત્મ્ય જણાવતાં કહે છે કે પ્રાયશ્ચિત્ત પાપનું નાશક છે માટે પૂર્વે કરેલાં પાપાદિ કર્મોનું પ્રાયશ્ચિત્ત પણ યોગ છે તથા અંતઃકોટાકોટીની સ્થિતિવાળાં કર્મોનો નાશ કરવામાં સહાયક પણ યોગ છે. તેવા યોગથી નિકાચિત એવાં કર્મોનો પણ ક્ષય થઈ શકે છે. જ્ઞાન, ક્રિયા, પ્રાયશ્ચિત્ત યોગ છે. વૃક્ષોને જેમ આગ સળગાવે તેમ યોગથી કુટિલ એવાં કર્મોનો નાશ થાય છે.

આચાર્ય હરિભદ્રસૂરિનો જૈન યોગસાહિત્યમાં મહત્ત્વનો ફાળો છે. એમના યોગવિષયક ચાર ગ્રંથો છે. એમાંના એક ગ્રંથ 'યોગદષ્ટિસમુચ્ચય'માં યોગી સંપૂર્ણ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે ત્યાં સુધી આત્માનો ક્રમિક વિકાસક્રમ સમજાવવા માટે એને આઠ ભૂમિકામાં વહેંચ્યો છે જે યોગદષ્ટિ કહેવાય છે. આ આઠ યોગદષ્ટિઓનો એમણે પાતંજલના અષ્ટાંગ યોગના એક એક અંગ સાથે સમન્વય કર્યો છે. આવી રીતે એમણે જૈનયોગ અને પાતંજલ યોગદર્શનનો સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો છે. આવી જ રીતે એમના બીજા ગ્રંથ 'યોગબિંદુ'માં યોગના અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષેપ એમ પાંચ ભેદ કર્યા છે અને આ યોગભેદોની પાતંજલકૃત યોગભેદો સાથે તુલના કરી છે.

તેમાં સમતાયોગને પતંજલિ મુનિ સંપ્રજ્ઞાત સમાધિ યોગ કહે છે અને છેલ્લા વૃત્તિસંક્ષય યોગને અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. વૃત્તિનો સંક્ષય એટલે આત્માને લાગેલાં મોહમાયારૂપ કર્મોનો નાશ કરવો તે. અહીં આત્મા સર્વ વૃત્તિઓનો ઉચ્છેદ કરવારૂપ વૃત્તિનિરોધ રૂપે સમાધિયોગને પ્રાપ્ત કરે છે. યોગીનું અશેષ ભાવમન અને જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતી કર્મ ને વૃત્તિનો નાશ થઈ યોગી આત્મસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ કરે છે. તેવા યોગીની સ્વરૂપસ્થિતિ અસંપ્રજ્ઞાત સમાધિયોગ કહેવાય છે.

આવી રીતે આ યોગસાધનાનો માર્ગ વિચારીએ તો જે સાધનાથી આત્માની શક્તિનો વિકાસ થઈ, આત્મા પૂર્ણ સ્વ-સ્વરૂપમાં સ્થિર થાય એ યોગ છે. જે સાધનાથી આત્માનો પરમાત્મા સાથે સંયોગ થાય, પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરે એ યોગસાધના છે. એના માટેનું યોગશાસ્ત્ર જે કોઈ પણ દર્શનનું હોય પણ એનું લક્ષ્ય આત્મશુદ્ધિનું જ છે. આત્મશુદ્ધિ માટે યોગસાધના જરૂરી છે.

25

# જૈનદર્શન અને દ્રવ્યાનુયોગ


નિરંજના શ્વેતકેતુ વોરા


જૈન ધર્મે ભારતની પરંપરા અને સંસ્કૃતિને પોતાના વિશિષ્ટ પ્રદાનથી સમૃદ્ધ કરી છે. અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહના સિદ્ધાંતોની આજે અપરિહાર્ય મહત્તા છે. ધાર્મિકતા અને સામ્પ્રદાયિક રીતિ-નીતિએ ઊભા કરેલા અનેક પ્રશ્નોનો ઉત્તર જૈનદર્શનના સૃષ્ટિની ઉત્પત્તિ વિશેના અને આચારવિચારના કેટલાક વજ્ઞાનિક નિયમો દ્વારા આપી શકાય તેમ છે.

વિશ્વ પરમેશ્વરનું સર્જન હોવાની માન્યતાનો જૈન ધર્મે સ્વીકાર કર્યો નથી. સમગ્ર વિશ્વ મુખ્યત્વે બે પ્રકારનાં દ્રવ્ય : જીવ અને અજીવમાંથી સર્જાયું હોવાનું જૈનદર્શન જણાવે છે. આ બંને દ્રવ્ય નિત્ય, અસૃષ્ટ, સહઅસ્તિત્વ ધરાવતાં અને સ્વતંત્ર છે. વિશ્વનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો આ દ્રવ્યોના સંઘટન-વિઘટનને કારણે જોવા મળે છે. જૈનદર્શનના સૃષ્ટિના સ્વરૂપ વિશેના વૈજ્ઞાનક દષ્ટિકોણનો સમુચિત પરિચય આ દ્રવ્યાનુયોગ દ્વારા જ મળે છે.

જૈનદર્શનના અહિંસા, અનેકાન્ત, અપરિગ્રહ જેવા સિદ્ધાંતોની જેમ દ્રવ્યાનુયોગ પણ તેનું વિશિષ્ટ પ્રદાન છે. શ્રીમદ્‌ રાજચંદ્ર તેનાથી ઘણા પ્રભાવિત થયા હતા. તેમણે જણાવ્યું કે સર્વદર્શન એક જૈનદર્શનમાં સમાય છે. તેમાં પણ જૈન એક દર્શન છે. બૌદ્ધ ક્ષણિકવાદી પર્યાય રૂપે 'સત્' છે. વેદાંત - સનાતન-દ્રવ્ય રૂપે સત્ છે. ચાર્વાક નિરીશ્વરવાદી - જ્યાં સુધી આત્માની પ્રતીતિ થઈ નથી ત્યાં સુધી તેને ઓળખવા રૂપે 'સત્' છે - પણ શુદ્ધ ચૈતન્ય અનંત આત્મદ્રવ્ય કેવલજ્ઞાન સ્વરૂપ શક્તિ રૂપે તે જેને સંપૂર્ણ વ્યક્ત થયું છે તથા વ્યક્ત થવાનો જે પુરુષો માર્ગ પામ્યા છે તે પરમ નિર્ગ્રંથ માર્ગ છે...અને મહાવીર સ્વામીએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી - ઉપદેશેલો માર્ગ સર્વસ્વ રૂપે યથાતથ્ય છે.

**ચાર અનુયોગ** - જૈનદર્શનમાં જણાવેલા ચાર અનુયોગ આ પ્રમાણે છે:

૧. દ્રવ્યાનુયોગ : લોકોને વિશે રહેલાં દ્રવ્યો, તેનું સ્વરૂપ, ગુણ, ધર્મ, હેતુ, સહેતુ પર્યાય આદિ અનંત અનંત પ્રકારે છે, તેનું જેમાં વર્ણન છે તે દ્રવ્યાનુયોગ.

૨. ચરણાનુયોગ : દ્રવ્યાનુયોગનું સ્વરૂપ સમજાયા પછી કેમ ચાલવું તે સંબંધીને વર્ણન તે ચરણાનુયોગ.

૩. ગણિતાનુયોગ : દ્રવ્યાનુયોગ તથા ચરણાનુયોગથી તેની ગણતરીનું પ્રમાણ તથા લોકને વિશે રહેલાં પદાર્થ, ભાવો, ક્ષેત્ર, કાળાદિની ગણતરીના પ્રમાણથી જે વાત તે ગણિતાનુયોગ.

૪. ધર્મકથાનુયોગ : સત્પુરુષોનાં ધર્મચરિત્રની જે કથાઓ કે જેનો ધડો લઈ જીવને પડતાં અવલંબનકારી થઈ પરિણમે તે ધર્મકથાનુયોગ.

આ ઉપરાંત કરણાનુયોગમાં સિદ્ધાંતનો સમાવેશ થાય છે. જ્ઞાનીએ તેમાં અંતર્મુહૂર્ત આત્માનો અપ્રતિમ ઉપયોગ માન્યો છે.

શ્રીમદ્ રાજચંદ્રએ દ્રવ્યાનુયોગની મુક્ત કંઠે પ્રશંસા કરતાં શ્રી ધારશીભાઈના પત્રમાં તેની ગંભીરતા, તેની સૂક્ષ્મતા, તેનું યથાર્થ પરિણમવું, તેને માટેની યોગ્યતા તથા માહાત્મ્ય નીચે પ્રમાણે વર્ણવ્યાં છે.

'દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે, નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. શુક્લ ધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લ ધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગ પ્રાપ્ત થાય છે. સમાધિનું રહસ્ય એ જ છે, સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એ જ છે.'

દ્રવ્યાનુયોગ સંદર્ભે અન્ય ગ્રંથોની અપેક્ષાએ શ્રી નેમિચંદ્રસિદ્ધાન્તિદેવકૃત 'દ્રવ્યસંગ્રહ' અને શ્રી કુંદકુંદાચાર્યકૃત 'પંચાસ્તિકાય' મહત્ત્વના ગ્રંથો છે.

**દ્રવ્યની પરિભાષા અને પ્રકાર :**

દ્રવ્યના મુખ્ય બે પ્રકાર છે : જીવ અને અજીવ. અજીવના પાંચ પ્રકાર છે : પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. તેને આ પ્રમાણે દર્શાવી શકાય.




શ્રીમદ્ રાજચંદ્રએ અતિ સંક્ષેપમાં દ્રવ્યોનું સામાન્ય સ્વરૂપ આ રીતે સમજાવ્યું.

વિશ્વ અનાદિ છે.

આકાશ સર્વવ્યાપક છે.

તેમાં લોક રહ્યો છે.

જડ-ચેતનાત્મક સંપૂર્ણ ભરપૂર લોક છે.

ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ ચાર અમૂર્ત દ્રવ્ય છે.

વસ્તુતાએ કાળ ઔપચારિક દ્રવ્ય છે.

કાળ, પુદ્ગલ અને જીવ અનંત દ્રવ્ય છે.

દ્રવ્ય ગુણપર્યાયાત્મ છે.

**જીવ-અજીવ દ્રવ્યનો પ્રકારભેદે વિશેષ પરિચય :**

૧. તે નિત્ય ચૈતન્ય સ્વભાવરૂપ-ઉપયોગના લક્ષણવાળો હોવાથી એક જ છે.

૨. જ્ઞાન અને દર્શન એવા ભેદને કારણે બે પ્રકારનો છે.

૩. ઉત્પાદ, ધ્રૌવ્ય અને વિનાશ એ ત્રણ લક્ષણવાળો હોવાથી અથવા કર્મફળ, ચેતના, કાર્યચેતના અને જ્ઞાનચેતના એ ત્રણ પ્રકારે ત્રણ લક્ષણવાળો છે.

૪. દેવ, મનુષ્ય, નારક અને તિર્યંચ - એ ચાર ગતિમાં પરિભ્રમણ કરતો હોવાથી ચતુર્વિધ ભ્રમણવાળો છે.

૫. પારિણામિક, ઔદારિક વગેરે પાંચ મુખ્ય ગુણોની પ્રધાનતા હોવાને કારણે પંચાગ્ર ગુણપ્રધાન છે.

૬. જીવ ચાર દિશામાં અને ઉપર તથા નીચે એમ છ દિશામાં ગમન કરતો હોવાથી છ અપક્રમસહિત છે.

૭. અસ્તિ, નાસ્તિ વગેરે સપ્તભંગી યુક્ત હોવાને કારણે સપ્તભંગી છે.

૮. જ્ઞાનાવરણ વગેરે આ કર્મો તથા સમ્યક્ત્વ વગેરે આઠ ગુણોના આશ્રયભૂત હોવાને કારણે અષ્ટ આશ્રય છે.

૯. નવ પદાર્થ કે તત્ત્વો જીવ, અજીવ, પાપ, પુણ્ય, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ રૂપે પ્રવર્તમાન હોવાથી નવ અર્થરૂપ છે.

૧૦. અગ્નિ, પાણી, વાયુ, પૃથ્વી, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વીંદ્રિય, ત્રિંદ્રિય, ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિયરૂપ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી દશસ્થાનગત છે.

**દ્રવ્યસંગ્રહમાં** જીવ અને અજીવનું સ્વરૂપ આ રીતે વર્ણવ્યું છે.

जीवो उवओगमओ अमुत्ति कत्ता सदेहपरिमाणो ।
भोत्ता संसारत्थो सिद्धो सो विस्ससोड्ढगई ॥ १-२ ॥

જીવ ઉપયોગમય છે, અમૂર્ત છે, કર્તા છે, સ્વદેહ-પરિમાણ છે, ભોક્તા છે, સંસારમાં સ્થિત છે, સિદ્ધ છે અને સ્વભાવથી ઊર્ધ્વગમન કરનાર છે, તે જીવ છે.

અહીં જીવનાં નવ લક્ષણો અનુસાર તેના સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું છે.

तिक्काले चदुपाणा इंदियबलमाउ आणपाणो य ।
ववहारा सो जीवो णिच्छयणयदो दु चेदणा जस्स ॥ १-३ ॥

જેના ત્રણે કાળમાં ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પ્રાણ હોય છે, તે વ્યવહારતઃ જીવ છે, પરંતુ નિશ્ચય નયાનુસાર જેને જ્ઞાન અને દર્શનરૂપ ચેતના છે તે જીવ છે.

અહીં જીવ દ્રવ્યનો વિચાર નિશ્ચય અને વ્યવહાર બંને નય દ્વારા કરવામાં આવ્યો છે.

**અજીવ દ્રવ્ય**

अज्जीवो पुण णेओ पुग्गलधम्मो अधम्म आयांस ।
कालो पुग्गल मुत्तो रुवादिगुणो अमुत्ति सेसा दु ॥ १-१५ ॥

પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ તથા કાળ એ પાંચ પ્રકારનાં અજીવ દ્રવ્યોમાં રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શથી યુક્ત હોવાને કારણે પુદ્‌ગલ મૂર્તિક છે અને અન્ય શેષ દ્રવ્યો અમૂર્તિક છે એમ જાણવું.

**દ્રવ્યનું સામાન્ય સ્વરૂપ :** જગતની રચનાની વાસ્તવિકતા દર્શાવવા માટે સત્તા, સત્, તત્ત્વ, અર્થ, પદાર્થ વગેરે શબ્દોનો પણ દ્રવ્ય શબ્દના પર્યાય રૂપે કે સમાન્તરે ઉપયોગ થયો છે. ઉમાસ્વાતિ સત્ દ્વારા દ્રવ્યની વ્યાખ્યા કરે છે - सत् द्रव्य लक्षणम्। સત્ દ્રવ્યનું લક્ષણ છે, જૈન દૃષ્ટિએ આ દ્રવ્યોને અસ્તિત્વ છે - સત્તા છે તેથી તેને 'અસ્તિ' કહેવામાં આવે છે. તેને અનેક પ્રદેશો હોવાથી તેને 'કાય' (અનેક પ્રદેશોનો સમૂહ) પણ કહેવામાં આવે છે. આમ, દ્રવ્ય તે 'અસ્તિકાય' છે. પ્રદેશ એટલે પુદ્‌ગલના એક અવિભાજ્ય પ્રરમાણુ દ્વારા રોકાયેલો હોય એવો અવકાશાદિકનો એક ભાગ. પુદ્‌ગલનો એક પરમાણુ જેટલું આકાશ (સ્થાન) રોકે તે 'પ્રદેશ' કહેવાય છે. આ રીતે જે દ્રવ્યોમાં એક કે અસંખ્ય પ્રદેશ હોય છે તેને અસ્તિકાય કહેવાય છે. જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ અને આકાશને અનેક પ્રદેશો હોવાથી તે અસ્તિકાય છે, જ્યારે કાળને પ્રદેશ નહિ હોવાને કારણે તે અનસ્તિકાય છે.

જીવદ્રવ્યને વિસ્તૃત અને વિશદ રીતે વર્ણવીને આચાર્ય નેમિચંદ્રે અજીવને પણ સૂત્રાત્મક શૈલીમાં પ્રબોધ્યું છે.

પુદ્‌ગલ દ્રવ્યમાંથી સર્જિત કોઈ સમગ્ર વસ્તુઓના અખંડ સ્વરૂપમાં સ્કંધ છે. તેના અર્ધભાગને દેશ કહે છે. દેશના અર્ધભાગને પ્રદેશ અને તેના છેવટના અવિભાગી ભાગને પરમાણુ કહે છે. તેમાં રસ, વર્ણ, ગંધ અને સ્પર્શના ગુણ છે, પણ કોઈ એક સમયે તે એક જ પ્રકારના રસ કે વર્ણાદિથી યુક્ત હોય છે. પુદ્‌ગલના છ પ્રકાર છે અને તેનાથી ત્રણ લોક ઉત્પન્ન થાય છે.

ધર્મ અને અધર્મ દ્રવ્યની વિશેષતા પણ અહીં સમજાવી છે. લોક અને અલોકનો વિભાગ ધર્મ અને અધર્મને કારણે બને છે, માટે ધર્મ અને અધર્મ વિદ્યમાન છે, તેમનું અસ્તિત્વ છે. જીવ-પુદ્‌ગલના ગતિ અને સ્થિતિયુક્ત પદાર્થો પોતાના જ હેતુથી ગતિ કે સ્થિતિ કરે છે અને ધર્મ-અધર્મ તેમાં સહાયક કે આશ્રયરૂપ બને છે.

આ ષટ્ દ્રવ્યાત્મક લોકમાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરો અવકાશ આપે છે, તે આકાશ છે, તે તેમને માટે વિશુદ્ધ ક્ષેત્રરૂપ છે. આકાશના લોકાકાશ અને અલોકાકાશ એવા બે ભાગ પડે છે. જીવ વગેરે દ્રવ્યો (આકાશ સિવાયનાં) લોકાકાશમાં અસ્તિત્વ ધરાવે છે. લોકથી ઉપરના ભાગમાં જેને અલોકાકાશ કહેવામાં આવે છે તે અંગત અને લોકથી અન્ય છે અને અનન્ય પણ છે. તેમાં ગતિ-સ્થિતિ હોતી નથી. તેથી સિદ્ધ ભગવંતો ઊર્ધ્વગમન કરીને લોકના અગ્ર ભાગે બિરાજે છે. ગતિ-સ્થિતિનો હેતુ આકાશ વિશે નથી. ધર્મ તથા અધર્મ જ ગતિ અને સ્થિતિના હેતુરૂપ છે. ધર્મ, અધર્મ અને આકાશ સમાન

પરિમાણવાળાં હોવાને લીધે જ એક જ આકાશમાં અવગાહન કરીને સાથે રહેલાં હોવાને કારણે જ એકત્વવાળાં છે, પણ વ્યવહારમાં તેમના સ્વભાવધર્મ - ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ અને અવગાહહેતુત્વ ભિન્ન ભિન્ન હોવાથી એકબીજાથી ભિન્ન પણ છે. તેમના પ્રદેશો પણ ભિન્ન ભિન્ન છે.

દ્રવ્યના રૂપમાં જે પરિવર્તન થાય છે અને સમય જે ઘટિકાદિ રૂપે જણાય છે તે વ્યવહારકાળ છે, પણ તેના આધારભૂત દ્રવ્ય - જે સ્વયં ઉપાદાન રૂપે પરિણમતા પદાર્થોને પરિણમનક્રિયામાં 'વર્તના' રૂપે સહકારી થાય છે, તે નિશ્ચયકાળ છે. નિશ્ચયનય પ્રમાણે કાળ અણુરૂપ છે, રેતીના કણોની જેમ સ્વત્વ ગુમાવ્યા સિવાય તે સાથે રહી શકે છે. અન્ય દ્રવ્યોની જેમ કાળને અનેક પ્રદેશો નહિ હોવાથી તે 'અનસ્તિકાય' છે. તેને 'અસ્તિકાય'ની સંજ્ઞા આપવામાં આવી નથી.

**શ્રી કુંદકુંદાચાર્ય 'પંચાસ્તિકાય'**માં 'સત્'માં રહેલા જે સદ્ભાવપર્યાયો છે - તેને જે દ્રવે છે તે 'દ્રવ્ય' એવી પરિભાષા આપે છે. સદ્ભાવપર્યાયોને અર્થાત્ સ્વભાવવિશેષોને જે દ્રવે છે, પામે છે, સામાન્ય સ્વરૂપે વ્યાપે છે, તે 'દ્રવ્ય' છે. અથવા તો જે 'સત્' લક્ષણવાળું છે, જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે અથવા જે ગુણપર્યાયોના આશ્રયરૂપી છે, તેને સર્વજ્ઞો 'દ્રવ્ય' કહે છે. દ્રવ્યની ઉત્પત્તિ કે વિનાશ નથી, તેના પર્યાયો જ વ્યય, ઉત્પત્તિ અને ધ્રુવતા કરે છે.

**પંચાસ્તિકાયમાં** દ્રવ્યના સ્વરૂપનું વિશદ વર્ણન મળે છે. તેની પરિભાષા આપતાં કહ્યું છે :

दवियदि गच्छदि ताइं ताइं सब्भावपज्जयाइं जं ।
दवियं तं भण्णंते अणण्णभूदं तु सत्तादो ॥ (१.९)

તે તે સદ્ભાવપર્યાયોને જે દ્રવે છે, પામે છે, તેને દ્રવ્ય કહે છે કે જે સત્તાથી ભિન્ન નથી.

અહીં સત્તા અને દ્રવ્ય અભિન્ન છે એમ જણાવ્યું છે. ઉપરોક્ત ગાથામાં સત્તાનાં જે લક્ષણો દર્શાવ્યાં છે, તે જ લક્ષણો દ્રવ્યનાં પણ છે. સત્તા અને દ્રવ્યની અભિન્નતા જણાવીને દ્રવ્યની પરિભાષા આપી છે: સદ્ભાવપર્યાયોને અર્થાત્ સ્વભાવવિશેષોને જે દ્રવે છે, પામે છે, સામાન્ય સ્વરૂપે વ્યાપે છે તે દ્રવ્ય છે.

उप्पत्ती व विणासो दव्वस्स य णत्थि अत्थि सब्भावो ।
विगमुप्पादधुवत्तं करेंति तस्सेव पज्जाया ॥ (१.११)

દ્રવ્યની ઉત્પત્તિ કે વિનાશ નથી. સત્ સ્વભાવવાળું છે. તેના પર્યાયો જ વ્યય, ઉત્પત્તિ અને ધ્રુવતા કરે છે.

દ્રવ્યાર્થ પર્યાયાર્થની અપેક્ષાથી દ્રવ્યના બે ભાગ પાડ્યા છે. શુદ્ધ નયની દૃષ્ટિએ સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોના સદ્ભાવનારૂપ અને ત્રણે કાળ ટકનારાં દ્રવ્યનો વિનાશ કે ઉત્પાદ શક્ય નથી, તે અનાદિ-અનંત છે. પણ તેના પર્યાયોમાં, સહવર્તી પર્યાયોમાં ધ્રૌવ્યના ગુણ સાથે વિનાશ અને ઉત્પાદ પણ સંભવે છે, તેથી તે વિનાશ અને ઉત્પાદથી યુક્ત છે, તેથી દ્રવ્ય દ્રવ્યાર્થિક દૃષ્ટિએ વિનાશરહિત, ઉત્પાદરહિત અને સત્ સ્વભાવવાળું છે અને તે જ પર્યાયાર્થિક કથનથી ઉત્પાદવાળું અને વિનાશવાળું છે.

**સપ્તભંગી**

सियभंगी अत्थि णत्थि उहयं अव्वत्तव्वं पुणो य तत्तिदयं ।
दव्वं खु सत्तभंगं आदेसवसेण संभवदि ॥ (१-१४)

આદેશ અનુસાર દ્રવ્ય ખરેખર સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય અને વળી અવક્તવ્યતાયુક્ત ત્રણ ભંગવાળું એમ સાત ભંગવાળું છે.

દ્રવ્યના સંદર્ભમાં સપ્તભંગીનું નિરૂપણ છે : (૧) દ્રવ્ય સ્યાત્ અસ્તિ છે, (૨) દ્રવ્ય સ્યાત્ નાસ્તિ છે, (૩) દ્રવ્ય સ્યાત્ અસ્તિ અને નાસ્તિ છે, (૪) દ્રવ્ય સ્યાત્ અવક્તવ્ય છે, (૫) દ્રવ્ય સ્યાત્ અસ્તિ અને અવક્તવ્ય છે, (૬) દ્રવ્ય સ્યાત્ નાસ્તિ અને અવક્તવ્ય છે અને (૭) દ્રવ્ય સ્યાત્ અસ્તિ, નાસ્તિ અને અવક્તવ્ય છે.

**સ્વચતુષ્ટય**

દ્રવ્યને સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને સ્વભાવની દૃષ્ટિએ વર્ણવવામાં આવે છે.

સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને સ્વચતુષ્ટય કહેવામાં આવે છે. સ્વદ્રવ્ય એટલે નિજ ગુણપર્યાયોની આધારભૂત વસ્તુ પોતે, સ્વક્ષેત્ર એટલે વસ્તુનો નિજ વિસ્તાર અર્થાત્ સ્વપ્રદેશસમૂહ, સ્વકાળ એટલે વસ્તુનો પોતાનો વર્તમાન પર્યાય, સ્વભાવ એટલે નિજગુણ - સ્વશક્તિ.

सो चेव जादि मरणं जादि ण णट्ठो ण चेव उप्पण्णो ।
उप्पण्णो य विणट्ठो देवो मणुसु त्ति पज्जाओ ॥ (૧.૧૮)

તે જ જન્મે છે અને મૃત્યુ પામે છે, છતાં તે ઉત્પન્ન થતો નથી અને નષ્ટ થતો નથી; દેવ, મનુષ્ય એવો પર્યાય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે.

દ્રવ્ય કેટલીક રીતે વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તેને અવિનાશી અને અજન્મા કહ્યું છે. તેનો જે વિનાશ અને ઉત્પત્તિ દેખાય છે તે સ્વરૂપી દૃષ્ટિએ એક પ્રકારનું પરિવર્તન છે. પૂર્વે એક દેહમાં આશ્રય લઈને રહેલો જીવ, તે દેહ નાશ પામતાં અન્ય રૂપે પરિણમે છે. જે ઉત્પન્ન થાય છે અને લય પામે છે તે દેવ માનવ - વગેરે પર્યાયો કે સ્વરૂપો છે.

અહીં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણએ શરીર અને આત્માની ભિન્નતાને વર્ણવતાં કહેલો શ્લોક પણ મનનીય છે :

વાસાંસિ જિર્ણાનિ યથા વિહાય
નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।
તથા શરીરાણિ વિહાય જીર્ણાનિ
અન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥ (૨-૨૨)

જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરે છે તેમ દેહધારી - આત્મા જૂનાં શરીરો ત્યજી બીજાં નવાં શરીરો પામે છે. (૨-૨૨). અહીં દ્રવ્યની પર્યાયાત્મકતા કે સ્વરૂપ-પરિવર્તનના ધર્મનો જ નિર્દેશ થયેલો જોઈ શકાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે આ દૃષ્ટિએ પણ દ્રવ્ય-પર્યાય વિશે નિરૂપણ કર્યું છે.

'દેહ છતાં દેહાતીત' એવી મહાવિદેહી જીવનમુક્ત દશા અનુભવનારા અને 'હું કોઈ ગચ્છમાં નથી, આત્મામાં છું' - એમ કહેનારા શ્રીમદ્ રાજચંદ્રએ સૃષ્ટિના સ્વરૂપનું રહસ્ય અને દેહથી ભિન્ન સ્વ-પર-પ્રકાશક પરમ જ્યોતિસ્વરૂપ એવા આત્માને પામવા-સમજવા ઘણું મંથન કર્યું હતું.

પોતાના અનુભવપ્રત્યક્ષ સાથે સુમેળ સાધતા ભગવાન મહાવીરના વિશ્વવ્યવસ્થા વિશેના વિચારો વિશે પણ ઊંડું તત્ત્વચિંતન કરીને 'વીતરાગે ખરું કહ્યું છે' - એવી પ્રતીતિ તેમને થઈ હતી.

શ્રીમદ્ અપૂર્વ આત્માનુભૂતિના ઉલ્લાસની કોઈ ધન્ય ક્ષણે નિર્ગ્રંથમાર્ગની ઉદ્‌ઘોષણા કરતું 'જડ ને ચૈતન્ય બંને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન' કાવ્ય રચ્યું છે. તેમાં પરદ્રવ્યથી ભિન્ન શુદ્ધ આત્મા સાક્ષાત્ સમયસાર જ પ્રગટ કર્યો છે. 'આ જડ અને આ ચેતન એમ બંને દ્રવ્યનો ભિન્ન સ્વભાવ છે.' આ ચેતન એ જ નિજ પોતાનું સ્વરૂપ છે અને જડ તો સંબંધમાત્ર - માત્ર સંયોગ સંબંધરૂપ જ છે અથવા તો જ્ઞેય એવું જડ પરદ્રવ્યમાં જ ગણાય છે એવો અનુભવનો પ્રકાશ જેને ઉલ્લાસિત થયો છે તેને જડથી ઉદાસી ઉદાસીન થઈ, આત્મામાં જ વર્તુ એવી આત્મવૃત્તિ થાય છે.

આ પરમોત્કૃષ્ટ શાંત શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પામીને તેમાં જ તન્મય થનાર સત્પુરુષની ભાવસ્થિતિને શ્રીમદ્ નીચે પ્રમાણે સમજાવે છે -

'જેને કંઈ પ્રિય નથી, જેને કંઈ અપ્રિય નથી, જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી, જેને માન-અપમાન, લાભ-અલાભ, હર્ષ-શોક, જન્મ-મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ થઈ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિશે સ્થિતિ પામ્યા છે, પામે છે અને પામશે તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.'

અહીં શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વર્ણવેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સહજ સ્મરણમાં આવે છે. કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં લીન રહેનાર શ્રીમદ્‌નો આ અનુભવસિદ્ધ સમયસાર જ તેમની કવિતામાં દ્રવ્યાનુયોગ રૂપે પ્રગટ થયો છે.

**પ્રજ્ઞાપના સૂત્રમાં જીવ-અજીવ દ્રવ્યનું નિરૂપણ :**

જૈન દર્શનના દ્રવ્યાનુયોગનું નિરૂપણ વિવિધ આગમગ્રંથોમાં થયું છે. તેમાં પણ પન્નવણા-સુત્તં-પ્રજ્ઞાપનાસૂત્રમાં જીવ-અજીવ દ્રવ્યોની પ્રજ્ઞાપના, પ્રકાર, સ્થાન, સ્થિતિ, વિશેષ, વ્યુત્ક્રાન્તિ, સંજ્ઞા, યોનિ, ભાષા, શરીર, પરિણામ, લેશ્યા, કર્મબન્ધ..વગેરે ૩૬ પદોના સંદર્ભમાં વિસ્તારથી અને અત્યંત સૂક્ષ્મપણે કરવામાં આવી છે. તેમાં જીવ અને અજીવની જે વિવિધ પ્રકારભેદે ચર્ચા કરવામાં આવી છે, તેનું નીચે પ્રમાણે પૃથક્કરણ કરવાથી વિશેષ ગ્રાહ્ય બને તેમ છે : પ્રજ્ઞાપનાનાં મુખ્ય બે પ્રકાર છે; જીવ અને અજીવ.




જીવ અને અજીવ દ્રવ્યનાં અન્ય સૂક્ષ્મ વર્ગીકરણો પણ અહીં આપવામાં આવ્યાં છે, જેમ કે,

સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના

એકેન્દ્રિય બેઇન્દ્રિય તેઇન્દ્રિય ચઉરિન્દ્રિય પંચેન્દ્રિય

પૃથ્વીકાયિક અપ-કાયિક તેજકાયિક વાયુકાયિક વનસ્પતિકાયિક

આ દરેકના સૂક્ષ્મ અને બાદર એમ બે પ્રકાર ગણાવ્યા છે.

અજીવ પ્રજ્ઞાપનાના બે પ્રકારો વર્ણવીને તેના સૂક્ષ્મ ભેદ પણ આ રીતે દર્શાવ્યા છે :

અરૂપી અજીવ ધર્મ પ્રજ્ઞાપનાના દસ પ્રકાર છે :

ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ, અને ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો દેશ, અધર્માસ્તિકાયના પ્રદેશો અને કાળ.

રૂપી અજીવ પ્રજ્ઞાપનાના ચાર પ્રકાર છે :

સ્કંધો, સ્કંધ દેશો, સ્કંધ પ્રદેશો અને પરમણુ પુદ્ગલો. પુદ્ગલના પાંચ પ્રકાર છે :

પુદ્ગલ

વર્ણપરિણત ગંધપરિણત રસપરિણત સ્પર્શપરિણત સંસ્થાનપરિણત

આ પ્રત્યેક દ્રવ્યના સ્થાનાદિ ભેદે જે વિવિધ પર્યાયોનું અહીં નિરૂપણ થયું છે, આશ્ચર્યજનક છે. અત્યંત સૂક્ષ્મતા, ગહનતા અને ક્રાન્તદર્શિતા વડે પૂજ્ય તીર્થંકર સ્વામીએ સકળ લોકનું જે ચિત્ર સૂત્રાત્મક રૂપે અહીં પ્રગટ કર્યું છે, તેનું સારરહસ્ય પામવું મુશ્કેલ છે. જેમ કે મનુષ્યોના ભેદ જણાવતા તેના બે પ્રકાર દર્શાવ્યા છે : સંમૂર્છિમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યો. દેવોના ચાર પ્રકાર છે : ભવનગામી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈજ્ઞાનિક. પૃથ્વીકાયિક, વનસ્પતિકાયિક વગેરેના તો અસંખ્ય ભેદો વર્ણવ્યા છે. તે દરેકનાં સ્થાનો, સ્થિતિ, અલ્પબાહુત્વ, સંખ્યાવિશેષ, વ્યુત્ક્રાન્તિ, ઉચ્છ્વાસ વગેરે વિશે વિસ્તારથી માહિતી આપી છે.

દસ સંજ્ઞાઓ : આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, લોક અને ઓઘ સંજ્ઞા — તેમનું વિશદ વર્ણન અને તેના ઉપયોગ વિશેની તલસ્પર્શી માહિતી અહીં મળે છે.

વિવિધ દૃષ્ટિએ યોનિના પ્રકાર આ પ્રમાણે છે.

યોનિ

શીત ઉષ્ણ શીતોષ્ણ સંપૃત્ત વિવૃત્ત સંવૃત્તિ વિવૃત્ત કર્મોન્નતા સંખાવર્તા વંશીપત્રા

સચિત્ત અચિત્ત મિશ્ર

પૃથ્વીના આઠ પ્રકાર ગણાવીને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ - એ શરીરના ભેદોનું પણ અહીં દ્રવ્યાનુયોગ સંદર્ભે વર્ણન ઉપલબ્ધ થાય છે. પરિણામ, ઇન્દ્રિયો, ઉદ્દેશ, પંદર પ્રકારના

પ્રયોગો, છ પ્રકારની લેશ્યાઓ, બાવીસ પ્રકારની કાયસ્થિતિ, અન્તક્રિયા-ચ્યવન-ઉત્પત્તિ; સંસ્થાન, ક્રિયાઓ, આઠ પ્રકારની કર્મપ્રકૃતિ; આહાર, ભય, સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ સંઘાત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર અને પર્યાપ્તિ વગેરેના સંદર્ભમાં જીવ દ્રવ્યનું કરેલું વિસ્તૃત નિરૂપણની દૃષ્ટિએ પ્રજ્ઞાપનાસૂત્ર ખૂબ મહત્ત્વનું અને નોંધપાત્ર છે.

જૈનદર્શનના દ્રવ્ય સિદ્ધાન્તનો સમગ્ર પરિચય અહીં ઉપલબ્ધ નથી. ધર્મ, અધર્મ, કાળ, પુદ્ગલ અને આકાશ વિશેના કેટલાક ઉલ્લેખો માત્ર મળે છે. પણ વિવિધ દૃષ્ટિકોણથી થયેલી જીવદ્રવ્યની પ્રજ્ઞાપના જૈન ધર્મનું એક વિશિષ્ટ પરિમાણ આપણી સમક્ષ પ્રગટ કરે છે.

**સાંપ્રતકાલીન અણુ-પરમાણુ વિશેની વૈજ્ઞાનિક શોધો અને પ્રાચીન ધર્મશાસ્ત્રનાં તે વિશેનાં કેટલાંક પ્રતિપાદનો :**

ખરેખર તો આપણું વિશ્વ તેની રચના અને તેના નિયમો આદિકાળથી આજ સુધી માનવને માટે કુતૂહલ અને પરમ આશ્ચર્યના વિષયો રહ્યા છે. આમ, જુઓ તો જ્ઞાનવિજ્ઞાનની ઉપાસના અને સૃષ્ટિને સમજવાના આપણા પ્રયત્નોનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે.

ખરેખર તો કેટલીક સદીઓ પહેલાં જ્યારે ફિઝિક્સ વિજ્ઞાનનો ઉદ્‌ભવ થયો ત્યારે આ ગ્રીક શબ્દની મૂળ ધાતુ 'ફિઝિસ' એવી હતી, જેનો અર્થ 'સૃષ્ટિનું મૂળ તત્ત્વ' તેવો થાય છે. એ સમયે વિજ્ઞાનની આવી અને આજે છે એટલી અનેકવિધ શાખાઓ ન હતી. વિજ્ઞાનીઓ ત્યારે 'નેચરલ ફિલૉસોફર' કહેવાતા અને તેઓ તત્ત્વજ્ઞાની જ કહેવાતા; તેમાંથી પછી આજે જેને 'ટૅકનૉલૉજી કહીએ છીએ તેનો જન્મ થયો.

આજે જ્ઞાન-વિજ્ઞાનનો ગમે તેટલો વિકાસ થયો હોવા છતાં, ઉપનિષદમાં શિષ્ય દ્વારા 'અથાતો બ્રહ્મજિજ્ઞાસા'ના સંદર્ભે પુછાયેલી પ્રશ્નપરંપરા 'અથાતો બ્રહ્માંડ જિજ્ઞાસા' સુધી વિસ્તરે છે. બ્રહ્માંડનાં રહસ્યો અને સમગ્રતાને હજુ આજનું વિજ્ઞાન સંપૂર્ણતયા સમજાવી શક્યું નથી. વૈજ્ઞાનિકો જેમ જેમ સૃષ્ટિનાં બ્રહ્માંડનાં અવનવાં રહસ્યોને આપણી સમક્ષ પ્રગટ કરતા રહે છે, તે સાથે જ કેટલાય અવનવા વિશાળ અને વિશિષ્ટ પ્રશ્નો પણ ઊભા થતા જાય છે અને અજ્ઞાનનાં ક્ષેત્રો પણ તેટલાં જ ખૂલતાં જાય છે.

આજે એમ માનવામાં આવે છે કે દેખાતા વિશ્વની ઉત્પત્તિ આશરે તેર અબજ વર્ષ પહેલાં એક મહાવિસ્ફોટમાંથી થઈ, જેને 'બિગ બૅંગ' કહેવાય છે. બ્રહ્માંડની શરૂઆતની ક્ષણોનો કંઈક ખ્યાલ મળે, તેના માટે 'લાર્જ હેડ્રોન કોલઇડર' નામના એક પ્રયોગનો આરંભ વૈજ્ઞાનિકોએ કર્યો છે. પદાર્થની મૂળ રચનાને સમજવાનો આ પ્રયોગ અત્યારે ૨૭ કિલોમીટર લાંબી ટનલમાં જિનીવા ખાતે ચાલી રહ્યો છે. અને તેમાં આખીય દુનિયાના વિવિધ દેશોના વૈજ્ઞાનિકો ભાગ લઈ રહ્યા છે.

આ પ્રયોગનો મૂળ સિદ્ધાંત તો સરળ છે. આપણે બ્રહ્માંડમાં જે જોઈએ છીએ તે સઘળું દ્રવ્ય અણુ-પરમાણુઓનું બનેલું છે. અણુમાં તેના કેન્દ્રમાં પ્રોટૉન તથા ન્યૂટ્રૉન નામના કણો હોય છે, અને આ કેન્દ્રની આસપાસ ઇલેક્ટ્રૉન કણો ફરતા હોય છે.

વિશ્વમાં 'હિગ્ઝ બોઝોન' નામનો કણ અવશ્ય અસ્તિત્વ ધરાવતો હોવો જોઈએ, તેમ આ વૈજ્ઞાનિકો માને છે અને તેને મેળવવા અથાગ પ્રયત્ન અને આશ્ચર્યકારક પ્રયોગો કરી રહ્યા છે.

દ્રવ્ય, સમય અને અવકાશ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે તેવું આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ આપણને ચીંધે છે. આમ, પદાર્થ અને તેના અણુ-પરમાણુની મૂળ રચનાની સમજમાંથી જ સમય અને અવકાશનાં રહસ્યો સમજી શકાશે. અણુ-પરમાણુની સૂક્ષ્મ દુનિયામાં ક્વૉન્ટમ થિયરીનું પણ એટલું જ મહત્ત્વ છે.

આ બધી વાતમાં સહુથી પાયાનો પ્રશ્ન એ છે કે જીવન એટલે શું ? સજીવ એટલે શું અને નિર્જીવ એટલે શું ? જડ પદાર્થ અને ચેતન વચ્ચે શું તફાવત છે ? માણસનું મન અને ચેતના તે શું છે ? મન, અંતઃકરણ અથવા જેને 'માઇન્ડ' કહીએ છીએ તેવું ખરેખર અસ્તિત્વ ધરાવે છે કે તે કેવળ મગજના ન્યૂરોન કોષોની જ માયાજાળ છે ? આજનું વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન પણ આ પ્રશ્નોના ઉત્તર મેળવવા સતત પ્રયત્ન કરી રહ્યું છે.

તાજેતરમાં 'ગ્રાન્ડ ડિઝાઇન' નામના પુસ્તકમાં સ્ટીફન હોકિંગ નામનો વૈજ્ઞાનિક કહે છે કે બ્રહ્માંડની રચના માટે 'ઈશ્વર' જેવી કોઈ 'બાહ્ય શક્તિ' કે એજન્સીની જરૂર નથી. વિશ્વ કેમ અને કેવી રીતે ઉત્પન્ન થયું તે સમજવા માટે 'ઈશ્વર' નામની 'પરિકલ્પના'ની જરૂર નથી. એ તો વિજ્ઞાનના નિયમોની અનિવાર્ય નીપજ છે. તે વિજ્ઞાનના નિયમો પ્રમાણે સ્વયં-સર્જિત છે.

હકીકતમાં ઘણાખરા લોકો અણુ-પરમાણુના વિષયમાં આપણા પ્રાચીન વિદ્વાનોના હેરતજનક સંશોધન બાબતે પણ અજાણ છે. બ્રિટનના રસાયણશાસ્ત્રી જહૉન ડાલ્ટને ૧૮૦૩માં અણુના બંધારણને લગતી સર્વપ્રથમ થિયરી રચી સાયન્સના ક્ષેત્રે ખળભળાટ મચાવ્યો તેનાં હજારો વર્ષ અગાઉ ભારતીય તજ્જ્ઞો અણુના માળખાકીય સ્વરૂપને પામી ચૂકેલા એ વાત પ્રાચીન ગ્રંથો દ્વારા સાબિત થાય છે.

એક સરખામણી કરી જોઈએ. ડાલ્ટને પોતાની atomic theory of matterમાં એમ જણાવ્યું કે (૧) દરેક પદાર્થ અણુનો (વૈકલ્પિક ગણાતા શબ્દ મુજબ પરમાણુનો) બનેલો છે. (૨) અણુનું સ્વતંત્ર અસ્તિત્વ છે તેમજ (૩) અણુનું વિભાજન કરવું શક્ય નથી.

હવે શ્રીમદ્ ભાગવતના ૩જા સ્કંધના ૧૧મા અધ્યાયનો પહેલો શ્લોક વાંચો :

चरम सद्विशेषाणामनेकोऽसंयुक्तः सदा ।
परमाणुः स विज्ञेयो नृणामैक्याभ्रमो यतः ॥

ભાવાર્થ : પૃથ્વી વગેરેનો જે સૂક્ષ્મતમ અંશ છે કે જેનું વિભાજન કરવું શક્ય નથી તથા જે કશું કાર્ય બજાવતો નથી અને જેનો અન્ય પરમાણુ જોડે સંયોગ પણ થયેલો નથી તેને પરમાણુ કહે છે. આ જાતના અનેક પરમાણુઓ ભેગા મળે ત્યારે મનુષ્યને ભ્રાંતિવશ તેમના સમુદાયરૂપી પદાર્થની પ્રતીતિ થાય છે.

વૈશેષિક દર્શન અને પ્રાચીન ભારતીય તર્કશાસ્ત્રમાં પણ વિશ્વની ઉત્પત્તિ માટે કારણભૂત દ્રવ્યોનું વિશદ વર્ણન છે.

સ્વામી સહજાનંદે તેમના 'વચનામૃત' ગ્રંથમાં જણાવ્યું છે કે અણુની ભીતરમાં જ અંતરિક્ષ (મહદ્ અંશે ખાલીપો) છે, જેને અવકાશ કહે છે. ઈ.સ. પૂર્વે ૬૦૦ના અરસામાં ગુજરાતના પ્રભાસ પાટણ ખાતે જન્મેલા મહર્ષિ કણાદે અણુના યાને પરમાણુના વિશિષ્ટ ગુણધર્મોનો જે બારીક ચિતાર આપ્યો તેને તો પ્રસિદ્ધ યુરોપી તવારીખકાર ટી.એન. કોલબ્રૂકે વિજ્ઞાનજગતમાં અજોડ ગણાવ્યો. તેના શબ્દો છે : 'Compared to the scientists of Europe, Kanad and other Indian scien-

tists were the global masters in this field.' દસ અધ્યાયોના 'વૈશેષિક સૂત્ર' નામના ગ્રંથમાં મહર્ષિ કણાદે અણુનો (પરમાણુનો) નીચે મુજબનો પરિચય આપ્યો :

પરમાણુ અવિનાશી તેમજ અવિભાજ્ય છે, માટે પરમાણુ કરતાં નાની ચીજનું અસ્તિત્વ સંભવિત નથી. ઇન્દ્રિય-જ્ઞાન વડે (દા.ત. સ્પર્શેન્દ્રિય વડે) પરમાણુને કદી પારખી શકાય નહિ. આમ છતાં સમસ્ત બ્રહ્માંડ પરમાણુઓના સમન્વય વડે રચાયું છે. એકલદોકલ પરમાણુ કશું સર્જન કરી શકતો નથી. બે પરમાણુ મળીને દ્વયણુક, ત્રણ મળીને ત્ર્યણુક અને ચાર મળીને ચતુર્ણુક થાય (કહો કે રેણુ/ molecule બને) ત્યારે જ પદાર્થ રચાય છે.

આ સર્જનક્રિયાને કણાદે પીલુપાક ક્રિયા એવું નામ આપ્યું. (સંસ્કૃતમાં पीलु के पीलवः = યાને અણુ) પૃથ્વી/solid જલ/liquid, વાયુ/gas અને તેજ/light પરમાણુઓ વડે બન્યા હોવાનું કણાદે નોંધ્યું.

ખરેખર તો અણુ વિશેના સંશોધન બાબતે જ નહિ, બલકે વિજ્ઞાનના લગભગ દરેક ક્ષેત્રે પ્રાચીન ભારતના તજ્જ્ઞો વિશ્વભરમાં અગ્રેસર રહ્યા છે.

**જૈનદર્શનમાં દ્રવ્યના સિદ્ધાંતનું મહત્ત્વ :** આધુનિક વિજ્ઞાનના સંશોધનના સંદર્ભમાં જ આ દૃષ્ટિએ જોઈએ તો જૈનદર્શનમાં દ્રવ્યના સિદ્ધાન્ત અંતર્ગત અણુપરમાણુની વિશદ ચર્ચા છે. સહસ્રાબ્દીઓ પહેલાં જૈનદર્શને વિશ્વને આ મહાન સિદ્ધાન્તનો પરિચય આપ્યો છે એ એનું અનોખું પ્રદાન છે. વિશ્વ પરમેશ્વરનું સર્જન હોવાની માન્યતાનો જૈન ધર્મે પણ સ્વીકાર કર્યો નથી. સમગ્ર વિશ્વ મુખ્યત્વે બે પ્રકારનાં દ્રવ્ય : જીવ અને અજીવમાંથી સર્જાયું હોવાનું જૈનદર્શન જણાવે છે. આ બંને દ્રવ્ય નિત્ય, અસૃષ્ટ, સહઅસ્તિત્વ ધરાવતા અને સ્વતંત્ર છે. વિશ્વનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો આ દ્રવ્યોના સંઘટન-વિઘટનને કારણે જોવા મળે છે. જૈનદર્શનના સૃષ્ટિના સ્વરૂપ વિશેના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સમુચિત પરિચય આ દ્રવ્યાનુયોગ દ્વારા જ મળે છે. જૈનદર્શનના અહિંસા, અનેકાન્ત, અપરિગ્રહ જેવા સિદ્ધાંતોની જેમ દ્રવ્યાનુયોગ પણ તેનું વિશિષ્ટ પ્રદાન છે. શ્રીમદ્ તેનાથી ઘણા પ્રભાવિત થયા હતા. તેમણે જણાવ્યું કે 'છએ દર્શન એક જૈનદર્શનમાં સમાય છે. શુદ્ધ ચૈતન્ય અનંત આત્મદ્રવ્ય કેવલજ્ઞાન સ્વરૂપ શક્તિ રૂપે તે જેને સંપૂર્ણ વ્યક્ત થયું છે તથા વ્યક્ત થવાનો જે પુરુષો માર્ગ પામ્યા છે તે પરમ નિર્ગ્રંથ માર્ગ છે અને વીરસ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સર્વ સ્વરૂપ યથાતથ્ય છે.

## સંદર્ભ-સાહિત્ય


૧. 'દ્રવ્યસંગ્રહ', આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્તિદેવ

૨. 'શ્રી પંચાસ્તિકાયસંગ્રહ' - શ્રીમદ્ કુંદકુંદાચાર્ય

૩. 'શ્રીમદ્ રાજચંદ્ર પરમ સમાધિ શતાબ્દી 'સ્મૃતિ ગ્રંથ'

૪. 'ગુજરાતી વિશ્વકોશ' : ખંડ - ૯, પ્રથમ આવૃત્તિ

૫. 'સફારી', અંક ૯૯ - ઓગસ્ટ ૨૦૧૨

૬. 'વિવિધા', લેખસંગ્રહ, લેખક ડૉ. નિરંજના વોરા

26

# સાધર્મિક-વાત્સલ્ય

શાસ્ત્રની અને જ્ઞાનની વાતો ભલે જ્ઞાનીજનો કરે, મારે તો આજે તમારી સાથે મારું થોડું અજ્ઞાન વહેંચવું છે.

જ્ઞાનીજનોએ મોક્ષના માર્ગો બતાવ્યા હોય તે ભલે સાચા જ હશે, છતાં મને એમ લાગે છે કે મોક્ષ સુધી પહોંચવાનો કોઈ શૉર્ટકટ જો હોય તો એ સાધર્મિક-વાત્સલ્ય (સાધર્મિક-ભક્તિ) જ છે.

**સાધર્મિક-વાત્સલ્ય એટલે શું ?**

આપણા સુખમાં આપણા સહધર્મી સ્વજનનો અધિકાર છે એવી સમજ સહિત એને સુખ પહોંચાડવું એ સાધર્મિક-વાત્સલ્ય છે. જીવદયાને જૈન ધર્મની કુળદેવી કહેવામાં આવે છે, તો સાધર્મિક-વાત્સલ્ય એ જૈન ધર્મનો પર્યાય છે. એકલા-એકલા સુખ ભોગવવું એના જેવું બીજું કોઈ પાપ નથી અને પોતાના સુખમાં બીજાને સહભાગી કરવા જેવું કોઈ પુણ્ય નથી.

સાધર્મિક-વાત્સલ્ય કઈ રીતે મોક્ષ-મંજિલનો શૉર્ટકટ ગણાય ? તરત ગળે ઊતરે એવી સરળ વાત સાંભળો. બીજાને સુખ આપવું એ પુણ્યકાર્ય છે. અને પુણ્ય તો મોક્ષનો સીધો માર્ગ છે. સીધો માર્ગ જ સૌથી ટૂંકો માર્ગ હોય છે એવું ગણિતશાસ્ત્રીઓ કહે છે. બે બિંદુઓને જોડતી સીધી રેખા સૌથી ટૂંકી હોય છે એવું આપણે જિઑમેટ્રીમાં ભણ્યા હતા. આપણે જરાય વાંકાચૂકા ગયા વગર એટલે કે વ્રત-તપ, ક્રિયાકાંડ વગેરેની ગલીઓમાં ભટક્યા વગર આપણા સહધર્મીને ડાયરેક્ટ સુખ પહોંચાડીએ તો એ સીધો ટૂંકો માર્ગ જ થયો ને !

રોહિત શાહ

બીજી વાત એ છે કે સહધર્મીને સુખ વહેંચવાથી, તેને આપણા સુખમાં સહભાગી કરવાથી આપણી ભૌતિક આસક્તિ તૂટે છે. આપણા ભીતરના મોહ અને રાગ-દ્વેષ ઓગળે છે. જે કામ કરવાથી આપણી ભૌતિક આસક્તિઓ ખરી પડતી હોય તથા મોહ અને રાગ-દ્વેષ

આપણા શરણે આવી જતા હોય, એ કામ આપણને મોક્ષની નજીક ઝડપથી લઈ જાય એમાં શંકા ખરી?

તુલસીદાસજીએ ધર્મ અને પાપની જે વ્યાખ્યા આપી છે એમાંથી પણ સાધર્મિક-વાત્સલ્યનું મંદ મંદ મધુરું સંગીત સંભળાય છે :

*દયા ધર્મ કા મૂલ હે,*

*પાપ મૂલ અભિમાન.*

**મોક્ષનો શૉર્ટકટ :**

ધર્મનું મૂળ દયા છે - કરુણા છે, કિંતુ પાપનું મૂળ તો અભિમાન છે. સહધર્મી સ્વજનોને આપણા સુખમાં સહભાગી બનાવતી વખતે આપણે મનમાં જો અહંકાર લાવીએ તો પાપ રેકડું જ છે. શૉર્ટકટ જેટલો લાભકારી હોય છે એટલો જ હંમેશાં જોખમી પણ હોય છે. એ માર્ગે પળેપળે સાવધ રહેવું પડે. સહેજ ગાફેલ રહ્યા તો અહંકાર આપણી ઉપર સવાર થઈ જ જશે. અહમ્‌ને જાગૃતિપૂર્વક સખણો રાખવો અને સહધર્મી સ્વજનને લાગણીપૂર્વક સુખ વહેંચવું આ બંને સમાંતરે ચાલવાં જોઈએ. અહંકાર અંધકાર છે અને અંધકાર આપણને માર્ગ ભુલાવે છે.

સાધર્મિક-વાત્સલ્ય માટે જૈન ધર્મમાં બે શબ્દો બીજા પણ મળે છે : એક છે સ્વામીવાત્સલ્ય અને બીજો છે સ્વામીભક્તિ. એમાં સ્વામી શબ્દ પર વિશેષ ભાર મુકાયો છે. પોતાના સહધર્મીને સ્વામી તરીકે ઓળખવાની વિચક્ષણતા જૈન ધર્મ સિવાય બીજા કોઈ ધર્મમાં જોઈ છે ખરી ?

સાધર્મિક એટલે કે સહધર્મી વ્યક્તિને સ્વામીની કક્ષાએ મૂકીએ એટલે આપણી જાતને અહંકારથી બચવાનું સુરક્ષાકવચ લાગી જાય. કારણ કે અહંકાર તો ત્યારે પજવે છે, જ્યારે આપણે પોતાની જાતને ઊંચા - મહાન સમજતા હોઈએ. અહીં તો સહધર્મીને સ્વામી સમજવાનો છે અને આપણે વિનમ્રભાવે એના સેવક બનવાનું છે. સેવક હોવાનો ભાવ મનમાં સ્થિર થઈ ગયા પછી અહંકાર ત્યાં પગ પણ મૂકી શકે એ વાતમાં માલ નથી.

**ત્યાગનો સાચો મર્મ :**

ત્યાગની વાત પણ હકીકતમાં તો બીજાઓને સુખ વહેંચવાની જ છે ને ! આપણે જ્યાં સુધી આપણાં સુખો ત્યાગીશું નહિ, ત્યાં સુધી એ સુખો બીજાઓ સુધી પહોંચશે કઈ રીતે ? ધારો કે, હું બસમાં પ્રવાસ કરી રહ્યો છું. મને બેસવા માટે સરસ જગા મળી ગઈ છે, પરંતુ મારા સહપ્રવાસીઓમાં કેટલાકને જગા નથી મળી. જેમને જગા નથી મળી એમાં કેટલાક તંદુરસ્ત તરુણો છે, કેટલાક પ્રૌઢો છે અને કેટલીક મહિલાઓ પણ છે. પરંતુ એ બધાંમાં એક વ્યક્તિ અપંગ છે. એ અપંગ વ્યક્તિને બસની ભીડમાં હડસેલા ખાતી જોઈને મને કરુણા-દયા જાગે છે અને હું એને વિનમ્રભાવે મારી સીટ પર બેસવાનો આદર-આગ્રહ બતાવું છું. એ વખતે મારે મારી સીટનો ત્યાગ કરવો જ પડે અને તો જ હું એ અપંગ વ્યક્તિને સુખ-સગવડ આપી શકું. બીજાને સુખ આપવા માટે કરેલો ત્યાગ જ સાચો ત્યાગ છે. ત્યાગનો અર્થ માત્ર છોડી દેવું કે ફેંકી દેવું એવો સીમિત નથી. સાચો ત્યાગ એટલે સંપૂર્ણ

સ્વેચ્છાએ અને સંપૂર્ણ સમજપૂર્વક આપણી પાસે રહેલી ચીજનું એવા નિષ્કામભાવે વિસર્જન કરવું, કે જેથી એ ચીજનો જરૂરિયાતવાળી વ્યક્તિ સુધી વધુમાં વધુ લાભ પહોંચે. પુષ્પો કદી પોતાની સુગંધને ફેંકી દેતાં નથી. એ એનું વિસર્જન કરે છે. સૂરજ એનાં કિરણોને ત્યાગી નથી દેતો, એ તો એનું કેવળ વિસર્જન કરતો રહે છે. ત્યાગ કરવાથી ત્યાગનો અહંકાર પ્રગટી શકે છે. વિસર્જન તો માત્ર અને માત્ર આનંદ જ પ્રગટાવે છે. સુગંધનું વિસર્જન કર્યા પછી ફૂલને તમે કદી વિષાદમય થતું જોયું છે ખરું ? સર્જન કરવું એ આવડત છે, વિસર્જન કરવું એ સિદ્ધિ છે.

બસમાં પ્રવાસ કરતી વખતે મારો સહપ્રવાસી એ મારો સહધર્મી છે, મારો સાધર્મિક છે. કારણ કે અમે એક જ દિશામાં સાથે પ્રવાસ કરી રહ્યા છીએ. જીવનયાત્રામાં મારો સહધર્મી કોણ ગણાય ? હું જન્મથી જૈન હોવાથી પૃથ્વી પરની અન્ય જે વ્યક્તિ જન્મથી જૈન હોય અને જેને તીર્થંકર પરમાત્માએ બતાવેલા માર્ગ પર અવિચળ શ્રદ્ધા હોય તે તમામ વ્યક્તિઓ મારી સહધર્મી ગણાય. તીર્થંકર પરમાત્માંએ બતાવેલો માર્ગ એટલે સાધર્મિક-વાત્સલ્યનો માર્ગ. જો મારા સહધર્મી માટે હું મારી સીટ છોડવા તૈયાર ન થાઉં તો મેં મારા તીર્થંકર પ્રભુની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું કહેવાય.

**ત્યાગ નહિ, વિસર્જન :**

ભગવાન મહાવીર સર્વસ્વ ત્યાગીને, શરીર પર એક જ વસ્ત્ર સાથે તપસ્યા કરવા નીકળી પડે છે. એ વખતે એમને એક યાચક મળે છે. મહાવીર એને પોતાના અંતિમ એક વસ્ત્રમાંથી અડધું વસ્ત્ર ફાડી આપે છે (એ છે સાધર્મિક-વાત્સલ્ય) અને પછી આગળ જતાં બાકીનું અડધું વસ્ત્ર કોઈ કાંટાળી વાડ કે ડાળખીમાં ભરાઈ જાય છે ત્યારે પહેલાં તો કાંટામાંથી પોતાનું વસ્ત્ર છોડાવવા ભગવાન મહાવીર પોતાનો હાથ લંબાવે છે, પરંતુ ત્યાં જ એમની ભીતરમાંથી ઝબકારો થાય છે : 'રે, જીવ ! આટલું બધું છોડ્યા પછીય એક ચીંથરું તારાથી ના છૂટ્યું ? જ્યાં સુધી મનમાં વળગણ હશે ત્યાં સુધી વૈરાગ્ય જામશે નહીં, આસક્તિ હશે ત્યાં સુધી આરાધના ભટકતી રહેશે, મોહ રહેશે ત્યાં સુધી મોક્ષ છેટો જ રહેશે. હવે આ દેહ પર વસ્ત્ર હોય તોય શું અને ન હોય તોય શું !' - એવા ઝબકારા પછી મહાવીર દિગંબર સ્વરૂપે અરણ્યની વાટે સંચર્યા. એમણે એમનાં વસ્ત્રો કાઢીને ફેંકી દીધાં નહોતાં કે નગ્ન રહેવાના ઇરાદાથીયે ત્યાગ્યાં નહોતાં, એ તો બસ, શુદ્ધ અનાસક્તિભાવે છૂટી ગયાં હતાં.

ક્યારેક બાહ્ય રીતે છોડ્યા પછીય વસ્તુ છૂટી નથી હોતી. ઊલટાની એ વસ્તુ પ્રત્યેની આસક્તિ પ્રબળ બની ગઈ હોય છે... એટલે સમજણપૂર્વક વિસર્જન કરવું મહત્ત્વનું છે. સાધર્મિક-વાત્સલ્ય એ સમજણપૂર્વકનું વિસર્જન છે.

**ધર્મને સંપ્રદાયથી ન અભડાવીએ :**

ધર્મની વ્યાખ્યાને સંપ્રદાય પૂરતી સાંકડી રાખવામાં આવે તો એમાં ધર્મનું અપમાન છે. સાંપ્રદાયિક ધર્મથી કશું કલ્યાણ થતું નથી. ધર્મ એ કોઈ સંપ્રદાય નથી. ધર્મને વ્યાપક અર્થમાં સ્વીકારીએ તો જ એનો મર્મ માણી શકાય. ધર્મ એટલે કર્તવ્ય. જૈન ધર્મમાં સાધર્મિક-વાત્સલ્યને એક કર્તવ્ય રૂપે સ્વીકારવામાં આવ્યું છે. પર્યુષણ પર્વના દિવસો માટેનાં જે પાંચ કર્તવ્યો શાસ્ત્રોએ વર્ણવેલાં છે, એમાં સાધર્મિક-વાત્સલ્ય (સાધર્મિક-ભક્તિ) પણ છે. ધર્મને સાંપ્રદાયિક વળગણોથી મુક્ત રાખીએ

તો આધ્યાત્મિક ધર્મની સાથોસાથ સાંસારિક અને સામાજિક ધર્મની સુવાસ પણ આપણા સુધી પહોંચશે.

જો હું મારી જાતને જૈન સમજતો હોઉં તો પ્રત્યેક જૈન વ્યક્તિ મારા માટે સાધર્મિક ગણાય. જો હું મારી જાતને શિક્ષક તરીકે ઓળખાવું તો દરેક શિક્ષક મારો સાધર્મિક બની જાય. જો હું મારી જાતને ડૉક્ટર તરીકે ઓળખાવતો હોઉં તો પ્રત્યેક ડૉક્ટર મારા માટે સાધર્મિક બની જાય. આ સમીકરણનો વિસ્તાર થતો રહે છે. ધર્મનું કાર્ય આખરે તો મૂલ્યોનો વિસ્તાર કરવાનું જ છે ને ! હવે જો હું મારી જાતને માણસ તરીકે ઓળખાવવા માગતો હોઉં તો પ્રત્યેક માણસ મારો સાધર્મિક બને છે. એથીયે આગળ વધીને જો હું મારી જાતને જીવ કે આત્મા તરીકે ઓળખાવતો હોઉં તો પ્રત્યેક જીવ અને પ્રત્યેક આત્મા મારા માટે સાધર્મિક જ ગણાય.

જોયું ને ! સમજણની ઉદારતા આપણને કેવી વિશાળતા સાથે જોડી આપે છે !

હું માનું છું કે ઈસુ ખ્રિસ્તે પાડોશીને પ્રેમ કરવાનું કહ્યું છે એમાં પણ સાધર્મિક ભક્તિનો જ મંગલ પ્રતિઘોષ છે. એક પાડોશી આપણા ઘરની પાસે રહે છે તે છે. બીજો પાડોશી આપણી સોસાયટી કે મહોલ્લાની બાજુમાં બીજી સોસાયટીમાં કે મહોલ્લામાં રહે છે એ છે. ત્રીજો પાડોશી આપણો ગામપાડોશી છે, ચોથો પાડોશી આપણો રાજ્ય-પાડોશી છે, પાંચમો પાડોશી આપણો દેશ-પાડોશી છે. આ રીતે પ્રત્યેક વ્યક્તિ કોઈ ને કોઈ રીતે આપણી પાડોશી બને છે અને તેથી પ્રત્યેક માણસ આપણો પ્રેમ પામવાનો હકદાર બને છે.

સાધર્મિક-વાત્સલ્યના મૂળમાં ત્રણ બાબતો છે : સાધર્મિક-સંવેદના, સાધર્મિક-સમજણ અને સાધર્મિક-સદ્ભાવ.

સંવેદના જાગે એટલે સમજણ ખીલે, સમજણ ખીલે એટલે સદ્ભાવનાનું આભામંડળ રચાય. આવી પુણ્ય ઘટનાને ધર્મ કહેવાય. જ્યાં ધર્મ છે, ત્યાં કર્તવ્ય છે. કર્તવ્યથી દૂર લઈ જાય એવો ધર્મ આપણને શા કામનો ?

**એ માર્ગ નથી, મંજિલ છે !**

હું બહુ દૃઢપણે માનું છું કે મોક્ષ તરફ લઈ જનારા માર્ગને ધર્મ ન કહેવાય. તમે જ્યાં ઊભા હો ત્યાં જ સ્વર્ગ ખડું કરવાની તાકાતને ધર્મ કહેવાય.

માર્ગ તો ભટકાવનારો પણ હોઈ શકે. કોઈ ખોટો ભોમિયો (ગુરુ) ભટકાઈ જાય તો ધર્મના નામે કોઈક ભળતી ચીજ આપણને પકડાવી દેશે. આપણને એની પકડમાં - પ્રભાવમાં લઈ લેશે. પછી આપણે ખુદની આંખો બંધ કરી દઈને એની આંખે જ જોતા થઈ જઈશું. આમ થાય એટલે નિજાનંદ ખોરવાય. મોક્ષ તો ન જ મળે, ઊલટાની આપણી સહજ મોજ પણ જાય. એવા માર્ગને ધર્મ માનવો એ મૂર્ખામી છે. સાચો ધર્મ સામર્થ્યમાં છે, તાકાતમાં છે. પોતે જ ગુરુ અને પોતે જ શિષ્ય. અપ્પો દીવો ભવ - તારો દીવો તું જ થા ! સ્વયંના પ્રકાશમાં ચાલનારો આદમી કદી ગુમરાહ થતો નથી.

લાઇફમાં આંખ અને પાંખ ઉછીનાં ન ચાલે. આંખ એટલે દૃષ્ટિ - જ્ઞાન અને પાંખ એટલે કર્તવ્ય

- પુરુષાર્થ. ભોજનનો સ્વાદ માણવો હોય તો જાતે જ કોળિયો ચાવવાનો પુરુષાર્થ કરવો પડે. પોતાની આંખે જોવાનું અને પોતાની પાંખે ઊડવાનું. એમાં જવાબદારી હોવાને કારણે એ કદાચ અઘરું કામ છે, પણ અશક્ય તો નથી જ. નમાલાઓ અને નકામા લોકો સાધર્મિક સંવેદના સુધી ન પહોંચી શકે; પણ સમર્થ, સુજ્ઞ અને સજ્જનો માટે સાધર્મિક સંવેદના સહજ ઉપલબ્ધિ બની જતી હોય છે.

તમે જ્યારે કોઈ એક સાધર્મિક વ્યક્તિને નોકરી અપાવો છો ત્યારે એના સમગ્ર પરિવારને રાહત મળે છે. જેની પાસે નોકરી નથી એ વ્યક્તિ માટે તો નોકરી એ જ એનો મોક્ષ ! ભૂખ્યા માણસ માટે ભોજન એ જ મોક્ષ ગણાય. જિજ્ઞાસુ માટે જ્ઞાન મોક્ષ છે. આપણેય આપણું મનગમતું મોક્ષ ખોળી લેવું હોય તો કોણ ના પાડે છે ? તમે કોઈ એક ગરીબ પરિવારના વિદ્યાર્થીને ભણવા માટેની ભરપૂર સગવડ-અનુકૂળતાઓ કરી આપો છો ત્યારે એના એકલાના જ માર્ગમાં નહીં, પણ એના પૂરા ફૅમિલીના માર્ગમાં અજવાળું પાથરો છો. અજવાળાને ફૂટપટ્ટીથી કાંઈ થોડું માપવાનું હોય ? અજવાળાનું તો હોવું જ પૂરતું છે. આપણે શ્વાસ કેટલા લીધા એનાં પલાખાં નથી માંડતા...બસ, શ્વાસ ચાલતો રહેવો જોઈએ... બીજાને શ્વાસ લેવાની અનુકૂળતા કરી આપવી એ ધર્મ છે.

**ફરક તો પડશે જ !**

ઘણા લોકો એવી દલીલ કરે છે કે સંસારમાં અનેક લોકો દુ:ખી અને પીડિત છે. એમાંથી તમે બે-પાંચ જણને મદદ કરો એથી શો ફરક પડશે ? આવો સવાલ કરનારા લોકો માટે એક સરસ દૃષ્ટાંત છે.

એક પિતા-પુત્ર દરિયાકિનારે ફરવા ગયા હતા. દરિયામાં ભરતી ઊમટેલી હતી. એનાં મોજાં જોરજોરથી ઊછળીને કિનારાને ઓવરટેઇક કરવા મથામણ કરતાં હતાં. દરેક મોજા સાથે પંદર-વીસ માછલીઓ કિનારે ફેંકાઈ આવતી હતી. મોજાનું પાણી તો તરત પાછું વળી જતું, પણ કિનારે રહી પડેલી માછલીઓ તરફડી-તરફડીને મૃત્યુ પામતી હતી.

પિતાએ એ જોઈને પોતાનો સદ્ભાવ-ઉદ્યમ શરૂ કર્યો. મોજાનું પાણી પાછું વળી જાય એટલે કિનારે રહી ગયેલી-તરફડી રહેલી માછલીઓમાંથી એકાદ-બે માછલીઓને ઊંચકીને એમને દરિયામાં નાખવા માંડી. થોડો સમય એમ ચાલ્યું. એ ઉદ્યમ જોઈ રહેલા પુત્રે પિતાને પૂછ્યું :

'પપ્પા, હજારો માછલીઓ આમ કિનારે આવીને તરફડીને મૃત્યુ પામી રહી છે, ત્યારે તમે એકાદ-બે માછલીઓનો બચાવ કરો છો. આવું કરવાથી વળી શો ફરક પડશે ?'

પિતા બોલ્યા, 'બેટા, મારા આ ઉદ્યમથી ભલે પેલી હજારો માછલીઓને કોઈ ફરક ન પડે, કિંતુ જે એકાદ-બે માછલીઓ જીવી ગઈ એમને તો ફરક પડશે જ ને !'

સાધર્મિક સંવેદના આવો ઉદ્યમ છે. એ દ્વારા સમગ્ર સંસારને સુખી કરી નાખવાનો દાવો નથી, પણ એકાદ-બે વ્યક્તિઓને હૂંફ આપીને માનવતાના દીવડાને પ્રજ્વલિત રાખવાની મથામણ કરવાની છે. આપણી પાસે બે રોટલા હોય અને આપણને એક જ રોટલાની ભૂખ હોય તો એમ સમજવું કે બાકીના એક રોટલા પર બીજા એક ભૂખ્યા માણસનો અધિકાર છે. એનો અધિકાર છીનવી લેવો એ પાપ છે અને એનો અધિકાર એને આપવો એ આપણું કર્તવ્ય છે.

**કસોટીમાંથી પાર ઊતરીએ :**

આપણને આપણી જરૂરિયાત કરતાં જે કંઈ વધારાનું સુખ મળ્યું હોય તે આપણી કસોટી કરવા માટે મળેલું છે એમ સમજવું જોઈએ. આપણે વધારાના સુખનો સંગ્રહ જ કરતા રહીએ તો આપણે પરિગ્રહનું પાપ આચર્યું કહેવાય અને જો એ વધારાના સુખનું વિસર્જન કરતા રહીએ તો એ પુણ્યકાર્ય ગણાય. આપણને છલોછલ સુખ મળી ગયા પછીયે વધારાના સુખ માટે આપણે આપણા સહધર્મી તરફ જોવાની દરકાર કરીએ છીએ કે નહીં એની પરીક્ષા પરમાત્મા કરે છે. જો આપણે સહધર્મી તરફ નજર ન કરીએ તો પરમાત્મા પણ શા માટે આપણી સામે જુએ ?

**રાહ થોડી જોવાની હોય ?**

સાધર્મિક વ્યક્તિને મદદની જરૂર છે એવી ખબર પડ્યા પછી એ આપણી પાસે મદદ માગવા આવે ત્યાં સુધી રાહ જોવાની જરૂર ખરી ? જો એણે મદદ માગવી પડે તો આપણો સાધર્મિક ધર્મ લજવાયો કહેવાય. સાધર્મિક સ્વજન સહાય માટે હાથ લંબાવે એ પહેલાં એના હાથમાં ખાનગી રીતે સહાય પહોંચાડી દઈએ એમાં આપણી ખાનદાની છે. યાદ રહે, સાધર્મિક સહાય કરવી એ કાંઈ ભીખ આપવા જેવું કામ નથી. સહાય લેનાર ભિખારી નથી, સાધર્મિક સ્વજન છે અને આપણેય કાંઈ દાતા નથી... માત્ર સાધર્મિક જ છીએ. બંને સાધર્મિક હોય ત્યાં કોણ ભિખારી અને કોણ દાતા ? સામેની વ્યક્તિને સહાય લેતાં શરમ ન ઊપજે અને આપણને સહાય આપતાં ગર્વ ન ઊપજે તો સમજવું કે આપણે તીર્થંકર પરમાત્માના માર્ગે સાચી દિશામાં છીએ.

**માત્ર રૂપિયા-પૈસાની મદદ નહીં :**

સાધર્મિક સંવેદના માત્ર રૂપિયા-પૈસા આપવા પૂરતી સીમિત ન હોઈ શકે. ખરેખર તો એને પોતાના ધર્મ પ્રત્યે અને સાધર્મિક વ્યક્તિ પ્રત્યે આદર-સન્માન જાગે એ રીતે એની સાથે સ્નેહ-સહાનુભૂતિભર્યો વ્યવહાર કરવો એ સાધર્મિક-સંવેદના છે. આર્થિક સહાય તો એનું માત્ર પ્રતીક છે. વળી સહાય લેનાર સાધર્મિક સ્વજન પર્મેનન્ટ લાચાર કે ઓશિયાળો પણ ન થવો જોઈએ. જો એને વારંવાર સહાય લેતા રહેવી પડે અથવા તો એને વારંવાર સહાય લેવાની દાનત થતી રહે તો એ સદાને માટે પરાવલંબી બની જશે. કોઈ વ્યક્તિને પરાવલંબી બનાવી દેવી એ એક રીતે સૂક્ષ્મ હિંસા જ ગણાય. સાધર્મિક વ્યક્તિનું ઓશિયાળાપણું કાયમી રીતે ટળી જાય એ માટે એને પર્મેનન્ટ આજીવિકાનું સાધન આપી શકાય. તે લાઇફ-ટાઇમ સ્વમાનથી અને સ્વાવલંબીપણાથી પોતાના પરિવારનો નિર્વાહ કરી શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ. એને પરિશ્રમનું મહત્ત્વ સમજાય અને એની દાનત પુરુષાર્થી બનવાની થાય એવો પ્રયત્ન કરવો એ જ સાચી સાધર્મિક-સંવેદના છે.

**સાધર્મિક સહાયની અનોખી રીત :**

અહીં મારે એક ઉદાહરણ કહેવું છે. સાંભળો :

અમદાવાદમાં સદ્‌વિચાર પરિવાર સંસ્થા ચાલે છે. એક વખત એ સમયના સંસ્થાના સૂત્રધાર હરિભાઈ પંચાલ સાથે હું અગત્યની મિટિંગમાં બેઠેલો હતો, ત્યારે એક બહેન આવ્યાં. એમણે આજીજી કરતાં કહ્યું, 'મારો પતિ એક મિલમાં નોકરી કરતો હતો. એક એક્સિડન્ટમાં એ અપંગ થઈ ગયો છે.

હવે તે નોકરી કરવા જઈ શકે એમ નથી. જો તમે તમારી સંસ્થા દ્વારા મને અનાજ-કરિયાણાની થોડી મદદ કરો તો અમારા પરિવારને રાહત મળે.'

હરિભાઈએ બહેનને પૂછ્યું, 'તમને કેટલી સહાયની જરૂર છે ?'

બહેન કહે, 'પાંચ-દસ કિલો અનાજ અને થોડું કરિયાણું અપાવો તો ઘણું છે.'

તરત હરિભાઈએ પૂછ્યું, 'એટલું અનાજ અને કરિયાણું ખતમ થઈ જશે પછી શું કરશો ?'

એ બહેન કશો જવાબ ન આપી શક્યાં. કદાચ એમનો જવાબ એ જ હતો કે એ વખતે ફરીથી ક્યાંકથી સહાય મેળવવા કોશિશ કરીશું. એમનો મૌન જવાબ સાંભળીને હરિભાઈએ કહ્યું, 'અમે તમને તમે ઇચ્છો છો એવી મદદ તો નહીં કરીએ, પણ તમે ઇચ્છો તો તમારે કદી ફરીથી મદદ માગવા ક્યાંય જવું જ ન પડે એવી મદદ કરીએ.'

બહેન મૂંઝવણભરી નજરે હરિભાઈ સામે તાકી રહ્યાં. હરિભાઈએ કહ્યું, 'બહેન, હું અત્યારે તમને બે મણ બટાકા અને વેફર બનાવવાનાં બે મશીન આપું છું. તમારે એ બટાકાની વેફર બનાવીને હું એડ્રેસ આપું એ નમકીનવાળાની દુકાને પહોંચાડી દેવાની. તમને એના પૈસા એ દુકાનવાળો આપી દેશે. પછી ફરીથી પાછા બે મણ બટાકા તમને આપીશું. તમારે ફરીથી વેફર બનાવીને પહોંચાડવાની. તમને આ રીતે નિયમિત પૈસા મળશે. વળી, તમે જેટલી વધારે મહેનત કરશો એટલા વધારે પૈસા તમને મળતા રહેશે.' બહેને હા પાડી અને એ મુજબની બધી વ્યવસ્થા થઈ ગઈ.

મજાની વાત તો હવે આવે છે.

આ ઘટનાને છ મહિના માંડ થયા ત્યાં એ બહેન ફરીથી સદ્‌વિચાર પરિવારની ઑફિસે હરિભાઈને મળવા આવ્યાં. આ વખતે એમની આંખોમાં લાચારી કે આજીજી નહોતી. એમણે ગૌરવથી હરિભાઈની સામે વેફર બનાવવાનાં દસ મશીન મૂક્યાં અને કહ્યું, 'સાહેબ, ભવિષ્યમાં તમારી પાસે મારી જેમ કોઈ વ્યક્તિ મદદ માગવા આવે તો એને પણ તમે મને આપી હતી તેવી જ મદદ કરજો. તમે આપેલાં વેફર બનાવવાનાં મશીનથી અમને કાયમી રોજગારી મળી ગઈ છે. મારો પતિ પગેથી અપંગ છે, પણ હાથ વડે વેફર તો બનાવી શકે છે. એને હવે પરવશતાનો અભિશાપ ડંખતો નથી. એટલું જ નહીં, અમારો સમગ્ર પરિવાર એમાં જોડાઈ ગયો છે. આજે હું કોઈ મદદ માગવા નથી આવી, પરંતુ સામેથી વેફર બનાવવાનાં આ મશીન ભેટ આપવા આવી છું. આ મશીનો તમે અમારા જેવા અન્ય લાચાર પરિવારને આપી શકશો.'

મારી અને હરિભાઈની આંખો છલકાઈ ગઈ. સાચી સહાય કેવું રૂડું કામ કરી શકે છે !

એક ઓશિયાળી વ્યક્તિ અન્ય અનેકને માટે સહાયરૂપ બની શકે એ વાત સ્વયં એક ચમત્કાર જ નથી શું ?

સાધર્મિક સંવેદનાની ગંગા આપણે આ રીતે વહાવવાની છે.

27

# વિદેશમાં જળવાયેલી હસ્તપ્રતો

કલ્પનાબહેન શેઠ

અર્વાચીન સમયમાં લાઇબ્રેરીનું વિશેષ મહત્ત્વ છે. તેવું જ વિશેષ મહત્ત્વ પૂર્વકાલીન સમયમાં હસ્તપ્રત-ગ્રંથભંડારોનું હતું. આજે વિપુલ માત્રામાં વિવિધ સાહિત્ય પ્રકાશિત થાય છે અને તેને વિવિધ ગ્રંથાલયો-લાઇબ્રેરીમાં સંગ્રહવામાં આવે છે, જેનો સુશિક્ષિત વર્ગ સુંદર ઉપયોગ કરે છે. આવી જ રીતે પ્રાચીન સમયમાં પણ હસ્તપ્રતો નિપુણ લહિયાઓ પાસે લખાવીને વિવિધ હસ્તપ્રત-ગ્રંથભંડારોમાં સુવ્યવસ્થિત રીતે ભેટ રૂપે મોકલવામાં આવતી અને સુપેરે સંગ્રહિત કરવામાં આવતી. જેને લીધે આજે આટલી વિપુલ સંખ્યામાં ગ્રંથભંડારો અને લાખોની સંખ્યામાં હસ્તપ્રતો મળી આવે છે.

ભારતની મુખ્ય ત્રણ ધાર્મિક પરંપરા વૈદિક, બૌદ્ધ અને જૈનમાં આવા ગ્રંથભંડારો અસ્તિત્વમાં છે. પ્રાચીન સમયમાં હસ્તપ્રતો લખાવવી અને વિવિધ ગ્રંથભંડારોમાં ભેટ સ્વરૂપે આપવી તે જ્ઞાનોપાર્જન - પુણ્યપ્રાપ્તિનું કાર્ય મનાતું આથી શ્રેષ્ઠીઓ અને આચાર્યો આ કાર્યની અનુમોદના કરતા જેની ફલશ્રુતિરૂપ આજે લાખોની સંખ્યામાં હસ્તપ્રતો ઉપલબ્ધ છે.

જૈન પરંપરામાં ચતુર્વિધ સંઘની અદ્‌ભુત સંઘટિત વ્યવસ્થા-પદ્ધતિને કારણે આવા હસ્તપ્રત-ગ્રંથભંડારો અન્ય બે પરંપરાની સરખામણીએ વિશેષ સુઘટિત રીતે જળવાયેલા છે. આથી હાલ જે હસ્તપ્રત-ગ્રંથભંડારો આપણને પ્રાપ્ત થાય છે તેમાં મહદંશે જૈન જ્ઞાનભંડારો અને જૈન હસ્તપ્રતો છે. જૈન હસ્તપ્રતો વિદેશોમાં પણ સુપેરે સંગ્રહિત વિદ્યમાન છે. આજે અહીં આપણે વિદેશોમાં જળવાયેલા જૈન હસ્તપ્રત-ગ્રંથભંડારો વિશે વાત કરીશું.

સામાન્યતઃ પ્રથમ તો એક જ પ્રશ્ન મનમાં ઉદ્‌ભવે કે આપણી

જૈન હસ્તપ્રતો ત્યાં પરદેશ કેવી રીતે પહોંચી ગઈ ? એ જ ક્ષણે મનમાં ઝબકારો થાય કે શું એ પરદેશીઓ ચોરી કરી ગયા હશે ? અમે પણ એ જ ભ્રમણામાં હતા, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે.

બ્રિટિશ શાસનકાળ દરમિયાન તેઓની સુવ્યવસ્થિત રાજ્યકલા, સંસ્કૃતિ, જીવનશૈલી અને શિક્ષણપદ્ધતિથી ભારતીય પ્રજા પ્રભાવિત થઈ હતી. જેને કારણે ભારતીય શિક્ષણપદ્ધતિમાં ઘણા ફેરફારો થયા. ભારતમાં સંશોધનક્ષેત્રે નવી દિશાઓ ખૂલતી ગઈ જેમાંની એક છે હસ્તપ્રતવિદ્યા. યુરોપિયન વિદ્વાનોનો એમાં ઘણો નોંધપાત્ર ફાળો છે. યુરોપિયન વિદ્વાનો જેવા કે ડૉ. વિલિયમ જોન્સ (૧૭૪૯-૧૭૯૪), ડૉ. ઑટોવોન બોઇથલિંગ (૧૮૧૫-૧૯૦૪), ડૉ. મેક્ષમૂલર (૧૮૨૩-૧૯૦૦), ડૉ. રિચાર્ડ પીશલ (૧૯૪૯-૧૯૦૮), ડૉ. હર્મન યાકોબી (૧૮૫૦-૧૯૩૫), ડૉ. વિલ્હેમ જીગર (૧૮૫૬-૧૯૪૩), ડૉ. મોરિસ વિંટરનિત્ઝ (૧૮૬૩-૧૯૩૭), ડૉ. શુબ્રિંગ વોલ્ટર (૧૮૮૧-૧૯૬૯), ડૉ. આલ્સફોર્ડ (૧૯૦૪-૧૯૭૮) ઇત્યાદિ સંશોધકોએ ભારતીય વિવિધ પ્રાદેશિક ભાષામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું અને વિવિધ ક્ષેત્રે સંશોધનકાર્ય કર્યું. સૌપ્રથમ ડૉ. હર્મન યાકોબીએ ઈ. સ. ૧૮૫૦માં જૈનાગમ કલ્પસૂત્રનું હસ્તપ્રતોને આધારે સંશોધન-સંપાદન કર્યું. ત્યારથી માંડીને આજ સુધી એ દિશામાં સંશોધન, સંપાદન અને પ્રકાશનકાર્ય અવિરતપણે ચાલુ જ છે. એનો બધો જ યશ મુખ્યત્વે યુરોપિયન સંશોધકોને જ જાય છે. આ ઉપરાંત તેઓ પાસેથી હસ્તપ્રતસંગ્રહ અને સુરક્ષાવિષયક પણ ઘણી નવીન પદ્ધતિઓ આપણે અપનાવી છે. જેના થકી આપણો આ અમૂલ્ય વારસો આજે પણ સુરક્ષિત સંગ્રહાયેલો ઉપલબ્ધ છે અને સંશોધન, પ્રકાશનનું કાર્ય અવિરત ચાલ્યા જ કરે છે.

સ્વ. પૂ. આચાર્ય શ્રી જંબૂવિજયજી મ.સા.એ બ્રિટિશ લાઇબ્રેરી અને વિક્ટોરિયા મ્યુઝિયમ લંડનમાં જળવાયેલી જૈન હસ્તપ્રતોના વર્ણનાત્મક સૂચિપત્રની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે, 'In this day and age, even in India, the work of researching and cataloguing manuscripts is extremely difficult and rarely undertaken. It is therefore all the more to be appreciated that such arduous work is undertaken in foreign countries.' આ પરથી પ્રતીત થઈ શકે કે પરદેશીઓ અને ખાસ કરીને યુરોપિયનોનો હસ્તપ્રતવિદ્યામાં અમૂલ્ય ફાળો છે. જૈનોના અતિ પવિત્ર અને અમૂલ્ય આગમગ્રંથ 'કલ્પસૂત્ર'ની સૌપ્રથમ સુસંશોધિત આવૃત્તિ એ જર્મન વિદ્વાન ડૉ. હર્મન જેકોબીએ જૈનજગતને અર્પેલી અમૂલ્ય ભેટ છે. એ લોકો પાસેથી જ આપણે સંશોધન-સંપાદનની વિદ્યા પ્રાપ્ત કરી છે અને એ માટે આપણે સદા એમના ઋણી રહીશું.

વિદેશમાં માત્ર યુરોપ જ નહીં, પરંતુ ઘણા સ્થળે જૈન હસ્તપ્રત-ગ્રંથભંડારો સુવ્યવસ્થિત સંગ્રહાયેલા મળી આવે છે. બ્રિટિશ લાઇબ્રેરી - લંડન, બ્રિટિશ મ્યુઝિયમ, વી. ઍન્ડ એ. મ્યુઝિયમ, ધ વેલકમ ટ્રસ્ટ, રૉયલ એશિયાટિક સોસાયટી - લંડન, ઑક્સફર્ડ યુનિવર્સિટી, કેમ્બ્રિજ યુનિવર્સિટી, સ્ટ્રાસબર્ગ યુનિવર્સિટી, પૅરિસ યુનિવર્સિટી, ફ્લોરેન્સ યુનિવર્સિટી, બિબ્લિઓથિક લાઇબ્રેરી ઑફ ફ્લોરેંસ, રોમ યુનિવર્સિટી, બર્લિન, રશિયા, યુનાઇટેડ સ્ટેટ ઑફ અમેરિકા, બોસ્ટન, વૉશિંગ્ટન, નેપાળ, શ્રીલંકા, બર્મા, કરાંચી, ચાઇના, દુબઈ, સિંગાપોર, મલેશિયા વગેરે વગેરે. સામાન્યતઃ

વિદેશમાંથી પ્રાપ્ત હસ્તપ્રતો ઘણી ઊંચી ગુણવત્તાયુક્ત હોય છે. કારણ કે એમાંની ઘણી વિદ્વાનોએ પોતે ખરીદી કરેલી હોય છે અને એ હસ્તપ્રતોનો પરદેશી સંશોધકોએ પોતાના સંશોધનકાર્ય માટે ઉપયોગ કર્યો હોય છે. વળી તેઓની સંગ્રહ કરવાની અને જાળવણીની પદ્ધતિ પણ ઉચ્ચ પ્રકારની આધુનિક તકનીકયુક્ત હોય છે.

આગળ વાત કરી કે આપણી ભારતીય હસ્તપ્રતો વિદેશોમાં કેવી રીતે પહોંચી હશે તે એક સાશ્ચર્ય વિચારણીય મુદ્દો છે. તો હવે આપણે અહીંયાં વિદેશમાં ભારતીય હસ્તપ્રતો કઈ રીતે ગઈ તે વિશે વાત કરીશું.

સામાન્યતઃ આપણામાં એક એવી માન્યતા પ્રચલિત છે કે વિદેશીઓ આપણો આ સાંસ્કૃતિક વારસો ચોરી અથવા અન્યાયી માર્ગે લઈ ગયા હશે, પરંતુ વાસ્તવમાં એવું નથી. અહીંયાં થોડી નક્કર હકીકતો રજૂ કરવાથી આપણી આ ગેરમાન્યતા દૂર થશે.

(૧) વિદેશી સંશોધકો : મુખ્યત્વે યુરોપિયનો આપણા સાંસ્કૃતિક વારસાથી પ્રભાવિત થયા હતા. તેઓએ ઘણી પ્રાદેશિક ભાષાઓનો અભ્યાસ કર્યો અને સંશોધનકાર્ય કરવા લાગ્યા. આ કાર્ય તેઓ ભારત અને પોતાના દેશમાં જઈને પણ કરી શક્યા હોત. તેઓ પોતાના સંશોધનકાર્ય માટે ભારતમાંથી વિપુલ પ્રમાણમાં હસ્તપ્રતો ત્યાં લઈ જતા. આ બધી હસ્તપ્રતો તેમના સંગ્રહ રૂપે મળી આવે છે. એ બધી તેઓએ કોઈ સંસ્થા કે લાઇબ્રેરીમાં ભેટ રૂપે આપી. ઉદાહરણ રૂપે હર્મન જેકોબીએ પોતાનો સંગ્રહ બ્રિટિશ લાઇબ્રેરી - લંડનને ભેટ રૂપે આપ્યો છે. જે જેકોબી સંગ્રહ તરીકે ત્યાં બ્રિટિશ લાઇબ્રેરી, લંડનમાં સંગ્રહાયેલો - સચવાયેલો મળી આવે છે. ઇટાલિયન વિદ્વાન ગુબરનેટીસ પણ ભારતીય સંસ્કૃતિ, કળા અને પ્રાદેશિક ભાષામાં રસ ધરાવતા અને તેઓએ પણ આ દિશામાં સુંદર ખેડાણ કર્યું છે. તેઓનો પોતીકો હસ્તપ્રત-સંગ્રહ આજે ફ્લોરેન્સની લાઇબ્રેરીમાં વિદ્યમાન છે જેમાં અંદાજિત ૩૭૫ જેટલી જૈન હસ્તપ્રતો છે.

(૨) ખરીદી : એ સમયમાં પણ હસ્તપ્રતોની ખરીદી અને વેચાણપદ્ધતિ વિદ્યમાન હતી. પરદેશી વિદ્વાનો ભારતના એજન્ટો પાસેથી હસ્તપ્રતોની ખરીદી કરતા. એ રેકોર્ડ આજે પણ ત્યાંની જે તે સંસ્થામાં તરીખ, કિંમત અને બીજી અન્ય માહિતી સાથે ઉપલબ્ધ છે. ઉદા. સૂરત શહેરના ભગવાનદાસ કેવલદાસ નામના એજન્ટે દુનિયાના ઘણા દેશોમાં હસ્તપ્રતો પહોંચાડ્યાના ઉલ્લેખ મળી આવે છે. કેટલાક સર્વે અને રેકોર્ડ પરથી માહિતી પ્રાપ્ત થાય છે કે જૈન આગમોની સંપૂર્ણ શ્રેણી વિવિધ દેશોના સંગ્રહાલયોમાં વહેંચાયેલી-વીખરાયેલી મળી આવે છે. ઉદાહરણરૂપ વિ. સં. ૧૬૯૪માં 'જયકરણ' નામના જૈન શ્રાવકે પૂરા ૪૫ આગમોની હસ્તપ્રતો તૈયાર કરાવેલ. એમાંની બે યુરોપની 'કેમ્બ્રિજ યુનિવર્સિટી'માં, એક 'પૅરિસ યુનિવર્સિટી'માં અને એક અમદાવાદ - આમ વિવિધ સ્થળેથી મળી આવે છે. આ ઉપરાંત વિ. સં. ૧૭૨૧માં 'પાસાવીરા' નામના શ્રાવકે લખાવેલ આગમશ્રેણીની પ્રતિઓ અમુક બર્લિન, લિપઝિગ, અમદાવાદ જેવાં વિવિધ સ્થળેથી મળી આવે છે. માની શકાય કે આ બધી જ પ્રતિઓ એજન્ટ ભગવાનદાસ કેવલદાસ પાસે હોય અને વિવિધ દેશના વિદ્વાનોએ તેમની પાસેથી ખરીદી કરી હોય આથી તે વિવિધ દેશોમાં વીખરાઈ ગઈ હોય.

(૩) જૈન સાધુઓ-આચાર્યો : જૈન સાધુઓ-આચાર્યો વિદેશી વિદ્વાનોના સંપર્કમાં આવતા અને તેઓના સંશોધનકાર્યમાં તેઓને સહાય કરતા. બંને પક્ષે વિદ્યારસિક હોઈ પરસ્પર સ્નેહ-લાગણીના સંબંધો બંધાતા અને જૈન સાધુઓ પરદેશી વિદ્વાનોને હસ્તપ્રતસંગ્રહો ભેટ રૂપે આપતા. ઉદાહરણરૂપ બ્રિટિશ લાઇબ્રેરી - લંડનમાં જૈન સાધુ 'જમ્બૂવિજયજી સંગ્રહ' તરીકે બક્ષિસરૂપ પ્રાપ્ત થયેલો ૧૯૭ હસ્તપ્રતોનો સંગ્રહ આજે પણ ઉપલબ્ધ છે. જેમાં મધ્યકાલીન સમયની પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, રાજસ્થાની ભાષાની ઉત્તમ કોટિની હસ્તપ્રતો સંગ્રહાયેલી મળી આવે છે. તેમાં કેટલીક સુંદર સચિત્રાત્મક પણ છે. દા.ત. ઢોલામારુ ચોપાઈ, ભક્તામર સ્તોત્ર, આદિત્યવાર કથા વગેરે.

(૪) કેટલાક બ્રિટિશ અમલદારો ભારતમાં નોકરી કરતા. તેઓ પોતાના નિવાસકાળ દરમિયાન જૈનો અને જૈન ધર્મના સંસર્ગમાં આવતા. તેમાંના કેટલાકને હસ્તપ્રતો સંગ્રહ કરવાનો શોખ હતો. આંથી તેઓ હસ્તપ્રતોની ખરીદી કરતા અને પોતાની સાથે પોતાના દેશમાં લઈ જતા. પછી તેઓ આ સંગ્રહ કોઈ સંસ્થા કે લાઇબ્રેરીને ભેટ રૂપે આપી દેતા. ઉદાહરણ રૂપે - થોમસ હર્ની કોલબ્રુક ઈ. સ. ૧૭૨૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપની - કૉલકાતામાં નોકરી કરતા. તેઓ પોતે કવિ હતા. તેમણે ૨૭૪૯ હસ્તપ્રતોનો સંગ્રહ કર્યો અને પછીથી એ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ભેટ રૂપે આપી દીધો, જે હાલ બ્રિટિશ લાઇબ્રેરી - લંડનમાં કોલબ્રુક સંગ્રહ તરીકે સચવાયેલો છે.

(૫) વિદેશીઓને ભારતીય આયુર્વેદ વિજ્ઞાનમાં ખૂબ રસ અને શ્રદ્ધા હતાં. તેઓ તબીબી વિજ્ઞાન શાખામાં સંશોધન કરવાના હેતુથી ભારતમાંથી આયુર્વેદશાસ્ત્રની હસ્તપ્રતોની ખરીદી કરતા પરંતુ ખરીદી કરનાર વ્યક્તિને ભારતીય ભાષાનું જ્ઞાન ન હોવાથી તેઓ થોકબંધ હસ્તપ્રતોની ખરીદી કરતા. આથી વિપુલ સંખ્યામાં ભારતીય હસ્તપ્રતો વિદેશોમાં વિદ્યમાન છે. ઉદાહરણરૂપ લંડનની 'ધ વેલકમ ટ્રસ્ટ - એ હિસ્ટરી ઑફ મેડિકલ સાયન્સ' સંસ્થામાં ભારતીય ભાષાની અંદાજિત ૧૩,૦૦૦ હસ્તપ્રતો છે જેમાંથી ૬,૦૦૦ જેટલી સંસ્કૃત, પ્રાકૃત, જૂની ગુજરાતી, રાજસ્થાની છે જેમાંથી ૨,૦૦૦ જેટલી જૈન હસ્તપ્રતો છે.

વિદેશી સંસ્થાઓ, લાઇબ્રેરીઓ હજી પણ ભારતીય હસ્તપ્રતો, મૂર્તિઓ વગેરે વિવિધ એજન્ટો, વિક્રેતાઓ કે જાહેર લિલામ દ્વારા ખરીદી કરતા જ રહે છે.

આમ ઉપરોક્ત અને અન્ય માર્ગે ભારતીય હસ્તપ્રતો, મૂર્તિઓ, કલાકૃતિઓ વગેરે પરદેશમાં સંગ્રહાયેલું મળી આવે છે.

૧૯મી સદીમાં શ્રી સુહાસભાઈ બિશ્વાસ અને શ્રી મણિભાઈ પ્રજાપતિએ કરેલ સર્વે (બિબ્લિયોગ્રાફિક્સ સર્વે ઑફ ઇન્ડિયન મૅન્યુસ્ક્રિપ્ટ્સ કેટલૉગ) અનુસાર ભારતીય ભાષાની અંદાજિત ૬૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો યુરોપિયન અને નૉર્થ અમેરિકાના વિવિધ દેશોમાં સંગ્રહાયેલી છે. આ ઉપરાંત ભારતીય ભાષાની અંદાજિત ૧,૫૦,૦૦૦ જેટલી હસ્તપ્રતો એશિયાના વિવિધ દેશો - નેપાળ, શ્રીલંકા, બર્મા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, તિબેટ, ચાઇના, જાપાન વગેરે દેશોમાં સંગ્રહાયેલી મળી આવે છે. એમાંથી ૬૭ ટકા સંસ્કૃત, ૨૫ ટકા ભારતીય પ્રાદેશિક ભાષા અને બાકીની અરેબિક,

તિબેટિયન, પર્શિયન ને બીજી ભાષાઓમાં છે. ઉપરોક્ત સર્વે પરથી એક અંદાજ મૂકી શકાય કે ઉપરોક્ત સંસ્કૃત અને પ્રાદેશિક ભાષાઓમાંથી ૮-૧૦ ટકા જૈન ધર્મની હોઈ શકે.

કૅટલૉગ - સૂચિપત્રોની આવશ્યકતા બ્રિટિશરો પાસેથી હસ્તપ્રતસંગ્રહ, સુરક્ષા ઉપરાંત સંગ્રહિત હસ્તપ્રતોની સૂચિ (કૅટલૉગ) અને વર્ણનાત્મક સૂચિ (descriptive catalogue) પણ આપણે શીખ્યા છીએ. સ્વ. આચાર્ય શ્રી જંબૂવિજયજી મ.સા.એ બ્રિટિશ લાઇબ્રેરીમાં સંગ્રહિત જૈન હસ્તપ્રતના કૅટલૉગની પ્રસ્તાવનામાં જણાવ્યું, 'Catalogues of manuscripts are of the utmost significance because even with the availability of printed publication, the importance of the original material is never diminishes. Important scriptures have been printed and published with many inaccuracies and such defects can only be verified by comparison with the original palm-leaf or paper manuscripts. Publication of catalogues brings to light the rich collection of jain manuscripts that exists in foreign countries. Such collections contain rare and important texts of Jainism and this catalogue offers a wealth of scriptural knowledge.'

વિદેશોમાંથી ઉપલબ્ધ હસ્તપ્રતસંગ્રહોમાંથી પ્રાપ્ત હસ્તપ્રતો મહદંશે સંશોધકોએ પોતાના સંશોધનકાર્ય દરમિયાન ઉપયોગ કર્યો હોય એવી ઘણી પ્રાપ્ત થાય છે. એથી સ્વાભાવિક જ છે કે તેઓએ ઉત્તમ પ્રકારની, પૂર્ણ, એક જ કૃતિની એક કરતાં વધારે નકલો અને પ્રાયઃ જુદા જુદા સમયે લખાયેલીનો ઉપયોગ કર્યો હોય. આથી પરદેશમાંથી મળી આવતા હસ્તપ્રતસંગ્રહોમાં અલભ્ય, નોંધનીય, પૂર્ણ અને ક્યારેક વિભાજન કરતી સંજ્ઞાયુક્ત હસ્તપ્રતો મળી આવે છે, જે સ્વતઃ આધુનિક સમયમાં ઘણી ઉપકારક સાબિત થાય છે. આ ઉપરાંત પરદેશીઓ ખાસ કરીને પ્રાચીન વસ્તુઓ અને સાંસ્કૃતિક વારસાના શોખીન અને યોગ્ય જાળવણીના આગ્રહી હોઈ ત્યાં સચવાયેલો હસ્તપ્રતસંગ્રહ આધુનિક ટેક્નિકલ પદ્ધતિથી સુરક્ષિત હોય છે.

ત્યાં વિવિધિ કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, કાલિકાચાર્યકથા, મધ્યકાલીન કૃતિઓ - જેવી કે આદિત્યવારકથા, કામકંદલીકથા, શુકસપ્તતિ, સિંહાસન બત્રીશી વગેરેની સોનેરી, રૂપેરી સ્યાહી તથા વિવિધ રંગોયુક્ત અનેક સચિત્રાત્મક હસ્તપ્રતો મળી આવે છે. ત્યાં ખગોળ-ભૂગોળવિષયક વિવિધ ચાર્ટ, તાંબું, પંચધાતુયુક્ત વિવિધ યંત્રો, કાપડ પર વિવિધ નકશાઓ, આલેખો, વિજ્ઞપ્તિપત્રો, લેખો, જૈન ખગોળ-ભૂગોળવિષયક ચિત્રો - જેવાં કે લોકપુરુષ, અઢીદ્વીપ, જંબૂદ્વીપ, ૧૪ રજ્જુઓ, સાત નરક, છ લેશ્યા, બાર ભાવના ઇત્યાદિ વિવિધ વિષયના આલેખો મળી આવે છે. ત્યાં પ્રાચીન તાડપત્રીય અને કાગળની અલભ્ય હસ્તપ્રતો પણ મળી આવે છે. ત્યાંની લાઇબ્રેરી અને સંસ્થાઓએ હાલમાં આવી પ્રાચીન અને અલભ્ય સામગ્રીનું ડિજિટલાઇઝેશન-કાર્ય પણ હાથ ધર્યું છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીએ હાલમાં યુરોપ - ખાસ કરીને લંડન અને તેની આસપાસના વિસ્તારની સંસ્થાઓ બ્રિટિશ લાઇબ્રેરી, બ્રિટિશ મ્યુઝિયમ, વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ, ધ વેલકમ ટ્રસ્ટ, રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ લંડન, બોડેલિયન લાઇબ્રેરી - ઑક્સફર્ડમાં રહેલી ઉપરોક્ત સામગ્રીનું કૅટલોગનું કામ હાથ ધર્યું છે. જે ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીની જૈનપીડિયાની વેબસાઇટ (www.jainpedia.org) પર ઉપલબ્ધ છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીએ પણ કેટલીક સચિત્ર ભારતીય હસ્તપ્રતોનું કૅટલોગ કરેલ છે જે તેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

પરદેશમાં સંગ્રહિત હસ્તપ્રતોના કેટલોગ પ્રકાશિત કરવાનો મુખ્ય ઉદ્દેશ પરદેશમાં છુપાયેલી અલભ્ય અને મહત્ત્વની હસ્તપ્રતોને ઉજાગર કરવાનો છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (આઇ.ઓ.જે.) યુકે - અમદાવાદે કલા, સંસ્કૃતિ અને ધાર્મિક અભ્યાસ દ્વારા વિશ્વભરમાં જૈન ધર્મના પ્રચાર-પ્રસાર કરવા માટે વિવિધ આયામો હાથ ધર્યા છે. એમાંનો એક મહત્ત્વનો છે - યુરોપિયન દેશોમાં રહેલી હસ્તપ્રતોનો સર્વે કરી તેનું વર્ણનાત્મક સૂચિપત્ર તૈયાર કરાવી પ્રકાશિત કરવું. Towards an inventory of Jain Manuscripts in Europe (IJME). આ આયામ અંતર્ગત બ્રિટિશ લાઇબ્રેરી, બ્રિટિશ મ્યુઝિયમ અને વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં સંગ્રહિત જૈન હસ્તપ્રતોનું વર્ણનામક સૂચિપત્ર ત્રણ ભાગમાં તૈયાર કરાવી ઈ. સ. ૨૦૦૬માં માનનીય વડાપ્રધાન શ્રી મનમોહનસિંહના શુભ હસ્તે એની લોકાર્પણ વિધિ કરાવી. આ ઉપરાંત 'ધ વેલકમ ટ્રસ્ટ' અને ઑક્સફોર્ડ યુનિવર્સિટીની બોડેલિયન લાઇબ્રેરીનું કૅટલૉગ તૈયાર કર્યું છે.

આ ઉપરાંત અમે કરેલા સર્વેને આધારે વિદોશમાંથી મળી આવતી જૈન હસ્તપ્રતોનો સામાન્ય અંદાજ નીચે મુજબનો આપી શકાય.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા - કુલ જૈન હસ્તપ્રતો - ૪૧૫ (based on a rough survey of the various sections of A census of Indic Manuscripts in the United States and Canada, complied by H. I. Poleman, New Haven : American Oriental Society, 1938) ભારતીય હસ્તપ્રતોની થયેલ નોંધણી અનુસાર અહીંયાં કુલ્લે ૭૫૦૦-૮૦૦૦ જેટલી હસ્તપ્રતો છે.

બોસ્ટન મ્યુઝિયમ ઑફ ફાઇન આર્ટ્સ - અંદાજિત ૧૯ હસ્તપ્રતો, આ લિસ્ટ વિશાલા દેસાઈ - આસિસ્ટન્ટ ક્યુરેટરે ઈ. સ. ૧૯૮૯માં આપ્યું હતું.

વૉશિંગ્ટન - અંદાજિત ૪ હસ્તપ્રતો, ડી. સી. ફ્રીર ગૅલરી ઑફ આર્ટ્સ, સ્મિથસોનિયન ઇન્સ્ટિટ્યૂટ.

વૉશિંગ્ટન - ડી.સી.યુ.સ. લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ : અંદાજિત ૩૫ હસ્તપ્રતો-સૂચિ-સંકલન-હોરેઇસ આઇ. પોલેમાન, વૉશિંગ્ટન યુનાઇટેડ સ્ટેટ્સ ગવર્નમેન્ટ પ્રિન્ટિંગ ઑફિસ, ૧૯૩૯.

રશિયા - સંત પીટ્સબર્ગ, એશિયાટિક મ્યુઝિયમ ઍન્ડ રશિયન નૅશનલ લાઇબ્રેરી, પ્રો. એ. વિગસિન, મૉસ્કો દ્વારા તૈયાર થયેલ હસ્તસૂચિને આધારે અંદાજિત ૧૫૦ જૈન હસ્તપ્રતો.

હવે યુરોપિયન દેશમાં વિવિધ સ્થળે સંગ્રહાયેલ જૈન હસ્તપ્રતવિષયક આછેરી ઝલક મેળવીશું.

| **લાઇબ્રેરી /સંસ્થા** | **સંગ્રહ સમય** | **જૈન હસ્તપ્રત સંખ્યા** | **અંદાજિત સમાવિષ્ટ સંખ્યા** |
|---|---|---|---|
| ધી બ્રિટિશ લાઇબ્રેરી | આ સંગ્રહ મુખ્યત્વે બે વિવિધ સંગ્રહ | આશરે ૮૦૦ | આશરે ૧૫૦૦ |
| | ઓરિએન્ટલ સંગ્રહ ઑફ (OC) અને | | |
| | ઇન્ડિયા ઑફિસ સંગ્રહ (IOC) છે.<br>કોલબ્રુક (૧૮૧૯), મેકેન્જી સંગ્રહ | | |

| | | | |
|---|---|---|---|
| | (૧૮૨૨) બર્નેલ સંગ્રહ (૧૮૭૦-૧૮૨૨) બુહ્લર સંગ્રહ (૧૮૮૮), ઑફ્રચ્ટ સંગ્રહ (૧૯૦૪), સર વિલિયમ જોન્સ (૧૭૪૬-૧૭૯૪), બુચન હેમિલ્ટન સંગ્રહ (૧૭૬૨-૧૮૨૯), હર્મન જેકોબી સંગ્રહ (૧૮૯૭), જ્હોન લીડન (૧૭૭૫-૧૮૧૧), મેસર્સ ભગવાનદાસ કાલિદાસ પાસેથી ખરીદી વગેરે | | |
| ધ વેલકમ ટ્રસ્ટ - અ હિસ્ટરી ઑફ મેડિકલ સાયન્સ, લંડન | ૧૯૧૧-૧૯૩૯ દરમિયાન ભારતના વિવિધ સ્થળેથી આયુર્વેદની હસ્તપ્રતોની ખરીદી સમયે પ્રાપ્ત થઈ. | ૧૭૦૦ આસપાસ | ૨૦૦૦ |
| લંડન સ્કૂલ ઑફ ઓરિયેન્ટલ— અને આફ્રિકન સ્ટડિઝ, યુનિવર્સિટી ઑફ લંડન | | અંદાજ નથી | લિસ્ટ આર.સી. ડોગરાએ ૧૯૭૮માં તૈયાર કર્યું છે. |
| ટોડ સંગ્રહ - રૉયલ એશિયાટિક સોસા. ઑફ લંડન | ૧૭૯૯-૧૮૨૩ | ૫૩ | ૭૦ |
| કૈલહોર્ન સંગ્રહ-ગોટિંજૈન યુનિ. લાઇબ્રેરી | ૧૮૬૬-૧૮૮૧ | ૧૪ | ૨૭ |
| બર્લિન-કૉનિગ્લિચિંગ બિબ્લિઓથેક | ૧૮૭૩-૧૮૭૮ (+૧૮૮૬-૧૮૮૯) ઓફિશિયલ કાગળ પર ૩૦ જૂન ૧૯૭૩ની તારીખ છે. પરંતુ વેબર પુ.ક્ર ૨.૩ પૃ. ૮ અનુસાર ડૉ. બુહ્લરે રૉયલ લાઇબ્રેરી બર્લિન માટે ખરીદી હશે. | ૨૫૯ (પુ.ક્ર.૨.૩ પૃ. ૫ કુલ્લે ૯૦૧માંથી જૈન ૨૫૯) | ૩૨૮ (૨૫૯+૬૯ શાસ્ત્રીય કૃતિઓ) |
| ઑક્સફર્ડ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ (સર મોનિઅર વિલિયમ્સ) | ૧૮૭૭-૧૮૭૮ દરમિયાન પ્રો. જ્યોર્જ બુહ્લરની એજન્સી દ્વારા સંગ્રહિત કરી. | ૩૯ | ૩૯ |
| બુહ્લર સંગ્રહ (વિયેના યુનિ. લાઇબ્રેરી) | ૧૮૮૧-૧૮૮૨ બુલ્લરે ગુજરાતના ભગવાનદાસ કેવલદાસ મારફતે ખરીદી કરી | ૭૪ | ૭૪ |
| ઑક્સફર્ડ બોડેલિયન લાઇબ્રેરી | ૧૮૮૪-૧૮૮૫, જર્મન વિદ્વાન ઇ. હુલ્તઝે (૧૮૫૭-૧૯૨૭) સંગ્રહ કર્યો અને બોડેલિયન લાઇબ્રેરીએ ૧૮૯૭માં ખરીદ્યો. એમાં કેટલીક હસ્તપ્રતો વિલ્સન, મિલ અને વોકરના નામે ચઢેલી છે. | ૧૩૫ | ૧૪૮ - એમાંની બે સંયુક્ત (એક કરતાં વધારે કૃતિઓ) હસ્તપ્રતો છે |
| કેમ્બ્રિજ યુનિ. | ૧૮૮૪-૧૮૮૫ ભગવાનદાસ | ૭૦ | ૨૨૦ આસપાસ |

| | | | |
|---|---|---|---|
| લાઇબ્રેરી, બૅન્ડલ સંગ્રહ | કેવલદાસની સહાયથી ખરીદી | (રાજપુતાના) +૧૪૦ (મુંબઈ) | |
| ફ્લોરેન્સ, બિબ્લિઓથિક નૅશનલ સેન્ટ્રલે | ૧૮૮૫-૧૮૮૬ આસપાસ સૂરત અને મુંબઈથી ખરીદી મુખ્યત્વે એ.ડી. ગબરનેટિસ દ્વારા સંગ્રહિત | ૨૯૫ | ૩૭૫ |
| સ્ટ્રાસબર્ગ-બિબ્લિઓથેક્યુ નેશનલેટ યુનિ. | ૧૮૯૧થી... સ્ટ્રાસબર્ગ યુનિ. લાઇબ્રેરીએ શ્વે. હસ્તપ્રતો મુંબઈ-ભગવાનદાસ કેવલદાસની (ઇ. લ્યુમેન) સહાયથી અને દિગંબર હસ્તપ્રતો શ્રવણબેલગોલાના બ્રહ્મસૂરિ અને એમના પુત્ર જિનદાસની સહાયથી ખરીદી | ૧૯૩ | ૩૩૬ |
| બર્લિન પ્રેયુસ્સિસ્શે સ્ટાત્સબિબ્લિઓથેક | ૧૮૯૨-૧૯૪૪ના સમય દરમિયાન | ૭૭૦ | ૧૧૨૭ |
| પૅરિસ સંગ્રહ ઇમાઇલ સેનાર્ટ | ૧૮૯૭-૧૮૯૮ આસપાસ | ૨૬૬ (૫૫ અજૈન) | ૨૮૧ |
| ટેસિટોરી સંગ્રહ વિન્સેન્જો જોપ્પી સિવીક, ઉદિને (ઇટાલી) | ૧૯૧૪ અને ૧૯૧૬ દરમિયાન જયપુર અને જોધપુરમાંથી ખરીદી ટેસિટોરીના કુટુંબીઓએ લાઇબ્રેરીને ભેટ આપી. | ૨૧૫ | ૩૭૪ |

આ ઉપરાંત કેટલીક યુનિવર્સિટી અને સંસ્થાઓ છે જેમનો નામનિર્દેશ નીચે કરેલો છે, જ્યાં જૈન હસ્તપ્રતો હોવાની શક્યતાને નકારી શકાય નહીં. અહીંયાં સંસ્કૃત, પ્રાકૃત, મારુ-ગુજરાતી, રાજસ્થાની જેવી પ્રાદેશિક ભાષાઓની હસ્તપ્રતોની માહિતી તેઓનાં સૂચિપત્રો / હાથસૂચિઓમાંથી ઉપલબ્ધ થાય છે. આથી અનુમાન કરી શકાય કે એમાંથી અમુક ટકા તો જૈન હોઈ શકે જ. એ માટે સંનિષ્ઠ પ્રયાસ કરીએ અને તેઓનાં સૂચિપત્રો મેળવીને ચકાસીએ તો જ એની યોગ્ય માહિતી મળી શકે. અમને ત્યાંનાં સૂચિપત્રો કે હાથસૂચિઓ પ્રાપ્ત થઈ શક્યાં નથી.

(૧) એબર્ડીન - એબર્ડીન યુનિવર્સિટી (૨) બ્રુસ્સેલ્સ - બિબ્લિઓથેક રૉયલ આલ્બર્ટ (૩) એડીનબર્ગ, ન્યૂ કૉલેજ (૪) કાઠમંડુ, દરબાર લાઇબ્રેરી (૫) સેંટ પીટર્સબર્ગ - બિબ્લિઓથેક ઇમ્પીરિયલ પબ્લિક ડી સેંટ પીટર્સબર્ગ.

**વિદેશોમાં સંગ્રહાયેલ કેટલીક અલભ્ય અને મહત્ત્વપૂર્ણ હસ્તપ્રતો :**

જેસલમેર, ખંભાત, પાટણમાં સંગ્રહિત તાડપત્રીય હસ્તપ્રતો જેવી અને જેટલી તાડપત્રીય હસ્તપ્રતો પરદેશમાં ઉપલબ્ધ નથી. પરંતુ ત્યાં અલ્પ સંખ્યામાં તાડપત્રીય હસ્તપ્રતો પ્રાપ્ત થાય છે. બ્રિટિશ લાઇબ્રેરી, લંડનમાં જીતકલ્પસૂત્ર (વિ. સં. ૧૨૫૮, ઈ. સ. ૧૨૦૧)ની ત્રણ ઉત્કૃષ્ટ તાડપત્રીય હસ્તપ્રતો સંગ્રહાયેલી છે જેનો હ.પ્ર.ક્રમાંક Or. ૧૩૮૫A, ૧૩૮૫B, ૧૩૮૬ છે. તે ત્યાં આધુનિક તકનીકાનુસાર અતિ ઉત્તમ રીતે સુરક્ષિત છે. અને એથી વિશેષ કોઈ પણ સંશોધકને કોઈ

પણ પ્રકારની વિશેષ કાર્યવાહી કર્યા વિના તે ખૂબ જ સરળતા અને સહજતાથી પ્રથમ પ્રયાસે જ પ્રાપ્ત થાય છે. જર્મનીની ગોટિંગન યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં પણ વ્યવહારચૂર્ણિ સાથેની એક ૨૨૦ પાનાંની સંયુક્ત તાડપત્રીય હસ્તપ્રત સંગ્રહિત છે, જેનો સમય ઉપલબ્ધ નથી. આ ઉપરાંત સ્ટ્રાસબર્ગની બિબ્લિઓથેક નૅશનલ યુનિવર્સિટીમાં પણ કર્ણાટકમાંથી પ્રાપ્ત કરાયેલી ૨૦ જેટલી તાડપત્રીય હસ્તપ્રતો સંગ્રહિત છે.

**સચિત્ર હસ્તપ્રતો** - સચિત્ર હસ્તપ્રતોનું વિશેષ મહત્ત્વ છે. તે પરદેશમાં તાડપત્રીય હસ્તપ્રતની સરખામણીએ વધારે ઉપલબ્ધ છે. સામાન્યતઃ કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, સંગ્રહણી સૂત્ર, કાલિકાચાર્યકથા, અન્ય કથાઓ ઉદા. કામકંદલા, આદિત્યવાર, શુક્રસપ્તતિ, નેમરાજુલ, શાલિભદ્ર વગેરેની હસ્તપ્રતો સચિત્ર મળી આવે છે. બ્રિટિશ લાઇબ્રેરી, બ્રિટિશ મ્યુઝિયમ, વિક્ટોરિયા આલ્બર્ટ મ્યુઝિયમ - લંડનમાં સંગ્રહિત સચિત્ર હસ્તપ્રતોની સૂચિ અમારા કેટલૉગ ઑફ જૈન મેન્યુસ્ક્રિપ્ટ ઇન ધ બ્રિટિશ લાઇબ્રેરી (બ્રિટિશ લાઇબ્રેરી અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી - લંડન દ્વારા પ્રકાશિત ઈ. સ. ૨૦૦૬) વૉ.૧, પૃ. નં. ૧૭૦ પર આપેલી છે. એમાં કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, સંગ્રહણીસૂત્ર, કાલિકાચાર્યકથા, સાપસીડી રૂપે જ્ઞાનબાજી, વિજ્ઞપ્તિપત્ર, તીર્થંકરની માતાનાં ૧૪ સ્વપ્નાંઓ દર્શિત એક હસ્તપ્રતનું કવર, ૧૫મી સદીનું વિજય પ્રદર્શિત કરતું એક સુંદર પૃષ્ઠ, ધન્ના-શાલિભદ્ર ચોપાઈ. આદિત્યવારકથા, કપડાં પર વિશાળ અઢીદ્વીપ, લોકપુરુષ જેવાં ઉત્તમ ચિત્રોયુક્ત સચિત્ર હસ્તપ્રતોની સૂચિ આપેલી છે.

ઇંગ્લૅન્ડ, અમેરિકા કે અન્ય દેશોનાં મ્યુઝિયમો કે લાઇબ્રેરીમાં કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, સંગ્રહણીસૂત્ર, કાલિકાચાર્યકથાની પૂર્ણ કે અપૂર્ણ હસ્તપ્રતો કે એનાં થોડાંક સચિત્ર પૃષ્ઠો મળી આવે છે. આ ઉપરાંત પ્રાયઃ યુરોપિયન અને અમેરિકન મ્યુઝિયમ કે લાઇબ્રેરીમાં ભારતનાં પ્રાદેશિક રાજ્યોના વિવિધ પ્રકારનાં કાપડ પરનાં સંગ્રહણીસૂત્રનાં ચિત્રો જેવાં કે અઢીદ્વીપ, લોકપુરુષ, જંબૂદ્વીપ મળી આવે છે જેની સ્વતંત્ર સૂચિ આપવી શક્ય નથી. એમાંના મહદંશે છેલ્લા બે દાયકામાં પરદેશમાં યોજાઈ ગયેલાં વિવિધ પ્રદર્શનોમાં દર્શાવવામાં આવ્યાં છે. જે-તે પ્રદર્શનની માહિતી દર્શક પુસ્તિકામાંથી પ્રાપ્ત થઈ શકે છે. તેમાંના કેટલાક નીચે દર્શાવવાનો પ્રયાસ કર્યો છે.

(અ) પીસફૂલ લિબેરટર્સ : સંપા. પ્રતાપદિત્ય પાલ, લોસ એન્જેલસ, ૧૯૯૪. પ્રથમ પ્રદર્શન લોસ એન્જેલસમાં યોજાયું અને પછી લંડનમાં - જેમાં કેટલીક સચિત્ર હસ્તપ્રતો અને કેટલાંક સચિત્ર પૃષ્ઠો દર્શાવવામાં આવ્યાં છે.

(બ) સ્ટેપ્સ ટુ લાઇબ્રેશન : સંપા. જે. વેન આલ્ફેન, એન્ટવર્પ, ૨૦૦૧. આ પ્રદર્શન બેલ્જિયમમાં ૨૦૦૦-૨૦૦૧ દરમિયાન યોજાયું હતું જેમાં વ્યક્તિગત સંગ્રાહકના સંગ્રહમાંથી કેટલાંક સચિત્ર પૃષ્ઠો દર્શાવવામાં આવેલ છે.

(ક) વિક્ટોરિયસ વન્સ : સંપા. ફિલિપ્સ ગ્રેઓફ, ન્યૂયૉર્ક, ૨૦૦૯. રુબિન મ્યુઝિયમમાં પ્રદર્શન યોજાયેલ જેમાં અમેરિકા પ્રદર્શિત વસ્તુઓ રાખવામાં આવેલ. વિદેશોમાં મુખ્યત્વે કાગળ પરની હસ્તપ્રતો વિશેષ મળી આવે છે. અમારા સર્વે અને અંદાજ મુજબ શ્વેતાંબર સાહિત્યની

સરખામણીએ દિગંબર સાહિત્ય પરદેશમાં ઓછું પ્રાપ્ત થાય છે. સચિત્ર અને વિશેષ નોંધનીય હસ્તપ્રતો જવલ્લે જ જોવા મળે છે. જેમાંથી થોડી નીચે જણાવેલ છે.

(૬) ધ વેલકમ ટ્રસ્ટ : ઈ. સ. ૨૦૦૩-૨૦૦૪માં 'ધ વેલકમ ટ્રસ્ટ'માં ડૉ. નાઇજલ એલને 'જ્વેલ્સ ઑફ ઇન્ડિયા' નામક પ્રદર્શન યોજેલ જેમાં સચિત્ર કલ્પસૂત્ર, સંગ્રહણીસૂત્ર, ખગોળ-ભૂગોળનાં કપડાં પરનાં ચિત્રો-લોકપુરુષ, અઢીદ્વીપ વગેરે, સાપસીડીરૂપ જ્ઞાનબાજી જેવી સચિત્ર હસ્તપ્રતો અને તાડપત્રીય હસ્તપ્રતો દર્શાવેલ.

પરદેશના જૈન હસ્તપ્રતસંગ્રહોમાં શ્વેતાંબર સાહિત્યની સરખામણીએ દિગંબર સાહિત્ય ઓછું મળી આવે છે. સ્ટ્રાસબર્ગ (ફ્રાંસ) બિબ્લિઓથેક નૅશનલ યુનિવર્સિટીમાં દિગંબર સાહિત્ય અન્ય સ્થળની સરખામણીએ વિશેષ મળી આવે છે. આ ઉપરાંત બ્રિટિશ લાઇબ્રેરી - લંડનમાં બનારસીદાસનું 'સમયસાર નાટક' અને એક સચિત્ર આદિત્યવાર કથા સંગ્રહિત છે. વેલકમ ટ્રસ્ટ, લંડનમાં પણ રઈધુ ચરિત અપભ્રંશ ભાષાની 'જસહર ચરિઉ'ની એક સુંદર સચિત્ર હસ્તપ્રત સંગ્રહિત છે.

એશિયન દેશોમાં પણ જૈન હસ્તપ્રતો હશે જ, પરંતુ અમને ત્યાંનો સર્વે કરવાની તક પ્રાપ્ત થઈ નથી જેથી એનો અંદાજ નથી. પરંતુ એ દિશામાં પણ જરૂર પ્રયાસ કરવો જોઈએ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીનું યુરોપિયન દેશોમાં આ અતિ સુંદર કાર્ય ચાલુ છે. એને અનુસરીને બીજી કોઈ પણ સંસ્થા આ દિશામાં એક નક્કર કદમ ભરશે તો હસ્તપ્રતોમાં રહેલું જૈન સાહિત્ય ઘણું જ પ્રકાશિત થઈ શકશે.

## સંદર્ભ–સાહિત્ય

(૧) કૅટલૉગ ઑફ ધ જૈન મૅન્યુસ્ક્રિપ્ટ ઑફ ધ બ્રિટિશ લાઇબ્રેરી, ભા. ૧-૩ : સં. ડૉ. નલિની બલબીર, ડૉ. કનુભાઈ શેઠ, ડૉ. કલ્પના શેઠ, ડૉ. ચંદ્રભાલ ત્રિપાઠી, પ્રકા. ધ બ્રિટિશ લાઇબ્રેરી અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી, ઈ. સ. ૨૦૦૬

(૨) બિબ્લિયોગ્રાફિક્સ સર્વે ઑફ ઇન્ડિયન મૅન્યુસ્ક્રિપ્ટ્સ કૅટલૉગ : સંપાદકો - સુહાસ સી. બિશ્વાસ અને મણિભાઈ પ્રજાપતિ, પ્રકા. ઇસ્ટર્ન બુક્સ લિંકર્સ, ન્યૂ દિલ્હી, ઈ. સ. ૧૯૯૮

(૩) બલ્મુહર્ટ જે., એફ. : 'કૅટલૉગ ઑફ હિંદી, પંજાબી, હિંદુસ્તાની, મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ધ લાઇબ્રેરી ઑફ બ્રિટિશ મ્યુઝિયમ' ભા. ૧-૨, લંડન, ૧૮૯૯, (નં. ૨-૭- પૃ. ૧-૫, BMH)

(૪) ઑક્સફર્ડ : એ.બી. કૈથ, 'કૅટલૉગ ઑફ પ્રાકૃત મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ધ બોડેલિયન લાઇબ્રેરી - ઑક્સફર્ડ ૧૯૧૧' એ. બી. કૈથ, કૅટલૉગ ઑફ સંસ્કૃત અને પ્રાકૃત મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ધ લાઇબ્રેરી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ લાઇબ્રેરી, ઑક્સફર્ડ, ૧૯૦૩

(૫) લોસ્ટી જે.પી. : 'કૅટલૉગ ઑફ સંસ્કૃત, પ્રાકૃત મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ધ બ્રિટિશ મ્યુઝિયમ', ભા. ૨, પૃ. ૭૦

(૬) ફ્લોરેન્સ - પી. એ. પેવોલીની : 'મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન બિબ્લિઓથેક નૅશનલ સૅંટ્રલ ડી ફીરાન્ઝે - જરનલ ૨૦ (૧૯૦૭)', પૃ. ૬૩-૧૫૭ પોલમેન, એચ. આઇ. પોલમેન એ સેન્સસ ઑફ

ઇન્ડિક મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ધ યુ.એસ. ઍન્ડ કૅનેડા, ન્યૂ હેવન, કૉ. ૧૯૩૮ (અમેરિકન ઓરિએન્ટલ સિરીઝ -૧૨)

(૭) શુબ્રિંગ - ડબલ્યૂ. શુબ્રિંગ - લિપઝિગ ૧૯૪૪, સ્ટ્રાસબર્ગ - સી.બી. ત્રિપાઠી, કૅટલૉગ ઑફ જૈન મૅન્યુસ્ક્રિપ્ટ્સ એટ સ્ટ્રાસબર્ગ, ૧૯૭૫

(૮) ટોડ-એલ. ડી. બાર્નેટ - કૅટલૉગ ઑફ ટોડ કલેક્શન ઇન્ડિયન મૅન્યુસ્ક્રિપ્ટ્સ ઇન ધ પઝેશન ઑફ ધ રૉયલ એશિયાટિક સોસાયટી, જર્નલ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી (૧૯૪૦) ભા. ૨, એપ્રિલ, પૃ. ૧૨૯-૧૭૮

28

# સચિત્ર જૈન હસ્તપ્રતો

આર. ટી.
સાવલિયા

ગુજરાતનો કલા અને સંસ્કૃતિનો વારસો ભવ્ય છે. એની વિદ્યા-પ્રવૃત્તિના ઘડતરમાં પ્રાચીન હસ્તલિખિત સચિત્ર હસ્તપ્રતોનું બહુમૂલ્ય પ્રદાન છે. તાડપત્ર, કાપડ અને કાગળ પર લખાયેલા વિવિધ વિષયોને લગતા હસ્તલિખિત અને સચિત્ર ગ્રંથોને ગ્રંથભંડારોમાં જાળવવામાં આવે છે. સૌરાષ્ટ્રનું વલભી ઈ. સ. ૫મી સદીમાં વિદ્યાધામ તરીકે સમગ્ર ભારતમાં પ્રખ્યાત હતું. આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની દેખરેખ હેઠળ તમામ જૈન આગમગ્રંથો પુસ્તક રૂપે વલભીમાં લાવવામાં આવ્યા. આ બાબત ભારતીય વિદ્યાપ્રવૃત્તિના ઇતિહાસમાં નોંધપાત્ર છે. ચૌલુક્ય વંશના બે ગુર્જર રાજાઓ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળના સમયમાં ગુજરાતની સાહિત્ય-પ્રવૃત્તિનો મધ્યાહ્નકાળ શરૂ થયો. સિદ્ધરાજે અનેક ગ્રંથાલયો સ્થાપી 'સિદ્ધહેમવ્યાકરણ'ની સેંકડો પ્રતો લખાવી. કુમારપાળે પણ એકવીસ જેટલા ગ્રંથભંડારો સ્થાપ્યા હતા. મંત્રી વસ્તુપાલે પાટણ, ભરૂચ અને ખંભાત - એમ ત્રણ ગ્રંથભંડારો સ્થાપ્યાની વિગતો મળે છે. ઉપરોક્ત જ્ઞાનભંડારોમાંની એકમાત્ર, તાડપત્ર પર લખાયેલી ઉદયપ્રભસૂરિએ રચેલી 'ધર્માભ્યુદય' કાવ્યની હસ્તપ્રત હાલ ઉપલબ્ધ છે.

આવા હસ્તલિખિત ગ્રંથભંડારો રાખવાની પ્રથા જૈન સમાજમાં વિશેષ જોવા મળે છે. આ ગ્રંથભંડારોમાં જૈન ધર્મને લગતા ગ્રંથો ઉપરાંત કાવ્ય, કોશ, છંદ, અલંકાર, જ્યોતિષ, નાટક, શિલ્પ, દર્શનશાસ્ત્ર વગેરે વિષયક સમગ્ર સાહિત્યના ગ્રંથોનો સમાવેશ થતો.

ગુજરાતના હસ્તલિખિત ગ્રંથભંડારોમાં પાટણ, ખંભાત અને અમદાવાદના ભંડારો વધુ ખ્યાતિ પામેલા છે. ઉપરાંત વડોદરા, છાણી, પાલનપુર, ખેડા, પાદરા, ભરૂચ, સૂરત, ભાવનગર, ઘોઘા, પાલિતાણા, લીંબડી, જામનગર, વઢવાણ કેમ્પ, માંગરોળ વગેરે

સ્થળોએ અનેક નાના-મોટા ગ્રંથ-ભંડારો આવેલા છે.

ગુજરાતના હસ્તપ્રત-ભંડારોમાં પ્રાચીન સમયથી પાટણ વિદ્વાનો અને સંશોધકો માટે એક તીર્થસ્થાનરૂપ બન્યું છે. અહીં ભંડારોની સંખ્યા ૨૦ જેટલી હતી. પરંતુ આ ભંડારો કાયમ માટે જળવાઈ રહે એ હેતુથી ૧૯૩૯માં 'શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર' બનાવાયું જ્યાં આશરે ૨૦ હજાર જેટલી હસ્તપ્રતો સંગ્રહાયેલી છે.

શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર-સંગ્રહમાં તાડપત્ર પર ગુજરાતી ભાષામાં લખાયેલ શ્વેતામ્બર જૈન સંપ્રદાયના ગ્રંથ 'નિશીથચૂર્ણિ'ની ઈ. સ. ૧૨મી સદીની સચિત્ર હસ્તપ્રત છે. એમાં એક પ્રત પર વર્તુળાકારમાં હાથીની સવારીનું દૃશ્ય તથા માલાધારી સ્ત્રીઓનાં ચિત્રો છે. જે અપ્સરાઓ જણાય છે. અહીં કલ્પસૂત્રની સુવર્ણ અક્ષરોમાં લખાયેલ સચિત્ર પ્રત છે. જેની દરેક પ્રત પર અલગ અલગ ચિત્રો છે. એક પ્રતમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કુમારપાળને ઉપદેશ આપી રહેલા નજરે પડે છે. એમાં લક્ષ્મીદેવીનું ચિત્ર પણ છે. પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનનું સુંદર ચિત્ર છે. આ પ્રતમાં જૈન સાધ્વીઓ અને શ્રાવિકાઓનાં ચિત્રો આલેખાયેલાં છે. આ પ્રત વિ. સં. ૧૫૦૪ (ઈ. સ. ૧૪૪૭-૧૪૪૮)માં લખાયેલી છે. આ જ સમયની બીજી કલ્પસૂત્રની હસ્તપ્રતમાં જૈન પરંપરામાં વત્તેઓછે અંશે પૂજાતા બ્રહ્મશાંતિ યક્ષ અને લક્ષ્મી દેવીનાં આકર્ષક ચિત્રો છે.

'ઋષભદેવચરિત'ની ૧૩મી સદીની હસ્તપ્રતમાં ઋષભદેવ અને જૈન યક્ષિણી ચક્રેશ્વરીનાં ચિત્રો અનેરું આકર્ષણ ઊભું કરે છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'ની પ્રતનાં છેલ્લાં ત્રણ પત્રો ઉપર હેમચંદ્રસૂરિ, રાજા કુમારપાળ અને શ્રાવિકા શ્રીદેવીનાં મનોરમ ચિત્રો આલેખાયાં છે. 'કથારત્નસાગર'ની હસ્તપ્રત ૧૩મી સદીની છે જેમાં પાર્શ્વનાથ અને શ્રાવક-શ્રાવિકાઓનાં સુંદર ચિત્રો દોરેલાં છે.

કૅન્વાસ પર ચીતરેલ 'મહેન્દ્રસૂરિ સ્વાગતપટ્ટ'માં પ્રથમ ત્રિશલા માતાને આવેલાં ચૌદ સ્વપ્નોનું આલેખન છે. ત્યારપછી ગામનું દૃશ્ય, રાજાનો દરબાર, બજાર, તોપખાનું, હાથીખાનું વગેરેનું આબેહૂબ ચિત્રણ કરેલું છે.

અહીં જળવાયેલ એક હસ્તપ્રતમાંનાં ચાર ચિત્રોમાં - હેમચંદ્રાચાર્યને વ્યાકરણનો ગ્રંથ લખવા માટે વિનંતી કરતો રાજા સિદ્ધરાજ, વ્યાકરણ ગ્રંથને અંબાડી પર મૂકીને ફરતી યાત્રા, પાર્શ્વનાથનું મંદિર અને વ્યાકરણ ગ્રંથની નકલ મેળવવા આનંદપ્રભ ઉપાધ્યાયને વિનંતી કરતા કર્મણ મંત્રી વગેરે પ્રસંગોનાં આબેહૂબ ચિત્રો દોરેલાં છે.

કાપડના 'પટ્ટ' પર ૧૪મી સદીમાં લખાયેલ 'ધર્મવિધિપ્રકરણ'માં સરસ્વતીનું સુંદર ચિત્ર છે. ૧૫મી સદીમાં રચાયેલ 'પંચતીર્થીપટ્ટ' ચાંપાનેરમાં તૈયાર થયો છે જેમાં સાત ચિત્રો છે. મંદિરના ગર્ભગૃહમાં સર્પછત્ર ધારણ કરેલ પાર્શ્વનાથજી, ગિરનાર પર્વતનું દૃશ્ય, સમેતશિખર અને પાવાગઢ ઉપરનાં મહાવીર સ્વામી મંદિરનાં ચિત્રોનું મનોહર આલેખન છે. આ પટ્ટ સંઘવીપાડાના ભંડારમાં આવેલો છે.

ખંભાતમાં હાલ મુખ્ય ચાર હસ્તપ્રત-ભંડારો છે. પાયચંદગચ્છનો ભંડાર, જ્ઞાનવિમલસૂરિનો

ભંડાર, નેમિસૂરિનો ભંડાર અને શાંતિનાથનો ભંડાર. આમાં શાંતિનાથ ભંડાર સમગ્ર ગુજરાતમાં સહુથી સમૃદ્ધ અને મૂલ્યવાન ભંડારોમાંનો એક છે. અહીં ઈ. સ. ૧૨મીથી ૧૪મી સદી દરમિયાન સંસ્કૃતમાં લખાયેલ પ્રાચીન અને દુર્લભ તાડપત્રીય હસ્તપ્રતો છે. ગુજરાતની ગ્રંથસ્થ લઘુચિત્રકલાના સહુથી પ્રાચીન નમૂના આ ભંડારની તાડપત્રીય સચિત્ર હસ્તપ્રતોમાંથી મળે છે. 'દશવૈકાલિકસૂત્રની લઘુવૃત્તિ' હસ્તપ્રતના છેલ્લા પત્ર પરના ચિત્રમાં આસન પર બિરાજમાન આચાર્ય હેમચંદ્રાચાર્ય જમણા હાથમાં તાડપત્ર ધારણ કરી પોતાના શિષ્ય મહેન્દ્રસૂરિને પાઠ આપતા જણાય છે. મહેન્દ્રસૂરિની પાછળ બે હાથ જોડીને ઊભેલ દાઢીવાળા ગૃહસ્થની આકૃતિ રાજા કુમારપાળની છે. આ ચિત્ર આચાર્ય હેમચંદ્ર અને રાજા કુમારપાળના જીવનકાળ દરમિયાન દોરાયેલું છે. આ પ્રત ૧૨મા સૈકાની છે.

શાંતિનાથ ભંડારમાં સંગ્રહિત 'નેમિનાથચરિત'ની ૧૩મી સદીની પ્રતમાં જૈન તીર્થંકર નેમિનાથ, અંબિકાદેવી અને અંજલિમુદ્રામાં શ્રાવક-શ્રાવિકાનાં ચિત્રો દોરાયેલાં છે. ૧૨મી સદીની એક અન્ય સચિત્ર પ્રતમાં બે ચિત્રો છે જેમાંના એક ચિત્રમાં પદ્માસન પર બેઠેલા મહાવીર સ્વામી અને બીજા ચિત્રમાં ત્રિભંગ અવસ્થામાં ઊભેલા ચતુર્ભુજ સરસ્વતીનું સુંદર ચિત્રણ થયેલું છે.

અમદાવાદમાં દેવશાના પાડાના ભંડારમાં 'શ્રીપાલરાસ'ની ઈ. સ. ૧૮૨૯માં તૈયાર થયેલ એક ચિત્રિત હસ્તપ્રત છે. એમાં વેપાર માટે સૂરત આવતાં વહાણોનાં ચિત્રાંકનો આબેહૂબ છે. કેટલાંક ચિત્રોમાં વૃક્ષો-વનરાજીઓનાં દૃશ્યો અંકિત કરેલાં છે. કેટલાંક ચિત્રોમાં ગીત-સંગીત અને નૃત્યોનું આલેખન કરેલું છે. પુરુષોના હાથમાં વીણાનું ચિત્રણ નોંધપાત્ર છે. દેવશાના પાડાના દયાવિમલજી ભંડારમાં 'કલ્પસૂત્ર'ની ૧૫મી સદીની સચિત્ર હસ્તપ્રત છે. સુવર્ણ અક્ષરોમાં લખાયેલી આ પ્રતમાં રાગ-રાગિણીઓ જેવાં સંગીતશાસ્ત્રનાં તથા આકાશચારી, પાદચારી અને ભૌમચારી જેવાં ભરતનાટ્યશાસ્ત્રનાં રૂપોનું ચિત્રાંકન કરેલું છે.

અમદાવાદના ડહેલાના ઉપાશ્રયમાં 'શ્રીપાલરાસ'ની હસ્તપ્રત (ઈ. સ. ૧૮૨૧-૧૮૨૨)નાં ચિત્ર ઉત્તર ગુજરાતની વિશિષ્ટ ગ્રામીણ શૈલીમાં આલેખાયાં છે. પુરુષપાત્રોનાં પાઘડી, લાંબી બાંયનાં અંગરખાં, પટાદાર ધોતિયાં અને ખેસનું આલેખન આકર્ષક છે. સ્ત્રીપાત્રો ઘેરા વાદળી રંગની ઓઢણી અને લાલ રંગનો ચણિયો ધારણ કરેલ દર્શાવાયાં છે. ચિત્રોમાં પશુ-પક્ષી અને વનરાજીનું આલેખન મનોહર છે.

આ ભંડારમાં ૧૯મી સદીની એક ચિત્રિત જૈન 'જ્ઞાનચૌપાર' જળવાયેલી છે. હિંદુ અને જૈન પરંપરામાં સાધુઓ અને સંસારીઓ માટે જે જ્ઞાનચૌપાર તૈયાર કરાતી એમાં દેવલોકનું, સર્પો અને સીડીઓનું, નવગ્રહોનું તેમજ જુદી જુદી જીવયોનિઓનાં ચિત્રોનું આલેખન કરવામાં આવતું. વિવિધ પ્રકારનાં દેવલોક, સ્વર્ગ અને નરક તેમજ મોક્ષનો ખ્યાલ આપતી જ્ઞાનચૌપાર હિંદુ પરંપરામાં પણ તૈયાર કરાવવામાં આવતી, જેમાં ૮૪ કોઠાઓનું આલેખન કરાતું. આ ૮૪ લાખ યોનિઓનું પ્રતીક મનાતાં.

ઉજમફોઈની ધર્મશાળાના ગ્રંથભંડારમાં ૧૪મી સદીની એક હસ્તપ્રતમાં મહાવીર સ્વામીનું ચ્યવન, જન્મ, નિર્વાણ, સમવસરણ વગેરે પ્રસંગોનાં ચિત્રો છે.

હાજાપટેલની પોળમાં 'સંગ્રહણીસૂત્ર' (ઈ. સ. ૧૮૫૪-૫૫)ની એક ચિત્રિત હસ્તપ્રતની નકલ જળવાયેલી છે. એમાં ચક્રવર્તીનાં ૧૪ રત્નો, મેરુપર્વત અને દ્વીપોનું આલેખન કરેલું છે.

અમદાવાદમાં ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવનના મ્યુઝિયમમાં વેદ-વેદાંગ, ઇતિહાસ, પુરાણ, બૌદ્ધ અને જૈન સાહિત્ય, ભક્તિ વગેરે વિવિધ વિષયોને લગતી હસ્તપ્રતો સચવાયેલી છે જેમાં કલ્પસૂત્ર, મધુમાલતીકથા જેવી, મનોહર ચિત્રોવાળી પ્રતો છે. જૈનસૂરિઓ અને સાધુઓને તેમજ સંઘને યાત્રા દરમિયાન આમંત્રણ આપતું એક વિજ્ઞપ્તિપત્ર (૧૮મી સદી) સંગ્રહાયેલું છે. એમાંની કેટલીક હસ્તપ્રતો સુંદર વેલબુટ્ટાની આકૃતિઓથી શણગારાયેલી, કોઈક સોનેરી શાહીથી લખેલી, લાલ, કાળી શાહીના લખાણવાળી છે.

લા.દ. વિદ્યામંદિરમાં મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ તરફથી ભેટ મળેલ હસ્તલિખિત ગ્રંથોનો સંગ્રહ છે. અહીં ૫૦૦થી વધુ સચિત્ર હસ્તપ્રતો છે જેમાં ૧૮મી સદીની 'કલ્પસૂત્ર'ની એક હસ્તપ્રતમાં ગજસવારીનું દૃશ્ય નજરે પડે છે. કાગળની કેટલીક હસ્તપ્રતોમાં ભગવાન તીર્થંકરોના જીવનપ્રસંગો આલેખાયેલા છે.

આ જ સંસ્થામાં આવેલા મ્યુઝિયમમાં થોડીક સચિત્ર હસ્તપ્રતો સંગ્રહાયેલી છે. જેમાં કલ્પસૂત્રની ઈ. સ. ૧૪૩૦ની પ્રતમાં કાલકાચાર્યની કથાના દૃશ્યમાં કાલક અને શાહીને વાર્તાલાપ કરતા દર્શાવ્યા છે. બીજી પ્રતમાં રાજાને દાન આપતો બતાવ્યો છે જેનું લખાણ સુવર્ણાક્ષરમાં અને પાર્શ્વભૂમિમાં વાદળી રંગનું આલેખન છે. 'વ્રતાચાર્ય કથા'ની હસ્તપ્રત (ઈ. સ. ૧૪૬૮)માં શત્રુંજય માહાત્મ્યનું દૃશ્ય આકર્ષક છે. 'ઉત્તરાધ્યયનસૂત્ર'માંના એક દૃશ્યમાં મુનિશ્રી શ્રાવકને ઘેર વહોરવા માટે ગયેલા એનું ચિત્રણ સુંદર રીતે કરેલું છે. 'માધવાનલ કામકન્દલા'ની પ્રતમાં વિક્રમાદિત્ય - કામસેનના યુદ્ધનું દૃશ્ય કંડારેલું છે. 'ચંદ્રપ્રભચરિત'માં ચંદ્રપ્રભસ્વામીના સમવસરણનું દૃશ્ય દોરેલું છે. ઈ. સ. ૧૫૮૩માં લખાયેલી 'સંગ્રહણીસૂત્ર'ની હસ્તપ્રતમાં ઇન્દ્રસભામાં નાચ-ગાનનું દૃશ્ય ચિત્રકાર ગોવિંદ દ્વારા ચીતરવામાં આવેલ છે.

અહીં સિદ્ધચક્ર પટ્ટના કેટલાક નમૂનાઓ જળવાયા છે જેમાં નવપદને એક યંત્ર સ્વરૂપે ગોઠવેલ છે. ચાર પગથિયાં - જ્ઞાન, દર્શન (શ્રદ્ધા), ચારિત્ર અને સિદ્ધિ; તપમાંથી ચાર સિદ્ધિ - ઉપાધ્યાય, સાધુ, આચાર્ય અને સિદ્ધ – આમ આઠ વસ્તુ પ્રાપ્ત થતાં અરિહંત એટલે કે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

અહીં સંગ્રહાયેલ વિજ્ઞપ્તિપત્રમાં પ્રથમ મંગલ ચિહ્નો તથા અષ્ટમંગલનું ચિત્ર, નગરનું આલેખન, સાધુ-મહારાજના વ્યાખ્યાનને ચિત્રાંકિત કરી, વિગતો લખીને એના ઉપર સંઘના સભ્યોના હસ્તાક્ષર લેવાતા.

મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયમાં વડોદરા રાજ્યમાં હસ્તલિખિત ગ્રંથોની જાળવણી પ્રત્યે ઊંડો રસ લીધેલો અને આવા ગ્રંથોના સંશોધન માટે વિભાગ શરૂ કરેલો જે આજે પ્રાચ્ય વિદ્યામંદિર તરીકે ઓળખાય છે. જેમાં દરેક પ્રકારના હસ્તલિખિત ગ્રંથોનો અમૂલ્ય ખજાનો જળવાયો છે.

ઈ. સ. ૧૬૯૪માં રચાયેલી 'માનતુંગ માનવતી જૈનરાસ' નામની સચિત્ર હસ્તપ્રતના પ્રથમ ચિત્રમાં રાજાની સવારીનું દૃશ્ય છે. હાથી પર બિરાજમાન રાજા, પાછળ મંત્રીઓ ઘોડા પર બેઠેલ છે અને આગળના ભાગે ઢાલ-ભાલા લઈને ચાલતા સૈનિકો જોઈ શકાય છે. અન્ય બે ચિત્રોમાં રાજા મંત્રીઓ સાથે મંત્રણા કરતા જણાય છે.

વડોદરાના હંસવિજયજી સંગ્રહમાં કલ્પસૂત્રની ૧૫મી સદીની હસ્તપ્રત સુરક્ષિત છે જેનું લખાણ સોનેરી શાહીથી લખેલું છે. આ હસ્તપ્રતમાં આઠ ચિત્રો અને ૭૪ અપ્રતિમ કારીગરીવાળી સુંદર કિનારો છે.

વડોદરા પાસેના છાણી ગામમાં ત્રણ જેટલા હસ્તપ્રતસંગ્રહો છે. અહીંના વીરવિજયજી સંગ્રહમાં 'ઓઘનિર્યુક્તિ' ગ્રંથની ઈ. સ. ૧૧૬૧ની પ્રત છે જેમાં ૧૬ વિદ્યાદેવીઓ, સરસ્વતી, લક્ષ્મી, અંબિકા અને બ્રહ્મશાંતિ યક્ષ મળી કુલ ૨૧ ચિત્રો જૈન મૂર્તિવિધાનની દૃષ્ટિએ મહત્ત્વનાં છે.

ઈડરના શેઠ આણંદજી મંગળજીની પેઢીના હસ્તપ્રત-સંગ્રહમાં કલ્પસૂત્ર અને કાલકકથાની ૧૪મી અને ૧૫મી સદીની સચિત્ર પ્રત છે. તાડપત્રની પ્રત ઉપર સોનાની શાહીથી ચિત્રો દોરેલાં છે. 'કલ્પસૂત્ર'ના વધુમાં વધુ પ્રસંગો આ પ્રતમાં સ્થાન પામ્યા છે જેમાં અષ્ટમાંગલિક, મહાવીરનો જન્મ, પાર્શ્વનાથનો જન્મ, નિર્વાણ અને એમનાં યક્ષ-યક્ષી, ઋષભદેવનું નિર્વાણ વગેરે ચિત્રો ખૂબ આકર્ષક અને મનોહર રીતે આલેખાયાં છે.

લીંબડીના જૈન જ્ઞાનભંડારમાં ઈ. સ. ૧૪૧૫-૧૪૧૬માં રચાયેલી કલ્પસૂત્રની સચિત્ર સુવર્ણાક્ષરી હસ્તપ્રત છે. જામનગરમાં કલ્પસૂત્ર-કાલકકથા (ઈ. સ. ૧૫૦૧)ની સચિત્ર હસ્તપ્રત છે.

કોબા (ગાંધીનગર)માં મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરમાં હજારો હસ્તપ્રત જળવાયેલી છે. 'પ્રશ્નવ્યાકરણસૂત્રપાઠ' નામની હસ્તપ્રત સંસ્કૃત, પ્રાકૃત અને હિંદી ભાષામાં સં. ૧૭૫૫માં લખાયેલી જેમાં ૨૨ ચિત્રો છે. 'આનંદઘનચોવીસી'ની હસ્તપ્રતમાં ચોવીસ તીર્થંકરોનાં સ્તવનોની રચના કરેલી છે જેમાં કુલ ૧૪ ચિત્રો છે. આ પ્રત ૧૭મા સૈકામાં લખાયેલી છે.

અમદાવાદના સારાભાઈ નવાબના સંગ્રહમાં 'સૂરિમંત્રપટ'નું ૧૪મી સદી જેટલું પ્રાચીન ચિત્ર જળવાયું છે. એમાં પૂર્ણ વિકસિત પદ્મ પર બેઠેલા મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગૌતમસ્વામીનું ચિત્ર નજરે પડે છે. અહીંના સંગ્રહમાં ઋષભદેવના સમવસરણનો ૧૫મી સદીના મધ્યનો એક પટ્ટ અને જંબૂદ્વીપનો ૧૬મી સદીનો પટ્ટ સંગ્રહાયેલો છે.

હસ્તપ્રતોની જાળવણી માટે વપરાતી પાટલીઓ ઉપર લઘુચિત્રો દૃષ્ટિગોચર થાય છે. મુનિ પુણ્યવિજયજી સંગ્રહમાંથી એક પાટલી પર મહાવીર સ્વામીના ૨૭ ભવો પૈકી કેટલાક ભવોનું ચિત્રાંકન નજરે પડે છે.

જૈન ધર્મની સચિત્ર હસ્તપ્રતોમાંથી સામાજિક, ધાર્મિક, ઇતિહાસ, પ્રાચીન ગામોના સ્થાનિક ઇતિહાસ તેમજ પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતની સંસ્કાર અને સાહિત્યપ્રવૃત્તિઓ વિશે ઉપયોગી માહિતી મળે છે. આ જૈન સચિત્ર હસ્તપ્રતમાંનાં ચિત્રો મધ્યકાલીન પશ્ચિમ ભારતની ચિત્રશૈલીના

ઉત્તમ નમૂના પૂરા પાડે છે. આ શૈલીનાં ચિત્રો લઘુ-ચિત્રો સ્વરૂપે મળે છે. આ લઘુચિત્રોની શૈલીના નમૂના ખાસ કરીને જૈન કે જૈનાશ્રિત લખાયેલા ગ્રંથોનાં લઘુચિત્રોના રૂપમાં દોરાયેલા છે. ચિત્રોની આ શૈલીને ગુજરાતની શૈલી કે મારુ-ગુર્જર શૈલી પણ કહે છે.

આમ, ગુજરાતના હસ્તપ્રત-સંગ્રહો ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસા સમાન છે. એ વર્તમાન યુગના અને ભાવિ પેઢીના વિદ્યાના ઉપાસકોને માટે મહામૂલી મૂડી છે. આ અમૂલ્ય હસ્તપ્રતોની જાળવણી ખૂબ જ કાળજી માગી લે છે. આવા પ્રાચીન ગ્રંથોને યથાવત્ રાખવા માટે ખાસ વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા જંતુરહિત અને સાફ રાખવાની પ્રક્રિયા નિયમિત રીતે થવી જોઈએ. ગુજરાતના તમામ હસ્તપ્રત-સંગ્રહોમાં રખાયેલ પ્રાચીન હસ્તપ્રતોની વૈજ્ઞાનિક પદ્ધતિથી જાળવણી અને સાચવણી થાય તો જ આવનાર વર્ષોમાં નવી પેઢી આપણા કલા અને સાંસ્કૃતિક વારસાને સાચવી શકશે, સમજી શકશે.

આવાં હસ્તલિખિત ગ્રંથો અને ચિત્રો વર્ષો પહેલાં નાજુક પદાર્થો પર લખાયેલાં હોવાથી તેનો વારંવાર ઉપયોગ કરવાથી એને નુકસાન થવા સંભવ છે. આ નુકસાન નિવારવા વૈજ્ઞાનિક દૃષ્ટિએ સહેલી એવી કમ્પ્યૂટરની મદદ લેવી જોઈએ. આ સાધનની મદદથી તૈયાર થતી એની પ્રતિકૃતિઓ અભ્યાસીઓ અને સંશોધકોને સહેલાઈથી ઉપલબ્ધ કરાવી શકાય છે. જેમને આ ભંડારોમાં સચવાયેલી જ્ઞાનસંપત્તિની પરિભાષા, લિપિ તથા અન્ય સંકેતોનું જ્ઞાન છે તેને માટે આ જ્ઞાનભંડારો દિવ્ય ખજાનારૂપ છે.

## સંદર્ભ–સાહિત્ય

(૧) સાંડેસરા, ભોગીલાલ, 'ઇતિહાસની કેડી', ૧૯૪૫, વડોદરા, ઇતિહાસ અને સાહિત્ય, ૧૯૬૬, અમદાવાદ

(૨) નવાબ સારાભાઈ (સંપા.પ્રકા.), 'જૈનચિત્ર કલ્પદ્રુમ', ૧૯૩૫, અમદાવાદ

(૩) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' ગ્રંથ ૭, ૧૯૮૧ અને ગ્રંથ ૮, ૧૯૮૪, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ

(૪) 'ગુજરાતના ગ્રંથભંડારો', ગુજરાત માહિતી ખાતા (ગુ.રા.) દ્વારા ૨૦૦૧માં તૈયાર કરેલ ૩૫ એમએમની ફિલ્મ નિમિત્તે વિવિધ ગ્રંથભંડારોની રૂબરૂ મુલાકાત વખતે ત્યાં જળવાયેલ સચિત્ર હસ્તપ્રતોની વિગતો સામેલ કરી છે.

(૫) Shah G. P. 'Treasures of Jain Bhandaras', 1978, L.D. Indology, Ahmedabad

(૬) Savaliya, Ramji, 'Illustrated Jain Manuscripts Preserved in the Bhandaras and the Museums of Gujarat', 'Steps of Indology', 2007, B. J. Institute, Ahmedabad

29

# જૈન પૂજા–વિધિ પાછળ રહેલી ભાવનાસૃષ્ટિ

ફાલ્ગુની ઝવેરી

ભક્તની ભગવાન પ્રત્યેની ભાવનાને ભક્તિ કહે છે. સરળ શબ્દોમાં કહીએ તો પોતાનામાં રહેલા ભગવાનને જગાડવાના પ્રયાસને ભક્તિ કહે છે. આ ભક્તિ જ્યારે રસાળ, લયબદ્ધ, સંગીતમય અને હૃદયની ઊર્મિઓને રણઝણાવનાર સંગીત સાથે વહે છે તો તે માધ્યમને પૂજા કહેવામાં આવે છે.

ભક્ત અને ભગવાન એ પૂજાનાં બે મુખ્ય અંગો છે. પૂજા રાગપ્રચુર હોવાના કારણે ગૃહસ્થો માટે જિનપૂજાપ્રધાન ધર્મ છે. આમાં પંચપરમેષ્ઠીની પ્રતિમાનો આશ્રય (આલંબન) લેવામાં આવે છે. તદ્ઉપરાંત ભાવની પ્રધાનતા છે જેના થકી પૂજકને અસંખ્યાતા કર્મોની નિર્જરા થાય છે.

સમસ્ત પૂજાસાહિત્યની રચનાઓમાં પૂજાઓ તો જાણે ગીત-સંગીતના પર્યાયરૂપ છે. તેમાં કાવ્યકળાનો સંગમ એટલી અદ્ભુત રીતે ગૂંથાયેલો છે કે હૃદયના તારને રણઝણાવી જાય તેનાં કેટલાંક ઉદાહરણો દ્વારા રસાસ્વાદ માણીએ. ૧૭ ભેદી પૂજામાં ૧૫મી પૂજા ગીતપૂજા છે. ૧૬મી પૂજા નૃત્યપૂજા છે અને ૧૭મી પૂજા વાજિંત્રની પૂજા છે.

આઈ સુંદર નાર, કર કર લે સિંગાર,
ઠાડી ચૈત્ય દ્વાર, મન મોદ ધાર[૧].

આ ગીતપૂજામાં રાગઠૂમરી, પંજાબી ઠેકો સાથે આઈ ઇન્દ્રનાર એ દેશીનો સંયોગ પણ છે. શૃંગારરસના ઉત્તુંગ શિખર પરથી વહેતી મંદાકિની જ્યારે પ્રશમરસ ભક્તિના સાગરમાં મળે છે તો જાણે શૃંગાર પોતાનું અસ્તિત્વ ભૂલીને ભક્તિમાં વિલીન થઈ જાય છે. વળી આ કડીઓ પ્રાસાનુપ્રાસ હોવાના કારણે ગાવાવાળાને પોતાની સાથે

વહેવડાવી દે છે. આવી જ કંઈક અંતરની ઊર્મિઓને વર્ણસગાઈ દ્વારા પ્રાદુર્ભાવ કરવાનો પ્રયત્ન છે:

પૂજા પ્રભુકી આનંદકાર, કરોને ભવિ લટક લટક લટક
હાહાહુહુ આદિ સુરગણ, મિલગંધર્વ કટક
સોલહ સિંગાર સજકર આઈ, જિન પુર ભટક ભટક ॥[2]

સગુણ ઉપાસનામાં તીર્થોનું અનેરું મહત્ત્વ છે. એમાંય તીર્થસ્થાનોમાં કરેલી ભાવભક્તિ (અનેકગણું) શતગણું ફળ આપે છે. જ્યારે ભક્ત અને ભગવાન એકબીજાની સન્મુખ હોય દ્વૈતમાંથી (બે) અદ્વૈત (એક) થવાની પ્રક્રિયા ભક્તિની પરાકાષ્ઠા રૂપે મંડાઈ હોય ત્યારે વહેતી ધારામાં ભક્ત પ્રભુને કેવાં વિશેષણોથી નવાજે છે ?

અપછરા ઘૂંઘટ ખોલ કે, આગે નાચતે,
ગીત ગાન ઔર તાન ખડા હરિ દેખતે । હાં હાં રે.[3]

અહીં ભક્ત જાણે ભોલેબાબા ડમરુ બજાવતા હોય એવો વીરરસનો લ્હેકો હાં હાં રે દ્વારા મૂક્યો છે. પ્રભુ જાણે કે નૃત્ય જોતા હોય અને દેવલોકની અપ્સરાઓ પોતાના ઘૂંઘટ ખોલીને પ્રભુ સમક્ષ નૃત્યની મહેફિલ સજાવતી હોય એવા રમ્ય ઉન્મેષો દ્વારા પોતાની ભાવવિભોરતા દર્શાવી દીધી છે.

બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગવિઘનઘન ગાજી ।
આગમજ્યોત ન તાજી, કર્મકુટિલવશ કાજી ।[4]

આ પંક્તિઓ તત્ત્વજ્ઞાનને પ્રધાનતા આપતી એવી ચોસઠકર્મની પૂજાની છે. તેની ગેયતા અને સુરાવલીની સજ્જતાને કારણે આ પંક્તિઓ જાણે જનસમુદાયમાં ગવાઈ ગવાઈને અમરત્વને વરી છે.

રાજી રાજી રાજી થઈને રાજી, પાપ કરમથી લાજી થઈને રાજી;
આસ્રવ ભાવના ભાજી થઈને રાજી, કર નર જિંદગી તાજી થઈને રાજી.[5]

આ પૂજાની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે આ બાર ભાવનાઓના સ્વરૂપને દર્શાવવાનું કવિકુલકિરીટ એવા લબ્ધિસૂરીશ્વરજીએ સમય પારખી મુઘલ સલ્તનત જ્યારે ગાદીનશીન છે, ત્યારે ગઝલ નામના ઉર્દૂ મુસલમાનીય ગેય સાહિત્યપ્રકારમાં ઢાળી છે. ગહનબોધને અંત્યાનુપ્રાસ અને યમકના યુગપત પ્રયોગ યોજીને ઝલક મલક સાથે ભાવનું ફલક સર કર્યું છે.

પૂજાઓમાંયે પંચકલ્યાણક પૂજાઓ તો જાણે હદનું વિસર્જન અને બેહદનું સર્જનની ઉક્તિને સુપેરે પાર પાડે છે.

પ્રતિબિંબ પાસે ઠાવે રે, ઠાવે રે ઠાવે રે બહુ ભાવે ।
સુરગિરિશૃંગે પ્રભુને રંગે, પંચરૂપ ધરી લાવે રે લાવે રે લાવે બહુ ભાવે,
ધરાવે રે ધરાવે રે, મિલાવે રે મિલાવે રે, ગાવે રે ગાવે બહુ ભાવે[6].

તીર્થંકર પરમાત્માના જન્મ સમયે મેરુગિરિ ઉપર ઇન્દ્ર-ઇન્દ્રાણીને બીજાં દેવ-દેવીઓ પાંચ રૂપ કરી પ્રભુનો જન્માભિષેક મહોત્સવ ઊજવે છે તેનું વર્ણન વાત્સલ્યરસની સાખ પૂરી જાય છે.

રમતી ગમતી હમુને સાહેલી, બિહું મળી લીજીએ એક તાળી;

અમરી ભમરી રાસરમંતી લટકાળી રે સખી ! આજ અનુપમ દિવાળી.[7]

અહીંયાં આનંદોલ્લાસની અભિવ્યક્તિ સમી બે ક્રિયા બતાવી છે અને તે છે નાચવું અને ગાવું. જ્યારે કોઈ પણ વ્યક્તિ ભાવાવેશમાં આવે, ત્યારે ગાતા ગાતા રહી ન શકે અને નાચવા માંડે. બહેનોમાં ખાસ કરીને સખી સાહેલીઓ ગોરી ગરબે ઘૂમવા મંડે અને એકબીજાને આનંદનું વર્ણન ન કરી શકે એટલે તાળીઓના તાલ દ્વારા નૃત્યની ભંગિમાઓ દ્વારા એને વ્યક્ત કરે. અહીં વિસ્મયરસ, રૂપક, ઉત્પ્રેક્ષા, અધ્યાહાર, ઉપમા આ જુદા જુદા અલંકારોનું સુયોજન કરી યમકમાં પ્રાસાનુપ્રાસ દ્વારા ૫૬ દિક્કુમારિકાઓએ ભાવવાહી પદાવલી દ્વારા જાણે કે દિવાળીનું પર્વ હોય એવો સાદશ્ય ચિતાર ખડો કરી દીધો છે. શબ્દ ચમત્કૃતિ એવી સુંદર છે કે એક વાર સાંભળ્યા પછી કાનમાં ગુંજારવ થયા કરે.

જિનભક્તિ નિમિત્તે વિવિધ પ્રકારનાં નૃત્ય કરવાં એ નૃત્યપૂજા છે.

અભિનવ હસ્તક હાવ ભાવે કરી, વિવિધ યુક્તે બહુ નાચ કરી,
દેવના દેવને દેવરાજી યથા, કરતી નૃત્ય તથા ભૂમિચારી ॥[8]

અપ્સરાઓએ રસના સમૂહવાળું લયને અનુસરતું પ્રશસ્ત હાથની શોભાવાળું, વિકાસ પામતા હાવભાવવાળું નૃત્ય કર્યું અને કવિએ એને માત્ર ઢાળમાં ઢાળ્યું જ નથી, પણ વર્ણાનુપ્રાસ અલંકારનો ઉપયોગ કરી અભિનયના પ્રાદુર્ભાવનું વિકસિત સ્વરૂપ તે નૃત્યકળાની પ્રારંભિક દશા છે તે સિદ્ધ કર્યું છે.

દૌં દૌં દૌં દુંદુભિ, વાજતી દીએ ભ્રમરી
નટ કટિ કટ કહુ, વિચ પટતાલ વાજે[9].

શાસ્ત્રાનુસારી લયવાળું અનેક ભંગોથી શોભતું ભ્રમર વાજે ચકરડીવાળું સુંદર નૃત્ય કર્યું.

છંછંછંછંછંનનનનન, નાચત શક્રશક્રી, ચરણ ઘૂંઘરી છનનનનન[10]

તાલના માપવાળો અને રસના આશ્રયવાળો સુંદર દેહ ધરાવનારાં ઇન્દ્ર-ઇન્દ્રાણીએ પગમાં ઘુંઘરું (ઝાંઝરા) બાંધી પ્રભુ પ્રત્યેના ભાવો દર્શાવતું આહ્‌લાદક નૃત્ય પૂજા રૂપે કર્યું. તાત્પર્ય એ છે કે અંગના અભિનય વડે ભાવોને પ્રગટ કરવા તે નૃત્ય છે. નૃત્યપૂજા કેટલાક ઉત્તમ પ્રકારના જીવોએ કરી છે. જેમનાં શાસ્ત્રોમાં દૃષ્ટાંત આવે છે પ્રભાવતી સુરિયાભદેવ, દ્રૌપદીસતી, સીતાસતી, મંદોદરી અને રાવણરાયે અષ્ટાપદ પર નૃત્ય કર્યું અને ત્યાં રાવણરાયે તીર્થંકર નામકર્મનો બંધ આ જ નૃત્યપૂજામાં લય પૂરવા દ્વારા કર્યો. આમ વિવિધ ભંગિમાઓ દ્વારા કરાતા નૃત્ય થકી કેટલાય જીવોએ કુંડલિની જાગૃતિનો અનુભવ કર્યો છે અને જે કુંડલિની શક્તિ મૂલાધાર ચક્રથી ઉપર ન ઊઠતી હોય તે સડસડાટ ઉપર ચઢી જાય છે. પછી જે અનુભૂતિ એ વ્યક્તિને થાય એ તો એ જ દર્શાવી શકે - આપણે માત્ર એની કલ્પના કરી શકીએ.

પ્રભુને કેવળજ્ઞાન થતાં સમવસરણની રચના દેવો કરે છે. તેમાં પ્રભુને અછોઅછો વાનાં કરવા ભિન્ન ભિન્ન વાજિંત્રોના નાદ કરે છે અને જાણે એ બધાં વાજિંત્રોમાંથી એક જ નાદ ઊઠતો હોય

બધા ભવસાગરના પારને પામો (એવો આભાસ થાય છે).

પડહ ભેરી ઝાલર તવર, સંખ પણવ, ઘુઘરિય ઘમ ઘમ,
સિરિમંડલ મહુઅર મણુજ્જ નિપુણનાદ રસ છંદતમ,
દુંદુભિ દેવતણી ગયણ, વાજે સૂર ગંભીર[11]

આ વાજિંત્રોના નાદ સુણતાં એટલા આહ્‌લાદક લાગે છે કે જાણે પોતે સાક્ષાત્ સમવસરણમાં તીર્થંકર પરમાત્મા સન્મુખ પહોંચી ગયો હોય અને પ્રભુના અતિશયોને એકલીન થઈ નિરખતો હોય અને કોઈ જુદી જ ભાવસૃષ્ટિમાં એનું વિહરન થવા માંડે છે.

આમ સંગીતપૂજા કરતાં શરૂઆત વૈખરીથી ભલે થઈ હોય. અંતિમ તબક્કે નાભિમાંથી સંવેદનો ઊઠે છે ને હૃદયને સ્પર્શી આરપાર નીકળી જાય છે.

અહીંયાં એક વાત ખૂબ સ્પષ્ટ સમજવી કે સંગીત એટલે गीतं वाद्य च नृत्यं च त्रयं सहितमुच्यते[12]. અભિધાનચિંતામણિ ગ્રંથમાં હેમચંદ્રસૂરિ કહે છે : 'ગીત, વાદ્ય અને નૃત્યના સમાહાર (ત્રણના સમૂહ)ને સંગીત કહે છે. સ્ત્રી-પુરુષની ૬૪ સ્ત્રીકળા અને ૭૨ કળાપુરુષની એમાં સંગીતકળા અગિયારમી કળા છે.' 'પંચાશક' નામના ગ્રંથમાં કહ્યું છે – 'જે ભવ્યાત્મા શુદ્ધ ગીત, નૃત્ય અને વાજિંત્રથી એટલે કે તૌર્યત્રિકરૂપી સંગીતથી જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરે છે તે અનંતફળને પામે છે.'

આ સંગીતપૂજાનો સમાવેશ મહાભાષ્યની ગાથા અનુસાર અગ્રપૂજામાં કર્યો છે. બીજી રીતે એનો સમાવેશ ભાવપૂજામાં પણ કરવામાં આવે છે.

જૈન પૂજાઓમાં વિવિધ પરિબળોને ગૂંથી લેવામાં આવ્યાં છે; જેમ કે કથાનુયોગ, પ્રતીકો, કલ્પનો, ભાષાવૈભવ, સમાજદર્શન, જ્ઞાન-વિજ્ઞાન, મનોવિજ્ઞાન ઇત્યાદિ પાસાંઓને પૂજાઓના માધ્યમે વણી લેવાયાં છે. કથાનુયોગ દ્વારા માહિતી, ઉપદેશ અને સદૃષ્ટાંતતા દ્વારા લોકોને પૂજામાં પકડી રાખવા એવો ઊંડાણપૂર્વકનો અભિગમ લાઘવ શૈલીમાં રજૂ કરાયો છે. વળી તીર્થંકર પ્રભુની માતાને આવતાં ૧૪ સ્વપ્નો, ૧૪ રાજલોકની પૂજા, અષ્ટમંગલ, ૬૪ ઠાણાની પૂજા, ૮ કર્મની પૂજા જેને ૬૪ પ્રકારી પૂજા પણ કહેવામાં આવે છે. આ પૂજાઓ પ્રતીકાત્મક પૂજાઓ છે. પ્રતીક એટલે ચિહ્ન, નિશાની. ભાવોનું પ્રગટીકરણ સીધેસીધું નહિ પણ વ્યંજના દ્વારા કલાત્મક રીતે પ્રરૂપણ કરવામાં આવે છે. કલ્પનો દ્વારા અનભિવ્યક્ત, અગોચર, અમૂર્ત, અપ્રત્યક્ષ, અસ્પષ્ટ, અવ્યક્ત, અગ્રાહ્ય ભાવો પ્રતીકકલ્પનો દ્વારા મૂર્તિમંત થાય છે. સ્નાનોત્સવ પ્રકારથી ૧લી સદીમાં પ્રાકૃત એવમ્ સંસ્કૃત ભાષામાં શરૂ થયેલી પ્રાસંગિક પ્રાચીન પૂજા મધ્યકાળમાં ૧૫મી થી ૧૯મી સદી સુધીમાં કળશ રૂપે જૂની ગુજરાતી અપભ્રંશ, મારુગુર્જર, જૂની ગુજરાતી અને વર્તમાન ગુજરાતી ભાષામાં રચાઈ. ૧૭મી સદીમાં ગુજરાતમાં જે ભક્તિ-આંદોલન ઊઠ્યું તેના કારણે જૈન સાધુ-કવિઓએ તત્ત્વજ્ઞાનને પૂજાઓમાં ઢાળવાનું શરૂ કર્યું અને વિષયવૈવિધ્ય ધરાવતી પૂજાઓનો સુવર્ણકાળ શરૂ થયો. આ પૂજાઓની રચના ૧૯મી સદીમાં તો સોળે કળાએ ખીલી ઊઠી. અર્વાચીન કવિઓરચિત્ પૂજામાં ગઝલ, કવ્વાલી, ઠૂમરી, વિદેશી સંગીત, હિન્દી અને ઉર્દૂ ભાષાની અસર સ્પષ્ટપણે જોવા મળે છે.

આ પૂજાઓ દ્વારા પ્રભુના શાસનની પ્રભાવના તો થાય છે જ, સાથે સાથે મનુષ્યમાત્રમાં રહેલી સામાજિક વૃત્તિને પોષણ મળે છે. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના જળવાઈ રહે છે. આજની શિક્ષણપદ્ધતિના કારણે યુવાવર્ગને ધાર્મિક અનુષ્ઠાન માટે સમય જ મળતો નથી, જ્યારે જીવનસાથીની પસંદગીનો વારો આવે, ત્યારે ફક્ત દેખાવ જોઈ પસંદગી કરી લે છે.

જ્યારે આ પૂજાઓ જેવાં ધાર્મિક અને સામાજિક સંલગ્નતા ધરાવતાં અનુષ્ઠાનો થાય છે, ત્યારે છોકરાં-છોકરીઓની આવડત, કળા, સંસ્કાર છતાં થાય છે અને સમકક્ષાનાં જ કુળ, ખાનદાનમાં દીકરા-દીકરીઓ ઢંકાયેલાં રહે છે. વળી વર્તમાનકાલીન પરિસ્થિતિ બદલાતાં જીવનનાં અને વિચારોનાં સમીકરણો બદલાયાં છે. કૌટુંબિક જીવનશૈલી ખૂબ નાજુક પરિસ્થિતિઓનો સામનો કરી રહી છે. ત્યારે જો યુવાહૃદયને કોઈ એવો સંદેશો આપે કે નવપદમાં જે સ્થાન ગુરુતત્ત્વનું છે તે સ્થાન સંસારમાં માતા-પિતા અને અનુભવી વડીલજનોનું છે - તો ગૃહક્લેશ-વિભક્ત કુટુંબની સમસ્યા સુલઝાઈ જાય અને ઘર ખરેખર નંદનવન બની જાય. ૨૦ સ્થાનકની પૂજામાં આવું એક ઉદાહરણ મળે છે જે કર્તા લક્ષ્મી- વિજયજીની આર્ષદૃષ્ટિ દર્શાવે છે.

પંચમપદે ગાઈએ રે ભાવથવિર અધિકાર રે ।
લૌકિક માતાપિતા કહ્યા, લોકોતર વ્રતધાર[13]

પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીના મનોચિકિત્સક યુજિત ડી. અકીલીએ કરેલ સંશોધનોનાં તારણો પણ આશ્ચર્યકારક બન્યાં છે. તેમણે પૂજા-પ્રાર્થના (દ્રવ્ય, ભાવપૂજા) કરતી વ્યક્તિઓના મગજની પ્રક્રિયા જાણવા માટે સ્પેક્ટ એટલે કે સિંગલ ફોટોન ઇમેશન કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી યંત્ર વડે મગજની સ્થિતિની નોંધ કરી, ત્યારે તેમને પણ આશ્ચર્ય થયું કે મગજની કાર્યક્ષમતા બમણી થઈ ગઈ. હાર્વર્ડ મેડિકલ સ્કૂલના સાઇકિયાટ્રિક વિભાગના પ્રાધ્યાપક ગ્રેગ જેકબે સંશોધન દ્વારા એવું તારણ આપ્યું કે દ્રવ્યપૂજા અને ભાવપૂજા (પૂજા-પ્રાર્થના) કરતા મગજમાંથી નીકળતાં તરંગોમાં આલ્ફાતરંગો વિશેષ પ્રમાણમાં ઊઠે છે જેના કારણે શાંતિ અને રચનાત્મક વિચારોની અવસ્થા આવે છે. ન્યૂરોલૉજિસ્ટ ન્યુબર્ગ કહે છે કે પૂજા સમયે બાહ્ય સંસાર સાથેનો સંપર્ક કપાઈ જાય છે. મગજની અંદરનો સેન્સરી ઇનપુટ પણ બંધ થઈ જાય છે.

વૉશિંગ્ટનની જ્યૉર્જટાઉન યુનિવર્સિટીની સ્કૂલ ઑફ મેડિસિનના વડા ડૉ. મેથ્યુએ ૨૦૦ વ્યક્તિઓનાં પરીક્ષણો દ્વારા અનુભવ્યું કે પૂજા-પ્રાર્થના કરનારા બહુ ઓછા બીમાર પડે છે. ડ્યુક યુનિવર્સિટીના વિજ્ઞાની ક્રોઇંગે સંશોધન દ્વારા જણાવ્યું કે દ્રવ્યપૂજા અને ભાવપૂજા કરનાર વ્યક્તિમાં એપિનેફ્રિન અને નોરએપિનેફ્રિન જેવા તનાવ ઉત્પન્ન કરનાર હોર્મોનનો સ્રાવ નહિવત્ હોય છે.

ઘણા બુદ્ધિજીવીઓ પ્રશ્ન કરે છે કે પથ્થરની ગાય જો દૂધ ન આપે તો પથ્થરની મૂર્તિ સમ્યગ્દર્શન કઈ રીતે આપે ? અહીંયાં જૈન ધર્મમાં વીતરાગદેવની આરાધના છે. જે રાગ-દ્વેષથી સર્વથા રહિત છે, માટે તેની ભક્તિ કરનારને આશીર્વાદ આપે અને ન કરનાર પ્રત્યે દ્વેષ રાખે આવી માન્યતાને આમાં અવકાશ જ નથી. ગાય દૂધ આપે છે, એનો પરિચય પોતાના જ્ઞાન દ્વારા થાય છે એમ આ સ્થાપના નિક્ષેપે રહેલા પ્રભુ છે અને મારી અંદર જીવતોજાગતો આતમરામ છે એનો સુપેરે પરિચય કરાવે છે.

આદર્શ વાસ્તવિકતા (Idealistic Reality) પ્રમાણે બધી ક્રિયા જિનપ્રતિમા ઉપર અને પરિણામ બધું પૂજન-અર્ચન કરનાર ભક્ત ઉપર આવે છે. કાર્ય-કારણ (cause-effect) પ્રમાણે પણ આમ જ થાય છે.

પૂજાઓ જિનમંદિરમાં જ પ્રાયઃ કરી ભણાવવામાં આવે છે. તેનું અદ્‌ભુત વૈજ્ઞાનિક રહસ્ય છે. જિનપ્રાસાદોમાં ઊર્જાનું સ્તર ઘણું ઊંચું હોય છે. જેના કારણે ભાવનું ઊર્ધ્વગમન થાય છે. નકારાત્મક પરમાણુ ઊર્જાનું રૂપાંતર સકારાત્મક ઊર્જામાં કરે છે. અપ્રશસ્તભાવનો વિચ્છેદ થયો એનું સીધું કારણ જોઈએ તો વીતરાગ પરમાત્માની પ્રતિમા શાંતરસથી વિભૂષિત હોય છે, એટલે તેનું આલંબન લેતાં વ્યક્તિમાં શાંતરસ-પ્રશમરસની જ ઉત્પત્તિ થાય છે. અહીં વિમલનાથ પ્રભુની સ્તવના યાદ આવે છે.

અમીય ભરી મૂર્તિ રચી રે ઉપમા ન ઘટે કોય.
શાંતસુધારસ ઝીલતી રે નીરખત તૃપ્તિ ન હોય.

પૂજાસાહિત્ય દ્રવ્યપૂજા અને ભાવપૂજારૂપ યુગલમાં સચવાયું છે. જેમાં ઉત્તમ દ્રવ્યથી પૂજા કરતાં ભાવની અભિવૃદ્ધિ તો થાય છે. તદ્‌ઉપરાંત તેનાં રહસ્યો જેમ કે અષ્ટપ્રકારી પૂજા અને બાકીની મોટાભાગની પૂજાઓમાં પ્રથમ અભિષેક પૂજા આવે છે. તેમાં જલપૂજા વખતનો એક દુહો છે.

જ્ઞાન કળશ ભરી આતમા, સમતા રસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, મારાં કર્મ થયાં ચકચૂર.

હકીકતમાં આ આંતરિક મેરુ અભિષેક માટેની પંક્તિ છે. આપણી કરોડરજ્જુને યોગાચાર્યો મેરુદંડ કહે છે. તે ઉપર આવેલ સહસ્રાર તે અભિષેક માટેની મેરુ પર્વત પરની પાંડુક વનની શિલા છે. તે પર પ્રભુને - અવધારણા વડે બિરાજમાન કરવાના. હવે એ પ્રભુનો અભિષેક કઈ રીતે કરવાનો : કડી આ રીતે ખૂલશે. જ્ઞાન, જ્ઞાતાભાવનો કળશ. તેમાં સમભાવરૂપ પાણી ભરીને પ્રભુનો અભિષેક કરવાનો. સાધકનું પૂરું અસ્તિત્વ આ સમભાવ વડે ભીંજાશે અને કર્મ તો ક્યાંથી રહેશે ?

દ્રવ્યપૂજા પૂરી થયા પછી જીવ 'નિસિહી' કહી વિરામ પામી ભાવપૂજામાં પ્રવેશે છે. તેમાં લઘુપ્રતિક્રમણ રૂપે ઇરિયાવહિયા કરી જગતના જીવો સાથે મૈત્રીભાવ કેળવે છે.

ચૈત્યવંદન કરવા માટે યોગમુદ્રામાં ડાબો ઢીંચણ ઊભો કરતાં જમણા ઢીંચણ ઉપર ભાર આવે અને જમણી બાજુનું મગજ કાર્યાન્વિત થવા માંડે છે. જેનો સીધો સંબંધ ભાવ, સમર્પિતતાની લાગણી સાથે છે. ડાબો ઢીંચણ ઊભો કરતાં અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી આંતરરસનું ઝરણ (Chemical Secretion) એ રીતે થાય છે કે જે ભક્તિમાં અદ્‌ભુત સહાયક બને છે. વ્યક્તિના (ભક્તના) ઉપભોગને દર્શન ઉપયોગમાં ઓતપ્રોત કરી દે અને પ્રભુ તું અને હું આ દ્વૈતના સંબંધથી શરૂ થયેલી યાત્રા તું અને હું વિલીન થઈ તોહમ્, સોહમ્‌માંથી એકોઽહમ્‌ના અદ્વૈતમાં પરિણમે છે.

પૂજાસાહિત્ય એ જૈન સંઘનું આગવું સાહિત્ય છે. દરેક ધર્મસંપ્રદાયને પોતાનું લાક્ષણિક સાહિત્ય હોય જ છે, તેમ આ પૂજાઓ ભણાતી હોય, ત્યારે તેમાં સમાયેલાં સાહિત્યનો, સંગીતનો તથા ધર્મ અને ભક્તિતત્ત્વોનો વાસ્તવિક આસ્વાદ થઈ શકે છે. ગૃહસ્થ ધર્મમાં પરમાત્માની પૂજા કરવી તે પ્રધાન કર્તવ્ય છે. પૂજામાં જેટલો ભાવોલ્લાસ વધે તેટલું પુણ્ય વધે. પૂજાસાહિત્યની દેશી રાગોની ગૂંથણી અદ્‌ભુત છે જ, સાથે તેમાં તત્ત્વજ્ઞાનની રંગપૂરણી પણ અપૂર્વ છે. ભાવોલ્લાસ વધારવામાં

ગીત, નૃત્ય અને વાંજિત્ર એટલે કે સંગીતનો સાથ ખૂબ જ સહાયક છે. અત્યંત મધુર ગીત અને સંગીતના સથવારે થતી પ્રભુની પૂજા જીવનનું અમૂલ્ય આનંદ-સંભારણું બની જાય છે. પૂજાઓ સમૂહ (Mass) અને વર્ગ (Class) બન્ને માટે છે. જે સંઘમાં સામાન્ય કક્ષાનાં ભાઈબહેનો હોય તે પૂજામાં ગવાતાં વિશિષ્ટ પ્રકારનાં રાગરાગિણી દ્વારા સામૂહિક આનંદ અનુભવે અને જે થોડાં સમ્યગ્દર્શન સન્મુખ થયા હોય અને જ્ઞાનક્ષેત્રે આગળ વધેલા છે, તેઓ એમાંથી તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ શોધી કાઢી સંગીતના લયથી ધ્યાનમાં પહોંચે છે. સમાલોચના કરતાં આપણે એટલું જ કહી શકીએ કે ગાગરમાં સાગરરૂપ ભાષાના મઝાનાં પદો... ગાતા જાવ, નાચતા જાવ અને ભક્તિયોગ સાથે તત્ત્વજ્ઞાનમાં ડૂબતા જાવ. સાહિત્યજગતમાં ભાવસુંદરતા ધરાવતો પ્રદેશ એટલે પૂજાસાહિત્ય ! ભાષાવૈવિધ્ય અને ભાવના-વૈવિધ્યને એકસાથે ઝીલતું દર્પણ એટલે પૂજાસાહિત્ય ! ભક્ત હૃદયના અનુભવોની ગેય અભિવ્યક્તિનો સંચય એટલે પૂજાસાહિત્ય !

જૈન કવિઓ એ જ્ઞાન અને ભક્તિની જ્યોત સદા જ્વલંત રહે અને સર્વસાધારણ જનતાના કલ્યાણનો સાચો રાહ બંતાવી વાચકો, અભ્યાસીઓ અને સંશોધકોને વિસ્તાર પામતી ક્ષિતિજનું દર્શન કરાવનાર થશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે.

## પાદટીપ

૧. આત્મારામજીકૃત - ૧૭ ભેદી પૂજા
૨. વલ્લભસૂરિજીકૃત - ૨૧ પ્રકારી પૂજા
૩. પંડિત વીરવિજયજીકૃત - ૯૯ પ્રકારી પૂજા સિદ્ધાચલગિરિની
૪. પંડિત વીરવિજયજીકૃત - ૬૪ પ્રકારી પૂજા
૫. લબ્ધિસૂરિજીરચિત - ૧૨ વ્રતની પૂજા
૬. માણેકસિંહસૂરિકૃત - પંચકલ્યાણકપૂજા
૭. વીરવિજયજીકૃત - પંચકલ્યાણકપૂજા
૮-૯. સકલચંદ્રજીકૃત - ૧૭ ભેદી પૂજા
૧૦. આત્મારામજીકૃત - સ્નાત્રપૂજા
૧૧. સકલચંદ્રજીકૃત ૧૭ ભેદી પૂજા
૧૨. અભિધાનચિંતામણિ, કાંડ નં. ૨, શ્લોક નં. ૧૯૩
૧૩ લક્ષ્મીવિજયજીકૃત - ૨૦ સ્થાનકપૂજા

30

# આવતીકાલનાં ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રો

"The Empires of the future will be empires of mind with great power comes greater responsibilities"

- Winston Churchil

પ્રવીણ સી. શાહ

નવા વિચારોની ઉત્પત્તિ મગજમાંથી થાય છે અને તેનો આધાર વ્યક્તિનાં વાંચન, ચિંતન અને નિરીક્ષણ પર રહેલો છે. સમાજના વિવિધ પ્રકારના સમૂહોને વાંચન અને ચિંતનનું ભાથું પૂરું પાડનારા છે - વિવિધ પ્રકારનાં (સાર્વજનિક, શૈક્ષણિક અને વિશિષ્ટ) ગ્રંથાલયો અને માહિતી- કેન્દ્રો. આજે સમાજની બધી જ પ્રવૃત્તિઓ માહિતી/જ્ઞાન ઉપર આધારિત હોવાથી સમાજના કાયાકલ્પમાં માહિતી મોટો ભાગ ભજવે છે.

ભૂતકાળમાં ગામ એ વિશ્વ હતું, પણ આજે વૈશ્વિકીકરણને કારણે વિશ્વ એ ગામ થઈ ગયું છે.

વિશ્વમાં અમેરિકા જેવા વિકસિત દેશોએ સમાજના સર્વાંગી વિકાસ માટે લોકો ઘેર બેઠા માહિતી/જ્ઞાન મેળવી શકે તે માટે, ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રોને અતિ મહત્ત્વ આપ્યું છે. જરૂર પડે આ સેવાઓ માટે નાણાં પણ ચૂકવે છે.

વિકસિત દેશો વેબ ૨.૦/ ગ્રંથાલય ૨.૦ની દુનિયામાં છે, જ્યારે ભારતનાં મોટા ભાગનાં ગ્રંથાલયો વેબ ૧.૦ની દુનિયામાં છે. પરંતુ ભારતમાં પણ વિવિધ પ્રકારનાં ગ્રંથાલય અને માહિતી-કેન્દ્રો દ્વારા આધુનિક ટેક્નૉલોજીનો ઉપયોગ કરીને પ્રગતિ કરવાની શરૂઆત કરી દીધી છે.

અમેરિકા જેવા પ્રગતિશીલ દેશોમાં સાર્વજનિક ગ્રંથાલયો એ

'લોકોની યુનિવર્સિટી' છે. લોકશાહીની પાઠશાળા છે. તેમાં સર્વ પ્રકારની માહિતી/જ્ઞાન પ્રાપ્ત છે. જ્યારે ભારતમાં આ ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે, પણ સરકાર જાગ્રત છે તે સારી બાબત છે. ભારત સરકારે 'રાષ્ટ્રીય જ્ઞાનપંચ'ની સ્થાપના કરી આ દિશામાં સારું પગલું ભર્યું છે. આ પંચનો હેતુ ભારતને જ્ઞાનસમુદાયમાં રૂપાંતરિત કરવાનો છે. આનો ધ્યેય 'સર્વ સમતાવાદી પ્રગતિકારક જ્ઞાનમય સમાજ ઊભો કરવામાં અગ્રતાક્રમની રીતે સહાયભૂત અને મહત્ત્વનો ફાળો આપી શકે તેવાં ગ્રંથાલયો અને માહિતીકેન્દ્રો ઊભાં કરવાનો' છે. જ્ઞાનને સાર્વજનિક કરવાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા ઉપરાંત તે રાષ્ટ્રીય અને વૈશ્વિક જ્ઞાન માટેના સ્થાનિક પ્રવેશદ્વાર તરીકે કામ કરશે. આ જ્ઞાનપંચના સૂચન મુજબ ભારત સરકારે 'નૅશનલ મિશન ઑન લાઇબ્રેરીઝ ઍન્ડ ઇન્ફર્મેશન સર્વિસીસ' (NMLIS)ની સ્થાપના માર્ચ ૨૦૧૨માં કરી છે. તેનાં કાર્યો માટે કેન્દ્ર સરકારે રૂપિયા ૨૦૦૦ (બે હજાર) કરોડ ફાળવેલા છે અને નજીકના ભવિષ્યમાં દેશનાં ૯૦૦૦ જેટલાં સાર્વજનિક ગ્રંથાલયોનું નેટવર્ક ઊભું કરવાની તેની યોજના છે. જે સમાજના દરેક વર્ગને માહિતી/જ્ઞાન ત્વરિત રીતે પૂરાં પાડશે.

શૈક્ષણિક ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રો ક્ષેત્રે, CBSE સંલગ્ન શાળાઓનાં ગ્રંથાલયો સારી સેવાઓ આપે છે, પરંતુ અન્ય શાળાઓનાં મોટા ભાગનાં ગ્રંથાલયો પરંપરાગત સેવાઓ પણ પૂરી પાડી શકતાં નથી. NCERT દ્વારા દેશમાં શાળા-ગ્રંથાલયોના નેટવર્કની યોજના ઘડાઈ ચૂકી છે તે આશાનું કિરણ છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ભારતમાં ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રોનો વિકાસ કરવા, નવું દિશાસૂચન કરવા, સતત આધુનિક તાલીમ આપવા વગેરે માટે યુ.જી.સી. સંચાલિત લાઇબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન નેટવર્ક(ઇન્ફ્લિબનેટ)ની સ્થાપના ૧૯૯૪થી થઈ છે. હાલ આ કેન્દ્ર યુનિવર્સિટીઓનાં, કૉલેજોનાં તથા કેટલીક સંશોધન-સંસ્થાઓનાં ગ્રંથાલયોના અતિ આધુનિકીકરણ માટે કાર્યાન્વિત છે. ઉચ્ચ શિક્ષણનાં ગ્રંથાલયોમાં અત્યંત આધુનિક ટેક્નૉલૉજીનો ઉપયોગ કરીને વિવિધ ઉપભોક્તાઓને અને સંશોધનકારોને ઉપયોગી થાય તેવી અનેક સેવાઓ આપે છે. આને કારણે ભારતમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રોનું ભાવિ ઉજ્જ્વળ છે. પણ ઘણું કરવાનું બાકી છે. ઇન્ફ્લિબનેટ દ્વારા અપાતી મુખ્ય મુખ્ય સેવાઓ નીચે મુજબ છે. સંપૂર્ણ સેવાઓ માટે જુઓ તેની વેબસાઇટ : www.inflibnet.ac.in

(૧) હાલ ૭૦૦૦ ઉપરાંત વિવિધ વિષયોનાં ઈ-સામયિકો દેશના સંશોધકો, શિક્ષણકારો અને વિદ્યાર્થીઓને સરળતાથી પ્રાપ્ત કરી આપ્યાં છે અને તે અંગેની તાલીમ પણ આપે છે.

(૨) 'શોધ ગંગા' અને 'શોધ ગંગોત્રી' ડેટાબેઇઝ, કૉલેજો માટે એનલીસ્ટ કાર્યક્રમ, ડિજિટલ લાઇબ્રેરી ઇનિશિએટિવ, ગ્રંથાલય-વ્યવસ્થાપન માટે 'સોલ ૨.૦' સૉફ્ટવેર, યુજીસી ઇન્ફોનેટ ડિજિટલ લાઇબ્રેરી, કૉન્સોર્સીયા, વિવિધ તાલીમો દ્વારા માનવ સંસાધન તૈયાર કરવા, દર વર્ષે પરિસંવાદો યોજવા વગેરે વગેરે મુખ્ય પ્રવૃત્તિઓ છે.

તાજેતરમાં ઇન્ફ્લિબનેટ ગુજરાતના પાટનગર ગાંધીનગર નજીક 'ઇન્ફોસિટી'માં તેની

આજની અને ભવિષ્યની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા પોતાના કૅમ્પસમાં કાર્યરત થઈ રહ્યું છે.

**વિશિષ્ટ ગ્રંથાલયો :**

રાષ્ટ્રીય સંશોધનસંસ્થાઓ, મૅનેજમેન્ટ, આઇટીઆઇ, દૃષ્ટિહીન વ્યક્તિઓ માટેની સંસ્થાઓનાં તથા સમૂહમાધ્યમોનાં ગ્રંથાલયો સતત રીતે અત્યંત આધુનિક માહિતી અને પ્રત્યાયન ટેક્નૉલોજીનો ઉપયોગ કરીને સારી પ્રગતિ કરી રહ્યાં છે. જ્યારે જેલ, હૉસ્પિટલ તથા મ્યુઝિયમોનાં ગ્રંથાલયો નામનાં જ છે. જ્યારે પ્રગતિશીલ દેશોમાં આ પ્રકારનાં ગ્રંથાલયો સમાજમાં બદલાવ લાવવામાં ખાસ મદદરૂપ થઈ રહ્યાં છે. આપણા દેશમાં આ ક્ષેત્રે ઘણું કરવાનું બાકી છે.

**હસ્તપ્રત-ભંડારો :**

ભારતમાં ૫૦ લાખ ઉપરાંત હસ્તપ્રતોમાંથી મોટા ભાગની પરિસ્થિતિ ઇચ્છનીય નથી. 'નૅશનલ મૅન્યુસ્ક્રિપ્ટ મિશને' (NMM) હસ્તપ્રતોનું ડિજિટલાઇઝેશન શરૂ કર્યું છે પણ પ્રગતિ ઘણી ધીમી છે. દોડવાની જરૂર છે. બીજું, આ હસ્તપ્રતોની ભાષાની જાણકારી બહુ જ ઓછી વ્યક્તિઓને છે. આવી વ્યક્તિઓની સંખ્યા વધારવાની કે નવાઓને તાલીમ આપવાની જોગવાઈ કરવાની તાતી જરૂર છે. આ હસ્તપ્રતોમાં વિશ્વના બધા જ વિષયોનું જ્ઞાન સંગ્રહાયેલું છે. તેથી તે ભારતને સુપર પાવર બનાવવામાં તથા ચોક્કસ રીતે જ્ઞાન-શક્તિ તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

ક્લાઉડ કમ્પ્યૂટિંગ, મોબાઇલ ઇન્ટરનેટ, બ્લૉગ, ગ્રંથાલય પોર્ટલ, વેબ ૨.૦, ગ્રંથાલય ૨.૦, સિમેન્ટિંગ વેબ વગેરે અદ્યતન ટેક્નૉલોજીની પ્રગતિને કારણે વિશ્વમાં અને ભારતમાં ગ્રંથાલય અને માહિતી-કેન્દ્રો (જ્ઞાન-કેન્દ્રો) નીચેના જેવી ઉપભોક્તાલક્ષી પ્રવૃત્તિઓ કરશે અને સેવાઓ આપશે. વિશ્વના પ્રગતિશીલ દેશોમાં અને ભારતમાં પણ કંઈક અંશે આમાંની કેટલીક સેવાઓની શરૂઆત થઈ ચૂકી છે. પણ ગ્રંથાલય અને માહિતી સેવાક્ષેત્રે ઉપભોક્તાલક્ષી ત્વરિત, ચોક્કસ, પોતે ઇચ્છે તે સમયે અને તે સ્થળે માહિતી/જ્ઞાન મળે તે માટે ગ્રંથાલયોએ ઘણું કરવાનું બાકી છે, જે ઉપરોક્ત જણાવેલ ટેક્નૉલોજી, વ્યવસ્થા, સગવડો વગેરેને કારણે નજીકના ભવિષ્યમાં શક્ય બનશે.

**ક્લાઉડ-કમ્પ્યૂટિંગ :**

ઇન્ટરનેટ ક્ષેત્રે આધુનિક પ્રગતિ અને વિકાસને અન્ય આધુનિક પ્રયુક્તિઓ સાથે સાંકળીને આવેલી આ ટેક્નૉલોજી કમ્પ્યૂટર પદ્ધતિમાં નાવીન્ય અવતરણ છે. તે પ્રત્યાયન નેટવર્ક પર આધારિત છે. અન્ય ક્ષેત્રો ઉપરાંત ગ્રંથાલય ક્ષેત્રે તેનો ઉપયોગ વધી રહ્યો છે. આ પદ્ધતિના ઉપયોગ માટે ગ્રંથાલયમાં કોઈ ખાસ હાર્ડવેર કે સૉફ્ટવેરની કે કમ્પ્યૂટર નિષ્ણાતની જરૂર રહેતી નથી. ગ્રંથાલયે ફક્ત તેના કમ્પ્યૂટરમાં માહિતી જ નિવેશ કરવાની જરૂર છે. દૂર અને અતિ સલામત જગ્યાએ રહેલ સર્વર બધી જ પ્રક્રિયા કરે છે, ગ્રંથાલયને જરૂરી ડેટા તથા અહેવાલો પૂરા પાડે છે. ઘણી બધી સેવાઓ આપી શકે છે. ગ્રંથાલયો માટે આ નાણાકીય રીતે ફાયદાકારક વ્યવસ્થા છે. કયા ઉપભોક્તાએ કઈ માહિતી માંગી, વગેરેના રેકૉર્ડ પણ રહે છે. માનવ સંસાધન મંત્રાલય ૯૦૦૦ જેટલાં સાર્વજનિક ગ્રંથાલયોનાં નેટવર્ક માટે આ વ્યવસ્થાનો ઉપયોગ કરવાનું વિચારી રહી છે.

**મોબાઇલ ઇન્ટરનેટ :**

હાલ ભારતમાં મોબાઇલ ઉપર ઇન્ટરનેટનો ઉપયોગ કરનારની સંખ્યા ૮૭.૧ મિલિયન છે જે ૨૦૧૫ સુધીમાં ૧૬૪ મિલિયન જેટલી થશે. ભારતમાં 'માનવ સંસાધન મંત્રાલય' અત્યારે 'આકાશ શ્રી' ટેબ્લેટની તૈયારી કરી રહ્યું છે અને યુવાનોમાં મોબાઇલ ઇન્ટરનેટનો અકલ્પનીય ઉપયોગ વધી રહ્યો છે ત્યારે નજીકના ભવિષ્યમાં ગ્રંથાલયો આનો ઉપયોગ કરીને નવી નવી ઓનલાઇન સેવાઓ પોતાના ઉપભોક્તાને આપશે.

**બ્લોગ :**

બ્લોગ એ વેબ બ્લોગનું ટૂંકું નામ છે. તેની સેવાઓ ઇન્ટરનેટ આધારિત છે. હાલ અને ભવિષ્યમાં તાત્કાલિક ઑનલાઇન માહિતી પ્રસારણ અને ઉપભોક્તાના પ્રતિભાવો જાણવા માટે આનો ઉપયોગ વધી રહ્યો છે. બ્લોગ દ્વારા પણ ગ્રંથાલયો નીચે જણાવાયેલમાંથી ઘણીબધી સેવાઓ અને માહિતી તેના ઉપભોક્તાને પહોંચાડીને તેના પ્રતિભાવો જાણી શકશે. બ્લોગ એ માહિતી પૂરી પાડનાર પણ છે અને ઉપભોક્તા પણ છે.

**ગ્રંથાલય પૉર્ટલ :**

ગ્રંથાલયના ઈ-સ્વરૂપના સ્રોતોનો ઉપભોક્તા ઉપયોગ કરી શકે તે માટે ગ્રંથાલય પૉર્ટલ એ ઘણું વિશ્વસનીય સાધન છે. તેનું મહત્ત્વ વધી રહ્યું છે.

**વેબ ૧.૦, વેબ ૨.૦ અને ગ્રંથાલય ૨.૦ :**

વેબ ૧.૦માં ઉપયોગકર્તા માટે સંવાદ કરવો શક્ય નથી. આજે ભારતમાં મોટા ભાગનાં ગ્રંથાલયો આ કક્ષામાં છે. જ્યારે વિકસિત દેશો વેબ ૨.૦/ગ્રંથાલય ૨.૦ કક્ષામાં છે. પરંતુ પ્રત્યાયન ટેક્નૉલોજી ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફારોને કારણે ઉપભોક્તા માટે વર્ચ્યુઅલ (આભાસી) રીતે માહિતીનું આદાન-પ્રધાન (વાંચવું અને પ્રતિભાવ આપવો) શક્ય બન્યું છે. આમ વેબની દુનિયાનું આ નવું સ્વરૂપ એ વેબ ૨.૦ છે. વેબ ૨.૦માં બ્લોગ્ઝ, સામાજિક નેટવર્કિંગ, વિકિઝ, ત્વરિત સંદેશાવહન વગેરે સવલતોનો સમાવેશ થાય છે. વેબ ૨.૦ની એપ્લિકેશન્સ ભવિષ્યમાં ગ્રંથાલયોને બહુમુખી સેવાઓ આપતાં બનાવશે અને વ્યક્તિગત સેવાઓ આપતાં થશે. વેબ ૨.૦ + ગ્રંથાલય = ગ્રંથાલય ૨.૦ છે. આવતી કાલનાં ગ્રંથાલયોમાં ગ્રંથાલય ૨.૦ને કારણે ઉપભોક્તા વધશે જ; ઉપરાંત ઉપભોક્તાને જરૂરી માહિતી ત્વરિત મળી શકશે. ભવિષ્યમાં વેબ ૩.૦ પણ આવી રહ્યું છે જે WWWનું ભવિષ્ય છે.

**સિમેન્ટિંગ વેબ :**

ઇન્ટરનેટ એ માહિતીનો અવર્ગીકૃત ઢગલો છે. તેમાંથી જે તે અર્થમાં કે અર્થપૂર્ણ સંદર્ભમાં જોઈતી ચોક્કસ માહિતી મેળવવી અતિ મુશ્કેલ અને સમય લેતી છે. પરંતુ ઇન્ટરનેટ ઉપરથી ચોક્કસ સંદર્ભમાં અને ચોક્કસ અર્થમાં અર્થપૂર્ણ સંબંધ ધરાવતી માહિતી મેળવવા માટે 'સિમેન્ટિંગ વેબ' પદ્ધતિ અમલમાં આવી રહી છે. આ માટે ભારતમાં અને અન્ય દેશોમાં સંશોધન પ્રૉજેક્ટો 'ગુગલ'ની સહાયથી કાર્યાન્વિત છે.

આમ, નજીકના ભવિષ્યમાં ઉપર જણાવેલી આધુનિક ટેક્નૉલોજીઓ, સગવડો વગેરેને કારણે ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રોનો ઉપયોગ વધશે તથા ઉપભોક્તાલક્ષી કાર્યક્રમ સેવાઓ આપતાં થશે. આથી આવતી કાલે નજીકના ભવિષ્યમાં નીચેના જેવી વેબ આધારિત ઉપભોક્તાલક્ષી ત્વરિત અને સંવાદિતતારૂપ સેવાઓ/સગવડો ડિજિટલ સ્વરૂપમાં જ્યાં માગે ત્યાં, જે સમયે માંગે ત્યારે, ભૂલ વગર ત્વરિત અને જોઈતા જથ્થામાં વિશ્વસનીય રીતે મળી રહેશે :

(૧) ગ્રંથાલય ઉપભોક્તા પોતાના મોબાઇલ ઇન્ટરનેટ ઉપર કે કમ્પ્યૂટર ઉપર આભાસી રીતે ગ્રંથાલયની અંદર મુલાકાત/પ્રવાસ કરી શકશે અને ગ્રંથાલય અંગેની કોઈ પણ માહિતી જેવી કે વિવિધ પ્રકારના અને વિવિધ માધ્યમોવાળા માહિતીસ્રોતોની માહિતી અને તેની ગોઠવણી, વિવિધ કાર્યક્રમો, ટેક્નિકલ સેવાઓ, પ્રલેખો, પ્રકાશન, ગ્રંથાલય સહકાર, વેબસાઇટ, પુસ્તક આરક્ષણ અને અતિદેય, સ્થાનિક ગ્રંથાલયો અંગેની માહિતી વગેરે માહિતીને ગમે તે સ્થળે ત્વરિત મેળવી શકશે.

(૨) આજે વેબ ૨.૦ વેબસાઇટ જેવી કે ફેસબુક, ફિલકર, યુ ટ્યૂબ વગેરે છે. તેનો ઉપયોગ ગ્રંથાલય સેવાઓની જાણકારી માટે થશે. વેબ આધારિત ગ્રંથાલયમાં શિક્ષણ આપવામાં આવશે. આના ઉપર સંસ્થાનાં પ્રકાશનો વીજાણુકીય સ્વરૂપમાં સહેલાઈથી પ્રાપ્ત થશે. ગ્રંથાલયો આજે 'રિસૉર્સ સેન્ટર' તરીકે ઓળખાય છે.

(૩) બ્લોગ દ્વારા નવા નવા માહિતીસ્રોતોની જાહેરાત, અદ્યતન અવબોધન સેવા, નવા નવા માહિતીસ્રોતોના પ્રચાર અને પ્રસાર, સ્થાનિક તથા ગ્રંથાલયના વિવિધ કાર્યક્રમોની માહિતી, માહિતીનું માર્કેટિંગ, ગ્રંથાલય સેવા વિષયક વારંવાર પુછાતા સવાલોના જવાબો, ગ્રંથાલય સેવાઓની માહિતી, ગ્રંથાલયનું મહત્ત્વ સમજાવતાં લખાણો તથા અન્ય ઉપયોગી માહિતીસ્રોતોની લિંક વગેરેથી ઉપભોક્તાઓને જાણકારી આપવામાં આવશે તથા સંશોધન અંગેનાં સૂચનો અપાશે - વગેરેથી ભવિષ્યનાં ગ્રંથાલયો સજ્જ થશે.

(૪) આજ કરતાં 'ઑપન સૉર્સ સૉફ્ટવેર' તથા ઓપન સૉર્સ માહિતીસ્રોતોનો ઉપયોગ દિવસે દિવસે વધુ થશે.

(૫) ક્લાઉડ ટેક્નૉલોજી વેબ ૨.૦ વગેરેને કારણે, માહિતી પૂરતા, વિશ્વના ભૌતિક સીમાડાઓ ભૂંસાઈ જશે તથા ગ્રંથાલય સેવાઓનો વ્યાપ વધશે તથા મૂલ્યવર્ધિત સેવાઓ આપવામાં આવશે.

(૬) ગ્રંથાલયો એસ.એમ.એસ. દ્વારા ગ્રંથાલયના વિવિધ કાર્યક્રમો, નવા માહિતીસ્રોતો, પ્રલેખ અતિદેય અંગેની, ગ્રંથાલયમાં અમુક પ્રલેખ/સાહિત્યની પ્રાપ્યતા, સ્થાનાંક, સ્થળ વગેરે અંગેની માહિતી ઉપભોક્તાને પહોંચાડશે. આભાસી અનુલય સેવા શક્ય બનશે. વારંવાર પુછાતા સવાલોના જવાબો પણ અપાશે.

(૭) નજીકના ભવિષ્યમાં વિવિધ 'વેબ' સાઇટો પર વિવિધ અભ્યાસક્રમોનું સાહિત્ય હાલ મળે છે તે કરતાં વધુ ઇન્ટરઍક્ટિવ રીતે મળશે. જેથી ગ્રંથાલય ૨.૦નો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત માહિતી/જ્ઞાન મેળવી શકાશે. મુક્ત વિશ્વવિદ્યાલ / મુક્ત શિક્ષણ વધી રહ્યું છે ત્યારે ઑન-લાઇન ગ્રંથાલય આધારિત શિક્ષણ વધશે અને શિક્ષણમાં ખરેખર લોકશાહી આવશે તેથી વ્યક્તિ સ્વ-

પ્રયત્નોથી નિષ્ણાત બનશે.

(૮) હાલ કરતાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયોમાં વિવિધ વિષયોના ગ્રંથાલય કન્સોર્શિયમ અસ્તિત્વમાં આવશે. આમ સહકાર વધતાં માહિતીસ્રોતોનો મહત્તમ લાભ ઉપભોક્તાને મળશે અને તે વધુ ઉપયોગકર્તા થશે.

(૯) ઉપભોક્તાને જોઈતી ચોક્કસ માહિતી સહેલાઈથી, જે સ્થળે અને જે સ્વરૂપમાં જોઈશે તે રીતે મળતાં માહિતીનાં ઉપયોગક્ષેત્રો વધશે. આમ ગ્રંથાલયો દ્વારા માહિતીની બોલબાલા તે તેનું ભવિષ્ય છે. માહિતીના ઉપભોક્તા સમૂહો વધશે. માહિતી સર્વવ્યાપી બનતાં તેના વિવિધ અકલ્પનીય ઉપયોગો સમાજના લોકો કરશે.

(૧૦) ભારતનાં બધાં જ ગ્રંથાલયોનું કમ્પ્યૂટરીકરણ થશે અને પ્રલેખોની માહિતી નિવેશ માટે વિવિધ ડેટાબેઇઝમાંથી 'કૉપી કૅટલૉગિંગ' કરવાનું કામ સરળ બનશે.

(૧૧) ભારતનાં બધાં જ ગ્રંથાલયો નેટવર્કથી / લિન્ક આપીને જોડાતાં ઉપભોક્તાને જોઈતા પ્રલેખોની નકલો કે માહિતીસ્રોતો અંગેની ચોક્કસ માહિતી સરળતાથી ત્વરિત મળી શકશે જેની અસર શિક્ષણ અને સંશોધન પર પડશે અને ઉપભોક્તાનો સંતોષ વધશે.

(૧૨) વેબ પૉર્ટલ દ્વારા ગ્રંથાલય અંગેની રોજબરોજની માહિતી અને સૂચનાઓ ઉપભોક્તાને મળી શકશે.

(૧૩) નજીકના ભવિષ્યમાં નેટવર્કિંગ ઉપર વધારે ભાર મુકાશે જેથી પરિસંવાદો, તાલીમ વગેરે માટે કમ્પ્યૂટર કૉન્ફરન્સિંગનો ઉપયોગ વધશે જેથી સમય, ખર્ચ વગેરે બચી જશે.

(૧૪) સ્થાનિક કક્ષાએ કોમ્યુનિટી ઇન્ફર્મેશન સેન્ટર સ્થપાશે, જે સ્થાનિક લોકોને જોઈતી વિવિધ માહિતી/જ્ઞાન પૂરું પાડશે તથા જરૂરી સ્થાનિક ડેટા બેઇઝીઝ તૈયાર કરશે, સરકારી યોજનાઓની માહિતી આપશે. આ કેન્દ્રો One Point Source of Information તરીકે કાર્ય કરીને ઈ-ગવર્નન્સમાં મોટો ફાળો આપશે.

(૧૫) 'ઈ-બુક્સ રીડર્સ' સસ્તાં થઈ રહ્યાં છે તે સંદર્ભમાં વીજાણુકીય પુસ્તકો/સ્રોતોનો ઉપયોગ વધશે. અલબત્ત, હાલના હાર્ડકૉપી સ્વરૂપમાં પુસ્તકોનું પ્રકાશન અને ઉપયોગ જરા પણ ઘટવાનાં નથી. ભવિષ્યનાં ગ્રંથાલયો હાઇબ્રિડ હશે.

(૧૬) ગ્રંથાલય સેવાઓનું સઘન માર્કેટિંગ કરવું પડશે અને યોગ્ય ચાર્જ લઈને સેવાઓ આપવાનો અભિગમ સૌએ સ્વીકારવો પડશે. આ આવકનો ઉપયોગ ભવિષ્યમાં આવનારી નવી ટેક્નૉલોજીની પ્રાપ્તિ માટે કરાશે.

(૧૭) ATM Booksનો જમાનો આવશે. જરૂરી ઈ-પુસ્તકોની હાર્ડ કૉપી ત્વરિત મળી શકશે. પરદેશમાં આની શરૂઆત થઈ ચૂકી છે.

(૧૮) સમાજમાં સાક્ષરતા અભિયાનમાં ગ્રંથાલયો બહુ જ મોટો ભાગ ભજવશે.

(૧૯) આવતી કાલનાં ગ્રંથાલયોમાં 'શાંતિ રાખો'ના બેનરોને બદલે ગ્રંથાલયોમાં જ 'જૂથ ચર્ચા' કરવા માટેનાં સ્થાનો હશે.

(૨૦) ત્વરિત ઑન-લાઇન વાઙ્મય સૂચિ સેવાઓ મેળવી શકશે.

(૨૧) નવી ટેક્નૉલોજી સગવડોને કારણે ઉપભોક્તા (વાચકો) સાથે સંવાદિતતા તથા પ્રત્યાયન વધશે જેથી ગ્રંથાલય યાંત્રિક રીતે પોતાની સેવાઓનું મૂલ્યાંકન કરી શકશે અને તેથી સેવાઓમાં ગુણવત્તાયુક્ત જરૂરી ફેરફારો કરીને ઉપભોક્તા સંતોષ વધારી શકશે જેથી ગ્રંથાલયોની અગત્ય તથા ઇમેજમાં સુધારો થશે.

(૨૨) માહિતી/જ્ઞાન આધારિત ઉદ્યોગો, ખાનગી માહિતીકેન્દ્રો ઊભાં થતાં સંસ્થાઓનાં ગ્રંથાલયોએ ટકી રહેવા કિંમત લઈને પણ ઝડપી, ચોક્કસ, સમયસરની અને મૂલ્ય આધારિત ગ્રંથાલય- સેવાઓ આપવા, વહીવટી ઢીલ નાબૂદ કરીને, કમર કસવી પડશે. કાર્યશૈલીમાં મૂળભૂત ફેરફાર લાવવો પડશે.

(૨૩) NMLIS દ્વારા 'નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ લાઇબ્રેરીઝ ઍન્ડ ઇન્ફરમેશન સાયન્સ'ની સ્થાપના થઈ રહી છે જે ગ્રંથપાલોને આધુનિક રહેવા નવી નવી આધુનિક ટેક્નૉલોજીની તાલીમ આપશે અને તેનો ઉપયોગ ગ્રંથાલય-સેવાઓ વિકસાવવા માટે કરવામાં આવશે.

(૨૪) ગ્રંથાલય અને માહિતી સેવામાં સાહસિકતા લાવવા ગ્રંથપાલોએ તૈયારીઓ કરવી પડશે.

(૨૫) હાલના બિનજરૂરી માહિતીસ્રોતોનું ડિજિટલાઇઝેશન કરવામાં આવશે અને તેને માટે 'અનામત ભંડારો' ઊભા કરવામાં આવશે જેથી ભવિષ્યમાં જરૂર પડે તેનો ઉપયોગ કરી શકાય.

અતિ આધુનિક માહિતી પ્રત્યાયન ટેક્નૉલોજી (ICT)ના ઉપયોગના ફાયદા સાથે અન્ય સામાજિક અસરો :

(૧) સમાજમાં માહિતી-સમૃદ્ધ અને માહિતી-ગરીબ એમ બે વર્ગો ઊભા થશે.

(૨) વેબસાઇટ હેકિંગ વધશે.

(૩) સાયબર ક્રાઇમ વધતાં તે અંગેના કાયદાઓ અને તે અટકાવવાનાં સૉફ્ટવેર અસ્તિત્વમાં આવશે.

(૪) નેટવર્ક દ્વારા વિશ્વમાંથી જોઈતી માહિતી વિપુલ પ્રમાણમાં સરળતાથી મળવાને કારણે લખાણચોરી (તફડંચી-Plagiarism) દિવસે દિવસે વધતી રહેવાનો ભય છે. આની સંશોધન અને પ્રકાશનક્ષેત્રે આડઅસરો પડશે. અલબત્ત આવી તફડંચી પકડવા માટેના સૉફ્ટવેર પણ પ્રાપ્ત થવા લાગ્યા છે.

અંતમાં ગ્રંથાલયોમાં નવીન નિપુણતાવાળા, નવી દિશામાં વિચારતા, નવું શીખવાની ધગશવાળા, સેવાઓ માટે સાહસિક વૃત્તિવાળા, સેવાને પ્રાધાન્ય આપી શકે તેવા, કર્મચારીઓની જ ભવિષ્યમાં નિમણૂક થશે. તેઓને તેમની હાલની કાર્યપદ્ધતિ બદલવી પડશે. ગ્રંથાલયોએ તેની સેવાઓનું માર્કેટિંગ કરવું પડશે. ઉપભોક્તાએ ગ્રંથાલય-સેવાઓ માટે કિંમત ચૂકવવી પડશે.

છેવટે બધા જ પ્રકારના ઈ-સ્રોતો હોવા છતાં અને ઝડપી માહિતી જ્યારે જોઈએ ત્યારે અને જોઈતા સ્થળે મળતી હોવા છતાં માહિતી/જ્ઞાનનો ઉપયોગ દરેક વ્યક્તિની કલ્પનાશક્તિ અને માનસિક વિચારધારા/શક્તિ ઉપર આધાર રાખે છે. આ માટે ગ્રંથાલય-સેવા સાથે સંકળાયેલ સર્વની માનસિક વિચારધારામાં અને વલણોમાં ધરખમ ફેરફારો લાવવાની અત્યંત અગત્ય છે. પ્રશ્નો/મુશ્કેલીઓ ઘણી છે, પણ મુશ્કેલીઓ એ પ્રગતિની નિશાની છે, તેથી તેનો ખંતથી, શાંતિથી, ચિંતનથી ઉકેલવા પ્રયત્નો/મહેનત કરવાં પડશે, તો જ ભાવિ ગ્રંથાલયો સમાજના પથદર્શક તથા સમાજમાં આમૂલ પરિવર્તન લાવવા સક્ષમ બનશે. ભારતમાં ગ્રંથાલયો અને માહિતી-કેન્દ્રોનું અને તેની સેવાઓનું ભાવિ ઘણું જ ઉજ્જ્વળ છે.

# 31

## पूज्य गुरु वल्लभ व महावीर विद्यालय

मुझे जब भी हमारे हृदयसम्राट परमवंदनीय प्रातःस्मरणीय पंजाबकेसरी युगद्रष्टा पूज्य गुरुदेव आचार्य भगवंत श्रीमद् विजय वल्लभसूरीश्वरजी म.सा. के जीवन पर बोलने या लिखने को कह जाता है मेरा मस्तक श्रद्धा से झुक जाता है, कलम को शब्द नहीं मिलते जिससे मैं बीसवीं सदी के उस महान क्रांतिकारी, महान शिक्षाशास्त्री, मानवता के मसीहा, गुरुवर का यशोगान कर सकूँ । गुरु वल्लभ के व्यक्तित्व और कृतित्व के एक भी गुण तथा एक भी उपलब्धि पर सागर-सलिल से लेखनी द्वारा लिख पाना अशक्य है । बाह्य व आंतरिक दोनों रुप में आपश्री का व्यक्तित्व महान था । अद्वितीय आदरणीय था। शांति-समता-सहअस्तित्व की सद्भावना का प्रतीक चिन्तन व जीवमात्र के कल्याण की कामना कर ओजस्वी किंतु शांत चेहरा मधुर धीर गंभीर वाणी से समलंकृत था । कई विद्वानोंने गुरु वल्लभ के जीवन पर रिसर्च की है किंतु इतने अनुसन्धान के बाद भी विशाल व गम्भीर व्यक्तित्व का आकलन पूर्णरुपेण नहीं किया जा सका है । एक जैनाचार्य होते हुए भी गुरु वल्लभ जातपात, लिंगभेद, प्रान्तवाद, देशभेद की दीवारों को तोडकर आत्मचिंतन व सर्वजनहिताय कार्य करते थे । हिंदू, मुस्लिम, सिक्ख, ईसाई सभी उनके भक्तों में थे और वे सभी के हित की बात करते थे । वे सच्चे अर्थों में युगपुरुष थे –

सबकी पीड़ा के साथ सदा जो अपने मन को जोड़ सके,
मुड़ सके जहाँ तक समय उसे निर्दिष्ट दिशा में मोड़ सके ।
युगपुरुष वही सारे समाज का निहित धर्मगुरु होता है,
सबके मन का जो अंधकार अपने प्रकाश से जोड़ सके ।।

हम सबके प्राणाधार गुरुदेवने अपने आराध्य न्यायाम्भोनिधि

## पूज्य गुरु वल्लभ व महावीर विद्यालय

आचार्य भगवंत श्रीमद् विजयानंद सूरिजी म.सा. की सरस्वती मंदिरों की स्थापना की अंतिम भावना को मूर्तरूप देने के लिए गुरु वल्लभ ने अवर्णनीय कष्ट सहे परंतु हरियाणा, पंजाब, राजस्थान, महाराष्ट्र व गुजरात आदि में शिक्षा संस्थानों की स्थापना कर युवकों को जैनोचित संस्कारों के साथ व्यावहारिक ज्ञान के साधन उपलब्ध करा कर अवर्णनीय दायित्व निभाया व स्वयं को सदा-सदा के लिए अमर कर दिया। पूज्य गुरुदेव महान जैनाचार्य श्रीमद् विजयानंद सूरि (आत्मारामजी) महाराज ने १२० वर्ष पूर्व सन् १८९३में अम्बाला से सन् १८९३ ई. स. में मुंबई के जैन श्रीसंघ को वहाँ पर जैन कॉलेज की स्थापना के लिए जोरदार पत्र लिखा था । अम्बाला आए बम्बई के दर्शनार्थियों को भी कहा कि, देखो जब तक शिक्षा का प्रचार-प्रसार नहीं होगा तब तक जैन समाज अग्रणी नहीं बन सकता ।

कलिकाल कल्पतरु गुरुवर वल्लभ ऐसे पट्टधर आचार्य हुए जिन्होंने शिक्षा, समाजसेवा विशेष रुप से मध्यमवर्ग साधर्मिकों की भक्ति व परोपकार को अपने जीवन का लक्ष्य बनाया तथा देश में शिक्षण संस्थानों की एक श्रृंखला खडी कर दी । इस कडी में सन् १९१४ में श्री महावीर जैन विद्यालय की बम्बई में स्थापना हुई । मुझे यहाँ लिखते हुए अत्यन्त गर्व हो रहा है कि गुरु आत्म व गुरु वल्लभ की नीति व दर्शन का प्रभाव श्री वीरचन्द राघवजी गांधी पर भी पड़ा इसलिए वर्ल्ड पार्लियामेन्ट ऑफ रिलिजियंस - शिकागो १८९३ में उन्होंने अपने भाषण में कहा था कि शिक्षा का प्रचार-प्रसार करना जैनियों का उद्देश्य रहा है । वे लोग यथाशक्ति इसका पालन कर रहे हैं । कई जैन महाशय गुरु आत्म की प्रेरणा से जैन बालक-बालिकाओं के लिए विद्यालय खुलवा रहे हैं । स्त्रीशिक्षा के लिए गुजरात में प्रायः जैन दानदाताओं का ही आलम्बन है । तत्कालीन बम्बई जहाँ सर्वत्र पाश्चात्य सभ्यता, विदेशी संस्कृति, पराधीनता का अपार कष्ट था जैन विद्यार्थियों के आवास व शिक्षा का प्रबन्धन एक स्वप्न था, ऐसे में पूज्य गुरुदेव द्वारा चलाया गया शिक्षा का क्रांतिकारी मिशन आँधियों में दिये की तरह जलता रहा और आज एक सौ वर्ष बाद दिव्य तेजपुंज की तरह अपनी विविध शाखाओं सहित महाराष्ट्र, गुजरात तथा राजस्थान में गौरवान्वित है ।

यद्यपि पंजाबकेसरी गुरुदेव ने देश में जगह-जगह गुरुकुल, छात्रावास व कॉलेज खुलवाये पर महावीर विद्यालय मुम्बई जैसी विश्वस्तरीय शिक्षण संस्था की परिकल्पना युगद्रष्टा गुरुदेव की दूरदर्शिता, गहन सामाजिक उत्कर्ष चिंतन एवं उच्च दर्शन को व्यक्त करती है । समाज व राष्ट्र की इतनी चिंता करनेवाले संत कम ही होते हैं । मैं जब भी पूज्य गुरुदेव के महत्त्वपूर्ण प्रेरणादायी प्रसंगों को क्रमबद्ध करने का प्रयास करता हूँ तो भारत-पाक विभाजन के समय सभी श्रावकों को लेकर भारत में आने का संकल्प तथा महावीर विद्यालय स्थापना की योजना दोनों श्रेष्ठतम व सार्वकालिक प्रभाव बढ़ाने वाले प्रसंग हैं । सन २००७में मैं महावीर विद्यालय के भूतपूर्व विद्यार्थियों की सभा में अहमदाबाद गया था। विश्व के कोने कोने से आये वे विद्यार्थी अपने संस्थापक गुरुदेव के प्रति कितनी कृतज्ञता व श्रद्धासहित आभार व्यक्त कर रहे थे वह देख कर मेरे मन में महावीर विद्यालय के निरन्तर प्रगति, उन्नति की दिशा में चिंतन बढ़ गया था । मुझसे पूर्व जिनशासनरत्न शान्ततपोमूर्ति आचार्य भगवंत श्रीमद् विजय समुद्रसूरीश्वरजी म.सा. एवं परमारक्षत्रियोद्धारक चारित्रचूड़ामणि आचार्य भगवंत श्रीमद् विजय इन्द्रदिन्नसूरीश्वरजी म.सा. आदि पूज्य गुरुदेवों ने महावीर विद्यालय की प्रगति पर पूर्ण ध्यान दिया है व समय-समय पर मुंबई के अपने चातुर्मासों में संस्था की प्रगति को नजदीक से निहारा है ।

वर्तमान में इस संस्था का महत्त्व बहुत बढ़ गया है । क्योंकि विज्ञान, तकनीक तथा शिक्षा के स्तर के उन्नत होने के साथ विविध कुरीतियों ने जन्म ले लिया है । विज्ञान के सकारात्मक पक्ष प्रशंसनीय हैं किंतु गलत दिशा में दुरुपयोग चिन्तनीय है । शिक्षा, किंतु संस्कार व धर्म की परिभाषा से युक्त शिक्षा उत्तम ही नहीं होती वरन् परिवार की भाँति लालन-पालन करती है । मैं महावीर विद्यालय की प्रगति को संस्कारों से जोड़कर चलना चाहता हूँ । इस संस्था के अध्यक्ष, महान समाजसेवी, महान दानवीर, महान परोपकारी, परम गुरुभक्त स्व. श्रीमान् दीपचंद एस. गार्डीजी से मैं जब भी मिला महावीर विद्यालय के निरन्तर उन्नयन पर विचार-विमर्श हुआ । श्री गार्डीजी के स्वर्गवास से विद्यालय संस्थाने ही नहीं वरन् संपूर्ण जैन समाज ने एक महान भामाशाह तथा शिक्षा जगत को समर्पित चिंतक खो दिया है । यह संस्था उत्तरोत्तर प्रगति करे, पूज्य गुरु वल्लभ के सपनों को साकार करे तथा यह शताब्दी वर्ष विविध उपलब्धियों से, नई ऊँचाईयों व जैन सभ्यता-संस्कृति प्रचार के कार्यों से सुसज्जित रहे ऐसी शुभकामनाएँ हैं । संस्था के ट्रस्टीगण संस्था को यशस्वी बनाने में अपने सर्वश्रेष्ठ प्रयास करेंगे ऐसी शुभभावाना के साथ सभी को धर्मलाभ ।

32

# अनेकान्त की व्यापकता

दयानन्द भार्गव

**अनेकान्त और अनेकान्तवाद –**

१. सर्व प्रथम मैं अनेकान्त और अनेकान्तवाद में अन्तर करना चाहता हूँ । मेरा ऐसा करने का आधार श्रीमद् भगवद् गीता है जिस में वेद तथा वेदवाद शब्दों का प्रयोग दो भिन्न अर्थों में किया गया है । श्रीकृष्ण कहते हैं-

> यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः
> वेदवादरताः पार्थ ! नान्यदस्तीति वादिनः ।।
> कामात्मनः जन्मकर्मफलप्रदाम्
> क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ।।
> भोगैश्वर्यप्रसक्तानां तया पहृतचेतसाम् ।
> व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ।।

स्पष्ट है कि यहाँ 'वेदवाद रत' लोगों की यह कहकर निन्दा की गयी है कि वे यह कहा करते हैं कि 'नान्यदस्ति' .. ईसके अतिरिक्त और कुछ भी नहीं है । इसके अतिरिक्त और कुछ भी नहीं है' यह जैन परम्परा के 'एव' की ही व्याख्या है । जैनविद्या के अध्येताओं के बीच कहने की आवश्यकता नहीं है एव' एकान्त का सूचक है । जब कोई वैदिक धर्मावलम्बी यह कहता है कि वेद ही सब कुछ है, वेद के अतिरिक्त और कुछ भी नहीं है, तो वह समाधि को प्राप्त नहीं कर सकता । यह वेद के प्रति एकान्त दृष्टि रखने का परिणाम है।

अभिप्राय यह है कि वेद अपराविद्या है । वह स्वर्ग की प्राप्ति का साधन तो है किन्तु यह कहना ठीक नहीं कि 'वेद के अतिरिक्त और कुछ नहीं है'; क्योंकि यहि वेद अपराविद्या है तो उसके अतिरिक्त एक पराविद्या भी है जिसके द्वारा अक्षर तत्त्व का अधिगम होता है -- अथ परा यया तदक्षरमधिगम्यते ।

अर्थात् वेद एक अपेक्षा से सार्थक है किन्तु दूसरी एक ऐसी अपेक्षा भी है जहाँ वेद की गति नहीं है। वह क्षेत्र पराविद्या का है । इसी बात को गीता में 'त्रैगुण्यविषया वेदाः नैस्त्रैगुण्यो भवार्जुन' (२.४५) कहकर प्रकट किया गया है ।

यह तो एक अपेक्षा से वेद की सीमा हुई, दूसरी अपेक्षा से वेद के प्रशंसापरक वाक्य भी गीता में ही उपलब्ध हो जायेंगे – प्रणवः सर्ववेदेषु (७.९), वेदानां सामवेदोऽस्मि (१०.२२) तथा वेदैश्च सर्वै रहमेव वैद्यः (१५.१५) इत्यादि । निष्कर्ष यह हुआ कि जहाँ वेद की सीमा बतायी गयी है वहाँ 'वेदवाद' शब्द का प्रयोग है किन्तु जहाँ 'वेद' की प्रशंसा की गयी है वहाँ 'वेदवाद' के स्थान पर केवल 'वेद' शब्द का प्रयोग है ।

इस आधार मैं कहना चाहता हूँ कि जहाँ तक अनेकान्तवाद का प्रश्न है, वह एक वाद है, एक दर्शन है, एक दृष्टि है । उस दर्शन का हम आज जैनदर्शन के नाम से जानते हैं । स्वाभाविक है कि यदि जैनदर्शन एक दर्शन है तो वेदान्त, बौद्ध आदि अन्य दर्शन भी हैं जिसका जैनदर्शन से मतभेद है। अतः वे दर्शन अनेकान्तवाद को स्वीकार नहीं करेंगे । यदि वे भी अनेकान्तवाद को स्वीकार कर लें तो उनका अस्तित्व ही समाप्त हो जायेगा, वे तो जैनदर्शन में ही विलीन हो जायेंगे । अतः अनेकान्तवाद की स्वीकार्यता सीमित ही है । वह अधिक से अधिक वस्तुवादी दर्शनों (Realist Systems) को स्वीकार हो सकता है, जैसा कि पूर्व मीमांसा को स्वीकार है भी किन्तु प्रत्ययवादी (Idealist Systems) दर्शन उसे स्वीकार नहीं कर सकते जैसा कि वेदान्त और बौद्ध उसे स्वीकार नहीं करते हैं । यही अनेकान्तवाद की सीमा है; वह वस्तुवादियों को स्वीकार्य है, प्रत्ययवादियों को स्वीकार्य नहीं है ।

किन्तु यदि अनेकान्त को एक वाद बना कर उसे विवाद का विषय न बनायें, (तुलनीय गीता (१०.३२) वादो विवदतामहम्) तो अनेकान्त की स्वीकार्यता सर्वव्यापक हो सकती है । अतः हम 'अनेकान्तवाद' पर विचार न करके प्रस्तुत पत्र में यह विचार करेंगे कि 'अनेकान्त' की सर्वव्यापकता तथा सर्वदर्शन स्वीकार्यता सीमित हो सकती है । वाद का स्वरुप ही ऐसा है कि वह एकपक्षीय ही होता है।

**वेदान्त और अनेकान्त –**

